॥ હરિઃૐ ॥

# જીવનપરાગ

## પૂજ્ય શ્રીમોટાના
## સાધકોને પત્રોનો સારસંચય

: સંપાદકો :
શ્રી હેમંતભાઈ નીલકંઠ
શ્રી નંદુભાઈ શાહ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, સુરત-૩૯૫૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

| આવૃત્તિ | વર્ષ | પ્રત | આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૬૩ | ૨૨૫૦ | ચોથી | ૧૯૮૮ | ૧૦૦૦ |
| બીજી | ૧૯૭૩ | ૧૨૫૦ | પાંચમી | ૧૯૯૫ | ૧૦૦૦ |
| ત્રીજી | ૧૯૮૩ | ૧૦૦૦ | છઠ્ઠી | ૨૦૦૯ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૪૦+૬૦૮=૬૪૮

❑ પડતર કિંમત : **રૂ. ૭૫**/-

❑ વેચાણ કિંમત : **રૂ. ૫૦**/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭. મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (છઠ્ઠી આવૃત્તિ)

ચૈત્ર સુદ ૯ સંવત ૧૯૯૫, રામનવમી (તા. ૨૯-૩-૧૯૩૯)ના રોજ બનારસમાં પૂજ્ય શ્રીમોટાને પરમાત્માની અનંત બ્રહ્માંડવ્યાપી ચેતનાનો સાક્ષાત્કાર થયો અને તે ઘડીથી **'હું સર્વત્ર વિદ્યમાન છું'** એવી ચેતના ભાવનાનું સર્વપ્રકારે પ્રાગટ્ય થયું.

સ્વજનોને પૂજ્ય શ્રીમોટાની હાજરીનો પળેપળ અનુભવ થતો રહે છે. પૂજ્ય શ્રીમોટાના ૭૧મા સાક્ષાત્કાર દિન રામનવમી ચૈત્ર સુદ ૯ સંવત ૨૦૬૫ તા. ૩-૪-૨૦૦૯ ઉત્સવના યજમાન-

**સ્વ. દિનેશચંદ્ર ઈશ્વરલાલ મહેતા**

**ઈશ્વરલાલ છબીલદાસ મગજવાળા**

**કિરીટકુમાર બાબુભાઈ તમાકુવાળા**

**ભરતકુમાર બચુભાઈ ભાવનગરી (જેકી)**

**અશોકકુમાર સાકરલાલ મગજવાળા**

તથા તેમના સમગ્ર પરિવારને **'જીવનપરાગ'**ની આ છઠ્ઠી આવૃત્તિ પ્રેમભાવથી અર્પણ કરતાં ટ્રસ્ટીમંડળ આભારની લાગણી વ્યક્ત કરે છે.

તા. ૩-૪-૨૦૦૯ — ટ્રસ્ટીમંડળ,
રામનવમી, સં. ૨૦૬૫ — હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

## શ્રી કાંતિલાલ જગજીવનદાસ પટેલ (બાવળા)ને
## તથા
## શ્રીમતી સવિતાબહેનને

# સપ્રેમ સમર્પણાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

(અનુષ્ટુપ)

કાન્તિ જીવનની પૂર્ણ, ક્રાંતિ સંપૂર્ણ જીવને
-થયા વિના, કદી ખાલી ખીલી કદી ન તે ઊઠે. ૧

ઘણા વેપારી તો જોયા, તેમાં શા અપવાદ છો !
ઉચ્ચ પ્રકારના કેવા જીવને રસ, શોખ સૌ ! ૨

કેળવ્યાં જ કરેલી છે, કળા શી કેટકેટલી !
ઉચ્ચ તે અભિલાષામાં રાચતા, ઑર ભાવથી. ૩

કેવી તે જાતના શોખ-રસ જીવન હોય છે !
તેમ જીવન તેવાનું મેળે શું પરખાય છે ! ૪

હળીમળી જતા કેવા ! યોગ્ય મિલનસાર છો,
ગુલાબી છો સ્વભાવે શા ! વ્યવહારેય દક્ષ છો. ૫

આધિભૌતિક ને દૈવી ને આધ્યાત્મિક જીવને
-મહત્ત્વાકાંક્ષી કેવા છો ! પરખાયે પરિચયે. ૬

અનોખી છાપ સંસારે, તમારી મસ્ત ઑર છે,
નોખા શા તરી આવો છો ! સંસારી માનવીથી તે. ૭

જીવને ભાવના ઉચ્ચ શી તરવરતી હોય છે !
છતાં એને ન કોઈએ પરખી શકતા જ છે. ૮

છુપાયેલું શું સંસારે શા અણમોલ રત્ન છો !
પરખાવા ન તેવું તે દીધું છે કોઈને જ તો. ૯

મારા ગરીબ જેવાને પ્રોત્સાહન દઈ તમે,
ઊભો રાખ્યો ટટારીથી શી તમ દેણગી જ તે ! ૧૦

ભાવ, ઉમળકો હૈયે તમારા પર ઊછળી
-વહેવા દિલ માંડ્યાથી લખાયું આ શું દિલથી ! ૧૧

કેટકેટલું આપ્યું છે, દિલ, મનથી, લક્ષ્મીથી,
નવાજ્યા જે રીતે ભાવે, તેને શું અર્પું દિલથી ! ૧૨

મારી પાસે કશું ના છે, કિંતુ દઉં હું ભાવથી,
અર્પું તે પ્રેમના ભાવે સૌરભ આ 'પરાગ'ની. ૧૩

હરિઃૐ આશ્રમ, નડિયાદ — મોટા

તા. ૧૧-૧૧-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# પ્રરોચના

લેખક : અનુપરામ ગોવિંદરામ ભટ્ટ (એમ.એ.)
અધ્યક્ષ : સંસ્કૃત વિભાગ, એલ.ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

**(પ્રથમ આવૃત્તિ)**

ઘણાં વર્ષો પૂર્વેની વાત છે. યોગસૂત્રો અને તેના પરનાં ભાષ્યોનું અધ્યયન-અધ્યાપન ચાલતું હતું. મહર્ષિ પતંજલિનાં સૂત્રોનો ગંભીર આશય પ્રકાશિત થતાં મન આનંદમાં ડૂબી જતું. ચિત્તમાં ઊઠતી વૃત્તિઓનો લય થતાં સ્વરૂપના અનુસંધાનની એ ધન્ય સ્થિતિ કેવી હશે એવા વિચારો આવતા. પ્રસ્તુત અભ્યાસ જેમ વધવા લાગ્યો તેમ યોગસાધનાના માર્ગમાં વિઘ્નરૂપે આવતી અનેક લોભાવનારી સિદ્ધિઓમાં અટવાઈ ન જતાં જે સાધક અડગ નિર્ધાર સાથે પોતાની મંજિલ પર આગળ વધતો જ જાય છે, તેનું ધ્યેય અવશ્ય સિદ્ધ થાય છે, તે રહસ્ય યથાર્થપણે સમજાવા લાગ્યું, પરંતુ એક વાત મનમાં સતત ઘોળાવા લાગી કે યોગમાર્ગમાં આવતી સિદ્ધિઓ, પ્રગટ થતા ચમત્કારો વગેરે ભલે વિઘ્નરૂપ હોય, પણ તેવા ચમત્કારો જેને થયા હોય, તેવા કોઈ યોગસિદ્ધ પુરુષે પોતાના અનુભવો વર્ણવ્યા હોય, તો તે સાચા જિજ્ઞાસુ તેમ જ સાધકને પ્રેરક અને પ્રોત્સાહક બને ખરા ? અધ્યાત્મમાર્ગના પથિકને માટે યોગારૂઢ પુરુષોના જીવનવિકાસ દરમિયાન થયેલા આધ્યાત્મિક અનુભવો, તેમણે આપેલું માર્ગદર્શન અને તેમના સદુપદેશો અત્યંત ઉપકારક બને છે, તેમ જ તેને સાધનાના ઉચ્ચ શિખર પર પ્રતિષ્ઠિત કરી, તેના આંતરજીવનને અર્થસભર અને સમૃદ્ધ કરે છે, તેમાં શંકા નથી. આવા વિચારોથી પ્રેરાઈ અને સંતો, યોગીઓ અને

મહાત્માઓનાં જીવનવૃત્તાંત તથા ઉપદેશો વાંચવામાં મને ભારે રસ પડવા લાગ્યો.

જેમ જેમ ઉપર દર્શાવ્યા પ્રમાણે વાંચવામાં દિવસો પસાર થતા ગયા, તેમ તેમ મારી જિજ્ઞાસા અને રસવૃત્તિને પોષે તેવાં નવાં નવાં પુસ્તકો મને ઈશ્વરકૃપાથી અનાયાસે પ્રાપ્ત થવાં લાગ્યાં, અને **'याद्दशी भावना यस्य सिद्धिर्भवति ताद्दशी'**, 'જેવી જેની ભાવના તેવી તેને સિદ્ધિ થાય છે'—તે કથનના સત્યનો મને અનુભવ થવા લાગ્યો. જેમ જેમ નવા નવા ગ્રંથો વાંચવાની તક મળતી ગઈ, તેમ તેમ સંતો અને યોગીજનો વિશે જાણવાની ઇચ્છા પણ વધારે ને વધારે સતેજ થતી ગઈ અને વર્તમાન સમયમાં અસ્તિત્વ ધરાવતા સંતો સંબંધી જિજ્ઞાસા તથા તેમને મળવાની ઇચ્છા પણ વૃદ્ધિ પામતી ગઈ.

આ અરસામાં મારા એક મિત્ર પ્રા. શ્રી ઇંદુભાઈ દેસાઈએ પૂજ્ય શ્રીમોટાના વિવિધ લેખોમાંથી આકલન કરેલાં અનુભવવાક્યો અને ઉપદેશોના સંગ્રહરૂપે પ્રસિદ્ધ થયેલો 'જીવનપરાગ' નામનો ગ્રંથ વાંચવાની મને ભલામણ કરી. તે ગ્રંથ મને જીવનવિકાસની ઉત્તમ માર્ગદર્શિની સમો લાગ્યો. આ પુસ્તક જેમ જેમ હું વાંચતો ગયો, તેમ તેમ સાધનાની કેડી પર પ્રયાણ કરતા પથિકને જીવનમાં ઉતારવા જેવું અત્યંત ઉપયોગી માર્ગદર્શન તેમાં થયું છે, એવી મને પ્રતીતિ થઈ. 'જીવનપરાગ'માં સંગૃહીત થયેલી પૂજ્ય શ્રીમોટાની વાણીથી હું પ્રભાવિત થયો.

ગદ્યમાં લખેલાં પૂજ્ય શ્રીમોટાનાં ઘણાંખરાં પુસ્તકોનાં શીર્ષકનો પ્રારંભ 'જીવન' શબ્દથી થાય છે. પ્રત્યેક પુસ્તક એક અનોખું પુષ્પ છે. **'सर्वतः सारभादद्यात्पुष्पेभ्य इव षट्पदः ।'** 'પુષ્પોમાંથી જેમ ભમરો સારભાગનું ગ્રહણ કરે છે, તેમ સર્વમાંથી સાર એકત્રિત કરવો'—એ કથન અનુસાર તેઓશ્રીના વિવિધ ગ્રંથોમાંથી ઉત્કૃષ્ટ તત્ત્વાંશો આ ગ્રંથમાં એકત્રિત કરવામાં આવ્યા છે. પૂજ્ય શ્રીમોટાના

અનુભવોનો નિષ્કર્ષ તેમાં સમાયેલો છે. જીવનને ઊર્ધ્વમુખી કરવાનું અલૌકિક સામર્થ્ય તેમાં રહેલું છે. સન્માર્ગના જિજ્ઞાસુને આ ગ્રંથમાંથી અચૂક માર્ગદર્શન મળ્યા વિના રહે તેમ નથી. સંતપુરુષો મનુષ્ય- જીવનના સાચા શિલ્પકાર છે, એવી પ્રતીતિ આવા ગ્રંથોના સહૃદય વાચકને નિરંતર થયા કરશે.

'જીવનપરાગ'માં સંગૃહીત થયેલાં કેટલાંય વિચારમૌક્તિકોમાં અનુભવી સંતની મૌલિક સૂઝ, ઊંડી અંતર્દષ્ટિ અને લોકોત્તર અનુભૂતિનાં દર્શન થાય છે. આધ્યાત્મિક વિકાસ અને યથાર્થ જીવનદૃષ્ટિ પ્રાપ્ત કરવાની અદમ્ય મહેચ્છા સેવતા સાધકને અત્યંત ઉપયોગી થાય તેવા કેટલાક મુદ્દાઓ અને અવતરણો ઘણાં મનનીય જણાવવાથી અત્રે રજૂ કરવાની તક લઉં છું.

મુક્તાત્મા અને તેનાં દુર્ગમ ગૂઢ વર્તનો વિશે જે ઉદ્ધરણો 'જીવનપરાગ'માં રજૂ થયાં છે, તે મુક્તાત્મા વિશેની સમજ કેળવવામાં ઘણાં સહાયક થાય તેમ છે. ત્રિગુણાતીત પુરુષની જીવન-પદ્ધતિ અનોખી હોય છે. તેનાં વર્તનનાં ધારાધોરણો, રીતરસમો વગેરે સંસારી જીવોને ન સમજાય તેવાં હોય છે. લોકોત્તર સિદ્ધ પુરુષોનો વ્યવહાર બાળક, મૂઢ, ઉન્મત્ત કે પિશાચ સમાન હોઈ શકે છે.

**उन्मत्तवद् वापि च बालवद् वा**
**पिशाचवद् वापि चरत्यवन्याम् ॥**

તેમનાં બાહ્ય આચરણો વિધિનિષેધથી પર હોય છે. આથી સંસારમાં પ્રવર્તમાન નીતિ-અનીતિનાં ધારાધોરણો લગાડી, તેઓ વિશે કોઈ પણ નિર્ણય બાંધવા જનાર વ્યક્તિ ભ્રમમાં પડી આત્મલાભથી વંચિત રહી, પોતાને જ નુકસાન પહોંચાડે છે. શાસ્ત્રોમાં આ બધી હકીકતો દર્શાવવામાં આવી છે, પરંતુ પૂજ્ય શ્રીમોટાએ મુક્તાત્માની વર્તનપદ્ધતિ વિશે જે સ્પષ્ટીકરણ કર્યું છે,

તેમાં શાસ્ત્રના મર્મને બૌદ્ધિક ધોરણે સમજવા મથતા સાચા જિજ્ઞાસુને પોતાના પ્રશ્નોનું સંતર્પક અને ન્યાયસંગત નિરાકરણ મળી જાય છે. અધ્યાત્મશાસ્ત્રના કેટલાય દુર્ગમ કોયડાઓનો ઉકેલ આ સંતાત્માની તર્કસંગત, હૃદયંગમ અને મૌલિક નિરૂપણપદ્ધતિ દ્વારા મળી જાય છે તથા અંતરની સૂઝ કેળવાય છે.

ગીતામાં દર્શાવ્યું છે કે જ્ઞાની પણ પોતાની પ્રકૃતિને અનુસાર વર્તે છે. પ્રકૃતિથી પર થયેલો જ્ઞાની સ્વપ્રકૃતિને અનુસાર વર્તે, તો જ્ઞાની અને અજ્ઞાનીમાં શો ફરક રહે ? એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે ઉદ્ભવે છે. આનું સમાધાન પૂજ્ય શ્રીમોટાએ મુક્તાત્માના વર્તન સંબંધી કરેલા કથનમાંથી પ્રાપ્ત થતાં આનંદ થાય છે. સંસારનાં બંધનમાં પડેલો દરેક જીવાત્મા પ્રકૃતિને તાબે રહીને વર્તે છે. પરંતુ મુક્તાત્મા પ્રકૃતિનો સ્વામી હોવાથી એ તેને પોતાના અંકુશમાં રાખી પ્રવર્તે છે. પ્રકૃતિનાં વિવિધ પરિણામોનો પોતાનાં સાધન તરીકે ઉપયોગ કરે છે. એવી સમજ ધારણ કરી પૂજ્યશ્રીનું નીચે દર્શાવેલું લખાણ વાંચતાં મુક્તાત્માના અતર્ક્ય અને દુર્ગમ વર્તન તથા તેનાં કારણો સંબંધી સૂક્ષ્મ રહસ્ય ધ્યાનમાં આવશે.

'જીવ જ્યારે ચેતનામાં નિષ્ઠા પામે છે, ત્યારે તેનામાં રહેલો પુરુષ જાગ્રત બની જાય છે. પુરુષના આધાર વડે જ એની અનુમતિથી પછી પ્રકૃતિ બધાં કામ કરતી થાય છે.'

'કોઈ જ્ઞાની કે અનુભવી ભગવાનનો પ્રેમી ભક્ત જગત સાથેના વ્યવહારમાં તો જગતના સામાન્ય માનવી જેવો જ લાગ્યા કરવાનો. એને દ્વંદ્વાદિક વૃત્તિ, જેમ કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે તેના મૂળ સ્વરૂપે તેનામાં નહિ હોય, પરંતુ તેવા પ્રકારની રૂપાંતરિત ભાવના તેના જીવનમાં પ્રગટેલી રહે છે ખરી. પહેલાં જેમ જીવદશાની પ્રકૃતિની વૃત્તિઓ તેમ તે વેળા બીજા જીવોની સાથે ઉપભોગમાં ખપમાં આવતી હતી, તેમ હવે તે તે વૃત્તિની

પેલી રૂપાંતરિત થયેલી ભાવના ભાગવત હેતુ અર્થે બીજા જીવના જીવન પરત્વે ઉપયોગમાં પ્રવર્તે છે. વિષ, ઝેર આમ તો પ્રાણનાશક છે, પરંતુ યોગ્ય રીતે મારેલું ઝેર દવા તરીકે ઘણું જ પ્રાણવાળું અને જીવન ઉગારનારું નીવડે છે.'

અધ્યાત્મનાં સૂક્ષ્મ રહસ્યો પૂજ્ય શ્રીમોટાએ શિષ્ટ પ્રૌઢિયુક્ત છતાં પ્રાસાદિક ભાષામાં રજૂ કર્યાં છે, એ વાત 'જીવનપરાગ'ના અભ્યાસીને સહેજે સમજાય તેવી છે—જો તે અભ્યાસી પ્રેમપૂર્વક અને એકાગ્રતાથી તેનું અધ્યયન કરે તો. ઘણા ઓછા મુક્તાત્માઓની વાણી પૂજ્ય શ્રીમોટાની શૈલી જેવી શૈલીમાં પ્રગટ થવા પામી છે. આવું લખાણ પ્રગટ થવામાં ભવિષ્યના સમાજના ઉત્થાન માટે વિશ્વાત્માનો કોઈ નિગૂઢ હેતુ કાર્ય કરી રહ્યો હોય તેમ જણાય છે. **'જીવનપરાગ' વાંચતાં એવો ભાવ જાગે છે કે પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો શાંત ચિત્તે ઉતાવળ વિના, સમજપૂર્વક વારંવાર વાંચવાં જરૂરી છે. જો તેમ થાય તો જ તેમનું હાર્દ પમાય અને શાસ્ત્રોનાં કેટલાંય કથનોનું—ગીતા, ઉપનિષદો વગેરેનાં દુર્ગમ વાક્યોનું ઊંડું રહસ્ય સમજાય.**

પ્રસ્તુત ગ્રંથમાં 'સદ્‌ગુરુની પરખ', 'ગુરુથી થતું સાધકનું ઘડતર', 'ગુરુ અને સાધક', 'ગુરુ પ્રત્યે સાધકો ને શ્રેયાર્થીનો ધર્મ', 'ચમત્કાર', 'આઘાત અને પ્રત્યાઘાત', 'નિરાશા, વિષાદ, સાધનાપથ' વગેરે સંબધી જે સૂક્ષ્મ છણાવટભર્યા મુદ્દાઓ એકત્રિત કરી રજૂ કરવામાં આવ્યા છે, તે મુમુક્ષુ સાધકે વારંવાર મનન કરવા યોગ્ય છે.

'જીવનપરાગ'માં અધ્યાત્મક્ષેત્રમાં જ માત્ર ઉપયોગી થાય તેવી સામગ્રી છે તેવું નથી, પરંતુ સંસારી જનોને વ્યવહારક્ષેત્રમાંય સાચા જીવન માટે ઉપકારક થાય, તેવી વિપુલ સાધનસંપત્તિની પણ પ્રાપ્તિ તેમાંથી થયા વિના રહે તેમ નથી. અનુભવી પુરુષ તો સંસારને

પણ હરિના લીલાક્ષેત્ર તરીકે જ જુએ છે. આ લીલાક્ષેત્રમાં હરિનાં જ જીવરૂપી પ્રતિબિંબો વિહરી રહ્યાં કરે છે એવું અપરોક્ષ દર્શન તેને રહ્યાં કરે છે. આથી સંસારક્ષેત્રે પણ જીવોને શાંતિમય સહઅસ્તિત્વનું જીવન ગાળવામાં ઉપકારક બની, તેમની હરિ પ્રત્યે અભિમુખતા થવામાં સહાયક બને, તેવું માર્ગદર્શન તે આપ્યાં કરે છે. જેને આત્માનો અપરોક્ષ અનુભવ છે, તેવા વિજ્ઞાનીને જટિલ વ્યવહારની ગૂંચો, જીવનમાં આવતી સમસ્યાઓ અને તેના ઉકેલની સાચી સૂઝ પણ પ્રગટેલી હોય છે. તેનું જ્ઞાન અબાધિત હોય છે. 'જીવનપરાગ'માં સમાવેશ પામેલાં કેટલાંય સૂત્રાત્મક વિચારરત્નોમાં 'લગ્નભાવનાનો હેતુ', 'લક્ષ્મી તરફની દૃષ્ટિ', 'વાણીનો સંયમ', 'સદ્ભાવનાની કેળવણી', 'સંતાનો અને માબાપનો ધર્મ', 'વિઘ્નો-મુશ્કેલીઓ', 'સુમેળ', 'ઉદાર માનસ', 'નવદંપતી', 'દોષોનો સ્વીકાર ને વેદના', 'બહેનો સાથેનો વર્તાવ' વગેરે વિષયોને ઉદ્દેશીને જે વક્તવ્ય રજૂ થયું છે, તેમાં મનુષ્યજીવન પાંગરે તેવું વ્યવહારોપયોગી માર્ગદર્શન થયું છે, તે આ ગ્રંથની વિશેષતા હોઈ તેનું મૂલ્ય અનેકગણું વધી જાય છે.

પૂજ્ય શ્રીમોટા કર્મ કરતાં ભાવને વધારે મહત્ત્વ આપે છે. દેહધારીને કર્મ કર્યા વિના ચાલે તેમ નથી જ. પ્રાપ્ત કર્તવ્યમાંથી કદીપણ ભાગી છૂટવાનું ન હોય, પરંતુ તે તે કર્મ માત્ર યાંત્રિક રીતે થયા કરતું હોય, તો તેમાં પ્રાણ પ્રગટતો નથી. મંત્રજપ, નામસ્મરણ, ધ્યાન વગેરે ક્રિયાઓ ભાવપૂર્વક કરવામાં આવતાં, સાધકને ઈશ્વરની સહાયનો નક્કર અનુભવ થયા વિના રહેતો નથી. આવાં કર્મથી અંતરમાં સામર્થ્ય પ્રગટે છે, અને પ્રગતિના પંથમાં અસહ્ય વિઘ્નો આવતાં હોય, ગમે તેવી મુશ્કેલીઓ આવતી હોય છતાં તેમાંથી પાર પડી આગેકૂચ થયા વિના રહેતી નથી. આમ થતાં તે સાધકને ધ્યેયસિદ્ધિ અવશ્ય વરે છે. ભાવપૂર્વક કર્મની

આવશ્યકતા વિશે તેઓ લખે છે, 'જેમાં ને તેમાં ભાવ એ જ મુખ્ય વસ્તુ છે. ભાવ વિનાનું કર્મ, ને તે પણ જીવનવિકાસ પરત્વેના લક્ષવાળું ન હોય તો તે કર્મ, ભલેને ઉત્તમ હોય, છતાં બંધન જ થાય.'

ગમે તેવી આપત્તિમાં ઈશ્વરને હૃદયથી કરેલો પોકાર કદી નકામો જતો નથી. ઉત્કટ શ્રદ્ધા ને ભાવથી કરેલો આર્તનાદ સર્વજ્ઞ, સર્વવ્યાપક અને કૃપાળુ ઈશ્વર સાંભળ્યા વિના રહેતો નથી. આ સંદર્ભમાં પૂજ્ય શ્રીમોટાની અનુભવવાણી દુઃખી મનુષ્યના અંતરમાં ઉત્સાહ, પ્રેરણા અને આશાનાં ઉજ્જ્વળ કિરણો પ્રગટાવી, તાજગી અને નવું જોમ જન્માવે છે. પ્રેરણાનાં અમૃત વર્ષાવતી તે અનુભવવાણીનું આપણે પાન કરીએ. 'અઢળક કામ હોય, ગમે તેવો વિષમ પ્રસંગ હોય, ગમે તેવું કારમું દર્દ હોય, ગમે તેવું ભલેને આડુંતેડુ હોય, તે તે વેળા જો આપણે હૃદયથી પ્રેમભક્તિપૂર્વક સાદ પાડીશું, તો તેવી વેળા તે હૃદયમાં પ્રગટે છે, એવો અનુભવ થાય છે.'

'જીવનપરાગ'માં પ્રાર્થના વિશેના વિચારો મનુષ્યના ક્ષુદ્ર જીવનનો પ્રવાહ પલટાવી નાખી, તેનું દિવ્ય રૂપાંતર થવામાં ભારે ઉપકારક થાય તેવા છે. તેમાં વ્યક્ત થયેલા વિચારોમાં નિરાશાનો સદંતર નાશ કરી, જીવનને ઊર્ધ્વગામી બનાવવાની અપૂર્વ તાકાત રહેલી છે. પ્રાર્થનાનું બળ કલ્પી શકાય તેવું નથી. પ્રાર્થના એ ભવરોગનું અચૂક ઔષધ છે, મનના મળની તે ઉત્તમ ચિકિત્સા છે. સાચી પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી. મુમુક્ષુને માટે તે મોક્ષનો રાજમાર્ગ છે.

સાંસારિક જીવનમાં જકડાઈ ગયેલો હોવા છતાં અધ્યાત્મપરાયણ જીવન જીવવા માટે ઉત્કટતાપૂર્વક મથતા જીવને નિરાશ થવાનું કોઈ કારણ નથી. આવા જીવના અંતરમાં પૂજ્યશ્રીની આ ઉક્તિ

આશાનો સંચાર કરી માર્ગદર્શક બને છે, 'સાંસારિક જીવનની સાંકળથી મુક્ત થઈ જ ન શકાતું હોય, ને બીજી બાજુથી માનવીની મહેચ્છા આધ્યાત્મિક જીવન પરત્વેની થોડી ઘણી પણ હોય, તો તેવા જીવે પ્રાર્થના કરી ભગવાનની મદદ માગવી રહી.'

પ્રાર્થના વિશે શ્રીમોટા લખે છે : 'પ્રાર્થના એ તો જીવનનો પ્રત્યક્ષ સહારો છે. જીવનને યોગ્ય બળ, પ્રેરણા, સહાનુભૂતિ, ધીરજ, હિંમત એવું પ્રાર્થનામાંથી મળી રહે છે—જો પ્રાર્થનાની કળા સાંપડી હોય તો.'

પ્રાર્થનાના અભ્યાસથી મનાદિ કરણોમાં શુદ્ધિ થાય છે. જીવન-વિકાસમાં પ્રાર્થનાનું મહત્ત્વ અમાપ છે. પુરુષાર્થથી બનવા કાજે ઘણો કાળ લાગે અને કોઈક વાર તો અશક્ય જેવું લાગે, તેમ છતાં પ્રાર્થનાના બળથી તેવું તેવું થઈ જતાં ઘણાંએ અનુભવેલું છે.

પ્રાર્થના જેવું ચેતનવંતું ને બળવાળું કોઈ સાધન નથી. હૃદયમાં હૃદયના સાચા ભાવથી આર્તનાદ અને આર્દ્રભાવે જે જીવ એનો આશરો લે છે, એને એની પ્રાર્થના કદી નિરાશ કરતી નથી. એવી છે પ્રાર્થનાની અંતરતમ શક્તિ.

સાધનાનાં કાર્યોને સર્વોપરી મહત્ત્વ આપવાથી જ લક્ષ્યસિદ્ધિ થાય છે, તે મુદ્દાને તેઓશ્રી આ રીતે રજૂ કરે છે : 'જ્યારે આપણે આપણા જીવનમાં આપણા આ સાધનનાં કાર્યને જ સર્વોપરી લેખીશું અને એને જ વધુમાં વધુ મહત્ત્વ આપતાં રહીશું, ત્યારે જ સાધનાને યથાર્થ સ્વરૂપમાં ફળતી અનુભવીશું.'

ધ્યાન અને જપ—એ સાધનાના અતિ મહત્ત્વનાં અંગો વિશે તેઓશ્રીએ વ્યક્ત કરેલા વિચારો ઘણા મનનીય છે. તે સંબંધી તેમણે કરેલું માર્ગદર્શન મુમુક્ષુ સાધકને તેની આધ્યાત્મિક પ્રગતિના માર્ગમાં અત્યંત ઉપકારક નીવડે તેવું છે. ધ્યાનની પ્રક્રિયાને અનુલક્ષીને તેઓ લખે છેઃ 'ધ્યાનમાં આપોઆપ સ્વાભાવિકપણે

શ્વાસોચ્છ્વાસ ધીમા પડતા જશે, ને અંતે તો તદ્દન શાંતપણે ચાલશે. તેમાં પ્રાણાયમના નિયમો સ્વતઃ પળાયા જશે—જો ધ્યાન યોગ્યપણે કરાતું હશે તો—ને તદ્દન છેવટે તો શ્વાસોચ્છ્વાસ લય પણ પામ્યા જેવી સ્થિતિ થશે.'

'ધ્યાન વખતે ધ્યાન જ. પ્રાર્થના વખતે પ્રાર્થના જ. જે કરતા હોઈએ એના ભાવને જ પ્રધાનપણે વળગી રહેવું. ધ્યાનને છોડવાની ઈચ્છા ન થાય તો તેમ રાખવું. સમય પૂરો થયો માટે છોડી દેવું તેમ ન કરવું.'

'ધ્યાનમાં અમુક અમુક થાય તો સારું એવી લાગણી ન રાખવી. જે કાંઈ ત્યારે થાય તેમાં મન ભળી ન જાય તેની ખબરદારી રાખવી ઘટે. લીન અને એકાગ્ર થવામાં ઊંડું ઊંડું ઊતરતા જવું અને જ્યાં સુધી ખ્યાલ રહ્યા કરે ત્યાં સુધી ભગવાનના ભાવનો ખ્યાલ રાખવો, એ પણ ઊંડા ઊંડા જતાં તેને ઊડી જવા દેવો અને તટસ્થપણે જોયા કરવું.'

ઉપરોક્ત સૂચનો વૃત્તિઓનો નિરોધ કરી, ચિત્તને નિસ્તરંગ અવસ્થામાં લાવી સમાધિની સ્થિતિ પ્રાપ્ત કરવામાં સાધકને કેટલા બધા સહાયક થાય તે સ્વાભાવિકપણે સમજાય તેમ છે.

શાસ્ત્રોમાં નામસ્મરણનો અપાર મહિમા ગાયો છે. ભગવદ્-ગીતામાં શ્રીકૃષ્ણ **'यज्ञानां जपयज्ञोऽस्मि'** 'યજ્ઞોમાં જપયજ્ઞ હું છું' એ વાક્યમાં જપને પોતાની વિભૂતિ તરીકે દર્શાવી યજ્ઞોમાં જપયજ્ઞનું અતિ મહત્ત્વનું સ્થાન દર્શાવે છે.

પૂજ્ય શ્રીમોટાનો જપ અને નામસ્મરણ વિશેનો લેખ ઘણો મનનીય હોઈ જપ તથા નામસ્મરણરૂપી રાજમાર્ગના પથિકને તેમાં કરેલા માર્ગદર્શનથી અલભ્ય લાભ થવાનો પૂરો સંભવ છે. જપને યજ્ઞ શા માટે ગણવામાં આવ્યો છે અને કેવા પ્રકારની જપસાધના ઉત્તમ ગણાય તે વિશેના પૂજ્ય શ્રીમોટાના લેખમાંથી કરેલું નીચેનું

અવતરણ ધ્યાનમાં રાખવા જેવું છે. 'જપને યજ્ઞમાં ગણેલો છે. એ એક મોટું સહજ ને સરળ સાધન છે. સામાન્યપણે જપ ટૂંકામાં ટૂંકો હોય તો ઉત્તમ. એ જપવામાં ક્લિષ્ટ ન હોવો જોઈએ, સરળ હોવો જોઈએ. હ્રસ્વ અને મૃદુ તથા કઠણ નહિ એવો (ઘોષ વ્યંજન) હોય તો વધુ સારું. શબ્દનાં ત્રણ સ્થળ છે, નાભિ, કંઠ અને બ્રહ્મરંધ્ર. જપ એવો હોવો ઘટે કે એ ત્રણેને સ્પર્શી શકે—જપને યજ્ઞ કહેવાનું કારણ એ છે કે યજ્ઞમાં જે તે બધું હોમવાનું હોય છે, એટલે આપણે પણ મનાદિકરણનું જે જે બધું ઊભળે, તે બધું તેમાં પ્રાર્થના સાથે જ્ઞાનભક્તિપૂર્વક હોમ્યાં કરવાનું છે.'

'પ્રભુ સાથે અભેદ્ય સંબંધ જોડવા માટે, એકતાર થવા માટે, તેનું નિરંતર અનુસંધાન થવા માટે નામસ્મરણ એ અમોઘ અને સમર્થ સાધન છે.' આ સંબંધી 'જીવનપરાગ'માંના નીચેના કથનનો ઉલ્લેખ કરવા જેવો છે : 'સ્થૂળ રીતે, દેખીતી રીતે નામસ્મરણ વિના સ્થૂળજીવન નભી શકે છે; પણ પ્રભુમય જીવન માટે નામસ્મરણ પ્રાણ સમાન છે. એ ન હોય તો કશું નથી. એટલે ધ્યાન આદિ બીજાં સાધનો કરતાં પણ એનું સવિશેષ ધ્યાન રાખવાનું છે. નામી કરતાંયે નામ ચઢી જાય છે. દિવસોભર જમ્યા વિના જીવી શકાય, પણ જેને ભગવાનને શરણે જવું છે, તેને નામસ્મરણ વિના એક ક્ષણ પણ ન ચાલવું જોઈએ. નામસ્મરણ એ આપણું એક રીતનું જીવન છે.'

કૃપા અને પુરુષાર્થ સંબંધી પંડિતોમાં વાદવિવાદ ચાલ્યા કરે છે. કેટલાક ઈશ્વરકૃપાથી બધું થતું હોય તો પુરુષાર્થનું કાંઈ પ્રયોજન નથી એવી દલીલ કરે છે, જ્યારે બીજાઓ પુરુષાર્થ નિરર્થક નથી, કર્મ કરવાનું સ્વાતંત્ર્ય ન હોય તો ગીતા વગેરે ગ્રંથોમાં કર્મ કરવાનો ઉપદેશ શા માટે આપવામાં આવ્યો છે, અને સારું-નરસું, કર્મ-અકર્મ, નીતિ-અનીતિ વગેરેને નિર્ણય કરવાની બુદ્ધિ મનુષ્યને શા

માટે આપવામાં આવી છે એવી દલીલ કરી પુરુષાર્થ જરૂરી છે અને તેના વિના પ્રગતિ શક્ય નથી એવું પ્રતિપાદન કરે છે. આ સંબંધી પૂજ્ય શ્રીમોટાએ જે નિર્ણય વ્યક્ત કર્યો છે, તે શાસ્ત્રસંમત અને શાસ્ત્રસંગત છે. તેઓ જણાવે છે કે, 'પુરુષાર્થ અને કૃપાના ઝગડા કે ચર્ચા નકામા છે. પુરુષાર્થ પણ છે અને કૃપા પણ છે.'

'કૃપાના આધાર પર જે જીવ પુરુષાર્થ કરે છે, તેને અભિમાન જાગવાનો કશો ડર નથી હોઈ શકતો. પુરુષાર્થ ને કૃપા એકબીજામાં સંકળાયેલાં જ છે. કૃપામાં પુરુષાર્થ છે, પુરુષાર્થમાં કૃપા છે.'

'શરૂઆતના સાધક કાજે પ્રથમ પ્રચંડ પુરુષાર્થની જરૂર રહે છે. પુરુષાર્થ થતો રહે ને તે કૃપાની પ્રાર્થના પણ કરતો રહે, કૃપાની મદદ હૃદયથી યાચ્યા કરે તે મહત્ત્વનું છે. પોતાના ખંત અને ધગશના પુરુષાર્થ સાથે સદ્‌ગુરુના આશીર્વાદ અને કૃપા જરૂરનાં છે તેની ના નથી, પરંતુ પોતે પણ કાંઈ પણ કર્યા કારવ્યા વિના એની કૃપા પર જ આધાર રાખવાનું કરશે, તો તેવી કૃપા મળવી શક્ય નથી.'

આ રીતે માનવજીવનના ઊર્ધ્વકરણમાં સંપૂર્ણપણે સહાયક નીવડે તેવી અનુભવી સંતાત્માના હૃદયમાંથી ફૂટેલી પાવનકારી વાણીની સરવાણીનું જળ 'જીવનપરાગ'માં સંગૃહીત થયેલું છે.

શ્રેયસ્કામ જીવ સદ્‌ગુરુનું માર્ગદર્શન મેળવવા સતત ઝંખતો હોય છે. પ્રથમ તો સદ્‌ગુરુના સંબંધમાં આવવું જ સહેલું નથી, અને કદાચ સંબંધમાં આવવાનું થાય તોપણ તેને ઓળખવાનું કાર્ય ઘણું જ મુશ્કેલ છે. જેમ જેમ પૂર્વ સુકૃતના પ્રતાપે તેનો પરિચય કેળવાતો જાય છે તેમ તેમ આ ગ્રંથમાં દર્શાવેલાં તેનાં લક્ષણોનું તેનામાં દર્શન થતાં, તેની સાચા માર્ગદર્શક તરીકે નિઃશંક પ્રતીતિ થતી જાય છે. સદ્‌ગુરુને પોતાના પરિચયમાં આવતી વ્યક્તિઓની પ્રકૃતિની યથાર્થ સમજ પ્રગટેલી હોય છે. તેવો પુરુષ નિરહંકારી અને નિર્મમ હોય છે. અત્યંત નિઃસ્પૃહ અને વિરાગી હોવા છતાં

તેનામાં અધિકારી સાધક પ્રત્યે એક પ્રકારનું રાગભર્યું વલણ તથા તેનું જીવન ઉન્નત કરી ઈશ્વર પ્રત્યે અભિમુખ કરવાની સ્પૃહા જોવામાં આવે છે. તેનો સંપર્ક ઘનિષ્ટ થતો જતાં સાધકને પોતાની પ્રકૃતિમાં રૂપાંતર થતું અને જીવન ઊર્ધ્વમુખી થતું અનુભવાય છે. કેટલીક વાર સદ્‌ગુરુ તેની સાથે ભાવપૂર્વક સંપર્કમાં આવેલા જીવના શરીર સાથે તાદાત્મ્ય સાધી તેના રોગો દૂર કરે અથવા હળવા કરે તેવા અનુભવો થાય છે. સદ્‌ગુરુનો પ્રેમ જેના પર ઊમટે છે, તેને તે પોતાના જેવી ઉન્નત કક્ષામાં પ્રતિષ્ઠિત કરે છે.

'જેના પર રીઝે પ્રેમ એને તો નિજનો કરે,
પોતા જેવો બનાવીને પોતાનામાં રમાડશે.
કરાવે પ્રેમ પ્રત્યક્ષ ગૂઢમાં ગૂઢ તત્ત્વ જે,
કિંતુ પાવકમાંથી ત્યાં શું પસાર થવું પડે !'

આ સંદર્ભમાં શ્રીશંકરાચાર્યની શતશ્લોકીનો નિમ્નલિખિત શ્લોક ઉલ્લેખપાત્ર છે :

**दृष्टान्तो नैव दृष्टास्त्रिभुवनजठरे सद्‌गुरोर्ज्ञानदातुः**
**स्पर्शश्चेत्तत्र कल्प्यः स नयति यदहो स्वर्णतामश्मसारम् ।**
**न स्पर्शत्वं तथापि श्रितचरणयुगे सद्‌गुरुः स्वीयशिष्ये**
**स्वीयं साम्यं विधत्ते भवति निरुपमस्तेन वालौकिकोऽपि ॥**

(આત્મજ્ઞાનનો યથાર્થ ઉપદેશ કરી તેનો અનુભવ કરાવનારા સદ્‌ગુરુનું દૃષ્ટાંત ત્રણે લોકમાં ક્યાંય જોવામાં આવતું જ નથી. તેઓશ્રીને ઉદ્દેશીને પારસમણિનું દૃષ્ટાંત આપીએ તો તે પણ બરાબર નથી, કારણ કે પારસમણિ લોખંડનું સોનું બનાવે છે, તે આશ્ચર્યકારક છે, પણ તેને પારસમણિ બનાવતો નથી. પરંતુ સદ્‌ગુરુ જે તેમનાં ચરણકમળનો આશ્રય કરે છે, તેને પોતાના જેવો બનાવે છે. આથી સદ્‌ગુરુ અનુપમ અને અલૌકિક જ છે.)

ગુરુના કાર્યપ્રદેશ અને કાર્યપ્રણાલી વિશે આપેલી માહિતી ઘણી ઉપયોગી અને રસપ્રદ છે. સાધકના સ્વભાવનું દિવ્ય રૂપાંતર કરી, તેનો આધ્યાત્મિક વિકાસ સાધવાનું કાર્ય ગુરુ દ્વારા થતું હોય છે. સાધકની સુષુપ્ત શક્તિઓ જગાડવા તે અત્યંત સૂક્ષ્મ સાધનનો ઉપયોગ કરે છે. તે સાધનની પ્રવર્તમાન ગુપ્ત અસરનો ખ્યાલ શરૂ શરૂમાં તો સાધકને આવતો પણ નથી. આ કાર્યમાં વાણીનો તે ઘણો જ ઓછો ઉપયોગ કરે છે. અને નિરંતર આધ્યાત્મિક આંદોલનો મોકલી સાધકની સુષુપ્ત ચેતના જગાડી, તેના જીવનનું સાચું ઘડતર થવામાં સહાયક બને છે. સાધકની નિદ્રાવસ્થામાં તેના આંતરસત્ત્વ સુધી સુગમતાથી પહોંચી જઈને પણ તે આ કાર્ય સિદ્ધ કરે છે.

ગુરુ અનેક ચમત્કારો દ્વારા પણ સાધકના મનને પોતા પ્રત્યે આકર્ષી લઈ તેને સહાયક બને છે. સર્વ ચમત્કારોમાં સાધકની પ્રકૃતિનું રૂપાંતર કરવાનો ચમત્કાર સર્વોપરી મહત્ત્વનો અસાધારણ ચમત્કાર છે. **દરેક સાધકની પ્રકૃતિને યથાર્થ સ્વરૂપે જાણી તદ્નુસાર માર્ગદર્શન આપવાની આધ્યાત્મિક ક્ષેત્રના સદ્ગુરુની શિક્ષણકળા અન્ય સર્વ ક્ષેત્રોના શિક્ષકોની શિક્ષણકળા કરતાં ક્યાંય ચઢિયાતી છે. શાળા-મહાશાળાઓમાં વિભિન્ન પ્રકારની પ્રકૃતિના વિદ્યાર્થીઓમાંથી દરેક પ્રકૃતિની વિશિષ્ટતાઓ લક્ષમાં રાખી તદ્નુસાર તેને શિક્ષણ આપવાનું અશક્યપ્રાય હોવાથી શિક્ષણનું કાર્ય કેવું અપૂર્ણ, અધકચરું અને ઘણીવાર હતાશ કરનારું નીવડે છે તે સુવિદિત છે. પરંતુ અધ્યાત્મક્ષેત્રે સદ્ગુરુ દ્વારા અપાતું શિક્ષણ પરિપૂર્ણ, આદર્શ અને યથાર્થ શિક્ષણ છે, તે ઉપર દર્શાવેલી હકીકતથી સહેજે સમજાય છે.**

મનુષ્યજીવનનાં રહસ્ય અને હેતુની સમજણ પ્રગટાવનારી ચેતનાશક્તિ એ જ ગુરુ. અનેક પ્રકારનાં સંઘરી રાખેલાં મંતવ્યો,

આગ્રહો અને મડાગાંઠોમાંથી મુક્ત કરવાના સૂક્ષ્મ પ્રયત્ન દ્વારા—
—આઘાત આપવાની પ્રક્રિયા દ્વારા પણ—ગુરુ સાધકની આધ્યાત્મિક પ્રગતિમાં સહાયક નીવડે છે. તેની સાથે ઘનિષ્ટ સંબંધ સ્થપાતાં ગમે તેવા નિમ્ન સ્તરના સાધકનું જીવન પણ તેની અદૃશ્ય અને અકલ્પ્ય અસર દ્વારા ઉન્નત થતું જાય છે. ગમે તેવી ગૂંચવણભરી પરિસ્થિતિમાં ગુરુરૂપી ચેતનાશક્તિ સ્વધર્મનું ભાન પ્રગટાવે છે. ગુરુ કોઈને પણ પરાધીન રાખવા ઈચ્છતો નથી. તે માગે છે પ્રેમ. જે તેની અને પોતાની વચ્ચે કાંઈ પણ સંકોચ કે અંતર ન રાખતાં સાચા દિલથી પ્રેમ કરે છે, તેનું શ્રેય થયા વિના રહેતું નથી. 'ભાવ ભાવને ખેંચે છે, ને ભાવને પ્રગટાવે છે. હૃદયના ભાવનું બળ જેવું તેવું નથી. ગુરુનું ભાવભર્યું પુણ્યસ્મરણ તો પ્રત્યક્ષ સંજીવની છે.' નિરાશા, પ્રમાદ, અશાંતિ, ભયંકર સંઘર્ષ, કંકાસ વગેરેથી ત્રાસી ગયેલા જીવોને માટે ગુરુનું ઉત્કટ ભાવભર્યું સ્મરણ જડીબુટ્ટી સમાન નવું જીવનબળ અને ઉત્સાહ પ્રેરનારું નીવડે છે.

**'व्योमवव्याप्तदेहाय दक्षिणामूर्तये नमः ।'** 'આકાશની પેઠે સર્વત્ર વ્યાપ્ત શરીરવાળા દક્ષિણામૂર્તિને હું નમું છું.'—એ ઉક્તિ અનુસાર સર્વત્ર વ્યાપ્ત એવા સદ્‌ગુરુનું અંતરના ભાવપૂર્વક તેમને કરેલું સ્મરણ ઘણી મુશ્કેલ અને જટિલ પરિસ્થિતિમાં તેમને અવશ્ય સહાયક થવા પ્રેરે છે.

○ ○ ○

'જીવનપરાગ'ના વાચને મારા જીવનમાં નવો ચિરાગ પ્રગટાવ્યો, નવી તાજગી અને જોમથી અંતરને ભરી દીધું. આથી પૂજ્ય શ્રીમોટાનું જીવનચરિત્ર અથવા તેઓશ્રીના અધ્યાત્મક્ષેત્રમાં પ્રગટ થયેલા અનુભવો સંબંધી જાણવાની મારા મનમાં ઉત્કટ ઈચ્છા થઈ. મારો આ મનોરથ અનાયાસે જ સિદ્ધ થયો અને તેમનાં

'નર્મદાપદે' એ કાવ્ય તેમ જ 'જીવનદર્શન' એ બંને પુસ્તકો મારા વાંચવામાં આવતાં જે અપૂર્વ આનંદ થયો, તે વર્ણવી શકાય તેવો નથી.

હિસ્ટીરિયાના રોગથી કંટાળી જઈ ગરુડેશ્વરની ટેકરી પરથી નર્મદામાં શ્રીમોટાએ ઝંપલાવ્યું. પરંતુ તેમાંથી તેમનું અદ્‌ભુત રીતે રક્ષણ થયું અને નર્મદામાંથી જ પ્રગટ થયેલી કોઈ દિવ્ય શક્તિએ તેમને ફરી પાછા ટેકરી પર કાંઈ પણ ઈજા થયા વિના સહિસલામત મૂકી દીધા, એ પ્રસંગ મારા વાંચવામાં આવ્યો. સર્વાંતર્યામી, સર્વવ્યાપક ઈશ્વર તેના ભક્તો પ્રત્યેની અપાર કરુણાથી પ્રેરાઈ કોઈ પણ સમયે ચમત્કાર કરે છે. જે તેને આર્તસ્વરે પોકારે છે તેવા નિજજનને માટે તેનું અંતર પ્રેમથી પલળી જાય છે, અને પોતે પ્રકાશ પામીને ભવિષ્યમાં જે અન્યને પ્રકાશ તરફ દોરી જવા જન્મ્યા છે, તેવા પુરુષોના જીવનનું હરકોઈ ક્ષણે અવશ્ય રક્ષણ કરે છે, એવી શ્રદ્ધાને પુષ્ટિ મળતાં મને શબ્દાતીત આનંદ થયો. જો સાધક પૂરેપૂરો સાવધાન ન રહે, તો સાધનાપથમાં પ્રગતિ થતાં સર્જાતા ચમત્કારો, સિદ્ધિઓ વગેરે તેને ગંતવ્ય સ્થાને પહોંચાડવામાં જરૂર વિઘ્નરૂપ બને છે. પરંતુ સાક્ષાત્કારસંપન્ન પુરુષે કરેલું, સ્વાનુભવમાં આવેલા ચમત્કારો, સિદ્ધિઓ વગેરેનું વર્ણન પ્રતીતિજનક હોવાથી જિજ્ઞાસુ સાધકને પ્રેરણા અને પ્રોત્સાહન આપી, તેની શ્રદ્ધાને પુષ્ટ કરી પ્રગતિકારક થાય તેવો પૂરેપૂરો સંભવ છે. આ દૃષ્ટિએ પૂજ્ય શ્રીમોટા દ્વારા તેઓશ્રીના જીવનમાં થયેલા પ્રસંગોનું વર્ણન ઘણું મૂલ્યવાન અને મહત્ત્વનું છે.

ઉપર દર્શાવ્યા પ્રમાણે 'જીવનપરાગ'ના વાચને મને પૂજ્ય શ્રીમોટાનું 'જીવનદર્શન' વાંચવા પ્રેર્યો. તેઓશ્રીના અદ્‌ભુત જીવન-પ્રસંગોથી પ્રભાવિત અને લાભાન્વિત થઈ હું તેમના અન્ય ગ્રંથોનું

વાચન કરવા પ્રેરાયો. તેઓશ્રીના આ સર્વ ગ્રંથોમાં વ્યાવહારિક તેમ જ આધ્યાત્મિક ક્ષેત્રે ઉપસ્થિત થતા અનેક મહત્ત્વના પ્રશ્નો અને સમસ્યાઓને હલ કરતા ઝીણવટભર્યા મુદ્દાઓની રજૂઆત કરવામાં આવી છે. એક મહાન સંતાત્માના અનુભવનું હાર્દ તેમાં સમાયેલું છે. જેમ ભગવદ્ગીતા બ્રહ્મવિદ્યા પર આધારિત યોગશાસ્ત્ર પ્રતિષ્ઠિત થયેલું છે. જેમને તેમના સર્વ ગ્રંથો વાંચવાનો સમય ન હોય, તેઓ માત્ર 'જીવનપરાગ'નું જ નિરંતર અનુશીલન-પરિશીલન કરશે, તોપણ તેમને તમસ્‌ને ભેદી પ્રકાશ પ્રત્યે મીટ માંડતી જીવનદૃષ્ટિ પ્રાપ્ત થયા વિના રહેશે નહિ. અંતે મુમુક્ષુ સાધક 'જીવનપરાગ'ના સંચય પ્રત્યે અભિમુખ થાય એ હેતુથી આરંભેલો આ 'પ્રરોચના'નો વિધિ સમાપ્ત કરી હું વિરમું છું.

○ ○ ○

॥ હરિઃૐ ॥

# પ્રસ્તાવના

(શ્રી 'સોપાન')

## (પ્રથમ આવૃત્તિ)

## સાધકની અનુભવવાણી

'જીવનપરાગ'ને પરિચય કે પ્રવેશકની જરૂર નથી અને જરૂર હોય તો તે લખવાના મારા અધિકાર વિશે હું સાશંક છું, છતાં જેમને હું શ્રી ચૂનીભાઈ ભક્ત તરીકે ઓળખું છું અને જેઓ અત્યારે 'પૂજ્ય શ્રીમોટા' તરીકે અનેક કુટુંબો અને વ્યક્તિઓનાં હૃદયમાં શ્રદ્ધાભર્યું સ્થાન ધરાવે છે, તેમની સાથેની જૂની ઓળખાણ તથા તેમના અંતેવાસી શ્રી નંદુભાઈનો પ્રેમભર્યો આગ્રહ મારી પાસે આ લખાવવા માટે કારણભૂત બન્યાં છે.

આ પુસ્તકના વાચનથી મારા મન પર પહેલી છાપ એ પડી કે શ્રીમોટાએ કોઈ સિદ્ધાંત, વાદ કે વિચારનું પ્રતિપાદન કરવા અથવા તો કોઈ નવો સિદ્ધાંત વહેતો મૂકવા માટે આ પુસ્તક લખ્યું નથી. કોઈ મધ્યવર્તી વિચારની આસપાસ બુદ્ધિયુક્ત અને હૃદયસ્પર્શી દલીલો ગોઠવાય અથવા તો સંશોધન કે ગણિતની પદ્ધતિથી ચોક્કસ દિશામાં ગતિ કરતાં કરતાં એક નિશ્ચિત વિચાર પર પહોંચાય એવું આ પુસ્તકમાં નથી. શ્રીમોટાનો કે આ પુસ્તકનું પ્રકાશન કરનારાઓનો એવો હેતુ પણ નથી. આ પુસ્તક તો સાચા અર્થમાં એક સાધક વિચારકનાં અનુભવમોતી છે. સંપાદકોએ એ મોતીને નાની મોટી માળાઓમાં પરોવવાનો સફળ પ્રયત્ન કર્યો છે. 'સાધક વિચારક' એમ કહીને હું સાધક અને વિચારક એમ કહેવા નથી માગતો. આ પુસ્તકમાં શ્રીમોટાની વાણી વાંચીને એમને

ઉત્તમ કક્ષાના એક વિચારક માનવાનું મન થઈ જાય એમ છે, પરંતુ જે સત્ય હકીકત છે તે તો એ છે સવિશેષ અભ્યાસ, અવલોકન અને ચિંતન તથા થોડોક અનુભવ લઈને આ વિચારો વ્યક્ત કરવામાં નથી આવ્યા, પરંતુ સાધનાની અગ્નિપરીક્ષામાં વિશુદ્ધ કર્યા પછી તેને અભિવ્યક્તિ મળી છે અને તેથી જ તેમને વિચારક કહેવાની સાથે મેં સાધક વિશેષણરૂપે વાપરવાનું યોગ્ય માન્યું છે. અલબત્ત, અનુભવની સાથે અભ્યાસ, અવલોકન અને ચિંતનનું બળ એમાં ભળેલું છે.

આ પુસ્તક સંબંધમાં બીજી એક બાબત પણ નોંધવા જેવી છે. શ્રીમોટાનાં આ વિચારમોતી અથવા તો સાધનાની કસોટીમાંથી પાર ઊતરેલાં સત્યોનું ઉચ્ચારણ સહજ એવાં કોઈ પ્રવચનો કે લેખોનું પરિણામ નથી. જો એવું હોત તો સર્વ સામાન્ય ધોરણ અથવા તો આદર્શનો કોઈ માપદંડ નક્કી કરીને એમણે પોતાના વિચારો રજૂ કર્યા હોત. અહીં જે વિચારમોતી વેરાયેલાં અને પરોવાયેલાં છે, તે એવી પ્રતીતિ તો કરાવે જ છે કે શ્રીમોટા સર્વસાધારણ ધોરણે તથા ચોક્કસ વર્ગને અનુલક્ષીને પણ સુવ્યવસ્થિત રજૂઆત કરવાને સમર્થ છે, પરંતુ હકીકત એ છે કે 'જીવનપરાગ'માં સંકલિત કરવામાં આવેલા વિચારો બહુધા તો એમનાં કેટલાંક પુસ્તકોનું દોહન છે અને આ પુસ્તકો એમણે કોઈ સાધકને, મુમુક્ષુને, જિજ્ઞાસુને એની આધ્યાત્મિક, સાંસારિક કે વૈચારિક મૂંઝવણમાં માર્ગદર્શન આપવાના હેતુથી લખાયેલા પત્રોના સંગ્રહરૂપે પ્રગટ થયેલાં છે. પુસ્તકોમાંથી ન લીધા હોય એવા વિચારો પણ કોઈ ને કોઈ જિજ્ઞાસુને લખેલા પત્રનાં જ અવતરણો છે.

આ માહિતી અહીં રજૂ કરવાનો હેતુ એ છે કે વાચકને આ પુસ્તકની વિશેષતા તથા મર્યાદા અને એ વિશેષતા-મર્યાદાના સંયોજનથી પ્રગટતી વિશિષ્ટતા ધ્યાનમાં રહે. કુદરતની રચનામાં

વૈવિધ્યનો પાર નથી. ઘાસનાં બે તણખલાં કે બે રજકણ પણ એકસરખાં નહિ મળે. અનંત વૃક્ષોનાં અનંત પર્ણો આકારમાં અને બીજી રીતે એકબીજાંથી નિરાળાં હોય તે ખરેખર અદ્ભુત લાગે છે. આની સરખામણીમાં આજની દુનિયાના ત્રણેક અબજ માણસો આકૃતિ અને પ્રકૃતિથી એકબીજાંથી જુદાં હોય તેનું આશ્ચર્ય ન થવું જોઈએ. આમ છતાં જાણવા જેવું એ છે કે આવી વિશિષ્ટતાની વચ્ચે એકતાનું-સમાનતાનું પ્રમાણ પણ કેટલું બધું છે ! દરેક જડ-ચેતન વાસ્તવમાં તો જડ જેવું કંઈ છે જ નહિ, સર્વત્ર પ્રગટ, અપ્રગટ, અલ્પપ્રગટ ચેતન જ વિલસે છે. છતાં સામાન્ય નજરે જેને આપણે જડ કહીએ છીએ તે અને જેને આપણે ચેતન તરીકે સ્વીકારીએ છીએ, તે એકબીજા સાથે કેટલાં બધાં સંકળાયેલાં છે ! એક બાજુ ભિન્નતા અને બીજી બાજુ એકતાનો આ અનુભવ જીવનમાં પણ દરરોજ થાય છે.

આ દૃષ્ટિએ વિચારતાં વ્યક્તિને લખેલા પત્રો ઘણે અંશે સમષ્ટિને પણ ઉપયોગી થાય એ સમજાય એવું છે. ચોક્કસ પરિસ્થિતિમાં જીવતા માનવીઓ વચ્ચે સમાનતાનું પ્રમાણ વિશેષ હોય છે. જીવનને ઉન્નત અને મુક્ત કરવાની ઝંખના ધરાવતા માનવીઓની મૂંઝવણો, સમસ્યાઓ તથા સંઘર્ષોમાં સામ્ય હોય અને એથી એકને અપાયેલું માર્ગદર્શન અનેકને ઉપયોગી થાય એ સ્વાભાવિક છે. આ પુસ્તકનાં લગભગ પાંચસો પાનાંઓમાં પથરાયેલું જ્ઞાન એ દૃષ્ટિએ સર્વોપયોગી બની શકે એવું લાગ્યું છે. આ જ્ઞાન રજૂ કરવાની પદ્ધતિમાં આત્મીયતાનો અનુભવ થાય છે. કોઈ ઉપદેશક દૂર બેસીને નિર્લેપ ભાવે ઉપદેશ આપતો હોય એવું દેખાતું નથી, પરંતુ કોઈ સ્વજન સ્નેહપૂર્વક માર્ગદર્શન કરાવતો હોય એમ લાગે છે. એ જ રીતે આકાશમાંથી વરસતો વરસાદ જેમ સર્વત્ર, જ્યાં જરૂર ન હોય ત્યાં પણ વરસે છે તેવું આમાં બન્યું નથી. વાસ્તવમાં

આ વર્ષાજળ સંઘરાયેલું અને શુદ્ધ થયેલું છે અને તે જ્યાં ઉપયોગ છે ત્યાં જ વહે છે. જો પ્રકાશની ઉપમા આપીએ તો આ પુસ્તક માર્ગદર્શક દીવાની ગરજ સારે તે પ્રકારનું છે.

શ્રીમોટાએ રજૂ કરેલા વિચારો અનુભવની કસોટીએ ચડેલા છે અને તેથી તેનું મૂલ્ય વધી જાય છે. આ વિચારો ધર્મગ્રંથોમાં, તત્ત્વજ્ઞોની વાણીમાં, અન્ય સંત-સાધુઓના ઉપદેશોમાં આપણને જોવા, વાંચવા, સાંભળવા, અનુભવવા મળે છે, છતાં અહીં તે વાંચતાં કશાકનું પ્રતિબિંબ પડ્યું હોય એવો ભાવ થતો નથી. કારણ કે મૂળ સત્યને પ્રગટ કરવામાં શ્રીમોટાના અનુભવ, રજૂઆતની શૈલી તથા પદ્ધતિની મૌલિકતા ભળેલી છે અને તેથી તે વેધક અને અસરકારક બન્યા છે. વિચારો સંબંધમાં સમગ્ર રીતે મન પર એવી છાપ પડી છે કે શ્રીમોટા કોઈ જ બાબતમાં અંતિમમાર્ગી નથી. જીવનમાં જેમ સમત્વનું મહત્ત્વ એમણે પ્રીછ્યું છે, તેમ સિદ્ધાંત અને વ્યવહારના પ્રતિપાદનમાં સમન્વયની દૃષ્ટિ રાખી છે. પત્રોના ઉત્તરો પરથી એમ સમજાય છે કે પત્રલેખકના હૈયામાં શિષ્યભાવ છે અને ક્યાંક તે ભાવનો વિકાસ શરણાગતિ સુધી થયેલો છે, પરંતુ શ્રીમોટાએ ગુરુભાવને બદલે બંધુભાવ રાખ્યો હોય એવી નમ્રતા, આર્દ્રતા અને મમતા અનુભવાય છે. જીવનવિકાસમાં ગુરુના સ્થાન વિશેના એમના વિચારોને જુદે જુદે પાને જો ઉપલક નજરે જોવામાં આવે તો ક્યાંક વિરોધ દેખાય, પરંતુ સમગ્ર દૃષ્ટિએ તેને મૂલવતાં એવી જ છાપ પડે છે કે શ્રી મોટા જાગ્રત અને ચેતનમય આત્મદેવને જ ગુરુપદે સ્થાપે છે ને પોતે કેવળ અંગૂલિનિર્દેશથી સંતોષ માને છે.

આ પુસ્તકના ગુણ અને સૌંદર્યનો પરિચય આપવા માટે કેટલાંક અવતરણો મૂકવાનું મન થઈ જાય છે. એ દૃષ્ટિએ શરૂઆતમાં પુસ્તકનાં પાનાંઓમાં નિશાનો પણ કરવા માંડ્યાં હતાં, પરંતુ

સમગ્ર પુસ્તક પર વ્યાપક નજર ફેરવી ગયા પછી એમ લાગ્યું કે વાચક એને પૂર્ણપણે આસ્વાદે એ જ યોગ્ય છે. વાસ્તવમાં એક વખત વાંચીને બાજુમાં મૂકી દેવાનું મન થાય એ પ્રકારનું આ પુસ્તક નથી. જિજ્ઞાસુઓ માટે આ પુસ્તક નિત્ય મનનનો ગ્રંથ બની શકે એ પ્રકારનું છે. એમાં છૂટાં વેરાયેલાં વિચારમોતીનું પ્રમાણ પણ એટલું બધું છે કે ગમે તે પાનું ઉઘાડી ભાવનાનો સ્ફુલિંગ પ્રગટાવી શકાય અને જો સાધનાની દૃષ્ટિ હોય તો ભિન્ન ભિન્ન વિષયો પરત્વે સુવિચારિત માર્ગદર્શન મળી રહે એવાં નાનાં પ્રકરણોને સાદ્યંત વાંચી શકાય.

આ પુસ્તકને સાહિત્ય દૃષ્ટિએ મૂલવવાનો પ્રયાસ મેં કર્યો નથી. એમ કરવું જરૂરી પણ લાગ્યું નથી. લેખકનો, સંપાદકોનો કે પ્રકાશકનો હેતુ કોઈ સાહિત્યકૃતિ નિર્માણ કરવાનો નથી, પરંતુ અનંતના યાત્રીને જે પાથેયની જરૂર છે, તે અલ્પ પ્રમાણમાં પણ આમાંથી મળી રહે તે ઉદ્દેશ છે. આ દૃષ્ટિએ પુસ્તકમાં વેરાયેલાં કાવ્યો પણ વિચારોનાં જ દ્યોતક છે એમ સમજવું જોઈએ. છંદ રચનાનો લાભ એ કે એ વિચારોને સ્મૃતિમાં સંઘરવાનું સહેલું બને. એથી વિશેષ એનો અર્થ ઘટાવવાનું યોગ્ય નથી.

આ પુસ્તકની બીજી વિશેષતા મને એ ભાસી છે કે એમાં ઊંડા તત્ત્વજ્ઞાનની ઝાંખી સાથે વ્યવહારુ માર્ગદર્શન પણ ઠીક પ્રમાણમાં આપવામાં આવ્યું છે. આહાર, નિદ્રા, સ્ત્રી-પુરુષના સંબંધો, સાંસારિક સંઘર્ષોથી માંડીને યોગની સાદી ક્રિયાઓ, પ્રાર્થના, જપતપ, ગુરુભક્તિ, પ્રભુભક્તિ, સાક્ષાત્કાર વગેરેનો સમાવેશ થયો છે. આવાં પુસ્તકોમાં પુનરુક્તિ અનિવાર્ય હોય, કારણ કે મૂળભૂત રીતે તો એક જ વાત જુદી જુદી કક્ષાએ, જુદા જુદા સંદર્ભમાં અને જુદી જુદી પદ્ધતિએ કહેવાની હોય છે. આમ છતાં પુનરુક્તિની સાથે ભાવની, વિચારની, દલીલની કે પદ્ધતિની કંઈ ને કંઈ નવીનતા ઉમેરાઈ છે ને તેથી તેનો ભાર લાગતો નથી.

સમગ્ર ગ્રંથનું અને વિચારનું ધ્રુવસૂત્ર પ્રભુને પામવાનું—આત્માને ઓળખવાનું છે. આ માટે સંયમ-નિયમને આવશ્યક ગણ્યા છે, પરંતુ દમનનો વિરોધ કરવામાં આવ્યો છે અને અંતિમ અવસ્થાએ તો જીવન્મુક્ત દશાની જ કલ્પના થયેલી છે. આ ઉન્નત સ્થિતિને પામવા માટે જે માર્ગો સૂચવાયા છે અને ઉપાયો બતાવવામાં આવ્યા છે, તે જીવનના પ્રવાહને જડતાથી બાંધી રાખનારા નથી. જીવનના કોઈ પણ ક્ષેત્રમાં પ્રવૃત્તિ કરતો માનવી ઉચ્ચ દશાને પ્રાપ્ત કરી શકે, જો એની વૃત્તિ, દૃષ્ટિ ને સાધના એ પ્રકારનાં હોય. વેશ ગૃહસ્થનો છે, સાધુનો છે કે સંન્યાસીનો છે તેનું શ્રીમોટાને મન મહત્ત્વ નથી, તેઓ તો આંતરબાહ્ય વ્યવહારમાં જ્ઞાન, શુદ્ધિ ને સાધના જ વાંછે છે. પ્રવૃત્તિ સંસારની હોય, સેવાની હોય કે સર્વ સંબંધોથી પરની હોય, પરંતુ મૂળ તત્ત્વને આધારે જીવન વહેતું હોય તો બાહ્ય સ્વરૂપની તેઓ ચિંતા રાખતા નથી. સાધકની અવસ્થા અનુસાર સંયમ, નિયમ, શ્રદ્ધા, ભાવના, ભક્તિનું મહત્ત્વ એમણે સ્વીકાર્યું છે, પરંતુ એમાંનું કંઈ જડ કે ઔપચારિક ન બની જાય અને અંતરના પ્રકાશ આડે કોઈ પડદો ન મુકાઈ જાય તેની એમણે કાળજી રાખી છે. આ વિચારો જિજ્ઞાસુઓને લખાયેલા પત્રોની કંડિકાઓ છે, એમ સમજીને વાચક વિવેકબુદ્ધિ અનુસાર પોતાની કક્ષા લક્ષમાં લઈ એનું વાચન કરશે તો ઉત્તમ માર્ગદર્શન પામશે એમાં સંશય નથી.

મુંબઈ **'સોપાન'**

તા. ૨૭-૬-૧૯૬૩

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાનું કથન

## (પહેલી આવૃત્તિ)

મદ્રાસના મારા એક સ્વજને એક વાર મને સૂચવ્યું કે 'તમારાં બધાં છપાયેલાં પુસ્તકોમાંથી જે જે સૂત્રાત્મક વચનો હોય, તેને તથા તે પુસ્તકોમાંથી જુદા જુદા વિષયના મુખ્ય મુખ્ય મુદ્દાઓ તારવીને, ટૂંકાવીને, તે બધાંનું જો એક જુદું પુસ્તક છપાવાય, તો શ્રેયાર્થીને તથા વાચકને તે તે બધું જાણવું વધુ સુલભ થઈ પડે. આ હકીકતને તો ઘણાં વર્ષો થઈ ગયાં. તે પછી ભાઈ નંદુભાઈને પોતાને જ આવું કંઈક તારવવાનો સભાન ખ્યાલ જાગ્યો ને તેઓએ મૌનએકાંત મંદિરમાં પુરાઈ જઈને, તદ્દન એકાંતવાસ સેવીને, બધાં પુસ્તકોનો અભ્યાસ કરીને આ બધું તારવ્યું છે, જેને વાચક આગળ આજે રજૂ થવાની તક સાંપડી છે. તેનું નિમિત્તકારણ તો એવા જ એક સ્વજન ભાઈ ચીમનભાઈ મહાજન છે. તેમણે લેખકનું કંઈક છપાવવા, યોગ્ય લખાણ તૈયાર હોય તો છપાવવાનું, બહુ જ દિલ કર્યાં કરેલું, ને તેવું લખાણ તો તૈયાર જ હતું. આ થઈ એની પ્રકાશન-કથા.

લેખકને જે જે કંઈક કહેવાનું હોય છે, જે જે તેના દિલમાં હોય છે, તે બધું જ કંઈ કહેવાઈ જતું હોતું નથી. તે તો જેને જેને કહેવાનું કે લખવાનું બન્યું હોય, તેની તેની ભૂમિકા પરત્વેના લક્ષાનુસંધાનથી પ્રેરાઈને લખેલું હોવાથી તે તે વિષયની સંપૂર્ણ હકીકત તેમાં આવી જતી નથી હોતી. તેમાંય વળી આ તો બધું તારવેલું છે, એટલે તે લખાયેલાના સારરૂપે તે છે, તેથી તેમાં અધૂરપ પણ હોવાની જ.

જીવનવિકાસનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ જ્યાં સુધી એકાગ્ર ને કેંદ્રિત, જીવતાંજાગતાં, એકધારાં પ્રગટેલાં હોતાં નથી, ત્યાં સુધી

શ્રેયાર્થીની ભૂમિકા Receptive and Responsive -સ્વીકારાત્મક, સંગ્રાહક અને તેને અનુલક્ષીને તેનો હેતુલક્ષી ભાવનાથી પ્રત્યુત્તરાત્મક સામો જવાબ પ્રેમથી, હૈયાના ઉમળકાથી વાળી શકે એવી ભૂમિકા બની ગયેલી, હોઈ શકેલી, ન હોવાથી, તેનું દિલ તે તે બધું પૂરું પચાવી શકે એવું નથી હોતું. તેનો આધાર તો તેનું દિલ જીવનવિકાસના ધ્યેય પરત્વે કેટલું ને કેવું ધગધગતા તલસાટયુક્ત ને સતત ઉન્મુખી પ્રગટેલું છે તેના પર હોય છે. એવા દિલનો દિલમાં દિલથી પ્રગટેલો એવો તલસાટ એ જ સાચી રીતે તો એના જીવનને ઘડનારો સાચો ગુરુ છે, ને ત્યારે જ નિમિત્તગુરુ એને પ્રભુકૃપાથી આકાર દેવામાં પ્રેરણાત્મક સૂક્ષ્મ મદદ પ્રેરાવી શકતો હોય છે. એવો દિલનો ઉત્કટ તલસાટ, પ્રચંડ ધગશ, ઉત્સાહ, ઉમંગ, ન્યોછાવરી, સાહસ, હિંમત, ધીરજ, ત્યાગ, સમર્પણ વગેરે જીવનમાં જ્યારે એક અંગભૂત વણાઈ જઈને તેના તેવા સ્વરૂપની કાયા ઘડાયેલી હોય છે, ત્યારે જ એવો શ્રેયાર્થી વારી વારી જઈને એમાં સર્વ ભાવે ને સર્વ રીતે પોતે ફનાગીરીનો આનંદ સેવી સેવી ફલંગો પર ફલંગો કૂદી કૂદી આગેકદમ ભરતો જતો હોય છે ને એવાના દિલની ને જીવનની એવી મસ્તીમાંથી જ જીવનનું પુનર્જીવન ને નવસર્જન થતું રહેતું હોય છે.

જીવનનાં અનેક પાસાંઓમાં, ક્ષેત્રોમાં ને જીવનના જુદા જુદા સંજોગોમાં, પરિસ્થિતિમાં, જુદાં જુદાં કર્મોમાં તેવો જીવ ભલે જુદો જુદો વર્તતો લાગે, પરંતુ તેનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ તો ધ્યેય પરત્વેના હેતુથી એકધારાં પ્રેરાઈને ધ્યેયના હેતુની સફળતા પરત્વેની એના દિલની સચોટ મીટ મંડાયેલી ત્યારે રહ્યાં કરતી હોય છે, ને એમાંથી જ તે પોતાના જીવનને તારવતો તારવતો આગળ ધપ્યો જતો હોય છે.

જીવનમાં અનેક પ્રકારનાં ઘમસાણ ને પ્રલયો એને પ્રગટે છે, પરંતુ તેના દિલની મસ્તીનો પારો ત્યારે પણ નીચે કદી ઊતરી શકતો નથી. એવા એવા પ્રસંગોથી તો એના દિલની ખુમારી ત્યારે વધારે

પ્રકાશી કેવી મદમસ્ત ટટ્ટારી અનુભવે છે, એની કથા તો કોઈક એવો ન્યારો વિરલ વીર જ અનુભવી શકે છે.

જીવનવિકાસનો માર્ગ તો છે જીવનની મસ્તીનો, ખુમારીનો ને જીવનને હૈયાના ઉમળકાથી સ્વાર્પણ કર્યાં જવાનો છે. જીવનવિકાસની કથા એવાં સ્વાર્પણનાં એક પછી એક પગલાં ભરાયાં જવાયામાંથી નવા નવા ભાવે ને નવા નવા રૂપે કોઈક ભવ્ય, રમ્ય, દિવ્ય કળામાં પરિણમતી જતી જ્યારે પોતે અનુભવે છે, ત્યારે જીવનની ધન્યતા, કૃતાર્થતા અનુભવતો તે શ્રેયાર્થી એવી જ્ઞાનભક્તિયુક્ત દિલની કુરબાનીઓ ને આહુતિઓ આપતાં આપતાં એના દિલનો ભાવ દરિયાનાં ભરતીનાં મોજાંઓથી પણ અનેકગણો વધુ ઊછળતો તે પોતે અનુભવે છે ને જીવન એક પરમ આનંદનો લહાવો છે, એવી એને દિલમાં દિલથી સભાનતા પ્રગટે છે. એવાને ત્યારે દિલમાં મસ્તીની, જીવનઘડતરની એકધારી સતત ભાવના પ્રગટેલી રહ્યાં કરે છે. તેવી ભાવના વડે કરીને હાર ને નિરાશાના વમળમાં તે કદી પણ ગર્ત થઈ જઈ શકતો નથી, કારણ કે દિલમાં એવી પ્રગટેલી પ્રચંડ ઉત્સાહ, તલસાટવાળી ભાવના એનામાં એવી તો એક હૈયાસૂઝ પ્રગટાવે છે કે તે તેવી તેવી વેળા તટસ્થતા ને સમતાથી એનું આકલન કરી કરી, તેને તેને પાર કરી જતો હોય છે, ને ત્યારે તે તેના વહાલા પ્રભુની પરમ મંગળમયી કૃપાનો સહારો અનુભવે છે કે જેના આધારે તે પોતાના જીવનનું સુકાન ધ્યેયના હેતુને હૃદયમાં હૃદયથી અનુલક્ષીને પ્રભુકૃપાથી દોરવ્યાં કરતો હોય છે.

જે જે સ્વજનોને આ બધું સંબોધાઈને પ્રભુકૃપાથી જે લખાયેલું છે, તે તે તેમને જીવન પરત્વે સભાન ને સજાગ રખાવ્યાં કરો એ જ પ્રાર્થના.

હરિઃૐ આશ્રમ, **— મોટા**

કુરુક્ષેત્ર, રાંદેર (વાયા સુરત)

તા. ૧-૬-૧૯૬૩

॥ હરિઃૐ ॥

# સંપાદકના બે બોલ

## (બીજી આવૃત્તિ)

અમને તથા અમારા જેવાં સ્વજનોને પૂજ્ય શ્રીમોટાએ જે પત્રો ગદ્યમાં અને પદ્યમાં લખેલા તે બધાંનું પુસ્તકરૂપે પ્રકાશન પામી તે તે પુસ્તકો બહાર પડ્યાં. તેમાંથી દરેક વિષય અનુક્રમણિકા પ્રમાણે ગોઠવાય અને સૂત્રાત્મક રીતે જે જે વચનો તેમાં છપાયેલાં છે, તેને તારવીને જો જુદાં છપાવાય તો તે અવારનવાર જોઈ જવાનો લાભ ઠીક મળે એવું મને મારા પોતાના ખાતર લાગવાથી દક્ષિણ હિંદના કુંભકોણમના 'હરિઃૐ આશ્રમ'ના મૌનમંદિરમાં લાગલગાટ બાવીસ દિવસ મૌનએકાંતમાં બેસીને ને રોજના એકધારા સોળથી સત્તર કલાક આ જ કાર્યમાં લગાતાર તારવવાનું પ્રભુકૃપાથી બન્યું, અને તેનું ફળ વાચક જગત સમક્ષ મૂકવાનું બને છે, તેથી આનંદ અનુભવું છું.

પૂજ્ય શ્રીમોટાએ જીવનને જીવનવિકાસક હેતુના જ્ઞાનભક્તિભાવે સ્વીકારેલું હોઈ જીવનના જુદા જુદા સાધનાના તબક્કાઓમાં તથા જીવનના અનેક પ્રકારના જુદા જુદા સંજોગોમાં ને પરિસ્થિતિમાં જે રીતે ધ્યેયને એકધારું સતત અનુલક્ષીને તેઓ જીવન જીવ્યા ને તેમાંથી તેમને જે લાધ્યું, તે સમજવાનું તેમનાં લખાણોમાંથી અમને મળ્યું. ઘણાંઓને કહેતાં સાંભળ્યાં છે કે 'આ માર્ગ તો અઘરો છે.' પરંતુ જેને જીવનવિકાસના ધ્યેય પરત્વેની ઉત્કટમાં ઉત્કટ ધગશ પ્રગટેલી છે, એવાને તો અઘરું નથી લાગતું. એના દિલની એવી ધગશ ને ધ્યેયને સાકાર પમાડવાનો એના દિલનો તલસાટ એને તેવી પળે ધ્યેય પરત્વેની એના દિલની ઝંખનાને વધુ ને વધુ પ્રદીપ્ત કરાવીને એનામાં ધ્યેય-આકાશ

પરત્વેની એની મીટને અફાટ પ્રગટાવે છે, કારણ કે ધ્યેય પરત્વેની એની એવી અદમ્ય ઉત્કટ જલતી ઝંખના એને ઉપર તરતો રખાવ્યા કરતી હોય છે. શ્રેયાર્થીના દિલની ધ્યેય પરત્વેની ઝંખના કેટલી ને કેવી પ્રગટેલી છે, એના ઉપર જ જે તે બધો આધાર છે.

એવી ધ્યેય પરત્વેની દિલની ઝંખનાને વધારે પ્રકાશિત થવા દેવા કાજેનો આ મારો યત્કિંચિત પ્રયત્ન હતો ને છે, ને એવા હેતુથી પ્રેરાઈને આ બધું તારણ પ્રભુકૃપાથી બન્યું છે. તેમાં બધાં પુસ્તકોનું પૂરેપૂરું તારણ કદાચ ન પણ બન્યું હોય ને તેથી લેખકને યથાયોગ્ય ન્યાય ન પણ આપી શક્યો હોઉં એવું પણ બને. તે તો જે હો તે, પરંતુ એટલું ચોક્કસ કે મને તો લાભ થયો જ છે, ને તે લાભ વાચક આગળ મૂકી દિલની ભાવનાને સતેજ થવાનો જે પ્રસંગ સાંપડ્યો તેની હકીકત તો ન્યારી જ છે.

હરિ:ૐ આશ્રમ, **નંદુભાઈ ભોગીલાલ શાહ**
નડિયાદ
તા. ૧૫-૧૨-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્યશ્રીના સાહિત્યનું જેઓ વાચન-મનન કરશે, તેમને એટલું તો જરૂર સમજાશે કે આધ્યાત્મિક જેવા ગહન વિષયને એમણે સર્વને સમજાય તેવી સરળ વાણીમાં અને તેમ છતાં સચોટ દર્શન કરાવ્યું છે. વિદ્વદ્વર્ગ પણ કબૂલ કરશે કે જ્યારે કોઈ પણ કળા સંપૂર્ણ રીતે હસ્તગત થાય છે, ત્યારે તેને આવી રીતે સહજપણે અને સરળપણે વ્યક્ત કરવાનું બની શકે છે. સર્જનકારને ત્યારે સર્જનની ખોજ કરવી પડતી નથી પણ આપોઆપ હૃદય દ્વારા તે વ્યક્ત થાય છે.

વધુ આનંદની વાત તો એ છે કે પૂજ્યશ્રીનાં એક પછી એક પુસ્તકો જેમ જેમ તૈયાર થતાં ગયાં તથા પહેલાં છપાઈ ચૂકેલાં પુસ્તકોની પ્રતો ખલાસ થતી ગઈ તેમ તેમ તે બધાંને પ્રસિદ્ધ કરનાર સ્વજનો પણ મળતાં ગયાં.

આ ‘જીવનપરાગ’ પુસ્તકની દ્વિતીય આવૃત્તિના પ્રકાશનનું તમામ ખર્ચ ચીખોદરા નિવાસી સ્વજન શ્રી બહેચરભાઈ સોમાભાઈ પટેલે એમની સહજસ્ફુરિત ઉદારતાથી આપ્યું છે, જે માટે અમે તેઓશ્રીના ઘણા ઘણા આભારી છીએ. (અને પ્રથમ આવૃત્તિની ૨૨૫૦ પ્રતોનું તમામ ખર્ચ એવી જ હૃદયની ઉદારતાથી સ્વજન શ્રી ચીમનભાઈ મહાજને ત્યારે આપ્યું હતું, જે માટે અમો ફરીથી તેમનો ઘણો આભાર માનવાની તક લઈએ છીએ.)

પૂજ્યશ્રીનાં પુસ્તકોની તમામ આવક પૂરેપૂરી, પરમાર્થના કાર્યમાં જ વપરાય છે. એટલે ગુજરાતનાં ભાઈબહેનો આ પુસ્તકના વેચાણમાં જે કાંઈ મદદ કરશે તે પરમાર્થને જ મદદ કરી ગણાશે.

અંતમાં મે. એલેમ્બિક તરફથી આ 'જીવનપરાગ' છાપવાનું કામ તાત્કાલિક હાથ ધરીને, ખૂબ જ કાળજી અને ચીવટપૂર્વક સુઘડ અને સુંદર છાપકામ કરી આપ્યું છે, તે માટે અમે તેમના ખાસ આભારી છીએ.

નડિયાદ<br>
તા. ૧૫-૧૨-૧૯૭૨

- **નંદુભાઈ**<br>
મેનેજિંગ ટ્રસ્ટી,<br>
હરિઃૐ આશ્રમ, નડિયાદ

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (છઠ્ઠી આવૃત્તિ)

**'જીવનપરાગ'**ની છઠ્ઠી આવૃત્તિનું પ્રકાશન ૧૪ વર્ષ પછી થઈ રહ્યું છે, તે અનેરા આનંદનો અવસર છે. શ્રી નંદુભાઈએ પૂજ્ય શ્રીમોટાનાં સુવાક્યોને જીવનસાધનાની પ્રગતિના ક્રમાનુસાર ગોઠવીને આ પુસ્તકનું સંકલન કર્યું છે. આપણે સંસારમાં રહીને સાધનામય જીવન કઈ રીતે જીવવું તેની રૂપરેખા ઘડી આપી છે. શ્રી નંદુભાઈનો જેટલો પણ આભાર માનીએ તેટલો ઓછો છે.

ટ્રસ્ટી શ્રી રજનીભાઈએ આ પુસ્તકની મુદ્રણશુદ્ધિ તેમ જ શક્ય એટલાં લખાણોનાં પુસ્તકોનાં નામ અને પાનાં નંબર આપવાં તથા નવેસરથી સૂચિ તૈયાર કરવી વગેરે ભારે પરિશ્રમ માંગી લેતાં જટિલ કાર્યો ઘણી ચીવટાઈથી ટ્રસ્ટ પ્રત્યેની ફરજ રૂપે કર્યા હોઈ તેમનો આભાર માનવાનો હોય નહિ. પુસ્તકની ટાઈટલ ડિઝાઈન હરિઃૐ કૉમ્યુનિકેશનના શ્રી મયૂરભાઈ જાનીએ કરી છે અને કંપોઝિંગનું કાર્ય અર્થ કૉમ્પ્યૂટરના શ્રી કનુભાઈ પટેલે કર્યું છે. સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદના શ્રી શ્રેયસકુમાર વિષ્ણુભાઈ પંડ્યાએ આ પુસ્તકનું ચતુરંગી મુખપૃષ્ઠ અને પ્રિન્ટિંગનું કાર્ય પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી કરી આપ્યું છે, તે બદલ તેમનો ઘણો ઘણો આભાર માનીએ છીએ.

આ પ્રકાશનને ક્ષતિરહિત બનાવવા શક્ય એટલા તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે, છતાં કોઈ ક્ષતિ પ્રત્યે અમારું ધ્યાન દોરવામાં આવશે તો તેની સાભાર નોંધ લેવામાં આવશે. અંતમાં શ્રેયાર્થીઓના જીવનવિકાસ માટે આ પુસ્તક પથદર્શક બની રહે એવી પૂજ્ય શ્રીમોટાને પ્રાર્થના સાથે વિરમીએ છીએ.

તા. ૩-૪-૨૦૦૯ — ટ્રસ્ટીમંડળ,

રામનવમી, સં. ૨૦૬૫ — હરિઃૐ આશ્રમ, સુરત

# વિષયસૂચિ

સૂત્રાત્મક વિચારરત્નો (ગદ્યમાં) પા. ૧ થી ૨૧૯

સૂત્રાત્મક રત્નકણિકાઓ (પદ્યમાં) પા. ૨૧૯ થી ૨૩૪

વિષયવાર લખાણો (ગદ્ય અને પદ્યમાં) પા. ૨૩૫ થી ૫૨૮


અનુભવ અને તેનો લાભ ૨૬૫
અભિપ્રાય ન બાંધો (કાવ્ય) ૨૬૭
અશ્રુ (હૃદયનાં) (કાવ્ય) ૨૬૯
ઐક્ય, હાર્દિક (કાવ્ય) ૨૭૦
અહમ્ (કાવ્ય) ૨૭૧
આઘાત-પ્રત્યાઘાત ૨૭૨
આત્મનિવેદન ૨૭૮
આહાર ૨૭૯
एक અને શૂન્ય (કાવ્ય) ૨૮૧
એકાશ્રય ૨૮૨
'ઈશ્વર સર્વ કંઈ કરાવે છે ?' ૨૮૩
ઈશ્વર જ બધું સંભાળે છે ? ૨૮૫
ઉદાર માનસ ૨૮૯
ઊર્મિનો સદુપયોગ(કાવ્ય) ૨૯૧
ઊંઘ-નિદ્રા ૨૯૨
કર્મસાધનાના મુદ્દાઓ ૨૯૫
કર્મ-મહિમા (કાવ્ય) ૨૯૭
કર્મ-સાધના ૨૯૯
કર્મમાં સારાનરસાપણું ૩૦૩
ક્ષેત્ર ભલે ગમે તે હો(કાવ્ય) ૩૦૫
કસોટીનો મહિમા ૩૦૬
કાવ્ય, આત્માનું કથન (કાવ્ય) ૩૦૮
ગંગાચરણે (દ્વિઅર્થી શ્લોક) ૩૦૯
ગુણોઃ-તમસ, રજસ, સત્ત્વ ૩૧૧
ગુણ-વિકાસની સરળ રીત ૩૧૫
ગુણોની રમત(કાવ્ય) ૩૧૬
ગુરુની આવશ્યકતા ૩૧૭
ગુરુ, સૂક્ષ્મ ભાવરૂપે ૩૧૮
ગુરુ-માહાત્મ્ય (કાવ્ય) ૩૧૯
ગુરુની પરખ ૩૨૦
ગુરુનો સાધક સાથે વર્તાવ ૩૨૧
ગુરુથી થતું જીવનઘડતર ૩૨૬
ગુરુ અને સાધક ૩૩૩
ગુરુ અને સાધક (કાવ્ય) ૩૪૦
ચમત્કાર ૩૪૪
ચૈતન્ય, કર્મોના મૂળમાં ૩૪૫
જપ ૩૪૭
જન્મ-મૃત્યુના રાસ (કાવ્ય) ૩૫૨
જીવનના ફિરસ્તા (કાવ્ય) ૩૫૩
પ્રકૃતિમાં પ્રચ્છન્ન પ્રભુ ૩૫૩
જીવન છતાં નથી ત્યાંયે (કાવ્ય) ૩૫૪
જીવન-સોદો (કાવ્ય) ૩૫૫
જીવન-વ્યાપ્તિ પ્રભુમાં (કાવ્ય) ૩૫૬
જોબનિયે જીવન-સિદ્ધિ (કાવ્ય) ૩૫૮

જ્ઞાનેન્દ્રિયો અને આસક્તિ ૩૫૯
જ્ઞાની-અજ્ઞાની વચ્ચેનો ફેર ૩૬૦
જ્ઞાન-ભક્તિ-ધ્યાન-સમન્વય ૩૬૨
ઝંખના-અગ્નિ (કાવ્ય) ૩૬૩
તમન્ના (કાવ્ય) ૩૬૪
તાટસ્થ્ય (કાવ્ય) ૩૬૫
તીર્થોનો-યાત્રાનો લાભ ૩૬૭
ત્યાગ અને ભોગ ૩૭૦
ત્રાટક ૩૭૧
દંભ ૩૭૫
દાન ૩૭૬
દિલદારનું દર્શન (કાવ્ય) ૩૭૭
દુ:ખ, જીવન-દાતા (કાવ્ય) ૩૭૮
દોષોનો સ્વીકાર ને વેદના ૩૭૯
દોષ-નિરીક્ષણ (કાવ્ય) ૩૮૧
નિરાશા-વિષાદ(સાધનામાં) ૩૯૧
નિરાશા-હાર (કાવ્ય) ૩૯૩
પત્રવ્યવહાર, સાધનરૂપે ૩૯૪
પરિસ્થિતિ પ્રસંગો ૩૯૬
પૂજા-અર્ચન-આચાર (કાવ્ય) ૩૯૭
પુરુષાર્થ અને કૃપા ૩૯૮
પુરુષાર્થ (કાવ્ય) ૪૦૧
પ્રકૃતિની ચાલબાજી (કાવ્ય) ૪૦૪
પ્રકૃતિજન્ય પ્રવાહો (કાવ્ય) ૪૦૬
પ્રસંગો (કાવ્ય) ૪૦૮
પ્રાર્થના ૪૧૦
પ્રાર્થના ભાવે પ્રવૃત્તિઓ ૪૧૨
પ્રારબ્ધવાદ-પુરુષાર્થ ૪૧૩
પ્રારબ્ધ અને આત્મશક્તિ (કાવ્ય) ૪૧૫
પ્રેમ ૪૧૭
પ્રેમ સમર્પણ (કાવ્ય) ૪૨૩
પ્રેમ દ્વંદ્વાતીત (કાવ્ય) ૪૨૪
પ્રેમ સંબંધ કોની સાથે (કાવ્ય) ૪૨૫
ગૂઢતા (કાવ્ય) ૪૨૬
પ્રેરણા ૪૨૮
ફનાગીરી (કાવ્ય) ૪૩૧
બધું એનું બાકી છે (કાવ્ય) ૪૩૨
બહેનો સાથેનો વર્તાવ ૪૩૩
બહેનો પ્રત્યેનું વલણ ૪૮૬
બહેનોને ચરણે (કાવ્ય) ૪૩૬
બુદ્ધિ (ગદ્ય અને પદ્ય) ૪૩૮
ભગવાનનાં દર્શન એટલે શું ? ૪૪૨
ભાવનું મહત્ત્વ (કાવ્ય) ૪૫૦
ભૂલો, સાધનામાં ૪૫૪
મન ૪૫૪
માયાના ખેલમાં પ્રભુ (કાવ્ય) ૪૫૮
માંગલ્ય પ્રેમ (કાવ્ય) ૪૬૧
મુક્તાત્માનાં ગૂઢ વર્તનો ૪૬૩
મુક્તનો સ્વભાવ (કાવ્ય) ૪૭૩
મોહ ૪૭૮
યુદ્ધની અનિવાર્યતા ૪૭૯
લગ્નભાવનાનો હેતુ ૪૮૨

નવદંપતીને (કાવ્ય) ૪૮૫
લક્ષ્મી તરફની દૃષ્ટિ ૪૮૭
વાતાવરણની અસર ૪૮૯
વાણીનો સંયમ ૪૯૧
વિઘ્નો-મુશ્કેલીઓ ૪૯૨
વિચારો ૪૯૩
વિવેકશક્તિ ૪૯૫
વિશ્વમાં અલિપ્ત વિશ્વેશ્વર ૪૯૬
વૈરાગ્ય અને સંન્યસ્ત ૪૯૮
વૃત્તિઓ ૫૦૦
વૃત્તિનો ઉપયોગ (કાવ્ય) ૫૦૧
વ્યક્ત-અવ્યક્ત (કાવ્ય) ૫૦૨
વ્યષ્ટિમાં સમષ્ટિનો ઉકેલ ૫૦૩
શક્તિનાં રમકડાં (કાવ્ય) ૫૦૫
શરીરનું મહત્ત્વ ૫૦૭
માનવ-દેહ (કાવ્ય) ૫૦૭
શરણભાવ ૫૧૦
શ્રેષ્ઠ ખલાસી-ભરોસે (કાવ્ય) ૫૧૨
શંકા ૫૧૩
શંકા સમાધાન (કાવ્ય) ૫૧૪
સમર્પણ (કાવ્ય) ૫૧૭
સમર્પણ યજ્ઞ, જાણ્યે અજાણ્યે ૫૧૮
સમર્પણ યજ્ઞ, પ્રકૃતિજન્ય ૫૧૯
સદ્‌ભાવની કેળવણી ૫૨૦
સલામત સ્થિતિ ૫૨૨
સહેવાની સાધના (કાવ્ય) ૫૨૬
સત્સંગનો સ્પર્શ ૫૨૭
સંત-સમાગમ ૫૨૯
સંતોની સરખામણી ન કરો ૫૩૨
સંસાર, પાઠશાળા ૫૩૩
સંયમ ૫૩૫
સર્વ કંઈનો ઉપયોગ (કાવ્ય) ૫૩૮
સંઘર્ષણોની આવશ્યકતા ૫૩૮
સંતાનો અને માબાપનો ધર્મ ૫૩૯
સાધનામાં રસ ક્યારે પડે? ૫૪૧
સાધના અનિવાર્ય (કાવ્ય) ૫૪૨
સાધના એકાંતિક ૫૪૩
સાધકનું સ્વજન પ્રતિ વલણ ૫૪૫
સાધક અને સંસારી સંબંધો ૫૪૯
સાધક અને ઘરનોકર ૫૫૦
સાધકોનું માંહોમાંહે વર્તન ૫૫૩
સાધનારહસ્ય (કાવ્ય) ૫૫૬
સુમેળ (કાવ્ય) ૫૬૫
સ્ત્રીજીવનની મહત્તા ૫૬૬
સ્મૃતિ ૫૬૮
શ્રદ્ધા ૫૭૦
શ્રદ્ધા, પ્રભુમાં ૫૭૨
સ્વપ્નાં અને સ્વપ્નમાં સાધના ૫૭૩
સ્વપ્નમાં સાધના (કાવ્ય) ૫૮૦


❑

# જીવનપરાગ

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

**- મોટા**

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

# જીવનપરાગ

## અભિપ્રાય કશાયનો બાંધી લેવો ઘટે નહિ

આપણે આપણું કહ્યું કરવાનું છે, મનનું કહ્યું નહિ. મન કહે તે પ્રમાણે કરવાનું હોય તોપણ, તે વેળા તરત તો નહિ જ; પણ થોડીવાર પછી જાણે આપણે જ કરતા હોઈએ એમ કરીને તે કરવાનું રાખો. ('જીવનપગરણ', આ.૩, પૃ. ૧૧૦)

* *

વ્યક્તિઓના નવા પરિચયો અને સંબંધો કરવાનું આપણે મન રાખવાનું નથી; પરંતુ કંઈક આવી જ પડે તો કોઈ જાતની અવગણનાની વૃત્તિ ન રાખવી.

('જીવનપગરણ', આ.૩, પૃ. ૯૫)

* *

સાધનાકાળના શરૂ શરૂના તબક્કે જે જુદું જુદું વાંચવામાં પડી જાય છે તે ગૂંચવાડામાં પડશે—એ રીતે એનો માર્ગ ખુલ્લો રહેવામાં અડચણો આવશે. એનું મન એને હજારો પરસ્પર વિરોધી દિશાઓમાં તાણી જશે. અનેક તર્કવિતર્ક જાગશે. સૌથી ઉત્તમ તો એ છે કે સાધનામાર્ગનું વાંચવાની તે વેળા જરૂર નથી. જે સૂચવાયું હોય તે જ પ્રેમભાવે, સમર્પણભાવે, શરણાગત રહીને ઉત્કટભાવે કર્યાં કરીશું ને એમાં જ્યારે સ્થિત થતા જઈશું ને ભગવાનનો ભાવ આપણામાં સ્થિર થવા માંડે, ત્યાર પછી જે કંઈ વાંચવું હોય તે વાંચવું. ('જીવનપગરણ', આ.૩, પૃ. ૧૨૩)

* *

ઊર્મિ-લાગણી આપણું અણમોલું ધન છે. ધૂળધોયો જેમ સોનું ભળેલી ધૂળમાંથી ધૂળ ધૂળ કાઢી નાંખી સોનું તારવી લે છે,

તેમ લાગણીમાંથી આપણે તેવું તારવી લઈ શકીએ છીએ, તેનો ઉપયોગ કરી શકીએ છીએ, પરંતુ તેમાં લાગણી સાથે રમત કરવા જઈને એને નોતરવી ન ઘટે કે આપણે સામે જઈને એને ખેંચી લાવવાની કે ઉતારવાની ન હોય, કારણ કે તેમાં ખોવાઈ જવાવાનો પૂરો સંભવ છે. (‘જીવનપગરણ’, આ.૩, પૃ. ૧૩૨)

* *

ઊર્મિને, લાગણીને દબાવવી એ ઠીક નથી; પરંતુ તે સાથે, એ ઊર્મિવાળી લાગણીની સાથે, વહ્યાં જવું એ પણ ઈષ્ટ નથી. બન્ને વચ્ચેનો આપણાથી લાભપ્રદ રસ્તો ખોળી લેવાવો ઘટે.

(‘જીવનપગરણ’, આ.૩, પૃ. ૧૭૮)

* *

કોઈ પણ કામ કરતાં પહેલાં આપણે વિચારવાનું રાખવાનું છે; કરતી વખતે કે પછી એ વિષે કશું જ વિચારવું નહિ.

(‘જીવનપગરણ’, આ.૩, પૃ. ૧૭૧)

* *

કશું દબાવવાનું નથી. દબાયેલું હશે, તે મનમાં કચરા તરીકે પડી રહેશે ને વખતોવખત ઉપર તરી આવશે.

(‘જીવનપગરણ’, આ.૩, પૃ. ૧૭૮)

* *

આખા દિવસની માનસિક ભૂમિકાનું સ્થાન ફેરવીને, હૃદય પર લાવીને વર્તવાનું રહેશે; એટલે ભાવથી પ્રેરાઈને આપણે બધું કામ કરવાનું છે.

* *

મનને તદ્દન ખાલી રાખ્યા કરવાનું છે. જે કંઈ વિચારો, ગડમથલો ઊપજે એનો તુરત ઉકેલ કરી દેવાનું આપણે રાખવું.

(‘જીવનપગથી’, આ.૩, પૃ. ૧૬)

* *

બધો ઝોક-આગ્રહ માત્ર સાધના ઉપર જ મૂકો.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૮)

*　　　　　*

સત્ત્વગુણના પણ ગુલામ થવાનું નથી.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧)

*　　　　　*

પહેલાંનું ભણેલું ભૂલવું પડશે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૨)

*　　　　　*

એક વાર તો 'સારા' સ્વભાવની પણ પર થાઓ.

('જીવનપગથી', આ.૩, પૃ. ૩)

*　　　　　*

જે કંઈ કરતા રહીએ તેમાં દિલ હોય, પ્રેમ હોય, રસ હોય અથવા એ બધાં ના હોય તોયે એ બધાં જન્મવાનાં જ છે એવી શ્રદ્ધાથી, વિશ્વાસથી ને ધગશથી સર્વ કંઈ કર્યાં કરીએ, એનો તંત પકડી રાખીએ, એટલી જાગૃતિ આપણે રાખવી જ જોઈએ.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૯)

*　　　　　*

સાધકનું પ્રત્યેક કાર્ય સહેતુક થવું ઘટે છે ને તે ઊર્ધ્વ હેતુ પૂર્ણ થવો જોઈએ. ('જીવનપગથી', આ.૩, પૃ. ૨૭)

*　　　　　*

ભક્તિ કોઈના જેવી આપણે માગવાની હોય જ નહિ; કારણ કે પ્રત્યેક વ્યક્તિની વૃત્તિના પ્રકાર નોખા નોખા હોય છે. એકના પ્રમાણનું ખોખું બીજાને બંધબેસતું ન પણ આવે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૪૬)

*　　　　　*

જ્યારે આપણે આપણા જીવનમાં આપણા આ સાધનાના કાર્યને જ સર્વોપરી લેખીશું ને એને જ વધુમાં વધુ મહત્ત્વ આપતાં રહીશું, ત્યારે જ સાધનાને યથાર્થ સ્વરૂપમાં ફળતી અનુભવી શકીશું. ('જીવનપગથી', આ.૩, પૃ. ૫૩)

* *

સ્વજનોને કે કોઈને પણ પત્રો લખો ત્યારે માત્ર કોરી હકીકતવાળા જ કાગળો ન લખતાં એમાં લાગણી, ભાવ, વ્યક્તિગત પ્રેમસ્પર્શ વગેરે પ્રગટવા દેવાં. તે લખતી વેળા આપણે જાણે તેમના દિલની પાસે હોઈએ, આપણી ચેતના જાગ્રતપણે ત્યારે આપણામાં જ સમાયેલી રહે, એવું થઈને લખવું. પત્રલેખનને પણ સાધનાનું અંગ ગણવું પડશે ને બનાવવું જોઈશે. આપણા હૃદયના પ્રેમભાવને વધારે વેગ આપવાને માટે આપણા પ્રેમીની સાકાર ચેતના અથવા વધુ સારું તો ભાવાત્મક ચેતના આપણી સામે સાધન તરીકે આપણે જગાડવાની છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૮૬, ૯૩)

* *

આપણા આગ્રહો, વિચારો, મંતવ્યો, ખ્યાલો વગેરેને આપણે બીજાઓ ઉપર ન લાદીએ ને કંઈ કહેવાનું હોય તે એક વખત પ્રેમપૂર્વક કહીએ અને તે પણ જરાકે ભાર દીધા વિના; ને પછીથી એનો સમૂળગો વિચાર પણ કાઢી નાખીએ. સૌ કોઈને એમની રીતે એમના જ વાતાવરણમાં સ્વતંત્રપણે વિકસવા દઈએ. ('જીવનપગથી', આ.૩, પૃ. ૯૫)

* *

આપણે બીજી સકળ વૃત્તિઓનું જોશ ને એનું સ્વચ્છંદીપણું મિટાવવું હોય તો આપણા કામની ભાવનામાં ખૂબ એકાગ્રપણે, ઉત્કટ ભાવથી વળગ્યા રહેવું જોઈશે; તે સિવાય આ વસ્તુ થવી

શક્ય નથી,અને આવું કરીશું તો જ બીજી વસ્તુઓને આપણે ગૌણપણે હાથમાં કે મનમાં લઈ શકીશું.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૦૧)

*　　　　*

સાધન મુખ્ય નથી-જેમ કામ મહત્ત્વનું નથી. પણ કામની ભાવના મહત્ત્વની છે. તેમ સાધનથી જો ભાવનાના પરિણામ પર ને તેનાં સૂક્ષ્મ પરિવર્તનોમાં ઉત્તરોત્તર ફરક પડતો રહેતો ન હોય, તો આપણું સાધન માત્ર જડ યંત્રની રીતે થાય છે એમ સમજવું. સાધન યાંત્રિક થતાં તે વ્યર્થ ઠરે છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૦૪)

*　　　　*

સાધનાનું કાર્ય ઘણું જ abstract(ભાવાત્મક કે અપ્રત્યક્ષ) હોવાથી એમાં રસ જમાવવાનું અઘરું હોય છે, કારણ કે એ રસને પકડનાર ને સમજનાર ઇન્દ્રિયો નથી; ઇન્દ્રિયોનો એ વિષય જ નથી. જાગૃત થયેલું હૃદય જ એને અનુભવી શકે છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૦૬)

*　　　　*

જે જણાવવાની હરકત ન હોય તેવાં બધાં મુખ્ય કામો આપણે સૌ સ્વજનોને કહીએ; તેમની સલાહ લઈએ; ને તેઓને તે પણ તેમનું જ કામ છે એમ લાગવા દઈએ; જેથી બધાં આપણા કામમાં રસ લેતાં થશે અને તેમ થતાં આપણું કામ કેટલેક અંશે હળવું પણ થશે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૧૨)

*　　　　*

કશાયમાં સગડગ થવાપણું ન હોય.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૧૨)

*　　　　*

કોઈ પણ આપણું કશુંક પ્રેમથી કરે, તો આપણે તેની ખૂબ કદર કરવી. એવી કદરભાવના આપણે સરળતાથી અને સહૃદયતાથી રાખવાની છે. એથી સામાના દિલ પર પણ અસર થાય છે, ને તેને આપણી તરફ લાગણી રાખવાને ઉત્તેજન મળે છે. વળી આપણામાંનું અક્કડપણું પણ ઓછું થાય છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૧૩)

* *

આપણાથી થતાં બધાં જ કામોમાં કંઈ લાભ મેળવાની કે ગેરલાભ થવાની કશીયે ઈચ્છા કે ભય આપણે રાખવાનાં નથી. એનું સ્વાભાવિક પરિણામ લાભમાં કે ગેરલાભમાં ભલે આવતું હોય; પરંતુ આપણી માનસિક ભૂમિકામાં તેવી ઈચ્છાને ક્યાંયે સ્થાન ન હોય એટલું આપણે સતત જોવું ઘટે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૧૪)

* *

કામ કદીયે આપણને વિઘ્નકર્તા થશે નહિ. તે તો એક રીતે આપણી ધારણામાં આપણને વધારે મક્કમ બનાવવાને માટે અને દૃઢ રહેવાને માટે, કસોટી કરવાને માટે મળેલી તક છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૧૪)

* *

પોતાનાં આપ્તજનોને પણ પોતાની ધૂનમાં વાળવાને માટે આપણામાં કશોયે આગ્રહ ન રહેવો ઘટે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૧૮)

* *

ગુરુની સાથેના સ્થૂળ પરિચય કરતાં માનસિક અને શુદ્ધ તત્ત્વવાળી ભાવનાથી આપણો સંપર્ક વધે તે બહુ જરૂરનું છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૫૬)

* *

સાધકે પોતાનું, જાતનું, વિચારોનું, વૃત્તિઓનું, લાગણીઓનું, ભાવનાઓનું ને ચેતનાનું ઊંડું પૃથક્કરણ કરતા રહેવું પડશે; ને તે દરેકને તેના યથાર્થ સ્વરૂપમાં સમજીને આપણા વિકાસમાં તેમનો કેવી રીતે શ્રેષ્ઠ ઉપયોગ યોજી શકાય તે સમજી લેવું પડશે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૬૬)

*　　　　*

કોઈ પણ લાગણી કે ઊર્મિનો ઊભરો આવે, ત્યારે તેનો ઉપયોગ નામસ્મરણના વેગમાં કરી લેવાનું ચૂકવું નહિ.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૬૭)

*　　　　*

સમજણથી આગળ વધ્યા કરવાનું રાખવું; અંધશ્રદ્ધાથી નહિ.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૬૭)

*　　　　*

જાતીય વિષયવાસનાનો ઉપભોગ તો સાધક માટે ઊંડી ખીણમાં ફેંકાઈ જવા જેવું છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૮૧)

*　　　　*

આપણી ચેતનાની સાંકળ આપણા પ્રત્યેક પ્રિયજનમાં જોડાયેલી રાખવાનું કર્યા જઈશું તો એનું જોર વહેંચાઈને વેડફાઈ જવાનું છે. જ્યાં સુધી આપણામાં એટલી શક્તિ પ્રગટી નથી કે તે બધાં સાથે એકધારું સંધાણ રાખી શકીએ, ત્યાં સુધી તો એકમાં જ ચેતનાની સાંકળ રહ્યા કરે એ જરૂરનું છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૨૧૬)

*　　　　*

તાવ આવતો હોય ત્યારે એક પ્રકારનો જુસ્સો હોય છે. તેવે વખતે ભગવાનનું નામસ્મરણ કરીને તાવના વેગનો

ઉપયોગ કરી શકાય છે.     ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૬૭)

*          *

પ્રામાણિક અને સાચા મથવામાંથી એક દિન સાચો પ્રાણ પ્રગટી જવાનો જ છે. મથે છે તે મેળવવાને માર્ગે છે.

*          *

અભ્યાસ વધતાં વધતાં જ વૈરાગ્ય જાગવાનો છે.

*          *

સાધકનું મહત્ત્વનું એક લક્ષણ પ્રસન્નચિત્તતા છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૨)

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૮૩)

*          *

ત્રાટક, ધ્યાન, જાપ, ધારણા એ બધાં સાધનોથી તાત્કાલિક પરિણામ દેખાતું નથી, તેમ છતાં મનને ઊંચી ગતિએ લઈ જનારાં તે સાધનો છે—જો તે પરત્વેની આપણા હૃદયની આંખ ને ભાવના ખૂલી ગયાં હોય તો.

*          *

આપણે વારંવાર આપણને નીરખ્યાં કરવાનું છે ને મનથી અલગ પડતાં કે થતાં પણ શીખવાનું છે.

*          *

ઇન્દ્રિયોના સ્પર્શ તથા વિષયોને મન ન સ્વીકારી શકે તે કાજે નિઃસ્પંદતા તથા નીરવતા સ્થાપવી જોઈશે. સમતા કેળવવાની પણ એટલી જ જરૂર છે. સમતા વિના શાન્તિ ન સંભવે.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૧૩૪)

*          *

મનને તો હજી બુદ્ધિની મદદ વડે એના આડાઅવળાપણાને સમજીને કંઈક અંશે કાબૂમાં પણ લાવી શકાય, પરંતુ બુદ્ધિનું તેવું

નથી હોતું. બુદ્ધિ એ પ્રકાશ રૂપે છે; એ હાર્દને પ્રગટ કરે છે; સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે, તેથી બુદ્ધિની શુદ્ધિ પણ તેટલી જ જરૂરી છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૧૪૨)

* *

પ્રાણમાંથી ઉત્પન્ન થતા આવેશો, આવેગો, આતુરતાપૂર્વકનાં શોક, મોહ, રાગ, દિલગીરી, તલસાટ આદિ જે ઊઠે છે, તે બધાંનો ઉપયોગ સાધનાનો ભાવ પ્રગટાવવામાં કરી લેવો રહે છે. તેમ કરવાથી તેમની તેમની રીતે તે વપરાતું અટકી જશે ને તેમ થતાં એમની શુદ્ધિ આપોઆપ થશે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૧૪૩)

* *

આ બધું થવાવા માટેની શક્તિ સંકલ્પબળમાં રહેલી છે. સંકલ્પબળની શક્તિ સર્વોપરી છે. જે તે કંઈ થયા કરતું હોય છે, તેની પાછળ સંકલ્પનું બળ કામ કરી રહેલું હોય છે.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૧૩૪-૩૫)

* *

જે જે કંઈ બને કરે—મનમાં પણ—તે તે બધું શ્રીભગવાનને ચરણકમળે સમર્પ્યા કરીએ. એમ સમર્પ્યા કરવામાંથી એની સાથે હૃદયનો સંબંધ બંધાયે જાય છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૧૫૭)

* *

જેની અહંતા ગળી ગયેલી છે, તેને મન કે પ્રાણ અપરા પ્રકૃતિમાં રગદોળાવી શકતાં નથી.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૧૬૧)

* *

અહંકારને હજારો માથાં છે. એનાં માથાં કપાઈ જાય, છતાં નવાં નવાં જન્મતાં હોય છે. (‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૧૬૧)

*　　　　　*

‘હે ભગવાન ! આ તને સોપ્યું’ એમ ખાલી ખાલી બોલ્યે નહિ ચાલી શકે. એમાં સાચેસાચી, ખરેખરી દર્દભરી હૈયાની દાનત તે કાજેની ને તે પરત્વેની પૂરી પ્રકટેલી હોવી જોઈશે.

(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૧૬૨)

*　　　　　*

સાધકે એકાકી રહેવાનું છે, છતાં તે એકલોઅટૂલો નથી, નોધારો નથી,—જો તેણે શ્રદ્ધાના મૂળમાં ને શ્રદ્ધાના વિષયમાં પોતાનું હૃદય પરોવી દીધું હશે તો.

(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૧૭૦-૧૭૧)

*　　　　　*

સાધક જ્યારે એકાગ્રપણે, કેન્દ્રિતપણે, સમગ્રપણે શ્રીપ્રભુને અંતઃકરણથી સર્વ રીતે ને સર્વ ભાવે એકેએક કરણથી સંપૂર્ણ શરણાગતિ પામે છે, ત્યાર પછી શ્રીભગવાન એની સાધનાનો ભાર પોતાના હસ્તક લેતા હોય છે.

(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૧૭૨)

*　　　　　*

પ્રભુપ્રાપ્તિનો હેતુ કોઈ સ્થૂળ કે સૂક્ષ્મ લાભ મેળવવાનો ન હોવો ઘટે. પ્રભુને ખાતર જ પ્રભુને પ્રાપ્ત કરવાનો છે.

(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૧૭૮)

*　　　　　*

સાધકનું હૃદય ને સદ્‌ગુરુનું હૃદય એ બન્નેનો તદ્દન એકરાગ ને એકમેળ—એ આ સાધનામાર્ગમાં ફતેહની એક સૂક્ષ્મ ચાવી છે.

(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૧૯૪)

*　　　　　*

સાધકની જેટલા પ્રમાણમાં પોતાના જીવનવિકાસ પ્રતિની એકાગ્ર ને કેન્દ્રિત સક્રિય ચાહના સવિશેષ, તેટલા પ્રમાણમાં તેના સદ્‌ગુરુની ચાહના તેના પ્રતિ સવિશેષ.

*          *

મનનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ બહિર્મુખ થતાં એમને ટકોરવાં, સંકેલવાં ને સંકોરવાં. આ ત્રણે પ્રક્રિયા સાધકને કાજે ઘણી જરૂરની છે, પણ તે સચેતન જાગૃતિ પ્રગટ્યા વિના નહીં બની શકે. સદ્‌વસ્તુની કેવળ વાતોથી, ચર્ચાથી કે તેવા કશાથી કાર્ય નહિ સાધી શકાય; તેને માટે તો જોઈશે પ્રખર અને પ્રચંડ સાધનાભર્યો પુરુષાર્થ. ('જીવનસોપાન', આ.૫, પૃ. ૨૧૬)

*          *

જીવનને કચરાઈ જવાપણું જે બને છે ને તેનું વિકૃત થવાપણું જે પ્રગટે છે, તે આપણા મનના નકારાત્મક વલણ વડે કરીને.

*          *

કોઈનુંયે દિલ જીતવું તે સંપૂર્ણ નમ્રતા પ્રગટ્યા વિના બની શકતું નથી.

*          *

સદ્‌ભાવ મેળવવા સદ્‌ભાવ પ્રગટાવવો પડે છે.

*          *

પોતાના વર્તન વિષે કોઈ શું કહેશે ને માનશે એની દરકાર રાખ્યે સાધકને પાલવી ન શકે. ધર્મનું વર્તન કરવું એને તુલાની સાથે સરખાવેલું છે. એનો કાંટો જોનાર આપણે પોતે, બીજાં નહિ.

*          *

સાધન કરવા પાછળની જ્ઞાનાત્મક તમન્ના ને વિકાસની

ભાવના જીવતીજાગતી હોવી જોઈશે. તો જ સાધનના ભાવનાપૂર્વકના અભ્યાસથી થતી પ્રક્રિયામાંથી પ્રાણચેતના પ્રગટી શકે છે.

*                    *

કેટલાક જીવ તો એમ માનતા હોય છે કે સાધકમાં આવશ્યક હૃદયની સાચી દાનત અથવા જીવનવિકાસ પરત્વેની ઉત્કટ જિજ્ઞાસા પણ ભગવાન જ કરી દેશે, કારણ કે જે તે કંઈ સઘળું ભગવાન કરે છે; માટે આપણી સાધના પણ તે જ કરાવશે. આ સાવ, તદ્દન અજ્ઞાન ભરેલી માન્યતા છે ને સાધનાપંથે અવરોધકર્તા છે.

*                    *

જીવનઆદર્શને વિરોધી એવી સર્વ કોઈ પરિસ્થિતિને સાધક શક્તિમત્તા મેળવવાની સ્થિતિ સમજે છે, ત્યારે તે પ્રભુકૃપાબળને હૃદયથી નોતરીને વધારે સતેજ બને છે.

*                    *

જીવનવિકાસના હેતુ કાજે બધાં મળેલાં સ્વજનોમાં શ્રદ્ધા કે વિશ્વાસ, પ્રેમભક્તિ અને જીવનવિકાસ કાજેની તમન્ના હૃદયમાં પ્રગટ્યા વિના સદ્‌ગુરુનું તેવાં બધાં મળેલાં સ્વજનનાં જીવનમાં ને તેમનાં મન, મતિ, ચિત્ત, પ્રાણ, અહમ્ આદિમાં પ્રવેશવાનું ને જીવનવિકાસ કાજે કામ કરવાનું અશક્ય બનતું હોય છે.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૩૧૬-૧૭)

*                    *

સદ્‌ગુરુને પારખવાની કે સમજવાની ખટપટમાં પડવા કરતાં એની સાથે હૃદયની પ્રેમભક્તિથી જેટલો રાગ કરી શકાય, તેટલો રાગ હૃદયથી કર્યા કરવામાં સાર છે.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૩૧૭)

*                    *

સાધનામાં ભાવ મુખ્ય ને મહત્ત્વપણે ભાગ ભજવે છે. સાધનાનું હૃદય જ ભાવ છે. ('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૧૨)

*  *

જગતની ને સંસારની નજરે ને રીતે જે તે બધું જોવાનું, જાણવાનું, અનુભવવાનું ને મૂલ્યાંકન કરવાનું આપણે મૂકી જ દેવું પડશે.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૫)

*  *

જ્યાં જ્યાં જે જે ઉત્તમ, ત્યાં ત્યાં સાધકનું ભાવાત્મક આકર્ષણ થયાં જ કરવાનું ને તેમ થાય તે ઈષ્ટ છે.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૬)

*  *

ગુરુપૂર્ણિમાનો દિવસ સતત ભાવનાપૂર્વક સ્મરણમાં પસાર થાય તેમ ઊજવવાનો હોય. એમાં મૂર્તિપૂજાને સ્થાન નથી, ભાવનાને સ્થાન છે. જેવો ભાવ તેવી વૃત્તિ પ્રવર્તે.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૩૭)

*  *

સાધકે એકલા સાધનને પકડી રહેવાથી કશું વળવાનું નથી. તેમાં હૃદયનો ભાવ પ્રગટવો ઘટે અને તે ભાવ પાછો કર્મના હાર્દમાં જીવતો થવો જોઈએ. તેવું થાય તો સાધકના હૃદયનો વિકાસ આપમેળે થયા કરે.

*  *

સાધકે સાધનાના ભાવમાં જ આગ્રહ રાખીને, બીજી બધી બાબતમાં પૂરતો યોગ્ય વિવેક રાખીને જ્ઞાનપૂર્વક નિરાગ્રહી રહ્યા કરવું ઘટે.

*  *

સાધક જ્યારે જીવનને ભગવાનની ભાવનામાં પ્રવર્તાવવાની

શરૂઆત કરતો હોય છે, તે વેળા એકદમ કંઈ એનું સંપૂર્ણપણે જ્ઞાનભક્તિયુક્ત સમર્પણ થઈ શકવું શક્ય હોતું નથી; એ તો જેમ જેમ ભગવાનના પ્રેમભાવથી જીવન રંગાતું જાય તેમ તેમ ક્રમશઃ તે થયે જતું હોય છે.

*　　　　*

સાધકે વૈરાગ્યની ભૂમિકા ઉપર અભ્યાસનો ચીલો પાડ્યા કરવાનો છે.

*　　　　*

ખરો સાધક જેટલી જેટલી વાર ભૂલ કરે છે, તેટલી તેટલી વાર તે તેમાંથી ફરી વાર વધુ તેજસ્વી ને વધુ જાગૃત દશાનો થવાને, બેઠો થઈને ઉદ્યત થવાને, ચેતનવંતો બને છે.

*　　　　*

ગુરુ જ્યારે જુએ છે કે સાધકના જીવનમાં એનો કોઈ રીતનો કશો ઉપયોગ થતો નથી, તે વેળા એ એવાના જીવનમાં રહેતો હોવા છતાં નથી રહી શકતો એવું બની શકે.

*　　　　*

સાધનાપથમાં આવતી કઠિનાઈઓ વેળા તેમાં તપની જીવંત ભાવના જો તે સમયે જ્ઞાનાત્મક ભાવે હૃદયમાં જગાડવાનું બની શકે તો તેવો શ્રમ, તેવી કઠિનાઈઓ પણ, એક પ્રકારના તપ તરીકે જીવનવિકાસયજ્ઞમાં ઉપયોગી નીવડી શકે છે.

*　　　　*

સાધકનો નિશ્ચય માત્ર જીવનવિકાસની ભાવનામાં જ મક્કમપણે પ્રવર્ત્યા કરતો રહેવો ઘટે; બીજાં બધાં ક્ષેત્રોમાં તો તે સાવ માટીના લોંદા જેવો મુલાયમ એટલે સંપૂર્ણ નિરાગ્રહી પ્રવર્ત્યા કરશે.

*　　　　*

નિરાગ્રહ (થવાપણું) એટલે ઢીલાપોચાપણું નહિ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૫૮)

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૫૭)

*                    *

પ્રકૃતિના સ્વભાવથી નિરાગ્રહીપણું પ્રવર્તતું જણાય, તો તેવા નિરાગ્રહીપણાથી તો જીવનવિકાસની ભાવના જીવતી કરાવવાને, પ્રગટાવવાને કશો જ લાભ થતો હોતો નથી. પ્રકૃતિના કે પરિસ્થિતિના પ્રેરાવ્યા નહિ, પરંતુ જ્ઞાનભાવે પ્રકૃતિને પલટાવવાના હેતુએ નિરાગ્રહીપણું કેળવવાનું છે.

('જીવનમંથન', આ.૪, પૃ. ૧૫૭)

*                    *

નમ્રતા પણ દાખવવાની છે ને સદ્ભાવના પણ રાખવાની છે; પરંતુ તેનો અર્થ એવો નથી કે પોતાના જીવનધ્યેયની ભાવનાને કચડી કચડીને તેમ થયા જાય. એમાં તો જીવનનું મૃત્યુ છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૫૭)

*                    *

ગુરુના વચનનું પાલન કરવામાં આપણે ઘણો વિવેક જાળવવાનો રહે છે. તેમના એવા વચનપાલનમાં તેનો જ્ઞાનપૂર્વકનો હેતુ તે અમલ કરતી વેળા પૂરેપૂરો જીવંત રહેવો ઘટે. તે સાથે તે પાલનના હાર્દમાં આપણાં પ્રેમભક્તિ હૈયાના ઉમળકાભેર જીવતાં હોવાં જોઈએ. તે વચનના પાલનકાળે જો તેના વિષે શંકા ઊઠે, તો તેનું યથાર્થ પરિણામ નથી નીપજી શકતું. તેમના વચનપાલનમાં આપણું આંતરિક વલણ સમાધાનપૂર્વકનું હોય એટલું બસ નથી, પરંતુ તે વચન આપણા જીવનકલ્યાણ કાજેનું જ છે એવી હૃદયની નિષ્ઠા પ્રગટેલી હોવી જોઈશે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૮૨-૮૩)

*                    *

સાધકના પ્રયત્નોમાં ઉત્સાહ તો ઘણો ઘણો જરૂરનો છે.
('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૮૫)

*     *

સાધનામાં બહુ ખેંચી પકડીએ ને બહુ ઢીલું મૂકીએ, તે બન્ને દશા અયોગ્ય છે. 'બહુ ખેંચ પકડીએ' એટલે પુરુષાર્થથી કરી તંગ ને તંગ રહ્યા કરીએ તે, ને 'બહુ ઢીલું મૂકીએ' એટલે પ્રમાદ, આળસ ને તામસમાં જ પડ્યા રહીએ તેવી દશા. આપણે તો તે પણ નથી થવાનું ને આ પણ નથી થવાનું. આપણે તો જ્ઞાનભક્તિપૂર્વક માટીના લોંદા જેવા મુલાયમ બન્યાં કરવાનું છે.
('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૧૮)

*     *

શરૂશરૂનો સાધક એકલી કૃપાના સાધનને વળગી શકે તેવો તે સાધારણતઃ હોઈ ન શકે તે વાત પણ હકીકતપણાની છે.
('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૨૮)

*     *

જે સાધન કરીએ કે કરતાં હોઈએ, તેમાં પણ તે તે વેળા હૃદયમાં સદ્‌ગુરુની ભાવનાની ચેતનાત્મક ધારણા જીવતી રખાયાં કરાય તો સાધનના અભ્યાસમાં પ્રાણ વહેલા પ્રગટતા હોય છે.
('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૬૮)

*     *

કશુંયે યંત્રવત્ નકારવાથી સાચો ઈન્કાર નહિ થઈ શકે; પરંતુ તે તે બધું ટાળવા કરવાની પાછળ પ્રત્યક્ષ તે તે પળે જીવનના ધ્યેય પરત્વેના હેતુનું જીવતુંજાગતું જ્ઞાન, તેની સમજણ ને તે કર્મના હાર્દમાં તેવા પ્રકારની તે તે આચરતી પળે સમજણની ભાવના પ્રગટવાં ઘટે; તે પ્રકારની ભાવનામાંથી જીવનની વર્તનકળા પ્રગટવી ઘટે; ને તે રીતે તે બધું જો બહાર ફેંકાતું જાય, તો યોગ્ય અર્થ સરે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૩૨)

*     *

ઉત્કટ સાધક હારતો ભલે દેખાય, પણ એની ધ્યેય પરત્વેની શ્રદ્ધા તો અણનમ જ રહ્યા કરે છે; તેથી તો વારંવાર પડતાં, પછડાતાં છતાં અનેક વાર પાછો તેવી દશામાં ઉન્નત મસ્તકે તે ઊભો થાય છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૩૬)

*  *

સાધનાની ઉત્તરોત્તર કક્ષાઓમાં 'ગુણ' નો પણ વિલય થયા કરે છે. આપણી જીવકોટિમાં સત્ત્વગુણ જેવો હોય છે, તેવો ને તેવો કંઈ તે ચેતનપણાની કક્ષામાં નથી રહેતો. એની ભૂમિકા હોવા છતાં તેનાં પ્રકાર અને કક્ષા તો તદ્દન જુદી જ રીતનાં હોય છે. સાધનાની પરિપક્વ ભાવનાથી પ્રગટેલો સત્ત્વગુણ જ્ઞાનના અનુભવપણામાં પ્રગટતો રહ્યા કરે છે. રજસ તેવી કક્ષામાં જીવનમાં શક્તિના સ્વરૂપમાં પ્રગટતો રહ્યા કરે છે, ને તમસ તે ગુણ કોઈ પરમ શાંતિમાં, કોઈ અવર્ણનીય શાંતિમાં, કોઈ પરમ વિમલ એવી સ્થિરતામાં પરિણામ પામતો જતો અનુભવાય છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૨૪)

*  *

સાધનાના માર્ગમાં જાગૃતિ એ તો મોટામાં મોટું સાધન ને લક્ષણ છે. જેવી ને જેટલી જાગૃતિ તેટલું ને તેવું કામ પાકવાનું. આધ્યાત્મિક માર્ગનું પણ ચોક્કસ વૈજ્ઞાનિક શાસ્ત્ર છે. એમાં કશું યદ્વાતદ્વાપણું નથી. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૧૮)

*  *

નામસ્મરણનો હેતુ જ્ઞાનપૂર્વક હૃદયમાં હૃદયથી જીવતો રહ્યા કરે તો જ તેનો અર્થ સરી શકે. બાકી ખાલી નામ લીધાં કર્યે ને ભજન, કીર્તન ગાયાં કર્યે ખાસ કશો દહાડો ન વળે. મનમાં મનથી તો આપણે સંસારમાં રમ્યા કરતા હોઈએ, ને સંસારના

વિચારોમાં રસ પ્રગટાવતા રહીએ, તો તે નહિ ચાલી શકે.

(‘જીવનપોકાર’, આ.૪, પૃ. ૪૨૨)

*　　　　　　*

જીવનનું આમૂલાગ્ર પરિવર્તન સાધનાની ભૂમિકા ઊપજ્યા વિના થવું શક્ય નથી. જે કંઈ મેળવવાનું છે, તે સાધનાથી મેળવી શકાય છે. મેળવવા માટે પુરુષાર્થ અનિવાર્ય છે.

(‘જીવનમંથન’, આ.૨, પૃ. ૮૪-૮૫)

*　　　　　　*

મનની સાથે ઝગડ્યા વિના સાધકનો કદી આરો નથી આવવાનો. સ્વભાવને પલટાવવાનો છે અને તેમ કર્યા વિના યમુનાની ગતિ ઊલટી થઈ શકવાની નથી.

(‘જીવનમંથન’, આ.૨, પૃ. ૮૫)

*　　　　　　*

સાધકના જીવનમાં દૃઢ મક્કમતાની ધારણા સૂર્યના તાપની પેઠે પ્રગટી ગયેલી હોવી જોઈશે. મક્કમતા એટલે અડગપણું તથા ધારણા એટલે એની પાછળના જ્ઞાનની સમજ—અને તે પણ સતત, એકધારી કાર્યસાધકતાયુક્ત સમજ. આવું જીવન-સાધનાનું સ્વરૂપ થઈ જવું ઘટે. એ તો જ્ઞાનભક્તિયુક્ત વર્તન કર્યા કરવાથી તેનામાં જીવનચેતન પ્રગટે છે.

(‘જીવનમંથન’, આ.૨, પૃ. ૮૬)

*　　　　　　*

સાધનામય જીવનમાં પ્રવેશ થતાં સાત્ત્વિક ગુણો કેળવાતા જતા, વિકસતા જતા જણાય, ત્યારે જાણવું કે સાધનાનું મુખ સાચી દિશામાં છે.

*　　　　　　*

સાચો સ્વીકાર એનું નામ કે તે સ્વીકાર થયા બાદ તેમાંથી

પાછું પગલું ભરવાનું કદી ન બને.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૯૨)

*           *

સાધકે સમયનું મૂલ્ય ને તેની ઉપયોગિતા સાચી રીતે પારખતાં શીખવાનું છે. એક પળ પણ નકામી ન ગાળી શકાય. આળસ, તામસ અને પ્રમાદને એણે ખંખેરી નાંખવાં જોઈએ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૬૪)

*           *

જે જે વૃત્તિ , વિચાર, લાગણી, પરસ્પરના વર્તનથી પ્રગટતી વૃત્તિ, કર્મ-પ્રસંગ ને વર્તનમાં જાગતાં વલણો, ને તેમાં તેમાં પોતાની પ્રગટતી જતી સ્થિતિ, તે બધાંનો હૃદયનો ખુલ્લો એકરાર પૂરેપૂરો થયા વિના સાધકથી ખુલ્લું થઈ શકાવાનું નથી.

*           *

'સાધકને કંઈ કશાનું બંધન ન હોય', આવી માન્યતા તે અજ્ઞાનભરી સમજણ છે. ગમે તેમ વર્તવાથી કદી પણ જીવનમાં વ્યવસ્થિતિ અને વિકાસ સંભવી શકતો નથી. જીવન પણ એક કળા છે અને તે ઉત્તમમાં ઉત્તમ કળા છે; ગમે તેમ પીંછી ચલાવવાથી કંઈ ચિત્રકળા પ્રગટતી નથી.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૫૧)

*           *

સાધનામાં નિશ્ચિતતા, નિયમિતતા અને નિરંતરતા પ્રગટાવવી જોઈશે, હોવી જોઈશે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૫૧)

*           *

સાધનાથી ઉપજતી જતી સમજણને માત્ર વાગોળ્યા કરવાથી કશું નહિ બને. આંધળું અનુકરણ કર્યે પણ નહિ ચાલે; એમાંથી

દેખાતી કે અનુભવાતી પ્રતિભાથી અંજાઈ ગયે પણ કશું નહિ વળે; પરંતુ એમાંથી જે ચેતન જાગે તેને, નવા પ્રકારે સર્જન થવા ઈચ્છતા તત્ત્વને, સ્વીકારીને કામે લગાડવું પડશે; તો જ નવું નવું જીવનમાં મળ્યાં કરવાનું છે. સાધનામાંથી રસજ્ઞ દૃષ્ટિ, શક્તિ ખીલતી જવી જોઈશે; જેથી પ્રત્યેક કર્મમાં એનો આગળપાછળનો હેતુ અને તેનું જ્ઞાન મળ્યા કરશે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૮૪)

*　　　　　　　*

સાધકની પ્રત્યેક ભૂમિકા નક્કર અનુભવની સમજણ અને પરિણામ ઉપર રચાયેલી હોવી ઘટે. અનુભવને માત્ર કલ્પનાના બળે બેળેબેળે ખેંચી લાવવાનું ન થઈ જાય તેની તકેદારી રાખવી જોઈશે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૨)

*　　　　　　　*

સાધનાના ભાવ પ્રમાણેનો વિચાર, તે પ્રમાણેની તેની વાણી અને તે પ્રમાણેનું તેનું વર્તન, એ ત્રણેમાં સાધકે સમજી સમજીને સુમેળ પ્રગટાવવાનો છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૩)

*　　　　　　　*

એવું થતાં પોતે દૃઢ સ્થિતિવાળો સાધક થયો છે એમ માનવાનું છે. પછી તો આકાશવૃત્તિ ઉત્પન્ન થયેલા એવા સાધકના હૃદયમાં રાગદ્વેષવાળા વિચારો માઠાં ફળ નીપજાવે છે. ઉપલા દોષવાળાં આંદોલનો ચિદાકાશમાં મળી, પોતાનાં સ્વજાતીય દોષવાળાં આંદોલનોને આકર્ષીને તે વિચારનાં આંદોલનોનું ફળ સમષ્ટિમાં ઉત્પન્ન કરાવે છે. આમ તે જગતમાં શાંતિને બદલે અશાંતિ જન્માવવાનું કારણ બની જાય છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૩)

*　　　　　　　*

કામ કરતાં કરતાં વચ્ચે વચ્ચે પાંચ દસ મિનિટ કામ બાજુ

પર મૂકીને પણ અંતરમાં એકભાવથી ડૂબકી મારી લેવાનો જીવતોજાગતો અભ્યાસ કેળવવા જેવો છે.

*　　　　*

સદ્‌ગુરુના જીવનના જે જે પ્રસંગો એવા બન્યા હોય કે જેથી કરી જીવનમાં પ્રેમ, શ્રદ્ધા, ભક્તિ પ્રગટે ને વધે, તેવા પ્રસંગોને વાંરવાર હૃદયમાં પ્રગટાવી પ્રગટાવીને, સદ્‌ગુરુની હૃદયમાં પ્રાણપ્રતિષ્ઠા કરીને, તેમનામાં આપણાં મન, હૃદય વગેરેને પરોવવાને જો આપણે દિલથી મથ્યાં કરીશું તો પણ ભાવનું પરિશીલન થતું અનુભવી શકીશું. કોઈ પણ રીતે હૃદયમાં ભાવનો લગાતાર સંગ રહ્યા કરે એ જરૂરી છે.

('જીવનસંશોધન', આ.૧, પૃ. ૮૫)

*　　　　*

કર્મનું મૂલ્યાંકન કર્મના સ્થૂળ પરિણામની નજરે નહિ, પરંતુ તેમાં રહેલા અને પરિણામે તેમાંથી નીતરતા ભાવની નજરે મુખ્યપણે કરવાથી પણ એવો ગુણ વિકસે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૮૫)

*　　　　*

કોઈ પણ જાતની જીવનવિકાસની સાધનાનો પાયો જ શ્રદ્ધા છે.

('જીવનસંશોધન', આ.૧, પૃ. ૮૫)

*　　　　*

શ્રદ્ધા પણ તે કે જે જીવનમાં પ્રાગટ્ય પામે અને જીવનના પ્રવાહને તેના ભાવના પ્રવાહમાં વહન કરાવે. સદ્‌ગુરુ પરત્વે એક જાતનો માનસિક અહોભાવ પ્રગટવો તે તો બહુ પ્રાથમિક પ્રકારની શ્રદ્ધા ગણાય. તેથી ઝાઝું કશું નથી નીપજતું એવા અનુભવ થાય છે, જોકે છેક નકામું તો આવું કશું હોતું નથી.

('જીવનમંથન', આ.૨, પૃ. ૯૨)

*　　　　*

સાધનામાં આગળ જતાં એક એવો તબક્કો પ્રગટે છે કે જ્યારે સાધના એક નિર્બંધ રીતે સર્વાન્તર્યામી અને સર્વજ્ઞ આપણને દોરે તે રીતે દોરાવાની જ્ઞાનભક્તિપૂર્વકની, જીવંત, ચેતનાત્મક, મુલાયમતાવાળી આંતરિક પ્રક્રિયા.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૦૧)

*    *

બ્રહ્મચર્યપાલન કરવાની આવશ્યકતા આ માર્ગ માટે કેટલી બધી જરૂરની છે એનું મહત્ત્વ ને જ્ઞાન હોવું જોઈશે, એટલું જ નહિ પરંતુ સાથે સાથે સાધકનો પ્રાણ, સૂક્ષ્મપણે કે સૂક્ષ્મ રીતે પણ, જાતીય વિષયવાસનામાં રસ મુદ્દલે ન સેવે, ન લે ને જે જે કંઈ કામવાસનાને પોષક હોય, તેવી લાગણીઓને અને વૃત્તિઓને ઉશ્કેરે તેવું હોય, તે સકળમાંથી પોતાની જાતને સાધક પૂર્ણપણે પાછી ખેંચી લેશે ને તે બાબતની હંમેશાં ખૂબ ખૂબ જાગૃતિ ને ચોક્સાઈ રાખશે. ('જીવનસંશોધન', આ.૧, પૃ. ૧૨૩-૨૪)

*    *

નમ્રતા એટલે કાયરપણું નહિ. નમ્રતા એટલે કંઈ કશામાંથી ભાગવાપણું પણ નહિ; નમ્રતા એટલે આચારવિચારના નિયમોનું શુષ્ક પાલન અને દરેક પ્રકારનાં માન-આદર આપવાની નીતિરીતિ પણ નહિ. તેવું બધું નમ્રતાનું સ્વરૂપ નથી. નમ્રતા તો આત્માનો એક ગુણ ગણાય. તેમ છતાં સાધક જ્ઞાનપૂર્વક નમ્રતાના ગુણને જીવનમાં પ્રગટાવી શકે છે, ને તેણે તે પ્રગટાવવો જોઈએ પણ ખરો.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૨૬)

*    *

નમ્રતા પ્રગટાવવા કાજે નિરાગ્રહી, નિરાસક્ત બનવું ઘણું જરૂરી છે. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૩૦)

*    *

કેવળ સમાજનાં રૂઢિબંધનો તોડી નાખવા ખાતર એટલે કે સમાજસુધારાના હેતુથી જ કશી કોઈ પ્રવૃત્તિ સાધકે ન કરવી ઘટે. આપમેળે તેવો પ્રસંગ માથે આવી પડે તો રૂઢિનાં બંધન તોડતાં અચકાવું પણ નહિ, કે ગભરાવું પણ નહિ.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૬૨-૬૩)

*    *

સાધન તે સાધન છે, નહિ કે સાધ્ય. ધ્યેયની સિદ્ધિને માટે સાધન છે. સાધન જો ઘરેડરૂપ બની ગયું તો તે વ્યર્થ છે. સાધનને ભાવનાથી પરિપૂર્ણપણે તેવા યોગ્ય વર્તનમાં પ્રગટાવ્યા વિના ધ્યેયને પામી શકાતું નથી. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૯૯)

*    *

ધ્યાનમાં ત્રણ કલાક કે ચાર કલાક બેસાયું કે અમુક સાધન આમ થયું કે તેમ થયું અથવા અમુક રીતે દૃઢ રહેવાયું કે મક્કમપણે વર્તાયું, વ્યવસ્થા જળવાઈ, નિયમબદ્ધ ચલાયું—આ બધું ખાસ મહત્ત્વનું થી. પરંતુ એ બધાના પરિણામે રોજિંદા કર્મવ્યવહારમાં ભાવના જીવતીજાગતી કેટલી રહે છે, એકમાં જ રમમાણ કેટલી રહ્યા કરે છે, ભાવનામાં ઉત્કટતાની માત્રા કેટલી વધે છે, સદ્‌ગુરુમાં કેટલી પ્રીત વધે છે, તે બધું સાચું પ્રમાણ છે અને તે તરફ આપણું લક્ષ ને મહત્ત્વ રહેવાં ઘટે છે. એનું નામ સાચું ધ્યાન છે. ભલેને આપણે ધ્યાનમાં ન બેસી શકતા હોઈએ, તોપણ ભાવના લક્ષ્યબિંદુ પરત્વે આપણી વૃત્તિ અવ્યભિચારિણી રહેતી હોય, તો પેલું ધ્યાન કરવાની જરૂર ન પડે. પરંતુ સાથે સાથે એટલું ખ્યાલમાં રાખવાની જરૂર છે કે ઉપર કહી તેવી સ્થિતિ આપણી થાય તેને માટે એકધારી આંતરિક તેમ જ બહિર્

સાધનયુક્ત, (ભાવપ્રેરક, ચેતનવંતી) સાધના કરવાની આપણા જેવા માટે ઘણી જરૂર છે.

('જીવનસંશોધન', આ.૧, પૃ. ૨૦૯-૧૦)

*　　　　　*

આપણા સ્વભાવના વિકૃત વળાંકો આપણાને ઘણા ઘણા ડંખવા જોઈશે. તે આપણી નબળાઈ છે, દોષ છે અને આધ્યાત્મિક જીવનવિકાસની સાધનાને માટે તે ભારે અંતરાયરૂપ છે. આ બધું જ્યાં સુધી ડંખશે નહિ, ત્યાં સુધી તેમાંથી મુક્તિ મળી શકશે નહિ. માત્ર નામસ્મરણ કર્યાં કરીશું તો એની મેળે બધું રાગે પડી જશે એવી જે માન્યતા છે તે બરાબર નથી; જો કે નામસ્મરણ પણ પૂરેપૂરું સતત એકધારું કરી શકાવું સહેલું નથી અને સ્વભાવના પેલો વિકૃત વળાંકો તો એમ ને એમ કાયમ રહ્યા કરે છે.

('જીવનસંશોધન', આ.૧, પૃ. ૨૪૮)

*　　　　　*

સાધકમાં જો ભાવના પ્રકટેલી ન રહ્યાં કરતી હોય તો સદ્‌ગુરુના ભાવનો સ્વીકાર અને પ્રાકટ્ય સાધકમાં થતાં વાર લાગવાની, કારણ કે તો તો સદ્‌ગુરુના ભાવને પથ્થરનાં આવરણો કોરી કોરીને, ભેદીને ઊંડું ઊતરવાપણું રહેશે. કેટલીક વાર એ ભાવ ત્યાંનો ત્યાં સ્થિર પણ પડી રહે. એમ પણ બને કે એ ભાવ પોતાની અસરનો જોઈએ તેટલો ને તેવો ઉપયોગ કરાતો ન લાગતાં પાછો પણ વળી જાય.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૮૧)

*　　　　　*

સાધકના જીવનની ભૂમિકાનું જેમ પરિર્વતન થતું જશે તેમ તેમ તેનો સત્યનો અનુભવ વધુ ઊંડો, વિસ્તૃત, ઉદાર, શુદ્ધ અને અંતરતમ થતો જવાનો.

*　　　　　*

સાધક ભૂલો તો કરશે, પરંતુ જો એમાં પણ સાધનાની ભાવના એ સતત રાખ્યા કરતો હશે, તો એને એની ભૂલો સમજાઈ જવાની છે ને તેમાંથી પાછો વળી શકનાર છે.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૮૪)

*　　　　　*

આપણે વિચારેલું ને આપણું જ માનેલું બધાં માટે ઉપકારક છે, એવી માન્યતાના મૂળમાં સંકુચિતતાનું ઝેર રહેલું છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૯)

*　　　　　*

સ્વધર્મના યર્થાથ પાલનમાંથી સાચી વિશાળતા જન્મે છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૯)

*　　　　　*

આપણે આપણું જ જોવું ને આંતરવિકાસ પ્રતિ અભિમુખ રહ્યાં કરવું એમાં ડહાપણ અને ચતુરાઈ છે. આનો અર્થ એમ નથી કે આમાં જેને આપણે સ્વાર્થી કે આપ-મતલબી કહીએ છીએ તેવા થવાની સલાહ આ છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૯)

*　　　　　*

જે સહિષ્ણુ અને સર્વગ્રાહી છે, તે તો બધાંને વિનયપૂર્વક સમજવાનો પ્રયત્ન કરે છે ને પરિણામે એનું હૃદય ને બુદ્ધિ વિશાળ બને છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૦)

*　　　　　*

વિશાળ દૃષ્ટિ વિનાની સાધુતા નિરર્થક છે, એ સાધુતા જ નથી.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૦)

*　　　　　*

સાચી શ્રદ્ધાની પારશીશી એ પોતાનો જ આંતરવિકાસ.

*　　　　　*

કોઈ પણ બાબત પર અતિશય વિચાર થાય ને તેમાંનું કંઈ પણ આચરણમાં ઊતરે તેવું  ન હોય કે ન બને તો તે આખી વિચારસરણી જ ઘાતક છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૩)

* *

ભાવનાનું પ્રાબલ્ય એટલું ભારે છે કે તેથી સંસ્કારો પોષાય છે ને જે સંસ્કારોને ભાવના પોષે છે, તેનાથી માનવીનું આખું જીવન ઘડાતું જાય છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૪)

* *

કોઈ પણ વાતને અંતરના ખૂબ ઊંડાણમાં સ્થિર કરી મૂકવાનો એક સાચો માર્ગ તે ભાવનાનું સાતત્ય છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૫)

* *

જીવનમાં સાત્ત્વિક સંઘર્ષણ ઊભું થાય છે, ત્યારે હૃદયમંથન થાય છે; એવા મંથનમાંથી નવનીત તારવી લેવાની કળા જાણવી અનિવાર્ય છે, ને એ સાચી રીતે મથનારને આપોઆપ સૂઝે  છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૬)

* *

કર્મના સંસ્કાર ચિત્તમાં સતત પડ્યા કરતા હોય છે ને પડેલા રહ્યા કરે છે; તે ક્યારે ઊગી નીકળશે તે ચોક્કસપણે કહી શકાય નહિ. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૭)

* *

કોઈ પણ વૃત્તિ મનમાં ઊઠે છે, તો તે એનો ભાગ ભજવ્યા વિના રહી શકતી નથી. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૭)

* *

કોઈ પણ પ્રકારની મડાગાંઠ વાળીને બેસવું એટલે જીવનના વિકાસને રૂંધવો. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૮)

* *

જીવનના એકેએક પ્રવર્તતા ક્ષેત્રની સર્વ પ્રકારે અને સર્વ ભાવે પૂરેપૂરી આંતરબાહ્ય શુદ્ધિ થયા વિના ખરેખરી અને પૂરી સાધના થવી કદાપિ પણ શક્ય નથી.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૯)

*            *

બધો આધાર મનને રસ પડાવવા વિષે રહેલો છે. જેમાં મનને રસ છે, જે મનને ગમે છે, તેવું કામ કરવાને માનવી સર્વ કંઈ કરી ચૂકતો હોય છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૯)

*            *

આપણાથી તદ્દન વિરુદ્ધ વિચાર કે આચારવાળાઓ પ્રત્યે પણ સહિષ્ણુ રહીએ કે રહેવાનો સતત પ્રયત્ન કર્યા કરતા હોઈએ તો આપણી તટસ્થતા વધે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૮)

*            *

સંતલોક જેને આપણે ગણીએ છીએ તે તો સૂક્કાં લાકડાં જેવા હોય છે. એને આપણા વિષે રસમય, ભીના રખાવવા તે કામ આપણું છે.

*            *

ભાવ એ વિચારનું અવ્યક્ત મૂળ અને વિચાર એ ભાવનું વ્યક્ત સ્વરૂપ છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૨૧)

*            *

કર્મને મહત્ત્વ આપવા છતાં તેનાથીયે સવિશેષ મહત્ત્વ સાધકે કર્મનાં આદિ, મધ્ય ને અંતમાં સતત એકધારો ગંગાના પ્રવાહના જેવો હૃદયનો ભાવ પ્રેરવવાનો અભ્યાસ જીવતાં કર્મો કરવામાં જ સળંગ, સમગ્ર લક્ષથી રાખ્યા કરવાનો છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૨૧)

*            *

પ્રત્યેક કર્મમાં જેની શ્રદ્ધા અને ભાવ જ્ઞાનભક્તિપૂર્વક રહ્યાં કરતાં હશે, એને ક્યાંયે છેતરાવાપણું નથી. એવાનો રક્ષક એનો ભાવ જ બન્યા કરે છે. જે માનવી પોતાની ભાવના કેળવવાના એકમાત્ર કર્તવ્યમાં જ નિર્ભય અને નિર્ભર, મસ્તપણે રહ્યા કરે છે, તેનું તેના હૃદયની જીવતી થયેલી ભાવનાથી અતિરિક્તપણે કશું પણ અકલ્યાણ કરવાને કોઈ પણ શક્તિમાન થઈ શકતું નથી.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૨૧-૨૨)

* *

જેવું શુદ્ધ પાણીમાં મેલું પાણી ભળતાં થાય છે, તેવું સદ્ભાવના સાથે જે જે બધું પોતાનામાંનું નિમ્ન ભળ્યાં કરે છે, તેથી તેવું થાય છે ને પેલી સદ્ભાવનાની અસર કે મહત્ત્વ મોળાં પડતાં જાય છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૨૨)

* *

શ્રીભગવાનની સ્મરણભાવના ને ધારણા સાથે પ્રત્યેક થતા જતા કર્મમાં જો જીવ તેવાં તેવાં સાધનોથી સતત એકધારું હૃદયથી મચી રહેવાનું કરશે ને પોતાને મળતી જતી સર્વ પ્રવૃત્તિ ને પરિસ્થિતિમાં એકમાત્ર હૃદયસ્થ ભાવને કેળવ્યા કરવાની, તેમ જ તે જીવતા આદર્શને ચેતનાસ્વરૂપે મૂર્તિમંત કર્યા કરવાની ધારણા તે સેવતો જશે તો તે જીવાત્મા તેવો થવાનો જ તે નિર્વિવાદ વાત છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૨૪)

* *

સાધનાના માર્ગમાં જીવનું જે તે કંઈ બીજી તરફનું (નિમ્ન પ્રકારનું) ગુમાવવાપણું બનતાં જો અકળામણ, ભાર કે એવું લાગે તો સાધના માટે તે જીવની યોગ્ય તૈયારી થયેલી નથી તેમ જાણવું. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૨૪)

* *

સંસ્કારગત પરંપરાયુક્ત માન, આદર દેવાની પ્રણાલિકામાં જ્યારે જીવતું જાગતું જ્ઞાનપૂર્વકનું ચેતન નથી હોતું, ત્યારે તેવી માન આદર દેવાની સ્થૂળ, જડ પ્રણાલિકા દેનાર અને લેનાર બન્નેને ગેરલાભ પહોંચાડનાર નીવડે છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૨૬)

* *

પોતાનાથી ચઢિયાતી કક્ષાના જીવ પરત્વે હૃદયથી જે માન, આદર દેવાનાં છે, તે પોતાનામાં જીવનવિકાસની તેવી ભાવનાનો ઉદય થવાને કાજે છે, તેવી ભાવના સેવીને દેવાનાં છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૨૭)

* *

જગતમાં પૈસો તો ઘણા પાસે હોય છે; એની દુર્ગંધ વિશેષપણે છે, પણ એની ફોરમ તો કોઈક ભાગ્યશાળીનામાં પ્રગટેલી અનુભવાય છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૨૮)

* *

જીવનમાં સંગ્રામ સર્વ સ્થળે ને સર્વ ભૂમિકા પર રહેલો જ છે. જે જીવ એવા સંગ્રામનો જ્ઞાનપૂર્વક સહર્ષ સ્વીકાર કરે છે, તેવો જીવ જીવનનો યોગ્ય વિકાસ કરી શકે છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૩૦)

* *

જીવનના ધર્મથી અતિરિક્તપણે-અલગપણે કશી સાધના ન હોઈ શકે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૩૦)

* *

સંસાર એ તો જીવનની પ્રત્યક્ષ પાઠશાળા છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૩૪)

* *

સંસાર એ તો માનવીના અંતરમાં સુમેળ પેદા કરવા, અનેકમાં પ્રસરાયેલો હોવા છતાં એકરૂપે જીવવા, વર્તવા ને રહેવાના બોધપાઠરૂપે તથા બધાંનામાં પોતાને જ અનુભવવા મળેલો છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૩૪-૩૫)

* *

સંસાર મળેલો છે તે શક્તિનો વિકાસ કરવા ને શક્તિના જ્ઞાનના અનુભવ કાજે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૩૬)

* *

જીવનમાં આવી મળતા સંગ્રામનો હેતુ જીવને શક્તિની પિછાણ થવાનો તથા તેથી કરી શક્તિનો ઉદ્‌ગમ થવાનો ને જ્ઞાનનો અનુભવ થવા કાજેનો છે. સંગ્રામ એ તો પ્રકૃતિના સ્વભાવનું એક સહજ લક્ષણ છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૩૭)

* *

સંસારમાં જે જે કંઈ આપણને આવી મળે છે, બને છે, તેની ભૂમિકા તો આપણામાં જ રહેલી છે. બીજાનામાંની ભૂમિકાને પરિણામે તે નથી. બીજાં તો માત્ર ખાલી નિમિત્તરૂપે છે. તેથી બીજાંથી એવું કંઈ થતાં મનને ક્લેશ, સંતાપ કે દુઃખ થવા ન દેતાં બીજાંને નિમિત્તકારણ સમજીને તેઓ વિષે મનને કદી પણ ડહોળાવા ન દેવું. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૩૭)

* *

સંસારને મૂકી દેવાથી કાંઈ સંસારથી અલગ થઈ શકાતું નથી. સંસારનો હેતુ તો જીવનના ફલિતાર્થે છે. સંસારથી અલગ થયે સંસારી મન એના વિચાર કરતું અટકી જઈ શકતું નથી.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૩૯)

* *

સંસાર તો ભગવાનનો જ વ્યક્ત ભાવ છે; એટલે એમાં (સંસારમાં) મનના દૃષ્ટિકોણને બદલાવવાનું આપણે શક્ય બનાવવાનું છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૩૯)

* *

જાગેલી સદ્‌ભાવના જો જીવનના સર્વ ક્ષેત્રોમાં પોતાનો વિસ્તાર કરી શકતી ન અનુભવી શકાય તો જાણવું કે વચ્ચે ક્યાંક વિક્ષેપ છે. એવા વિક્ષેપને દરેક જિજ્ઞાસુએ આત્મનિરીક્ષણ તથા પોતાનાં કરણોનું પૃથક્કરણ કરી કરીને, ખોળી કાઢીને દૂર કરવો જોઈશે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૪૨)

* *

હૃદયની જાગેલી સદ્‌ભાવના બીજાનું જેમ સારું જોવા કે એનામાં પ્રેમભાવ રખાવવા આપણને પ્રેરે છે, તેમ તેવી ભાવનાનો વિસ્તાર થતાં થતાં બધાંનામાં તે તેવી જ રીતે આપણને-મનને—પ્રવર્તાવશે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૪૩)

* *

જે જે કંઈ છે તે તે તેના તેના યથાસ્થાને, યથાયોગ્યપણે છે અને તે તે જે બધું મળેલું છે, મળે છે ને મળ્યાં કરશે, તે તે બધું જ્ઞાનની અનુભૂતિ કાજે સાધન તરીકે મળેલું હોય છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૪૪)

* *

વૃત્તિ એટલે જ ગતિ. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૪૭)

* *

વૃત્તિ થતાં મનને તે તેમાં પ્રેરાવ્યા વિના રહી શકતી નથી. ભાવના જગાડવાનો ને જગાડવામાં પણ પ્રયત્ન હોય છે—હોઈ શકે છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૪૯)

* *

માનવી પોતે જ પોતાનો ઉદ્ધાર કરી શકે છે.

(‘જીવનપ્રેરણા’, આ.૧, પૃ. ૪૯)

*　　　　　*

જીવ વિકાસની દૃષ્ટિએ જોતાં બહેનોના જીવને પુરુષ જીવ કરતાં વધુ ઊંચી કક્ષાનો હું માનું છું.

(‘જીવનપ્રેરણા’, આ.૧, પૃ. ૫૦)

*　　　　　*

જ્ઞાનભક્તિ એટલે માત્ર નામસ્મરણ લીધાં કરવું તે નથી. ભજન કર્યાં કરવું કે ભજનમાં મસ્ત થઈ જવું તે પણ બસ નથી.

(‘જીવનપ્રેરણા’, આ.૧, પૃ. ૫૧)

*　　　　　*

જ્યાં જ્યાં સદ્‌ગુણ કે એવી દૈવી સંપત્તિનાં અનુભવદર્શન થાય ત્યાં ત્યાં કદર-ભક્તિભાવે અને જ્ઞાનપૂર્વક પોતાનું માથું નમાવવાનું રહે છે. (‘જીવનપ્રેરણા’, આ.૧, પૃ. ૫૨)

*　　　　　*

સંતોને માત્ર જાણ્યાથી કે તેમની સાથે માત્ર રહેવાથી આપણું કશું દળદર ફીટી શકતું નથી. જ્યાં લગી આપણા જીવનનું અને મનના વલણનું પૂરેપૂરું ‘ઉન્નયન’ થતું ન અનુભવી શકીએ, ત્યાં લગી કશામાં સંતોષ માનવો નહિ.

(‘જીવનપ્રેરણા’, આ.૧, પૃ. ૫૩)

*　　　　　*

ગુરુ કે સંતની કૃપા-મદદ ત્યારે જ મળે કે જ્યારે આપણામાં તેવાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ જીવતાં થયેલાં હોય, ખરી રીતે તો આપણા પોતા વિના બીજો કોઈ ગુરુ નથી. ગુરુ તો સર્વત્ર અને સર્વમાં વ્યાપેલો છે. (‘જીવનપ્રેરણા’, આ.૧, પૃ. ૫૩)

*　　　　　*

પ્રત્યેક સંતાત્માની જીવનસરણી નોખી નોખી રહ્યાં કરે છે; પ્રત્યેકની એકબીજા સાથે સરખામણી કરવી એ જરાકે યોગ્ય નથી.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૫૪)

*                    *

જીવનના આધ્યાત્મિક માર્ગને અનુસરવું એ અતિ દોહ્યલું છે. માણસો ધારે છે તેટલું તે સહેલું નથી. આ માર્ગમાં આપણે અનેક પ્રકારનાં અનેક સ્વજનોને હણવાનાં આવે છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૫૫)

*                    *

જીવનને સહેલગાહે ભોગવવા લઈ જતા હોઈએ એવો જ ખ્યાલ લોક જાત્રામાં રાખે છે. લોક માત્ર ફરવા જતા હોય છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૫૬)

*                    *

જીવનના ધ્યેય-આદર્શની ભાવના અને તેની ધારણા પ્રત્યેક થતા જતા કર્મમાં તે તે પળે જ જેટલી જેટલી જીવતી રાખ્યાં કરવાને આપણાથી મથવાનું બનશે, તેટલા પ્રમાણમાં આપણે જીવનના ધ્યેય-આદર્શને મૂર્તિમંત કરી શકવાના છીએ.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૬૦)

*                    *

કસોટી અને મંથન તે જીવનવિકાસને કાજે ઘણાં ઘણાં મહત્ત્વનાં અંગો છે; તેના વિના જીવનનું સાચું હીર જાણી, પારખી કે પરખી શકાતું નથી.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૬૦)

*                    *

વિસંવાદ દેખાય છે ખરો, પરંતુ સુમેળ કે સંવાદ એ જ સારાયે સંસારનો ને જગતનો પાયો છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૬૧)

*　　　　　*

આપણું ક્ષેત્ર સંસાર છે, પરંતુ સંસારમાં સંસારની ભાવના રાખવાની નથી. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૬૨)

*　　　　　*

મનને એના મનગમતા વિષયમાં મહાલવાનું અટકાવવા આપણે એને જીવનધ્યેયના વિષયનું કોઈ બીજું કામ સાથે સાથે આપવું જોઈશે અને તે છે પ્રેમભક્તિપૂર્વકનું પ્રભુનું નામસ્મરણ.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૬૫)

*　　　　　*

મનને સંકેલવાને-સંકોરવાને, એવું જીવતુંજાગતું આંતરિક બળ પ્રાપ્ત કરવાને માટે સાધના કરવાની જરૂર રહે છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૬૫)

*　　　　　*

મનરૂપી ઊમરાને ઓળંગ્યા વિના જીવનના ચેતનના ઘરમાં આપણે દાખલ થઈ શકતા નથી.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૬૬)

*　　　　　*

પ્રત્યેક માનવી કોઈ ને કોઈ પ્રકારના આનંદની આશા સેવીને જ દુઃખ વેઠતો હોય છે. જીવનમાં આનંદ ન હોય તો જીવન ટકી શકે નહિ. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૬૭)

*　　　　　*

જગત એ આપણી નજરે જુદું જુદું લાગે છે, કારણ કે આપણે જ જુદા જુદા થએલા અને જુદા જુદા રહેલા છીએ.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૬૮)

*　　　　*

સંસારને છોડ્યો છોડી શકાતો નથી. સંસાર આપણને વળગેલો નથી, કિંતુ આપણે સંસારને વળગેલા છીએ અને તેથી કરીને મનની સ્થિતિને જ માત્ર ત્યાં પલટાવવાની રહે છે. મન એની મેળે પલટી જઈ શકતું નથી. એટલા કાજે જ સાધનાની જરૂર છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૭૦)

*　　　　*

જગતમાં સમજુને જ વધારે સહેવાનું આવે છે ને વધારે સહેવું પડતું હોય છે. એ જ મારે મન તો તપશ્ચર્યા છે. સંસારમાં જે સહેવાનું આવે છે, તે જીવનની કેળવણી કાજે છે, જીવનના વિકાસ કાજે છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૭૮)

*　　　　*

પ્રભુમય જીવન એટલે પહેલાં તો સાત્ત્વિક જીવનનો વિકાસ.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૮૦)

*　　　　*

સંસાર એ બીજું કશું નથી પણ વૃત્તિ કે ભાવનાનો વિસ્તાર છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૮૧)

*　　　　*

સંસાર એ તો પ્રત્યક્ષ જીવનનો બોધપાઠ શીખવાની પાઠશાળા છે અને જીવનવિકાસ કાજેની પ્રયોગશાળા છે. એના જેવો બીજો કોઈ જીવતો ગુરુ નથી.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૮૨)

*　　　　*

અંતરમાં અંતર્મુખ રહી શકાવું એ સતત તેવા પ્રકારના એકધારા અભ્યાસ વિના કદી પણ શક્ય નથી થતું.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૮૨)

*　　　　*

કશાથી ક્યાંયે ભાગી છુટાય નહિ. તે તો નરી કાયરતા છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૮૨)

*　　　　*

સર્વ જે કંઈ બન્યાં કરે છે, તેનું મૂળ તો આપણા પોતાનામાં જ રહેલું છે. આપણા પોતાનામાં તેવી જાતની ભૂમિકા હોયા વિના તેવું કશું આપણને સ્પર્શી શકવાની તાકાત કે પ્રાણવાળું બની શકતું નથી. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૮૩)

*　　　　*

જગતમાં પારકાંનું-બીજાંઓનું સહી લેવાય છે ને તેમનું ગળી પણ જવાય છે; તેવી રીતે પોતાનાં છોકરાંનું ને પોતાનાંઓનું તેવું સહેવાવું કે સમજણપૂર્વકનું ગળી જવાનું માબાપને કાજે ને વડીલોને કાજે તેટલું જ યોગ્યતાવાળું છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૮૪)

*　　　　*

માનવીના શરીરનું માહાત્મ્ય અને રહસ્ય સમજવા કાજે જ જન્મદિવસને આપણામાં મહત્ત્વનું સ્થાન છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૮૬)

*　　　　*

અવ્યક્તમાંથી વ્યક્ત થવું તે જન્મ. એવા જન્મના પણ અનેક પ્રકાર હોય છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૮૯)

*　　　　*

(કોઈ પવિત્ર સ્થળની) દિવ્યતા કહો, રમ્યતા કહો કે પ્રભુમયતા કહો, એ બધું મનને લીધે છે; મન ન ફરે, ન પલટાય, ત્યાં સુધી બીજે ક્યાંય કાયમી સુખ, ચેન, જંપ ના વળી શકે.
('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૮૯)

*　　　　　　　*

સ્વધર્મ-આચરણ એ તો જીવનું શીવ થવાપણાના માર્ગનું પ્રથમ પગથિયું છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૯૦)

*　　　　　　　*

નામની પ્રતિષ્ઠા ભારે છે. નામી કરતાં પણ નામ ચઢી જાય છે.
('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૯૧)

*　　　　　　　*

ઉચ્ચાત્માના પ્રેમભાવનું ભાજન આપણે હોઈએ તે કલ્યાણનું કારણ છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૯૧)

*　　　　　　　*

સાધક હંમેશાં પોતાનું જ જોવામાં ને પોતાને જ યોગ્ય રીતે મઠારવાને લક્ષવાન રહેતો હોય છે. એને બીજાની ઝાઝી પડી હોતી નથી. તે જેટલો એકલો પોતાનામાં કેન્દ્રિતપણે એકાગ્રતાથી વર્ત્યો જશે, તેટલા પ્રમાણમાં તે સમષ્ટિના મધ્યબિંદુને પણ સ્પર્શતો હોય છે. પોતાના જીવનની સર્વ પ્રકારે જે જીવ પૂરેપૂરી શુદ્ધિ કર્યા કરતો રહે છે, તે જ જીવ જગતની સાચી સેવા કરતો હોય છે.
('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૯૩)

*　　　　　　　*

એ ઘેલછા અને ધૂન તો છે પણ એમાં આંધળાપણું ક્યાંય નથી. ઝંપલાવવા કાજે કે યાહોમ થવા કાજે ઊલટાં એ તો જરૂરનાં અંગ પણ છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૯૪)

*　　　　　　　*

નમ્રમાં નમ્ર અને ધૂળથી પણ ધૂળ છીએ એવો નિશ્ચય પ્રગટ્યા વિના અને તેવા આપણે બન્યા વિના કશું આપણે કરી શકવાના નથી. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૯૯)

* *

જે જે કંઈ થયાં કરે તે આપણાં મન-હૃદયના જીવતા ભાન સાથે પ્રભુને સમર્પણ કર્યા કરો.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૦૨)

* *

કોઈનેયે જીવ-સ્વભાવે કરીને અન્યથાપણે મનમાં લવાઈ જવાતાં, 'અરેરે ! આ તો આપણા વહાલા ભગવાનનો દ્રોહ થઈ રહેલો છે', એમ થાય અને તેથી કરી પારાવાર પસ્તાવો ને દુઃખ થાય, તો જાણવું કે આપણે શ્રીભગવાનનાં ચરણકમળમાં શરણભાવ કેળવવાને સમર્થ થઈ શકવાના છીએ.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૦૩)

* *

જીવની શુદ્ધ સાત્ત્વિક ભૂમિકા થયા વિના શ્રીભગવાનનો કૃપાસંપર્ક હોવા છતાં જીવ તે કદાપિ પણ અનુભવી શકનાર નથી. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૦૩)

* *

ગુરુ કરીને જો જીવનનો વિકાસ સાધી ન શકાયો તો તેવા ગુરુ કરવા તે વ્યર્થ છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૦૫)

* *

ગુરુ એ કંઈ સ્થૂળ નથી. ''ગુરુડમ્'' એ પણ એક બંધિયાર ખાનું છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૦૫-૧૦૬)

* *

ગુરુથી જો આપણને લાભ ન મળે અને આપણે જો ગુરુથી લાભ મેળવવાની ઉત્કટ ખેવના હૃદયથી ભાવનાપૂર્વક જીવતી ન રાખ્યાં કરીએ તો "ગુરુ" એ પણ અંધારો કૂવો જ છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૦૯)

*        *

સાધકનો મૌનએકાંતનો કાળ એક મોંઘામૂલો અને સહેલાઈથી ન સાંપડી શકે એવો અમૂલ્ય કાળ છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૧૨)

*        *

જ્ઞાની અને અજ્ઞાની બન્ને ભોગવે તો છે;(ઉપભોગ પણ કરે છે) જ્ઞાની ઉપયોગની દૃષ્ટિએ ભોગવે છે ને તેવાં જ્ઞાન, ભાન સાથે ભોગવે છે અને અજ્ઞાની માત્ર ભોગવવાનું જ કર્યાં કરે છે. જ્ઞાનીને ભોગવવું ઉપાધિરૂપ નથી, જ્યારે અજ્ઞાનીએ ભોગવેલું ઉપાધિરૂપ જ નીવડે છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૧૭)

*        *

માનવીને પોતાની આફતને ટાણે, વિષમ સ્થિતિને સમયે, જે કોઈની હૃદયની સહાનુભૂતિ મળે છે, તેની અસર લાંબા વખત સુધી એના દિલમાં વાસો કરીને રહેતી હોય છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૧૮)

*        *

જે જીવનું ભગવાનના નામનું રટણ ભલેને ઘરેડની રીતે થાય અને એવા રટણની અખંડ ધારા સતત એકધારી-ગંગધારાવત્ જો પ્રભુકૃપાથી બની શકી, તો એવી પ્રવૃત્તિમાં પણ ચેતન પ્રગટ્યા વિના રહી શકવાનું નથી. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૨૦)

*        *

ગુણનો પણ અતિરેક થતાં ગુણનું ગુણપણું મટી જતું હોય છે, તેમ ગુરુને તાવી જોવાની પણ મર્યાદા વટાવી જવાનું બનતાં તેમાંનો ગુણ અને ગુણની શક્તિ માર્યાં જતાં હોય છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૨૬)

* *

ગુરુની ભાવના આપણામાં સર્વપણે, સર્વાર્પણભાવે ને સમર્પણભાવે ને તે પણ સળંગ, સમગ્ર તથા કેન્દ્રિતપણે જીવતીજાગતી આરાધનાં સર્વ કરણોમાં ન બની શકે, ત્યાં સુધી ગુરુ પણ લૂલોપાંગળો હોય છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૨૬)

* *

જે જે કોઈ મળે તેનામાંથી જો જીવ તેના સદ્‌ગુણની ભાવના જોવાનું કેળવ્યા કરે, તો જીવમાં સદ્‌ભાવના જીવતી બનવાની શક્યતા ઊભી થઈ શકતી હોય છે. સર્વ કોઈ જીવના સદ્‌ગુણ જોવાની અને તેને પોતામાં ઉતારવાનું મન કરવાની કેળવણી તે પણ સાધનાનું અંગ જ છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૨૮)

* *

આપણી ઉત્તમ રહેણીકરણીનું અનુસરણ કરીને બીજા જીવો પણ તેમ કરવા જરૂર પ્રેરાશે જ તેવું માનવામાં તર્કદોષ રહેલો છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૩૧)

* *

હૃદયમાં સદ્‌ભાવના જીવતી થયે હૃદયને જ્યાં-ત્યાંથી બહારથી સદ્‌ભાવના જ સાંપડવાની છે, એવું નિશ્ચિતપણે ન કહી શકાય. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૩૨)

* *

માનવીને જેવા પ્રકારની ને જેટલી શ્રદ્ધા હોય છે, તેનાથી બીજી રીતે કશું કાંઈ બીજી રીતનું થઈ શકવાનું શક્ય બનતું હોતું નથી. આખરે તો પોતાની શ્રદ્ધાનું જ સાચું મૂલ્યાંકન રહેલું છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૩૫)

* *

અમુક જ સંપૂર્ણ યોગ્ય છે અને સર્વસમર્થ અને સર્વશ્રેષ્ઠ છે એવું આધ્યાત્મિક ક્ષેત્રના જીવનમાં હોઈ શકતું નથી.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૪૧-૪૨)

* *

જગતમાં અને જીવનમાં પ્રેમભાવે કરેલું હો કે કંઈક અન્યભાવે કરેલું હો-જેટલું કાંઈ જે રીતે કરેલું હો તે ભાવે ને તે રીતે તે જીવનમાં ઊગતું જ હોય છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૪૩)

* *

કોઈ પણ માર્ગ પરત્વેની જેટલી ઉત્કટમાં ઉત્કટ વ્યાકુળતા પ્રગટે, ત્યારે તે માર્ગ પરત્વેનો પ્રયત્ન પણ સહજ ને સરળ બની જતો હોય છે. એવા પ્રકારની સહજ વ્યાકુળતા પ્રાપ્ત થતાં, પછી પ્રયત્ન કરવા પડતા નથી. એ તો થયાં જ કરે છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૪૩)

* *

જ્યાં સુધી હૃદયની ઇંદ્રિય કેળવાઈ ગયેલી નથી, ત્યાં સુધી આધ્યાત્મિક જીવનની ચેતનાશક્તિના કંઈક પુરાવા ભલેને મળ્યા હોય તેમ છતાં બુદ્ધિ તે સ્વીકારી શકે તેમ હોતું નથી.

હૃદયની વાત હૃદય સ્વીકાર કરી શકે એવી સહૃદયતા કેળવાયા વિના ખાલી એકલી બુદ્ધિના કોરાપણાથી આધ્યાત્મિક જીવનનું ખરું હાર્દ ને તેનું મહત્ત્વ કદી પામી શકાતું નથી.

બુદ્ધિમાં શંકારૂપી વૃત્તિ કુદરતે મૂકેલી છે, તે એટલા માટે કે સત્યની શોધમાં પ્રવેશ કરાવવા આપણને તે સતત મથાવ્યાં કરે.
('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૪૫)

*　　　　　*

એકલું પ્રારબ્ધ પણ નથી ને એકલો પુરુષાર્થ પણ નથી; બન્ને એકબીજાંને સંકળાઈને રહેલાં છે. તેમને એકબીજાથી અલગ પાડી શકાય તેમ નથી. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૪૮)

*　　　　　*

જગતમાં જેમ સુખ અને દુઃખ બંને છે, ને બંનેનો હેતુ ઘડતરનો છે, તેમ જગતમાં અશુભ, અન્યાય આદિ જે કંઈ છે તે પણ સહેતુક છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૪૮)

આ જગતમાં ને જગતની રચનામાં સહુ કોઈ તેને તેને ઠેકાણે યોગ્ય છે ને તેની તેની યોગ્યતાના પ્રમાણમાં જ છે; કશું વધારે નથી કે કશું ઓછું પણ નથી. ને જે તે બધું ભગવાનના જ અંશરૂપે છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૪૮)

*　　　　　*

આ ભવમાં જે જીવ જે પ્રકારની મનોવૃત્તિ, ભાવના, વિચારણા, કલ્પના, માન્યતા ને ક્ષેત્રની જેવી જેવી પ્રવૃત્તિ કર્યાં કરતો હોય છે, તે પ્રમાણે તે પોતાની સૃષ્ટિ પોતાને માટે જન્માવતો હોય છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૪૯)

*　　　　　*

રાગદ્વેષાદિ એવા જુદા જુદા દ્વંદ્વની ભૂમિકાથી રંગાયેલા અહમ્‌ભર્યાં મનની ભૂમિકામાંથી થતું રહેતું કર્મ સત્યની ભૂમિકાવાળું કેવી રીતે હોઈ શકે એનો માનવી કદી પણ વિચાર કરતો હોતો નથી. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૫૨)

*　　　　　*

વૃત્તિ થતાં તે ગતિ કરાવે જ. વૃત્તિનો અર્થ જ તે પ્રમાણેની ગતિનું ઉત્પન્ન થવું. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૫૩)

*　　　　　　*

કર્મમાં જ્યાં સુધી અહમ્ પ્રવર્તે છે, ત્યાં સુધી જીવને કદી મુક્તિ નથી. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૫૪)

*　　　　　　*

માનવી સાધારણપણે મળેલું કે કમાયેલું ધન યદ્વાતદ્વાપણે વેડફી દેતો હોતો નથી; પરંતુ જીવને નૈસર્ગિકપણે મળેલી કામવૃત્તિ આદિની મૂડી કે શક્તિ, એને તો તે બેફામપણે નશાના ઘેનથી ઘેરાઈને સ્વચ્છંદતાપૂર્વક ગમે તેમ ને ગમે તેટલી વેડફ્યા કરે છે, ને તેમ કરવાથી તે તે વૃત્તિ આદિનું સ્વરૂપ વિકૃત થતું જશે, એવું ભાન પણ એને રહેતું નથી.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૫૫)

*　　　　　　*

કાર્ય ગમે તે અને ગમે તેવું હોય; તે કરતી વેળા માનવીની ચિંત્વનભાવની ભૂમિકા જેવા પ્રકારની રહે છે, તેવા ભાવ પ્રમાણે કર્મનું પરિણામ નીપજતું રહે છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૫૮)

*　　　　　　*

વ્યવહારમાં પુરુષાર્થ જેટલો નથી શોભતો તેટલો તે પરમાર્થમાં શોભે છે. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૬૦)

*　　　　　　*

સંક્રાન્તિકાળ એ જૂના અને નવા કાળ વચ્ચેનો ભારેમાં ભારે મંથનકાળ છે. ('જીવનપ્રેરણા', આ.૪, પૃ. ૧૪૮)

*　　　　　　*

ઊથલપાથલ થયા વિના નવસર્જનને યોગ્ય વ્યવસ્થા ઊભી

થઈ શકતી નથી. ('જીવનપ્રેરણા', આ.૪, પૃ. ૧૪૮)

*　　　　　　*

દુ:ખમાં પણ સૂક્ષ્મપણે સુખ રહેલું છે.

('જીવનપ્રેરણા', આ.૪, પૃ. ૧૪૯)

*　　　　　　*

જ્ઞાનપૂર્વકની જાગેલી મહત્તાનું સ્થાન ચિરંજીવી છે; જ્યારે મહત્તાથી અંજાઈ જવું એ તો જડ દશા પણ હોય. તેવી દશામાં વિકાસની ગતિ થવી શક્ય નથી.

('જીવનપ્રેરણા', આ.૪, પૃ. ૧૫૨)

*　　　　　　*

પ્રત્યેક મથતા જીવને પોતાના જીવનવિકાસને માપવા કાજેનો કોઈ એક પ્રકારનો ગજ તેના પોતાનામાં ઊગી જવો જોઈએ. ('જીવનસંદેશ', આ.૨, પૃ. ૫૩)

*　　　　　　*

લગની વિના રસ ઉત્પન્ન થઈ શકતો નથી અને રસ વિના મન ઠરી શકતું નથી.

*　　　　　　*

માનવીજીવનનો પ્રત્યેક વ્યવહાર વિશ્વાસના મૂળ પાયા પર જ નભતો જતો હોય છે.

*　　　　　　*

જ્યાં વિશેષ ગરજ છે, ત્યાં જીવને ઝાઝી શંકા થતી નથી.

*　　　　　　*

પ્રત્યેક માનવીમાં પ્રભુ પાસે જવાની શક્તિ છે એટલું જ નહિ, પણ ભગવાન તો સદાય સાદ પાડતા જ હોય છે; આપણે માનવી જ એની પાસે જતાં નથી.

('જીવનપગરણ', આ.૩, પૃ. ૧૫)

*　　　　　　*

સાધનાપથે સર્વ રીતે અને સર્વ ભાવે ભિખારી થવું પડશે. ત્યાં નર્યું સુખ નથી, રાતદિન જહેમત ઉઠાવ્યા કરવાની રહે છે.

('જીવનપગરણ', આ.૩, પૃ. ૨૯)

*  *

મનથી જેટલું અન્યથા આપણે ભટકવાનું રાખ્યું, તેટલું પારાવાર નુકસાન થવાનું છે. ('જીવનપગરણ', આ.૩, પૃ. ૨૯)

*  *

ચર્ચાથી મતાગ્રહ વધે છે ને અહમ્ પણ.

('જીવનપગરણ', આ.૩, પૃ. ૩૭)

*  *

જ્યાં રસ છે ત્યાં એની સાથેની હારમાળા પણ હોવાની કે આવવાની જ. ('જીવનપગરણ', આ.૩, પૃ. ૪૦)

*  *

દાનવૃત્તિ કરુણાવૃત્તિમાંથી નીપજે છે. કરુણાવૃત્તિનો પણ આપણે આપણામાં ને આપણા માટે ઉપયોગ કરવાનો છે.

('જીવનપગરણ', આ.૩, પૃ. ૫૮)

*  *

જે કંઈ સાધન કર્યાં કરીએ એ સાધનાના મૂળમાં ભાવ-ના ઊંડાણને વધાર્યાં કરવાનું છે. ('જીવનપગરણ', આ.૩, પૃ. ૭૩)

*  *

ચીવટાઈ-ચોકસાઈ હોય તે સારું છે, પરંતુ તેમાં ચીકણાઈ ન હોવી ઘટે. ('જીવનપગરણ', આ.૩, પૃ. ૯૬)

*  *

કરકસર પણ સારી વાત છે, પરંતુ પાંચ, પચાસ, પાંચસો કે પાંચ હજાર ખર્ચી નાંખવા પડે તો મનમાં ખૂંચ કે ખેંચ ન જાગવી જોઈએ. ('જીવનપગરણ', આ.૩, પૃ. ૯૬)

*  *

વ્યવસ્થા ઇચ્છનીય છે, પરંતુ ગેરવ્યવસ્થા થાય તોયે કદી આપણી વૃત્તિ ડહોળાઈ જવી  ન ઘટે.

('જીવનપગરણ', આ.૨, પૃ. ૭૭)

*  *

સ્વચ્છતા આવકારલાયક છે, પરંતુ સાથે સાથે એટલી જ ગંદકીવાળી જગામાં રહેવાનું આવે તોપણ ચિત્ત સ્થિર રહી શકે એવી તૈયારી હોવી જોઈએ.  ('જીવનપગરણ', આ.૨, પૃ. ૭૭)

*  *

સર્વ પ્રકારના સંકોચો ને શરમને સાધકે દૂર દૂર ફગાવી દેવાં જોઈશે—તેના હેતુના જ્ઞાનભાન સાથે.

('જીવનપગરણ', આ.૩, પૃ. ૧૦૦)

*  *

બીજાંના ગજે જે પોતાને માપવા ને મપાવા ઇચ્છે છે, એનામાં જાહેર હિંમત ને સાહસ કેળવાઈ શકાવાનાં જ નથી.

('જીવનપગરણ', આ.૩, પૃ. ૧૦૧)

*  *

આપણે માની લીધેલી રીતભાતો-રિવાજો-ટેવો વગેરેને છોડી દેવાને માટે આપણે મનને, પ્રાણને, શરીરને આઘાતો આપવા પડશે ને ટેવો વગેરેથી કેટલીક વાર ઊંધું પણ ચાલવાનું આવશે. આ બધાનો અર્થ પાછો એવો નથી કે આપણે સત્યને રસ્તે ન ચાલવું.  ('જીવનપગરણ', આ.૩, પૃ. ૧૦૩)

*  *

આપણાં કરણો જેટલાં પ્રમાણમાં વિશુદ્ધ થયાં હશે તેટલાં જ પ્રમાણમાં આપણું સત્ય પણ સત્ય હશે.

('જીવનપગરણ', આ.૩, પૃ. ૧૦૩)

*  *

બુદ્ધિથી સૂઝેલા સત્યની શ્રદ્ધાએ અનુભવથી નક્કર હકીકતનું સ્વરૂપ જ્યાં સુધી લીધું નથી, ત્યાં સુધી એ સત્ય પચ્યું છે એમ ન ગણાય; આખરે તો શ્રદ્ધા જ્યારે વાસ્તવિક બને ત્યારે કામ પાકવા માંડે. (‘જીવનપગરણ’, આ.૩, પૃ. ૧૧૪-૧૫)

*　　　　*

નમ્રતા એક વસ્તુ છે ને લાઘવ-ગ્રંથિ (inferiority complex) જુદી વસ્તુ છે. (‘જીવનપગરણ’, આ.૩, પૃ. ૧૧૫)

*　　　　*

શાસ્ત્રો વગેરે બધું આપણામાં જ છે, એ દરેક સંતપુરુષ અને ભક્તજનના અનુભવનું નવનીત છે.

(‘જીવનપગરણ’, આ.૩, પૃ. ૧૨૭)

*　　　　*

સંતોએ અને ભક્તોએ ભગવાનની આગળ પોતાની જાતને અત્યંત પાપી, નીચ, પામર વગેરે અનેક વિશેષણોથી નવાજી છે. તે વખતે એમનું માપ દુનિયાદારીના લોકોના જીવન સાથેની સરખામણીનું નથી હોતું. એમનું એ માપ તો એમની અને પ્રભુની વચ્ચે જે અંતર પડેલું છે, તેનું છે; ને જે દર્દ આર્દ્ર હૃદયથી પોકાર ઉઠાવ્યા, પાડ્યા કરે છે એ એમને એવું બોલાવે છે.

(‘જીવનપગરણ’, આ.૩, પૃ. ૧૨૯)

*　　　　*

ગમે તે ક્ષેત્રમાં એકાગ્રપણે, ઉમંગથી, ખંતથી વળગ્યાં રહીને અવિશ્રાંતપણે કામ આપણે કર્યું હશે તો એનાથી જે મનોવિકાસ થાય છે, તે બીજાં ક્ષેત્રોમાં પણ ઉપયોગમાં આવે છે જ.

(‘જીવનપગરણ’, આ.૩, પૃ. ૧૪૪)

*　　　　*

હૃદયમાં જો એક વાર શુદ્ધ પ્રેમ ઉદ્‌ભવી શક્યો, તો એ પ્રેમ એકીસાથે કેટલાંયને એટલા જ પ્રમાણમાં ઊંડા અંતરથી ચાહી શકે છે. એવા પ્રેમને કોઈ મર્યાદા નથી, જાત નથી. એ પ્રેમમાં કોઈનું નડતર ન હોઈ શકે, તેમ જ એ પ્રેમ કોઈને નડતરરૂપ પણ ન બની શકે.

('જીવનપગરણ', આ.૩, પૃ. ૧૫૩)

*　　　　*

તીવ્રતાના વેગથી જો આપણી શક્તિ રૂંધાઈ જતી લાગે, તો એ તીવ્રતા સાચી તીવ્રતા નથી પણ વલવલાટ છે.

('જીવનપગરણ', આ.૩, પૃ. ૧૭૩-૭૪)

*　　　　*

આપણે આપણી મરજી પ્રમાણે ઘડાવાનું નથી; ભગવાનની મરજી પ્રમાણે ઘડાવાનું છે. ('જીવનપગરણ', આ.૩, પૃ. ૧૮૫)

*　　　　*

અસંતોષ ભલે રહે, ભલે તલસાટ રહે, પણ કોઈ જાતની અકળામણ તો ન જ રહેવી જોઈએ.

('જીવનપગરણ', આ.૩, પૃ. ૧૮૬)

*　　　　*

ભગવાનનો ભાવ આપણામાં ત્યારે જ ઊતરશે કે જ્યારે આપણે સર્વતોમુખી રહેવા છતાં પ્રાધાન્યતઃ એકાગ્રપણે કેન્દ્રિતતાથી હૃદયમાં રહેવાનું રાખીશું.

('જીવનપગરણ', આ.૩, પૃ. ૧૯૨)

*　　　　*

પ્રત્યેક પળના કાર્યની ગતિ આપણી અંદરની આધ્યાત્મિક

કે દૈવી ચેતનાને આપણાથી મદદ થતી રહે છે કે નહિ એ વિશે ખબરદારી રખાય એનું નામ જાગૃતિ.

('જીવનપગરણ', આ.૩, પૃ. ૨૦૯)

*　　　　　*

જગતમાં પ્રકૃતિની રમત પણ આપણે જ રમીએ છીએ અથવા એના મૂળમાં કે વચ્ચે આપણે છીએ; જેમ પૈડાંમાં વચ્ચે લોઢાની ધરી હોય છે ને એનાથી પૈડાં ચાલ્યાં કરે છે તેમ.

('જીવનપગરણ', આ.૩, પૃ. ૨૧૪-૧૫)

*　　　　　*

જેમ સેવાના ક્ષેત્રમાં પડતાં એમાંથી આપણને વેગ મળશે એમ કલ્પીએ છીએ, તેમ આપણા ઘરના ક્ષેત્રમાંથી પણ તેવું જ ચેતન સાંપડવું ઘટે છે; ને સાંપડી પણ શકે. જો બહારના સેવાના ક્ષેત્રમાંથી આપણને મદદ મળે તો ઘરમાંથી શા માટે નહિ? ઊલટું બહારની સેવામાં, ઘરનાંઓનાં કરતાં, સેવા લેનારની પ્રેમવૃત્તિ ઓછી હોય છે, એટલે ઘરના કરતાં ત્યાંથી તો મદદ ઓછી મળવા સંભવ રહે છે. ('જીવનપગરણ', આ.૩, પૃ. ૨૪૦)

*　　　　　*

સાધના ઘરેડ થતાં નિષ્પ્રાણ બની જાય છે. આજમાં ગઈ કાલ અને આવતી કાલ સમાયેલી છે. ને આવતી કાલ કેવી બનવાની છે એની ચાવી આજના વર્તમાન વિષે જીવવાની કળામાં રહેલી છે.

*　　　　　*

આપણાં કાર્યો આપણા સ્વભાવની ઉપરવટ રહીને કરવાનાં છે. સદ્ તેમ જ અસદ્ બન્નેમાં સ્વભાવના-પ્રકૃતિના પ્રેરાવ્યા આપણે ન વર્તીએ એવી આપણી ચેતના પ્રગટેલી હોવી ઘટે.

*　　　　　*

જેમ યોગ એટલે સ્વચ્છંદતા નથી તેમ યોગને કશાં બંધનો પણ હોઈ શકતાં નથી. યોગીને કશા વિધિનિષેધ નથી. યોગમાં સ્વચ્છંદતા કે વિલાસિતા શક્ય નથી.

('જીવનપગથી', આ.૩, પૃ. ૪)

*                *

અપરિગ્રહનો એક ઉત્તમ અર્થ મનમાં કોઈ પણ વાતને, અભિપ્રાયને-મંતવ્યને જકડીને સંગ્રહી ન રાખવો એ પણ છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૪)

*                *

વિચારો કર્યા કરવાની આદત સાધનામાં હરકતરૂપ છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૫)

*                *

કરકસર એ સારી વસ્તુ છે, પરંતુ તે કરવાની વૃત્તિ શેમાંથી ઉદ્‌ભવે છે તે જોવું જોઈશે. તેવી વૃત્તિ કેટલીકવાર ધનસંપત્તિ ઉપર માલિકીની ને સંઘરો કરવાની વૃત્તિમાંથી પણ જન્મે છે. લાખો રૂપિયાનું ધર્માદા ટ્રસ્ટ કર્યું હોય, એવા માણસો પણ પૈસાને જકડીને પકડી રાખતા જોયા છે. વળી કરકસરનાં આપણાં ધોરણો સેળભેળવાળાં હોય છે. આથી પ્રથમ તો એનાથી ઉપર જવાનું એક વાર કરવાનું છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૫)

*                *

સાધકનો આધાર નૈતિક ભૂમિકાનો મટી જઈને યૌગિક ભૂમિકાનો જન્મેલો હોવો જોઈશે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૫-૬)

*                *

પ્રકૃતિનો સદંતર ત્યાગ કરવો એ આપણી દુનિયાની ઉત્પત્તિનો હેતુ હોય એમ જણાતું નથી. ('જીવનપગથી', આ.૩, પૃ. ૯)

*                *

આપણી મુક્તિ કંઈ જન્મ-મરણનો ફેરો ટાળવા માટે નથી. એ મુક્તિ એટલે પુરુષની પોતાની સાહજિક, સ્વતંત્ર, ચેતનાત્મક શક્તિ, પોતાની પ્રકૃતિમાં સિદ્ધ કરવી તે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૯)

* *

માનવી જેવા વિચારોનું સેવન કરતો હોય તેવા વિચારનાં આંદોલનો સ્વાભાવિક રીતે એની આજુબાજુના વાતાવરણમાં પ્રસરતાં જાય છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૧)

* *

વખત આવ્યે જ સાધન કર્યા કરતા હોઈશું એને પણ છોડી દેવું પડશે. એટલે સાધન પણ એટલું વહાલું નથી, જેટલું ધ્યેય, સાધ્ય.

બહુશાખાપણામાંથી એકાત્મભાવમાં પરિણમવું જ પડશે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૪)

* *

વિશેષ વ્યક્તિઓનું મૌન તેમની વાણી કરતાં પણ ઘણી વાર વધુ અસરકારક નીવડે છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૧)

* *

જિજ્ઞાસાને પકવવા માટે મહેનત કરવી જ પડશે. એ મહેનતમાં જેટલા પ્રમાણમાં પ્રેમ-રસ રેલાશે તેટલા પ્રમાણમાં આપણામાં સ્વયંસ્ફુરિત ભાવ જાગવાનો છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૨૨)

* *

જન્મસિદ્ધો પણ પુરુષાર્થ કરે છે. મુક્તાવસ્થા પામતાં પહેલાં કે અવતાર સ્વરૂપે પ્રગટ થતાં પહેલાં એમને પણ પ્રબળ વેગ કરવો પડેલો હોય છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૨૩-૨૪)

* *

જિજ્ઞાસા થવી એ એક વાત છે ને તેમાંથી ભાવ જન્મવો એ બીજી વાત છે, ને તે ભાવ કર્મમાં અવતરતો થવો એ વળી જુદી હકીકત છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૨૩)

*　　　　　　*

ભૂલ થયા પછી એની ચિંતા કર્યાં કરવી એ તો 'ખાતરના ઉપર દિવેલ'ના જેવું છે. એ તો ઊલટું અંધારામાં અથડાવા જેવું છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૨૪)

*　　　　　　*

સાધનામાં પણ ડૂબી જવાનું ન હોય. મહાપુરુષોનાં જીવનચરિત્રો બાગમાં ખીલેલાં ગુલાબનાં ફૂલો જેવાં છે.
('જીવનપગથી', આ.૩, પૃ. ૨૬)

*　　　　　　*

જ્યાં મંથન થાય છે ત્યાં કાળકૂટ વિષ પણ ઉપર આવવાનો સંભવ રહે છે; પરંતુ એને પી જવા જેટલાં હિંમત ને સાહસ આપણે કેળવવાનાં છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૨૮)

*　　　　　　*

આપણે પોતે આપણી જાતને જ આપણું પૂરું મનાવી શકતા નથી, તો બીજું કોઈ આપણું માને એવો ભ્રમ રાખવો એ બેહૂદું છે !
('જીવનપગથી', આ.૩, પૃ. ૨૯)

*　　　　　　*

આપણે જો વર્ષાઋતુ બેસતાં પહેલાં સાફસૂફી કરીને, ખેડીને, જમીન પોચી કરીને, ખાતર વગેરે નાંખીને તૈયાર રાખીશું તો ઈશ્વરકૃપાથી વરસાદ પડતાં એમાંથી બીજના (આપણામાં બીજ તો વવાયેલું જ છે) ફણગા ફૂટી નીકળશે. માટે આપણું કામ તો ખેતરને ખેડીને, વાડો વગેરે મજબૂત કરીને, ખાતર નાખીને તૈયાર કરવાનું છે ને પછી વરસાદની રાહ જોયાં કરવાની છે.
('જીવનપગથી', આ.૩, પૃ. ૩૧)

*　　　　　　*

આપણે જેમ વધુ એકાગ્ર થઈએ છીએ તેમ સામેના બળનું જોશ પણ વધે છે, માટે આપણે એનાં સકંજામાં ન સપડાઈ જઈએ તે બાબતમાં વધુ સાવધાન રહેવાનું છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૩૨)

*　　　　　　*

આપણા વિચારોની અસર તથા આપણી વાસનાઓની અસર પણ આપણામાં તો બધે ફેલાય જ છે, તેમ બીજે પણ ફેલાય છે. આમ આપણાં વિચારો આપણને તેમ જ વિશ્વને ઘડતા હોય છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૩૫)

*　　　　　　*

સંકલ્પશુદ્ધિ એ પણ સાધનાનું એક મહત્ત્વનું અંગ છે. તે માત્ર વિચાર અટકાવ્યાથી શક્ય નથી. જ્યાં સુધી આપણામાં સંસ્કાર પડેલા છે, ત્યાં સુધી સંકલ્પશુદ્ધિ થવી શક્ય નથી.

('જીવનપગથી', આ.૩, પૃ. ૩૫)

*　　　　　　*

સંસ્કાર પણ ત્યારે જ લય પામશે કે જ્યારે આપણે પ્રભુમાં એકરાગ-તલ્લીન થઈ ગયાં હોઈશું.

('જીવનપગથી', આ.૩, પૃ. ૩૫)

*　　　　　　*

સૂરજ કરોડો માઈલ દૂર છે. છતાં એની ઉષ્મા આપણને લાગે છે જ; તો જે તત્ત્વ એનાથી તો ક્યાંય જબરું છે ને એનાથી નજીક પણ છે એની ઉષ્મા આપણને કાં ન લાગે ?

('જીવનપગથી', આ.૩, પૃ. ૩૮)

*　　　　　　*

આપણી થતી ભૂલોમાંથી આપણને આપણા સત્યનો રસ્તો સૂઝવાનો છે—પણ જો તે થતી ભૂલોનું તીવ્ર સંવેદનપૂર્વકનું

યથાર્થ ભાન થતું હશે તો જ. ('જીવનપગથી', આ.૩, પૃ. ૩૯)

*　　*

આપણે લાકડાં જેવાં શુષ્ક થવાનું નથી.

('જીવનપગથી', આ.૩, પૃ. ૪૦)

*　　*

આપણાં સર્જનથી જ આપણને આગળ જતાં મદદ મળ્યાં કરે તેવી રીતે આપણે વ્યક્ત થતાં જવાનું છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૪૦)

*　　*

લોઢાની મોટી લાટને કાપવાની હોય છે, ત્યારે નાની કરવતી વડે કામ લે છે, ને તે ઉપરાંત એની ઉપર ટીપે ટીપે પાણી પડ્યાં કરે છે, તેમ આપણે મન સાથે વર્તવાનું છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૪૧)

*　　*

મન નકામું નથી, બુદ્ધિ નકામી નથી; બન્ને આપણાં મિત્ર બની શકે છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૪૨)

*　　*

જ્યાં સુધી દુનિયાના વિષયોમાં કે બીજા ગમે તે કશામાં આપણું મન રહ્યાં કરશે, ત્યાં સુધી આપણા મૂળ કામમાં કદી તમન્ના જન્મવાની નથી. ('જીવનપગથી', આ.૩, પૃ. ૪૩)

*　　*

વાતાવરણમાંથી પણ કંઈ કંઈ ભાવનાઓનાં દર્શન થયાં કરતાં હોય છે ને શીખવાનું મળી શકે તેમ હોય છે, જો આપણામાં એવી જાતની જાગૃતિ કહો કે ચેતના ચૂસી લેવાની ભૂમિકા (જેમ શાહીચૂસ શાહી ચૂસી લે છે તેમ) કે તેવી કળા હોય તો.

('જીવનપગથી', આ.૩, પૃ. ૪૫)

*　　*

જેમ લોહચુંબક તો એની હદમાં આવી જતાં બધાં લોઢાને પોતાના સ્વભાવથી ખેંચતું જ રહેલું હોય છે, તેમ ભગવાન આપણને ખેંચવા તૈયાર જ છે; પરંતુ એ આપણને ખેંચે તેવી હદમાં આવી જવાનું  આપણે શિરે રહે છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૪૫)

*   *

અંતરમાં બીજને અંકુરિત કરવા માટે દિલમાં સતત પ્રેમરૂપી પાણીનું સિંચન કર્યાં જ કરવું પડશે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૪૭)

*   *

સમુદ્રના પેટાળમાં કે તળિયે જેમ મોતી જેવાં મૂલ્યવાન રત્નો છે, તેમ હૃદયમાંયે તેવાં રત્નો છે. જેટલા પ્રમાણમાં આપણી દષ્ટિ અંતરમુખી થશે એટલા પ્રમાણમાં બહારની દષ્ટિમાં પણ ફરક પડવાનો જ છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૫૦, ૫૨)

*   *

આપણી ક્રાન્તિ જેટલા પ્રમાણમાં આપણામાં થશે એટલા પ્રમાણમાં બહાર પણ થશે જ. ('જીવનપગથી', આ.૩, પૃ. ૫૨)

*   *

જીવનઆદર્શને સતત સામે રાખીશું તો આપણે કશાથી સંતોષાઈ જઈશું નહિ, તેમ જ એ હેતુની ઉત્કટ જિજ્ઞાસા ને તમન્ના રહેશે, તો કશામાં લપટાઈ પણ જઈશું નહિ.

('જીવનપગથી', આ.૩, પૃ. ૫૪)

*   *

ગમે તેવું અસત્ય હોય કે કચરા જેવું હોય પણ એ દરેકમાંથી જો આપણું મન સત્ત્વ ઝીલનારું થઈ શક્યું હશે તો ગમે ત્યાંથી

તેને જીવનવિકાસક ખોરાક મળી જ રહેશે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૫૪)

*                    *

કોઈનાય કામમાં મદદ કરવી એમાં કશું ખોટું નથી, પણ આપણે કોઈના મૂઢ હથિયાર બનીને તે કરવાનું નથી.

('જીવનપગથી', આ.૩, પૃ. ૫૯)

*                    *

આપણે જે ઉપજાવીએ તે જો આપણામાં સમન્વય ન ઉપજાવી શકે તો તે બાધક છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૬૧)

*                    *

આપણે જન્માવેલાં ભૂતો આપણને જ ગૂંગળાવે છે ને એમાં ડુબાવી દે છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૬૧)

*                    *

આપણી જાતને સતત આપણે ટોક્યાં કરીશું તો આપણે દીવાની દિવેટની જેમ બળ્યાં કરીશું ને આપણા પર મોગરા નહિ બાઝ્યા કરે. મોગરા બાઝશે તો આપણું તેજ ઘટવાનું છે ને એક વખત એવો આવે કે જ્યારે આપણે પૂરા હોલવાઈ પણ જઈએ.

('જીવનપગથી', આ.૩, પૃ. ૬૪)

*                    *

જો આપવાથી કરીને આપણા દિલની ભાવના ન વધે, આપણું મન ઉદાત્ત ન થાય, આપણી સંકુચિતતા દૂર ન હઠે તો તેવું આપવું વ્યર્થ છે. ઊલટું તેવું આપવું તો રૂંધનારું પણ નીવડે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૬૪)

*                    *

નિઃસંગ એટલે માણસોથી અલગ એમ નહિ; પણ વૃત્તિ, વિચાર, લાગણી, સુખ, દુઃખ આદિ કોઈ પણ જાતની લાગણી

ને આંતરિક મનાદિકરણોની પ્રવૃત્તિથી અલિપ્ત.

('જીવનપગથી', આ.૩, પૃ. ૬૭)

*                    *

આપણો માર્ગ કે યોગ એ કંઈ માત્ર ચારપાંચ કલાકનો નથી પરંતુ હરેક પળ માટેનો છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૭૦)

*                    *

આપણે આપણા ગમા-અણગમા, પસંદગી-નાપસંદગી, સારું-નરસું—આદિ વૃત્તિઓને બદલાવી દેવી પડશે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૭૦)

*                    *

આપણને જેની સૂગ કે જેનો દ્વેષ હોય તેને પહેલું ભેટવું, ને તે પણ અંતઃકરણના ઉમળકાથી.

('જીવનપગથી', આ.૩, પૃ. ૭૦)

*                    *

આપણને કોઈએ એક વસ્તુ ભેટ આપી હોય, તો એને કેટલા આદરપૂર્વક સંભાળીને કબાટમાં સારે ઠેકાણે ગોઠવીને શોભે ને સારું દેખાય એવી રીતે આપણે રાખીએ છીએ ! તો પ્રભુએ આપણને આ જીવન ભેટ આપેલું છે એનું મૂલ્ય પેલી ભેટ જેટલુંયે શું આપણે નહિ આંકીએ ?

('જીવનપગથી', આ.૩, પૃ. ૭૧)

*                    *

જ્યાં લગી આપણામાં Standards(મંતવ્યો કે ધારાધોરણ પ્રમાણે જ મૂલ્યાંકન કરવાની ટેવ) છે, ત્યાં લગી આપણી દૃષ્ટિ અને વૃત્તિ તેટલા પ્રમાણમાં સંકુચિત રહેશે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૭૨)

*                    *

જીવનનો નિચોડ અનુભવમાં છે, પણ 'અનુભવ' તો ત્યારે જ થાય કે જ્યારે એની પાછળ આપણે આપણા હેતુને પ્રત્યેક કાર્યમાં જીવતો જાગતો રાખી શકતા હોઈએ.

('જીવનપગથી', આ.૩, પૃ. ૭૪)

*                    *

આપણે ભગવાનમાં સતત યુક્ત રહેવાનો જીવલેણ પ્રયત્ન જ્ઞાનભક્તિભાવે કર્યાં કરીશું ને એવો યજ્ઞ અવિરત અને દીર્ઘ કાળ સુધી સદ્ભાવથી ચાલતો રહેશે તો  આપણામાં એવી આંતરિક ભાવના ખીલી ઊઠશે કે જેના પ્રતાપે સર્વ કંઈ થવું શક્ય છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૭૫)

*                    *

જગતમાં જો કોઈ ભારેમાં ભારે મોટો ચમત્કાર હોય તો તે પ્રેમની શક્તિનો છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૭૬)

*                    *

આપણે જે રીતે વિચાર કરીએ છીએ, તે જ રીતે તે ફરીને પાછા આપણામાં પેસતા હોય છે; એટલે નકારાત્મક વિચારો જેટલા ઓછા થાય તેટલું વધુ સારું; ને આખરે તો તે સપૂચા બંધ થવા જોઈશે; નહિ તો પાછા એ વિચારો બેવડા જોરથી, બેવડી ગતિથી, આપણામાં પેસવાના છે ને જીવનને નુકસાન કરવાના છે. વિચાર માત્ર અટકે તો તો સર્વથી ઉત્તમ.

('જીવનપગથી', આ.૩, પૃ. ૮૩)

*                    *

બહિર્માં એક દૃષ્ટિ રહી શકે તે માટે ભક્તિની જરૂર છે ને અંતરમાં એક થવાને માટે ધ્યાનની જરૂર છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૮૪)

*                    *

મનમાં ને મનમાં ધૂંધવાયા કરતાં ભડકો થવું વધુ સારું. બની શકે ત્યાં સુધી તો ધૂંધવાવાનું જ ન થાય તે ઉત્તમ વાત છે. ધૂંધવાયાં કરવાથી જેટલું નુકસાન થાય છે, એના કરતાં ઘણું ઓછું ભડકો થવાથી થાય છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૦૦)

* *

ભાવનાની કોઈ ઊર્મિ તેના સઘન અને તેજસ્વી સ્વરૂપમાં જામેલી થઈ ગઈ હોય, ત્યારે કહેલા બોલ ઝટ હૃદયમાં ઊતરી જાય છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૦૨)

* *

વડ મોટો થતાં તેમાંથી વડવાઈઓ ફૂટીને પાછી જમીનમાં મૂળરૂપે ચોંટે છે, પાકી જડ ઘાલે છે, ને તેમાંથી બીજો વડ પાછો ઉત્પન્ન થાય છે; એમ એક વડના અનેક વડ થઈ જાય છે. તેવી રીતે આપણી આંતરિક ભાવના ખીલીને હકીકતના રૂપમાં ખૂબ સઘન બને છે, ત્યારે બધી દિશાઓમાં તેના ફણગાઓ ફેલાઈને કામ કરવા માંડે છે; એવી રીતે તે પણ મહાન કબીરવડ જેવી ફાલે છે ને ફૂલે છે. તે પછી એ કેવી શીતળ છાયા આપે છે!

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૦૭-૦૮)

* *

કર્મના સંસ્કારોને લીધે જે જે કંઈ વિચાર ઊઠે, તે વિચારોના અંકોડા આપણે જોડવાના નથી. યોગની આ એક મોટી ક્રિયા છે. જેટલે અંશે જાગૃત રહીને આપણે આ વિચારપરંપરાને લય પમાડવાની ક્રિયા કરતા જ રહીશું, તેટલે અંશે ચિત્તનાં દ્વંદ્વ ને ગુણના સંસ્કારોની અસર આપોઆપ વિલય થવાની છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૧૧)

* *

જગતની શેહથી આપણે મુક્ત થવાનું છે. બધાંનાં દેખતાં

કે બધાં વચ્ચે અમુક તો આપણાથી ન થાય એવી વૃત્તિ પણ કાઢી નાંખવાની છે. અલબત્ત એમાં કેટલેક અંશે સદ્-અસદ્નો વિવેક જાળવવાનો રહેશે ખરો, પરંતુ તે તો ત્યારે આપણને આપોઆપ સૂઝી જશે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૧૫)

*  *

બાહ્ય જગતમાં જ્યારે આપણને સુમેળ સધાતો લાગ્યા કરશે, ત્યારે આપણે સમજી જવું કે અંદર પણ સુમેળ સધાતો જાય છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૧૫)

*  *

સમાજના કોઈ પણ અંગને તુચ્છકારીને આપણે કદી આગળ વધી શકવાનાં નથી. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૧૮)

*  *

આપણી દૃષ્ટિ આત્મલક્ષી હોવાની સાથે સાથે સર્વલક્ષી પણ હોવી ઘટે છે. કટ્ટરમાં કટ્ટર વિરોધી પ્રત્યે પણ પ્રેમ, સહાનુભૂતિ ને કદરની લાગણી હોવી ઘટે; એનું દૃષ્ટિબિંદુ પણ સમજવાને મથવું જોઈએ. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૧૮)

*  *

જ્યારે આપોઆપ કશું થઈ રહ્યું હોય, ત્યારે કોઈ પણ જાતનું આપણું ડહાપણ તેમાં ડહોળવું ન ઘટે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૨૦)

*  *

કોઈનો મત ફેરવવા માટે આપણું દૃષ્ટિબિંદુ ઠસાવવા જતાં તે દૂર થવાને બદલે કેટલીકવાર વધારે દૃઢ થાય છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૨૧)

*  *

આપણો પ્રેમ ક્યાંયે આપણને એકબીજાને માટે રાગમાં કે

આસક્તિમાં ન પ્રેરાવે એવો હોવો જોઈશે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૨૨)

* *

આપણે જો ભગવાનના થવું હશે કે તેની પાસે જવું હશે તો એની શરતોએ જ તેમ થઈ શકશે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૨૩)

* *

જેમ જેમ આપણી સ્વીકારાત્મક, ગ્રહણાત્મક શક્તિ ને ભાવના વધે છે અને તે વિષયના ચિંત્વનમાં ઊંડા ઊતરતા જઈએ છીએ, તેમ તેમ, જેમ વધારે સૂક્ષ્મ રીતે કહેવામાં આવે છે તેમ, વધારે સૂક્ષ્મ રીતે આપણે તે સમજવાને તૈયાર થતા રહીએ છીએ.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૨૪-૨૫)

* *

જે માનવીને પોતાને પોતાની ભૂલ જણાતી નથી, તેને તેની ભૂલ બીજાના કહ્યાથી કે બતાવ્યાથી ગળે ઊતરી શકવાની નથી. કદાચ સમજાશે તો તે એટલી મર્મવેધક નહિ હોય. એટલે આપણે પોતાની ભૂલ આપણી પોતાની મેળે જ શોધી લેવાને મથ્યાં કરવું જોઈએ. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૨૬-૨૭)

* *

આપણી જાત પ્રત્યે આપણે જેટલા વફાદાર રહીશું, તેટલા પ્રમાણમાં આપણે બીજાં પ્રત્યે પ્રામાણિક થઈ શકવાનાં છીએ.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૨૭)

* *

પ્રેમ કાળને ને સ્થળને લંબાવી શકે છે તેમ ટૂંકાવી પણ શકે છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૨૯)

* *

આધ્યાત્મિક જીવનમાં વ્યવહારુ અને આધ્યાત્મિક એમ બે અલગ અલગ ભાગ જીવનના પાડી શકાતા નથી.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૪૬)

*    *

"વાડ વિના વેલો ચઢે નહિ" એવી કહેવત છે; પરંતુ વેલાએ જો ચઢવું હોય તો તેણે ઊગવું રહે છે. એને ચઢવાનો આધાર વાડરૂપે નિર્માણ થઈ ચૂકેલો જ છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૫૫-૫૬)

*    *

સમજણ કોઈના સમજાવ્યાથી મળવી અને અનુભવમાંથી ઊગવી, એ બે વચ્ચે ઘણો ફરક છે. પોતાની મેળે જે સમજાય, તે જ ઊંડું ઊતરે છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૫૮)

*    *

જ્યાં સુધી અનુભવોનો યોગ્યપણે લાભ લેવાની શક્તિ, દષ્ટિ ને તેવી અભિલાષા પ્રગટી નથી, ત્યાં સુધી તે અનુભવ ઉપર ઉપરથી ચાલ્યો જાય છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૫૯)

*    *

જે વસ્તુ કરવાની હોય તે તો ત્યારે તુરતોતુરત ને હૃદયના સહજ ને સરળ ઉમળકાથી કરવી ઘટે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૬૦)

*    *

ભગવાન અને માયા એ બન્નેને એકીસાથે ભજી શકાશે નહિ. ભગવાનનાં દર્શન થતાં આંતરિક ક્રિયાઓમાં સહજપણે રૂપાંતર થયે જતું હોય છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૬૧)

*    *

જે જે બાબતોમાં જે જે અનુભવો થાય, તે અનુભવ-જ્ઞાનની સમજણ કે નક્કરપણું આપણા જીવનમાં પૂરેપૂરું ના ઊતરે, ત્યાં સુધી અનુભવ પૂરેપૂરો થયો છે કે કેમ તે ચોક્કસપણે કહી શકાય નહિ. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૬૪)

* *

ભગવાનનો ભાવ અત્યંત સૂક્ષ્મ હોવાથી આધાર વિના પકડી શકવો ઘણો દુર્લભ છે. એટલા માટે આપણા જીવનવિધાયક સાથેનો હૃદયનો જ્ઞાનભક્તિભર્યો જીવતો સંપર્ક એ સાધનાનું બહુ જરૂરી અંગ છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૬૬)

* *

ખરા શ્રદ્ધાળુને ને જિજ્ઞાસુને જીવનમાં કશાયથીયે અને ક્યાંયે પણ ગેરલાભ થવાનો સંભવ નથી. એની શ્રદ્ધા અને એનો હૃદયનો જિજ્ઞાસુભાવ એને જ્યાં ત્યાંથી ઉગારી લેશે. એવાને કોઈ છેતરી શકનાર નથી. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૬૭)

* *

આપણા જીવનના ધ્યેય વિષે આપણે આપણી જાતને વારંવાર સમજાવ્યા કરવાની રહે છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૬૮)

* *

વિજાતીય પરિચયો (ભાઈઓએ બહેનો સાથેનો અને બહેનોએ ભાઈઓ સાથેનો) પોતાની ભાવનાની દૃષ્ટિનો વિકાસ થયે જાય એવી રીતે સાધનાની દૃષ્ટિએ કેળવવાનો છે. સાધકને તે સિવાય બીજી દૃષ્ટિ ને વૃત્તિ હોઈ શકે નહિ.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૭૨)

* *

હરેક કાર્યમાં ને તે થતી વેળા ભગવાનની દૃષ્ટિ રહે અને

આપણી ભાવનાના વિકાસની દૃષ્ટિએ તેને આપણી સમજણમાં ને વર્તનમાં ઉતારવું જોઈશે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૭૩)

*                    *

જીવનનો સૂક્ષ્મની ભાવનામાં વિકાસ સાધવા માટે આપણે સ્થૂળ અનુભવોમાં સૂક્ષ્મ ભાવ સમજવાનો પ્રયત્ન કરવો પડશે.
('જીવનપગથી', આ.૩, પૃ. ૧૭૬)

*                    *

સ્વપ્નમાં વાસનાનો કંઈ એક પ્રકાર નથી. તેનું જોર જ્યારે પ્રબળ હોય છે, અને બાહ્યપણે બધી ઇંદ્રિયો જ્યારે નિશ્ચેષ્ટ અને નિષ્ક્રિય બનેલી હોય છે, ત્યારે તે ઇંદ્રિયોના મૂળમાં વાસના ઊંડી ઊતરે છે અને બાહ્ય ઇંદ્રિયો નિશ્ચેષ્ટ અને નિષ્ક્રિય હોવા છતાં તેમની તેમની પ્રકૃતિના સ્વભાવ પ્રમાણે તેમનો અનુભવ ત્યાં ત્યાં તે લે છે.
('જીવનપગથી', આ.૩, પૃ. ૧૭૭)

*                    *

જે સ્થિતિમાં મુકાયા હોઈએ તે સ્થિતિમાં ને તેમાંથી જ આપણે આપણો વિકાસ સાધવાનો છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૭૭)

*                    *

સંસારનું કોઈ પણ ક્ષેત્ર એવું નથી કે જ્યાં રહીને ભગવાનને ભજી ન શકાય. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૭૭)

*                    *

સાધનાના માર્ગમાં 'ત્યાગ' કે 'બલિદાન' કરવાપણું કશું નથી. એ તો થયે જતું અનુભવાય તો જ યોગ્ય. આપણે તો આપણું બધું સમર્પણ કર્યા કરવાનું છે.
('જીવનપગથી', આ.૩, પૃ. ૧૭૭)

*                    *

વિકસતી જતી અને વિકસેલી લાગણીઓ અને ભાવનાઓનાં

જ્યારે પૂર આવે ત્યારે તેમને વ્યક્ત ન કરી દેતાં નામસ્મરણ સાથે તેને ઊંડે ને ઊંડે દિલમાં ભાવનાપૂર્વક ઉતારવાનો પ્રયત્ન કરવો.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૭૯)

*　　　　*

પતિ-પત્નીનો સંબંધ વાસનાઓનું ઊર્ધ્વીકરણ કરવા માટે છે. એટલે કે તેને શુદ્ધ અને ઊંચા પ્રકારની કરવા માટે છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૮૦)

*　　　　*

પ્રત્યેક સંબંધ આપણી આંતરિક ચેતનાને જીવતીજાગતી રાખવાને કાજે છે;—પછી તે વ્યાવહારિક હોય, સાત્ત્વિક હોય કે આધ્યાત્મિક હોય;—એવો જ્ઞાનપૂર્વકનો પૂરેપૂરો ખ્યાલ દરેક સાધકે અંતરમાં રાખવો ઘટે છે. સંબંધ ને સંપર્ક જીવને જીવદશામાં પ્રેરે છે કે આત્મદશામાં પ્રેરે છે, એ એણે પ્રત્યેક પ્રસંગમાં વિચારવું જોઈશે. જ્યાં સુધી જગત ને વ્યવહારમાં છે, ત્યાં સુધી સંબંધ હોવાનો ને રહેવાનો. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૮૦)

*　　　　*

ભાવનાત્મક ઉત્તેજના જાગે છે, ત્યારે તેમાં ડૂબી જવાય તો તે પણ યોગ્ય નથી. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૮૦-૮૧)

*　　　　*

આપણે જ્યારે બીજાને વિષે અન્યથાપણે કંઈ વિચારીએ છીએ, ત્યારે આપણે પોતાનામાં એ વૃત્તિનાં બીજ વાવીએ છીએ.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૮૭)

*　　　　*

વિચારો ન જન્મે તે ઉત્તમ છે; પરંતુ તામસ કે જડતાભરી પ્રકૃતિવાળાને વિચાર નહિ થાય, તો તે બરાબર નથી. જેનામાં

રજસ પ્રકૃતિ છે, તેનામાં તો વિચાર થવાના જ. સત્ત્વગુણપ્રધાન પ્રકૃતિવાળાને વિચારમાં સમતા પ્રગટેલી હશે.

(‘જીવનપગથી’, આ.૩, પૃ. ૧૮૭)

*    *

આપણા વિચારો આપણને ઘડે છે એટલે અંતર્મુખી અને એક જ ભાવનાના એકલીનતાયુક્ત વિચારો રહે તે જરૂરનું છે. વિચારોની સાંકળ કદી ન જોડ્યા કરવી.

(‘જીવનપગથી’, આ.૩, પૃ. ૧૮૭)

*    *

જેમ શબ્દનાં-અવાજનાં મોજાં વાતાવરણમાં ફેલાઈ જાય છે એ સિદ્ધ હકીકત છે, એમ વિચારનાં પણ મોજાં થાય છે ને તે વાતાવરણમાં ફેલાય છે. (‘જીવનપગથી’, આ.૩, પૃ. ૧૮૮)

*    *

આપણો કોઈ જીવતો જાગતો ચોકીદાર હોય તો તે આપણી ઊર્ધ્વગામી થવાની જાગેલી તમન્ના છે.

(‘જીવનપગથી’, આ.૩, પૃ. ૧૯૮)

*    *

મનના જીવદશાના વલણને જેમ જેમ વધુ વળગીશું, તેમ તેમ આપણું જીવપણું વધુ ઉત્કટ બનતું જવાનું.

*    *

હૃદયની આંખો એટલે તાટસ્થ્ય અથવા વિવેકદષ્ટિ.

(‘જીવનપગથી’, આ.૩, પૃ. ૨૦૫)

*    *

કોઈ પણ પ્રકારના ઊર્ધ્વગામી પથિકને એના ઉત્સાહમાં, એના વલણમાં, એના જોમમાં, સાહસમાં, હિંમતમાં ને

હોમાવાની તમન્નામાં કોઈ પણ જાતનો દ્વિધાભાવ થાય, એના દિલમાં ગડમથલ કે તેવું હલનચલન થાય એવું કશું આપણાથી ન થવું ઘટે. કોઈનોય દૃષ્ટિભેદ કે મતિભ્રમ કરાવવામાં આપણાથી ન પડાય. (‘જીવનપગથી’, આ.૩, પૃ. ૨૧૪)

* *

જે જે પરિસ્થિતિમાં આપોઆપ આપણે મુકાતા જઈએ તે તે પરિસ્થિતિનો ધર્મ બજાવતાં બજાવતાં અને તેવી રીતે તેને આપમેળે છોડતાં છોડતાં આપણે આપણો માર્ગ કાપવાનો છે.

(‘જીવનપગથી’, આ.૩, પૃ. ૨૧૬)

* *

આધ્યાત્મિક માર્ગમાં—કે કોઈ પણ માર્ગમાં—કોઈની પાછળ તણાતા જવામાં આપણને ઝાઝું બળ કે પ્રેરણા મળતાં નથી. જો આપણે સ્વતંત્રપણે એમાં ઝંપલાવ્યું હોય છે તો એમાં આપણું પોતાનું બળ કાર્ય કરે છે.

(‘જીવનપગથી’, આ.૩, પૃ. ૨૧૮)

* *

યુદ્ધ આપ્યાં કરવાથી આપણામાં જાગૃતિ રહ્યાં કરે છે. જ્યાં યુદ્ધ નથી હોતું, ત્યાં તૈયારી પણ કશી રહેતી નથી, ને જાગૃતિ પણ કશી હોતી નથી.

* *

હૃદયનો જન્મેલો આદરભાવ તો જીવનને પલટાવવાને ને જીવનની નવી ગતિ કરાવવાને ઘણો ઘણો જરૂરનો થઈ પડે છે.

(‘જીવનમંડાણ’, આ.૫, પૃ. ૧૩)

* *

જે તે બધું થતું હોય તે કંઈ આપણાથી થતું હોતું નથી, પણ આપણામાં જે ચેતન રહેલું છે, તેને લીધે તે તે બધું થતું હોય છે.

(‘જીવનમંડાણ’, આ.૫, પૃ. ૧૩)

* *

સાધના એટલે જીવસ્વભાવને પલટાવવાની કે ઉલટાવવાની જ્ઞાનપૂર્વકની પ્રક્રિયા.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૪)

*　　　　　*

જો વિવેક ન પ્રગટે તો તે સાધના નથી. વિવેકની ભૂમિકા તો તટસ્થતા, સમતા આદિ ભાવોની સાથે રહેલી છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૭)

*　　　　　*

જે જીવ જાગ્રત રહે છે, તે પડતો છતાં ઊભો થવાનો જ છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૮)

*　　　　　*

ભગવાનનું નામ ભુલાતાં આપણને અસહ્ય વેદના પ્રગટવી ઘટે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૯)

*　　　　　*

શ્રીભગવાનનાં ચરણકમળમાં જ્ઞાનભક્તિપૂર્વકની સંપૂર્ણ શરણાગતિ આપણા એકએક કરણની થઈ ગયા બાદ પ્રકૃતિનું દિવ્ય રૂપાંતર થયાં કરતું હોય છે; તે વિના નહિ.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૯)

*　　　　　*

માનવના હૃદયમાં જાગલો સદ્ભાવ જ બીજાનાંમાંનું જે ઉત્તમ તત્ત્વ છે, તેને પારખી લેતો હોય છે. મૂલ્ય કે મહત્ત્વ સદ્ભાવનું જ રહેલું છે. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૨)

*　　　　　*

બધાંની સાથે જ્ઞાનભક્તિપૂર્વકનો હૃદયનો સુમેળ સાધતા રહેવામાં જીવનની યથાર્થતા છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૨-૨૩)

*　　　　　*

જીવનને સર્વતોમુખી બનાવવાનું છે, નહિ કે કૂવામાંના દેડકા જેવું. (‘જીવનમંડાણ’, આ.૫, પૃ. ૨૪)

*  *

સંસાર એ જીવનના પમરાટને બહેલાવવા કાજે મળેલી તપશ્ચર્યાની ભૂમિકા છે. (‘જીવનમંડાણ’, આ.૫, પૃ. ૨૫)

*  *

જીવનનો રસ સંસારમાં નથી, પણ અંતરમાં છે. વ્યક્તિનું જ વિસ્તાર-સ્વરૂપ સંસાર છે. (‘જીવનમંડાણ’, આ.૫, પૃ. ૨૫)

*  *

સંસારમાં બીજાંને તથા બીજાંનું કશું ન જોતાં જે જીવ માત્ર પોતાનું પ્રતિબિંબ તેમાં જોયાં કરીને, ત્યાં જે રીતે પોતાને મઠારવાનું સૂઝે તેમ તે જો પોતાને રચનાત્મકપણે મઠારવાનું કર્યાં કરે તો સંસાર જેવી પાઠશાળા કે ગુરુ બીજે ક્યાંય પણ નહિ મળી શકે. (‘જીવનમંડાણ’, આ.૪, પૃ. ૨૪)

*  *

સંસારમાં સંસારની રીતે જીવવાથી તો જીવન ઉકરડો બનશે. (‘જીવનમંડાણ’, આ.૫, પૃ. ૨૬)

*  *

દરેક વૃત્તિથી અલગ રહેવાનો ને હોવાનો જ્ઞાનપૂર્વકનો પ્રયત્ન રાખવો ઘટે.

*  *

જીવનની ભાવનાને આકાર પમાડવા કાજે ભૂમિકાની પ્રથમ જરૂર રહે છે. (‘જીવનમંડાણ’, આ.૫, પૃ. ૨૬)

*  *

જે કોઈ જીવ પોતાની લાચારીની વાત કરે છે, તેવો જીવ જીવનવિકાસના માર્ગે કદી આગળ ધપી શકવાનો નથી. જ્યાં

શક્તિ નથી, ત્યાં જ લાચારી ને પામરતા છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૯)

*                    *

લાચારી પામવાપણામાં તો નરી નામર્દાઈ છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૯)

*                    *

શ્રદ્ધા જેમ ભાવ-જ્ઞાનમૂલક છે, તેમ પાછી શક્તિપ્રેરક પણ છે. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૩૦)

*                    *

સાત્ત્વિક નમ્રતાની જીવનવિકાસના માર્ગે જેટલી જરૂર છે, તેટલી જરૂર જીવનને ટટાર રાખવાપણામાં પણ રહેલી છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૩૧)

*                    *

સાચી ભક્તિ પ્રગટતાં બુદ્ધિની સૂક્ષ્મતા પ્રગટે છે. ભક્તિમાં ઘેલછા નથી. ભાવયુક્ત ધૂન છે ખરી.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૩૩)

*                    *

ભક્ત કશાથી હારી જતો નથી, કશાથી ભાગતો નથી. જે જે આવી મળે તેને પ્રભુકૃપાપ્રસાદી સમજી તેનો તે પ્રેમભક્તિભાવે જ્ઞાનપૂર્વક સ્વીકાર કરે છે. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૩૪)

*                    *

અજ્ઞાનમૂલક દશામાં થતો ત્યાગ તે ત્યાગ નથી, તે તો ખાલી ઘસડાવાપણું છે, તણાવાપણું છે. તેમાં નાછૂટકાપણાની લાગણી હોય છે ને લાચારીની દશા હોય છે. તેમાંથી ક્લેશ, સંતાપ, ઉદ્વેગ આદિ વધે છે ને જીવનનું કચડાવાપણું બને છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૩૬)

*                    *

આપણે આપણા કરતાં બીજાંને વધારે મહત્ત્વ સમજપૂર્વક આપવું. આપણને કોઈ સાચી રીતે સમજે કે નહિ તેની લેશ પણ પરવા કર્યા વિના બીજાંને આપણે સાચી રીતે સમજવાનો જાગ્રત પ્રયત્ન કરવાનો છે. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૪૨)

* *

જેનામાંથી આપણે પ્રેરણા મેળવવી છે, તેનું જીવતું જાગતું ભાવપૂર્વક ભાન આપણા વર્તનવ્યવહારમાં જો રાખ્યાં કરીએ, તો તેનું ચેતના-સ્મરણ પણ આપણામાં જાગતું રહે છે; ને આપણને બળ મળતું હોવાનો અનુભવ થાય છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૪૩)

* *

સકળ કંઈ કર્મ કરતાં કરતાં આપણા મનના આપણે સાક્ષી થતા રહેવું. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૪૬)

* *

જે જીવ જીવનવિકાસની ભાવનાને દૃઢાવી દૃઢાવીને, મનનાં બધાં વલણોને સમજી સમજીને ભાવનાનો વિકાસ કર્યે જાય છે, અને જ્યાં જ્યાં નકારાત્મક વલણ પ્રગટે ત્યાં ત્યાં થંભી જઈને તેના વહેણમાં ન તણાતાં તટસ્થતાથી એવા વલણને પ્રભુકૃપાથી નકારે છે, ઈન્કાર કરે છે, તેવો જીવ આજ નહિ તો કાલે જાગવાનો જ છે. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૫૩)

* *

જીવનવિકાસ સાધવાને કાજે મનોમંથન એ ઘણું ઘણું જરૂરનું અંગ છે. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૫૯)

* *

ઝાઝા વિચારો કર્યા કરવાથી આધ્યાત્મિક માર્ગે પળવાનું

બની શકે નહિ. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૬૫)

*　　*

ધ્યેય પરત્વેની અત્યંત ઉત્કટ અધીરાઈ અને તે સાથે સાથે અખૂટ ધીરજનો મેળ ખવરાવવો પડશે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૬૬)

*　　*

તપશ્ચર્યામાં નરી શુષ્કતા છે કે માત્ર કઠણાશ છે, એ ખ્યાલ ખોટો છે. આનંદપૂર્વક અને જ્ઞાનના હેતુથી, હૃદયના ઉમળકાથી જે તપ થાય છે, તેમાંથી તો ફૂલની જેમ જીવનમાં પમરાટ પ્રગટે છે અને જીવન ભર્યું ભર્યું લાગે છે. તપમાંથી તો ગુણ, શક્તિ ને જ્ઞાન પ્રગટે છે. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૬૮)

*　　*

સર્વ કંઈ ચોક્કસ લક્ષણોથી માપો. લક્ષણો વડે સમજવાની ટેવ પાડવાથી કદી પણ ભ્રમણામાં પડી જવાનું બનતું નથી.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૭૦)

*　　*

આધ્યાત્મિક માર્ગની કેડીનો અંત નથી. જ્ઞાનનો વિકાસ તો થયા જ કરે છે. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૭૨)

*　　*

હૃદયથી થયેલો કે પ્રગટેલો સાચો પસ્તાવો જીવનને એવી ને એવી દશામાં પડી રહેવા ન દઈ શકે. સાચા થયેલા પસ્તાવાથી જીવનની ગતિ ઊર્ધ્વ બને છે. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૭૫)

*　　*

આપણા જીવનમાં ને મનમાં જે બીજાં ઊગે છે, તેનું કારણ તે બીજાં નથી પણ આપણે પોતે જ છીએ.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૮૦)

*　　*

પોચી પોચી રૂ જેવી લાગણીથી જીવન કદી ઘડી શકાવાનું નથી. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૮૦)

*　　　　*

આપણા બધા જ આગ્રહો, મમતા, ઈચ્છા વગેરે બધું જો આપણે ટાળવાનું હોય, તો વડીલોનું કહ્યું કરવામાં આપણી બધી મમતા, ઈચ્છા, આગ્રહ, અહમ્ આદિ ટાળવાનું તે એક મોટામાં મોટું સાધન બની શકે છે. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૮૫)

*　　　　*

સંયુક્ત કુટુંબની ભાવનાને જો આપણે સાચી રીતે સમજતા હોઈએ, તો તેમાં ઘણા ગુણો કેળવવાની તકો મળ્યાં કરે છે.
('જીવનમંડાણ', આ.૫, પૃ. ૮૫)

*　　　　*

પ્રેમની ભાવનામાં એક જ પક્ષ છે.
('જીવનમંડાણ', આ.૫, પૃ. ૮૭)

*　　　　*

સાધના જેટલી આંતરિક પ્રકારની ને પ્રમાણની પણ છે, તેટલી જ ઉપરની રીતે બહારથી વ્યવહારુ પ્રમાણની પણ છે.
('જીવનમંડાણ', આ.૫, પૃ. ૮૮)

*　　　　*

જીવનમાં જ્યારે જ્યારે કોઈના તરફથી કંઈ સૂચન મળે, ત્યારે તેના બે ભાગ પાડી દેવા; ઉપયોગનું કે બિનઉપયોગનું. જે જે કંઈ કહેવાકથવામાં આવે કે સૂચવવામાં આવે ને જે કરવામાં કંઈ કશો ગેરલાભ ન હોય, એટલે કે ભાવનામાં ક્ષતિ ન ઊપજતી હોય, જે કરવામાં કશો વાંધો ન હોય, તેવું તો એકદમ સ્વીકારીને તુરતોતુરત કરી જ દેવું. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૮૮)

*　　　　*

સાધારણ રીતે નાની નાની બાબતોમાં કરવા કે ન કરવાપણામાં મનના આગ્રહ, મમતા, આસક્તિ વગેરેનું દર્શન કે વ્યક્તપણું થયાં કરતું હોય છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૮૮)

*　　　　　*

વૃત્તિ એ શક્તિસ્વરૂપ છે, જો જ્ઞાનભક્તિપૂર્વક એનો ઉપયોગ થતો હોય તો. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૫૬)

*　　　　　*

વૃત્તિથી જ વૃત્તિ ઘડાતી હોય છે. વૃત્તિ જાગ્યા વિના કશું બનતું નથી કે થતું નથી. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૫૬)

*　　　　　*

સાધનામાર્ગ પરત્વેની ભાવનાનું અનુશીલન અને પરિશીલન જીવનમાં સતત એકધારું થયા વિના કશો ઝાઝો ચંચુપ્રવેશ આમાં થઈ શકતો નથી.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૯૭)

*　　　　　*

બીજાંનો દોષ હૈયે વસે તો ત્યાં આપણે ચેતવું રહ્યું.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૯૮)

*　　　　　*

મન જો પ્રેમભક્તિથી, ભાવનાના વેગથી પ્રભુસ્મરણમાં મસ્તપણે ગુલતાન રહ્યાં કરે તો બીજા જીવોનું કશું અન્યથાપણે ટકોરેલું કે દુઃખદાયક કે કહેવું-કથવું આપણને તે રીતે લાગવાનું નથી. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૯૯)

*　　　　　*

આપણામાંનો પુરુષ જો જાગૃત બની જાય તો પછી પ્રકૃતિ, પ્રકૃતિ હોવા છતાં ને પ્રકૃતિની રીતે પોતે વહેતી હોવા છતાં, ને

પ્રકૃતિ પ્રકૃતિની રીતે ભાગ ભજવતી હોવા છતાં, તેમાં પ્રકૃતિપણું રહેતું હોતું નથી. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૦૦)

* *

નિરાશામાંથી જો આપણાં મન, બુદ્ધિ, પ્રાણ અને અહંકાર આપણને સચેતન ન બનાવતાં હોય તો આપણી એવી થયેલી નિરાશા તે પ્રાણના પ્રાકૃતિક સ્વભાવની છે એમ સમજવું.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૧૨)

* *

ભાવના જો જીવનના ઘડતરને યોગ્ય આકાર ન આપી શકે તો એવી ભાવનાની ઊર્મિ એ તો મોસમ વગરના માવઠાના જેવી સમજવી. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૧૬)

* *

કંઈ કશાનોયે ભાર કે બોજ લાગે તો જાણવું કે ક્યાંક ચણચણાટીની લાગણી છે. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૧૭)

* *

વિચારથી પ્રગટેલી સમજણ જુદી છે, ભાવનાથી પ્રગટેલી સમજણ જુદી છે ને વર્તનમાં મુકાયેલી સમજણ જુદી છે. વિચાર, ભાવના અને વર્તન એ ત્રણેનો સુમેળ આપણે સાધવાનો છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૧૯)

* *

દૃષ્ટિ, વૃત્તિ અને વલણ ગગનગવિહારી હોવા છતાં એનાં પગલાં તો વાસ્તવિકતાની ભૂમિકા ઉપર હોવાં જોઈશે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૧૯)

* *

આપણે તો જીવનમાં પ્રેમજ્ઞાનભક્તિની નક્કરતા પ્રગટાવવી છે, ને એ નક્કરતાથી જીવવું છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૧૯)

*　　　　*

સંસાર એ મરુભૂમિ નથી; પરંતુ સાધનામય જીવન જીવવાને કાજે તપોમય ભૂમિકા છે. સંસારમાં આપણે વૃંદાવનનો અનુભવ કરવાનો છે. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૨૨-૨૩)

*　　　　*

એકની એક બાબતના જેના જેના વિચારો વારંવાર આવ્યાં કરે તો તેમાં તેમાં જીવ લપટાયેલો છે તેમ પ્રમાણવું.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૪૧)

*　　　　*

કોઈ સંતાત્મામાં જીવનવિકાસ કાજે કરીને તેના જ્ઞાન-ભાન સાથે જો ખૂબ લાગણી જન્મતી હોય તો તેને આસક્તિ ન ગણાય.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૪૨)

*　　　　*

જેવા પ્રકારના વિષયમાં મન ચોંટે છે તેવા પ્રકારનું મન બને છે. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૪૨)

*　　　　*

કોઈનીયે જોડે અથડામણ થાય એનો અર્થ તો એ થયો કે આપણું મન હજુ અથડામણને સ્પર્શ કરી શકે છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૫૫)

*　　　　*

જીવનની ભાવના મિથ્યા ભાવના નથી. એના જેવી નક્કર વાસ્તવિકતા બીજા કોઈ પ્રકારના જીવનમાં નથી.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૫૬)

*　　　　*

જે જે આપણને જીવમય દશામાં રખાવ્યાં કરે છે, તે તે બધાંને ગુરુની ચેતના વડે આપણે સંપૂર્ણ શુદ્ધ કરી કરીને, તેના પ્રાકૃતિક ધર્મને બદલાવી બદલાવીને આધારના એકેએક કરણમાં શરણભાવ પ્રગટાવવાનો છે. એવો શરણભાવ પ્રગટે, ત્યાર પછી જ ખરા આધ્યાત્મિક માર્ગની ચેતનાનો પ્રવાહ આપણા આધારમાં શરૂ થતો હોય છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૫૮-૫૯)

*　　　　*

આપણામાં દુર્ગુણ હોય તે નિઃસંકોચપણે કબૂલ કરવાની જાહેર તાકાત પ્રગટવી જોઈશે. કબૂલ કરવાથી કંઈક અંશે આપણે તે દુર્ગુણથી જુદા છીએ અને તેની પરત્વે આપણને તેના સ્વીકારની ભૂમિકા નથી; વિશેષ કંઈ નહિ તો એની પરત્વે અભિરુચિ તો નથી જ, એટલા પૂરતું તો આપણું મન તેવી જાતનું તે બાબતમાં કેળવાય છે. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૬૪-૬૫)

*　　　　*

સારું જગત આપણી નાલેશી કરે કે હુરિયો બોલાવે તેમ છતાં આપણે શ્રીભગવાનના ચરણકમળની આસક્તિમાં સદાય મસ્તાન રહ્યાં કરીએ. જગત અને જગતજનનું અસ્તિત્વ આપણા મનમાં તદ્દન ગૌણ બની જાય એવું આપણે થવાનું છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૭૫)

*　　　　*

(પ્રભુની) લગની લાગી જાય તે એક બાબત છે ને લગની લગાડવી તે બીજી બાબત છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૯૦)

*　　　　*

સાધનાનું પરિણામ પ્રકૃતિ ને સ્વભાવનું રૂપાતર.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૯૩-૯૪)

*　　　　*

જેમ લૂણ વિનાનું ભોજન, તેમ સદ્ભાવ વિનાની સાધના.
('જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૯૬)

* *

જેમ આરસીમાં મોં જોઈએ અને આપણું રૂપ દેખાય તેમ પ્રસંગ આપણને આપણું રૂપ બતાવી આપે છે.
('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૧૦)

* *

કોઈ અપમાન કરે ને તે જ્ઞાનપૂર્વક જો ગળી જઈ શકાય અને મનથી ઊંચાનીચા ન થવાય તો તે આપણને સબળ બનાવે છે. લાચારીથી ભોગવેલું અપમાન વધુ નિર્બળ બનાવે છે.
('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૨૧-૨૨)

* *

જ્યાં જ્યાં અનિષ્ટ હોય તેની સામે થવાની વૃત્તિથી નહિ, પરંતુ આપણે તે પરિસ્થિતિમાં જે કરવાનું હોય તે તેના યોગ્ય ધર્મના પાલન કાજે શું કરવું ઘટે, એમ વિચારીને તે કરવું જોઈએ.
('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૨૨)

* *

મળેલું અમૃત પણ મહા સદ્ભાગ્યના અભાવે માનવી ઝેર સમું કરીને વણસાડી શકે છે, ને સમજુ, વિવેકી ને શાણપણવાળો જીવ મળેલા ઝેરને પણ એની માત્રા બનાવીને, ખાઈ પચાવીને એમાંથી શક્તિ મેળવે છે. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૨૩)

* *

જેને સર્વમાંથી, આડા-ઊભા સર્વ પ્રસંગોમાંથી, રૂડું જ જોવા અનુભવવાની કળા જીવનમાં સાંપડે છે એવા જીવો ધન્ય છે.
('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૨૩)

* *

અન્યથા વિચારો આવે તેની સામે આપણામાં જો સાચી સમજણ જાગી ગયેલી હોય તો તે પ્રમાણેના સામેના વિચારો નિશ્ચયપૂર્વક મૂક્યા કરવા ઘટે. તો જ પેલા અન્યથા વિચારોનું જોર તૂટી પડે, ને અસર ઓછી થાય.

(‘જીવનમંડાણ’, આ.૫, પૃ. ૨૨૫)

*                    *

નકારાત્મક સ્થિતિની સમજણ પડવા છતાં તેમાં તણાયાં કરવું એ તો નરી પામરતા છે.

(‘જીવનમંડાણ’, આ.૫, પૃ. ૨૨૭)

*                    *

સમર્પણ કર્યું હોય તેના વિષેના કશા પણ આગળપાછળના વિચારો સમર્પણ કર્યા કેડે આપણને ન થવા ઘટે; તો તે યોગ્ય પ્રકારનું ઉત્તમ સમર્પણ ગણાય.

(‘જીવનમંડાણ’, આ.૫, પૃ. ૨૨૭-૨૨૮)

*                    *

કળણમાં કળેલો જીવ મહેનત કરવાથી તો ઊલટો વધારે કળણમાં ઊતરતો જવાનો. એટલે તેવી વેળાએ મહેનતની ત્યાં સાર્થકતા નથી, પરંતુ બીજાંની મદદ માટે, જેટલું જોર હોય તેટલાથી, મદદ માંગવાને માટે બૂમો મારવામાં તેવી વેળાએ સાર રહેલો છે. (‘જીવનમંડાણ’, આ.૫, પૃ. ૨૩૧)

*                    *

દુર્ગુણ કે દોષોનું સાચું ભાન થવું એનું લક્ષણ તો એ કે તે તે આપણને ઘણા ઘણા ખૂંચતા, કઠતા ને સાલતા હોય ને તેમાંથી મુક્ત થવાવા માટે સક્રિય રચનાત્મક તાલાવેલી પ્રગટતી હોય.

(‘જીવનમંડાણ’, આ.૫, પૃ. ૨૩૪)

*                    *

દુર્ગુણો કે દોષો એની મેળે અટકતા કે ખરી પડતા નથી. તેમ કરવા માટે તો તે વિષયની તે પ્રકારની ઉત્કટ સંવેદનશીલ જાગૃતિ દિલમાં દિલથી પ્રગટેલી હોવી જોઈશે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૩૬)

* *

વિજાતીય સ્પર્શનો સંકોચ હોવો તે પણ યોગ્ય નથી, તેમ તે પરત્વેનો વિસ્તાર થવો તે પણ યોગ્ય નથી. સર્વ પ્રકારની ભડક અને ફડકમાંથી મુક્ત થવાનું છે. શરીરની ભડક આપણે ભાંગવાની છે, શરીર તો સાધનને માટે છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૩૯)

* *

સર્વનું મૂળ બીજ પોતાની પ્રકૃતિ છે. બીજા કોઈને દોષ દેવો કે બીજાંનો દોષ જોવો તે આપણી પામરતા અને નિર્બળતા છે. આપણે પોતે જ વિશેષ જાગૃત રહેવાનો પ્રયત્ન કરીએ ને આપણે પોતાને જ દોષ દેવાનો છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૩૯)

* *

આપણા જ ધાર્યા પ્રમાણે ને આપણી સમજણ પ્રમાણે બધું બન્યાં કરવું જોઈએ અને તે જ બધું સાચું છે, એવા પ્રકારનું માનસ હોય તો તે એક પ્રકારનું સ્વચ્છંદીપણું ને સંકુચિતપણું પણ છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૪૦)

* *

વ્યક્તમાં જેમ છે તેમનું તેમ તે અવ્યક્તમાં પણ છે. પણ જે અવ્યક્તમાં છે તેની તે જ રીતે વ્યકતમાં છે એવું નથી હોતું.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૪૧)

* *

સ્થૂળમાંથી આપણે કદી ચેતન વિષેનું પૂરેપૂરું સાચું ભાન એકદમ ઉપજાવી શકવાના નથી.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૪૧)

*          *

જે રાગ આપણને સ્થૂળમાં ચોંટાડી ન રાખે, પરંતુ તે રાગમાંથી વિવેકયુક્ત સમજણ પ્રગટાવીને તાટસ્થ્ય અને સમતા જન્માવીને ઉપર ખેંચી આણે તે રાગ ઉત્તમ છે.

('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૪૨)

*          *

સંત પુરુષમાં રાગ થવો એટલે આપણાં નિમ્ન પ્રકૃતિનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંકારનો તેની ચેતનાના હૃદયભાવ સાથે મેળ ખવડાવવો. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૪૨)

*          *

સાચી શ્રદ્ધા સામાન્યતઃ એકદમ પ્રગટતી નથી. શ્રદ્ધા પણ કેળવાતાં કેળવાતાં કેળવી શકાય છે, તેમ છતાં શ્રદ્ધાનો મૂળ ગુણધર્મ તો સહજ છે. ('જીવનમંડાણ', આ.૫, પૃ. ૨૪૨)

*          *

ભગવાન પરની શ્રદ્ધા એ તો નગદ નાણું છે. જેમ નગદ નાણા વડે ખપની ચીજ ખરીદી શકાય છે, તેમ ભગવાન પરની શ્રદ્ધા પ્રસંગ પડ્યે આપણને જો ટટાર ન બનાવી શકે, તો એ શ્રદ્ધા તે શ્રદ્ધા નથી, પણ કોઈ પ્રકારની ખાલી આળપંપાળ છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૨)

*          *

મળેલા જીવનની પરિસ્થિતિમાંથી નવચેતન અને નવજીવનની આશાના અંકુર ઉગાડવા અને એ પ્રકારનો પુરુષાર્થ

જગાડવો ને પુરુષાર્થ કરવો એમાં સાચી માણસાઈ રહેલી છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૩)

*  *

ભાગતાં તો સૌ કોઈને આવડે, પરંતુ પરિસ્થિતિની સામે ઊભા રહી, પરિસ્થિતિમાં હળીમળી, તેમાંથી ઊંચે આવવું એ વિરલ વીર આત્માનું કામ છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૩)

*  *

કોઈની લાગણીને પંપાળવી એથી તો તેના જીવનને વધારે દુઃખી બનાવવાપણું પણ થઈ જાય.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૩)

*  *

કોઈના મનને વધારે આળું બનાવવામાં કદાપિ પણ મદદગાર ન થવું. પરિસ્થિતિ આવી પડતાં તેમાંથી જીવનમાં મર્દાનગી પ્રગટે, એવું કંઈક થઈ શકે તો તે ઉત્તમ સેવા છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૪)

*  *

ચેતનને કોઈ આકાર કે રૂપ કે ગુણ કશું નથી. છતાં તે છે; ને તે વ્યક્ત હોતું નથી છતાં તે વ્યક્ત થાય છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૫)

*  *

નકામી લૂલી લૂલી લાગણીઓ દર્શાવવામાં જીવતરને ફેંકી દેવાનું નથી. જીવનને તો નક્કર પાયા ઉપર ચણવાનું છે. કોઈને પણ એવી રીતે આશ્વાસન દેવાનો કશો અર્થ નથી.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૫)

*  *

જીવદશાની ગતિમાં ચઢઊતર તો વારંવાર થયાં જ કરવાની.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૬)

*                    *

જીવદશાના બીજા કોઈ પ્રકારના પુરુષાર્થમાં સ્થૂળ પ્રકારના લાભ ને ગેરલાભ બન્ને સાથે સાથે સમાયેલા છે; જ્યારે આધ્યાત્મિક માર્ગના પ્રયત્નમાં માત્ર લાભ જ છે. ગેરલાભ મુદ્દલે નથી. ('જીવનસોપાન', આ.૫, પૃ. ૬)

*                    *

મળેલી પરિસ્થિતિથી અકળાઈને ભાગવું અથવા સદાય તેનાથી અસંતોષ સેવ્યા કરવો અને તેનું દોષારોપણ હંમેશાં બીજાં ઉપર જ ઢોળ્યાં કરવું અને તેથી સદાય નિરાશા સેવ્યાં કરવી, એ તો ગાંડપણને નોતરવા જોવું છે.

*                    *

આપણી આ ભવની પ્રકૃતિની ગતિ ને દિશા જેવા પ્રકારની હોય, તેવા પ્રકારનો આપણો પુનર્જન્મ છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૬)

*                    *

જેટલા પ્રમાણમાં ઉત્કટ પ્રકારની ભાવના વધુ સાત્ત્વિક, તેટલા પ્રમાણમાં તેનો જન્મ વહેલો થાય તેવું કંઈક ખરું; અને આધ્યાત્મિક માર્ગની જેને લગની લાગેલી છે એવા જીવનો જન્મ બીજા પ્રકારના જીવો કરતાં ઘણો વહેલો થાય છે એવો અનુભવ છે. ('જીવનસોપાન', આ.૫, પૃ. ૭)

*                    *

જીવની હરકોઈ દશામાં આપણે પતનની પળમાં છીએ, ખીણમાં છીએ, કે ચઢઊતરની દશામાં છીએ એનું ઉત્કટ સંવેદનશીલ ભાન તે તે વેળા જો જીવને થયાં કરે, તો પતનની

વેળામાંથી તે સવેળા જાગ્રત થઈ જઈ શકે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૭)

*　　　　　*

બીજી કોઈ પણ પ્રવૃત્તિ આપણે કરતાં હોઈએ, છતાં આપણું મન તો આપણા અસલના કામમાં જ લાગુ રહેલું હોય, તેવી રીતે જીવવાની કળા સાધકે શીખવાની રહે છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૭)

*　　　　　*

જ્યાં સુધી આપણા થતા જતા પુરુષાર્થમાં આપણું હૃદય રેડાયું નથી, ત્યાં સુધી આપણો તેવો પુરુષાર્થ પૂરેપૂરો ફળી શકતો પણ નથી. ('જીવનસોપાન', આ.૫, પૃ. ૯)

*　　　　　*

જેટલો સમય ઉત્તમ પ્રકારની ભાવનાના વર્તનમાં ગળાયો તેટલો સમય આપણે સાચી રીતે જીવ્યાં ગણાઈએ.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૧૦)

*　　　　　*

આમેય દુઃખ સહન તો કરવું પડે છે જ. એને બદલે જો જ્ઞાનપૂર્વક દુઃખને સ્વીકારીને, દુઃખ એ જીવનને ઘડાવા કાજે સોનેરી તક છે, એમ સમજીને, જે કોઈ જીવ તેને નિવેદે છે—એવા માટે દુઃખ એ તપશ્ચર્યા છે; ને જે તપશ્ચર્યામાં હૃદય છે, તેવા પ્રકારની તપશ્ચર્યામાં તો આનંદ, ઉત્સવ રહેલો છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૧૨)

*　　　　　*

સંસારી કક્ષાના જીવોની દયા કે પ્રેમ તે દયા કે પ્રેમ નથી, એ તો જીવપ્રકારની ખાલી ખાલી લોલુપતા છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૧૩)

*　　　　　*

બુદ્ધિમાં લાગણીનું તત્ત્વ ઉમેરાતાં સાચી રીતે વિચારવાની ટેવ ને તેનો ખરો ગુણ અંતરમાં જાગૃત ટકી શકતો નથી.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૧૪-૧૫)

* *

દોષનું મનન-ચિંત્વન દોષનું બળ વધારે છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૧૫)

* *

"સારા" પરત્વે સદ્‌ભાવ જાગે એમાં તેની કશી કિંમત નથી. પણ "નઠારા" પરત્વે પણ સદ્‌ભાવ જગાડીને જીવતો કરવાનો છે. જેટલું 'સારું' પ્રેરણા આપી શકે તેટલું 'નઠારું' પણ જરૂર પ્રેરણા આપી શકે. ('જીવનસોપાન', આ.૫, પૃ. ૨૩)

* *

પ્રયત્નની સાથે સાથે આપણે ભગવાનની કૃપા-મદદ જ્યારે ને ત્યારે યાચતાં રહેવાની છે. ('જીવનસોપાન', આ.૫, પૃ. ૨૧)

* *

બુદ્ધિ એ જ્ઞાનનું કરણ છે અને લાગણી-સહાનુભૂતિ વગેરે ભાવનું કરણ છે. જીવનવિકાસના માર્ગમાં બુદ્ધિ અને ભાવ બન્નેની જરૂર છે. ('જીવનસોપાન', આ.૫, પૃ. ૨૨)

* *

જો આપણામાં બુદ્ધિ સતેજ ને સૂક્ષ્મ ન બનતી જતી હોય તો તેમાં આપણું હૃદય નથી એમ નિશ્ચે પ્રમાણવું.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૨૨)

* *

સંસ્કાર કરતાં જીવનમાં પ્રેમનું મહત્ત્વ વિશેષ છે. પ્રેમ કરતાં ભાવનું મૂલ્યાંકન જીવનમાં શ્રેષ્ઠ છે. પ્રેમ જાગ્યા વિના ભાવ જાગી શકે નહિ. એવો ભાવ પ્રગટતાં આપણાં કરણો તેના

રાગમાં રહે છે; પરંતુ એવો ભાવ સહજમેળે જાગી જતો નથી.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૨૩)

* *

જે તે કંઈ અભ્યાસથી આવડે છે. અભ્યાસ વિના સાધનામાં પ્રાણ ન પ્રગટે. અભ્યાસ દૃઢ થતાં તેમાં હૃદય પણ રેડાય ને સામેલ થાય. અભ્યાસથી એક જાતની લઢણ જાગે છે. એવી લઢણમાં એક પ્રકારની ઘરેડ થઈ જવાનો સંભવ પણ ખરો; તેથી અભ્યાસમાં વારંવાર બુદ્ધિ વડે, હૃદયની લાગણીઓ વડે ભાવનાનું ઉદ્દીપન વારંવાર કર્યાં કરવું.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૨૬)

* *

હૃદયની ભાવનાથી ભગવાનની કૃપા-મદદ માટે દિવસમાં વારંવાર પ્રાર્થના કર્યાં કરવી. નામસ્મરણની ઝલકમાં ભાવનાનો પ્રવેશ થવા દેવો. આપણે જીવીએ છીએ તે શાને કાજે તેનો પણ વિચાર કરવો. ('જીવનસોપાન', આ.૫, પૃ. ૨૭)

* *

આપણે મહાલવાનું છે હૃદયની ભાવનામાં. એ જ આપણો ખરો રંગ અને રસ છે. ('જીવનસોપાન', આ.૫, પૃ. ૨૮)

* *

આપણું વિચારબળ એક જ પ્રકારની દિશામાં ને ગતિમાં સતત મનન-ચિંત્વનવાળું રહ્યાં કરે ને તે ભાવનું ઉદ્દીપન રહ્યાં કરે તથા એના તેવાં જ વર્તન અમલ થયાં કરે, તો નિમ્ન પ્રકારની બુદ્ધિ જરૂર હઠવા માંડે અને આપણા પુરુષાર્થમાં આપણને રસ જામવા માંડે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૩૦)

* *

પ્રકૃતિમાં રહેલું ચેતન અનેક પ્રકારનું રૂપ-નવાં નવાં રૂપો

પણ-ધારણ કરે છે. એક હોવા છતાં અનેકરૂપ બને છે. આપણે પણ એક હોવા છતાં અનેક પ્રકારના વારંવાર થયાં કરીએ છીએ અને બદલાયાં કરીએ છીએ. આકાર એક ભલે દેખાય પણ આકારમાં પ્રકાર જુદા જુદા થયાં કરે છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૩૦)

* *

આપણી પ્રાર્થનાનો સ્વર દિલમાં મધુર લાગે ત્યારે ભાવ સવિશેષપણે છે એમ સમજવું. અત્યંત કઠોર લાગે ત્યારે મનનું ઠેકાણું નથી અથવા તો કંઈક અકળાયેલું છે એમ જાણવું.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૩૧)

* *

જીવનવિકાસ કાજે સાધના એ એક જ અને અંતિમ માર્ગ છે, એવી જે જીવને આત્મપ્રતીતિ છે, તે કશાથી પછી આવરાઈ જતો નથી. ('જીવનસોપાન', આ.૫, પૃ. ૩૬)

* *

સાધકને માટે તો સાત્ત્વિક ભૂમિકા પરનો રજોગુણ હોય તો તે ઉત્તમ. ('જીવનસોપાન', આ.૫, પૃ. ૪૪)

* *

જગતમાં કશાનો નાશ નથી. માત્ર ફેરબદલો થઈ શકે છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૪૮)

* *

જીવનમાંના રચનાત્મક ગુણો આપણામાં સુદઢપણે થાય એ તો જરૂરનું છે જ, પરંતુ તેટલાથી પતતું નથી. માત્ર સદાચાર અને નીતિના ધોરણ પરનું જીવન અને તેની ભૂમિકાથી માનવીને એવાં કોઈ આત્મવિશ્વાસ અને નિષ્ઠા નથી જન્મી જતાં કે જે એને

એની જીવનની કટોકટીની પળે ટટ્ટાર ઊભો રખાવી શકે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૪૯)

* *

જ્ઞાનપૂર્વકનું નમન અને તેની સાથે પ્રેમભક્તિનો સંચાર એ આપણી ભાવનાને ઉન્નત બનાવે છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૫૨)

* *

આપણાથી જે કંઈ બને, સારું કે નરસું, તે જ્ઞાનપૂર્વક અને પ્રેમભક્તિથી સમર્પણ કર્યાં કરવાનો યજ્ઞ અને તેની ભાવનાનો અભ્યાસ આપણે પાડ્યાં કરવાનો છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૫૨)

* *

જે રીતે કોઈ જણાય તે તેવી જ રીતનો છે તેમ કદાપિ પણ આપણે ન માનવું. ('જીવનસોપાન', આ.૫, પૃ. ૫૩)

* *

ઉચ્ચાત્માનો-ગુરુનો આશ્રય જીવનના ઊર્ધ્વીકરણ સારુ છે. ને તે પણ સાધનરૂપ છે. સર્વશ્રેષ્ઠ અને સર્વોત્તમ તો એકલા ભગવાન જ છે.

આપણે જ્યાં સુધી જીવદશામાં છીએ, ત્યાં સુધી આપણામાં જે કંઈ ઉત્તમમાં ઉત્તમ હોય, તે પણ ચેતનની અપેક્ષાએ પૂરતું અને યોગ્ય નથી.

જીવદશામાં જે જે કંઈ વૃત્તિ, લાગણી હોય અને તે ઉત્તમ પ્રકારની હોય તેમ છતાં તે બંધનકારક છે. દા.ત. પુણ્ય હોય તો તે પણ બંધનકર્તા છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૫૩, ૫૪, ૫૫)

* *

અનુભવનું જ્ઞાન કોરું નથી હોતું. એ તો ચલણી નાણું છે.

થએલા અનુભવમાંથી સમજણ તારવીને, તેનું નિરીક્ષણ કરીને તેનાથી આગળ પણ બુદ્ધિ જઈ શકે છે; પરંતુ બુદ્ધિને પણ અનુભવના આધારની જરૂર રહે છે.

મનનચિંત્વન જો થયાં કરે તો બુદ્ધિ, અનુભવની નક્કર ભૂમિકા ઉપર ઠેકો મારીને આગળ જવાને આપણને પ્રેરાવે છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૫૭)

*　　　　　*

સમજણ સમજણના પણ પ્રકાર હોય છે. જે સમજણ આપણને ઊંચી દિશા પ્રતિ લઈ જાય છે, તે સમજણ માત્ર એકલી બુદ્ધિની નથી હોતી.

બુદ્ધિ ઊંચી દિશાનું વિચારી શકે છે, પણ ત્યાં ઠરી શકતી નથી. એનું ઉડ્ડયન ખાલી ખાલી હોય છે. બુદ્ધિ મદદ કરે છે ખરી, પણ તે અનુભવના જોર ઉપર.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૫૭-૫૮)

*　　　　　*

જીવન એ અંધારો કૂવો નથી અથવા તો વાવાઝોડાના પવનની પેઠે ગમે તેમ ઊડી આવતો ઝંઝાવાત નથી. જીવનની આકરામાં આકરી કસોટીમાં ને તેવા પ્રસંગોમાં જીવનનો એકધારો વણાટ સળંગપણે વણાયાં જતો હોય છે. એમ સળંગ પટ વણાવાને કાજે જેવા પ્રસંગોમાં જીવને મુકાવું ઘટે તેવા તેવા પ્રસંગોમાં તે મુકાતો જતો હોય છે.

પ્રત્યેક પ્રસંગમાં જીવનના ઘડતરનો હેતુ છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૬૨)

*　　　　　*

સાધનાનો અર્થ ગળે ટૂંપો દઈને જીવનને ગૂંગળાવી દેવાનો

નથી, પરંતુ સહજ સ્વાભાવિકપણે તેનો વિકાસ થાય અને એ જ રીતે વૃત્તિઓનો સુમેળ ઊપજે ને તેમાંથી શાંતિ, સમતા, તાટસ્થ્ય, ધીરજ, સહિષ્ણુતા, પ્રસન્નચિત્તતા આદિ ગુણોનો વિકાસ થતો અનુભવાય, તે તે ગુણોની શક્તિનો જીવનમાં સાંપડતા પ્રસંગોમાં જ્ઞાનપૂર્વકનો ઉપયોગ થયાં કરે, ને તેના વડે જીવન ભર્યું ભર્યું લાગે અને ધન્ય થતું અનુભવાય, એનું નામ છે સાધના.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૬૬)

* *

ભાવના વાસ્તવિકપણાના પ્રદેશમાં રમ્યાં કરે, તે કાજે સાધના છે. ('જીવનસોપાન', આ.૫, પૃ. ૭૦)

* *

મૌનએકાંત લેવાનો હેતુ લગની લગાડવાનો છે; ને સાધનામાં વિશેષ એકાગ્રતા, કેન્દ્રિતતા પ્રાપ્ત થાય તે કાજેનો છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૭૧)

* *

આપણી અહંતાને જેમ બને તેમ સમજી સમજીને જ્ઞાનપૂર્વક આઘાત આપ્યા કરવાનાછે. આપણું ધાર્યું કે કહ્યું ન થાય, ત્યારે મનમાં વિશેષ રાજી થવાનું છે, કારણ એ રીતે અહમ્‌ને ફટકો પડે છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૭૧-૭૨)

* *

વગર લેવેદેવે કોઈને કંઈ કશું સૂચન ન કરવું. સૂચન એ અહમ્‌ની પેદાશ છે. ('જીવનસોપાન', આ.૫, પૃ. ૭૨)

* *

જીવનમાં માનવતાના જે ગુણો વર્ણવેલા છે તેટલામાં ને

એની મર્યાદામાં જ્ઞાન અને ભક્તિની પરિસમાપ્તિ નથી.
(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૭૨-૭૩)

*　　　　*

સદ્‌ભાવની જાગૃતિ થતાં ને તે ટકતાં સ્થૂળમાં સૂક્ષ્મનું દર્શન થાય છે.

જીવનની કમાણી સદ્‌ભાવનાના પાયામાં રહેલી છે.
(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૭૬-૭૭)

*　　　　*

પ્રેમથી થતો નાશ એ ઉત્તમ પ્રકારનું જીવનનું રચનાત્મક પાસું છે. (‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૮૪)

*　　　　*

પ્રેમ એ જીવનઘડતરને કાજે છે, ને સાધન છે; તેમ છતાં તે પાછું સાધ્ય પણ છે; એટલે ભક્તિ કરતાં પણ પ્રેમનું સ્થાન ઊંચું છે. (‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૮૫)

*　　　　*

શરીરની સંભાળ રાખવી જરૂરી છે; એની ચિંતા કરવી એ ગાંડપણ છે; તેમ એને પંપાળવું એ ઘેલછા છે; પણ તેની યોગ્ય સારવાર કરવી એ આપણો ધર્મ છે.
(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૮૫)

*　　　　*

ઊર્મિની ગતિમાંથી કર્મમાં ચેતન પ્રકટે તો તે ઊર્મિ ઉપયોગની.
(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૯૧)

*　　　　*

ચેતનનો અનુભવ કરવા સારુ વિસંવાદમાં સંવાદની દૃષ્ટિને હૃદયમાં જીવતી રાખીને આપણે વર્તવાનું રહે છે.
(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૯૬)

*　　　　*

અસત્ય પણ સત્યને પામવા માટેની ભૂમિકાનું સાધન છે.
('જીવનસોપાન', આ.૫, પૃ. ૯૭)

*　　　　　*

આપણને જે જે વિચારો, વૃત્તિઓ, વલણ વગેરે ઊઠ્યાં કરે, તે ઉપરથી આપણને આપણી કક્ષાની સમજ પડી જવી જોઈએ.
('જીવનસોપાન', આ.૫, પૃ. ૧૨૧)

*　　　　　*

માનવીના દિલમાં એકબીજા પ્રતિનો અવિશ્વાસ જણાય, છતાં મૂળમાં તો, અંતર્ગતપણે વિશ્વાસ-શ્રદ્ધા રહેલાં છે; જેમ નદીના પટમાં ભલેને પાણી સુકાઈ ગયેલું જણાયા કર્યું હોય, પરંતુ અંદર, અંતર્ગતપણે તો પાણી હોય છે જ તેમ.
('જીવનસોપાન', આ.૫, પૃ. ૧૨૭)

*　　　　　*

ઘૃણા, દયા, લજ્જા, ભય, શોક, નિંદા, કુળ-અભિમાન તથા શીલ, સ્વભાવ ને જાતિનું અભિમાન એ બધાં પણ અમુક પ્રકારના સંકોચ છે. તેમાંથી મુક્ત થવું જ જોઈશે.
('જીવનસોપાન', આ.૫, પૃ. ૧૨૯)

*　　　　　*

જીવથી બને તેટલો સકળ પુરુષાર્થ કરી કરીને છેવટના અંત સુધી તેમાં મથ્યાં કરે, ને તેમ સકળ ઉપાયો લીધેલા હોવા છતાં કંઈ કારી ન ફાવે, ત્યારે તે પ્રભુને મદદ માટે પોકારે. અંતે તો પુરુષાર્થ કરી કરીને એનામાં જ ગળી ને મળી જવાનું છે, એમ બનીને તેના સાચા અર્થમાં 'નિર્બળ' બનવાનું છે. ત્યાર બાદ પ્રાર્થના કરવાની કળા—**'નિર્બળ કે બળ રામ'** એમાંથી આપણને મળી રહે છે.　　　('જીવનસોપાન', આ.૫, પૃ. ૧૮૨)

*　　　　　*

જીવદશાવાળા તો ભેદને વધારવાનું જ સમજે છે. ભેદને અભેદમાં લઈ જવાનું તો કોઈ વિરલ વીર જીવ જ કરી શકતો હોય છે. (‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૧૮૩)

* *

શરૂશરૂમાં ને ઠીક ઠીક લાંબા કાળ સુધી પણ સાધકનો સ્વ-પ્રયત્ન અનિવાર્ય છે. મૂર્ખ ને અજ્ઞાની લોક ‘બધું જ ગુરુ કરી દેશે’ એમ માની કશું પણ કર્યા વિના તમસના પ્રેર્યા એમ ને એમ પડ્યાં રહે છે. સ્વપ્રયત્નમાં અહંકાર ન રહે તેની પૂરી તકેદારી રાખવી.

(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૧૯૧)

* *

જીવનમાં જે તે બધાં કર્મો પોતાના અહંકારને પોષવા અથવા તો મમતા, મોહ, લોભ, કામ, ક્રોધ, રાગ, મદ, દ્વેષ, ઈર્ષ્યા, લાલસા, કામના, આશા-ઈચ્છા, તૃષ્ણા આદિ વૃત્તિઓથી પ્રેરાઈને જ કર્યાં કરતો હોય છે. (‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૧૯૫)

* *

ઝટ ઝટ કંઈ કશા ઉપર મત, અભિપ્રાય કે સમજણ ન બાંધી લેવાની જાગૃત તકેદારી રાખવી જ જોઈશે.

(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૧૯૯)

* *

જેમાં ને તેમાં માથું મારવાનું દિલ થાય તો જાણવું કે તે અહંતા છે. (‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૨૦૧)

* *

અહંતાથી મુક્ત માનવી કેવો હોય એનું નરી નજરે આવે એવું વ્યક્ત લક્ષણ એક તો એ છે કે તે સાધારણતઃ સાવ સંપૂર્ણ સજ્ઞાન નિરાગ્રહી રહ્યાં કરતો હોય છે.

(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૨૦૦)

* *

(શરીરની આરોગ્યતા અને સુખાકારી પૂરેપૂરાં જળવાઈ રહે તેટલા પ્રમાણનો) અલ્પ આહાર, અલ્પ વિહાર, અલ્પ નિદ્રા, અલ્પ બોલવું, અલ્પ સંબંધ, અલ્પ સંપર્ક, અલ્પ વ્યવહાર, અલ્પ જવું-આવવું ને અલ્પ મેળાપો એ બધું મનનો સંયમ કેળવવામાં ઘણાં ઘણાં મદદરૂપ છે. આવા બધા 'અલ્પતા'ના પ્રકારની પાછળનો હેતુ તો એ છે કે જીવે વધારે ને વધારે અંતર્મુખતા કેળવ્યાં કરવાની છે. ('જીવનસોપાન', આ.૩, પૃ. ૧૯૯-૨૦૦)

* *

નમ્રતા એટલે પોતે કશું જ નથી—એકમાત્ર ભગવાન જ સર્વ કંઈ છે એવી નિષ્ઠાપૂર્વકની જ્ઞાનયુક્ત ભાવના.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૦૦)

* *

જીવ અટવાઈ જાય, મૂંઝાઈ જાય, લેવાઈ જાય, અકળાઈ જાય, અશાંત થઈ જાય, દુઃખી દુઃખી થઈ જાય, તો હજી એનામાં અહંતા ભરી પડેલી છે તેમ જાણવું, કારણ કે તેની અહંતાને તેવા તેવા પ્રકારના આઘાત લાગે છે, તેથી કરીને તેને તેવી તેવી લાગણીઓ થાય છે. ('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૦૧)

* *

મેલાં કપડાંને રંગ બરાબર ચઢી શકતો નથી. કપડાંને બરાબર રંગવા માટે પ્રથમ તો એમાંનો મેલ કાઢી નાખવો પડે છે. તેવું જ અંતઃકરણને, આધારનાં બધાં કરણોને શુદ્ધિને વિષે છે.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૦૩)

* *

સંતને સમજવા ને ઓળખવા માટે આપણાં આંખ, મન, હૃદય તેવાં પ્રકારનાં થઈ ગયાં હોય, તો જ તેવાને ઓળખી શકાય, જાણી શકાય, બાકી તો નહિ.

કોઈ પણ માનવ-આત્મા સમગ્રપણે ઓળખવો લગભગ દુર્ઘટ હકીકત છે. ('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૦૫)

*　　　　　　　*

જીવનની સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિના નિર્ણય કરતાં હૃદયમાંથી મળ્યાં કરે, તે માટે સાધકે અંતર્મુખતા વધુ ને વધુ કેળવ્યાં કરવાની રહે છે.

અંતર્મુખતા પૂરેપૂરી કેળવાયા વિના બુદ્ધિમાં સમતા પ્રકટી શકતી નથી. ('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૦૯-૧૦)

*　　　　　　　*

સદ્‌ગુરુની ભાવનાને લાયક થવું ને એની પસંદગીમાં આવવું એટલે જીવનવિકાસની સમગ્રતામાં પણ પ્રગટતા રહેવું.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૨૩)

*　　　　　　　*

જીવનનું ઘડતર કંઈ એમનું એમ બનતું નથી. એ કાજે તો હથોડાના ઘા પણ સહન કરવા પડે છે, ચારે બાજુથી તથા ઉપર અને નીચે ટિપાવું પડે છે. ('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૨૭)

*　　　　　　　*

જીવન જો જીવવું જ હોય તો જીવનવિકાસના યજ્ઞ કાજે, મરીફીટી સર્વ રીતે ફના થઈ જવા કાજે જીવન એ તો આપણું સદ્‌ભાગ્ય છે. એવી જીવનની ફનાગીરીમાંથી જ જીવનની ફોરમ પ્રગટે છે. ('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૩૧)

*　　　　　　　*

આપણને જે હણવા આવે છે, તે જ અંતે તો તારીને જાય છે.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૩૨)

*　　　　　　　*

જે કંઈ જીવદશાના વલણનું ઉદ્‌ભવે, ને તે બધું આપણા

પોતાના અસલ સ્વરૂપનું નથી, એવું જીવતુંજાગતું પ્રત્યક્ષ જ્ઞાનભાન રચનાત્મકપણે તે તે વેળા આપણામાં જાગી જાય તો સમજવું કે સમતાની પ્રાપ્તિ થવા માંડી છે.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૩૫)

*                    *

જીવસ્વભાવનું કોઈ પણ પ્રકારનું નકારાત્મક વલણ—એનું નામ પણ અશુદ્ધિ કહી શકાય. શુદ્ધિ એટલે માત્ર નીતિમત્તાની ગણતરીનું ધોરણ એટલું જ તે નથી.

નીતિમત્તાના ધોરણના એકમાત્ર તેવા વિચારથી અને અમલથી કરણોની શુદ્ધિ થાય છે, એમ માનવામાં ક્યાંક અતિશયોક્તિ ને તર્કદોષ લાગે છે.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૩૬)

*                    *

પુરુષાર્થ પણ એકલો નથી ને કૃપા પણ એકલી નથી.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૩૯)

*                    *

નામસ્મરણ જ્યારે જ્ઞાનભક્તિપૂર્વકની જાગૃતિથી થયાં કરે છે, ત્યારે જ તેમાંથી હૃદયમાં સાચી જાગૃતિ પ્રગટી શકે છે, એકાગ્રતા ને એકરતતાની ભાવના જામી શકે છે.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૭૪)

*                    *

સદ્‌ગુરુ તો જે જીવો પોતે મરી મરીને ફરી પુનર્જીવન પ્રાપ્ત કરતા રહે છે, એવા જીવો પર તે વારી જતો હોય છે.

જે જીવ શહાદત ભરેલી જીવનની કુરબાનીથી પોતાના સદ્‌ગુરુની ભક્તિ કરે છે, જીવનને ન્યોછાવર કરી કરી શ્રીગુરુને ચરણકમળે આહુતિઓ પ્રેમથી આપ્યાં કરે છે, એવો જીવ

સદ્‌ગુરુની કૃપા મેળવવાને પાત્ર થતો હોય છે.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૭૮)

*   *

સદ્‌ગુરુને આપણા હૃદયમાં જીવતો કરવાનો છે. સદ્‌ગુરુ એટલે એની દેખીતી શરીરની આકૃતિ નહિ, પરંતુ એના હૃદયમાં પ્રગટી રહેલી ચેતનભાવના કે જેની મદદ લઈને ઊંચે આવી શકાય છે. ('જીવનસોપાન', આ.૫, પૃ. ૩૦૬)

*   *

સાધકે બને તેટલી શાંતિ, સમતા, તટસ્થતા, પ્રસન્નતા આદિ ગુણોને, એ બધાંને ખૂબ ખૂબ સાચવવાનાં છે. જીવનવિકાસની ભૂમિકા રચાવવાને કાજે તે ઘણાંઘણાં મહત્ત્વનાં છે; પરંતુ તેને જ જો મહત્ત્વ આપ્યાં કરીને માત્ર ગુણોને મેળવવાને મથ્યાં કરીએ, તો તેનો અંત નહિ આવે. એના કરતાં તો હૃદયમાં એકનિષ્ઠાથી ચેતન-સ્મરણની ભાવના જો આપણે કેળવી શકીએ તો તેવા ગુણો આપણામાં પ્રગટતા જતા આપણે અનુભવીશું.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૯૪)

*   *

હારતાં હારતાં પણ અડગ રહીને જે પ્રભુને પ્રેમભક્તિભાવે સ્મરે છે, તે જીવનને પામતો જતો હોય છે.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૩૦૪)

*   *

જેને પ્રભુ વિના જીવન અકારું ને નીરસ લાગે છે, તેના જીવનમાં પ્રભુ પોતે હૃદયરસ અને શક્તિ પ્રેર્યાં કરે છે.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૩૦૪)

*   *

મુક્ત-આત્મામાં એક પ્રકારનો સાત્ત્વિક 'હુંકાર' હોઈ શકે

છે; પરંતુ તે ‘હુંકાર’ નો પ્રકાર અને જીવદશાવાળાના ‘હુંકાર’ નો પ્રકાર એ બન્નેના પ્રકારમાં પાયાનો ફરક છે.

(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૩૩૨)

*　　　　　*

શ્રી (ધન), સત્તા ને કામવાસના——એ ત્રણે જીવને જીવપણામાં રાખનારા પ્રખર અવરોધો છે.

(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૩૩૨)

*　　　　　*

જીવનવિકાસની સાધનામાં એવા પ્રકારનો તબક્કો પ્રગટે છે, કે જેમાં સાધનાને કાજે જ્ઞાનભક્તિપૂર્વકની ધારણ કરેલી નમ્રતા પોતે જ તેજસ્વિતપણામાં પ્રગટે છે, એક શક્તિ સ્વરૂપે પલટાય છે.

(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૩૩૪)

*　　　　　*

સાચા હૃદયની નમ્રતા તે ઘેટાના જેવી નથી હોતી; એનામાં તો અગ્નિનું પ્રચંડ તેજ અને શક્તિ પણ રહેલાં છે.

(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૩૩૪)

*　　　　　*

આદર્શના પડછાયાના અનુભવમાં કેટલાક જીવ પોતાના મૂળ આદર્શનો જ તે અનુભવ છે, એમ માની લઈ તેમાં સંતોષાઈ જતા હોય છે.

આદર્શની સંપૂર્ણતાની ટોચે પહોંચતાં પહોંચતાં તો આદર્શનું સ્વરૂપ પણ વિસ્તાર ને વિશાળતા પામતું જતું હોય છે ને આદર્શની રૂપરેખા પણ બદલાતી જતી હોય છે.

(‘જીવનસોપાન’, આ.૫, પૃ. ૩૪૦-૪૧)

*　　　　　*

આદર્શને પમાતાં પમાતાં આદર્શ પોતે જ એક પછી એક તેની ઉત્કૃષ્ટતામાં પ્રગટતો જતો હોય છે.

('જીવનસોપાન', આ.૫, પૃ. ૩૪૧)

*                    *

જેના જીવનમાં કોઈ ઉચ્ચ આદર્શની આગ જલતી જ ન હોય, તેવા જીવે બીજાંને કહેવાપણું કે સુધારવા જવાપણું હોઈ શકતું નથી. ('જીવનસોપાન', આ.૫, પૃ. ૩૪૨)

*                    *

જગતમાં તો બધું છે ને એમનું એમ જ ચાલ્યાં કરવાનું છે. કંઈક કંઈક સુધારકો થઈ ગયા, કંઈક કંઈક મહાત્માઓ થઈ ગયા, કંઈક કંઈક સંતો ને સદ્‌ગુરુઓ થઈ ગયા ને સાક્ષાત્ ભગવાનના અવતાર પણ થઈ ગયા, છતાં આપણે બધાં જેમ હતાં તેમના તેમ છીએ; માટે બધાંનો ને જગતનો વિચાર કરવાનો માંડી વાળીને આપણે જ જો ઠામઠેકાણે સાચી રીતે હૃદયની સચ્ચાઈથી થવાને મંડીશું, તો તો કંઈક દહાડો વળવાનો છે; બાકી જગતમાં તો બધું જ દેખાશે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૪)

*                    *

સાધકે પોતાની ટેવો, મંતવ્યો, સમજણો, આગ્રહો, મતમતાંતરો, દોષો, કુટેવો, આશા, ઈચ્છા, કામના, તૃષ્ણા, કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સર ઈત્યાદિનો સ્વીકાર કરવાનો છે, પણ તે સ્વીકાર એમનાથી પર થવા કાજે છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૬)

*                    *

માનવી જે જુએ છે, સાંભળે છે ને જાણે છે, તે તેની તેની રીતે ને તે પણ સમગ્રપણામાં તો નહિ જ; તેથી તેના તેવા

કાર્યમાં યથાર્થપણું પૂરેપૂરું કદી પ્રગટી શકે નહિ. એવી અધૂરી જાણકારી ને અધૂરા જોવાપણા ને સાંભળવાપણામાંથી ન્યાય-અન્યાયનાં કાટલાં લઈને તોલવા ને માપવા બેસી જવું તે લગીરે ડહાપણભર્યું ન ગણાય. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૮)

* *

મનમાં જે મનોમંથન થાય એમાંથી જીવનને યોગ્ય પરિવર્તન પ્રગટે, એવી નક્કર ભાવના પ્રગટતી રહે, તો તેવું મનોમંથન યોગ્ય પ્રકારનું સમજવું; બાકી તો મન નકામા નકામા તરંગે ચઢીને જીવનને ઉથલાવી પણ નાખે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૯)

* *

ભાવ વિનાનું કર્મ, ને તે પણ જીવનવિકાસ પરત્વેના લક્ષવાળું જો ન હોય તો તે કર્મ ભલેને ઉત્તમ હોય, છતાં તે કર્મ બંધન જ થાય.

કર્મ કરતાં કરતાં જે ભાવ મહત્ત્વપણે, જ્ઞાનભક્તિપૂર્વક હૃદયમાં જીવતો રહેલો હોય છે, તે પ્રમાણે જ કર્મના સંસ્કાર ને પરિણામ ઊપજવાનાં.

જેમાં ને તેમાં ભાવ એ જ મુખ્ય વસ્તુ છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૯-૧૦)

* *

ચિંતા તો કદી ન કરવી; પણ ચિંત્વન કરવું.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૦)

* *

અભ્યાસ પણ ઉપયોગ ખાતર જ કર્યાં કરવાનો હોય.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૨)

* *

સાધના એટલે જીવનવિકાસ કાજેની પળેપળની જ્ઞાનભક્તિપૂર્વકની અંતરમાં અંતરની ચેતનયુક્ત જાગૃતિ.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૫)

*　　　　　　　　*

જેનું મુખ જે બાજુ વળેલું હોય છે, તે બાજુની પ્રમાણેનું જે તે બધું એને દેખાયાં કરે છે. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૬)

*　　　　　　　　*

સંસારમાં રસ રહેતો હશે તો સંસારી બનાશે; પ્રભુમાં રસ રહેતો હશે તો પ્રભુમય બનાશે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૬)

*　　　　　　　　*

અઢળક કામ હોય, ગમે તેવો વિષમ પ્રસંગ હોય, ગમે તેવું કારમું દર્દ હોય, ગમે તેવું ભલે ને આડુંતેડું હોય, તે તે વેળા જો આપણે હૃદયમાં હૃદયથી પ્રભુને પ્રેમભક્તિપૂર્વક સાદ પાડીશું ને પ્રાર્થના કરીશું તો તેવી વેળા તે હૃદયમાં પ્રગટે છે, એવો અનુભવ થાય છે. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૭)

*　　　　　　　　*

સદ્‌ગરુની સ્થૂળ નિકટતા પામવાનું મન થાય, પરંતુ એના કરતાં આપણા હૃદયમાં એને જીવતો કરવાની કળા સાધકે શીખવાની ને કેળવવાની રહે છે. માત્ર સ્થૂળ રીતની નિકટતા તે સાચી નિકટતા નથી. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૭)

*　　　　　　　　*

ભાવનાને નિશ્ચિત સ્વરૂપની ભાવનામાં વધુ ને વધુ ઉત્કટ કરીને તેની મદદથી હૃદયમાં પોતાના સદ્‌ગુરુને મળવામાં જે આનંદ છે, તે સાચો આનંદ છે. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૮)

*　　　　　　　　*

કોઈ કશું નડતરરૂપ નથી; જો હોઈએ તો પોતે જ પોતાને નડતરરૂપ છીએ. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૨૦)

* *

ચોર, ડાકુ આપણા ઉપર ચાકુ ચલાવે છે ચોરવાને ને લૂંટવાને; સર્જન (શસ્ત્રવૈદ્ય) આપણા ઉપર ચાકુ ચાલવે છે સાજા કરવાને ને જિવાડવાને; બન્ને કાર્યોમાં ક્રિયા એક જ પ્રકારની છે, પણ હેતુ અને ભાવમાં ધરમૂળનો ફરક છે; આથી ક્રિયા અને કર્મનું મહત્ત્વ નથી., પરંતુ તેની પાછળના અંતરમાંના ભાવનું જ મહત્ત્વ છે. ડાકુનું ચાકુ જીવની જીવ પ્રકારની ઈન્દ્રિયોનું સાધન છે; સર્જનનું ચાકુ જાગેલા આત્માનું છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૨૧-૨૨)

* *

અકળાવાથી ઊલટું જીવની સામે જે કાજે તે અકળાવાનું કરે છે, તે જ વધારે વખત આવીને ઊભું રહેતું હોય છે, ને તેથી તેવો અકળામણનો ગાળો ઊલટો વધારે સમય લંબાતો રહે છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૨૩)

* *

જીવનમાં ઉચ્ચ ગતિમાં પ્રવર્તવું છે, એવી ભાવના પ્રગટવી એ દુર્લભ ઘટના છે; ને તેમાંયે સત્પુરુષનો આશ્રય અંતરની પ્રેમભક્તિ ને જ્ઞાનભાવે જાગૃતિ સાથે પોતાના આંતરિક વિકાસની સમજણના ધોરણથી હૃદયમાં પ્રગટતો રહે તે તો વળી એનાથીયે દુર્લભ છે; ને તેથી યે વધુ દુર્ઘટ તો સત્પુરુષના હૃદયને સમજવું અને અનુભવવું તે છે. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૩૦)

* *

પ્રાર્થનાની પણ આપણને ગરજ લાગી જવી જોઈશે. તે

વિના પ્રાર્થનાના ભાવમાં સાચો ઉઠાવ પ્રગટી શકતો નથી.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૩૩)

*                *

જીવનમાં પ્રસંગો બને છે તો તૂટક તૂટક, પણ તે સર્વ પ્રસંગોને સાંકળી લેનારી એક જાતની સળંગતા ને સમગ્રતા તે તે પ્રસંગના અંતરમાં રહેલી છે અને તે ભાવિ તરફ દોરી જતી હોય છે. જીવન છિન્નભિન્ન નથી; અવિચ્છિન્નપણે એક છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૩૩-૩૪)

*                *

હાલના આપણા દેખાતા જીવનની પાછળ ને આગળ પણ એક પરંપરા છે. એ પરંપરા અનાદિ છે, તેમ છતાં તેનામાં ચેતન હોવાથી ચેતનનું જ્ઞાનભાન પ્રગટી જાય તો તે અંતવાળી પણ બની શકે. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૩૪)

*                *

કેટલાકનું કથન કે લખાણ તેમના બહુશ્રુતપણામાંથી પ્રગટે છે, વાચનમાંથી પ્રગટે છે, સાંભળેલી વાતોમાંથી પણ પ્રગટે છે; પરતું કોક જ વિરલ આત્માનું અનુભવમાંથી પ્રગટતું હોય છે. અનુભવના કથનની પાછળ આત્મવિશ્વાસનું થનગનતું ચેતન રહેલું છે. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૩૪)

*                *

શ્રદ્ધાયુક્ત જીવ કદીકને જો ડૂબે તોપણ આત્મવિશ્વાસ કદી ગુમાવતો હોતો નથી. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૩૫)

*                *

જે હેતુથી વ્રત લીધું હોય તે હેતુ ને તેનો ભાવ જો ફળાવતાં રહીએ તો સ્થૂળ રીતે કદીક વ્રતનો ભંગ કરવો પડ્યો હોવા છતાં ખરી રીતે તે વ્રતનો ભંગ થતો નથી.

કર્મની પાછળ કર્મને મહત્ત્વ ન આપતાં કર્મના હેતુને જો મહત્ત્વ આપ્યાં કરીએ અને તે તે કરતી પળે તે પરત્વેની તે પ્રકારની ભાવના હૃદયમાં જો પ્રવર્ત્યાં કરે તો તે વધુ ઉત્તમ ગણાય.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૩૬)

*                    *

છંછેડાઈ પડવાથી અને અકળામણ કરવાથી તો ઊલટું ગાંઠનું ગોપીચંદન ગુમાવીએ છીએ.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૩૭)

*                    *

જ્યાં જ્યાં ભેદ લાગે ત્યાં ત્યાં જીવનનું મૃત્યુ છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૩૯)

*                    *

સદ્ગુરુ તો સર્વત્ર જેમાં ને તેમાં વિસ્તાર પામેલો છે. આપણા મનહૃદયનું લક્ષ જો તેનામાં પળેપળ પ્રેમ-ભક્તિજ્ઞાનભાવે એકાગ્ર, કેન્દ્રિત ને તાદાત્મ્યભાવે રહ્યાં કરતું હોય તો આપણને જે જે કંઈ સ્પર્શે તેમાં તેમાંથી તે બોધ મેળવી આપે છે. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૩૯)

*                    *

કદીકને ગબડી જવાય કે ખેંચાઈ જવાય તેને મહત્ત્વ આપવાનું નથી; પરંતુ તેવા પ્રસંગે મનની જાગૃતિ કેવા પ્રકારની રહે છે, તે ઘણી ઘણી મહત્ત્વની હકીકત છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૪૦)

*                    *

સદ્ગુરુ પણ સાધન છે, સાધ્ય નથી. નદી પાર કરવાને કાજે હોડીરૂપ કે માળ પર ચઢવાને નિસરણીરૂપ તે છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૪૧)

*                    *

'અર્ધ સત્યમાં હંમેશ સત્યનું ખૂન છે' એમ માનવામાં

આપણી સમજણ અધકચરી છે. સકળ કંઈ કર્મમાં તેની પાછળ અંતર્ગતપણે રમી રહેલ ભાવ ને હેતુ મુખ્યત્વે મહત્ત્વનાં છે.

કંઈ કશાનું ચોકઠું બનાવી ન દેવું. સમજણનું પણ જો ચોકઠું બની ગયું તો તે બાધક નીવડશે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૪૪, ૪૬)

* *

આપણા હૃદયમાં જ્ઞાનભક્તિપૂર્વકનો જીવતો જાગતો સદ્ભાવ તે આપણો પરમ રક્ષક છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૪૭)

* *

ચેતનાનો અનુભવ તો માગી લે છે ભારે જ્ઞાનભક્તિપૂર્વકની તપશ્ચર્યા અને કઠણ સાધના. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૪૮)

* *

આંતરિક શુદ્ધિ થયાં કરે કે રહ્યાં કરે તે સારુ સાધક જો જાગૃતિ રાખ્યાં ન કરે તો તે બની ન શકે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૪૯)

* *

જપ એ જેટલો બહારનો પ્રકાર છે, તે સાથે સાથે તે આંતરિક પ્રકારનો પણ છે. જપ-યજ્ઞની ભાવનાથી અને તેમાં ચાલુ એકધારાપણું પ્રગટતાં આંતરિક બળ પ્રગટતું અનુભવાય છે. જપ-યજ્ઞ ચાલુ રહ્યા કરેલો હશે તો નકારાત્મક વૃત્તિઓનો ઈન્કાર કરવાનું, તેનો સમજણપૂર્વક સામનો કરવાનું વગેરે બધું સૂઝ્યાં કરવાનું. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૫૪)

* *

જે જીવાત્માનું અહમ્ ઓગળી ગયું છે, તેને ક્યાંયે વિરોધ નથી થતો બલકે વિરોધ હોતો જ નથી

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૫૪-૫૫)

* *

ગમે તે જીવ ગમે તે પ્રકારનો હોય અને તેનું વર્તન દેખીતી રીતે અધમમાં અધમ હોય તો પણ આપણે તો તેનામાં સદ્‌ભાવથી વિચારવાનું રાખીશું એ આપણા કાજે ઉત્તમ પ્રકારની કેળવણી છે.

કોઈ આપણા વિષે ગમે તેવું ધારે, વિચારે કે વર્તે તેમ છતાં આપણે તેના વિષે ઉત્તમમાં ઉત્તમ રીતે વિચારીએ, વર્તીએ, તે આપણા પોતાના જીવનવિકાસ કાજે એક ભારે મહત્ત્વની તાલીમ છે. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૫૬)

* *

ભાવનું તેના ઉત્કટપણામાં સઘન બનવું એ કર્મથી પ્રગટે છે. કર્મનું મહત્ત્વ ભાવને લીધે છે.

જ્ઞાન ક્રિયામાં પ્રત્યક્ષ થયા વિના મોક્ષ નથી.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૬૨)

* *

આત્મનિવેદન એટલે આપણને ચેતનના ભાવથી સંકળાવનાર કોઈ દિવ્ય સાંકળ.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૬૨)

* *

સાધક એટલે જીવનવિકાસપથે પળવાને સતત ભાવભક્તિયુક્ત જાગૃતિ સેવીને મથનાર જીવાત્મા.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૬૩)

* *

જો જીવે પોતાની નિમ્ન પ્રકૃતિને દાદ આપી તો તેનું જોર ચઢી વાગશે. વિજય તો સામનો કરવામાં ને યુદ્ધ આપવામાં રહેલો છે—પરિણામ ગમે તે હોય.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૬૫)

* *

જેમાં ને તેમાંથી જીવનની નેમને વધારે પ્રોત્સાહન મળે એવી કોઈ અગમ્ય પ્રકારની અંતર્દષ્ટિ આપણામાં જાગી જવી જોઈશે.

(‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૬૬)

* *

જીવ હારતો ભલે લાગે, પણ જો તે પોતાની આંતર્દષ્ટિ ખુલ્લી રાખ્યાં કરે, તેમાંથી જીત મેળવવાપણાનું શીખવાની હૃદયમાં પાકી નેમ રાખ્યાં કરે તો તેવો જીવ હારતો હારતો પણ જીવતો રહી શકે છે. ટટાર ઊભો રહી શકે છે.

(‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૬૭)

* *

સાધક સાચી રીતે સાધનામાં જીવ પરોવતો બની ગયો હશે તો તો પોતાની જ પ્રકૃતિના અનેક સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ હુમલાઓ એના પર થયા કરવાના. સામા જીવની પ્રકૃતિ દ્વારા એની પોતાની જ પ્રકૃતિ જાણે કે હુમલો કરવાને મથી રહી ન હોય એવા પણ સૂક્ષ્મ અનુભવો જો સાધક જાગ્રત રહેલો હશે તો થવાના છે. (‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૬૭)

* *

પોતે કોઈ રીતે જો આમતેમ આડાંઅવળાં થયાં ને પોતાની અંતરની નેમ ચૂક્યાં તો તો આપણે પ્રકૃતિની રમતમાં જરૂર ફસાઈ જવાનાં. (‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૬૮)

* *

વિકાસનો મૂળભૂત સિદ્ધાંત ઘર્ષણમાં રહેલો છે. ઘર્ષણ વિના તો માનવી જેમનો તેમ પડ્યો રહે. અંતર્મુખ વળેલા માટે ઘર્ષણ એ તો તેજસ્વિતાને જીવંત રાખવાને ખરું સાધન છે.

(‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૭૦)

* *

આપણને ચેતવવાને અનેક પ્રસંગો ભગવાન આપણને

જીવનમાં સંપડાવે છે. અનેક વેળા અથડામણમાં મૂકી દે છે. ખરી રીતે તો તેને મૂકવાપણું કશું નથી. આપણી પ્રકૃતિ આપણને તેવી દશામાં મુકાવી દેતી હોય છે; પરંતુ એવા પ્રસંગોમાંથી પોતાની પ્રકૃતિનું જે સાચું દર્શન થાય, અનુભવ થાય, તેમાંથી જે જીવ બોધ તારવી લે છે તેને તો —

'પ્રભો ! તારી શાળા જગતભરમાં વ્યાપ્ત રહી છે.''

એવું આંતરિક જ્ઞાન પ્રગટ થાય.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૭૧)

* *

કોઈએ અન્યાય કર્યો હોય તો તેનું સ્મરણ પણ ન રહે, એટલું જ નહિ, પરંતુ તેના પર ઉપકાર કરવાની ભાવના પ્રત્યક્ષ જાગતી રહી શકે એવું સાધકે પોતા વિષે કરી દેવું રહેશે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૭૩)

* *

જે ભગવાનને ઝંખે છે ને એવી ઝંખનામાં જેનું હૃદય ભળેલું છે, તેના જીવનના સર્વ પ્રસંગોમાં તેનો ભગવાન નવનિર્માણ પ્રગટાવે છે.

જેણે જીવનવિકાસ કરવો છે તેણે તેવો પાયાનો આધાર પોતાના જીવનમાંથી પ્રગટાવવાનો રહે છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૭૪)

* *

વર્તમાનમાં રહ્યે રહ્યે ભૂતકાળમાં વારંવાર ડોકિયાં ન કરે તે સાધકે કાજે ઘણું જરૂરનું છે. વર્તમાનને જ સંભાળી ને સાચવી લઈને તેમાં ઉજ્જવળ ભવિષ્યને ખડું કરી દેવું ઘટે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૭૬)

* *

પ્રત્યેક જીવપ્રકૃતિમાં કુતૂહલવૃત્તિ રહેલી છે; તે આપણામાંથી

સમૂળગી જવી જોઈશે.

(‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૭૮)

*                    *

સાધકે પ્રકૃતિ જીતવાની છે, એટલું જ નહિ પરંતુ પ્રકૃતિથી પર પણ થવાનું રહે છે.

(‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૭૯)

*                    *

ભૂલેચૂકે પણ કોઈનેય આપણે ભોંઠો ન પાડવો. એવી ભોંઠપ પોતે જ્ઞાનપૂર્વક વહોરી લેવી.

(‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૮૧)

*                    *

કોઈ જાણી જોઈને આપણા પર દોષારોપણ કરે કે બીજી રીતે અન્યથાપણે કરે તો ઝટઝટ તેનો ખુલાસો આપવા મન તૈયાર થઈ જાય તો તે યોગ્ય નથી. સાધક જીવે એમ તો પોતાનો બચાવ કરવાની વૃત્તિ પણ મૂકી દેવી પડશે.

(‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૮૧)

*                    *

જો કોઈ પણ એક જીવની સાથે હૃદયનો સાચો સુમેળ સાધી શકાયો તો બીજા જીવો સાથે પણ જરૂર સુમેળ સાધી શકાવાનો છે.

(‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૮૨)

*                    *

શીખવાને કાજે તો ઘણા ઘણા જ્ઞાનપૂર્વક નમ્ર થવાની જરૂર રહે છે. એવી નમ્રતા જીવનમાં પ્રગટતાં બીજા ગુણોની જાગૃતિ ને શક્તિ પણ છતી થતી હોય છે; તેથી સાધનામાં તો શૂન્યથીયે શૂન્ય થયા વિના આપણામાં સાચું તત્ત્વજ્ઞાન ઊગી શકવાનું નથી.

(‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૮૩)

*                    *

જીવન તો એક અને સમગ્ર છે. જીવનમાં કંઈ કંઈ ઘટનાઓ બને છે; પછી એ ભૂતકાળની હો કે વર્તમાનની હો, પણ તે જીવન સાથે સળંગપણે સંકળાયેલી છે. જીવન એ કંઈ બંધિયાર પાણી નથી. એ તો છે વહેતું ગતિમાન ઝરણું. મૂળ અને મુખ બન્ને વચ્ચે સ્થળ અને કાળનું ઘણું અંતર હોવા છતાં જીવનના પ્રવાહની ગતિથી તે બંને એકમેકની સાથે જોડાયેલાં રહે છે. મૂળ અને મુખ બન્ને જુદાં દેખાતાં હોવા છતાં, બન્નેની દિશા જુદી જુદી હોવા છતાં અને બન્નેનું તે તે સ્થિતિમાંનું કદ જુદું હોવા છતાં જીવન તો તેનું તે જ છે, માત્ર તેમાં ઘણા ઘણા વળાંકો અને સ્થિતિફેર થયાં કરે છે; પરંતુ તેથી કોઈ તેની સળંગતા કે સમગ્રતા તૂટતી હોતી નથી. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૮૮-૮૯)

* *

આકર્ષણનો ઉપયોગ જીવનવિકાસ કાજે છે.

* *

સંસારવહેવારમાં જે તે બધા જ જીવો એકબીજાને એકદમ સલાહ આપવા, સૂચનાઓ આપવા અને શિખામણ દેવા તૈયાર થઈ જતા હોય છે. તેવા પ્રસંગોમાં આપણે મુકાઈ જવાનું થતાં આપણે શાંતિ ધારણ કરી તેમના કહેવાનો મર્મ સમજવો ને સૂલટો અર્થ ઘટાવવો; પરંતુ આપણે પોતે તો કોઈને સલાહ, સૂચન કે શિખામણ દેવા કદી પણ કૂદી ન પડવું. શક્ય હોય ત્યાં માગે તોયે ના પાડવી. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૯૯)

* *

કોઈના પણ તેમની તેમની રીતે વહાલા થવા જવું એ તો મૂર્ખામી છે. એથી કરીને તો ખાડામાં પડવાનાં. જ્ઞાનપૂર્વક બીજાંને સાનુકૂળપણે વર્તવું એ વળી જુદી વાત છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૦૦)

* *

દોષથી જે જીવ જાગે અને જાગીને જાગ્યા પ્રમાણેનું વર્તન કરે તેને દોષ નડતો નથી. (‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૧૦૦)

*  *

કોઈનાય જીવનનું મૂલ્યાંકન તે જીવથી થયેલા દોષોથી કંઈ થોડું મપાય છે ? માનવી જીવદશામાં હોય ત્યાં સુધી દોષ તો થાય; પરંતુ જો જીવનનો ટેક આપણામાં જાગ્યો હોય તો ચેતી જવાતાં વાર નથી લાગતી. દોષમાંથી માનવી કેટલું શીખે છે ને તે દોષને જીવનવિકાસક તત્ત્વમાં કેટલો પલ્ટાવી શકે છે એ જ ઘણું ઘણું મહત્ત્વનું છે. (‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૧૦૧)

*  *

જે જીવ દુઃખમાં સુખ જુએ છે અને સુખમાં દુઃખ સંકળાયેલું જુએ છે, તેવો જીવ તે બન્નેમાંથી નોખો તરી આવવાનો.

(‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૧૦૨)

*  *

સંસાર એ લાગે છે તો ઘટમાળ જેવો; પરંતુ તે ઘટમાળ માત્ર નથી, અનંત વિસ્તારની વિવિધતાપૂર્વકની તે દિવ્ય લીલા છે.

(‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૧૦૨)

*  *

જે તે કંઈ બને છે તે તો ચેતનના પરિબળથી. પરંતુ તે તે થયાં કરતી પળે તે ચેતનથી બને છે એવું પ્રકટ સ્મરણ ને અનુભવ જીવને થતો નથી; એથી તો જીવ તેમાં ને તેમાં બંધાયા કરે છે.

(‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૧૦૨-૦૩)

*  *

સારું અને નરસું એ પણ જીવપ્રકારનાં બે પાસાં છે; એ બન્ને પાસાંમાંથી ચેતીને તરીને જુદા પડવું રહ્યું. એવો અભ્યાસ એ પણ સાધનાનું એક અંગ છે.

ખોટી રીતે અન્યાયના ભોગ ભલે આપણે બન્યાં હોઈએ, તેમ છતાં અન્યાયને જરા પણ સ્પર્શવા ન દઈએ તો મન ત્રાસ, કંટાળો, સંતાપ કદાપિ પણ નહિ પામે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૦૩-૦૫-૦૬)

*　　　　　*

વાણીનો જાગ્રતપણે વિવેક જાળવવાનો રહે છે. શું, કેટલું, કેવું, ક્યાં, કોને, ક્યારે, કેવી રીતે કહેવું એ કળા આપણામાં આવવી જ જોઈશે. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૦૫)

*　　　　　*

જે સત્ય હોય તે તેવું ને તેવું જ્યાં ને ત્યાં હંમેશ કહી નાંખવામાં ડહાપણ નથી. તે તેમ ન કહેવાનું કરતાં કે ન કહેવા જતાં અસત્ય થાય છે એમ આપણને લાગે, પણ અચૂક હરેક પ્રસંગમાં તેમ માનવું યોગ્ય પ્રકારનું નથી.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૦૬)

*　　　　　*

સામાનો દોષ જાણવા છતાં પણ આપણે જ્ઞાનયુક્ત અણજાણમાં છીએ તેવી રીતે વર્તવું એ જેવા તેવા જીવનું ગજું નથી. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૦૬)

*　　　　　*

અન્યાયને સહી લેવાના વલણને સ્થાને જીવનવિકાસના ગુણોને પ્રેમપૂર્વક કેળવવા કાજે તેનો સ્વીકાર કરવાની કળા આપણે શીખવાની છે. અન્યાયનો સ્વીકાર એવી રીતે કરીએ કે જેથી આપણે પણ ચઢીએ ને અન્યાય કરનારના જીવનમાં તે અંગેનું સાચું જ્ઞાન પ્રગટે ને તે સાચી સમજણની કક્ષામાં પ્રવેશે. અન્યાય સ્વીકારવાની કળામાંથી ત્યાગ, બલિદાન ને સમર્પણની કળા આપોઆપ જીવનમાં વ્યક્ત થાય છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૦૭)

*　　　　　*

જે દુઃખ સમજણની આંખ પ્રગટાવે, એ દુઃખ તો જ્ઞાનનું મૂળ કહેવાય. (‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૧૦૮)

* *

કોઈ આપણો દોષ બતાવે તેને સાચો ગુરુ ગણવો. કોઈ ઊણપ બતાવે તો તેના પર વધારે રાજી થવું. તેવી વેળા હૈયાનો ઉમળકો પ્રગટે તો આપણે સાચા સાધક છીએ એમ માનવું, દોષ ચીંધનારના ઘણા ઘણા ગુણ ગાવા.

(‘જીવનપ્રવેશ’, આ.૨, પૃ. ૧૩૭)

* *

મનની દ્વિધાવાળી સ્થિતિ વેળાએ મૌનસેવન જરૂરી ભલે હોય, પરંતુ તે એકલું પૂરતું નથી. તેવી સ્થિતિ ટાળવાના ઉપાયો લેવામાં સતત જાગૃતિ સેવીએ તથા તે સ્થિતિનો ગાળો જેટલો ટૂંકાવી લઈ શકાય તેમ કરીએ તો ઘણું કમાઈએ.

(‘જીવનપ્રવેશ’, આ.૨, પૃ. ૧૩૮-૩૯)

* *

જીવનવિકાસ કાજેનો યોગ્ય સંબંધ પ્રગટતાં ને વધતાં જીવ કદરપણાની જેમ બને તેમ ઓછામાં ઓછી આશા રાખે તે તેના કાજે વધુ યોગ્ય છે. જે જીવને પોતાનો વિકાસ કરવો છે, તે જીવના મનને વખાણ સાંભળવાની સ્થિતિમાં ન આવવું પડે એટલું વધારે ઉત્તમ. (‘જીવનપ્રવેશ’, આ.૨, પૃ. ૧૩૯)

* *

અભ્યાસના મૂળમાં જો સાચેસાચો વૈરાગ્ય પ્રગટી ગયેલો હોય તો તેવો અભ્યાસ જલદી ફળે; નહિતર અભ્યાસ એકલો એકલો થયા કરે ને તે દીર્ઘકાળ પર્યંત ને નિરંતર, તો તેમાંથી પણ વૈરાગ્ય પ્રકટી શકે છે. માટે આપણે તો ધીરજ ને હિંમત

રાખીને જે કર્યા કરવાનું છે, તે કર્યા કરવું.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૧૪૧)

*　　　　　*

દોડીની વેલ ભર ઉનાળામાં ખીલે છે, એવી રીતે ખરેખરો સાધક તો જીવનસંગ્રામનો રસિયો બને છે. મુશ્કેલી, ઉપાધિ, દુઃખ, નિરાશા આદિ જીવનમાં પ્રગટતાં તેનામાં કોઈ ઑર પ્રકારનું શહૂર ને ઝનૂન પ્રકટે છે.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૧૪૨)

*　　　　　*

સમાજની ઘરેડથી ભિન્ન રીતે ચાલનારા જીવો સમાજનો અને કેટલીક વાર તો કુટુંબનો પણ પ્રેમ અને સહાનુભૂતિ ગુમાવી બેસે છે. તેઓ એકલા અને અટૂલા પડી જાય છે. એવાઓ પ્રત્યે આપણો ધર્મ તો હૃદયની પ્રેમપૂર્વકની ભાવનાથી પૂરેપૂરી માનસિક ઉદારતા દાખવીને તેમની સાથે સમભાવ દર્શાવવાનો હોય. ને શક્ય હોય ત્યાં સક્રિયપણે પણ.

સમાજની સજ્જડ નિષ્પ્રાણ બની ગયેલી ઘરેડને તોડવાને કાજે એવા પ્રસંગો તો આપણી આંખ ખોલનારા નીવડે છે. સમાજ આવા જીવોનો તુચ્છકાર કે અવગણના કરીને તે પોતાના સત્ત્વને જ હણતો હોય છે. ('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૧૪૬-૪૮)

*　　　　　*

સ્વચ્છંદ અને ભૂલથી કરીને અથડાઈ પડેલા જીવની ઊલટી વધારે કાળજી અને સંભાળ લેવાની હોય.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૧૪૯)

*　　　　　*

ધર્મની સાચી ભાવનાના પ્રાકટ્યથી તો હૃદયની ઉદારતા

અને વિશાળતા વધુ ને વધુ કેળવાય.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૧૪૭)

*　　　　　　*

સહન કરી લેવું અને ગમ ખાઈ જવી તે સારું છે; પરંતુ મનમાં તે અંગે ચણચણાટી કરીને મન જો ગણગણતું રહે, તો તે ઘણું ખરાબ. ('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૧૪૯)

*　　　　　　*

જીવનમાં 'બીજાં' ને માનવાથી જ બધી પીડા ઊભી થાય છે. જીવનમાં એક આપણે ને બીજો કોઈ હોય તો તે આપણો રંગીલો નટવર, આઘાત લગાડનાર પણ એ છે ને એમાંથી જીવનમાં પ્રેરાવનાર પણ એ જ છે.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૧૬૬-૬૭)

*　　　　　　*

માનવીનું સાચું ખમીર તો એ જ્યારે વિરોધી કે અથડામણના, સંઘર્ષના, પ્રસંગોમાં મુકાતો હોય છે, ત્યારે પરખાઈ આવે છે.

('જીવનપ્રવેશ', આ.૧, પૃ. ૧૩૦)

*　　　　　　*

દરિયામાં દોટ મારવાનું સાહસ, હિંમત કરીશું તો રાખણવાળો તો રામ છે. એ તારે તોયે ભલે ને બુડાડે તોય ભલે. એના તારવામાંય ને બુડાડવામાંય આપણું કલ્યાણ હોય છે.

('જીવનપ્રવેશ', આ.૧, પૃ. ૧૩૧)

*　　　　　　*

જીવનનો સાચો આનંદ તો સર્વ કોઈ સ્થિતિમાં જીવતો રહે; ને જીવતો રહે એનું જ નામ આનંદ.

આશા-નિરાશા એ તો માત્ર પ્રભુભાવના અતુલ અને અપાર સમુદ્ર પરની લહરીઓ છે. સમુદ્રની ગંભીરતા કે મહત્તા

તેથી ઘવાતી નથી. ('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૧૭૪-૮૧)

*   *

બીજા બધા પ્રકારની વૃત્તિ કરતાં ભગવાનના ભાવની જ વૃત્તિ ઊઠ્યા કરે તે જ જીવનનું સાચું કલ્યાણ છે.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૧૮૨)

*   *

જગતમાં કોઈનું સ્થૂળ આપેલું કે લીધેલું લાંબું ટકતું નથી; પરંતુ એ કર્મ દ્વારા હૃદયમાં જે પ્રેમ પ્રગટે છે, તે તો સદાય જીવે છે. ('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૧૮૨)

*   *

જીવનના ધર્મના પાલનમાં હક્ક આપોઆપ સમાઈ જાય છે.

('જીવનપ્રવેશ', આ.૧, પૃ. ૧૪૩)

*   *

શ્રીભગવાનની ભાવનાનું અનુશીલન અને પરિશીલન શરૂશરૂમાં તો નામનું નામનું જ બન્યાં કરે છે; પણ તેમાંથીયે કામનું તે થઈ શકે છે. તે ભાવનાને જે સર્વ કર્મમાં જાગૃતિપૂર્વક વણી લેવાનો સહજમેળે અભ્યાસ કેળવતો રહે છે, એનું નામ સાચી સાધના. ('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૧૮૬)

*   *

યમુનાની (મનની) ગતિ આપણે ઊલટાવવાની છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૫૦)

*   *

ચેતનભાવનું સાતત્ય અખંડ રહે તે જપ. મનને ચેતન પરત્વેના સદ્ભાવથી જે રીતે પ્રેરાયેલું રાખી શકાય તે જપયજ્ઞ.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૫૦)

*   *

મનનો સહજ સ્વભાવ તો સંકલ્પવિકલ્પનો છે. એ એનું સહજ લક્ષણ છે. એને તપથી સ્થિર કરવાનું છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૫૦)

*  *

માનવજીવ અથડાતાં કુટાતાં પ્રકૃતિમાં પ્રકૃતિનો વિકાસ સાધે છે ખરો, પરંતુ એ વિકાસ અજ્ઞાનમૂલક રહે છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૫૧)

*  *

જીવનની આંતરિક ચેતનાશક્તિને માર્ગ દેવા જીવનમાં સર્વ સંજોગો મળે છે. એ સંજોગો ભલે કર્મના નિમિત્તે હોય, પણ તેનો આંતરિક હેતુ તો જીવનને ફળદાયી બનાવવાનો હોય છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૫૪)

*  *

મૌન-એકાંતની સાધનામાં અનુષ્ઠાનોથી જીવ એકદમ કંઈ શિવ થઈ શકતો નથી, પણ એમાંથી શિવ થવાની શક્યતા સાંપડતી જતી હોય છે. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૫૫)

*  *

આધ્યાત્મિક જીવનનાં કેટલાંક લક્ષણોમાં સૂક્ષ્મ, સાત્ત્વિક વિનોદ પણ—જે આપણા લોકોમાં નજીવા પ્રમાણમાં છે તે—એક લક્ષણ લેખાવું જોઈએ. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૫૬)

*  *

ભગવાનના ભાવને સમગ્રપણે, સર્વભાવે પામવો, અનુભવવો ને એનાં સર્વ પાસાંનો ઉકેલ અનુભવથી થઈ જતાં એની સંપૂર્ણતાને કેટલું પામી શકાતું હશે, તે તો એક પ્રભુ જાણે !

સત્સંગનું સેવન જીવનવિકાસની ધગધગતી ભૂખને લીધે જે થયાં જાય, ને અંતરના તેવા સુષુપ્ત રહેલા માત્ર સંસ્કારના

બળે જે થતું જાય, એ બન્નેના પ્રકારમાં ઘણો ફેર છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૫૮)

*　　　　　*

જે કંઈ વૃત્તિ સામાન્યપણે ઊઠે છે, તે ગતિ તો કરે જ. તે બંધિયાર થઈને પડી રહેતી નથી. પરંતુ ઊર્ધ્વગામી જીવનની સદ્‌વૃત્તિમાં માનવીજીવે પ્રાણચેતના રેડ્યા વિના તે ગતિમાં આવી શકતી નથી. આથી જ પ્રભુકૃપાથી પ્રેરાઈને જીવે પ્રાર્થનાભાવે પુરુષાર્થ કરવાની જરૂર રહે છે.

ધ્યેય ગમે, રુચે તે એક વાત છે ને તેમાં દૃઢાત્મકપણે પગરણ મંડાયા કરવાનું થયાં જાય તે વાત વળી જુદી છે.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૬૪)

*　　　　　*

કોઈ પણ સંત કે ગુરુ ચમત્કાર કે જાદુથી કોઈ પણ જીવમાં ભગવાનનો ભાવ એકદમ તત્ક્ષણ પ્રકટાવી શકતો નથી; એવી શક્યતા પણ નથી. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૬૮)

*　　　　　*

આપણે ભાગે આવેલું કર્મ અહંતા-મમતાથી દૂર રહીને ભગવાન-પ્રીત્યર્થે કરતાં થઈ જઈએ ને પાછું એને જ ચરણકમળે સમર્પણ કર્યાં કરવાનો જીવંત અભ્યાસ કેળવીએ, તો જ ભગવાનની કૃપા કે એની લીલા—એ બધું હકીકત છે કે માત્ર ગપ્પાં છે, તે આપણને હૃદયમાં હૃદયથી સમજાય. (સાધના) કર્યાં કરવામાં જ જેને આત્મપ્રસન્નતા ને આત્મસંતોષ છે, એવાને તે ક્યારે ફળશે, આજ કે કાલ એવા પ્રશ્ન ઊઠતા નથી; ને ધારો કે ઊઠ્યા કે ઊઠતા હોય તો તે મૂંઝવતા તો નથી જ.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૬૮-૧૭૨)

*　　　　　*

પ્રત્યેક કર્મ જો કંઈ ને કંઈ શીખવાના જાગૃત હેતુના જ્ઞાનથી થયાં કરે, તો પછી કર્મ એ માનસિક ભૂમિકાને કેળવવાની એક પ્રયોગશાળા જ ગણાય. ત્યાં કર્મનું મહત્ત્વ નથી રહેતું, પરંતુ માનસિક તુલાને જ્ઞાનનો અનુભવ કેળવવા માટેનું કર્મ તો માત્ર સાધન છે. એટલે વધારે મહત્ત્વ ત્યાં માનસિક તુલાને કેળવવાને આપવાનું બન્યાં કરતું હોવું જોઈએ.

('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૭૪)

*　　　　*

આ સંસાર કે જગત મિથ્યા લાગતાં નથી. એ બધું સહેતુકપણે વાસ્તવિક છે. ('જીવનપ્રવેશ', આ.૩, પૃ. ૧૭૭)

*　　　　*

અમુક જ સંપૂર્ણ સનાતન સત્ય છે, તે વિનાનું બીજું કશું સત્ય નથી, એવી મડાગાંઠ કદી ન વાળી શકાય. જે જે કાળે સમાજને જેવી જેવી ને જેટલી જેટલી જરૂરિયાત પ્રકટે છે, તેવી તેવી રીતે તેવા તેવા મહાન આત્માઓ કાળપુરુષ તરીકે જ્ઞાનભાવે પ્રવર્તવાનું કર્યાં કરતા હોય છે. એટલે તે કામ તે કાળ પૂરતું ને તે કાળના સમાજના પૂરતું તે કાળે પૂરું સત્ય હોય. કાળે કાળે સત્યનું સ્વરૂપ પણ બદલાતું રહેતું હોય છે.

શાસ્ત્રનો શબ્દ, મહાપુરુષનો શબ્દ અને અનુભવનો શબ્દ એની એવી એકવાક્યતા પ્રકટે એ તો અતિ ઉત્તમ છે, ચેતનમાં પ્રકટેલા આત્માનું કહેવું-કથવું એ જ્ઞાનભાવે હોવા છતાં કાળે કાળે તેમાં પણ શ્રેયાર્થીને તે તે કાળની વિકાસની ભાવનામાં તે તે બધું તે તે રૂપે પ્રગટતું જણાતું હોય છે. એક કાળે જે અર્થ તેમાંથી પ્રગટતો હોય, તો બીજા કાળે તેમાંથી વધારે વિસ્તારવાળો બીજા પ્રકારનો અર્થ પણ પ્રકટી શકે છે.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૨૫-૨૬)

*　　　　*

પ્રભુદત્ત કહો કે કર્મપ્રારબ્ધ કહો, જે ગરીબાઈ મળેલી, જ્યારથી તે જાણતો થયો ને જ્યારે તે કઠતી લાગેલી, ત્યારે વિચારવામાં એ આવેલું કે જે ગુણ કેળવવા કેટલાય લોકોને કેટલોય પુરુષાર્થ કરવો પડતો અને તેમાંથી તેના સાચા અર્થમાં તે (ગરીબાઈ) જ્ઞાનભાવે સાંપડતી. તો પ્રભુકૃપાથી આ જીવને તો જે સહજ મળી છે, એ તો જીવનની મોંઘી મૂડી કે લક્ષ્મી મળેલી છે; ને એ રીતે તો આ જીવ લક્ષ્મીવંતોમાં પણ વધુ લક્ષ્મીવંત છે. જીવનના તે તે કાળનાં મૂલ્યાંકનોને તેવી રીતે ઉલટાવવામાં આવા પ્રકારની વિચારસરણી પણ આપોઆપ સૂઝ્યાં કરેલી, તે પણ પ્રભુની જ કૃપાનું પરિણામ છે.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૨૮)

*　　　　*

આપણે માનતાં હોઈએ કે ધારતાં હોઈએ તે રીતે જ તેમ થાય તો જ એની કૃપા વરસે છે કે તો જ એ કૃપા કરે છે એમ પણ માનવાનું કશું કારણ નથી. કોઈ કહેશે કે એ તો માત્ર કલ્પના જ કહેવાય ને ? તો બીજી રીતે ચિંતા કરવામાં પણ કલ્પના સિવાય બીજું શું છે ? માનવીમાત્ર જ્યાં ત્યાંથી કલ્પના કરીને જીવતો હોય છે. તો જે કલ્પના આપણને ઊંચે આણે ને સામાને પણ પ્રાબલ્ય આપવાને, સાંત્વન પ્રેરાવવાને અંતરથી પ્રેરણાત્મક બની શકે, તેવી કલ્પના શા માટે ન રાખવી ?

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૩૦-૩૧)

*　　　　*

કર્મનો પ્રતાપ, પ્રભાવ ને તેની અસર કંઈ માત્ર વ્યક્તિગત નથી હોતી; સમષ્ટિગત પણ હોય છે. જગતમાં આપણે એકલાં હોવા છતાં અનંત સાથે સંકળાયેલા જ છીએ. વિચાર, વૃત્તિ, ઊર્મિ, લહરી, ભાવના ને ભાવ વડે બધાંય સાથે મળતાં કે

ભળતાં હોઈએ છીએ ને એકબીજાની અસરમાં જાણ્યેઅજાણ્યે આવ્યાં જ કરતાં હોઈએ છીએ.

(‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૧૮૫-૮૬)

*　　　　　*

જીવનવિકાસના ભાવસહ પ્રભુપ્રીત્યર્થે સતત કર્મમાં રોકાયેલા રહેવું અને મનને તેવી રીતે રોકાયેલું રાખવું, એના જેવી જીવનની બીજી કોઈ ઉત્તમ કેળવણી નથી.

(‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૧૮૭)

*　　　　　*

‘સમજવું’ એ જીવનના અનુભવમાંથી ઊગે છે અને સમજાવવું એ તો એક જુદી જ કળા છે.

(‘જીવનપ્રવેશ’, આ.૨, પૃ. ૨૩૮)

*　　　　　*

જેમ તરવાની ભૂમિકા રચવાને ને તે કળા હસ્તગત કરવા માટે પાણીની જરૂરિયાત છે, તેમ આપણને આ જગતની ને સૌની જરૂર છે; ને એ જ્ઞાન એમના એમના સંપર્કથી મેળવી શકાય એટલા પૂરતું એ જ બધું ‘સત્ય’ છે, ને પછી નથી— આપણા પૂરતું જ. પણ તે પછી પણ એનું અસ્તિત્વ નાશ પામતું નથી, માત્ર એનો ઉપયોગ બીજી રીતે છે.

(‘જીવનપ્રવેશ’, આ.૨, પૃ. ૨૪૫)

*　　　　　*

સ્વજનો કે સંબંધીઓને પત્ર લખતી વેળા કે તેમનો પત્ર વાંચતી વેળા આપણે એટલું હૃદયનું સાન્નિધ્ય ને સંપર્કનો અનુભવ જો એકબીજા ન અનુભવીએ તો આપણા હૃદયના પ્રેમમાં કંઈક ઊણપ છે એમ એનો અર્થ નીકળે.

(‘જીવનપ્રવેશ’, આ.૩, પૃ. ૨૦૨)

*　　　　　*

એકાન્તિક જીવનમાં મૌનને પ્રધાન સ્થાન છે. તેમાંય સમગ્ર આધારને પ્રભુને સમર્પણ કરવાની ભાવનાને ઉદ્દીપ્ત કરવાને માટે તો મૌનની ખાસ જરૂર છે.

બધી ઇન્દ્રિયોને પોત પોતાના વિષયમાં રસ લેતી રોકી શકાય, ત્યારે જ સાચું મૌન થયું ગણાય અથવા બીજી રીતે કહીએ તો મૌન એટલે ઇન્દ્રિયોને પોતપોતાની પ્રાકૃતિક ક્રિયાઓમાંથી ઉપરામ પમાડવાની ક્રિયા.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૫૭-૫૮)

*　　　　　*

સંયમ એટલે જીવનમાં આચરાઈ રહેલા ભાવોની સીમા. સંયમ એટલે પોતાના જીવનનું રક્ષણ કરવા યોજાયેલી જીવંત ભાવાત્મક આચારની દીવાલ.

જે સંયમી જીવન જગત પ્રત્યે કઠોર કરી મૂકે છે, તેવો સંયમ યથાર્થ નથી. જે સંયમને વારંવાર વ્યક્ત થવાપણું હોય છે તે સંયમ જ નથી. ('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૬૪)

*　　　　　*

લાગણીઓને યથેચ્છપણે વ્યક્ત થવા દેવાથી તેની શક્તિ ક્ષીણ થાય છે, ને જીવનવિકાસના કાર્યમાં તે નિરર્થક નીવડે છે.

જીવનની કોઈ પણ શક્તિને હેતુપૂર્વક સીમાબદ્ધ કર્યા સિવાય, તેને અમુક વિશેષ વસ્તુનો અભ્યાસ કરાવી ન શકાય. અસંયમી લાગણી ને વૃત્તિના પ્રાગટ્યમાં નિર્બળતા પોષાય છે.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૬૬-૬૭)

*　　　　　*

કપડાં અને શરીર પાણીથી ધોવાથી જેમ તેમનો મેલ જતો રહે છે, તેમ ઈશ્વરને હૃદયથી પ્રાર્થના કરવાથી મનનો ને

અંતઃકરણનો મેલ સાફ થાય છે.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૭૧)

*  *

સાહિત્યની ભાવના જો જીવનના ઉચ્ચ આશયને ગતિમાન કરવાને શક્તિમાન ન થાય, જનતાને પોતાની જીવનનિષ્ઠામાં દૃઢ ન કરાવી શકતી હોય, તો એને ઊંચું સાહિત્ય કેમ કરીને કહી શકાય ? ('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૭૮)

*  *

માથે ઘણનો માર પડે એટલે ગમે તેવી વિકટ કે પ્રતિકૂળ સ્થિતિમાં મુકાઈએ, તોપણ જે ભાવના ઊગેલી હોય તે તેના યથાર્થપણામાં ઊલટી વધુ સતેજ અને શક્તિશાળી બને ને એવું પ્રત્યક્ષ અનુભવાય તો જ તે ભાવના સાચી, એમ પ્રમાણવું. ('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૮૨)

*  *

હૃદયથી જે એકને વળગીને એકને પામે છે, તે અનંતને પણ પામી શકે છે. ('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૮૭)

*  *

દાન કરતી વેળા જેને દાન કરતા હોઈએ તેના પરત્વે હૃદયથી ભક્તિ પ્રગટે અને આપણાં કરણો ઉદારતા, વિશાળતા વગેરે ભાવો જ્ઞાનપૂર્વક અનુભવે તથા આપણી સંકુચિતતાની વાડો તૂટે, તો તેવું કરેલું દાન જીવનવિકાસને ફળાવે ખરું. દાન કરવામાં પ્રાયશ્ચિતનો ભાવ જીવતો તે તે કર્મે રહી શકે તો દાનનો અર્થ છે. દાન કરવાનો તો આપણો ધર્મ છે. એમાં કલ્યાણ થવાની ભાવના રહે તો તે પણ યથાર્થ નથી.

('જીવનપ્રવેશ', આ.૧, પૃ. ૨૨૩-૨૪)

*  *

ખાલી ગુરુમંત્ર લીધાથી કશું વળતું હોતું નથી. એ પણ એક પ્રકારની અજ્ઞાનમૂલક ભ્રમણા છે. જ્યાં સુધી જીવનનું મૂળ વહેણ બદલાઈ ન જાય, ત્યાં સુધી એવા હજારો ગુરુમંત્ર લીધેલા વ્યર્થ છે. ('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૯૦-૯૧)

આશા, તૃષ્ણા, કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સર, કામના, વાસના, રાગદ્વેષ, અહંકાર વગેરે બધાંને કાઢવાનું કે મોળાં કરવાનું જ્યાં સુધી, ઝંખનાપૂર્વકનું ઊગી શકતું નથી, એવી તૈયારી જે જીવની ચાહીને થઈ શકતી નથી, એવા જીવને સાક્ષાત્ ભગવાન પણ ઊંચે ચઢાવી શકવા સમર્થ નથી.

('જીવનપ્રવેશ', આ.૧, પૃ. ૨૨૫)

* *

ભૂત વળગે તે તો કોઈ કાઢી શકે, પરંતુ જે કોઈ એવા ચેતનમાં પ્રગટેલા છે, એવા આત્માઓ કોઈને ગળે વળગેલા છે, તે તો છૂટી શકે તેવું નથી. ('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૯૫)

* *

વૃત્તિ એ તો શક્તિનું સ્વરૂપ છે. સંસારી જીવની વૃત્તિનું મૂળ તો અજ્ઞાનમાં છે; જ્યારે કોઈ દિવ્ય, ઉચ્ચ આત્માની વૃત્તિનું મૂળ તો જ્ઞાનમાં રહેલું છે. આથી બન્નેની વૃત્તિના મૂળમાં ભૂમિકામાં ફરક હોવાથી, તે બન્નેને એક જ રીતે જોવાની, સમજવાની, માપવાની, અનુભવવાની મનીષા રખે આપણે રાખીએ !

અજ્ઞાની, સંસારી જીવની વૃત્તિ વધારે બંધનકર્તા ને રાગદ્વેષને વધારનારી છે; જ્યારે જ્ઞાની જીવાત્માની ભાવના મુક્તિપ્રદેશે પ્રવર્તાવનારી હોય છે. ('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૯૭)

* *

ઉપયોગ એ જ જ્ઞાન છે. જેમાં ને તેમાં ઉપયોગના હેતુના જ્ઞાનને હૃદયસ્થ દઢાવીને વર્તીએ. ઉપયોગ એટલે માત્ર કંઈ સ્વાર્થ

જ નહિ. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૧)

*                *

સાધન ઉત્તમમાં ઉત્તમ હોય, પરંતુ જો તે ઘરેડ પ્રમાણે બન્યાં કરે તો તેમાંથી કશું ચેતન મેળવી શકાતું નથી.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧)

*                *

ગુરુ જે જે કંઈક આપણને સૂચન કરતા હોય તો તે કંઈ અમથું અમથું હોતું નથી. તેમાં કંઈક રહસ્ય અને હેતુ હોય છે. તે સૂચન પાછળ તેના હૃદયનો ભાવ પણ હોય છે. તે સૂચનનો અમલ પ્રેમભક્તિજ્ઞાનભાવે થયાં કરતો હોવાથી એની સ્મરણભાવના પણ દિલમાં પ્રગટ્યાં કરે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૪)

*                *

બીજાનાં સૂચનોનું પણ દિલથી પાલન કરવાની ઉત્કંઠા જો બન્યાં કરે—અલબત્ત, વિવેક વાપરીને—તો તેમનો હૃદયનો સદ્ભાવ આપણને મળ્યાં કરે છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૪)

*                *

જે કંઈ કરીએ તે તેવી રીતે માત્ર કરવાપણા માટે નથી કરવાનું, પરંતુ તેમાંથી ભાવ-શક્તિ પ્રગટાવવા કાજે તે તે કરવાપણું છે. જીવભાવે દયા એટલે અહંકાર.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૭)

*                *

ભાવનાને ટકાવી રાખવાને માટે, તેને વધુ તેજસ્વિત અને શક્તિશાળી બનાવવાને માટે, વધારે એકાગ્ર, કેન્દ્રિત કરવાને

માટે નામસ્મરણ એ જબરદસ્ત સાધન છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૯)

*   *

મળેલાં કર્મને સંપૂર્ણ રીતે, ઉત્તમપણાથી આપણા પોતાના વિકાસની ભાવનાથી પ્રેરાઈને, જીવનને વિકસાવવા, પ્રભુપ્રીત્યર્થે કરવાનાં છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૯-૧૦)

*   *

બીજા કશાનો અંતરાય નથી; જે કંઈ અંતરાય છે, તે સાચા પ્રકારનો દૃઢ, મક્કમ નિશ્ચય પ્રગટેલો હોતો નથી તે છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૦)

*   *

આપણે કંઈ કશાનો સામનો કરવાનો નથી; સામનો જે કરવાનો છે તે તો અંતરમાં આંતરિક વૃત્તિઓનો.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૦)

*   *

સદ્‌ગુરુ માટેનો હૃદયનો ભક્તિભાવ કંઈ કશાથી ઓસરી જવો ન ઘટે; તો જ તેવો ભાવ ઉપયોગનો છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૩)

*   *

ભાવ ભાવને ખેંચે છે ને ભાવને પ્રગટાવે છે. હૃદયના ભાવનું બળ જેવું તેવું નથી. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૫)

*   *

ગુરુનું ભાવભર્યું પુણ્યસ્મરણ તે પ્રત્યક્ષ સંજીવની છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૭)

*   *

બીજાંઓનું જે જે નકારાત્મક હોય તે આપણા કાને, આંખે, મને કે એમ જે ચઢે તેને વાણીથી કે બીજી કોઈ પણ રીતે બીજાં

કોઈ આગળ વ્યક્ત કરવાનું હોય નહિ. નકારાત્મક મોજાંનાં વર્તુલો આ સંસાર-સરોવરમાં જેટલાં ઘટાડી શકાય તેટલાં ઘટાડવાં રહ્યાં. આમ થવાવા માટે વાણી ઉપર ભારે સંયમની જરૂર રહેશે. એવાં નકારાત્મક મોજાંનો વિસ્તાર થવા દેવો તે એક પ્રકારની નિંદા છે. નિંદાનો પણ રસ જીવને હોય છે. જગતમાંનાં ઘણાં વેરઝેરો આ નિંદારસથી પોષાઈ રહેલાં છે ને વૃદ્ધિ પણ પામતાં રહે છે. એમાંથી જીવનવિકાસ ચાહનારે ઊગરી જવું જ રહ્યું.

(‘જીવનપોકાર’, આ.૪, પૃ. ૧૮)

*    *

કોઈ પણ જીવ વિષે બીજા કોઈ પણ જીવ આગળ નકારાત્મક ઉચ્ચારાયું તો સમજવું કે હજી બધાં પરત્વે જ્ઞાનપૂર્વક આચરવાની સદ્‌ભાવની કેળવણી વિષેનું આપણને મહત્ત્વ મનહૃદયમાં ઊતર્યું નથી. એવો જ્ઞાનાત્મક સદ્‌ભાવ રાખવાથી આપણને મનમાં શાંતિ, સમતા, પ્રસન્નતા, સરળતા આદિની ભૂમિકા જીવતી રહ્યાં કરે છે. (‘જીવનપોકાર’, આ.૪, પૃ. ૧૯)

*    *

જે જે રીતે, જેવું જેવું આપણે સાંભળ્યું, વિચાર્યું, વર્ત્યાં, બોલ્યાં, ને જેવી જેવી વૃત્તિ તે તે પળે આપણી રહી, તે તે રીતનું તેવું તેવું, તેવી તેવી વૃત્તિનું જીવન આપણા માટે આપણે નિર્માણ કરી ચૂક્યાં એમ નિશ્ચે જાણવું, સમજવું ને માનવું.

(‘જીવનપોકાર’, આ.૪, પૃ.૨૦-૨૧)

*    *

જીવકક્ષાનું નકારાત્મક જે હોય, તેવું જીવનમાં નિર્માણ નથી જ થવા દેવું એવો મક્કમ નિર્ધાર જે જીવે કરેલો છે, તેવો જીવ કંઈ પણ કશો નકારાત્મપણાનો અંતરમાં કે બહારથી

અનુભવ થતાં અંતરથી પૂરો સાબદો બની જાગ્રત બને છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૧)

* *

ગમે તે થાય તેમ છતાં જીવનનાં નકારાત્મક પાસાંને તો આંખ, કાન, મોં ન ધરવાં તે ન જ ધરવાં.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૧)

* *

સાધકે જ્ઞાનભક્તિપૂર્વક જીવનવિકાસનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ પ્રગટાવી પ્રગટાવી વર્તવું, વિચારવું, કલ્પવું, સમજવું, માનવું, બોલવું વગેરે કરવું. જીવનની એ સાચી કમાણી છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૨)

* *

સાધનાનો યજ્ઞ કંઈ જેવો તેવો નથી. એવા જીવનવિકાસાર્થે આદરાયેલા યજ્ઞમાં સતત આહુતિ આપ્યાં કરવી પડશે.જે તે બધું હોમવા જેવું હોય, તે પ્રેમથી હોમવું પડશે ને હોમાઈ જવું પડશે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૨)

* *

મૌનનું આંતરિક વ્યાપક સૂક્ષ્મ સ્વરૂપ પ્રગટ્યાં વિના મન નિઃસ્તબ્ધ-નીરવ દશાને કદી પણ પામી શકતું નથી. મન નિસ્તરંગ દશાને જ્યાં સુધી ન પામે ત્યાં સુધી મનની મૂળ શક્તિ વ્યક્ત થતી અનુભવાઈ શકાતી નથી. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૪)

* *

જીવકક્ષાનું પુણ્ય પણ બંધનકારક.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૬)

* *

મનાદિ કરણો ભાવનાથી જ્યારે તરબોળ રહ્યાં કરે છે, ત્યારે બીજી કોઈ જાતના વિચારો પ્રવેશી શકતા નથી ને ઊઠી પણ શકતા નથી. તેવી દશામાં નામસ્મરણ આદિ સાધન ભાવની એકતાનતાથી, એકાગ્રતાથી સારી રીતે થયાં કરે છે. ભાવની એકાગ્રતા જામતાં જામતાં તેમાંથી કેન્દ્રિતતા જન્મે છે. ભાવની કેન્દ્રિતતા થતાં, ને તેની સંપૂર્ણતાની ટોચે પ્રગટતાં ને તે દશામાં લાંબા ગાળા સુધી સ્થિરપણે ટકતાં—જીવતી રહ્યાં કરતાં—તે પછી તેનો વિસ્તાર પણ થવા માંડે છે. સદ્‌ગુરુનું ચેતનવંતુ પવિત્ર સ્મરણ હૃદયમાં હૃદયથી પ્રગટાવી પ્રગટાવી તેના હૃદય સાથે આપણા હૃદયનું ભાવભક્તિથી એકતાનતાભર્યું અનુસંધાન કર્યાં કરીને, તેવું જ્ઞાનયુક્ત તાદાત્મ્ય સાધી સાધીને, હૃદય હૃદયની એકતા જ્યારે ઉદ્‌ભવે છે, તેવી વેળા જે જીવંત ચેતનયુક્ત કેન્દ્રિતતા પ્રગટે છે, તે સ્થિતિ જ્ઞાનદશાના અનુભવની ભૂમિકારૂપે હોય છે. (‘જીવનપોકાર’, આ.૪, પૃ. ૨૭)

* *

શ્રીસદ્‌ગુરુના હૃદયના ભાવને જ્યારે સાધક પ્રેમભક્તિ વડે કરીને હૃદયમાં હૃદયથી પકડતો બની શકે છે, તે વેળાથી સાધકના જીવનનો વિકાસ ઘણો ઝડપી બની જતો હોય છે.

(‘જીવનપોકાર’, આ.૪, પૃ. ૨૮)

* *

જીવદશામાં પ્રત્યેક ઊંચી કે નીચી કક્ષામાં ઉપભોગ એ તો મૃત્યુ છે ને ઉપયોગ એ જ્ઞાન છે.

(‘જીવનપોકાર’, આ.૪, પૃ. ૨૮)

* *

આંતરિક કરણોની શુદ્ધિનો અભ્યાસ જીવતો થયા વિના

સાધના સફળ થવી શક્ય નથી. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૧)

*　　　　*

સ્થૂળ પ્રાણ પોતાની અસર મનાદિ ઉપર પહોંચાડીને બુદ્ધિને ભમાવી દે છે, ચિત્તમાં દોષ ઉત્પન્ન કરે છે, મનને ચકડોળે ચઢાવે છે એટલે વિચારની પૂરેપૂરી શુદ્ધતા આપણામાં રહી શકતી નથી.
('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૧)

*　　　　*

ફૂલમાંની મધુરી સુવાસમાં ને તેના સૌંદર્યમાં રસગ્રહણશક્તિ દ્વારા ભગવાનના ભાવને જ સાધકે અનુભવવાનો છે. ત્યારે સ્થૂળ ઇંદ્રિયોને તૃપ્તિ પમાડવાનો ખ્યાલ જાગ્રત ન થવો ઘટે.
('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૩)

*　　　　*

સમજણની પણ મડાગાંઠો હોય છે, ને તેમાંથી પણ મુક્તિ મેળવવાની છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૧)

*　　　　*

કોઈ પણ કશી બાબતમાં કંઈ કશાનો આગ્રહ ન રહે તે સાધના કાજે ઉત્તમ છે, અંતે તો સારા કે ઉત્તમના આગ્રહથી પણ પર જવાનું ને થવાનું છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૧)

*　　　　*

આપવામાં જે આનંદ છે તે લેવામાં નથી. આપવાનું જીવનઘડતરમાં મદદરૂપ બનતું હોય છે.
('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૩)

*　　　　*

જે જે કારણથી દિલની શ્રદ્ધા વધતી રહેતી હોય, તેને હૃદયમાં પ્રેમભાવે ફરી ફરીને વિચારવું ને ચિંતવતાં રહેવું.
('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૪)

*　　　　*

બેળે બેળે, ત્રાસીને, કંટાળીને, નાછૂટકે કામો કરવાની ટેવને ફગાવી દેવી પડશે. વેઠ પેઠે, ઉતાવળમાં, અધીરાઈથી, યદ્વાતદ્વા, આડાંઅવળાં, અવ્યવસ્થિત, રઘવાટભર્યાં, કચવાટભર્યાં ને ભાવ વિનાનાં કર્મો કર્યે ઊલટો બોજો વધે છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૭)

*　　　　*

ખચકાતાં ખચકાતાં કંઈક કશું કોઈનેય આપવાનું બન્યું તો તેવા આપવાપણાથી કશું એની યોગ્યતામાં ફળી શકતું નથી. આપવામાં જો કંઈ કશી ગણતરી, માન્યતા, અપેક્ષા કે આડીઆવળી સમજણ પ્રગટેલી રહી તો તેવું અપાયેલું મિથ્યા નીવડી શકે છે. જે કંઈ આપવાનું હોય તે એક યજ્ઞભાવના તરીકે પોતાના વિકાસાર્થે ને શુદ્ધ, નિર્મળ ભાવના પ્રગટાવવા કાજે તેમ કરવાનું હોય.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૯)

*　　　　*

જગત એટલે જ ફેરફાર. તો એવા ફેરફારને જીવનમાં જ્ઞાનપૂર્વક આપણે આવકારીએ અને સ્વેચ્છાએ આપણા જીવનનો સમૂળગો ફેરફાર પ્રભુકૃપાથી પમાડતાં રહીએ.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૯)

*　　　　*

પ્રત્યેક વૃત્તિ ગતિ કરીને આકાર ધારણ કરતી હોય છે તો જીવનવિકાસ કાજે પ્રગટેલી ભાવના આપણા વર્તનવ્યવહારમાં વ્યક્ત થયા વિના કેમ રહી શકે ?

('જીવનપોકાર', આ.૪, પૃ. ૫૧)

*　　　　*

ઇંદ્રિયોની લાલસાઓને જીતવાનો ઉપાય તે તે વેળા ગદ્ગદ ભાવે ને તેની વેદનાથી ડંખતા અને સાલતા હૃદયે, આર્ત અને

આર્દ્ર ભાવે શ્રીહરિની પ્રાર્થનામાં રહેલો છે. સતત ભાવનાભર્યા નામસ્મરણનું એકધારું દિલમાં દિલથી રટણ તે વેળા થયાં જવું ઘટે. એના જેવો બીજો કોઈ સરળ ઉપાય નથી.

આપણે શ્રીહરિને ભજવાનો છે,— તે પણ તેના પ્રેમની જ ખાતર. ('જીવનપોકાર', આ.૪, પૃ. પ૨)

* *

આપણે માની લીધેલાં સુખદુ:ખની સમજણમાં જો પડ્યાં જ રહેવાનું કરવું હોય તો જીવનવિકાસની આશા છોડી દેવી.

('જીવનપોકાર', આ.૪, પૃ. પપ)

* *

સંસારવહેવારવર્તનની રોજની નિર્જીવ ઘટમાળમાં જ જો પરોવાઈ રહેવાનું હોય, તો પછી થઈ રહ્યું; એ સંસારની એવી ઘટમાળ ભલે રહી, કિંતુ આપણે તેમાં યાંત્રિક ઘટમાળરૂપે થઈ જવાનું નથી. આપણે તો જાગતાં રહેવાનું છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. પ૬)

* *

જ્ઞાનભક્તિપૂર્વકનું આત્યંતિક પૂરેપૂરું આત્મસમર્પણ થયું ન હોય, ત્યાં સુધી આપણા પોતાના અંગત પુરુષાર્થની ઘણી જરૂર રહે છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૬૨-૬૩)

* *

બીજાંને આગળ આણ્યાં કરવાનું પ્રેમભાવે જો આપણે કરીશું તો તેમાં આપણું કશું જ બગડી જવાનું નથી, ઊલટો લાભ જ છે. અહમ્ ટાળવાની એ તાલીમ બની શકે છે.

કોઈનાયે પરત્વે નકારાત્મક વલણ ઊપજે એટલે કે જો તેનું નરસું આપણું મન વિચારવાનું કરે કે, તુરતાતુરત તે જીવના ઉત્તમ પાસાને યાદ કરવું. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૭૪-૭પ)

* *

જગતમાં અને સંસારવ્યવહારમાં ન્યાય-અન્યાયનાં પાસાં રહેલાં હોવાથી આપણને ન્યાય પણ થાય ને અન્યાય પણ થાય; એવું બનતું તો રહ્યાં કરવાનું જ. વળી આપણને જે અન્યાય થતો દેખાય છે, તેવો સાચેસાચ અન્યાય કરવાનો હેતુ સામાનો ન પણ હોય. આપણે તો હરકોઈ સ્થિતિમાં સદ્‌ભાવ જ સેવવાનો હોય.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૭૬)

* *

કંઈ કશામાં જીવનને વેડફી દેવાનું થતાં આપણે કાળજે અરેરાટી-ચિરાડો પડવો જોઈશે. કશીક કીમતી વસ્તુ કે પાંચ-પચાસ રૂપિયા ખોવાતાં જે લાગણી થતી હોય છે, તેથી અનેકગણી વધુ ને તેના તીવ્રતમપણામાં તે પણ, તે વેળા આપણને થવી જોઈશે.

માનવીને સ્થૂળ ધનનું નુકસાન થતાં જે અરેરાટી થાય છે તેના સોમા ભાગનીયે સારું જીવન—મહામૂલું જીવન—વેડફાઈ જતાં તે લાગણી નથી થતી. આવી છે માનવીની કમનસીબી !

('જીવનપોકાર', આ.૪, પૃ. ૭૭)

* *

વ્યવસ્થા એક વસ્તુ છે ને ઘરેડ બીજી વસ્તુ છે. બન્નેમાં ઘણો ફરક છે. વ્યવસ્થા પ્રગટાવીને માનવી તેને પણ પાછો ઘરેડરૂપ બનાવી દેતો હોય છે. જે તે કંઈ વ્યવસ્થાના આકારમાં મૂકી તે તે પછી પાછું ઘરેડ પ્રમાણે જ તે કરતો હોય છે. આ બરાબર નથી. જે કંઈ થયાં કરે, તેમાં આપણા જીવનની ભાવના થનગનતી, નૃત્ય કરતી હોવી જોઈશે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૮૧-૮૨)

* *

બીજી વ્યક્તિ તરફથી કોઈનીયે નકારાત્મક વાત નીકળતાં, તેવી વેળાએ આપણે કળા વાપરીને ચાલતી વાતને એવો તો

પલટો અપાવીને કોઈ બીજા ઊંચા ભાવનાના પ્રસંગના વલણમાં તેને ફેરવી નખાવવાનું કરવું જોઈએ. સામા જીવની ભાવનાને પણ તેજસ્વિત બનાવવાનું થાય, એવી રીતે વાતનો પ્રકાર ઉપજાવવાની કળા આપણામાં પ્રગટેલી હોવી જોઈશે.

દુન્યવી, સાંસારિક, ક્ષુલ્લક વાતો નછૂટકે સાંભળવી જ પડે તેવી નાજુક પરિસ્થિતિની વેળાએ તે વાત સાંભળવા છતાં સાંભળવાનું ન બને એમ મનને ત્યારે નામસ્મરણ-ધારણામાં બુડાડી દેવાનું પ્રભુકૃપાથી ચેતીને, જાગીને, થયાં કરતું હોય તેવી ટેવ આપણે પાડવી જોઈશે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૮૨-૮૩)

*　　　　　*

જેમ કાંટાથી કાંટો નીકળી શકે છે, જેમ ઝેર ઝેરની માત્રાથી ટળી શકે છે, તેમ જીવનું સંસારીપણું જીવનવિકાસની ભાવનાને સંસારમાં તેની યથાર્થતા વડે જીવવાથી ટળી શકે છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૮૫)

*　　　　　*

કર્મનાં પ્રેરક બળો પ્રાણ, અહમ્ આદિની વૃત્તિ કે વલણ ન હોય, પણ જીવનવિકાસની ભાવના જ તેનું પ્રેરક બળ હોય, ને તે કર્મ દ્વારા જીવનવિકાસક પ્રેમભાવ પ્રગટ્યા કરતો હોય, તો તેવાં કર્મો યજ્ઞસ્વરૂપ છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૯૧)

*　　　　　*

સાત્ત્વિક ગુણ પ્રગટતાં સાધનાના ભાવનો વિકાસ સહજપણે થયા કરતો રહે છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૯૪)

*　　　　　*

ઘણા લોકો 'એ(પ્રભુ યા ગુરુ) બધું જ જાણે છે, એ અંતર્યામી છે, એને શું કહેવાની જરૂર છે ?' એવા જે ખ્યાલો રાખે છે, તે

અજ્ઞાનમૂલક ને ભ્રમણાત્મક છે. અંતર્યામિત્વની હકીકત યથાર્થ હોવા છતાં સાધકે તો આત્મનિવેદનરૂપે જે તે બધું કહેવું કે લખવું ઘટે છે. પ્રાર્થનાનો આશ્રય લઈને ચેતનાની કૃપાશક્તિને પોકાર્યા કરવાની રહે છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૧૦)

*  *

પોતાથી થતી પ્રાર્થના હૃદયપૂર્વકની હોવા છતાં જ્યારે તે ફળતી ન અનુભવાય, ત્યારે જીવે પોતાની જાતને-મનને-પ્રાણને, ચિત્તને, બુદ્ધિને, અહમ્‌ને તેનાં અનેક પાસાંઓમાં વળી વળીને તપાસી લેવાં ઘટે. ક્યાંક જરૂર કવાણું હશે જ.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૧૧)

*  *

સંસારવહેવારવર્તનમાં જ્યાં જ્યાં આપણને અન્યાય થતો લાગે, ત્યાં ત્યાં અન્યાયને અન્યાય તરીકે તો કદી પણ ન સ્વીકારવો. પ્રભુનો એની પાછળ આપણને ઘડવાનો હેતુ પ્રીછવો. અન્યાય થયો છે એવું લાગે છે તો આપણાં મન, બુદ્ધિ, પ્રાણ ને અહમ્‌ને. તેઓ હજી પૂરી સમતામાં, તટસ્થતામાં શાંતિયુક્ત દશામાં ક્યાં પ્રગટેલાં હોય છે, કે તેમનો તેવો તોળેલો તે અંગેનો ન્યાય યોગ્યતાવાળો હોય ? મનાદિએ જે વિચાર્યું હોય તે તદ્દન ખરું જ છે એમ કેમ કરીને ગણી શકાય ? દરેક પ્રસંગને અનેક બાજુઓ હોય છે. એટલે તેને તેની સમગ્રતાથી અવલોકન કરવાનું આપણાથી કેવી રીતે બની શકે? માટે માનેલા અન્યાયને અન્યાય તરીકે ગણવાનું થતાં તો આપણે જ કદાચ બીજા કોઈને અન્યાય કરી બેસીશું.

આપણે ભલે કદાચ અન્યાયના ભોગ બની જતા હોઈએ, પણ આપણાથી કોઈને અન્યાય ન થઈ જાય તેમ જ કોઈને અન્યાયી માની ન લેવાય તેની પૂરી કાળજી રાખવાની છે.

આપણું અહમ્ અમથું અમથું જરાક પણ ઘવાતાં એની ક્રિયા શરૂ થઈ જતી હોય છે. અહમ્-પણે પ્રકૃતિનું કાર્ય થતું હોય છે ને એની પાછળ પ્રકૃતિની પ્રેરણા છે. આપણી એવી અહંતા ટળે એ સાધનામાર્ગ માટે ઘણું મોટું ને જીવ કાજે ભારેમાં ભારે મુશ્કેલ કાર્ય છે; પરંતુ તે કર્યા વિના છૂટકો નથી.

આશાઓ, ઈચ્છાઓ, કામનાઓ, તૃષ્ણાઓ આદિનું સ્ફુરણ થતું ભલે દેખાય, પણ ગતિમાન થતું ન અનુભવાય ત્યારે જાણવું કે આપણું અહમ્ નરમ પડેલું છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૨૧ થી ૧૨૩)

* *

પ્રાર્થના કરવાથી જે બાબતમાં પ્રાર્થના કરતા હોઈએ તે ફળે કે ન ફળે તે મહત્ત્વની બીના નથી. પરંતુ જેમ જેમ પ્રાર્થનાનો ભાવ આપણા હૃદયમાં પ્રત્યક્ષપણે જીવતો બન્યા કરતો હોય છે, તેમ તેમ શ્રીભગવાનના ભાવ સાથેનો આપણા અંતરનો સંબંધ બંધાતો જતો હોય છે, તે એક મહત્ત્વની હકીકત છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૩૪)

* *

કર્મની યોગ્યતા જોવા કરતાં ઇંદ્રિયો ને મનાદિ કરણોની પાત્રતા ને શ્રેષ્ઠતા યોગ્ય પ્રકારની થાય, તે પરત્વેનો આપણો જીવતોજાગતો ઝોક હેતુપૂર્વકનો વધે તે ઘણું જરૂરનું છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૪૦)

* *

આજકાલ વ્યકિતસ્વાતંત્ર્યને બદલે વ્યક્તિસ્વચ્છંદતા સમાજમાં પ્રવર્તતી જણાય છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૪૩)

* *

જીવને અનુભવ તો મળે છે, પણ તે પોતે પોતાની પરિમિતતાને પરિણામે એને તે પરિમિત બનાવી દે છે અથવા એને તે તે સ્વરૂપે જ પારખી શકાતું હોય છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૫૪)

*  *

હૃદયના પ્રેમભાવનો સ્પર્શ તો અણુએ અણુમાં પ્રગટતો હોય છે, આપણા મળવાના રણકારમાં, આપણી બોલીમાં, આંખમાં, ચાલમાં, વર્તાવમાં પ્રગટી જતો હોય છે. એનો સ્પર્શ થયા વિના રહી શકતો નથી. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૫૬)

*  *

સર્વ પ્રકારનાં થતાં રહેતાં કર્મનાં ફળની કામનાઓનો ને કર્તૃત્વબુદ્ધિનો જો સમજણપૂર્વક સહજમેળે સમૂળગો ત્યાગ થતો રહે, તો તો સમતા આપોઆપ આધારનાં કરણોમાં સ્થપાતી અનુભવી શકાય. આવી સમતા સ્થપાતાં જ પ્રભુની ચેતના આપણા આધારમાં ઠામઠેકાણે પ્રગટવાની, ને તે પોતે કાર્ય કરવાનો આરંભ કરી દેવાની. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૭૫)

*  *

સદ્‌ગુરુની ભક્તિ માત્ર તેમના શરીરની સેવામાં પર્યાપ્ત થઈ જતી નથી; પરંતુ ગુરુની ચેતનાત્મક ભાવનાની ધારણા આપણા હૃદયમાં પળેપળ જીવતી રહ્યાં કરે; તેવી ધારણાથી આપણે જેમાં ને તેમાં ઊંચે તર્યાં કરવાનું પ્રત્યક્ષ તે તે વેળા જ્ઞાન પ્રગટ્યાં કરી તે તે કર્મ યજ્ઞભાવે થયાં કરે, તે પાછાં પ્રભુચરણકમળે સમર્પણ થયાં કરે ને તે બધું પ્રભુપ્રીત્યર્થે બન્યાં કરે,—એવું એવું જ્ઞાન તે તે કર્મ કરતી વેળા આપણામાં જીવતું રહ્યાં કરે, તે જ સદ્‌ગુરુની સાચી પ્રેમભક્તિ છે. જેના વડે આપણા જીવનનું યોગ્ય સાચું ઘડતર

થયાં કરે તે સદ્‌ગુરુની પ્રેમભક્તિ છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૮૪)

*  *

પરમપ્રાપ્તિના પુરુષાર્થની તોલે જગતમાં બીજો કશો પણ પુરુષાર્થ આવી શકે એમ નથી. એવા પુરુષાર્થના હાર્દમાં પ્રભુકૃપાશક્તિ વસેલી છે જ.

*  *

સદ્‌ગુરુની સાચી પિછાન તો કદી બાહ્ય રીતે થતી હોતી જ નથી. એ તો આગળ જતાં જતાં અંતરમાં અંતરથી થયાં કરતી હોય છે. એવો પ્રગટેલો અનુભવ તે જ સાચો અનુભવ છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૮૪)

*  *

સકળ કંઈ મળી આવતાં કર્મ એ આપણા વહાલા પ્રભુની પ્રસાદી છે, એમ જ્ઞાનપૂર્વક સ્વીકારીને જ્યારે જ્યારે કંઈ અણગમતું, અજુગતું કરવાનું આવી પડે, તેવી વેળાએ પણ તેને પ્રભુકર્મ સમજીને તેવા કર્મમાં તે કર્મનાં પાસાંને ન નિહાળતાં તેનાથી પ્રભુનો પ્રેમભાવ પ્રગટાવવાનું બન્યાં કરે, તો તો એવા થએલા અનુભવથી પ્રેરણાત્મક સમજણ આપણને પ્રગટ્યાં કરે ખરી.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૯૪)

*  *

કુટુંબના વડીલો પણ આપણા જેવાં જ માનવીઓ છે. જેમ આપણામાં અનેક પ્રકારની ઊણપો, કુટેવો, અવગુણો વગેરે ભર્યા પડ્યાં છે તેમ તેમનામાં પણ હોઈ શકે છે; પરંતુ તેથી કંઈ તેઓ પરત્વેનો આપણો સદ્‌ભાવ, આદર, પ્રેમભાવ વગેરે ઘટી જવો ન જોઈએ. સદ્‌ભાવથી સદ્‌ભાવ સાંપડે છે, ને તેવી ભાવનામાં વધારો થાય છે. તેમના પ્રતિ જે ભાવ, આદર કેળવવાનો છે તે આપણા પોતાના વિકાસ માટે છે. આપણે કંઈ ગુણની પૂજા

કરવા નથી નીકળ્યા, પરંતુ તેઓ આપણાં વડીલ છે તે હકીકત જ માન-ભાવ-આદર દેવા માટે પૂરતી ગણાવી જોઈએ.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૯૬)

*  *

કસોટીની પળે જો જીવને જરા પણ કંટાળો ઊપજ્યો, ત્રાસ થયો, સંતાપ પ્રકટ્યો, કે બેળે બેળેની વૃત્તિ જન્મી, તો તેવી કસોટીનું પરિણામ તો જીવનના અજ્ઞાનમય મૃત્યુમાં આવવાનું. કસોટી તો જીવનને કસી જોવા કાજેની કસોટી છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૯૭)

*  *

'મન લાગો મેરો યાર ફકીરીમેં'

ફકીરી એટલે માત્ર ગરીબાઈ નહિ, માત્ર ત્યાગ નહિ. ફકીરી એટલે માત્ર ફનાગીરી પણ નહિ. જેનામાં મન-દિલ લગાડી દેવાનાં છે, તેના વિના બીજા કશામાં તે ચોંટી જ ન શકે એવી મસ્ત દશા પ્રગટેલી હોય તે પણ 'ફકીરી' ના અર્થ માટે પૂરતું નથી. એનાથીયે આગળ ફકીરીનો ભાવ તો જીવનવિકાસની ઉત્તમમાં ઉત્તમ જ્ઞાનમૂલક કક્ષાઓમાં પ્રગટતો રહ્યા કરે છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૦૦)

*  *

કર્મનું કર્તાપણું, એનું ઉત્તમપણું, એનું કૌશલ્ય, એની શક્તિ, એની કળા—એ બધું જીવનું નથી જ નથી. તે તો બધું વાતાવરણના ચેતનના વિસ્તારપણામાંથી પ્રગટેલું છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૦૪)

*  *

ગરીબની કોઈ 'દયા' ખાશો નહિ. દયા ખાનાર આપણે કોણ ? એ કોઈ કને દયા નથી માગતો, માગે છે ન્યાય. એ આપી

શકાતો હોય તો આપજો. દયા ખાવાની ન હોય. સહાનુભૂતિ ધરાવી શકાય. દયાની લાગણીમાં સૂક્ષ્મ અહંકાર છુપાયેલો છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૦૮)

* *

ગુરુના આંધળા અનુકરણથી કશો શુક્કરવાર વળી શકતો નથી. તે તો જીવનનું અજ્ઞાનતામાં મૃત્યુ છે. ગુરુ કરવા ખાતર ગુરુ કરવા એ તો મુદ્દલે ખપના નથી. પરંતુ જીવનવિકાસની ભાવનાને જીવનમાં ઉપયોગમાં પ્રવર્તાવવા કાજે સદ્ગુરુનું જ્ઞાનભક્તિપૂર્વકનું સેવન કરવાના ભાવે જીવનવિકાસની ભાવનાના આધારના સાધનરૂપે, સદ્ગુરુ કરેલા હોય તો તે ગુરુ ખપના છે. એવું જો સાચેસાચ એના યોગ્ય ભાવાર્થમાં આપણા જીવનમાં હૃદયથી પ્રગટેલું હોય, તો એનું માપલક્ષણ એ છે કે એની ગરજ આપણામાં જાગી ગયેલી જીવનમાં અનુભવાશે. જો એવી પૂરેપૂરી સાચી ગરજ જાગી ગએલી હોય, તો મન ફરી ફરી, વળી વળી, એના તરફ જ વળ્યાં કરે. એમ હોય તો એ વારંવાર હૃદયમાં યાદ આવ્યા કરે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૧૦-૧૧)

* *

ગુરુને પારખી પારખીને, કસીને, સ્વીકારો તેની ના નથી. સ્વીકારતાં પહેલાં જે કંઈ અંતરમાં જાણવું હોય તે બુદ્ધિની, ભાવના આદિની મદદથી જાણી લેવાનું કરી શકાય; પણ એક વાર તેને હૃદયથી સ્વીકારાયા બાદ તેની સાથે ખાલી ખાલી ગતકડાં કરવાં, શંકા-આશંકાઓમાં અટવાવું, તર્ક-વિતર્કો કરવા વગેરે આપણા કાજે જરાકે યોગ્ય નથી. તેને આપણા જ જેવો (પ્રકૃતિથી પ્રેરાતા માનવી જેવો) સમજવામાં, માનવામાં, જાણવામાં આપણો પ્રકૃતિદોષ રહેલો છે તે નક્કી પ્રમાણવું.

ગુરુના હૃદયભાવને સહજમેળે પ્રેમભક્તિથી જો આપણાથી જીવનમાં સ્વીકારાઈ શકાતો હોય તો, તે સર્વથી ઉત્તમ છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૧૪)

*　　　　*

વસ્તુને નક્કર સ્વરૂપે કરી બતાવવાની છે, તે કંઈ એમનું એમ થોડું થવાવાનું છે ? તે કાજે તો મેંદીની જેમ પથ્થર ઉપર પથ્થરથી ઘણા ઘણા ભારથી અવારનવાર આમથી તેમ વટાઈ વટાઈને નરમ લોંદા જેવું બની જવું પડશે. ત્યારે જ એમાંથી રંગ પ્રગટી શકવાનો છે. એવું થવાની જેની ઉમેદ ન હોય તેવાને કાજે આ માર્ગ નથી.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૩૨)

*　　　　*

આપણે જે જે કંઈ કરીએ છીએ, તે આઘાતપ્રત્યાઘાતથી પ્રેરાઈને કરતાં હોઈએ છીએ અને આઘાતપ્રત્યાઘાતની ભૂમિકા એટલે તો કોઈ ને કોઈ પ્રકારની ક્ષુબ્ધતાની દશા.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૪૩)

*　　　　*

કર્મ, માત્ર કર્મને માટે નથી; જીવનને માટે કર્મ છે. કર્મ કંઈ કોઈ બીજાના ઉદ્ધાર કાજે નથી; કર્મ તો પોતાના જીવનના ઉદ્ધાર કાજે છે; આવી ભાવના પ્રધાનતઃ કર્મના આચરણમાં જ્ઞાનપૂર્વક આપણામાં જીવંત પ્રગટેલી હોવી જોઈએ.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૪૫)

*　　　　*

જે જે કંઈ જેને ઉત્કટપણે કઠે, તેમાંથી તે પરાઙ્મુખ પણ થઈ શકતો હોય છે. દુઃખ આપણને જગાડે ને ગતિમાં પ્રેરાવે તો તે દુઃખ સાચું.

દુ:ખ પોતાને જાણવા સમજવા કાજેનું યોગ્ય દર્પણ છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૬૪)

*　　　　　*

અનુભવ થયા કરે છે તે હકીકત જો સાચી હોય, તો અનુભવથી સમજણ પણ ઘડાવાવી ઘટે ને ? અનુભવ તો કંઈ સ્થિતિસ્થાપક નથી. એનો લાક્ષણિક ધર્મ તો પ્રસાર થયા કરવાનો છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૮૦)

*　　　　　*

જીવ પોતે જે સમજતો હોય, તેના ધોરણે ને માપે સમજવાનું, માનવાનું, ગણવાનું, સ્વીકારવાનું, અનુભવવાનું તે તે બધું પ્રયત્ન કરી કરીને છોડ્યાં કરવાની જ્ઞાનપૂર્વકની આદત કેળવવાની રહે છે. કોઈ પણ પ્રકારની આમ કે તેમ જે સમજણ રાખ્યા કરવાની બને છે, તેમાં અહમ્ પણ મોટો ભાગ ભજવતું હોય છે.

*　　　　　*

બીજાના કામમાં જો કંઈક જરા આમ કે તેમ પ્રવેશવાનું બન્યું તો તેમાં આપણાથી જાણ્યે અજાણ્યે કંઈક સૂચવવાનું બની જતું હોય છે; ઘણી વાર તો એમ ને એમ સુધારો કે સૂચન કરવાનું કરી દેતાં હોઈએ છીએ; ભલે ને પછી આપણી તેવી સૂચના તે કર્મના ઉત્તમપણા માટે યોગ્ય પ્રકારની હોય, પરંતુ આપણા કાજે તો તેમ ટપકી પડવું નુકસાનકારક છે. એવું સૂચવવાનું કરવું એ પણ એક પ્રકારનું આપણું અહમ્ જ છે. કેટલીક વાર આવું અહમ્ બહિર્પણે વ્યક્ત થવામાંથી અટકી જતું હોય છે, પરંતુ મનમાં તો તે પ્રગટ થઈ જ જાય છે; જ્યારે આપણો પ્રયાસ તો મનમાં પણ તે પ્રગટતું અટકી જાય તેવો હોવો ઘટે છે.

સૂચના કરી દેવાનું એકદમ જે બને છે તેનો અર્થ તો એ કે, તે પરત્વેની આપણામાંની પ્રગટતી રહેલી સમજણની ઉત્તમતા વિષેનું ભાન હજી આપણને રહેલું છે, ને તેવા પ્રકારની સમજણને

માથું ઊંચું કરવાનું હજુ ઘણું દિલ રહ્યાં કરે છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૮૯)

*　　　　　　*

જીવનમાં અનેક પ્રકારના ફાંકાઓ હોય છે. સમજણનો ફાંકો, બુદ્ધિનો ફાંકો, આવડતનો ફાંફો, પોતાની શક્તિનો ફાંકો, ડહાપણનો ફાંકો, રૂપનો ફાંકો, વ્યવહારકુશળતાનો ફાંકો, વૈભવવિલાસનો ફાંકો, ધનનો ફાંકો આમ વિવિધ પ્રકારના ફાંકા હોય છે. આ બધા ફાંકાઓ આપણા જીવનમાંથી નિર્મૂળ થવા જોઈશે. આવા બધા ફાંકાઓમાં અહમ્ ઘણો મોટો ભાગ ભજવતું હોય છે. તેના વડે તો તે જીવતા રહેતા હોય છે. આથી અહમ્ પર ફટકા પડે, ત્યારે साधकजीवने ઘણો આનંદ થવો ઘટે છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૯૩)

*　　　　　　*

પ્રતિકૂળ વાતાવરણમાંયે અખંડ શાંતિ, સમતા, પ્રસન્નતા આદિ ગુણો સતત જીવતા રહી શકે તો જ એની ખરી કિંમત છે ને ?

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૯૪)

*　　　　　　*

જીવે ભગવાનના માર્ગે વળવાનું કર્યું કે લોક તેની કનેથી વધારે ને વધારે ઉત્તમપણાની આશાની ધારણા સેવતા હોય છે. તેમને એમ ખબર નથી રહેતી કે કોઈ કંઈ એકદમ પ્રકૃતિ કે સ્વભાવ થોડો જ સુધારી શકતું હોય છે ? સાધક થતાંની સાથે થોડું જ સિદ્ધ થઈ જવાય છે ? પરંતુ આમાંથી આપણે તો એ પાઠ લેવાનો છે કે હવે આપણાથી યદ્વાતદ્વા વર્ત્યે નભી શકાવાનું નથી. તેમ છતાં પાછું આપણે કંઈ લોકને માટે જીવવાનું નથી.

લોક તો બેઠક વિનાના ઢોળવા જેવા છે; આજે એક બોલે તો કાલે બીજું પણ બોલે. જેને વખાણે તેને નિંદે પણ ખરા. તેમ છતાં તેમની અગવણના તો કદી ભૂલેચૂકે પણ આપણાથી થઈ

ન જ શકે. લોકોમાં પણ આપણો વહાલો પ્રભુ રમી રહેલો છે. તે દ્વારા આપણને તે ચેતાવતો પણ હોય એ રીતે આપણે તો લોકના બોલવાપણામાંથી શીખવાનું પણ હોય. **તેમ છતાં લોક અને તે (ભગવાન) બન્ને એક નથી. લોકોમાં ભગવાન છે, પણ લોકો ભગવાન નથી.**

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૯૫-૯૬)

*   *

વૈરાગ્યને અને જીવનના પ્રાપ્ત થએલા ધર્મ્યકર્તવ્યને ક્યાંયે વિરોધ નથી. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૯૮)

*   *

આપમેળે આનંદથી, સમજણના હેતુથી જે કર્યાં કરીએ, ને કરવું જ પડતું હોય ને કર્યા વિના છૂટકો જ નથી એવી રીતે તેનું તે જ કર્મ કર્યાં કરતાં હોઈએ, તો તે બન્નેના પરિણામમાં પણ ભેદ હોય છે. આપણે તો જે તે આનંદથી, જીવનની કેળવણીના હેતુનો જીવતો ખ્યાલ રાખ્યાં કરીને સમર્પણભાવે કર્યાં કરવાનું છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૯૯)

*   *

આશ્વાસન આપ્યું આપી શકાતું નથી. લેવાની કળા તે કાજે જીવે શીખવાની રહે છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૧૭)

*   *

કર્મનો હેતુ, માત્ર કંઈ તે કર્મ કરવાપણામાં જ નથી રહેતો પણ તે કરતાં કરતાં હૃદયસ્થ કેવી, કેટલી ઊંડી ભાવના પ્રગટીને જીવતી રહ્યા કરે છે, તે જ ખરેખરો તો સાચો કર્મ કરવાપણાનો મુદ્દો છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૨૩)

*   *

ભક્તિમય જીવન એટલે કલ્પનામય જીવન એમ નથી. ઊર્મિમય જીવન પણ તે નથી. ભક્તિ એટલે પોકળતા પણ નહિ.

ભક્તિનો પાયો તો જ્ઞાનની વાસ્તવિકતાભરી હકીકતના નક્કર પાયા પર રચાયેલો હોય છે. ભક્તિ એટલે તો મનાદિ કરણોને સતત એકધારા એના પ્રિય ચિંત્વનમાં ગુંદર કે સરેશની જેમ ચિટકાવીને રખાવે, ત્યારે તેને ભક્તિ કહી શકાય.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૨૩)

* *

શ્રીભગવાનની કૃપા પણ રેઢી નથી પડી. તે તો એનાં થએલાં હોય તેવી વેળાએ પણ તેની અગ્નિપરીક્ષામાં કેટલાંયે તેનાં ભક્તજનો આકરાં તવાયાં છે. એટલે તેની કૃપા, તેનાં થઈ જવાતાં પછી પણ, તેની કસોટીમાંથી પાર ઊતરતાં મળતી હોય છે. કૃપાનું સ્વતંત્ર અસ્તિત્વ છે ને બધું છે; પણ પહેલાં તો આપણું જ અસ્તિત્વ ક્યાં છે તેનું ભાન કોને છે ?

અનેક વેળા આપણે વધસ્થંભે ચઢ્યાં જ કરવાનું રહે છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૨૮-૨૯-૩૨)

* *

કસોટીમાંથી સહીસલામત પસાર થયા વિનાનો સદ્‌ભાવ પણ શા કામનો ? જગતવ્યવહારમાં લોક પણ નાણું પરખીને લેતાં હોય છે, ત્યારે શ્રીભગવાન કંઈ સામાન્ય લોક કરતાં ઊતરતો તો ન જ હોઈ શકે ને ? ('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૩૩)

* *

જે જીવ સાચી રીતે મથતો હોય છે, તે કદી પણ માથે હાથ દઈને બેસી રહેતો નથી અથવા તો કદી પણ પરિસ્થિતિનો વાંક કાઢતો નથી. પોતાની અશક્તિ હોય, નબળાઈ હોય કે ગમે તેવું હોય તોપણ તેને તે રૂપે જ સ્વીકારી લે છે. તેમાં તે કોઈ જાતનાં ગલ્લાંતલ્લાં કરતો નથી.

'અમુક થયું તેથી તેમ થયું ને આમ હતું તેથી તેમ બન્યું.'

તેવું તે કદી કહેતો નથી. તે તો ખચકાયા વિનાનો સ્પષ્ટ, ખુલ્લો, હૃદયનો એકરાર કરી દે છે. જે જીવ પરિસ્થિતિથી લાચાર બન્યો એમ ગણાવે છે, તેવો જીવ પોતાની લાચારીને, પરિસ્થિતિને નિમિત્તે સંતાડે છે. એટલે જે જીવ સાવ ખુલ્લો નથી, તે કશાક નિમિત્તને પાછળ ઊભું કરતો હોય છે. તેવો જીવ ક્યાંક ને ક્યાંક જરૂર અટવાઈ પડવાનો. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૩૮)

* *

આ માર્ગ તો છે મરજીવાનો. પહેલાં સંસારમાં મરતાં શીખી લો, ને ત્યાં મરતાં મરતાં પ્રભુનું પ્રેમભક્તિપૂર્વકનું, મુગ્ધ અને સ્નિગ્ધ સ્મરણ હૈયામાં જીવતું પ્રગટાવ્યાં કરો. એને જ જ્યાં ત્યાં મહત્ત્વ દીધાં કરો. સંસાર, સગાંસંબંધી પણ એ અને પુત્ર પરિવાર જે કહો તે પણ એ જ બધું. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૩૯)

* *

સંસાર તો અંતરમાં જડાઈ ગએલો હોય છે. બહારનો સંસાર ને તેની ઘટના—તે તો માત્ર અંતરનાનું વ્યક્ત સ્વરૂપ છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૪૦)

* *

જે જે આત્મનિષ્ઠ થયા છે તેમનામાં કંઈક કંઈક અમુક પ્રકારની વિચિત્રતાઓ-ખાસિયતો-જોવામાં આવેલી છે. તો તેવું શાથી ? એમ લોક પૂછે છે. તેનો જવાબ એ છે કે સામાન્ય માનવીમાં અને આત્મનિષ્ઠમાં-બન્નેમાં ખાસિયતો, વિચિત્રતાઓ હોઈ શકે; કિંતુ સામાન્ય માનવી પ્રકૃતિવશ હોઈ વિચિત્રતાઓનો દાસ હોય છે, જ્યારે આત્મનિષ્ઠ સ્વામી હોઈ તે તેની સવિશેષતા છે, તે તેની લાક્ષણિકતા પણ છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૪૮)

* *

પ્રકૃતિ એના ખરા અસલ સ્વરૂપમાં તો અશુદ્ધિવાળી નથી. તે તો દ્વંદ્વની રમતમાં પડેલી છે. દ્વંદ્વ એ એનું લક્ષણ છે. એના ચણતરમાં જ દ્વંદ્વ રહેલું છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૪૮)

* *

વ્યક્તિગત જીવનમાં શું કે સમગ્ર જીવનમાં શું કે સારાયે સમાજ કે સૃષ્ટિના જીવનમાં શું, મન-બુદ્ધિ વગેરેથી જીવનના બધા પ્રશ્નો ઉકેલાઈ જવાના છે એમ અનુભવ તો બતાવી આપતો નથી. મન-બુદ્ધિ કંઈ કશાનું સમગ્રપણું ને સળંગપણું તોલવાને, માપવાને, સમજવાને, અનુભવવાને કદી પણ શક્તિમાન નથી.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૫૨)

* *

વિષનો કડવો ઘૂંટડો પીવા વારો આવે તો તેને અમૃત તરીકે સ્વીકારીને જે જીવ જીવનસંગ્રામ ખેલે છે, તે જીવન જીવી જાણે છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૫૫)

* *

પ્રાપ્ત ધર્મો છોડાય નહિ; પરંતુ તે તે બધા ધર્મો સાંસારિક વૃત્તિથી આચરવાના ન હોય, ભગવદ્‌ભાવથી આચરવાના હોય. તે ધર્મોના પાલનમાં જીવનવિકાસની ભાવનાનો જ સુદૃઢપણે એકમાત્ર ખ્યાલ જો રાખ્યાં કરાય તો તે ધર્મનો હેતુ સાચી રીતે ફળી શકે. માટે સંસાર એ તો વૃત્તિઓથી તરવા કાજેની મુક્તિનાવ છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૬૫)

* *

ગીતાનો સંન્યાસ તે વૃત્તિનો સંન્યાસ છે. ગીતાનો ધર્મ મળેલી પરિસ્થિતિ અને મળેલા ધર્મથી ભાગવાની સ્પષ્ટ ના પાડે છે. તેને તે કાયરતા ગણે છે. જે કંટાળીને, ત્રાસીને ભાગે છે, તે

ધર્મના હૃદયને પામી શકતો નથી.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૬૭)

* *

એકનિષ્ઠા પ્રકટ્યા વિના જીવનની સાધનાના પુરુષાર્થમાં નવચેતન, પ્રાણ પ્રકટી શકવાનાં નથી.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૬૮)

* *

આપણી સંસ્કૃતિમાં જે અનેક પ્રકારના સાંપ્રદાયિક મતો પ્રસર્યા, તે ત્યાગ ને ભોગ એ બેની વચ્ચેના તે બધા ફાંટાઓ છે. ત્યાગ કે ભોગ બન્ને પ્રેમભક્તિજ્ઞાનયોગની ભૂમિકાવાળા જ હોવા ઘટે, તો જ તે શોભે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૬૮)

* *

સંયમ અને દમન એ બેમાં ઘણો તફાવત છે.

દમનથી બુદ્ધિ, પ્રાણ આદિ કુંઠિત બની જાય છે. જેમ નપુંસક માનવીમાં વાસના નથી હોતી એવું નથી હોતું; એવી રીતે કરણોને કુંઠિત બનાવીને આગળ વધવાના માર્ગને આપણી સંસ્કૃતિના અનુભવીઓએ સામાન્યતઃ નકાર્યો છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૬૯)

* *

અજ્ઞાનમય જીવનમાં તો નર્યો ભોગ જ છે. જ્યારે જ્ઞાનની અવસ્થામાં જીવનનો યજ્ઞ સંપૂર્ણપણે પરિપૂર્ણ થયા બાદ, જે કંઈ બાકી રહે તેવા ભોગને યથાર્થ ગણેલો છે અને તે પ્રભુપ્રસાદ છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૭૦)

* *

ત્યાગ કરવો ને ત્યાગ ભોગવવો એ બન્નેના ભાવાર્થમાં આસમાન-જમીનનો ફરક છે. ત્યાગ ભોગવવામાં જે આનંદ છે, તે ત્યાગ કરવાના આનંદ કરતાં ક્યાંયે વિશેષ ચઢિયાતો છે.

ત્યાગ કરવાનો આનંદ એ જીવનવિકાસની પ્રમાણમાં નીચલી શ્રેણીનો માર્ગ છે. ત્યાગ ભોગવવાનો આનંદ એ જીવનવિકાસની સહજ સાધનાનો આનંદ છે અથવા વધારે યોગ્યપણે કહીએ તો તે સહજ અવસ્થાનો આનંદ છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૭૦)

* *

પ્રેમની કુમળાશને સહુ કોઈ સમજે, સ્વીકારે ને આવકારે પણ પ્રેમની કઠણાશને જયારે પ્રેમભક્તિઆનંદથી સ્વીકારાય અને આવકારાય ત્યારે જ સાચો પ્રેમ પરખાય.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૭૧)

* *

જીવનનો ધર્મ સાંપ્રદાયિકતાનો નથી; જીવનનો વાસ્તવિક ધર્મ વિસ્તારપણાનો છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૭૧)

* *

લાગણીઓને પંપાળનારા શબ્દોથી કે એવા પ્રકારના કાગળના લખાણથી આશ્વાસન આપવાની રીત એ જીવનવિકાસની ભાવનાને સાચી રીતે પ્રેરનારી નથી; એથી તો ઊલટું જીવન કે લાગણી વધારે લૂલી લૂલી બને છે. ભાષા એ તો જીવનને આકાર પમાડવાનું ઘણું લૂલું ને અધૂરું સાધન છે; સાચું સાધન તો પ્રેમભક્તિજ્ઞાનયોગપૂર્વકની જીવનની તપશ્ચર્યા છે; શબ્દમાં, શબ્દ-લાલિત્યમાં, વિચારમાં ને લાગણીમાં રાચનારો જીવ જીવનવિકાસને સાચી રીતે સાધી શકવાનો નથી.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૭૨)

* *

ઉત્તમ શિલ્પકાર હોય તેમ છતાં ઉત્તમ રીતે ગમે તે પથ્થરને તે ઘડી ન શકે. એવા સર્જન માટે તે તો માગી લે છે અમુક પ્રકારની

શરતોવાળો ખાસ પથ્થર. તો જ તેમાંથી સર્જન, તેના અંતરની તે પરત્વેની પ્રકટેલી ભાવનાની સમજણ અનુસાર નીપજી શકે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૭૪)

*            *

ભાવના વિનાનું થએલું સર્વ કંઈ, સાધનાના યોગ્ય વિકાસ માટે મિથ્યા છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૭૮)

*            *

કર્મ વિના જ્ઞાન નથી ને જ્ઞાનના અનુભવ વિના કર્મથી મુકિત પણ નથી. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૮૨)

*            *

ગરજ જગાડી આપવાનું કાર્ય કોઈ કરી આપી શકવાનું નથી, આપણે જાતે જ તે જગાડવી પડશે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૮૨)

*            *

કંઈ કશા પર તિરસ્કાર કરવાથી તેમાંથી નીકળી શકાતું નથી. પણ ઊલટું કળણમાં વધારે ખૂંપી જવાય છે.

જીવનવિકાસના માર્ગમાં તિરસ્કાર, ઘૃણા, વેર, નિંદા, અવમાનના, અવગણના વગેરે વૃત્તિને સ્થાન જ નથી. ઘણાંને એમ કહેતા જાણ્યા છે કે, 'પાપને ધિક્કારતાં શીખો, પાપીને નહિ' પરંતુ પાપ ને પાપી તે બન્નેને એકબીજાથી અલગ પાડીને જુદાં જુદાં સમજી તેમ ગણી શકવાની ખપમાં લાગી શકે એવી સૂક્ષ્મ વિવેકશક્તિ સામાન્ય જીવમાં તો હોતી નથી. એટલે પાપને ધિક્કારવાની સાથે સાથે આપણું મન પાપીને પણ તેમાં સમાવી દેતું હોય છે. આથી આપણે તો સર્વ પરત્વે, સારા કે નરસા પરત્વે, એકમાત્ર જીવતો સદ્‌ભાવ જ રાખ્યા કરવાનો હોય. જો

આપણા જીવનમાં જીવનવિકાસક ભાવનાનું મહત્ત્વ પ્રગટેલું રહ્યાં કર્યું હશે, તો નરસા પરત્વે આપણે વળગી શકવાનાં નથી. અથવા વળગતાં વળગતાં જાગી જઈને બચી શકવાનાં છીએ, તે નકકી જાણવું. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૮૩-૮૪)

* *

સદ્‌ગુરુનાં વચનનો વર્તાવ કરતાં કરતાં મૃત્યુ આવે, તો તેને પણ પ્રેમથી સ્વીકારવાની તૈયારી સાધકમાં પ્રગટેલી હોવી જોઈશે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૮૪)

* *

મહત્ત્વાકાંક્ષાનાં પણ પ્રત્યક્ષ લક્ષણો છે. સાચી મહત્ત્વાકાંક્ષામાં તો ખુમારી કોઈ ઓર હોય છે. એક પ્રકારની ધ્યેયની દિશા પરત્વેની ધૂન ને એની મસ્તીનો નશો, એના પરત્વેનું પ્રગટેલું એકરાગપણું, એના પરત્વેની તમન્ના, તન્મયતા ને એકતાનતા તેમાં હોય છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૯૦)

* *

પ્રયત્નમાં જ્યારે હૃદયભાવના ભળે છે, ત્યારે પ્રયત્ન વધારે યોગ્ય પ્રકારનો થતો હોય છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૯૨)

* *

સજાગ ને મથતા માનવીને તો ડગલે ને પગલે વિચારવાનું હોય છે. એને તો પળેપળ યુદ્ધની સ્થિતિમાં જતી હોય છે; આંતરબાહ્ય બધે જ સંગ્રામ પ્રગટેલો રહ્યાં કરે છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૯૫)

* *

સાંસારિક જીવનની સાંકળથી મુક્ત થઈ જ ન શકાતું હોય, ને બીજી બાજુથી માનવીની મહેચ્છા આધ્યાત્મિક જીવન પરત્વેની

થોડી ઘણી પણ હોય, તો તેવા જીવે પ્રાર્થના કરી કરી ભગવાનની મદદ માગવી રહી. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૯૭)

*                    *

સદ્‌ગુરુનો કોઈ આકારપ્રકાર નથી, એ કાંઈ એક પ્રકારની ચોકઠામાં જકડાઈ શકે તેવી સમજણ નથી. એ મર્યાદા નથી તેમ બંધન પણ નથી. મુક્તિ પણ નથી. તે તો જે છે તે છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૦૪)

*                    *

જેને છે તેને છે, ને જેને નથી તેને નથી. જેના હૃદયમાં તે જાગે છે, ત્યાંથી તે ઓલવાઈ જતો નથી. એક વાર જગાડીને જીવતો જો એને કરી શકયાં, તો એના નવા નવા અવતારનો અનુભવ અવનવા પ્રસંગોમાં આપણને થયા જ કરતો હોય છે. સદ્‌ગુરુને અમુક પ્રકારે જ સમજવો તે તો અજ્ઞાન છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૦૪)

*                    *

જીવપ્રકૃતિને ચેતનપણામાં જ્ઞાનપૂર્વક લય પમાડી દેવી એનું નામ મરીને જન્મવું. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૦૫)

*                    *

મનને તો ભરપૂર સંસારથી ભર્યું રાખ્યાં કરવું હોય ને ભજનો ગાય કે રામનામ લે તો તેથી કશો યોગ્ય પત્તો ખાવાનો નથી. પ્રભુને કાજે રોમેરોમ આગ પ્રગટ્યા વિના, એવી પ્રેમ-ભક્તિનું શૌર્ય હૈયામાં પ્રગટ્યા વિના પ્રભુને મેળવવો દોહ્યલો છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૦૬)

*                    *

'પ્રેમશૌર્યઅંકિત' હૃદયની ભક્તિ પ્રગટતાં આધાર પણ બદલાઈ જાય. કરણો દ્વારા કામ કરતી પ્રકૃતિ પણ બદલાઈ જતી

અનુભવાઈ છે. ભગવાન કાજેનો એવો નૈસર્ગિક પ્રેમભાવ જયારે ઉત્કટપણે પ્રગટે છે, ત્યારે જે તે બધું વાળીઝૂડીને તે સ્વચ્છ, શુદ્ધ કરી દે છે ને શ્રીભગવાનની પ્રાણપ્રતિષ્ઠા થવા કાજે આંતરિક ભૂમિકાને તેવી યોગ્યતાવાળી બનાવી દે છે.

(‘જીવનપોકાર’, આ.૪, પૃ. ૪૦૬)

*                *

પ્રભુના પ્રેમ વિના બીજા કશા પણ હેતુનો સંપૂર્ણ અભાવ, દંભ, અહમ્ આદિ નિમ્ન વૃત્તિઓનો સંપૂર્ણ અભાવ, સોદાની-સાટાની વૃત્તિવાળી કશી ગણતરીભરેલી માગણીનો પણ અભાવ, પ્રભુની ખાતર જ પ્રભુ, અંતઃકરણની ભાવનાથી સજ્જ થયેલી એવી પવિત્રતા—આ બધું સાધકે પોતાના આધારમાં જીવતું કરવાનું છે. (‘જીવનપોકાર’, આ.૪, પૃ. ૪૦૭)

*                *

કેટલાય જીવો પોતાની અશક્તિનો, પ્રકૃતિનો, તામસનો અથવા ખાલી ખાલી પડી રહી એળે સમય ગુમાવવાપણાની નિષ્ક્રિયતાનો ઉપર ઉપરથી તો દોષ કાઢતા ને સ્વીકારતા જાણેલા છે. પરંતુ અંતરમાં અંતરથી તેવી પોતાની દશા નિર્મૂળ કરવાને મુદ્દલે તેઓ સાચી રીતે ઉત્કટ તમન્નાથી હૃદયમાં ઝંખતા હોતા નથી.

સાધકે પોતાના અંતર્યામી સાથેનો આંતરિક ભાવાત્મક સંબંધ કોઈ ને કોઈ સાધનથી કરી, સતત પળેપળ એકધારો જીવતો થઈ શકે ને તેવા ભાવમાં એની સાથે હૃદયમાં હૃદયથી એકરસ થઈ રહી શકે એવા જ્ઞાનભક્તિપૂર્વકના પ્રયત્નમાં રહેવું જોઈએ.

(‘જીવનપોકાર’, આ.૪, પૃ. ૪૦૮)

*                *

જીવનવિકાસ પરત્વેનો જે આશાવાદ છે, તે તો જયાં ને ત્યાં અને જેમાં અને તેમાં બાથોડિયાં મારતો હોતો નથી. એનો માર્ગ તો નિશ્ચલ હોય છે ને એની મતિ-ગતિ પણ નિશ્ચલ હોય

છે. એનો નિર્ણય પણ નિશ્ચલ હોય છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૧૧)

*　　　　　　*

ગુરુનાં ચરણસ્પર્શ કરવાં, સાષ્ટાંગ દંડવત્ પ્રણામો કરવાં, ચરણામૃતો પીવાં, ફૂલો ચઢાવવાં. ધૂપદીવા કરવા, પૂજાઅર્ચન કરવાં, અગરબત્તાં સળગાવવાં, માળાઓ પહેરાવવી, ભેટસોગાદો ધરવી, એવું બધું ને એટલું જ માત્ર કરવું—એનાથી જીવન-વિકાસની દિશામાં કશું જ ન વળી શકે. જે કામ કરવું છે, તેની જાગૃતિ, ચીવટ, ખંત, કાળજી વગેરે હજી ક્યાં પ્રગટ્યાં છે ? પોતાના કામનું જીવતું રટણ રોજિંદા વ્યવહારવર્તનમાં કયાં રહે છે ? ખાલી 'ગુરુ' 'ગુરુ' કર્યે શું વળી શકે ? ખાલી ગુરુના નામના જયનાદો અને પોકારો કર્યે શું થઈ શકે ? આ તો બધી છે બહિર્ પૂજા. તેનુંયે સ્થાન છે, જો તેથી આંતરિક ભાવ તેના યથાર્થપણામાં પ્રગટી શકતો હોય તો, નહિતર નહિ. તેથી તો બહુ બહુ તો આ માર્ગની અભિરુચિ ઊપજે, તેથી વિશેષ કશું નહિ.માટે જે ખરું કરવાનું છે તે કરવા દિલ લાગી જવું જોઈએ. ગુરુની સાથે આપણા હૃદયના તારનું જ્ઞાનભક્તિપૂર્વકનું હૃદયમાં હૃદયથી અનુસંધાન પળેપળ સંપૂર્ણ ચેતનયુકત જાગૃતિમાં થઈ જવું ઘટે. એવું અનુસંધાન જ્યારે જીવતી દશામાં હૃદયમાં પ્રગટે છે, ત્યારે જ સાધના સહજમેળે થયાં કરે એવી કક્ષામાં પ્રવેશવાનું બની શકે છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૧૬-૧૭)

*　　　　　　*

મીરાંએ કોઈને કે કંઈ કશાને પણ અવગણ્યું નથી. એણે જે કર્યું છે તે તે સુધારાના હેતુથી પણ કરેલું નથી. એની ને એના પ્રભુની વચ્ચે જે જે આડું આવ્યું તે તે એણે શ્રીપ્રભુને ચરણકમળે પ્રેમભક્તિભાવે સમર્પણ કર્યાં જ કર્યું. એના જીવનમાં કયાંયે

સ્વચ્છંદતા, ઉચ્છૃંખલતા ન હતી. એની સર્વસ્વ સ્વાર્પણ કરવાની હૃદયની તૈયારી સર્વ રીતે ને સર્વ ભાવે જાગેલી હતી. એ તો શ્રીહરિને વરી ચૂકેલી જ હતી. શ્રીહરિ કાજેની હૃદયમાંની એની આતુરતા એટલી પ્રચંડ ભાવે રહ્યાં કરતી હતી કે એની આગળ સંસાર પોતે શૂન્યવત્ બની ગએલો હતો. આપણે એની આગળ વેંતિયાં જેવાં પણ નથી. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૧૯)

* *

રાગદ્વેષમાંથી ઊગરવાને કાજે આપણે કંઈ ખાસ મથામણ કરવાની નથી, પણ ખરી મથામણ તો કરવાની છે પ્રભુમય જીવન જીવવા કાજે. તેવું જીવન જીવવાની કળા જો પ્રભુકૃપાથી પ્રાપ્ત થઈ શકી, તો રાગદ્વેષનો વંટોળિયો જીવનમાંથી આપમેળે અદૃશ્ય થઈ જવાનો છો. રાગદ્વેષ ને દ્વંદ્વાદિથી મુકિત મેળવવાને જે જીવ જહેમત ઉઠાવવાનું કરે છે એવા પ્રયત્નમાં જીવનનું કલ્યાણ નથી એમ કહેવાનો તો આશય ન જ હોય; પરંતુ એ બધુંયે પ્રભુમય જીવન થઈ જતાં આપોઆપ ફલિત થવાનું જ છે. એટલે જે ઝોક દેવાનો છે તે ગુણોની પ્રાપ્તિની સાધના પર નહિ, પરંતુ આંતરિક જાગૃતિ ને પ્રભુભાવ ઉપર ખરો ઝોક દેવાનો છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૨૦-૨૧)

* *

જે જીવને ચેતનનો અનુભવ કરવાની મહત્ત્વાકાંક્ષા છે, એવા જીવની પ્રાર્થના તો પળેપળ એના જીવનના તાણાવાણામાં સતત એકધારી જીવંત વણાઈ ગએલી હોવી જોઈશે. એવાની પ્રાર્થના તો એના દરેક રોજિંદા વ્યવહાર, વર્તન, સંપર્ક, સંબંધ, વિચાર, લાગણી, વૃત્તિ, વાતચીત, કર્મ તે બધાંયમાં ઓતપ્રોત થયેલી હોવી જોઈશે. એવા જીવની પ્રાર્થનામાં ભાષાના વ્યકત શબ્દો જ માત્ર નહિ હોય; એની પ્રાર્થના તો એનું હૃદય કર્યાં

કરતું હોવું જોઈશે. જ્યારે આવી પ્રાર્થના ફલિત થાય છે, ત્યારે તે ચેતનપ્રેરક હોય છે, પ્રાણપૂરક હોય છે. એવી પ્રાર્થના પોતે જ શક્તિસ્વરૂપ બની જતી હોય છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૨૫)

* *

દરેક હકીકત ને પ્રસંગને ઘણાં પાસાં હોય છે; તેથી તેના સમગ્રપણાનો જીવતો ખ્યાલ ન પ્રગટી શકે, ત્યાં સુધી કંઈ કશા વિષે બુદ્ધિ એના નિર્ણયાત્મકપણામાં ન પ્રવેશે એ જ ઉત્તમ ગણાય. 'સારું કે નરસું' એ તો માત્ર માનવીના મનની સીમાનું લક્ષણ છે. એનાથી પર જવાતાં એ રીતે કશાનું મૂલ્યાંકન ટકી શકતું નથી.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૨૭)

* *

સાધારણતઃ સદ્‌ભાવથી સદ્‌ભાવ પ્રગટે છે. જોકે સદ્‌ભાવ રાખીએ તેથી સામી વ્યકિત અચૂક સદ્‌ભાવ રાખે જ એવું ન યે બને. તેવી વેળા આપણને પોતાને આપણા સદ્‌વલણ અંગેનો આત્મસંતોષ રહેવો ઘટે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૨૮)

* *

કોઈ પણ પરત્વે સદ્‌ભાવ હોય એટલે સામા જીવના જીવપ્રકારના વલણને ટેકો દેવો જ જોઈએ એવું કશું ન હોય. સદ્‌ભાવ રાખવા છતાં અયોગ્ય વલણનો સામનો થઈ શકે છે. પ્રહ્‌લાદ, ધ્રુવના દાખલા મોજૂદ છે. મીરાંબાઈ પણ મધ્યયુગમાં થઈ ગયાં અને બીજાં અનેક સંતભક્તોના તેવા દાખલા આપણી જાણમાં છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૨૮)

* *

ભાવનાને કર્મમાં પ્રવેશ કરાવવી ઘટે. કર્મનું પરિણામ ને તેની કક્ષા—જો તે કર્મમાં ભાવના હોય ને તે પણ તે હેતુલક્ષી

જ્ઞાનપૂર્વકની હોય તો—બદલાતાં રહે છે. આમ કર્મ અતિ ઉત્તમ કક્ષાનું હોવા છતાં, જો ભાવના જ્ઞાનપૂર્વકની ઉત્તમ કક્ષાની તેમાં જીવતી રહ્યાં કરેલી ન હોય, તો તેવા ઉત્તમ કર્મનું પણ પરિણામ ઉત્તમ પ્રકારનું ન પ્રગટી શકે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૨૯)

*　　　　*

આપણે જે કામ હાથમાં લીધું હોય તથા જે કામ આવી મળ્યું હોય તેમાં ફતેહ ધારો કે ન મળે, તોપણ તે કામ પરત્વેનો ઉત્સાહ હૃદયમાં જીવતો રાખ્યા કરવો. આપણે કામ સાથે ને તેમાં રહેલા અંતર્ગત ભાવ સાથે નિસબત છે. કામના પરિણામ સાથે નિસબત નથી. કામ કર્યેથી ને કામ કરતા રહેવાથી પરિણામ તો નિશ્ચિત છે. સંકલ્પની શક્તિ ઘણી મોટી છે. આત્મવિશ્વાસ પ્રગટ્યા વિના સંકલ્પમાં શક્તિ જીવતી થઈ શકતી નથી. માટે જે કામ હાથમાં લઈએ તે સંપૂર્ણ આત્મવિશ્વાસ દૃઢાવીને લઈએ અને પૂરું કરીને જ જંપીએ. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૩૦)

*　　　　*

કામ કરતાં કરતાં તે કામથી કયાંય પણ રાગદ્વેષ ન પ્રગટે તેની તો પૂરેપૂરી જીવતી ચોકી રાખ્યાં કરીએ. સાધકનું પ્રત્યેક કર્મ રાગદ્વેષ ઘટાડનારું હોવું ઘટે, એવી જાગૃતિ રાખીને આપણે સંસારમાં વર્તવાનું છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૩૦)

અવગુણ કે દોષનો સ્વીકાર જેમ તેનાથી પર થવા કાજે છે, તેવી રીતે કર્મનો સ્વીકાર તેનાથી રાગદ્વેષાદિની મુકિત કાજે છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૪૩૦)

*　　　　*

જે જીવ બાળકના જીવનને કચરી નાખે, તે અમારે મન રાક્ષસી પ્રકૃતિનો છે.

*　　　　*

સાધનામય જીવન એ જ સાચું જીવન છે. સાધનાથી જીવનમાં જીવનનાં સહસ્ર નયન ખૂલતાં હોય છે. જીવનમાં અનેક પાસાંનાં સાધકને દર્શન ખૂલતાં જતાં હોય છે. જીવનના સહસ્રમુખી નારાયણનાં તે દર્શન કરતો રહે છે ને જીવનનાં સર્વ પાસાંને તે સાદર ને સદ્ભાવથી નીરખે છે. જીવનના અનેક ક્ષેત્ર પરત્વેની સદ્ભાવનાની સાથે તે તો સુમેળ સાધતો રહે છે. જીવનની સર્વ પ્રકારની રચનાત્મક પ્રવૃત્તિમાં તે સમાધાન મેળવતો રહે છે. એને કશા સાથે વિરોધ નથી.

* *

જો ધ્યેય પરત્વેનું લક્ષ્યબિંદુ એકાગ્ર, કેન્દ્રિત, જીવતુંજાગતું, એકધારું રહ્યાં કરતું હોય તો જીવનમાં મળતી જતી પરિસ્થિતિ ને સંજોગો આપણને વેધક ને પ્રેરણાત્મક જીવનદૃષ્ટિ પ્રેરાવતા રહે છે.

* *

જીવનમાં જીવનના ધ્યેયની ભાવના જ્વાળામુખીના જેવી ધગધગતી જ્યારે જ્વલંતપણે પ્રગટી ઊઠતી હોય છે, ત્યારે જ ધ્યેય પરત્વેની ભાવના પ્રમાણેનું વર્તન પ્રત્યેક થતા જતા કર્મમાં પ્રકટી શકે છે, અને એવો માનવી સજાગ રહી શકે છે.

* *

સ્ફુટપણે કશું સમજવાની ઈચ્છા ન રાખવી. જેટલું વધારે સૂક્ષ્મપણે કહેવાયેલું આપણાથી સમજાય તેટલું વધારે સારું, એથી આપણી બુદ્ધિ કસાય છે ને વધારે સૂક્ષ્મ થાય છે. વસ્તુનું યથાર્થપણું શું છે અને આપણી પરિસ્થિતિને અનુકૂળ શું છે, તે પણ એને લીધે આપણને સમજાવા માંડે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨-૩)

* *

ભલે કોઈ આપણી સરળતાનો, નેકદિલીનો ગેરલાભ લઈ જાય. ખરો ગેરલાભ તો એને જ છે, આપણને નથી. છેતરનાર જ સાચી રીતે તો છેતરાય છે. (‘જીવનમંથન’, આ.૨, પૃ. ૩)

* *

પૈસાની ગણતરી કરવાની નથી, એ જેટલું આ માર્ગમાં સારું છે, તેટલું જ સારું એનો અયોગ્યપણે વ્યવહાર ન થાય, તે જોવાનું કામ પણ છે. (‘જીવનમંથન’, આ.૨, પૃ. ૪)

* *

ઈચ્છાશક્તિનું બળ વૃત્તિ, વિચાર કે વાસના કરતાં કયાંય અનેકગણું વધુ છે. (‘જીવનમંથન’, આ.૨, પૃ. ૫)

* *

ગુરુને કયા શબ્દોમાં સંબોધન કરો છો, તે તરફ લક્ષ આપવા કરતાં કેવો ભાવ આપણામાં ત્યારે જામે છે, એ તરફ લક્ષ આપવું જરૂરી છે. (‘જીવનમંથન’, આ.૨, પૃ. ૮)

* *

જેટલા પ્રમાણમાં માનવી પોતાને ઓળખે છે અને પોતાની (आत्मानी) સેવા કરે છે, તેટલા પ્રમાણમાં તે જગતને ઓળખે છે ને જગતની સેવા કરે છે.

‘આ જગત ઢસડાયાં કરે છે અને તમારી કે મારી મદદની તેને જરૂર છે’ એવી માન્યતા સાચી નથી.

(‘જીવનમંથન’, આ.૨, પૃ. ૧૧)

* *

આપણો ધર્મ તો નિર્બળ તરફ હમદર્દી રાખવાનો અને ખોટાં કામ કરનારને પણ ચહાવાનો છે.

(‘જીવનમંથન’, આ.૨, પૃ. ૧૨)

* *

જગત એટલે એક ભવ્ય મહાન આધ્યાત્મિક કસરતશાળા કે વ્યાયામગૃહ છે, જેમાં આપણે દરેકે વ્યાયામ કરવાનો છે કે જેથી આપણે વધારે ને વધારે આત્મબળવાળાં બનીએ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૨)

*　　　　　　*

જેટલા વધારે આપણે શાંત રહી શકીશું અને આપણા જ્ઞાનતંતુઓ જેટલા વધુ સ્વસ્થ હશે, તેટલું વધારે સારું આપણું જનસેવાનું પણ કામ થશે અને આપણો પ્રેમ પણ તેટલો વધશે. એટલે મુખ્ય તો આપણે કેવી રીતે સ્વસ્થ, શાંત અને તેમ છતાંય તેને લીધે શક્તિશાળી થઈ શકીએ અને આપણી નાડીઓ અને જ્ઞાનતંતુઓ કેમ કરીને અસ્વસ્થ, અશાંત, કંપાયમાન થતાં અટકે તે જોવાનું કામ છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૩)

*　　　　　　*

જેમ દરિયામાં અનેક નાનીમોટી નદીઓનાં વહેણ વહેતાં હોય છે, તેમ સંતાત્મા પાસે પણ અનેક જાતના લોકો પોતપોતાની મુરાદો બર લાવવાને જતા હોય છે. તેવા 'શંભુમેળા'ભર્યા વાતાવરણને અંગે આપણને ત્યારે અન્યથાપણું ન પ્રગટવું ઘટે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૫)

*　　　　　　*

જગત છે, ત્યાં સુધી એમાં અનેક પ્રકારના પ્રવાહો અને સામા પ્રવાહો રહ્યા જ કરવાના. સત ને અસત, સુખ ને દુઃખ, પ્રકાશ ને અંધકાર,—એવાં દ્વંદ્વો દુનિયામાં તો રહ્યાં જ કરવાનાં. હા! એમ બને કે કોઈવાર સત વધારે પ્રમાણમાં પ્રધાનપણે રહ્યાં કરે, કે જેને આપણે 'સત્યયુગ' કહીએ છીએ. આવી રીતે સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ ને કળિયુગ એમ ચાર કાળની કલ્પના ઉદ્ભવેલી હશે. દરેક યુગમાં થોડા પ્રમાણમાં બાકીના ત્રણ યુગો

હોય છે જ અને આપણામાં પણ ચારે યુગો છે. તેમાંથી બીજા યુગોને ઘટાડી ઘટાડીને ને પછી તે સત્યયુગની પણ ઉપર થઈને જીવવાનું આપણું તો ધ્યેય છે. સ્થળ અને કાળ તો આપણાં શરીર તથા તેની અંદરનાં તત્ત્વોની રમતને અંગે છે ને એમને લીધે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૫-૧૬)

* *

ઉશ્કેરાટ વખતે તો નામસ્મરણ વધુ ઉગ્ર તેજસ્વી બનવું ઘટે છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૬)

* *

પરિસ્થિતિનો ધર્મ બજાવતાં બજાવતાં તેને છોડીને આગળ ધપ્યે જવાનું છે. આપણે એક જ પરિસ્થિતિને વળગી રહેવાનું નથી. કારણ કે એક જ સ્થિતિમાં રહેવાનું બનતાં ત્યાં આસક્તિનું વલણ થયા વિના નહિ રહે. એટલે એનું કાર્ય પતતાં એને (પરિસ્થિતિને) છોડવાની જ હોય, પછી એ આપણા માટે મૃતવત્ બની જાય છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૬)

* *

સત્યનાં અનેક પાસાં છે, ને તે દરેક જગતમાં પોતાનું વર્ચસ્વ જમાવવા મથવાનું. તે વેળા આ બધા મતાગ્રહોની સામસામી ખેંચતાણમાં તેમાંના એકાદ બે કે અમુક પાસાંઓના આગ્રહમાં આપણે તણાઈ તો નથી જતાં ને ? તે જોવાનું રહેશે. આપણું જીવનમુખ તો સહસ્ર નેત્રવાળું, સહસ્ર જીભવાળું, સહસ્ર કાનવાળું, સહસ્ર ઇંદ્રિયોવાળું, ટૂંકમાં આપણે સહસ્ર શરીરી પ્રગટવું જોઈએ. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૭)

* *

વૃત્તિઓને જે રીતની વહેવાની ટેવ પડેલી છે, તેમાં ન વહેવા દેવા માટે જાગૃતિ, સાવચેતી, દૃઢતા આદિ પ્રત્યેક નાનામાં

નાની બાબત, ટેવ કે લક્ષણમાં જો રહ્યાં કરે ને તે સામે યુદ્ધ અપાયાં જાય, તો કામ વહેલું આગળ ધપી શકે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૯)

*   *

વિચારની સાંકળો દિવસોના બીજા વખતમાં પણ (ધ્યાન, ત્રાટક, નામસ્મરણ આદિ સાધનોના સમય સિવાયના વખતમાં પણ) ન રહ્યાં કરે તે પણ જોતાં રહેવાનું છે. આપણે યુદ્ધ ક્યાં નથી લડવાનું એની સાધકના જીવનમાં મર્યાદા ન હોઈ શકે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૦)

*   *

જે કંઈ છે તે યથાયોગ્યપણે જ મળેલું છે, એટલે કશુંયે નકારવાનું નથી, પણ જે છે તેનો સાધનાની દૃષ્ટિએ અને રીતે ઉપયોગ કરવાનો છે ને તે અંગેની સમજ વધાર્યાં કરવાની છે.

આપણને મળેલું જગત, શરીર, માતાપિતા, સગાંવહાલાં, ભાઈભાંડુ,પતિ-પત્ની, માલમિલકત, સંજોગો, પરિસ્થિતિ અરે ! એ બધાં ઉપરાંત આ જીવન પણ માત્ર સાધનાના ઉપયોગ માટે મળેલું છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૨૦)

*   *

જગતમાં કે જીવનમાં જો લાંબી દૃષ્ટિ કરીને જોઈએ તો જણાશે કે કોઈ પણ ક્યાંયે સ્વતંત્ર નથી. આપણી માનેલી સમજણ, આપણી માન્યતાઓ, જીવનનાં સુખનાં સાધનોની આપણી સમજૂતી,- એ પ્રમાણે જ એ બધું નિર્વિઘ્ને ચાલ્યાં કરે, એમાં સરળપણું રહ્યાં કરે, ક્યાંયે જરા પણ અથડામણ ન થાય એવાં સંજોગો ને એવી વૃત્તિને આપણે સ્વતંત્રતા માની લઈએ છીએ. પણ ખરી રીતે એમાં સ્વંત્રતા નથી. એ તો ઇંદ્રિયોની વૃત્તિઓના ગુલામ થતા જવાનો રસ્તો છે. જગતમાં કોઈ પણ સ્વતંત્ર નથી.

જેણે ભગવાનને અનુભવ્યો છે, તે જ એકમાત્ર સ્વતંત્ર થઈ શકે છે. બાકીનાં બધાં તો ઘટમાળની ગુલામીમાં જ પડી રહેલાં છે, ને ઘટમાળની ઘરેડમાં તો કોણ નથી ?

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૩)

*            *

આપણે ભગવાન વિષેના બધા ખ્યાલો છોડી દઈને કોરાં પાન કે કોરી સ્લેટ જેવા થઈને પછી જે કંઈ એમાં થવાપણું હોય તે માત્ર જોનાર તરીકે બનીને આપણે થવા દીધા કરીએ. આવી રીતે મનના જૂના તમામ સંસ્કારોને ભુસાઈ જવા દઈએ તો જ આપણે સમૂળગા નગ્ન (પવિત્ર અને શુદ્ધ) એની આગળ થઈ શકીશું અને ત્યારે સાચો ભાગવતભાવ આપણામાં જન્મવા પામશે. ત્યારે એ ભાવ-ના સંચારની ઝડપ કંઈ ઑર હશે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૬)

*            *

આપણે શરીરને દુઃખ દેવામાંથી વેગળા રહેવાનું છે. તેમ જ શરીરને ફટવી દેવાનું પણ નથી. મધ્યમ માર્ગ રાખવાનો છે. આપણી સાધનામાં ખોરાક એ મુખ્ય નથી, પણ ઉત્કટ જિજ્ઞાસા અને ખપી જવાની તમન્ના એ મોટામાં મોટી વાત છે. જો કે ખોરાક શરૂમાં થોડો ભાગ ભજવે છે, તોપણ એના ઉપર જરાયે ઝોક કે મહત્ત્વ દેવાની જરૂર નથી.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૬)

*            *

'વાડ વિના વેલો ચઢે નહિ' તેનો અર્થ એવો નહિ કે ગુરુ વિના જ્ઞાન આવે જ નહિ. તેનો અર્થ તો એ કે આપણામાં જે ભાવના જાગી છે તેનો વિકાસ કરવા અમુક યોગ્ય પગલાં લેવાં ઘટે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૨૭)

*            *

આવી પડેલા કામમાંથી કદી પણ છટકવાની વૃત્તિ સેવવી નહિ; અને આપોઆપ જે કંઈ આવી પડે—આપણા પોતાના કોઈ પણ જાતના વિચાર વિના—તો તે સહર્ષ સ્વીકારી લેવું.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૭)

*　　　　*

જગત મિથ્યા નથી, અસત્ય નથી, પણ જગતને જોવાની આપણી દૃષ્ટિ અસત્ય છે. જ્યારે આપણે ભાવનામય થઈ જઈએ છીએ, ત્યારે જગત 'જગત' તરીકે રહેતું નથી; ભગવાનના વ્યક્ત સ્વરૂપ તરીકે ત્યારે આપણને તે દેખાય છે.

વ્યવહારને આપણે નકારવાનો નથી, તેમજ વહેવારને તાબે પણ થઈ જવાનું નથી. આપણે ભગવાનના એક જીવંત સજ્ઞાન, સભાન ચેતના-વાહન તરીકે સંસાર-વહેવારમાં જીવવાનું છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૮)

*　　　　*

સતત અભ્યાસ અને વૈરાગ્ય વિના આપણને સાચી દૃષ્ટિ, સાચું જ્ઞાન મળે નહિ. અભ્યાસ એટલે કે આપણે જે ધ્યેય ધાર્યું છે—ભગવાનને મેળવવાનું—તેનું જ સતત ચિંતવન પ્રેમ-ભક્તિભાવે આપણામાં જાગ્રત રહ્યાં કરે તે. તે આપણી જિજ્ઞાસા અને તમન્નાને વેગવંતી, પ્રાણવાળી, બળવાળી અને ચેતનવંતી બનાવ્યા કરશે. આ સઘળું થવા માટે આપણામાં વૈરાગ્યની ભાવના પણ ખૂબ જામેલી હોવી જોઈએ. વૈરાગ્ય એટલે 'સંસાર, જગત મિથ્યા છે', વગેરે વિચારો નહિ, પણ કોઈ પણ બાબતની આપણને આસક્તિ ન રહે, રાગ ન રહે એનું નામ વૈરાગ્ય. વૈરાગ્ય એટલે નિષ્કામ, નિર્મોહ, નિરાગ્રહ, નિરહંકાર, નિર્લોભ વગેરે વગેરેની સમગ્રતા.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૯-૩૦)

*　　　　*

ભગવાનના શરણથી ગમે તેવો દુષ્ટ માનવી પણ સુધરી જાય છે. કેટલીક વાર તો એની લાયકાત આ માર્ગે વધારે પણ હોઈ શકે. જેટલો વધારે પતિત અને વધારે પાપી તેટલો ઉદય પણ કદાચ વધારે વેગવાળો થાય—જેમ જમીન પર પછડાયેલો દડો જેટલો જોશથી નીચે પડ્યો હશે, તેટલા જોશથી ઊંચે આવવાનો—અલબત્ત આ અંગે સાર્વત્રિક નિયમ બાંધી ન શકાય.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૧)

* *

પર્વતની મોટી મોટી શિલાઓની અંદર રહેલું પાણી તેનાં છિદ્રોમાંથી પણ વહેવાને જોર કરી રહેલું હોય છે. તેવી રીતે આપણી અંદર રહેલો ભગવાન પ્રગટ થવાને માટે હંમેશ તૈયાર હોય છે. માત્ર આપણી તૈયારી કે તમન્ના જાગેલી હોતી નથી.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૩)

* *

એક ઘડાનું મોઢું સજ્જડ બંધ કરીને પછી તેને દરિયામાં નાંખવાથી તેમાં પાણી ભરાશે નહિ. તેવું આપણું છે. માટે મોઢું ખોલીને, હૃદય ખોલીને, તેમાં ભગવાનનું નામ-ભાવ જેટલું ભરાય એટલું ભર્યા કરવું. તો પછી એ પરમ કૃપાળુ આપણને બધે દેખાવા લાગશે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૩)

* *

સાધના કરતાં કરતાં અથવા ધ્યાન સમયે કે ગમે તે વખતે ચમત્કારો દેખાય; આપણામાં કોઈ નવી શક્તિ આવી છે એવું સમજાય; અમુક સિદ્ધિ મળે; પરંતુ આ બધા તરફ કશું લક્ષ પરોવવું નહિ. તે ફસાવનારી વસ્તુઓ છે. આપણને તો ભગવાન જ મેળવવાના છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૩)

* *

ગુરુ તરફથી કંઈ ગાંડુઘેલું પણ સૂચવાયું હોય તે કરવામાં ઉમંગ રાખીને તેમ કરવાથી એક પ્રકારનો શરણભાવ કેળવાતો જતો હોય છે; ને આપણી જ રીતે કામ લેવાના કે કરવાના આગ્રહો ઘટતા જાય છે. શરણાગતિ કેળવવા માટે આવી તાલીમ ઉપયોગી છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૬)

* *

ધ્યેય પરત્વેની અસાવધાનતા એનું નામ મૃત્યુ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૬)

* *

આપણે માટે કોઈ થોડું કશું કરે અથવા બીજાનું રાઈ જેટલું પણ જો સારું હોય, તે આપણને ભાવનાથી કરીને પહાડ જેવું લાગ્યાં કરે, એવી સાધકની દૃષ્ટિ કેળવાવી ઘટે. આથી પરસ્પર હૃદય વધુ પાસે આવ્યાં કરશે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૪૮)

* *

પત્રલેખન જો ચેતના-સાંકળથી સંકળાયેલા રહીને લખતી વખતે લક્ષમાં ભાવમૂર્તિને હૃદય સમક્ષ રાખ્યાં કરીને લખવાનું રાખીએ તો દિલમાં ઘણો આનંદ રહ્યા કરતો અનુભવાશે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૫૧)

* *

પ્રેમને તો આપણે આપણી ભૂમિકાના માપથી માપવા મથ્યાં કરીએ છીએ એટલે જ વાંધો આવે છેને ? લોકો જેને 'પ્રેમ' 'પ્રેમ' પોકાર્યા કરે છે તે પ્રેમ નથી, પણ પોતાના સ્વાર્થની સમજણ પ્રમાણેની માત્ર તેવા પ્રકારની લાગણી છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૫૪)

* *

આપણે હૃદયને ઓળખતા થઈએ એટલે કે ભગવાનને

ઓળખતા થઈએ—નહિ કે માણસને.

આપણા આંતરિક જીવનનો પ્રવાહ સતત એકધારો હૃદયના આધાર પ્રમાણે વહેતો થયા કરે તો જ જીવનવિકાસ થાય.

જેના પાયા પર આપણે જીવનવિકાસ રચવો છે, તે પાયામાં શ્રદ્ધા, ભક્તિ અને હૃદય પરત્વેની પ્રામાણિકતા તથા વફાદારી ભારોભાર ભરેલાં હોવાં જોઈશે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૫૯)

*　　　　*

એક વખત જો સાધનાના માર્ગમાં દૃઢ, નિશ્ચયાત્મક, મરણિયો નિર્ધાર પ્રગટી જાય તો પછી ગમે તેવાં પરિણામ આવે તેનાથી આપણે ડગવાનું ન હોય.

('જીવનમંથન', આ.૨, પૃ. ૫૯)

*　　　　*

આપણું કોઈ કર્મ યોગ્ય હતું કે નહિ તે સમજવાની ઉત્કંઠા ને આતુરતા હોય તે સમજી શકાય; પરંતુ એક વખત કર્મ કરી દીધા પછી એ વિષે ઝાઝી ફિકર ચિંતા સેવ્યાં ન કરવી. જે તે બધો વિચાર કર્મના આદિમાં કરવો. ('જીવનમંથન', આ.૨, પૃ. ૬૦)

*　　　　*

સદ્‌ગુરુ અંગેનો કે આપણા સાધનામાર્ગ અંગેનો આપણી આજુબાજુઓમાં, સગાંસંબંધીઓમાં કે મિત્રોમાં વાણીથી યા લેખનથી ઝટ દઈને અધીરાઈભર્યો પ્રચાર કરવા ન મંડી પડવું. આપણા જીવનનો વિકાસ ને આપણા સ્વભાવનું રૂપાંતર જેમ જેમ થતાં જશે, જેમ જેમ એની સુંદર છાપ, અસર તેઓ ઉપર પડતી જશે તેમ તેમ તેમને તેમને પણ આ માર્ગના મહત્ત્વ વિષે આપમેળે લાગ્યા વિના રહેવાનું નથી અને એવું લાગવું બને તે વધારે તત્ત્વવાળું ને ઊંડી અસર કરનારું નીવડશે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૬૧)

*　　　　*

જીવનવિકાસ કાજે રચનાત્મક બાજુનું વાચન આપણી સમજણ કેળવવાને માટે મદદરૂપ થઈ પડે ખરું. જે કંઈ કરીએ તે સાધનાના અંગ તરીકે ગણી લેવાનું છે. એવું વાચન તે પણ ભાવનાના વિકાસ કાજે છે, એ દૃષ્ટિએ જો વાંચવાનું કરીએ તો ફાયદો થાય.

('જીવનમંથન', આ.૨, પૃ. ૬૨)

* *

પ્રતિક્ષણ ધર્મ બદલાતા જાય છે; એક પરિસ્થિતિનો જે ધર્મ હોય તે બીજી પરિસ્થિતિ થતાં તેનો તે ન રહી શકે અને સૌ સૌના, વ્યકિતએ વ્યકિતએ ધર્મ પણ ભિન્ન ભિન્ન હોઈ શકે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૬૨)

* *

સત્યનું પણ એમ જ. આપણું સત્ય તે બીજાનું ન પણ હોઈ શકે અને આપણું આ ક્ષણનું સત્ય તે બીજી ક્ષણે બદલાઈ જઈ શકે છે. સત્ય અનંત છે. તેને સીમા નથી. ''આ જ અને આટલું જ'' સત્ય એમ કદી ન કહી શકાય. 'અમુક જ સત્ય' એમ જો હોય તો તેની તો તે રીતે મર્યાદા બંધાઈ ગઈ—સીમિત બની ગયું——એટલે અનંતતાનો ગુણ ઊડી ગયો ને તેમ થતાં તે પોતે જ આપોઆપ અનંત સત્ય મટી જતું હોય છે.

* *

શ્રીદત્તાત્રેય ગુરુજીએ ૨૪ ગુરુ કરેલા. તેમાં માનવકોટિ કરતાંયે નીચલી શ્રેણીના જીવો હતા. છતાંયે એમનામાંથી તેઓ જીવનતત્ત્વને પામ્યા. એમાં મહત્તા અને ખૂબી તો તેમની પોતાની હતી. એટલે એ રીતે પણ જે ખૂબી કે મહત્તા સદ્‌ગુરુમાં સાધકને જણાય તો તેમાં ખરું મહત્ત્વ સાધકની કેળવાયેલી દૃષ્ટિ ને ભાવનાનું હશે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૬૩)

* *

પોતાના દોષો પોતાની મેળે જડે અને તેમાં રાચવાનું મન ન થાય તે પૂરતું નથી. તેમાં પ્રવેશવાનું થતાં મનને અડવું અડવું લાગે ને ફરીથી ભવિષ્યમાં તેમાંથી ઊગરી જવાનો પાક્કો નિર્ધાર પ્રગટી જાય તો તે ઉપયોગનું છે. બાકી તો દોષ જણાય પણ તેનું નિવારણ ન થાય, તો તો ઠેરના ઠેર.

('જીવનમંથન', આ.૨, પૃ. ૬૩)

* *

દોષના વારંવાર વિચાર ન કરવા. એના કરતાં તો ભગવાનની ભક્તિમાં મન પલળેલું રહે એ વધારે ઉત્તમ છે. માત્ર દોષો ખોળવાને જ મથવાનું નથી. એનો અર્થ એમ નથી કે દોષો પ્રતિ દુર્લક્ષ કરવાનું છે. દોષોને ટાળવાનો જ માત્ર પુરુષાર્થ કરવાનું કર્મ તો કોરું કોરું કર્મ છે. એનાં કરતાં પ્રભુભાવથી ભીંજેલું હૈયું રાખવાનો પુરુષાર્થ થતો રહે તો સર્વ કંઈ સુતરું સુતરું વહ્યાં કરે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૬૩-૬૪)

* *

જીવનમાં જ્યારે ઘણા Co-incidents-યોગાનુયોગ થાય, ત્યારે તેમાં કયાંક દિવ્ય સાંકળ છે એવા અનુમાન ઉપર કોઈ આવે ને એને એવા હકીકતપણામાં માને તો તે માત્ર કલ્પના છે એમ ન કહી શકાય. ને એવાને માટે પ્રત્યક્ષપણે શ્રદ્ધા-વિશ્વાસ જીવંત કરનારું પણ તે નીવડી શકે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૬૪)

* *

હૃદયમાં પ્રેમ ઉદ્ભવે છે, ત્યારે તે ચાહ્યા વિના રહી શકતો નથી. કારણ કે એ તો એનું લક્ષણ છે. એથી કરીને પ્રેમી જ્યારે ચાહે છે, ત્યારે તે વધારે કશું કરતો હોતો નથી. એણે તો

નિરપેક્ષપણે ચાહવું જ પડે છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૬૭)

* *

પ્રેમની ભાવનાનો બુદ્ધિ કે સમજણથી ખ્યાલ સાચી રીતે આવી શકતો નથી. જયાં સુધી આપણાં હૃદય એટલાં ઉદાત્ત, ઉદાર ને મહાનુભાવી થયાં હોતાં નથી, ત્યાં સુધી સાચા પ્રેમની ભાવનાને કલ્પવી દુષ્કર છે અને તેની કદર પણ થઈ શકતી નથી.

('જીવનમંથન', આ.૨, પૃ. ૬૭)

* *

અંતરની પ્રગટેલી સદ્‌ભાવનાના હેતુનાં બીજ આપણે ધારીએ છીએ, એના કરતાં ઘણાં ઊંડા પડતાં હોય છે. કોક ને કોક દિવસે તે ઊગી નીકળતાં પણ હોય છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૬૮)

* *

હૃદયના ઊંડાણમાં જ્યારે આપણે ગયા હોઈએ છીએ, તે સ્થિતિમાં એકાગ્રપણે ભાવનાથી જે કંઈ બોલાયાં કરે, સંભળાયાં કરે તે તે બધું ઊંડું ઊતરતું હોય છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૬૮)

* *

એક રાતમાં જીવન પલટાઈ જઈ શકે નહિ. "એક ક્ષણમાં બધું પલટાઈ જાય છે" એમ જે કેટલીક વાર કહેવામાં આવે છે તેમાં અતિશયોક્તિ સાધારણતઃ હોય છે. સ્વભાવનું રૂપાંતર પૂર્ણપણે એકદમ થતું હોતું નથી. ભાગ્યે કોક જ વિરલ, અતિ વિરલ અપવાદ હોઈ શકે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૬૮)

* *

જીવન એટલે અનંત જન્મોના સંસ્કાર લઈને આવેલા

જીવની ચેતનશક્તિની માનવીદેહ દ્વારા થતી વહનક્રિયા.

(‘જીવનસંદેશ’, આ.૪, પૃ. ૨૨૪)

*　　　　*

જીવન નદીના પ્રવાહની જેમ પ્રતિક્ષણે પલટાતું જાય છે ને છતાં તે પલટા જૂનાના આધાર ઉપર જ થતા રહેતા હોય છે. જૂના સંસ્કારોએ નદીના પટની માફક એક પટ રચેલો હોય છે; તે પટમાં વહેવા તરફ જીવનપ્રવાહનું વલણ અને નવા સંસ્કારોનું ઘડતર સાધારણતઃ અને સ્વાભાવિકપણે હોય છે. તેથી ઇંદ્રિયોના સામ્રાજ્ય હેઠળ માનવીઓ કર્મના-સંસ્કારનાં પોટલાં બાંધીને જગતમાં આવ્યા હોય છે અને વધારે મોટાં પોટલાં બાંધીને જગતમાંથી ચાલતાં થાય છે.

(‘જીવનસંદેશ’, આ.૪, પૃ. ૨૨૪-૨૫)

*　　　　*

ઇંદ્રિયો નિરાસકત થવા માંડે છે ને પછી તેમ થાય છે, ત્યારે જ આપણને સાચી વિવેકશક્તિ મળે છે. એવી વિવેકશક્તિની આંખ ઊઘડ્યા પહેલાંના નિર્ણયો આપણી બુદ્ધિના નિર્ણયો હોય છે અને આપણી બુદ્ધિ અનેક જન્મોના સંસ્કારોથી વિધવિધ રંગે રંગાયેલી હોય છે; તેથી એવી બુદ્ધિએ સુઝાડેલા નિર્ણયો પૂરેપૂરા સાચા છે એમ માની લેવું એ પ્રભુપંથે જવામાં અવરોધકર્તા છે.

(‘જીવનસંદેશ’, આ.૪, પૃ. ૨૨૫)

*　　　　*

પ્રતિક્ષણ બદલાઈ રહેલા વિશ્વમાં જીવનના જેટલું જ મહત્ત્વ ધરાવતી વસ્તુસ્થિતિ મૃત્યુમાં છે. જીવન અને મૃત્યુ, ઉભયનું વાસ્તવિક સ્વરૂપ એક જ છે. જયાં મૃત્યુ છે, ત્યાં જ નૂતન જીવન પણ છે ને જયાં જીવન છે ત્યાં મૃત્યુનું પરિણામ પણ નિશ્ચિત છે.

મૃત્યુ અને જીવન એક જ જીવનતત્ત્વનાં બે દર્શન છે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૨૩૫)

*  *

મૃત્યુ પ્રતિ માનવીને હંમેશાં અણગમો અને બીક રહ્યાં કર્યાં છે. તેનું કારણ તેની અપરિવર્તનશીલ મનોદશા અને અગમ્ય વિષેની ભીતિ છે.

મૃત્યુની પાછળ શોક કરવાની અસાત્ત્વિક વૃત્તિમાં, લાગણીમાં, નરી આસક્તિ છે અને અજાણી ઊંડી સ્વાર્થવૃત્તિ પણ હોવા સંભવ છે. ('જીવનસંદેશ', આ.૪, પૃ. ૨૩૭)

*  *

અગમ્ય અને અકલ્પ્ય એવી આપણી હૃદયની ભૂમિકાને જીવનની સર્વ ભૂમિકાની અંદર અવતરણ કરાવનાર સાધન લાગણી અને ભાવના છે. ('જીવનસંદેશ', આ.૨, પૃ. ૨૪૪)

*  *

ભગવાનનાં જેટલાં નામ છે, તે પ્રત્યેક નામની પાછળ જીવનમાં તેવી જાતનો ભક્તોનો અનુભવ રહેલો છે; બાકી તેનાથી અતિરિક્તપણે ભગવાનમાં તેવું કશું નથી.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૨૬૦)

*  *

સદાચાર એ આધ્યાત્મિક જીવનનો મૂળ પાયો છે. તેમ છતાં સાધક પોતાના અંતરાત્માની સાધનામાં ઊંડો ને ઊંડો જેમ જેમ અનુભવે દૃઢ થતો જાય છે, તેમ તેમ ઉપર જણાવેલા પ્રદેશમાં પણ તે બદ્ધ રહી શકતો નથી. એક કાળે સદાચાર એ એના જીવનનો મૂળ પાયો હતો ને હકીકતપણે સત્ય હતું, ને તે જ સર્વસ્વ કંઈ હતું; પરંતુ આગળ જતાં, તે પ્રદેશનું કાર્ય પૂરું થઈ જતાં, તે પ્રદેશ-ભૂમિકા પર પહેલાં જેટલો જીવતો ઝોક તે જીવનો રહેતો હતો, તે

જીવંત ઝોકનો પ્રદેશ હવે કોઈ ઉચ્ચતર દશામાં વળી રહેલો હોય છે એટલું જ. અને ત્યાંયે પોતાની જ્ઞાનભક્તિપૂર્વકની જીવંત તટસ્થતા તો તે રાખ્યાં જ કરતો હોય છે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૨૪૬)

* *

જે ગરીબ બકરીથીએ વધુ ગરીબ છે ને સાથે સાથે જેના અંતરમાં સિંહના જેવી શક્તિ ભરેલી છે તે સાચા અર્થમાં નમ્ર છે.

શક્તિ પોતે જ નમ્રમાંયે નમ્ર અને ઉગ્રમાંયે ઉગ્ર છે. જો તે સ્વભાવતઃ નમ્રથીયે નમ્ર ન હોય તો તે જડ જેવા દેખાતા પદાર્થમાં તે ક્યાંથી ભળી ગઈ હોત ?

શૂન્યતા એ નમ્રતાનું અંતિમ માપ છે. શૂન્યતા એટલે અહંતાનો સર્વાંશે લય.

જેનામાં લેશ પણ અહંતા કે અભિમાન નથી રહ્યું તેને જ નમ્રતા વરે છે.

અહંતા કદી કદી તો નમ્રતાનો સ્વાંગ સજીને પોતાનો વેશપલટો છુપાવે છે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૨૪૭-૪૮-૪૯)

* *

કોઈ આપણો વિરોધ કરે, ત્યારે આપણે ધીરજ ન ખોઈ બેસીએ અને જેમની સાથે આપણને વિરોધ થાય તેના પ્રત્યે પણ આપણે નમ્રતાથી અને આધ્યાત્મિક સદ્‌વૃત્તિથી વર્તીએ.

સાધારણતઃ આપણો એ સ્વભાવ જ થઈ ગયો છે કે કોઈ આપણા મતને ન માનતો હોય એને આપણે આપણો વિરોધી માની લઈએ છીએ; આ  અસહિષ્ણતાનું સ્વરૂપ છે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૨૫૧)

* *

ઊંડાં વેર હંમેશ કોઈ ને કોઈ જાતના ઊંડા ઘાને લીધે જન્મે છે. પછી ભલે ઘા કરનાર વ્યકિત કોઈ બીજી જ હોય. ઘવાયેલો માનવી પછી જોઈ શકતો નથી કે, "ઘા કરનાર કોઈક છે ને હવે હું જેને ઘા કરું છું તે તો બીજું જ કોઈક છે."

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૨૫૨)

*　　　　*

આપણે જેમને સમજવાની તસ્દી લીધી નથી, તેમના કરતાં આપણે ઉચ્ચ છીએ એવા મિથ્યાભિમાનથી ફુલાઈ જવાની વૃત્તિ ઉપર આપણે અંકુશ મૂકવો ઘટે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૨૫૨)

*　　　　*

જીવનની સર્જન પ્રવૃત્તિ અસંખ્ય રીતે પ્રગટ થાય છે, તે દરેકનું મૂલ્ય અપ્રતિમ હોય છે. કેટલીક વાર આ સર્જનપ્રવૃત્તિ મહાભયાનક સંહારપ્રવૃત્તિ દ્વારા પણ સધાતી હોય છે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૨૫૨)

*　　　　*

ભયાનક ને અનિષ્ટ દેખાતી પ્રવૃત્તિમાં પણ, એટલે કે પ્રત્યેક પ્રકારની પ્રવૃત્તિમાં ને પ્રકૃતિમાં પણ, ઈષ્ટ અને અનિષ્ટ એમ બન્ને પ્રકારો હોવાના.

કોઈ પણ કામ કરવાની રીતમાં પણ આવી "સાચી અને ખોટી" રીતનું સંમિશ્રણ હોવાનું.

સામાન્યપણે અનિષ્ટ ગણાતી વસ્તુનો કે પરિસ્થિતિનો સામનો કરવાનો આવે ત્યારે એમાં પણ કશુંક તો ઈષ્ટ છે એમ સમજીને તેનો સામનો જ ન કરવો એ જેમ એક પ્રકારની ભ્રમણા કે અયોગ્યતા છે, તેમ તેનો સામનો કરવામાં તાટસ્થ્ય ગુમાવી

કડવાશ ધારણ કરવી એ બીજા પ્રકારની ભ્રમણા છે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૨૫૨-૫૩)

*   *

સંપૂર્ણ સમભાવ અને પ્રેમજન્ય સમજણથી આપણે જગતનાં અનિષ્ટોનો સ્વીકાર કરવો જોઈએ ને તેનો જરૂર લાગે ત્યાં જરૂર પડે તેટલી જ માત્રામાં સામનો કરવાનો આવે તો તે કરવો જોઈએ.

દિવ્ય ચેતનાશક્તિ તો માનવીને જેવો હોય તેવો ને તેવો જ સ્વીકારે છે; ને તે નિર્બળ હોય કે સબળ, જગતની દૃષ્ટિએ અનિષ્ટ હો કે ઈષ્ટ હો, તો યે તેના ઉપર પ્રેમ રાખે છે, કેમ કે જેઓમાં એ ચૈતન્યશક્તિએ વાસ કર્યો હોય છે, તેઓનો પ્રેમ તો સ્વયંભૂ ને નિરાલમ્બ હોય છે. પ્રેમશક્તિથી જ દુષ્ટમાં દુષ્ટ લૂંટારાને કે અધમાધમ પતિત માનવીને તેઓ સંત કોટિમાં પલટાવી શક્યા છે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૨૫૩)

*   *

જેમ કોઈક અઠીક વાતાવરણમાં જવાનું થતાં મન તેવું કળી શકે છે, તેમ શરીર પણ કેટલેક ઠેકાણેથી પાછું પડી શકે છે. વળી કેટલાકને તેવા વાતાવરણનો ખોરાક પણ ચાખ્યા વિના જ અયોગ્ય અને અકારો લાગી શકે છે તેમ જ કોઈક સ્થળે બેસતાં જ શરીરથી વાતાવરણના ધ્વનિની પકડ આવી જઈ શકે છે, જેમ કીડીની ગળપણ સૂંઘવાની ઇંદ્રિય પ્રાકૃતિકપણે ઘણી તીવ્ર હોય છે તેમ.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૨૮૧)

*   *

સત્કર્મનો બદલો સત્કર્મ જ આપી ચૂકે છે તેમાં અપેક્ષાને સ્થાન નથી. ('જીવનસંદેશ', આ.૭, પૃ. ૨૮૧)

*   *

વાસનાઓનો એમની એમની રીતે ઉપયોગ કરવા જતાં એમનો વેગ વધવાનો છે. એ રીતે તેમની શુદ્ધિ સાધી શકાય નહિ. પણ એમનાં વહેણના પટથી ભિન્ન રીતે તેનો જ્ઞાન ભક્તિપૂર્વક ઉપયોગ કરવાનો છે. નથી એમને નકારવાની કે નથી એમને જડ બનાવી દેવાની. નકાર્યે કે જડ બનાવી દીધે કંઈ એમનું અસ્તિત્વ નાશ પામી શકવાનું નથી.

ગુણધર્મ કે સ્વભાવનો નાશ સંભવી શકે નહિ. એનું રૂપાંતર થતું જાય. (‘જીવનસંદેશ’, આ.૭, પૃ. ૨૯૫)

*　　　　*

પરમતત્ત્વ પરત્વેના ભાવની ઉત્કટ પ્રેમમયતાને લીધે પોતાની જાતને તેનામાં ભૂલવાનું ને ભળવાનું બનીને એ રીતે અહંકારશુદ્ધિના માર્ગે જઈ શકાય છે.

(‘જીવનસંદેશ’, આ.૭, પૃ. ૨૯૮)

*　　　　*

જીવન કંઈ કાળપ્રવાહમાં તણાયાં કરતું માત્ર લાકડું નથી, પરંતુ જીવન તો કાળને પણ વશ રાખી શકે એવી ચૈતન્યશક્તિનો આવિર્ભાવ છે. (‘જીવનપાથેય’, આ.૩, પૃ. ૯)

*　　　　*

લાકડામાંથી કોઈ આકાર ઘડી લેવાનો હોય તો તે કારીગર પાસેથી તેને આકાર દેવાનું જ્ઞાન, એ માટે વાપરવા જોઈતાં સાધનોની માહિતી અને તેમને યોગ્ય કુશળપણે વાપરવાની આવડત તથા તે લાકડામાંથી આકાર ઘડી લેવાને ખંત, ખેવના, આંતરદૃષ્ટિ—આ બધું તે માગી જ લે છે ને તેવું જ સાધનામાં પણ થવાપણું રહેલું છે. (‘જીવનપાથેય’, આ.૩, પૃ. ૯)

*　　　　*

ચરણ એટલે ગતિ પ્રેરાવનાર—ગતિપ્રેરક. તેમાં સ્થિતિ-સ્થાપકતા છે, ગતિ છે ને ઊર્ધ્વપણું પણ છે. આમ ત્રણે ગુણનો સમાવેશ તેમાં છે ને તેનાથીયે તે પર પણ છે.

ચરણ વડે જ આપણે ઊભા રહી શકીએ છીએ, જ્યાં જવું હોય ત્યાં જઈ શકીએ છીએ; તે શરીરના આધારરૂપ છે, છતાં તેની કશી ગણતરી ન હોય તેમ તે પ્રવર્ત્યા કરે છે. તે મહત્ત્વનું અંગ હોવા છતાં જાણે કશું જ મહત્ત્વ તેનું ન હોય એમ લાગે છે, તેથી ચરણની ભાવનામાં જ્ઞાનભક્તિપૂર્વકની નમ્રતા રહેલી છે; તેવું આપણાથી થવાય તે કાજે પ્રતીક તરીકે આધ્યાત્મિક માર્ગમાં એની પૂજાને સ્થાન હોય; કિંતુ તે જડ તરીકે નહિ. ચરણનો જ્ઞાનભાવ તો દાસાનુદાસ છે. નમ્રતા કેળવવાનું તે પ્રત્યક્ષ પ્રતીક છે. તે બરછટ ને જડ જેવાં હોવા છતાં એના સૂક્ષ્મ ભાવમાં ને ચેતનપણામાં ફરક પડતો નથી.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૧૦-૧૧)

* *

જે ગતિમાંથી આપણામાં જીવંત શ્રદ્ધા જન્મે, જે ગતિમાંથી હૃદયમાં ભક્તિની પ્રેરણા જાગે, સચરાચરમાં વ્યાપી રહેલા ચૈતન્યને અંતરના ઉમળકાથી પ્રણામ કરવાની સહજ ઊર્મિ જાગે ને એવું જ્યાં જ્યાં ને જયારે જયારે થાય ત્યાં ત્યાં પોતાના શ્રીગુરુચરણ છે એમ અનુભવવું.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૧૩)

* *

નમવું એટલે જેને નમન કરવામાં આવે છે, તેનામાંથી ગ્રહણ કરવા લાયક જે કંઈ ઉત્તમ હોય તે ગ્રહણ ને સ્વીકાર કરવાની હૃદયની ઉત્કટ ભાવનાથી નમીને તે લેવા જવાનો ભાવ રાખવો તે.

સ્થૂળ નમવામાં કશો લાભ નથી; બલ્કે દંભ વધવાનો સંભવ છે. સંતમહાત્માઓને માત્ર પગે લાગવાથી કશું વળે નહિ.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૧૩)

* *

જેને ચિંતા હોવાનાં પૂરતાં સબળ કારણો અને સંજોગો હોવા છતાં તેનો કશો ભાર જ્ઞાનપૂર્વક લાગતો નથી, એવી પ્રેમભક્તિપૂર્વકની સ્થિતિને પ્રસન્નતા કહી શકાય.

પ્રસન્નતા એ કંઈ ઊભરાની સ્થિતિ નથી કે કોઈ ઊર્મિનું વેવલાપણું પણ નથી. ('જીવનપાથેય', આ.૩, પૃ. ૩૩)

* *

જેમાં જેમાં પરોવાવાપણું બને ત્યાં ત્યાંથી સાધકે શીખ્યાં કરવાનું છે. જો તેમ ન બનતું હોય તો તે કર્મ સામાન્ય માનવી જેમ ઘરેડ પેઠે કરે છે ને આપણે પણ તેમ કરતા હોઈએ તો એમાં પછી ફરક ન રહ્યો.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૬૧)

* *

પરિસ્થિતિને સહન કરી લેવી ને એનો સ્વીકાર કરવો એ બેમાં આસમાન-જમીનનો ફરક છે.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૬૨)

* *

અંધ-અજ્ઞાનભરી શ્રદ્ધા કરતાં તો શ્રદ્ધા ન હોય તેવી સ્થિતિ સારી.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૭૪)

* *

શુદ્ધિ અને સત્ત્વવૃદ્ધિની દૃષ્ટિએ જેટલું આપણું પોતાનું જીવન રૂપાંતર થતું રહે તે જ આપણી સાચી કમાણી—સાચું ધન છે.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૭૭)

* *

માનસિક ને ઐહિક વિકાસ અર્થે જેમ અનેક પ્રકારનાં શિક્ષણો લઈએ છીએ, તેમ જીવનવિકાસ અર્થે કષ્ટ ભોગવવાની —સેવા કરવાની—ને શારીરિક શ્રમ ઉઠાવવાની તાલીમ ઘણી જ જરૂરની છે. ('જીવનપાથેય', આ.૩, પૃ. ૮૪)

* *

પ્રેમ નીચે જુએ છે ખરો, પરંતુ તે નીચેનાંની દૃષ્ટિને ઊર્ધ્વગામી કરવા માટે. તેના નીચેના અવતરણમાં નીચેનાંને ઊંચે પ્રેરાવવાને માટે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૮૭)

*　　　　*

અત્યાર સુધી જેને આપણે ત્યાગ માનતાં હતાં, તે ત્યાગ ન હતો. સાચો ત્યાગ તો આનંદમાં પરિણમે. બેળે બેળે થયાં કરેલું હોય તેને ત્યાગ ન કહી શકાય.

સમર્પણયજ્ઞ આપણાં અંદરનાં કરણોને તેમના પ્રકૃતિધર્મમાંથી મુક્તિ અપાવે છે, જ્યારે જીવપ્રકારનું ઘસાવાપણું કે આપવાપણું આપણને વધારે જકડાવે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૮૮/૮૯)

*　　　　*

જોબનિયું તો ચાર દિવસનું ચાંદરણું છે. તેનો ઉત્તમ ઉપયોગ આત્માની પિછાણ કરવામાં થવો ઘટે. સંસારીને મન તે અમર છે. સાધકને મન તેમ નથી. તેને ગમે તેમ ખર્ચી નાંખવું પાલવે નહિ. જે કરી લેવાનું છે, તે અત્યારે જ કરી લેવાનું છે. યુવાની એ જીવનનો સર્વશ્રેષ્ઠ કાળ છે. સાધના માટે પણ આ જ સમય ઉત્તમોત્તમ છે. સાહસ અને અજાણમાં ભૂસકા મારવા એ તો માત્ર યુવાની જ કરી શકે. સાધકનો પ્રથમ ધર્મ આ ગાળાને પ્રેમથી ઉત્સાહમાં આદર્શની રણભૂમિમાં જોડી દેવાનો છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૮૯-૯૦)

*　　　　*

કોઈ પણ વૃત્તિ શાથી ઊઠે છે તેનાં ઊંડાં મૂળ શોધી કાઢવાની શક્તિ સાધકે મેળવી લેવી જોઈશે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૦૦)

*　　　　*

પ્રભુની લોહચુંબકની શક્તિના આકર્ષણના વર્તુલમાં આપણે આવી શકીએ એટલી નિકટતાની મર્યાદામાં આવવાનું કર્મ આપણા હાથમાં રહેલું છે. એક વાર તે વર્તુલમાં, પ્રવેશવાનું કરી શક્યા તો પછી તો જેમ સોય આપોઆપ લોહચુંબક નજીક હોતાં ખેંચાય છે તેમ આપણું થયાં જશે. પછી ખેંચાવાનો પ્રયાસ આપણે નહિ કરવાનો રહે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૦૧)

* *

પ્રેમ કોઈની દયા ખાતો નથી. પ્રેમમાં કરુણા છે. કરુણામાં સહાનુભૂતિની ભાવના છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૦૩)

* *

મન કે મનની સમજણ સર્વશ્રેષ્ઠ નથી. મનનું સત્ય એ પૂર્ણ સત્ય નથી. તેમ જ ખરું સત્ય પણ નથી.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૦૫)

* *

કોઈનાથી આપણામાં જે કંઈ સારું યા નરસું નીપજે છે તેવું નીપજવામાં તેની ભૂમિકા આપણામાં છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૦૬)

* *

સ્થૂળ (ધન, લક્ષ્મી આદિ) સમર્પણ કરી દેવાથી તેના પરત્વેનું આંતરિક મમત્વ સમૂળગુંયે નીકળી જાય છે એમ પણ માનવાનું નથી. હોવા છતાં, રહેવા છતાં, સમર્પણની ભાવનાનો યજ્ઞ ચાલ્યાં કરે ને સપૂચુંયે મમત્વ નીકળી જાય તેવી સ્થિતિ પ્રગટાવવાનો હેતુ રાખ્યાં કરવાનો છે. ધનના નિષ્કામ માલિક થાઓ, ગુલામ નહિ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૦૮)

* *

સંસારવ્યવહારમાં આવી મળેલો ધર્મ આપણે પ્રભુપ્રીત્યર્થે બજાવવાનો છે તે સાચું, પરંતુ તે સાથે તેમાં ભેરવાઈ પડવાનું પણ નથી. આપણું વર્તન યોગયોગ્ય કુશળ હોવું ઘટે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૦૮)

* *

નબળાઈનો સ્વીકાર સબળ થવા માટે છે. નબળાઈમાં પડી રહેવા માટે નથી. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૧૦)

* *

માનવી માનવીને ચાહે છે તે માનવીને માટે નથી ચાહતો પરંતુ કોઈ ને કોઈ જાતના તેના તરફથી સંતોષાવાપણા માટે ચાહે છે કે વળગે છે એટલે કે પોતાને માટે જ ચાહે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૧૨)

* *

કર્મની બાબતમાં અધીરાઈ પુષ્કળ રહે પરંતુ તે સાથે સાથે સંપૂર્ણ ધીરજ હોવી જોઈશે. કર્મનો અંત લાવવાની અધીરાઈની જે વૃત્તિ રહે છે ને તેનો ઝટ ઝટ અંત લાવવામાં આપણું મન રહે છે તે પણ યથાર્થ નથી. કર્મમાં સમતા, શાંતિ, ધીરજ, તટસ્થતા આદિએ મુખ્ય ભાગ ભજવવાનો છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૧૪)

* *

સમયના ઉપયોગ માટેની ઝંખના પ્રશંસનીય ખરી. તે સાથે સાથે સમયનો ઉપયોગ જીવનવિકાસને કાજે થવો જોઈએ, એનું પ્રગટ ભાન રાખવું ઘટે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૧૪)

* *

સામાને કે બીજાને સમજવાનું ત્યજીને જે પોતાને જ

સમજવાનું લક્ષમાં લેશે તેનો જીવનવિકાસ યોગ્ય રીતે થવાનો છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૧૭)

*　　　　*

સર્વ પ્રકારે અભય થયા વિના મમતા, રાગ, કામ, ક્રોધ, મદ, મોહ, લોભ વગેરે ટળી શકતાં નથી. સાધનામાં પહેલો અભયનો પાયો મજબૂત કરવો પડે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૧૮)

*　　　　*

પ્રકૃતિ અને સ્વભાવના હુમલા જેટલા સામાન્ય જીવને નથી પ્રગટતા એના કરતાં અનેકગણા પ્રમાણમાં સાચી અને ખરેખરી રીતે સાધના કરતા માનવીને પ્રગટે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૧૯)

*　　　　*

આપણે શરીર નથી, મનાદિકરણ નથી, પ્રકૃતિ કે પ્રકૃતિનો સ્વભાવ નથી. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૨૫)

*　　　　*

જે કંઈ બોલવાનું હોય તે ઉપરછલ્લું ન હોય, પણ અંતરને પ્રગટ કરનારું હોય. સ્વભાવથી, લાગણીથી પ્રેરાઈને તેના હથિયાર તરીકે જે બોલવાનું થાય ને બોલી દેવાય તે જુદું અને લાગણીને આપણે વાપરીએ છીએ તેવા સભાન જ્ઞાનપૂર્વકના ખ્યાલ સાથે એનો જે ઉપયોગ બોલવામાં થાય તે હકીકત જુદી છે. પહેલામાં બોલાયેલા બોલ આપણા માલિક બની બેસે છે, જ્યારે બીજામાં બોલાયેલા બોલના આપણે માલિક ઠરીએ છીએ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૨૬)

*　　　　*

પ્રેમ અનુકૂળ પણ વર્તે ને પ્રતિકૂળ પણ વર્તે, પ્રેમને અનુકૂળ-

પ્રતિકૂળ જેવું કશું નથી. સાનુકૂળ, પ્રતિકૂળ તો સામા જીવને લાગે છે. એને દિલ તો તે બન્નેમાં ભાવ જ છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૩૦)

*　　　　　*

અમથું અમથું મનને અન્યથાપણામાં ફસાઈ પડવાની ટેવ હોય, તો તેવી ટેવથી મુક્તિ પામ્યા વિના સામાના દિલને સાચી રીતે આપણાથી સમજાઈ શકાવાનું નથી.

ગુરુનું કાર્ય તો ડૉક્ટરનું છે; રોગ, ગૂમડાં, ચાંદાં આદિ દૂર કરવાનું ને જરૂર પડ્યે નસ્તર-ઑપરેશન કરવાનું કાર્ય છે. તેવી વેળા તે ક્રિયાને જે પ્રેમથી આવકારે છે, તેનો વિકાસ ઝડપી બને છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૩૩)

('જીવનપગથી', આ.૩, પૃ. ૨૨૧)

*　　　　　*

તાલાવેલીમાં લાગણી-ભાવનાનું પૂર હોય છે ખરું; ને તે તેમાં જ-એકમાં જ-એકાગ્ર ને કેંદ્રિત કરી મૂકે છે; પરંતુ સાથે સાથે તટસ્થતાનો ગુણ ત્યારે કેળવાયેલો હોય તો તાલાવેલીથી પણ તે આગળ લઈ જશે. તાલાવેલી થવી તે ઉત્તમ છે પણ તેમાં ગળાબૂડ ડૂબી જવાય તે ઠીક નથી. તાલાવેલી ડૂબી જવા માટે નથી, પરંતુ ઊર્ધ્વ થવા માટે છે. તેનો ઉપયોગ હોય, ઉપભોગ નહિ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૩૮)

*　　　　　*

ખુલ્લી આંખે જે જોયેલું હોય, કાનોકાન જે સાંભળેલું હોય તોપણ તેવા જોવામાં અને તેવા સાંભળવામાં આપણા મનની સમજણ જે પ્રકારની હોય તે પ્રકારના ઢાળમાં જ તે જોવાનો અને સાંભળવાનો મર્મ આપણને સમજાય છે. તે ક્રિયાઓની પાછળ જોનાર અને સાંભળનાર ખરી રીતે મન છે, અને મનની સમજણ

સત્ય હોઈ શકતી નથી. નજરે જોએલું અને કાનોકાન સાંભળેલું પણ કેટલીક વખત આપણે સમજ્યાં હોઈએ છીએ તે કરતાં જુદું હોવાનો સંભવ છે, એટલે કે ખોટું હોવાનો સંભવ છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૩૮)

*          *

જ્યારે ભાવ જાગતો હોય છે, કે જાગેલો હોય છે, ત્યારે ઊંઘ મુદ્દલે પણ ન હોય એવું બને છે ખરું.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૪૧)

*          *

લાખો રૂપિયાની રકમ દાનમાં દેવાથી કે ત્યજવાથી કરીને તે પરત્વેનું મમત્વ કે રાગ જતો રહે છે કે જતો રહ્યો હોય છે તેવી સમજણમાં ક્યાંક દોષ છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૪૨)

*          *

બીજાંના કહેવાયા પ્રમાણે હેતુપૂર્વક ને જ્ઞાનપૂર્વક આચરણ કરવાથી આપણે નિરાગ્રહી બનતાં જઈએ છીએ, કારણ બીજાંનું કહ્યું કરવામાં આપણી સમજણથી બીજી રીતે પણ વર્તવું પડે છે ને તે રીતે આપણા અહમ્‌ને ઓગાળવાનું બનતું રહે છે. બીજાંનું કહ્યું આનંદથી ને હેતુપૂર્વક કરવા જતાં આપણે ગુલામ નથી બની જતાં, ઊલટું આપણે સામાના કરતાંયે આપણી જાતને ઊંચે પ્રગટાવતા જઈએ છીએ; જેમ વજનદાર વસ્તુ હલકી બનતાં ને છેક જ હલકી બની જતાં તે હવામાં પણ અધ્ધર તરી-રહી શકે છે તેમ.

સ્વયંસ્ફૂર્તિ ને ઉત્સાહથી પોતાના વિકાસાર્થે સર્વસ્વપણે ને સર્વભાવે કોઈ યોગ્ય સમર્થને શરણે જવામાં જીવનનો અદ્‌ભુત વિકાસ સાધી શકાય છે. શરણ એટલે ગુલામી નથી. શરણાગતિનું રહસ્ય મહામૂલું છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૪૫)

*          *

જીવનમાં જીવનનાં મૂલ્યાંકનો પ્રત્યેક ભૂમિકાએ જુદાં જુદાં અને બદલાતાં રહે છે. જીવનનું પરિવર્તન થતાં તેમ થવું આવશ્યક ને સાહજિક પણ છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૪૭)

*　　　　*

પ્રેમ કોઈને ગુલામ બનાવતો નથી, હાથે જંજીરો પહેરાવતો નથી, ચારે કોર સ્વતંત્રપણે વિહરવાની પૂર્ણ સ્વતંત્રતા બક્ષે છે, જેમ ભગવાને આપણને બક્ષી છે તેમ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૪૭)

*　　　　*

માનવી સર્વ કંઈ કરવા સમર્થ છે. જો આ વિધાનને સ્વીકારીએ તો પછી પ્રારબ્ધવાદ કે નિયતિ જેવું કશું રહેતું નથી. પ્રારબ્ધ, પુરુષાર્થ એવા બધા વાદ જેને ખરી ધગધગતી તમન્ના પ્રગટે છે તેને વળગી શકતાં નથી.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૪૮)

*　　　　*

જ્યાં સુધી જગત છે, દ્વંદ્વ છે, ગુણ છે ત્યાં સુધી બધાં સત્યો Relative-સાપેક્ષ છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૪૮)

*　　　　*

બધી લલિત કળાઓમાં જીવનની કળા સર્વશ્રેષ્ઠ છે.

*　　　　*

જગતમાં, કુદરતમાં જ્યાં જુઓ ત્યાં સુસંવાદ, સુમેળ છે. વિસંવાદ લાગે છે પણ તે તો છે માત્ર સપાટી ઉપરનો. સમુદ્રમાં મોટાં મોટાં મોજાંઓ ઊછળે છે ખરાં, પણ એની ભીતરમાં તો ગંભીરતા ને સ્થિરતા છે. આટઆટલા વિખવાદ, આટઆટલાં કારમાં વિશ્વયુદ્ધો, અનેક પ્રકારના દ્વેષો, અથડામણો—આ બધું હોવા છતાં સમાજ ટકી રહ્યો છે એ સુસંવાદનાં બળ ઉપર. એ સુસંવાદ માનવસમાજના

હાર્દમાં ગૂઢપણે પડેલો છે. જેમ ચેતનને આપણે જોઈ શકતા નથી, પણ તે છે તે હકીકત છે, તેમ આ અંતર્ગત સુસંવાદનું પણ છે.

જીવનના ભેદના પહાડો મહીં સુમેળનું ઝરણું,
વહ્યાં અંતર કરે, તેને નિહાળે, તે જીવન પામે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૬૫-૬૬)

* *

માનવી કેટલો બધો ભીરુ હોય છે ! ક્યાંક યુદ્ધ આવ્યું, ક્યાંક મથામણ પ્રગટી, ક્યાંક અથડામણ થઈ કે જાણે 'ઊભી પૂછડીએ' ભાગે છે. જીવનનો સાધક તો સંગ્રામમાં પ્રેમથી, શૌર્યથી ઝઝૂમશે. એને તો જીવનમાં અનેક પ્રકારનાં યુદ્ધો પ્રગટવાનાં. એ લડતાં લડતાં ખતમ થઈ જવાના ઉમળકાથી પૂરેપૂરી તૈયારી સેવતો હોય છે. એ તો કહે છે કદાચ હારીશું તોયે તે જીતવા માટે છે. તેવી તેની હારમાંથી પરાક્રમ અને મર્દાનગી પ્રગટે છે. ભગવાનને તે સમયે વધુ ને વધુ હૃદયથી વળગે છે. ભગવાન જ એનો સાચો સહારો છે એમ તેને લાગી જાય છે. 'એક સહારો રામ', એ તે અનુભવે છે. ભગવાનને આર્તતા ને આર્દ્રતાપૂર્વક હૃદયથી કરેલા પોકાર અને તે સમયે એનાથી થતી ગદ્ગદ ભાવનાયુક્ત પ્રાર્થના એ જ એનો રામબાણ ઉપાય બની રહે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૬૯)

* *

ભગવાનના ભાવને પુરુષ કે સ્ત્રી એવી જાતિની મર્યાદા નથી, લિંગનાં ભેદ નથી. એને નથી કાળ કે નથી સંજોગો. એને કોઈ પરિસ્થિતિ નથી. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૭૩)

* *

મૈત્રીની ભાવના જેમ જેમ વિસ્તારને પામે છે તેમ તેમ સ્પર્ધાની લાગણી ઓસરવા માંડે છે; કરુણા જેમ જેમ જ્ઞાનપૂર્વક કેળવાતી જાય છે, ને જેમ જેમ એનો વિસ્તાર વધે છે, તેમ તેમ

અહંકારનો લય થતો જતો અનુભવાય છે. મુદિતાનો—સર્વ પ્રકારની પ્રસન્નતાનો ઉદય થતાં અદેખાઈનો નાશ થતો જાય છે. નિઃસ્પૃહતાથી ક્ષોભ, ક્લેશ, મોહ, મમતા આદિનો લય થવા માંડે છે. આથી સાધકે જીવપ્રકારની પ્રકૃતિની લઢણોને—નકારાત્મક વસ્તુઓને કાઢવા માટે તેના ઉપર જોશ ન દેતાં મહત્ત્વ ન દેતાં મૈત્રી, કરુણા, પ્રસન્નતા, નિઃસ્પૃહતા આદિ એવી સાત્ત્વિક ભાવનાઓને કેળવવામાં જાગૃતિ રાખીને જ્ઞાનપૂર્વક મથ્યાં કરવું જોઈએ. (‘જીવનમંથન’, આ.૨, પૃ. ૧૮૨-૮૩)

* *

જીવની જીવપ્રકૃતિને ઊર્ધ્વ કરવાને સજ્ઞાન ભાવનાના પુટ આપવાના રહે છે. (‘જીવનમંથન’, આ.૨, પૃ. ૧૮૩)

* *

નિંદા, અતિ નિદ્રા ને લોકવાર્તા સાધકના જીવનને બાધક છે. (‘જીવનમંથન’, આ.૨, પૃ. ૧૮૩)

* *

ભોગવવા જેવા તમામ પદાર્થોને વિષે ઉપયોગ પૂરતું જ તે લેવાનું રાખીએ, જેમ એરંડિયું પીવાની ગરજ—આવશ્યકતા—જ્યારે જાગે છે, ત્યારે તે ઉપયોગથી થોડુંયે વધુ લેવાનું કરતા નથી, તેમ વસ્તુઓને માત્ર નિર્વાહ પૂરતા યોગ્ય પ્રમાણમાં ઉપયોગ અર્થે વાપરવાની હોય. (‘જીવનમંથન’, આ.૨, પૃ. ૧૮૪)

* *

કોઈ પણ વસ્તુ, પ્રસંગ, પરિસ્થિતિ પ્રાપ્ત કરવા માટે સ્વયંભૂ ઈચ્છા તો કરવી જ નહિ. તો પછી મનની નીરવતા પ્રાપ્ત થવામાં કશી મુશ્કેલી નડે નહિ. (‘જીવનમંથન’, આ.૨, પૃ. ૧૮૫)

* *

જે કંઈ સારું-નરસું, ઓછું-વધતું મળ્યાં કરે એનાં વિશે સંતોષની

લાગણી ધરાવવી; એમ કરવાથી સમતા કેળવવામાં મદદ મળશે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૮૫)

*                    *

ભૂખ, દુઃખ, અપમાન અને વિરોધી પ્રત્યે પણ પ્રીતિ રાખતા થઈ શકીએ, તો બધે જ અનુકૂળતા પ્રાપ્ત થઈ જવાની છે. અપમાનને અમૃત કરી સેવનાર અને માનને ઝેર સમાન લેખનાર જીવને કદી પતન થવા પ્રસંગ આવતો નથી. માનથી દેહાભિમાન અને અહમ્ વધે છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૮૭)

*                    *

સાધનાના ક્ષેત્રમાં ચઢતાં ચઢતાં સાધક એક એવી કક્ષાએ પહોંચે છે કે જ્યારે તે એકમાં હળે છે, ભળે છે, મળે છે ને પછી એકનો અનેક થવાને સહજપણે પ્રેરાય છે. અજ્ઞાનની જીવદશામાં પણ જીવ અનેક થવાને પ્રાકૃતિક પ્રેરણાથી પ્રેરાયેલો રહે છે. એકનું અનેક થવું એ કુદરતનું સહજ ધોરણ છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૯૫)

*                    *

ગોઠે તો કામ ભોગવો, ગોઠે તો રામ ભોગવો.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૧૦)

*                    *

જીવનમાં સદ્ભાવનો સંપૂર્ણ પ્રભાવ પ્રગટ્યા વિના જે તે બધાં જીવો સાથે આપણે ઉત્તમતાથી વર્તી શકવાનાં નથી.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૨૬)

*                    *

જ્યારે આપણે બોલીએ છીએ, ત્યારે શબ્દની ગતિનાં મોજાં આપણા અને બીજાંના કાન પર પડે છે. તેવી રીતે તેજનાં કિરણોની ગતિને લીધે જોઈ શકીએ છીએ. શબ્દ અને તેજને ગ્રહી શકે એવું

યંત્ર જો આપણા શરીરમાં યોગ્ય રીતનું ન હોય તો આપણે સાંભળી કે જોઈ શકતાં નથી—જેમ કે બહેરો અને આંધળો. આ જ પ્રમાણે વિશ્વમાં જે સૂક્ષ્મ ક્રિયાઓ થઈ રહેલી હોય છે, તે પ્રત્યે આપણે બહેરાં અને આંધળાં છીએ. સ્થૂળ ઇંદ્રિયો આ સૂક્ષ્મને ગ્રહી શકવા અસમર્થ છે, ને સૂક્ષ્મ ઇંદ્રિયો જેની વિકસી નથી, તેને એ બધું કોયડારૂપ ભાસે છે. જ્યારે જેઓ ભગવાનની દિવ્ય સૃષ્ટિ સાથે ને તેના દિવ્ય હેતુ સાથે સંકળાઈ ચૂક્યા છે, જેમને દિવ્ય દૃષ્ટિ સાંપડી ચૂકી છે, તેઓ-એવા વિરલ આત્માઓ-માટીના દેહધારી હોવા છતાં પણ વિશ્વમાં વિલસી રહેલાં સૂક્ષ્મ તત્ત્વોનાં આંદોલનો ઝીલી શકે છે-ગ્રહી શકે છે-તે સાથે તાર મિલાવી શકે છે, જોઈ શકે છે, સાંભળી શકે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૨૭)

* *

સારુંયે વિશ્વ ગતિનું બનેલું છે. સચેતન અને અચેતન બધીયે વસ્તુઓમાં જેવી જેની પ્રકૃતિ તેવાં તેનાં ગતિનાં મોજાં. આપણાં પણ તેવાં ગતિનાં મોજાં છે. ક્રોધમાં હોઈએ, પ્રસન્નચિત્ત હોઈએ, વિકારી વૃત્તિમાં હોઈએ, એમ ગમે તે વૃત્તિમાં હોતાં તેવાં પ્રકારનાં મોજાં પ્રગટેલાં રહે છે. વૃત્તિની જેવી અને જેટલી ઉત્કટતા એવાં એનાં મોજાં. જેને દિવ્ય દૃષ્ટિ સાંપડી ચૂકી છે, તે આવાં મોજાંઓને જોઈ શકે છે, પારખી શકે છે, આકલન કરી શકે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૨૮)

* *

જે બધાંમાંથી છૂટો થઈ ગયેલો છે, તેવો જ બધાંનામાં એની રીતે જકડાયેલો પણ રહી શકે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૩૧)

* *

જે ભાવનાના ગુણો સ્ત્રીહૃદયમાં રહેલા છે, એને સ્ત્રીત્વ કહી શકાય. ભાવનાપૂર્વકનું એવું સ્ત્રીત્વ કેટલાક સમર્થ પુરુષોએ કેળવેલું જાણેલું છે. શ્રી રામકૃષ્ણ પરમહંસના જીવનમાં એવો ભાવ પ્રગટ્યાનું સુવિદિત છે. એટલે એવી સ્ત્રીત્વની ભાવના પુરુષપણામાં પણ પ્રગટી શકે છે, એની સંપૂર્ણ શક્યતા છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૩૨)

* *

અતિ સ્થૂલ નિકટપણું પ્રેમને સમજવાને, અનુભવવાને આવરણરૂપ છે. જો આપણે સ્થૂળ રીતે નિકટવર્તી હોઈશું તેમ છતાં હૃદયના પ્રેમને પારખવાની, સમજવાની ને અનુભવવાની કળા હૃદયથી જો નહિ સાંપડી હોય, તો એવું નિકટપણું આપણને અંતરાયરૂપ પણ થઈ પડવાનું અને સ્થૂલપણે નિકટ હોવા છતાં અંતરમાં અંતરથી હજારો ગાઉ દૂર હોવાના.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૩૫)

* *

કોઈ પણ મત કે અભિપ્રાય આપણે બાંધ્યો કે આપણે જ બંધાયા અને એટલા પ્રમાણમાં સંકુચિત બની ચૂક્યા એમ સમજવું. ('જીવનમંથન', આ.૨, પૃ. ૨૩૬)

* *

**"यमेवैष वृणुते तेन लभ्यः ।"**

(એ જેને પસંદ કરે છે, તેને તે મળે છે) એમ ઘણાં જણને કહેતાં સાંભળ્યા છે—ને પોતાનો મનપસંદ અર્થ તેનો ઘટાવીને પ્રમાદ ને એશઆરામમાં જીવન વિતાવવા છતાં પ્રભુમય થવાની આકાશકુસુમવત્ કલ્પનાઓ સેવ્યાં કરતાં જાણ્યાં છે. જો ચેતન આપણને પસંદ કરે એવું ઈચ્છતા હોઈએ અથવા ભલેને ઈચ્છતા ન હોઈએ તોપણ એના જેવા ગુણધર્મ આપણામાં પ્રગટેલા હોય

તો જ તે આપણને પસંદ કરે કે વરે. સંસારવ્યવહારમાં પણ પરસ્પર સમાન ધર્મ હોય છે, ત્યાં જ આકર્ષણ પ્રગટે છે, મૈત્રી જામે છે ને પસંદગી થવાપણું રહે છે. સમાન ગુણધર્મની ત્યાં પણ જરૂરિયાત રહે છે. આમ ચેતનના ગુણધર્મો જો આપણામાં પ્રગટાવી શકીએ-ને તે કાજે સાધના આવશ્યક રહે છે જ તો જ શ્રીભગવાન આપણને પસંદ કરે છે, ને આપણે એનાં થઈ શકીએ છીએ. ('જીવનમંથન', આ.૨, પૃ. ૨૩૬)

*　　　*

'બધું જ પ્રભુ કરાવે છે ને કરાવશે' તેવું બોલવું એ તદ્દન મિથ્યા છે. જ્યાં સુધી જીવમાં અહમ્ છે, દ્વંદ્વાદિક વૃત્તિઓ છે, ત્યાં સુધી તેમ બોલવું અને માનવું નર્યો મિથ્યાચાર, દંભ ને મહેનત લેવામાંથી છટકબારી શોધવાની વૃત્તિ છે. જીવને એ ભાવનાને અનુરૂપ ને તેવા અનુભવને આવશ્યક સંપૂર્ણ શ્રદ્ધા, વિશ્વાસ ને પ્રેમભક્તિ તો પ્રભુ પર પ્રગટેલાં હોતાં નથી, એટલે જીવનું તેવું બોલવું વ્યર્થ છે, 'વદતોવ્યાઘાત' છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૪૩-૪૪)

*　　　*

જ્યાં સુધી બીજા જીવ વિષે આપણને અન્યથાપણું પ્રગટે છે, ત્યાં સુધી એમ સમજવાનું રહે છે કે જ્ઞાનની દશામાં પ્રગટવાને આપણને હજી ઘણી વાર છે. એવું અન્યથાપણું ઉદ્ભવતાં અન્ય વિષેના વિચારો પ્રગટે છે અને તે સાધનામય જીવનવિકાસમાં બાધક છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૨૪૮)

*　　　*

સામાન્યપણે તો, કોઈ પણ જીવને આપણે જે મદદ કરીશું તેનો ઉપયોગ તે પોતાની પ્રકૃતિ ને સ્વભાવ અનુસાર જ કરવાનો છે તે નક્કી સમજી લેવું. તે મદદનો દુરુપયોગ થતાં પછી તે વિષે મનમાં કશા વિચાર થવા દેવા તે બરાબર નથી. ભવિષ્યમાં આપણે

તેની સાથે વિચારીને વર્તવું ઘટે તો તેમ કરીએ; અથવા આપણી પોતાની ઉદારતા અને વિશાળતા કેળવવાને અર્થે પણ તે જીવને ફરીથી મદદ થઈ શકે છે. આમાં માત્ર એક હકીકતનો ખ્યાલ રાખવાનો રહે છે કે આપણા તેવા વર્તાવથી સામાની પ્રકૃતિની પકડને વધારવામાં અને તેના અયોગ્યપણાના વર્તનમાં આપણે મદદ કરતા થઈ રહીએ છીએ કે કેમ ? આવા સંજોગોમાં પ્રસંગ-પ્રસંગને, વ્યક્તિ-વ્યક્તિને અને આપણા આંતરિક વલણને સમજી સમજીને પરિસ્થિતિને યોગ્ય નિર્ણય કરવાનો રહે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૪૯)

*　　　　　*

કંઈ પણ કશાથી કરી ઊંચાનીચા થવાપણું ન કરવું, તે તો યોગ્ય છે; પરંતુ તેવી દશા થતાં આપણે વિચારવું કે તેથી કરીને આપણી પ્રગતિ થવાની કે પીછેહઠ થવાની ? આપણે જેમ જે કરવું છે, તે કરવાની નેમમાં આપણી વિશેષ ને વિશેષ એકાગ્રતા ને કેન્દ્રિતતા પ્રગટે ને તે માટેની ઝંખના ઉત્તરોત્તર વધતી જતી અને તેજસ્વિત થતી જો ન અનુભવી શકાય તો આપણે ઠેરના ઠેર રહેવાના છીએ યા કદાચ પીછેહઠ પણ થાય. જ્યારે આપણા ધ્યેય પરત્વેની હૃદયની ભાવના જ્ઞાનભક્તિપૂર્વક એકાગ્ર અને કેન્દ્રિત બની ચૂકી હશે, ત્યારે પછીથી કંઈ કશા પરત્વે ઊંચાનીચા થવાપણું બનવાનું નથી. ('જીવનમંથન', આ.૨, પૃ. ૨૫૩-૫૪)

*　　　　　*

જીવનમાં-સાધનામાં-આપણું શરીર-આપણો દેહ-એક મોટામાં મોટો ભાગ ભજવે છે. તેના વિના મુક્તિ સાંપડવી શક્ય નથી. શરીર માબાપને લીધે મળે છે. તેમાંય જનનીએ, માએ તો આપણને નવ નવ માસ પેટમાં રાખીને તેના લોહીમાંથી લોહી આપ્યું છે, તેના માંસમાંથી માંસ આપ્યું છે, તેના દેહના આધારે

આપણો દેહ જન્મ્યો છે, પોષાયો છે, વૃદ્ધિ પામ્યો છે. એવી જનની પરત્વે ગંગાના પુનિત પ્રવાહની જેમ આપણા હૃદયની ભાવના અખંડપણે, નિરંતરપણે ને સમગ્રપણે ઉમળકાભેરની જો ન અનુભવાય તો તેટલું આપણું કાચું સમજવું. મા એ સ્થૂળ મા નથી, એ તો જીવનની પ્રેરક અને દ્યોતક છે. મા પરત્વેનું આપણું વર્તન આપણા હૃદયસ્થ ભાવને વિશેષપણે પ્રગટાવવા માટે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૫૬)

* *

હેતુની શુદ્ધતાથી, જ્ઞાનપૂર્વકના નમ્રતાયુક્ત વર્તનથી ને તેવા વર્તનમાં ભારોભાર પ્રગટતી જતી હૃદયની માર્દવતાથી આપણે વડીલોનાં મન-હૃદયને જીતી લેવાનાં છે. જીવનપથમાં આપણે કોઈનાથી નોખા થવાનું નથી. સર્વ પ્રકારના ભેદ ટાળવાનું આપણે તો ચહ્યું છે. આપણે તો હૃદય હૃદયને સાંધવાને મથવાનું છે ને જ્ઞાનપૂર્વકના વર્તનમાં અભેદભાવ પ્રગટે એવું જીવન પ્રભુકૃપાથી પ્રગટાવવું છે. એટલા માટે આ ભેદપણું જે છે તે સાધન તરીકે લીધેલું છે. ભેદને અભેદમાં પ્રગટાવવાનો છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૬૦)

* *

શાંતિ, સમતા, પ્રસન્નતા, તટસ્થતા વગેરે જે રીતે વધારેમાં વધારે સમય રોજિંદા વ્યવહારવર્તનમાં પ્રગટેલાં રહ્યાં કરતાં હોય, તેવી રીતે વર્તીએ તો ભાવનાથી જીવનમાં પ્રવર્તાવું શક્ય બને છે. ભાવનામાં એકાગ્રતા અને કેન્દ્રિતતા પ્રગટ્યા વિના સાધનાનું હાર્દ પકડી શકાતું નથી. ભાવના એ જ્ઞાનપ્રેરક છે, ભાવ પ્રગટતાં જ્ઞાન પ્રગટે છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૨૬૮)

* *

કોઈ પણ જીવની મૃદુ લાગણીને ભૂલથી પણ અવજ્ઞાની નજરે જોવાનું ન બની જવું ઘટે. પ્રત્યેક સ્ત્રીનો સ્નેહ કહો, ભાવ કહો, પ્રીતિ કહો, લાગણી કહો એ આપણા હૃદયમાં જીવન-વિકાસની ભાવનાના એક પ્રતીકરૂપે સ્પર્શવી ઘટે. તેમને માટે જીવનમાં સંપૂર્ણ સદ્‌ભાવ, માન, આદર ને ભક્તિ આપણાં જીવનમાં પ્રગટેલાં હોવાં જોઈએ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૭૪-૭૫)

* *

જીવનવિકાસની સાધનાથી જે સર્વભૂતહિતરતપણું પ્રગટે છે, તે ઉત્તમ પ્રકારનું દાન છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૭૬)

* *

માત્ર ધર્મશાસ્ત્રોના અભ્યાસ વડે કે બુદ્ધિના સૂક્ષ્મ ઊંડા ચિંતન દ્વારા દિવ્ય શક્તિની દૃષ્ટિ ને શક્તિ ન સાંપડી શકે; કારણ કે દ્વંદ્વ પ્રકારની વૃત્તિ-વાસનાથી મુક્તિ પામ્યા વિના, રાગદ્વેષથી પર થયા વિના, અજ્ઞાનની દૃષ્ટિ લુપ્ત થયા વિના, કામનાઓ ઉપર વિજય મેળવ્યા વિના અને અહંકારથી સંપૂર્ણ નિર્મૂળ થવાયા વિના બુદ્ધિમાં બુદ્ધિની સંપૂર્ણ શુદ્ધિ ને સાત્ત્વિકતા પ્રગટી શકતાં નથી. યોગની સાધના દ્વારા એવી શુદ્ધિ પ્રગટી શકે છે. સાધનાના મૂળ હાર્દમાં કામનાની ને અહંતાની મુક્તિ રહેલી છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૭૭)

* *

કોઈ મહાન, જ્ઞાની, અનુભવી આત્માની પ્રેરણાત્મક જીવંત સંસ્કૃતિથી તીર્થ પ્રગટે છે. તીર્થ એ જીવની ભાવનાનું ને સંસ્કૃતિનું પ્રતીક છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૨૭૭)

* *

માનવી જેની પાસેથી પોતાના જીવનનો પ્રકાશ પામે છે, તેની વાતો કરવાને હૃદયની ઊર્મિ સ્વયંપણે જાગતી હોય છે. એવી હૃદયોર્મિને સંયમ ને વિવેકની મર્યાદામાં રાખવાની છે. એવી પ્રગટેલી ઊર્મિનો ઉપયોગ સાધનાના ભાવમાં કરવાનો હોય.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૮૦)

* *

જીવનના જે બધા આનંદો જીવનના નીચલા થરોની ભૂમિકાના છે ને જ્યાં સુધી તે અતિ મહત્ત્વના લાગ્યા કરે છે, એટલું જ નહિ પરંતુ તે જીવનમાં નિશ્ચિતતા રૂપે મનમાં દૃઢ બનેલા હોય છે, ત્યાં સુધી આપણે તે બધાને છોડી દઈ શકીએ તેમ નથી બનતું. નીચલા થરોના એવા સુખની વાસના માનવી ત્યારે જ છોડી દઈ શકે કે જ્યારે એ બધાનો ને એ બધામાંથી હૃદયના દૃઢ અનુભવે એનો પૂરેપૂરો ભ્રમ ભાંગી ગયો હોય. જ્યાં પાર્થિવ સુખનો પૂરો અંત પ્રગટે છે, ત્યાં ને ત્યાંથી તે ક્ષણથી જ પારમાર્થિક જીવન શરૂ થાય છે.

કેટલીક વાર માનવીની ગણતરી પ્રમાણેના ભરપૂર સુખના આનંદમાં પણ કદીક કદીક અતૃપ્તિ કે અસંતોષની જ્વાળા પ્રગટતી હોય છે. એવા એના જીવનની તૂટમાં થઈને પણ કેટલીક વાર હૃદયના કોઈ ઉન્નતગામી જીવનની હાકલ પડતી સંભળાય છે. પરંતુ તેવી વેળાએ યોગ્ય તત્પરતા પ્રગટેલી ન હોવાથી એવી જાગેલી પ્રેરણા ઘણી વાર શમી જતી હોય છે ને ફરી પાછો અંધકાર છવાઈ રહે છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૨૮૦)

* *

જીવનની અને જગતની બધી સમસ્યાઓ અને પ્રશ્નોનો ઉકેલ આપણે અત્યારે ને અત્યારે જ પૂરેપૂરો લાવી દઈશું એવું માનવામાં કેવળ અજ્ઞાન છે. આવા બધા સમાજસુધારણાના પ્રયત્નમાં સાચી પ્રામાણિકતા, વફાદારી, નેકદિલી અને પૂરી

સચ્ચાઈ હોવા છતાં 'આ એક જ સાધન એવું છે કે જેની પરિપૂર્ણતા થતાં સમાજનો પૂરેપૂરો, સર્વાંગીણ ઉદ્ધાર થઈ જશે,' એવા પ્રકારની ઉગ્રતા જ્યારે પ્રગટે છે, ત્યારે તેમાંથી સત્યની શક્તિ મોળી પડે જાય છે. જ્યારે 'આ જ ખરું ને બીજું નહિ' એવી સમજણ જે જે પ્રયત્નમાં રહેલી છે, ત્યાં ત્યાં ચેતનાનું સાચું પૂરું વ્યક્તવ્ય નથી એમ પ્રમાણવું.

(તેમ છતાં) આપણે તો જેમાં સત્પ્રયત્ન છે, પ્રામાણિકતા છે, સચ્ચાઈ, વફાદારી તથા નિષ્ઠાપૂર્વકનું વર્તન છે, ત્યાં ત્યાં સવિશેષપણે સદ્ભાવ જ રાખવો ઘટે. આપણી રીત સંપૂર્ણ છે ને બીજાની સંપૂર્ણ નથી એમ માનવામાં પણ દોષ છે. સત્યનાં અનેક પાસાં છે. તેથી અમુક જ રીત સાચી એમ આગ્રહ ન રાખવો ઘટે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૨૮૨-૮૩)

* *

જેમ જેમ જીવનો આંતરવિકાસ પ્રગટતો જાય છે, તેમ તેમ એની જીવનદૃષ્ટિ પણ બદલાતી જાય છે. કોઈ સાધક સાધનામાં અમુક મર્યાદિત ઉદ્દેશથી જેમ કે દેશના ઉદ્ધાર અર્થે શક્તિ પ્રાપ્ત કરવાની નેમથી જોડાય, પરંતુ તેમાં ઊંડું ઊતરતાં એણે ધારણ કરેલા હેતુની દૃષ્ટિની પાછળ અજ્ઞાન હતું એમ એને ત્યારે સમજાયા વિના રહેતું નથી. ને એમ એ ઉત્તરોત્તર ઉચ્ચ પ્રકારના જીવનમાં પ્રવેશતો પણ જતો હોય છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૮૩-૮૪)

* *

સુખ બાહ્ય પ્રકારનાં સાધનમાં નથી; સુખ તો છે અંતરમાંથી પ્રગટતી સાચી સમજણમાં અને તેને અનુરૂપ વર્તનમાં.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૯૦)

* *

આપણને જે ગમે છે કે નથી ગમતું એને જ આપણે ઘણી

વાર બુદ્ધિને સ્થાને, તર્ક-દલીલને સ્થાને, આમ કે તેમ વિચારને સ્થાને, બેસાડી દઈએ છીએ. ('જીવનમંથન', આ.૨, પૃ. ૨૯૪)

*                    *

જીવનમાં પ્રગટતા આવેશ કે આવેગની હકીકત એકાંતિક વ્યક્તિગતપણાની છે. આપણને તેમાં જેવું લાગે, તેવું બધાંને ન પણ લાગે. જ્યારે આવેગ કે આવેશથી પૂરા આવરાયેલા હોઈએ છીએ, ત્યારે બીજું કંઈ તેમાં પ્રવેશી શકતું નથી. એવી વૃત્તિમાં એક પ્રકારની ગૂઢતા પણ હોય છે. આથી તે પોતાની મર્યાદાના ક્ષેત્રમાં ગમે તેવી ભલેને મહાન હોય, પરંતુ તેના ક્ષેત્રની બહાર એને છાપરે ચઢાવવાનો આગ્રહ જો ભૂલેચૂકે પણ સેવીએ, તો અવગણના થવાનો સંભવ રહે છે ખરો.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૯૫)

*                    *

કોઈ આપણને પ્રેમ ન કરતું હોય, તોપણ આપણા પ્રેમમાં કશો અભાવ કે ઊણપ ન પ્રગટવાં ઘટે. આપણે જે પ્રેમ કરીએ છીએ તે પ્રેમ-તત્ત્વના ગુણના સ્વભાવને લઈને.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૯૭)

*                    *

સારાય વિશ્વમાં જે દ્વૈત છે એનું રહસ્ય પ્રેમમાં રહેલું છે. દ્વૈત હોવાને કારણે જ આકર્ષણ રહ્યાં કરે છે. તેમાં એક બાજુ અવતરણ છે ને બીજી બાજુ આરોહણ છે. સ્ત્રી-પુરુષનું દ્વૈત પણ ચેતનના અનુભવ કાજે છે. સર્જનને માટે દ્વૈત જરૂરનું છે, અનિવાર્ય છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૯૮)

*                    *

મનાદિ કરણમાં જે ઉચ્ચ પ્રકારની સંસ્કૃતિ ને સમૃદ્ધિ પ્રગટેલી હોય તેને પણ રૂપ ગણી શકાય. જીવન-સંસ્કારની ખીલી

ઊઠેલી ભાવનાને પણ રૂપ ગણાય.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૦૦)

*　　　　　　*

પુરુષ-પ્રકૃતિના વિકાસને અનુકૂળ નારીશક્તિ એટલે જગજ્જનની, આદ્યશક્તિ. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૦૧)

*　　　　　　*

જેને અતિમનસ મેળવવાની સાધના કરવી હોય તેઓ તે પ્રેમથી કરે પરંતુ એને યોગ્ય ઠેરવવાને બીજી પ્રવૃત્તિનું યોગ્ય મૂલ્યાંકન આંકવાની ને એમની યોગ્ય કદર કરવાની સાત્ત્વિક માનસિક તૈયારી તેવા સાધકની હોવી ઘટે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૦૪)

*　　　　　　*

ચર્ચા કરવી નહિ; ચર્ચા કરવાની જો આવે જ, તો તે માત્ર જાણવા-સમજવા માટે હૃદયની નમ્રતાભરી જિજ્ઞાસુ ભાવનાથી તેમ કરવાનું રાખવું. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૦૪)

*　　　　　　*

બરાબર સાંભળવાની પણ એક અનોખી કળા છે. જ્યારે આપણે કશુંક સાંભળતા હોઈએ ત્યારે કહેનારને પ્રતિકહેણ માટેની તૈયારીઓ માનસિકપણે રચ્યા વિના તથા પ્રત્યાઘાતી માનસિક આંદોલનો ઊઠવા દીધા વિના કે તે વિષય અંગે આપણા મનમાં બીજા કોઈ પણ વિચાર જાગવા દીધા સિવાય પૂર્ણ સ્વસ્થ ને નીરવ મનથી તથા એકાગ્રચિત્તથી સાંભળવાની ટેવ કેળવવા જેવી છે. આમ કરી શકીએ તો જ કોઈ પણ ચર્ચાનો લાભ મળવાનો હોય તો મળી શકે તથા સામાના દૃષ્ટિબિંદુને યથાયોગ્ય સમજવામાં સરળતા પણ રહી શકે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૦૪)

*　　　　　　*

કોઈની કોઈ સાથે સરખામણી કરવી એ તદ્દન અયોગ્ય છે. સરખામણી કરવામાં સરખાપણું, બરાબરપણું, યોગ્યપણું કદી પણ સંભવી શકતું નથી. તેમાં ગમે તે પક્ષને અન્યાય થઈ જવા પૂરી વકી છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૦૫)

*  *

બીજી વ્યક્તિને અમુક કામમાં રસ લેતી કરવી હોય તો જે જે કામમાં તે સંકળાયેલ હોય એવી બધી હકીકતથી એને વાકેફ રાખવી ઘટે. આથી તેનો તે કામમાં રસ જળવાઈ શકે છે ને આપણી મુરાદ બર આવી શકે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૧૦)

*  *

જે જે માનતા હોઈએ, તેનાથી ઊંચા પ્રકારનું આગળ ને આગળ છે જ તે નક્કી જાણવું. માટે જે માનતા હોઈએ, તે નવાનો સ્વીકાર કરવાને માટે છોડતા જવાનું રહે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૨૨)

*  *

જેઓ ઉચ્ચતમ પ્રકારના સંગીતશાસ્ત્રી, કવિ, શિલ્પી, ચિત્રકાર, સાહિત્યકાર, કળાકાર છે, તે તે બધાં એ ચૈતન્યશક્તિના અવતરણની સૂક્ષ્મ પૂર્વભૂમિકા સમા છે. તેમાંનાં કેટલાંક તો તે ચૈતન્યશક્તિનો (તેઓ જ્યારે તેમના તેમના ક્ષેત્રના ભાવની ઉચ્ચ કક્ષામાં પ્રગટેલાં હોય છે ત્યારે) સ્પર્શ પણ કરતાં હોય છે અને તેવા સ્પર્શને પરિણામે ઉત્તમ કોટિનું સર્જન કરી શકતાં હોય છે. એવા મહાન સાહિત્યકાર કે કળાકારનું ચારિત્ર્ય સદાચાર કે નીતિની દૃષ્ટિએ ઉત્તમ પ્રકારનું કદાચિત્ ન જણાય તો તેથી આઘાત સેવવાની જરૂર નથી. ભાવનાની એકાગ્રતા પ્રગટે છે અને તેનું ઉડ્ડયન અમુક ઊંચાઈએ થાય છે, ત્યારે એક પ્રકારનો ચેતનાત્મક સ્પર્શ જીવનમાં અનુભવાય છે. મહાન કળાકાર કે

સાહિત્યકારનું તેવા કાળનું સર્જન કે લખાણ તેવા સ્પર્શને કારણે નીપજતું હોય છે. એવું સર્જન કે સાહિત્ય ભગવાનની શક્તિનું સર્જન ગણી શકાય. તેની સાથે સર્જકના સ્થૂળ જીવનને સંકળાવી ન શકાય. આવા પ્રકારનો વિવેક યોગ્ય મૂલ્યાંકન માટે જરૂરી છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૨૪-૨૫)

*    *

એવાં કેટલાંય સંત-ભક્તો હોય છે, જેને તેમની હૃદયની નમ્રતાને લીધે કોઈ ઝટ પામી શકતું નથી. એવાંની હૃદયની એવી નમ્રતા તેમની દિવ્ય ચેતનાનું ઢાંકણ બની જતી હોય છે ને તેમનું જ્યાં ત્યાં રક્ષણ કર્યા કરે છે. તેમ છતાં, એવાની પ્રતિભા ઢાંકી ઢંકાઈ રહી શકતી નથી—જો આપણે હૃદયથી એવા ગુણની કદરભક્તિવાળાં પ્રગટેલાં હોઈએ તો.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૨૫)

*    *

ચેતન હંમેશ ઈચ્છે છે કે અચેતન તેને જીતી ન જાય. ચેતનને અચેતનમાં પૂરેપૂરો પ્રવેશ પામીને ત્યાં સંપૂર્ણ અભિવ્યક્તિ કરવી છે. અચેતન એક તસુ પણ એમને એમ મૂકી દેતું નથી. અહીં ચેતનાનો અર્થ જેટલો વિસ્તારીએ તેટલો ઓછો.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૩૦)

*    *

સાધનાની ઉત્તરોત્તર કક્ષામાં અનંત પ્રકારના સંગ્રામ પ્રગટે છે. એમાં સાધક હારતો, જીતતો, અંતરની શક્તિને તે દ્વારા વધારતો એક એવી નિર્ણયાત્મક અને નિશ્ચયાત્મક સ્થિતિ પર પ્રગટે છે કે જે વેળા પછી એની શક્તિને ક્યાંયે હારવાપણું રહેતું નથી.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૩૦-૩૧)

*    *

શરીરનો ધર્મ તો વધવા-ઘટવાપણાનો છે. તેની યોગ્ય સંભાળ ભલે લેવાય, પરંતુ તેની આળપંપાળ તો ન જ થાય.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૩૧)

*  *

આપણે ઝટ ઝટ, ને હકીકત કરતાં વધારે પ્રમાણનું માની લેનારા ન થઈએ અને સાથે સાથે દિવ્ય શક્તિની શક્યતાઓને અશક્ય પણ ન ગણી કાઢીએ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૩૫)

*  *

ખુલ્લા થવું એટલે જીવપ્રકારની સમજણ, રીત, માન્યતા, ટેવ, આગ્રહ તથા મનાદિ કરણના પ્રાકૃતિક ધર્મથી મુક્તિ. આવું ખુલ્લા થવું તે જ્ઞાનપ્રકારનું ખુલ્લા થવાપણું ગણાય. એવું ખુલ્લા થવાપણું એટલે જ્ઞાનાત્મક શરણાગતિ. એવું ખુલ્લા થવાપણું એટલે જીવનું જીવપણું ટાળવાની મંગળમય પ્રાથમિક ભૂમિકા. ખુલ્લા થવું એટલે જીવપ્રકૃતિએ જીવપ્રકૃતિમાંથી મુક્તિ મેળવીને ચેતનના પ્રદેશમાં પગલાં માંડવાનાં મંગળાચરણ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૩૭)

*  *

શ્રીસદ્‌ગુરુના વચનના તાત્પર્યને—હાર્દને તેની સંપૂર્ણ જ્ઞાનાત્મક દશાથી ગ્રહણ કરવું એ કંઈ જેવું તેવું કર્મ નથી. સૌ કોઈ પોતપોતાની અધૂરી રીતે તે સમજતું હોય છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૩૭)

*  *

કોઈ પણ સિદ્ધિ અને મુક્તિ પણ પ્રાપ્ત કરવી તે એક વસ્તુ છે અને તેને અમલી બનાવવી, કાર્યક્ષેત્રમાં સફળપણે ઉતારવી તે બીજી હકીકત છે. જેમ અમુક વૈજ્ઞાનિક શોધ અને તેનો

વ્યવહારમાં ઉપયોગ અને અમલ તે બે ભિન્ન વસ્તુઓ છે તેમ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૩૮)

*   *

સત્યનો આપણે કેટલી અને કેવી ભાવનાથી અમલ કરીએ છીએ તેના પર આપણા જીવનમાં તે સત્યના ટકવાનો આધાર છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૩૮)

*   *

પોતાની વૃત્તિઓનું રૂપાંતર થતું જતું જો સાધક હૃદયથી અનુભવી શકતો હોય તો જ સાધના એ સાધના છે, નહિતર એ તો બંધન છે, વળગાડ છે. એમ સમજીને એણે એવી સાધનાને ફગાવી દેતાં અચકાવું ન જોઈએ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૩૯)

*   *

બીજાંના સત્કર્તવ્યની કદરથી આપણું હૃદય આપોઆપ પ્રેમભાવથી ભીંજાઈ જવું જોઈએ; પરંતુ આપણે તેવું નહિ કરીએ તો બીજાંને ઠીક નહિ લાગે અથવા બીજાં અમુક પ્રકારનું ધારશે એવું મનમાં ન થવું ઘટે. આપણો ખ્યાલ આપણા પૂરતો જ રહે તો તે ઉત્તમ. કદર જે કરવાની છે તે તો આપણો ગુણ ગ્રાહકતાનો ગુણ કેળવવા ને આપણા જીવનમાં પ્રગટાવવા માટે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૦)

*   *

કર્મનો જે રીતે ઉપયોગ થાય ને એવા ઉપયોગમાં જે પ્રકારનો રસ લેવાયા કરાય તે પ્રમાણે કર્મનું પરિણામ આવવાનું શક્ય બને છે. કર્મની સાથે ભાવનાનો સંબંધ રહે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૧)

*   *

પ્રત્યેક કર્મમાં જાગૃતિપૂર્વકનો તેના હેતુનો ખ્યાલ જન્મવો

જોઈશે. એમ કરતાં કરતાં તે પ્રકારની અખંડ જાગૃતિ તેનામાં પ્રગટવી જોઈશે. તેવી સતત એકધારી પ્રગટેલી જાગૃતિ પછી તો તેના અનાયાસપણામાં પ્રગટી જશે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૨)

*                    *

આપણને કોઈ મોટું ગણે, સારા ગણી સન્માન ને આદર આપે, ઉત્તમ કદર કરે, ઉત્તમ આસને બેસાડે વગેરે રીતે બહુમાન કરે તો આપણે એના અધિકારી નથી એમ સમજવું; પરંતુ સર્વના કૃપાપાત્ર છીએ એમ લેખવું, ને બધાંએ કૃપા કરીને એવો અધિકાર પ્રેમથી આપ્યો છે, એમ સમજી નમ્રતા, ભગવાનની ભક્તિને યોગ્યપણે પામવાને હજી આપણને ઘણી વાર છે એમ સમજીને, જ્ઞાનપૂર્વક ભાવના સેવવી અને ઈશ્વરનો આભાર માની સર્વની કૃપા યાચ્યાં કરવી. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૪)

*                    *

સામાના ઉપકારનો બદલો વાળી ન શકાય એવી પરિસ્થિતિમાં હૃદયની ઘણી ઘણી કદર ને આદરભક્તિ બુદ્ધિથી પ્રગટાવીને જીવતી રાખ્યાં કરવી. જો એમ નહિ કરીએ તો કૃતઘ્નતાનો દોષ આપણને લાગશે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૪)

*                    *

પરમ તત્ત્વને મેળવવાના ઉપાયોના માત્ર જાણકાર કરતાં એની પ્રાપ્તિના માર્ગનાં વિઘ્નોને યથાર્થ રીતે જાણનાર ને હામ ભીડીને એને પ્રભુકૃપાથી હઠાવનાર,—એને ઉત્તમ ગણેલા છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૪)

*                    *

આપણને સ્વાર્થની જ્યારે ખૂબ તાલાવેલી પ્રગટેલી હોય

છે, ત્યારે આપણે જેમ સર્વ કોઈનું સારું-ખોટું સહી લઈએ છીએ, તેમ પરમાર્થના વિષયમાં—પ્રભુ પ્રાપ્ત કરવાના વિષયમાં પણ પ્રતિકૂળતાઓ જે જે પ્રગટે, તેને પ્રેમપૂર્વક સ્વીકારીને, તપશ્ચર્યાભાવે સહી લઈને, કોઈના પણ ગુણદોષ ન જોતાં સર્વને અનુકૂળતા કરી આપવી, તે પ્રભુપ્રાપ્તિ થવામાં સાધનરૂપ છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૪)

*　　　　　*

સંબંધી, સ્વજનના વિચાર તથા વર્તનને ન જોતાં, તેમના કલ્યાણ તરફ જ આપણે તો ધ્યાન રાખવાનું છે. જ્યારે તેઓને સમજાશે કે આપણે તો તેમના કલ્યાણમાં જ તત્પર રહીએ છીએ, ત્યારે તેઓ આપણા પરત્વે પોતાનું પ્રતિકૂળ વર્તન છોડી દઈને આપણને અનુસરવાનાં હશે તો અનુસરશે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૫)

*　　　　　*

જેનું હૃદય સદાય અવિરત પ્રસન્ન છે, એવા ઉપર શુભ સંસ્કાર પડવાથી પ્રાપ્ત થનાર પ્રત્યેક પ્રસંગમાં આનંદને અનુભવવાની મનને સતત ટેવ પડે છે. પછી એને કોઈ વસ્તુ, પ્રસંગ, ઘટના અરુચિકર જણાતા નથી. જેમાં ને તેમાં આનંદ, રસજ્ઞતા ને માધુર્યને અનુભવવાનો જ્ઞાનભક્તિપૂર્વકનો અભ્યાસ પડવાથી મનને શાંતિ મળે છે, પ્રસન્નતા પ્રગટે છે તથા એની તેજસ્વિતા ને શક્તિ ઑર વધે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૫)

*　　　　　*

કોઈ જીવ ભાવનાપોષક મનાયેલ ક્ષેત્રથી બીજા કોઈ ક્ષેત્રમાં કાર્ય કરતો હોય; દા.ત. કોઈ વેપારી વેપાર કર્યા કરે છતાં તે પૂર જોશથી અને ભાવનાથી સાધના પણ કર્યા કરે એવી શક્યતા

જરૂર છે. પરંતુ એવાં જિગર જગતમાં ખૂબ જ જૂજ, વિરલ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૬)

*　　　　　　*

વહેવાર વેળા વહેવાર ને સાધના વેળા સાધના, એમ બે જુદાં જુદાં ખાનાં પાડી નાંખ્યે નહિ ચાલે. સાધનાનો ભાવ જો પ્રેમભક્તિપૂર્વકનો, સાફ દિલવાળો, પૂરેપૂરો હોય તો તેવી ભાવનાનો જ્ઞાનપૂર્વક ઉપયોગ સર્વ ક્ષેત્રમાં કર્યા કરવાનું રાખે, તો સાધકના સ્વભાવનું રૂપાંતર થયાં કરવાનું બને; બાકી નહિ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૬)

*　　　　　　*

જ્યારે આપણે સમતા-તટસ્થતાપૂર્વક પૃથક્કરણ કરતાં હોઈએ, તે વેળાએ હૃદયનું મહત્ત્વ તો નામસ્મરણમાં પ્રગટ્યાં કરે અને પૃથક્કરણ કરવામાંથી આડે ફંટાયાનું મૂળ કારણ સમજી જવાય અને તેનું નિરાકરણ થાય એવી રીતનું ધોરણ જીવનમાં પ્રગટવું ઘટે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૫૨-૫૩)

*　　　　　　*

જેમ વ્યવહારની બધી ચીજો ઇંદ્રિયથી પરખાય છે, એમનું આકલન પણ થાય છે, તેવી રીતે ભગવાનનો જે ભાવ છે, ને જે અનિર્વચનીય છે, તેને પામવા કે પારખવા માટે જે શક્તિ આપણને ખપ લાગે તેનું નામ શ્રદ્ધા. શ્રદ્ધા એટલે તો આંતરદૃષ્ટિ પણ. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૫૩)

*　　　　　　*

સારોયે સમાજ ઉન્નતિના સર્વોત્કૃષ્ટ શિખરે પહોંચી જાય તેવું બનવું શક્ય લાગતું નથી, વ્યક્તિ ચઢી શકવાની છે અને ચઢશે. સમાજ પણ વ્યક્તિ તરફ મીટ માંડતો હોય છે, વ્યક્તિથી દોરવાતો હોય છે, ને વ્યક્તિથી પોતાની પ્રાણ-શક્તિ બઢતી તે અનુભવતો હોય છે. સમાજ વ્યક્તિનો બનેલો છે.

આમ વ્યક્તિ જેટલું ઊંચે ચઢવામાં મથશે અને વધુ ને વધુ વ્યક્તિઓ ઉચ્ચ જીવન પ્રગટાવવામાં રસ લઈને તે પરત્વે નિષ્ઠા જેટલી પ્રગટાવશે તેટલા પ્રમાણમાં સમાજનો પણ ઉદ્ધાર થવાનો છે તે નક્કી વાત છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૫૫)

* *

દરેક સમાજને પોતપોતાની આગવી વિશિષ્ટ પરંપરા ને સંસ્કૃતિ હોય છે, જેને આપણે વિશિષ્ટ ગુણશક્તિ પણ કહી શકીએ. તેની પ્રેરણા પામી પામીને તે ચાલે તો એનો વિકાસ થઈ શકે છે. દરેક સમાજને એવી સ્વતંત્ર સંસ્કૃતિ હોય છે જ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૫૬)

* *

સદ્ગુરુ સાધકની નબળાઈઓ પરત્વે કડકમાં કડક થઈને એનું તેને પૂરેપૂરું, ભાન પ્રગટાવે છે; જ્યારે બીજાંઓની નબળાઈઓ પરત્વે પૂરેપૂરા જ્ઞાનપૂર્વક ક્ષમાશીલ રહ્યાં કરી, ક્ષમાશીલ રહ્યાં કરવાને સાધકને પણ તે સૂચવે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૫૭)

* *

બીજાંઓની નબળાઈઓ પરત્વેનું જ્યારે જીવને ભાન પ્રગટે છે તે ને જો પૂરેપૂરી જ્ઞાનયુક્ત તટસ્થતા ન પ્રગટી હોય તો તે વેળા તે જીવ તે પરત્વે નરક પર માખી જેમ બણબણે છે, તેમ તે ગણગણવાનો. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૫૭)

* *

આપણો મત, અભિપ્રાય, સાચાપણું કોઈને પણ આગ્રહથી ઠસાવવાને મથવું તેમાં પૂરી હિંસા રહેલી છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૫૯)

* *

આપણા જીવનમાં ઊંડે ઊંડે જડ ઘાલી બેઠેલાં સર્વ સંસ્કાર, વિચાર, વૃત્તિ, સમજણ, માન્યતાઓ, મડાગાંઠો વગેરેનો વારસો ગુરુનો હુકમ થતાંવેંત જ એકદમ બદલાઈ જવાનો છે એમ માનવું તે નર્યું અજ્ઞાન છે. સદ્‌ગુરુ તો દૃષ્ટિ પ્રેરે. જુદી જુદી પરિસ્થિતિઓ પરત્વે યોગ્ય વિચાર કરવાને પ્રેરાવે. બાકી બીજું બધું તો આપણે જ કરવાનું રહે છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૫૮)

* *

શ્રીભગવાનને ચરણકમળે તાજાં જ ફૂલો ચઢાવવાનાં હોય; તેવી રીતે જુવાનીમાં પ્રભુમય જીવન કરવાનું જેણે સ્વીકાર્યું છે તે જ વધુ યોગ્ય છે. જોબન-યુવાની એ તાજું ફૂલ છે. ઘડપણમાં મોટા ભાગે કોઈ ગોવિંદના ગુણ ગાઈ શકવાનું નથી. જીવનની સાધના એટલી સહેલી નથી. સાધનામાં જોઈતાં સાહસ, હિંમત, અડગ પુરુષાર્થનું બળ, ઉત્સાહ, ખંત, ધીરજ વગેરે ગુણો જુવાનીમાં જ વધુ ખીલેલા રહે છે. તે વેળાએ જીવનની સાધનામાં જો ખૂંપી જઈ શકવાનું બન્યું તો એવા એના ગુણોનો ઉત્તરોત્તર વિકાસ થતો રહેવાનો. એવા ગુણો એની શ્રેષ્ઠ કક્ષાએ પહોંચીને પરિપક્વપણે થઈ દિવ્યતાના અંશરૂપે પરિવર્તનને પામી શકવાના છે. ત્યારે તે ગુણ, ગુણ નથી રહેતા પણ શક્તિરૂપે પ્રગટેલા હોય છે. ત્યારે એવા માનવીને ઘડપણ હોવા છતાં ઘડપણ નહિ હોય.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૫૯-૬૦)

* *

જીવનની સાધના એ હાંસીખેલ નથી. એ તો મર્દાનગીના ખેલ છે. એના મહત્ત્વનો, ગંભીરતાનો ખ્યાલ હજુ આપણને પૂરેપૂરો પ્રગટેલો નથી. સર્વ પ્રકારે, સર્વ ભાવે જીવનને ન્યોછાવર કરી કરીને વારી વારી જઈને ત્યાગ, બલિદાન ને સમર્પણ કરવાની ઉત્કટ ભાવના પળેપળ જીવતીજાગતી રાખ્યાં કરીને આપણે

હોમાયાં જવાનું છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૬૦)

*          *

જેટલાં બહિર્મુખ આપણે રહ્યાં કે થયાં, તેટલું સાચું ધન આપણે ગુમાવ્યું. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૯)

*          *

બીજાંનાંમાં પ્રેમભક્તિ રાખવા છતાં આપણે તો આપણામાં જ મસ્ત રહેવાનું છે. બની શકે તેટલા નિઃસંગ રહેવું-સ્થૂળપણે અને સૂક્ષ્મપણે બન્ને રીતે. આપણામાં ભરાઈ રહેલાં મંતવ્યો, ગણતરીઓ, માપો, મૂલ્યાંકનો, મડાગાંઠો, ગમાઅણગમા, રાગદ્વેષ, સમજણો, સંસ્કારો—બધાં આપણાં સંગીઓ છે. એમાંથી હવે આપણે નિઃસંગ થવાનું છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૨)

*          *

આપણને પસંદ પડતા વિચારો ને કાર્યો જેને અનુકૂળ ન આવતાં હોય તેના પ્રતિ અવગણનાની વૃત્તિ, એનાં સાત્ત્વિક કાર્ય પરત્વે બેકદર વૃત્તિ વગેરે આપણામાં ન આવી જવી ઘટે. આવી અનુદારતા અને અસહિષ્ણુતા જવી જોઈશે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૨-૧૩)

*          *

જો આપણે માત્ર પ્રભુમાં પ્રેમને એકાગ્ર ને કેંદ્રિત કરી શક્યા તો દુનિયાનો પ્રેમ તો મળવાનો જ છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૬)

*          *

જેટલા પ્રમાણમાં જીવંત આદરભાવ કોઈ વ્યક્તિમાં વિશેષ તેટલા પ્રમાણમાં શ્રદ્ધા-વિશ્વાસ તેના કથનમાં અને કરેલામાં વિશેષ રહેવાનાં. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૮)

*          *

પ્રભુનું સંપૂર્ણ યંત્ર બની જનાર જીવ સકળ કંઈ કશાનું સંપૂર્ણ જ્ઞાન ધરાવી શકે છે, એવી હકીકત અને સમજણ યોગ્ય નથી. એના અનુભવના વિષયમાં એ પૂર્ણ જ્ઞાની હોય છે. બીજા વિષયોમાં તો અપવાદ તરીકે તેવું તેવું જ્ઞાન નિમિત્તના કારણે તેને પ્રભુકૃપાથી કદીક કદીક ઊગી શકતું હોય છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૧)

* *

જેની કનેથી આપણે મેળવવું છે, તેના દિલમાં આપણું દિલ એક કરી દઈ શકીએ અને જો આપણે તેના જ પૂરેપૂરા થઈ જઈ શકીએ તો તેનું દિલ આપણાં પર પ્રગટે છે.

જેની પાસેથી મેળવવાનું છે, તેના પરત્વે કૃતજ્ઞતાની ભાવના જાગવી ઘટે છે. જેના વડે કરીને આપણા દિલમાં ભાવ પ્રગટે છે, તે ભાવના પરિણામથી કૃતજ્ઞતાની ભાવનાનું પ્રાગટ્ય સહજ બને છે. તે જેમ જેમ પછી ભાવનું સ્વરૂપ લે છે તેમ તેમ આપણે અનુભવીએ છીએ કે કૃતજ્ઞતાની ભાવના જ આ માર્ગના આગળના પ્રવાસનું કારણ છે ને એથી વધુ આગેકૂચનું પરિણામ પણ તે છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૧-૨૨)

* *

કોઈક જો આપણને છેતરી જાય તો એનું મૂળ કારણ આપણા પોતાનામાં રહેલું સમજવું. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૪)

* *

જો જીવનધ્યેયનો હેતુ લક્ષમાં હોય તો મળેલો પ્રસંગ તો જીવનઘડતરની એરણ છે. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૭)

* *

સહિસલામતીની વૃત્તિના સકંચામાં જે રહ્યાં કરે છે, તેનામાં

આત્મબળ પેદા થઈ શકવાનું નથી.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૭)

*    *

સંઘર્ષણોનો સ્વીકાર જીવનવિકાસની કેળવણી અર્થે આવશ્યક છે. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૮)

*    *

અશિષ્ટ અને મુફલિસ પોષાકના અંચળામાં સાધના કરનાર સાધકને ગુપ્તપણે નિરાંતે સાધના કરવાની સરળતા મળી રહેતી હોય છે તથા એથી કરી બીજી કોઈ રીતે ભાગ્યે જ શિખાય તેવા નમ્રતાના પાઠો સમાજના હાથે શીખવાના મળે છે. માન-અપમાનની પર થવાના અભ્યાસની શક્યતા પણ તેમાંથી નીપજી શકે છે અને પરિણામે સર્વ પરત્વે સદ્‌ભાવ રાખવાની આવશ્યક તાલીમ તેમાંથી સાંપડે છે—જો સતત હેતુનું લક્ષ ને જાગૃતિ સેવી શકાઈ તો. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૧)

*    *

ખાલી ખાલી મોઢેથી પ્રાર્થના બોલવાથી તેવી પ્રાર્થનાનો ઉઠાવ અને રણકાર કદી પણ ઊઠી શકતો નથી.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૪)

*    *

'વૃત્તિનો સંયમ કરો', 'સંયમ કરો', ને અમુક 'આ પાળો કે તે પાળો' એવા પોકારથી કે એવો બોધ દેવાથી કંઈ કશું ઝાઝું વળનાર નથી. માનવીને જ્યારે પોતાના જીવનધ્યેયની દિલમાં ખરેખરી તમન્નાયુક્ત વ્યાકુળતા પ્રગટે છે, ત્યારે જ જીવન-વિકાસના માર્ગનું ખરેખરી રીતનું કામ થતું અનુભવાય છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૮)

*    *

કોઈ કીમતી વસ્તુ ખોવાઈ ગઈ હોય છે તો તે જડે નહિ ત્યાં સુધી તેમાં જ આપણું લક્ષ આપમેળે બીજી પ્રવૃત્તિઓ ત્યારે કરાતી હોવા છતાં સતત જારી રહે છે; તેમ આપણા જીવનલક્ષ્યનો જીવતો ખ્યાલ ને ભગવાનનું સ્મરણ આપણી ઈતર સકળ પ્રવૃત્તિમાં રહેવાં ઘટે છે. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૪૧)

* *

જો આપણે આપણા પોતાનામાં જ પૂરેપૂરા યોગ્ય રીતે સતત ગંગધારાવત્ સ્થિર અને રત થયાં હોઈશું તો તેમાંથી એક એવી હૈયાસૂઝ અથવા હૈયાઉકેલની શક્તિ પ્રગટી જાય છે કે પછી કોઈ કર્મ વિષે ઝાઝા વિચાર કરવાના રહેતા નથી. તે સમયે તેનો ઉકેલ કેમ લાવવાનો તેનું માર્ગદર્શન આપોઆપ પ્રભુકૃપાથી મળ્યા કરે છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૪૫)

* *

બુદ્ધિમાં સમતા પ્રગટે તેનું નામ યોગ છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૪૬)

* *

જે જાગી શકે છે, તે જીવી શકે છે, બાકીનાં નહિ.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૪૯)

* *

જીવનસાધના પણ એક નદી જેવી છે. જીવંત અભ્યાસ વધતાં વધતાં તે ઊંડી અને પહોળી થતી જાય છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૪૯)

* *

અવળા અનુભવ થાય ત્યારે અકળાવું નહિ. તે પણ વાદળની જેમ વિખરાઈ જવાના જ છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૪૯)

* *

જીવનધ્યેય પરત્વેની ભાવના, કોઈ પણ પ્રકારે, રોજિંદા કર્મવ્યવહારમાં અખંડપણે વહ્યાં કરે અને આંતરિક કરણોના જીવપ્રકારના પ્રવાહમાં ન તણાઈએ તથા તેમાં તાટસ્થ્ય, સમતા, શાંતિ, પ્રસન્નતા આદિ પ્રગટ્યાં કરે અને તેમ કરવાને હૃદયથી જાગૃતિપૂર્વક પ્રભુકૃપાથી મથાયાં જવાય તેનું નામ સાચી સાધના.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૪૯-૫૦)

*　　　　　*

જે જે કંઈ જીવદશાનું હોય કે પ્રગટે તેનો જો જાગૃતિપૂર્વક ઈન્કાર થયા જાય અને જો તેની લાંબી પરંપરા ન ચાલે અને મનાદિ કરણો ભાવનામાં એકાગ્રતાથી રમ્યાં કરતાં અનુભવાય તો સાચો ઈન્કાર થયેલો એમ ગણી શકાય. એવી કળામાં અખંડતા પ્રગટે તે વેળાથી સાચી સાધનાની શરૂઆત થાય છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૫૦)

*　　　　　*

નિરંતરતાની ભાવાવસ્થામાંથી ચેતનનું વ્યક્ત થવાપણું આપમેળે પ્રગટે છે. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૫૧)

*　　　　　*

દિલમાં ને દિલથી પ્રગટેલા ભાવમાં કોઈ કશી ગણતરી રહેતી નથી, કે તેના પ્રકાર ઊઠતા નથી. જ્યાં કશી ગણતરી છે, ત્યાં દિલ પૂરું પ્રગટેલું નથી એમ પ્રમાણવું.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૫૨)

*　　　　　*

ચૂંથણાં ચૂંથવાથી મન વધારે બગડવાનું. જે ચૂંથીશું તેના તે પ્રકારના સંસ્કાર પડવાના જ.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૬૪)

*　　　　　*

કોઈને પણ સાચી રીતે સમજવું હોય તો આપણે તેની સ્થિતિમાં મુકાઈ જવું જોઈએ.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૬૫)

*　　　　*

તટસ્થતા પ્રગટ્યા વિના પૃથક્કરણ થવું શક્ય નથી.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૬૫-૬૬)

*　　　　*

આધ્યાત્મિક માર્ગમાં અશ્રદ્ધા એ ભારેમાં ભારે, વધારેમાં વધારે અવરોધકારક છે. ('જીવનસંશોધન', આ.૪, પૃ. ૬૮)

*　　　　*

પ્રાર્થના એ એક પ્રકારનું ભાવાત્મક ધ્યાન છે.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૭૨)

*　　　　*

માનવી શું કામ કરે છે, જગતના ધોરણે તેનું વર્તન કેવું છે, એના ઉપર એની જીવકક્ષા કે જીવનની ઉચ્ચતાનો આધાર મુદ્દલે નથી. ખરો આધાર તો એનું અંદરનું સત્ત્વ કેવું છે ને કેવું ઘડાયાં જતું હોય છે તેના પર છે; એટલે તે જ્યાં સુધી આપણે જાણતા નથી, ત્યાં સુધી આપણને કોઈનુંયે મૂલ્યાંકન કરવાનો સાચો અધિકાર નથી. ('જીવનસંશોધન', આ.૪, પૃ. ૭૩)

*　　　　*

હૃદય કે જે ચેતનાશક્તિનું સ્થાન છે તેનો વ્યક્તપણે વિકાસ થયા કરે તો તે વધારે શ્રેયસ્કર છે.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૯૧)

*　　　　*

આપણે કશામાં આગ્રહી વૃત્તિ રાખવાની નથી. વિચારમાં પણ નહિ ને મનમાંયે નહિ. કોઈ કહે કે આમ છે તો તો ભલે તેમ, કોઈ કહે કે આમ નથી તો ભલે તેમ. માત્ર, જે કામ આપણું સમજ્યા

છીએ તેમાં તો મક્કમતા ને મરણિયો નિર્ધાર પ્રગટાવવાનો છે.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૧૧)

*　　　　　*

જીવનધ્યેય માટેનો આગ્રહ એટલે એકનિષ્ઠાપૂર્વકનું એકાગ્ર ને કેન્દ્રિત જીવનવહન; એવો અર્થ અહીં 'આગ્રહ'નો કરવાનો છે. ('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૧૨)

*　　　　　*

શક્તિ અને બુદ્ધિને તથા અંતરનાં કરણોને 'બહુશાખા' અને 'અનંત' થવા દેવાનાં તથા વેરવિખેર થઈ જવા દેવાનાં નથી.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૧૨)

*　　　　　*

બીજું, બીજી બાબતોમાં—જેમ કે રાજકારણ, સમાજસેવા, તત્ત્વજ્ઞાનવાદ એવા બધાંમાં આગ્રહ એટલે એક પ્રકારનું સૂક્ષ્મ અહમ્—પછી ભલે ને તે વિસ્તૃત સમજણના પ્રકારનું હોય !

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૦૦)

*　　　　　*

ધર્મમાં પણ અહમ્ભર્યા આગ્રહ હોય છે. અમારો જ ધર્મ સાચો અને તે પ્રમાણે બીજાં જીવે તો જ તેમનું કલ્યાણ થાય, કે જલદી કે વધારે કલ્યાણ થાય, એવો મતાગ્રહ હોય છે. એવી જ રીતે આધ્યાત્મિક માર્ગમાં પણ જોવામાં આવે છે.

જગતમાં જે સંઘર્ષણો વાદોના, મતોના, પદ્ધતિઓના આદિ પ્રવર્તે છે તેનું મૂળ આ અહમ્માં છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૦૦)

*　　　　　*

(પ્રચલિત અર્થવાળી) ફિલસૂફી જ્યાં પૂરી થાય છે, ત્યાંથી

સાચી સાધનાની શરૂઆત થાય છે.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૧૩-૧૪)

*                *

જે કોઈ કામ હાથ પર લેવાનું બને તે શ્રદ્ધાપૂર્વક લેવું અને તેને પ્રેમથી સંપૂર્ણપણે પાર ઉતારી શકીશ એવો નક્કર આત્મવિશ્વાસ દૃઢાવવો. ('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૧૪)

*                *

બીજાંના દોષ તરફ નજર નાખવાને બદલે તેના ગુણ તરફ નજર દિલમાં જો રહ્યાં કરે, તો તેવા ગુણ આપણામાં પણ વિકસી શકે. સાધનામાં જ શું, જીવનના કોઈ પણ ક્ષેત્રમાં કદરભાવના અને ગુણગ્રાહકતાનો ગુણ અતિ ઉપયોગી ને જરૂરી છે. આપણું લક્ષ જેના પર રહેશે તે તત્ત્વ વહેલું મોડું આપણામાં ખેંચાશે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૦૩)

*                *

એકના એક કર્મને એકધારી ભાવનાથી સજ્ઞાનપણે વળગી રહેવું તે કંઈ નાનીસૂની વાત નથી અને તેમાં વર્ષોનાં વર્ષો ટકવું તે પણ એક પ્રકારનું જીવનનું પ્રગટ રહેતું બળ સૂચવે છે.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૨૩)

*                *

સમર્થ પુરુષ કાળને બનાવે છે કે કાળ સમર્થ પુરુષને ઉપજાવે છે એ તાત્ત્વિક ચર્ચા જવા દઈએ. એટલું તો નિર્વિવાદ છે કે સમર્થ પુરુષ કે મુક્તાત્મા કાળના ઘડવૈયા જરૂર હોય છે. તેઓ કાળની અસર પ્રમાણે વર્તે છે તે હકીકત સાચી છે, પરંતુ તે તેનાથી તણાઈને નહિ, તેનાથી ઉપર તરતા રહીને.

અવતાર તો કાળની અસરથી પર હોય છે, પણ જગતની તેમના તેમના અવતાર સમયની બીજી કોઈ રીતે ન પુરાય એવી

ચેતનાના અવિર્ભાવની માગણી તેઓ પૂરે છે, ને તે તેમના દેહધારણનો હેતુ હોય છે.

જે કોઈ પરમ પુરુષે જે કંઈ જગતમાં કર્યું તે તેમના યુગકાળના ધર્મને અનુસાર કર્યું ને તે કાળના ધર્મના પ્રમાણમાં તે રીતે જગતમાં તેમનું વ્યક્તત્વ થયું. તેથી કંઈ તે એટલામાં જ સમાયા હતા, તેટલાં જ તેમનાં શક્તિસામર્થ્ય હતાં એમ માનવું એમાં વિચારદોષ દેખાય છે.

આપણે તો સર્વ ધર્મ પરત્વે, ધર્મોના મૂળ આચાર્યો પરત્વે તથા સર્વ સત્પુરુષ કે મુક્તાત્મા પરત્વે હૃદયનો ભક્તિભર્યો ઊછળતો સદ્ભાવ કેળવી કેળવીને પૂરેપૂરો દાખવવાનો છે.

સર્વ પરત્વે જ્ઞાનયુક્ત સદ્ભાવ પૂરેપૂરો દાખવ્યા વિના સર્વ પરત્વેની સમત્વની ભાવના પ્રગટી શકવાની નથી.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૧૧-૧૨)

* *

EXCLUSIVELY-એકલો, અલગપણે, ભક્તિયોગ તે ભક્તિયોગ નથી, જ્ઞાનયોગ તે જ્ઞાનયોગ નથી, કર્મયોગ તે કર્મયોગ નથી. જીવનસાધનામાં તે બધા એકબીજામાં પરસ્પર ઓતપ્રોત થઈ ગએલા હોય છે.

જ્યાં સુધી આપણામાં તટસ્થતા, સમતા, સાક્ષીભાવ પૂરેપૂરાં પ્રગટ્યાં નથી, ત્યાં સુધી આપણે કોઈને પણ યોગ્ય રીતે તોળી શકવાના નથી. તેથી બીજાનું આડું જોવું તે કરતાં આપણે તેમાંથી પરાઙ્મુખ થવું તે આપણા શ્રેય માટે ઉત્તમ છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૧૨, ૧૧૪)

* *

આપણાં સાથીદારોને કેમ કરીને વધુમાં વધુ ઉપયોગી થઈ પડાય ને તેમને કેમ કરીને વધુ મહત્ત્વ દેવાયાં જાય ને આપણે

પોતે તો શૂન્યમાં શૂન્ય રહી શકીએ એમ વર્તવાથી શરણાગતિની ભાવના કેળવાતી આવે છે. જો કે આવા વર્તાવથી ઘણીવાર પ્રત્યક્ષ ગેરલાભ પણ થતો હોય છે, કિંતુ તેવા ગેરલાભમાંયે સાચો લાભ સમાયેલો હોય છે, એ અંતે જણાયા વિના નહિ રહે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૧૬)

*  *

જીવનપથમાં આવતાં વિઘ્નો, મુશ્કેલીઓ, ગૂંચો તો ઊલટાં આધ્યાત્મિક તંદુરસ્તી ને બળને પુષ્ટ કરનાર ઔષધિ જેવાં નીવડે છે— જો આપણી તે પરત્વેની જીવંત, વેધક, સારગ્રાહી દૃષ્ટિ પ્રગટેલી હોય તો. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૧૬)

*  *

આપણને જે વીઝન્સ-સૂક્ષ્મ દૃશ્યો આવે છે એ એક રીતે સાધનાનું સારું લક્ષણ ગણી શકાય, પરંતુ આપણે આવાં દૃશ્યોને મહત્ત્વ દેવાનું નથી. તેમાંથી મન, ચિત્ત જેટલાં પાછાં વાળી શકાય તેટલું સારું. આપણું વલણ એવું થએલું હોવું જોઈશે કે આના કરતાં આપણા મનમાં નીરવતા પ્રગટે, કામનાનો લય વગેરે થાય તો ઉત્તમ.

ગુણની સાથે તેની શક્તિ આપોઆપ તેમાં રહેલી હોય છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૧૮-૧૯)

*  *

સુમેળ, સુસંવાદ, સમાધાન અને સમન્વય એ સાધક જીવનનાં પ્રત્યક્ષ લક્ષણો ગણી શકાય.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૩૨-૩૩-૩૪)

*  *

બીજાના સદ્‌ગુણ પરત્વેનું સહજ આકર્ષણ ને તેની કદર સાધકના જીવનમાં જો વ્યક્ત થતી ન અનુભવાય, તો પોતાની

દિશા ખોટી છે એમ સમજવું.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૩૩-૩૪)

*       *

બીજા કોઈ જીવનાં ગુણગાન કે વખાણ સાંભળતાં જો મનમાં દ્વેષ-ઈર્ષ્યા કે એવી કોઈ વૃત્તિ ઉદ્ભવે ને તેના પ્રતિકારરૂપે તે જીવની આપણી સમજણની આડીઅવળી વાત હૈયે ચઢે યા વ્યક્ત થઈ જાય તો સમજવું કે બીજાના સદ્ગુણ પરત્વેનું સહજ આકર્ષણ હજુ આપણામાં પ્રગટ્યું નથી ને એટલે અંશે સદ્ભાવની સાધના લૂલી યાને અધૂરી સમજવી.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૧૯)

*       *

હૃદય એ શબ્દ સ્થળવાચક નથી, પરંતુ કક્ષાવાચક ને ભૂમિકાવાચક પણ છે. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૨૦)

*       *

જીવન માત્ર કંઈ ગુણોનો સમૂહ નથી. ગુણોમાં જીવન રહેલું છે, એ વાત સાચી. સદ્ગુણથી જીવન શોભે છે એ પણ ખરું છે; પરંતુ જીવનની સાચી વાસ્તવિકતા ને તેની મર્યાદા એકલા ગુણના વર્તુળમાં પુરાઈ રહી શકતી નથી. એ એનાથી પાર પણ છે.

ગુણ એ આપણું લક્ષ્ય નથી. ગુણને પ્રેરાવનારી જે શક્તિ ને ગુણમાં રહેલી જે શક્તિ, તે શક્તિનું આપણા જીવનમાં જ પ્રાગટ્ય થાય અને તે આપણા સકળ કર્મમાં, વ્યવહારવર્તનમાં કાર્યસાધક થઈ રહેલી અનુભવીએ એ આપણું ધ્યેય હોવું ઘટે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૨૧)

*       *

આધ્યાત્મિક જીવનના વાંછુને એકાંત અને મૌન એ ઘણા ઘણાં જરૂરનાં છે. અહીં મૌન એટલે મનની નીરવતા પ્રાપ્ત થવામાં સહાયરૂપ થાય તે પ્રકારનું મૌન અને એ ઉત્તમ પ્રકારનું મૌન છે. ('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૩૭)

*　　　　*

જ્યાં કંઈ કશોયે ભાર લાગે, કંટાળો લાગે, ત્રાસ લાગે, અકળામણ લાગે, સંતાપ લાગે કે એવું એવું થાય, ત્યારે જાણવું કે આપણામાંથી સરળતા અને સહજતા ઊડી ગયેલાં છે કે ઘટી ગએલાં છે; આપણે આપણી સાચી સ્થિતિમાં નથી.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૩૭)

*　　　　*

સંપૂર્ણ સાત્ત્વિકતા અને ચેતન પરત્વેનું પૂરું, યોગ્ય, ઉત્કટ એકરતપણું જ્યાં સુધી જીવનમાં પ્રગટે નહિ, ત્યાં સુધી બ્રહ્મચર્યનું સ્થિર થવાપણું કદી પણ બની શકતું નથી.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૩૮)

*　　　　*

માનવીનો વિકાસ આમ તો પ્રકૃતિના પટમાં થયાં જ કરતો હોય છે પણ તે પ્રકૃતિમાં વિકાસ થયે જાય છે, ચેતનમાં નહિ. તે ચેતનતત્ત્વ પ્રત્યેકના જીવનનો જે પ્રકૃતિનો પટ પડેલો છે, તેના દ્વારા વ્યક્ત થાય છે. એટલે ચેતનને વ્યક્ત કરવા સારુ પ્રકૃતિના વલણને ચેતનાભિમુખ કરવાનું રહે છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૨૭)

*　　　　*

જાગૃતિ એ તો સાધનાનો મૂળ પાયો છે, તેમ જ એ તેનું ઘડતર અને ચણતર છે. સાધના કરતાં કરતાં જો જ્ઞાનયુક્ત જાગૃતિ ન જાગતી હોય ને પ્રસંગે પ્રસંગે ચેતવાનું ન થતું હોય તો

આપણાથી કશી સાધના થતી નથી એમ જાણવું.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૪૫)

*　　　　　*

જ્યાં સુધી ચિત્તમાં જીવદશાના પડેલા સંસ્કારો છે, ત્યાં સુધી વિચાર તો પ્રગટવાના. ('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૪૫-૪૬)

*　　　　　*

આધ્યાત્મિક લખાણમાં અને સાધના અંગેના લખાણોમાં એક જ વિષયની હકીકતનું ને સમજણનું લખવાનું હોવાથી કદી કદી એકનું એક લખવામાં આવે છે કે કહેવામાં આવે છે, ને તે કુદરતી છે. મોટા ભાગે તો કંઈક ને કંઈક નવું પણ, તે એકનું એક કહેવા સાથે આવે છે ખરું. તેમ છતાં 'એકની એક હકીકત આ તો આવી' એમ ગણીને સાધકે આધ્યાત્મિક વાચનથી કંટાળવું નહિ.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૫૧)

*　　　　　*

માનવીને હરકોઈ રીતે કંઈક ને કંઈક વિવિધતા જોઈએ છે. મન દરરોજ નવા નવા રસાસ્વાદ લે તો સંતોષાય એવું બની ગયું છે. ઇન્દ્રિયોને નવું નવું ગમે છે. આ વલણમાં માનસનું છીછરાપણું વ્યક્ત થાય છે. ('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૫૧)

*　　　　　*

જે કળાથી દિલની સાત્ત્વિક પ્રસન્નતા પ્રગટે તે સાચી કળા છે. જે કળાથી માનવીના મનમાં વિકાર જન્મે કે વિકૃતિ થાય અને તેને કારણે જે તન્મનાટયુક્ત ઉશ્કેરાટ અને 'મઝા' જન્મે તે સાચી લલિતકળા નથી. ('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૫૨)

*　　　　　*

માનવીને અંતરમાંથી સ્વયંસ્ફુરિત પ્રસન્નતા અને આનંદના ફુવારા ફૂટતા ન હોવાથી બહિર્પણે, બહારથી, કંઈક ને કંઈક

લહેર ભોગવવાનું ઇચ્છીને કે ભોગવીને આ ખોટ પૂરવાને મથે છે. આ કારણે જીવને ઇન્દ્રિયોના વિષયભોગો ખૂબ ગમે છે. આમ તેનું સારું જીવન ક્ષુલ્લક પ્રકારની ક્ષુદ્ર પ્રવૃત્તિઓની હારમાળામાં વીતી જતું હોય છે.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૫૨)

*   *

મનને એક પછી એક, એક એકથી જુદા, રસો લેવાની જે ટેવ પડેલી છે તેને બદલે સનાતન, સૂક્ષ્મ, સાત્ત્વિક આનંદમાં રસ લેતું કરવાને એકના એક પ્રકારના કશાક સાધનાના અભ્યાસમાં પરોવવું પડશે. ('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૫૩)

*   *

અભ્યાસ તો એનું નામ કે જેમાં વારંવાર વિકાસ થવાને જ્ઞાનયુક્ત પુનરાવર્તન થયાં જ કરે; એવા પુનરાવર્તન વિના એક ને એક વાત ફરી ફરીને આવ્યા વિના, કોઈ જાતનો વિચાર કે ભાવના સ્થિર થાય નહિ.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૫૩-૫૪)

*   *

બહેનો અને માતાઓ સાથેનો નિર્મળ ભાવસંબંધ એ પતન કરનારું સાધન નથી; પરંતુ બળ અને પ્રેરણા આપનારું સાધન છે. તે સંબંધના અંતરના હાર્દમાં જીવનવિકાસના ધ્યેયનું જ્ઞાનભક્તિપૂર્વકનું ભાન પ્રગટેલું હોવું જોઈશે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૪૧)

*   *

સંબંધ વધે તેમ તેમ નિઃસંગની ભાવના પણ સવિશેષ કેળવાયા જાય તે તરફ લક્ષ દેવું ઘટે છે. સત્સંગની ભાવના રાખવાથી, એટલે કે જે જે કંઈ મળે તેની સાથે જીવનવિકાસના

હેતુના જ્ઞાનની ભાવના ફળાવવાની એકમાત્ર એકાગ્ર ને કેંદ્રિત દૃષ્ટિ, વૃત્તિ ને વલણ પ્રગટ્યાં હોય તો તેવા સત્સંગથી નિઃસંગ ભાવના એટલે કે આત્માની ભાવના કેળવાતી જતી હોય છે.

સકળ પ્રકારના સંબંધ અને કર્મ પણ ભાવના કેળવવાને અર્થે છે અને જીવનવિકાસના ઘડતર ને ચણતરને કાજે છે. તે વિના સંબંધ કે કર્મનો બીજો કોઈ અર્થ કે હેતુ નથી.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૪૦, ૧૪૨)

* *

'પલમેં માસા, પલમેં તોલા' એવી સગડગભરી વૃત્તિને સાધકે ચેતી ચેતીને દૂર કરવાની રહે છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૪૪)

* *

ભાવમાં જ્યારે એકાગ્રતા ને કેંદ્રિતતા પ્રગટે ને ટકે એટલે કે એમાં જ એટલી તો ગાઢ તન્મયતા જન્મે કે આગળપાછળનું ભાન પણ ન રહે, એવી સ્થિતિ વારંવાર જ્યારે થઈ જતી હોય ત્યારની સ્થિતિમાં સંપૂર્ણ એવી ભાવાવસ્થા થઈ જવાની તૈયારી હોય, ત્યારે જેવા થવાનું દિલ હોય તેની સદ્‌ભાવના સચેતનપણે જો આપણે હૃદયમાં રાખી શક્યા, તો આપણી પ્રગતિ ઘણી ઝડપી થાય. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૪૬)

* *

જુદા જુદા મુક્તાત્માઓની વાણી જુદી જુદી હોવાનો પણ સંભવ રહે છે. એકમેકથી કોકવાર પરસ્પર ભિન્ન પણ હોવાનો સંભવ ખરો; છતાં તે પણ અનુભવની વાણી હોઈ શકે છે. અનંત પાસાંવાળા પરમાત્મતત્ત્વનો તેઓએ પોતપોતાની જુદી જુદી રીતે અનુભવ કર્યો હોય એટલે વક્તવ્યમાં ભિન્નતા રહેવાની ખરી.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૬૯)

* *

આપણી પ્રેમભાવના બીજા તરફથી મળતા પ્રેમ ઉપર આધાર રાખતી હોય તો તો તે એક જાતની શરતી લેવડદેવડ થઈ.

(‘જીવનસંશોધન’, આ.૪, પૃ. ૧૮૭)

*  *

જેના પરત્વે આપણને અણગમો હોય કે થાય તેને જ્ઞાનભાનપૂર્વક ખાસ સવિશેષ પ્રેમથી ચહાવું અને તે પણ આપણા કલ્યાણને માટે તેમ કરવાનું છે.

(‘જીવનસંશોધન’, આ.૨, પૃ. ૧૬૮)

*  *

નામ-સ્મરણની ધારણા માત્ર યાંત્રિક થયા ન કરે એ ખાસ જોતા રહેવાનું છે. (‘જીવનસંશોધન’, આ.૪, પૃ. ૧૮૮)

*  *

એકમાંથી અનેકમાં વિસ્તાર પામવું એ તો પ્રકૃતિનો અનાદિ ગુણછે. માટે જે કોઈ एकને પૂરેપૂરું જાણે છે, તે અનેકને પણ જાણી શકશે. (‘જીવનસંશોધન’, આ.૪, પૃ. ૧૮૯)

*  *

અંતે તો પુરુષ અને પ્રકૃતિ એ બન્નેની શક્તિઓનો સમન્વય અને સુમેળ સધાય ત્યારે જ સાચું જીવન પ્રાપ્ત થવાનું છે અને તેમ થવું અનિવાર્ય પણ છે. (‘જીવનસંશોધન’, આ.૪, પૃ. ૧૯૦)

*  *

વ્યવહારની બહારની પ્રવૃત્તિઓમાંથી અલિપ્ત રહેવાનું છે તે વાત સાચી, પરંતુ જે પ્રવૃત્તિ આવી મળેલી હોય, તે તરફ એક પ્રકારની અરુચિની વૃત્તિ, ત્રાસ કે કંટાળાની વૃત્તિ ઊપજતી હોય ને તેને લીધે તેમાંથી ભાગી છૂટવાની વૃત્તિ પેદા થતી હોય તે યોગ્ય નથી. તે પણ એક પ્રકારનો તમોગુણ છે.

(‘જીવનસંશોધન’, આ.૨, પૃ. ૧૭૨-૭૩)

*  *

સત્સંગનો મહિમા ઘણો ગવાયો છે, તે એટલા માટે કે મુક્તાત્માની સાથે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકના આંતરિક પરિચયથી જીવનમાં પ્રેરણાત્મક ભાવ પ્રગટે છે અને એવા ભાવનો સદુપયોગ અંતર્મુખતા કેળવ્યા કરવામાં રહેલો છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૭૫)

*  *

સદ્‌ગુરુ જે કંઈ કહે, તે "તેઓ કહે એટલા માટે કરીશું" એવું વલણ રાખવાથી કશો લાભ થાય નહિ, આપણે મન-બુદ્ધિને સમજાવીને, તેમનો સહકાર સાધીને, જો તેમ કરવાનું રાખીશું તો તે ઊગી નીકળવાનું છે. ('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૯૭)

*  *

આપણને મળેલું કર્મ આપણા પોતાના વિકાસ માટે કરવાનું છે. પછી ભલે એની કોઈ કદર કરો કે ન કરો.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૧૯૮)

*  *

કશું પણ કેવળ અનિષ્ટ નથી. અનિષ્ટને પણ સદુપયોગની રીતે ભાવનામાં પ્રેરી શકાય છે. ઝેર એ ઝેર જ માત્ર નથી પણ અમૃત પણ છે, જો એના સદુપયોગની કળા આવડતી હોય તો. દવાઓમાં હળહળતાં ઝેરનો પણ તેનું રૂપાંતર કરીને તેની યોગ્ય માત્રામાં ને યોગ્ય મિશ્રણ સાથે ઉપયોગ થાય છે એ જાણીતી હકીકત છે. ('જીવનસંશોધન', આ.૪, પૃ. ૨૦૨)

*  *

શોક થતાં તે પણ એક પ્રકારની લાગણી જન્માવે છે. ને તેનો પણ નામસ્મરણમાં ઉપયોગ થઈ શકે છે; તેમાંથી એકાગ્રતા જન્માવી શકાય છે. કોઈ પણ ઊર્મિને, લાગણીને રચનાત્મક

સાધનાના ઉપયોગમાં લઈ શકાય એમ છે.

('જીવનસંશોધન', આ.૪, પૃ. ૨૦૭)

*          *

જીવપ્રકારની કોઈ પણ વૃત્તિના બળથી મુક્ત, એવો જે મુદ્દલે બળ વગરનો જીવ તે સાચી અબળા.

જ્યારે સંપૂર્ણ નિરાસક્તિ, નિર્મમત્વ, નિરાગ્રહ, નિરહંકારીપણું વગેરે જીવનમાં કામ કરતાં થઈ જાય, ત્યારે જ સાચી રીતે ભગવાન ઉપર આધાર રાખી શકાતો હોય છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૯૦)

*          *

અધ્યાત્મપથે 'નિર્ધન' થઈ જવાનું છે એટલે કે જે જીવ-પ્રકારનો જીવપ્રકારની-વૃત્તિઓનો-ખજાનો છે તે ખપાવી દઈને, એ અર્થમાં, પૂરેપૂરા ભિખારી બનવાનું છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૯૭)

*          *

આત્મભાવનાને પોષક જુદી જુદી ભાવનાઓમાં માંહોમાંહે સખ્યભાવ હોય છે, અથવા એક જ તત્ત્વનાં તે તો જુદાં જુદાં સ્વરૂપનાં દર્શન છે; તેવી રીતે અભિમાન, ભય, ક્રોધ, કામ વગેરે વગેરે જીવપ્રકારની વૃત્તિઓમાં પણ માંહોમાંહે ભેરુભાવ હોય છે, ને તે પણ એક જ આસુરી વૃત્તિનાં જુદાં જુદાં સ્વરૂપ છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૦૨)

*          *

ગુરુભાવ એટલે ગુરુ પોતે નહિ કે તેનું શરીર પણ નહિ; પરંતુ જીવનનો વિકાસ થવાને આપણને જે ઉત્કટ તમન્ના પ્રગટેલી હોય છે, તેને એકાગ્ર ને કેન્દ્રિત એકમાં કરીને તેનામાંથી પ્રેરક બળ અને ચેતનવંતા પ્રાણ પ્રાપ્ત કરવાને જે

લક્ષ્ય, જે સાધન છે તે. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૦૩)

* *

પ્રેમના ભાવનું ધારણ આઘાત-પ્રત્યાઘાતના અવલંબનથી થતું હોતું નથી. તે તો સ્વયંસ્ફુરિત છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૦૮)

* *

જે પોતાને ભાગે આવેલો ધર્મ સંપૂર્ણ અદાથી કરીને પાળે છે, તેને કોઈ કશાને વિષે ફરિયાદ કરવાનું કારણ રહેતું નથી.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૦૯)

* *

હૃદયની સજ્ઞાન પ્રેમભક્તિથી ઋષિમુનિઓની સેવા કરવામાં ઈતિકર્તવ્યતા માનનારા પણ તરીને પાર ગયાના શબરી જેવા દાખલા પણ છે. એટલે જીવનવિકાસની સાધનામાં એકાગ્ર ને કેંદ્રિત થવાતું જવાય તો વિવિધ ગુણશક્તિઓ સાથે સાથે વિકસે છે, ને એમ કરતાં કરતાં પૂર્ણત્વની કક્ષામાં પણ પહોંચી શકાય છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૧૩)

* *

સાધનામાં કાળબદ્ધ યોજનાની જેમ એવા કોઈ કાળનું અમુક સમયને અંતે અમુક સ્થિતિ કે ભાવના થાય એવી નિશ્ચિતતાનું નિર્ણિત સ્થાન ન હોઈ શકે. જે કોઈ પોતાની 'આજ' યોગ્યપણે સંભાળે છે, તેની 'કાલ' યોગ્ય રીતે પ્રગટવાની જ છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૧૫)

* *

આપણા મનને અથવા ભાવને સ્થિર કરવાને માટે સાકાર આલંબનની જરૂર રહે છે; આથી એક યા બીજા પ્રકારે માનવસમાજમાં સાકાર પૂજાનો સંસ્કાર જીવંત રહેવાનો છે.

સદ્‌ગુરુની પ્રથા પાછળનો અંતર્ગત હેતુ તો એક આલંબનનો જ મુખ્યત્વે હોઈ શકે છે. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૨૪-૨૫)

*  *

સેવાના પ્રેમથી તો ભેદ ઘટે અથવા ઘટવા માંડે, પરંતુ ભેદની માત્રા સેવાક્ષેત્રે જો વધેલી અનુભવાતી હોય તો એના સાચા અર્થમાં તે 'સેવા' ગણાય કે કેમ તે વિચારવું રહ્યું.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૩૫)

*  *

પ્રભુને પામવાના અનંત માર્ગ છે; સાધનાના અનંત પ્રકાર છે ને ભગવાનનાં દર્શન પણ અનંત રૂપોમાં થાય છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૩૭)

*  *

વિચારને કદી વાગોળશો નહિ. વાગોળવું જુદું છે અને મનનચિંતન એ જુદી હકીકત છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૪૦)

*  *

પ્રથમ તો સત્‌પુરુષ (મુક્તાત્મા) મળવા જ દુર્લભ છે. કદાચ મળી જાય તો તેમને ઓળખવા દુર્ઘટ છે અને કદીકને ઓળખાય તો તેમને સમજવા એ તો ઑર દુષ્પ્રાપ્ય છે; અને સદ્‌ભાગ્યે કદાચ સમજાય તોપણ તેમનું જ્ઞાનભક્તિપૂર્વક પોતાના જીવનવિકાસને અંગે સર્વાર્પણભાવે અનુશીલન પરિશીલન કરવું એ તો મહા દુઃસાધ્ય કાર્ય છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૫૩)

*  *

જીવદશામાં જે કંઈ ગતિ પ્રગટે છે, એ ગતિની પાછળ વેગ અને ધક્કો આપનારી જે શક્તિ છે તે તો અહમ્‌ની છે અને

જીવદશામાં પણ જે નમ્રતા કેળવાતી હોય છે અને કેળવવાની હોય છે તેની કેળવણી પાછળ પણ તે અહમ્‌નો ધક્કો હોય છે. નમ્રતા એ સદ્‌ગુણ છે એ વાત સાચી, પરંતુ જીવદશામાં તો સદ્‌ગુણનું પણ સૂક્ષ્મ અભિમાન પ્રગટતું હોય છે, ને સત્ત્વગુણની અસરથી અલિપ્ત થવાનું તો ઘણું ઘણું મુશ્કેલ છે.

(‘જીવનસંશોધન’, આ.૨, પૃ. ૨૫૬)

*　　　　*

સાચો ને ઈચ્છવાયોગ્ય ચમત્કાર તો પ્રકૃતિનું રૂપાંતર થાય તે છે. ભાવનામાં અખંડતા પ્રગટતાં પ્રગટતાં મનમાં નીરવતા, બુદ્ધિમાં પ્રજ્ઞાવસ્થા, ચિત્તમાં ચેતનની ભાવના, પ્રાણમાં એકમાત્ર ભગવદ્‌ભાવનાની ઝંખના ને અહમ્‌માં પ્રભુપ્રેરિત શક્તિ, એવાં પરિણામમાં પ્રગટતાં પ્રગટતાં શરણાગતિને પ્રભુકૃપાથી પામીશું. આપણે તો આ પ્રકારની ભાવાત્મક પરિણામજનક ચમત્કારની વાંછના રાખવી. (‘જીવનસંશોધન’, આ.૨, પૃ. ૨૬૯)

*　　　　*

અવ્યક્તમાં આસક્તિ થવી એ ઘણું દોહ્યલું છે. સાકારની ભક્તિ પ્રમાણમાં વધુ સુગમ છે. આથી સાધનાને માટે ભક્તિ વિશેષ સાનુકૂળ છે. ભક્તિમાંથી જ્ઞાન પ્રગટે છે અને જ્ઞાનમાંથી યોગ પ્રગટે છે. ને તે બધાંમાંથી કર્મકૌશલ્ય પણ પ્રગટે છે.

(‘જીવનસંશોધન’, આ.૨, પૃ. ૨૭૭)

*　　　　*

સાધનના અભ્યાસમાંનું સાકારપણું એટલે તેનો ભાવ અને તેમાંથી પ્રગટતી એકાગ્રતા, કેંદ્રિતતા ને સળંગતા; ને તે પછી તેનો થતો વિસ્તાર. (‘જીવનસંશોધન’, આ.૨, પૃ. ૨૭૮)

*　　　　*

જેમ શિક્ષણમાં આગળ વધવાને માટે સાકારનું શરણું એ

શિક્ષક, તેવી રીતે જીવનવિકાસ પંથે અવલંબન યોગ્ય સાકાર સાધન તે સદ્ગુરુ. (‘જીવનસંશોધન’, આ.૨, પૃ. ૨૭૮)

* *

સમજવું તે એક વાત છે ને સ્વીકારવું તે જુદી વાત છે. સમજ્યા હોઈએ પણ સ્વીકારાયું ન હોય એવું પણ ઘણીવાર બને છે.

(‘જીવનસંશોધન’, આ.૨, પૃ. ૨૭૮)

* *

સારાયે દિવસની સમગ્રતઃ કુલ વપરાયેલ શક્તિનો ઘણોખરો મોટો ભાગ સાધનાની ભાવના મૂર્ત સ્વરૂપ લે એવી રીતે તે પરત્વે જ વળેલો હોવો જોઈશે.

(‘જીવનસંશોધન’, આ.૨, પૃ. ૨૭૯)

* *

કર્મ કરવા છતાં એ કર્મ પાછળની ઈચ્છા કોઈ લૌકિક પ્રકારની ન હોવી જોઈએ; કિંતુ સાધનાના ભાવને પ્રેરક બળરૂપ પ્રકટ્યા કરે એવી રીતે ને એવા ભાવે પ્રભુપ્રીત્યર્થે મળેલાં કર્મો યજ્ઞભાવે આપણે કર્યાં કરવાનાં છે.

(‘જીવનસંશોધન’, આ.૨, પૃ. ૨૭૯)

* *

મૌન તો સારું જ પરંતુ પાછું એ મૌન ઘરેડ પ્રકારનું, શુષ્ક, કોરું કોરું ન હોવું ઘટે. મૌનમાં આંતરિક પ્રવાહ ભાવનામય પ્રગટેલો રહે અને તેવું ન હોય તે વેળાએ મનનચિંત્વનની પ્રક્રિયા ચાલતી રહે; એટલે કે કોઈ ને કોઈ પ્રકારે મૌન પાળતી વેળાએ સાધનાના રચનાત્મક સાધનમાં વળગેલાં રહ્યાં કરતાં હોઈએ, તો તે પ્રકારનું મૌન વિકાસાત્મક છે.

(‘જીવનસંશોધન’, આ.૨, પૃ. ૨૮૦)

* *

આપણામાં ભાવના જાગેલી હોય છે અને સદ્ભાવ પ્રગટેલો હોય છે તો બીજામાંથી તેવું મળ્યાં કરે છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૮૦)

*　　　　　　*

સંબંધ માત્ર, ગમે તેની સાથેનો, ભાવ પ્રગટે ને કેળવાય તે હેતુ અર્થે છે. શ્રેયાર્થીને માટે તેવો સંબંધ ભાવ વિનાનો હોઈ શકતો નથી. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૮૦)

*　　　　　　*

જીવદશાનાં વિચાર, વૃત્તિ કે લાગણી સંતોષવાનું કરવા જતાં જીવન પરત્વેની તમન્નાનું જોશ ને બળ ઘટી જતાં હોય છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૮૨)

*　　　　　　*

અજપાજપ પ્રગટે છે, ત્યારે જ માનસિક જપની ધારણા સતત નિરંતર રહી શકે છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૮૯)

*　　　　　　*

સંસારી માનવી અને સાધક બન્ને જણા સાંસારિક, વ્યાવહારિક કર્મો કરતા હશે. એટલે બન્નેના કામનો પ્રકાર બાહ્ય રીતે તો એક જ હોવા છતાં કર્મની પાછળના ભાવમાં પાયાનો ફરક હોય છે. સંસારીનું લક્ષ તો સંસાર પરત્વે રહેવાનું ને એના ચિત્તમાં સંસાર જન્મવાનો; જ્યારે સાધક પોતાના ધ્યેયની ભાવનાને કેંદ્રસ્થ કરતો હશે ને પોતાની તે ભાવનાને વિશેષ મહત્ત્વ આપતો હશે. જો તેમ ન કરી શકતો હોય તો તે તેની નબળાઈ છે. તેવી નબળાઈ તેનો દોષ છે. તેમાંથી તેણે નીકળી જવું ઘટે. એટલે સાધક જ્યારે ખરેખરી રીતે સકળ પ્રકારનાં કર્મ કરતાં કરતાં અંતરમાં એકમાત્ર સાધનાના જ ભાવની એકાગ્રયુક્ત

જ્ઞાનાત્મક ધૂનમાં પ્રગટેલો રહ્યા કરતો હશે, ત્યારે તેવા તેવા કર્મના ક્ષેત્રપ્રકારના સંસ્કાર તેના ચિત્ત ઉપર પડી શકવાના નથી, પરંતુ તેના બળમાં તેથી તો ઉમેરો થવાનો છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૯૦)

*　　　　　*

સદ્‌ગુરુ સાથે એકતા એટલે સદ્‌ગુરુના જેવા થવાનું છે એમ નહિ; પરંતુ એનો અર્થ તો એટલો કે હૃદય હૃદયની સાથે મળી, ભળી, ગળી ગયું હોય અને દિલ-દિલનો જ્ઞાનભક્તિપૂર્વકનો તાદાત્મ્યભાવ પૂરેપૂરો પ્રગટી જાય, અને એકના દિલમાંની બીજા પરત્વેની ભાવના બીજાના દિલને પણ મળી શકે એવી દિલની તેવા પ્રકારની એકતા; અને તે થવાને આપણે મથવાનું છે. બાકી આપણે એકબીજાના જેવાં થવાનું નથી. આપણે તો પ્રભુના જેવા થવાનું છે. પ્રભુની જે સગુણ ભાવના છે, તેની ધારણા અનુસાર આપણા જીવનનો વિકાસ કરવાનો છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૯૫)

*　　　　　*

કર્મ યોગ્ય પ્રકારે થયાં કરે અને તેમાં વ્યવસ્થિતિ પ્રગટે તેના પર ઝોક ને મહત્ત્વ ન દેતાં કર્મ કરતાં કરતાં મન-હૃદયમાંનો ભાવ આપણી સાધનાને અનુકૂળ અંતર્ગતપણે વહ્યાં કરે તેને મહત્ત્વ દેવાનું છે. ભાવને મહત્ત્વ આપતાં કર્મમાં યદ્વાતદ્વાપણું પ્રગટશે એ માન્યતા એ એક ભ્રમ છે. કર્મકૌશલ્ય એકાગ્રતામાંથી પ્રગટે છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૯૬)

*　　　　　*

ભાવ કેળવાઈને એકાગ્ર ને કેંદ્રિત થતો જાય છે. તેનું પ્રત્યક્ષ લક્ષણ એ કે વૃત્તિઓ શમતી અને ઠરતી હોય છે તે છે.

જેમ કોઈ નિપુણ વગાડનારને કે પ્રવીણ ગાનારને જરાક

પણ સૂર બેસૂરો થતાં સફાળી ખબર પડી જાય છે, તેમ આપણને ક્યાંક ભાવની ધૂનથી જરાક પણ ભિન્ન થવાતાં એકદમ આંચકો લાગી જવો જોઈશે. એ રીતનો અનુભવ જો થાય તો આપણે ભાવની ધૂનમાં રહ્યા હોવાનું પ્રમાણવું.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૯૯)

*　　　　*

કોઈ પણ જાતની અન્યથાવૃત્તિ કોઈના વિષે આવવા દેવી નહિ અને કરવી પણ નહિ. કારણ કે એમાં તો પોતાનું અહિત છે. ધારો કે આપણને તેમ થવાનું સાચું યોગ્ય કારણ મળ્યું હોય તો પણ તેમ થવાથી તે અન્યથાવૃત્તિના તેવા સંસ્કાર આપણામાં જ પડવાના છે; એટલે આપણે પોતે થઈને આપણું જ અહિત કરી રહેલા છીએ, એવું સાધકને લાગી જવું જોઈએ. સાચી રીતે તો સાધનાપથે સર્વ પરત્વે કેમ કરીને કેવળ સદ્‌ભાવ કેળવાયા કરે તે તરફ લક્ષ રાખવું ઘટે છે. યથાર્થપણે થતી જતી સાધનાના ભાવમાંથી તો તેવો સદ્‌ભાવ પ્રગટતો રહે છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૦૦)

*　　　　*

જે ભાવ દૃઢાવવાનો આપણે નિશ્ચય કર્યો હોય તે નિર્ણયને મદદ કરે એવું જે જે વિચારવાનું બને એ તો જાણે ઉત્તમ; પરંતુ જે આડુંઅવળું પ્રગટે ત્યારે તેના પ્રવાહમાં તણાઈ ન જવું ઘટે, એટલી જાગૃતિ હોવી, રાખવી જોઈશે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૦૧)

*　　　　*

જેવું વાણીનું મૌન તેવું જ પ્રત્યેક ઈન્દ્રિયનું મૌન. આ પ્રકારના મૌનનો અભ્યાસ કર્યા કરવાનો રહે છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૦૪)

*　　　　*

એકાગ્રતાનો પણ એક જાતનો આનંદ હોય છે. કંઈ પણ કશામાં પ્રગટેલી એકાગ્રતામાંથી ભાવ ને આનંદ જન્મે છે. જેમ જેમ એકાગ્રતા કેળવાતી અને વધતી જાય, તેમ તેમ ભાવ વધારે ને વધારે ખીલતો જાય છે. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૦૪)

* *

કરુણાથી બીજાંને માટે પ્રેરાઈ જવાનું બનતું હોય તો આપણી જાત માટે જ પ્રથમ કરુણા કેમ નહિ ? આપણે આપણા પોતા માટે તો હૃદયની યોગ્ય પ્રાર્થના કરવાને પૂરા સમર્થ થયા નથી, ત્યાં બીજાંને માટે તેમ કરવાની વૃત્તિ કરવી એ આડફંટે જવા બરાબર છે. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૧૧)

* *

જીવદશાનાં પ્રાકૃતિક વલણોમાંથી મુક્તિ કંઈ બુદ્ધિની કોરી સમજણથી, વિચારના બળથી કે નીતિ ને સદાચારના ધોરણ પ્રમાણે વર્તવાથી મેળવી શકાતી નથી.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૨૨)

* *

જે કંઈ આવે તેને તેના બહિર્ સ્વરૂપથી નહિ પણ તેના હાર્દના ભાવથી સ્વીકાર કરીએ તો સરળતા પ્રગટે છે.

('જીવનસંશોધન', આ.૧, પૃ. ૩૨૪)

* *

સુજ્ઞ જનો માનવીની કિંમત તેના આંતરસત્ત્વ પરથી આંકે છે, નહિ કે બહારના પોષાક કે દેખાવ પરથી; તેમ ભાષાના પ્રાસંગિક અને પ્રાસાદિક અલંકારો કરતાં એના સમગ્ર રૂપરંગ પરથી અને સમગ્ર રૂપરંગ કરતાં પણ એમાંથી નીકળતા ભાવરહસ્ય પરથી કોઈ પણ સાહિત્યિક રચનાનું મૂલ્યાંકન અને કદર કરવાં વધુ ઈષ્ટ છે. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૨૫)

* *

ગીતાજીમાં જે "ભજતે" શબ્દપ્રયોગ આવે છે, તેનો ઉપર-છલ્લો વાણીમાં જ ભજન કરે છે એવો અર્થ કે ભાવ હોતો નથી, પણ આપણી આખી ચેતના પળેપળ પ્રભુના ભક્તિભાવની સતત ને સળંગ ધારાથી ઊભરાયા કરે તે 'ભજતે'નો અર્થ છે. વળી મનસા, વાચા, કર્મણા ભજવા ઉપરાંત અથવા તેના વધુ સ્પષ્ટ અર્થ તરીકે **"સમ્યગ્ વ્યવસિત હિ સઃ"** કહ્યું છે. એટલે કે એના જીવનના પ્રત્યેક આચારવિચાર યોગયોગ્ય ચેતનાત્મક પ્રકારના પ્રગટેલા હોવા જોઈશે; તેનાં અંદરનાં બધાં મનાદિ કરણોમાં સુમેળ, સુસંવાદ હોવો જોઈશે, એટલે કે તેઓ સુવ્યવસ્થિત હોવાં જોઈશે. તેમ જ તેના જીવનમાં અને જીવનનાં સર્વ ક્ષેત્ર અને સર્વ પાસાંમાં તેનામાં ભાવપૂર્ણ યોગયોગ્ય વ્યવસ્થિતિ પ્રગટેલી હશે, ને તેથી તેનો જીવનવ્યવસાય પણ એ પ્રકારનો હશે; એવો ભક્ત **"ક્ષિપ્રમ્"** જલદી ધર્માત્મા થાય છે, ચિર શાંતિને પામે છે, અખંડ ધારાવત્ હૃદયનો આહ્લાદ પામે છે. એવા ભક્તને માટે ભગવાન વચન આપે છે કે તેની ભક્તિ મિથ્યા થતી નથી, તે નાશ પામતો નથી.

('જીવનસંશોધન', આ.૧, પૃ. ૩૨૬)

* *

**'નિર્બળ કે બળ રામ'**નો અર્થ તો એ છે કે જ્યારે જીવદશામાંથી સંપૂર્ણ અહમ્નો લય થઈ જાય અને છેક છેવટની ઘડી સુધીનો સકળ પુરુષાર્થ કરી કરીને **'હારે કો હરિનામ'** એવી સ્થિતિ પ્રાપ્ત થાય, ત્યારે **'નિર્બળ કે બળ રામ'** એમ આપણે સાચા ભાવથી પોકારી શકીએ.

('જીવનસંશોધન', આ.૧, પૃ. ૩૨૩)

* *

ઘણાખરા ભાષ્યકારો અમુક સાંપ્રદાયિક મતને પોષણ આપનારા કે પોતાની રુચિ ને કક્ષા અનુસાર કે પોતે માનેલા

કાળધર્મ અનુસાર પોતાના Mission—પ્રભુપ્રેરિત તે સ્થળકાળ માટેના તેમના કર્તવ્ય અનુસાર મૂળ શ્લોકનો અર્થ કરતા હોય છે ને તે તેમને માટે યોગ્ય પણ છે. પણ આપણે તો મૂળ શ્લોકનો જ આપણા પોતાના જીવનયોગને અનુકૂળ જે રીતે અર્થ સૂઝે તેમ તેમાંથી તેનું હાર્દ પકડવું. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૨૮)

* *

'જ્ઞાન'નો ખરો અર્થ સમજણ નહિ, પણ તેવું જીવન.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૩૧)

* *

માનવીના સંજોગોથી, બુદ્ધિના પ્રભાવથી, મનના ફાંકાથી, વિદ્વત્તાના ઘમંડથી, જીવનવ્યવહારમાં મેળવેલા કે મળેલા લાભો તથા જય ને જશથી, આગળપાછળના લોકોની બોલબાલાથી, વાતાવરણથી વગેરે એવાં એવાં અનેક કારણોથી જીવમાં એક પ્રકારની અહંપ્રેરિત Personalityનું—વિશિષ્ટતાયુક્ત વ્યક્તિત્વનું—થર જામતું હોય છે ને એ જીવનમાં વિકાસપંથે ભારે અંતરાયરૂપ બની રહે છે. અહંપ્રેરિત વિશિષ્ટ વ્યક્તિત્વના કે એવી બીજી વૃત્તિના કોઠામાં એટલે કે અભિમન્યુના ચક્રાવામાં આપણે પેઠા એટલે પછી તો ભુલભુલામણીમાં ભૂલા પડીને અટવાયા કરવાના. આવા ચક્રાવામાંથી બહાર ખેંચી કાઢનાર જો કોઈ હોય તો તે જીવનવિકાસની સાધના છે. એ સાધનાના જોરે આપણાથી સવેળા જાગ્રત થઈ જવાય છે ને આપણી થતી ચૂક દીવા જેવી સ્પષ્ટ દેખાઈને એવી ભુલભુલામણીમાંથી પ્રભુકૃપાથી બહાર નીકળી શકાય છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૩૬-૩૮)

* *

ચર્ચાનું મૂળ ઉત્પાદક કારણ અહંકાર છે. ચર્ચામાં સામા પરત્વે એક પ્રકારની સૂક્ષ્મ અનુદારતા પ્રગટેલી રહે છે. સામાને

ઓળખી શકવાની શક્તિ હોયા વિના તેને વિશે જાણ્યે-અજાણ્યે આપણને એમ માનવાનું મન થાય છે કે આપણે તેનાથી બુદ્ધિમાં ને સમજણમાં ને તેની યોગ્યતામાં ચઢિયાતા છીએ. વળી સૂક્ષ્મપણે એમાં દંભ પણ સેવાઈ જતો હોય છે, કારણ કે ચર્ચાના રસમાં તણાઈને સામી વ્યક્તિના કથનમાં જે કંઈ રહેલા સત્યને સ્વીકારવાનું અશક્ય બની જાય છે અને કોઈક વાર તે ઊંડે ઊંડે સમજાતું હોય તોપણ તેના પ્રતિ દુર્લક્ષ કરીને આપણો કક્કો ખરો કરવા મથીએ છીએ. ચર્ચામાં બુદ્ધિનો દુરુપયોગ પણ થયા કરે છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૪૦)

* *

'અમુક કાર્યની સિદ્ધિ તેનો કાળ પાકે ત્યારે થાય' એમ જે કહેવામાં આવે છે તે 'કાળ પાકવાના' નિર્માણની હકીકત જેટલી સત્ય છે તેટલી જ પાછી કાળ પાકવાની મુદતમાં ઓછાવત્તાપણું આપણી સાધનામય જીવનધ્યેયની તમન્નાની ઉત્કટતા, જીવનવિકાસની પ્રેમભક્તિ આદિમાંથી ફલિત થતા આંતરિક ઉત્કટ પ્રયાસથી થઈ શકે છે, એ હકીકત પણ એટલી જ સાચી છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૪૫)

* *

સાધના એટલે જ કાળને જલદી ને છતાં યોગ્યપણે પકાવનારી જડીબુટ્ટી. પ્રતિકૂળ સંજોગોને અનુકૂળ કરવાની કળા એટલે સાધના એમ પણ કહી શકાય. પ્રકૃતિ દ્વારા જીવની થતી ઉત્ક્રાંતિમાં શક્તિ ને પ્રાણસંચાર પ્રગટાવી તેને વેગવાળી અને ભાવાત્મક બનાવનાર જે ચેતનાની પ્રક્રિયા તે સાધના એમ પણ કહી શકાય.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૪૫-૪૬)

* *

જ્યાં જ્યાં કંઈક સાત્ત્વિક અસામાન્યપણું નિરખાય કે લાગે ત્યાં ત્યાંથી ભગવાનની ભાવનાના પ્રેમભક્તિપૂર્વકના સ્વીકારનો

અનુભવ કર્યા કરશો. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૬૮)

*                    *

સૃષ્ટિના જીવનવિકાસના ઈતિહાસમાં મૂળ તત્ત્વની અંતર્ગત રહેલી ચેતના—એ અંતરમાં રહીને કોઈ ને કોઈ રીતે વ્યક્ત થયા કરી નવાં નવાં રૂપાંતરો પામે છે.

('જીવનસંગ્રામ', આ.૫, પૃ. ૧, ૨)

*                    *

યુદ્ધ એટલે માત્ર સંહાર એ સમજણ ઘણી અધૂરી છે. યુદ્ધથી ખંડન અને મંડન બન્ને થાય છે; યુદ્ધ એટલે ખંડન અને મંડન બન્ને. ('જીવનસંગ્રામ', આ.૫, પૃ. ૨, ૩)

*                    *

સતત એકધારી રહ્યાં કરેલી પોતાની સુખાકારી ને સુખનું ભાન માનવીના મનમાં જાગતું નથી; જ્યારે સુખાકારીના પ્રમાણમાં ખૂબ જ અલ્પ સમયના રોગ ને દુઃખનું ભાન તીવ્રતરપણે તેને થાય છે. ('જીવનસંગ્રામ', આ.૫, પૃ. ૬)

*                    *

વ્યક્તિને, જાતિને કે સમાજને સંઘબદ્ધ થયા વિના ચાલતું હોતું નથી. જે કોઈની શક્તિ એના સર્વશ્રેષ્ઠ યોગ્યપણામાં સંઘબદ્ધ રહ્યાં કરે છે, તે જ જીવવાને લાયક રહે છે.

('જીવનસંગ્રામ', આ.૫, પૃ. ૮)

*                    *

બુદ્ધિના ક્ષેત્રે, મનના ક્ષેત્રે, પ્રાણના ક્ષેત્રે, શારીરિક ક્ષેત્રે એમ માનવીના આધારના પ્રત્યેક કરણની પ્રવૃત્તિમાં યુદ્ધ ખેલાયાં જતું હોય છે. ('જીવનસંગ્રામ', આ.૫, પૃ. ૧૨)

*                    *

જ્યાં દ્વંદ્વ છે ત્યાં યુદ્ધ છે. અનેક પ્રકારનાં દ્વંદ્વોનાં યુદ્ધ દ્વારા

સૃષ્ટિમાં ભગવાનનો દિવ્ય સૂક્ષ્મ હેતુ સધાયા જતો હોય છે.

('જીવનસંગ્રામ', આ.૫, પૃ. ૧૬)

*                    *

જે નિર્ણયની પાછળ વિષાદ રહે છે, દુ:ખ રહે છે, સંતાપ જાગે છે, ક્લેશ ઊપજે, તે નિર્ણય યોગ્ય રીતે હૃદયથી સ્વીકાર પામેલો નથી એમ જાણવું. ('જીવનસંગ્રામ', આ.૫, પૃ. ૨૭)

*                    *

માનવી જ્યાં સુધી બધી બાબતમાં પોતાને જ સર્વશ્રેષ્ઠ સમજતો હોય છે, ત્યાં સુધી ભગવાનનો ભાવ કદી પણ તેના આધારમાં જાગી શકવાનો જ નથી.

('જીવનસંગ્રામ', આ.૫, પૃ. ૪૬)

*                    *

કર્મનું ક્ષેત્ર ઊંચું હોય કે નીચું, તેના પર કર્મના પરિણામનો આધાર નથી; પરંતુ કર્મની પાછળ માનવી જીવતો-જાગતો કેવો હેતુ ને ભાવ રાખે છે તેના પર કર્મના ઉત્તમપણાનો કે કનિષ્ઠપણાનો આધાર છે. ('જીવનસંગ્રામ', આ.૫, પૃ. ૫૬)

*                    *

જ્યાં વિસંવાદ છે ત્યાં અશાંતિ; જ્યાં અશાંતિ ત્યાં વિકાસની રૂંધામણ. ('જીવનસંગ્રામ', આ.૫, પૃ. ૫૭)

*                    *

કર્મના ક્ષેત્રમાં બ્રહ્માનું સર્જન પણ હોય, વિષ્ણુનું રક્ષણ અને પોષણ પણ હોય અને મહાદેવનું વિનાશક તાંડવ પણ હોય. ('જીવનસંગ્રામ', આ.૫, પૃ. ૫૮-૫૯)

*                    *

સમર્પણશાળી જીવનથી નવી જ્યોત પેદા થાય છે.

*                    *

જગતમાં બધું જ અભેદ રૂપે જ તત્ત્વરૂપ છે, એટલે જે કંઈ

આપણને બન્યાં કરે તે આપણે લીધે જ છે. એનું મૂળ કારણ આપણાંમાંનું છે. ('જીવનસંદેશ', આ.૪, પૃ. ૯)

*                    *

કંઈ પણ કશું (અણગમતું યા દુઃખદાયક પણ) ઉદ્‌ભવતાં કે થતાં એનું મૂળ પોતાનામાં જ જોવા મથવું ને જોવાનું કરવું એનું નામ અભેદ ઉપાસના. એમ કરતાં કરતાં જગતનું મૂળ આપણે જ છીએ એમ અનુભવ થયા વિના રહી શકતો નથી.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૧)

*                    *

સાધના એટલે ભક્તિ, જ્ઞાન, ધ્યાન અને કર્મમાર્ગનો સમન્વય. ભક્તિ એ ભાવનાનો ધોધ, જ્ઞાન એ હેતુ, ધ્યાન એટલે એકાગ્રતા અને કેન્દ્રિતતા, કર્મ એટલે એ બધાંને સુયોગ્યપણે, સુમેળ રીતે વહેવા માટેનો પટ-channel.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૦)

*                    *

ભાવનું ઉદ્‌ભવસ્થાન હૃદય છે. જો આપણે કોઈ પણ નિરાલમ્બ ભૂમિકાનો અનુભવ કરવો હોય તો કોઈ પણ કલ્પનાગમ્ય સાકારમાં પરોવાવાનું ન હોય, જેને તેમ થતું હોય તે એને માટે શ્રેયસ્કર હોય. એવાને મતિભ્રમ પણ આપણાથી ન જ કરાવાય. આપણે માટે એ બરાબર નથી.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૩)

*                    *

પ્રાર્થના પણ એક પ્રકારનું ધ્યાન જ છે. પ્રાર્થના સાકાર છે. ધ્યાન નિરાકાર છે. ધ્યાનમાં આપણે કશો આધાર લેતા નથી; ભાવની વૃદ્ધિ અર્થે પ્રાર્થનાનો સાધન તરીકે આધાર લઈએ છીએ પણ બન્નેનું પરિણામ એકસરખું છે. પ્રાર્થના વેળા આપણે

ધ્યાનસ્થ રહ્યાં કરતાં હોવાં જોઈએ. ભાવનાનો ભાવમાં લય થઈ જાય એ પ્રાર્થનાનું રહસ્ય છે. ('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૩)

* *

ગુરુ એટલે સાધકને એના જીવનવિકાસનાં પગથિયાં ઉત્તરોત્તર ચઢાવતી જનારી એક નિસરણી; તેની સમજને ઉચ્ચતર અને ઉચ્ચતમ ભૂમિકાઓ સાથે જોડનારી સાંકળ.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૬)

* *

સૂક્ષ્મભાવમાં કહીએ તો ગુરુની સમીપતા કે દૂરપણું કશું છે જ નહિ; કારણ કે ગુરુ એ તો ભાવ રૂપે છે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૭)

* *

પોતાની સાથે લગ્નભાવનાથી જોડાયેલા જીવની જે અવગણના કરે છે, તે સમાજની પણ અવગણના સાથે સાથે કરી રહેલો છે. એવા જીવનાં સમાજને ચરણે થતાં લાખો રૂપિયાનાં દાન એવા જીવનવિકાસ કાજે વૃથા છે. એવા દાનથી સમાજની ભાવના કદી પણ વિકસી શકવાની નથી, ભલે કદાચ સ્થૂળ દૃષ્ટિએ સમાજનું કંઈક ચાલતું રહેવાનું હોય તો રહે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૫૨)

* *

Trifles-ક્ષુલ્લકપણું પણ નકામું નથી. એમાં પણ શ્રીભગવાનની જ ચેતનાશક્તિ રમી રહેલી છે. એ પણ એનું જ સ્વરૂપ છે પણ એમાં પણ આપણો ભાવ તો એ ચૈતન્યભાવનો જ રમ્યા કરે તો. ('જીવનસંદેશ', આ.૪, પૃ. ૫૮)

* *

જગતમાં કશું નકામું નથી. જેને માનવી તદ્દન ખરાબ ગણે

છે તે પણ નકામું નથી. એ ખરાબ દેખાય છે કે ગણાય છે એનું કારણ આપણે એને એ રીતે ગણતા, દેખતા, સમજતા, માનતા, વાપરતા આવ્યા કર્યા છીએ તે છે; બાકી ખરાબ કશું જ નથી. જે તે કંઈ બધું યથાસ્થાને યોગ્ય જ છે ને ભગવાનમય છે.

ખેતરમાંનું ખાતર ગમે તેટલું દુર્ગંધ ફેલાવતું હોય તોપણ એને સૃષ્ટિમાં સ્થાન છે જ અને ત્યાં એનો ઉપયોગ પણ છે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૫૯, ૧૩૪)

*　　　　*

આત્મવિશ્વાસ એ મિથ્યાભિમાનની લાગણી નથી, પરંતુ એ તો ધ્યેય પ્રતિ પહોંચાડનારી આવશ્યક ભાવના છે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૦૭)

*　　　　*

પ્રેમસ્વરૂપ થવા માટે જો કશાની પણ અનિવાર્ય આવશ્યકતા હોય તો તે હાર્દિક માનસિક ઉદારતાની છે.

*　　　　*

હાર્દિક ઉદારતા એટલે જીવમાત્ર પરત્વે મૈત્રીભાવ.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૧૯)

*　　　　*

કેવળ બુદ્ધિથી કે કેવળ લાગણીથી કે બન્નેમાંથી એકના વધુ પડતા ઝોકથી જે જીવન જિવાય છે તે વિવેકશૂન્યતાભર્યું જીવન હોઈ સાધક માટે બાધક છે.

('જીવનસંદેશ', આ.૭, પૃ. ૧૩૧)

*　　　　*

તટસ્થતા અને અનાસક્તિ લગભગ પર્યાયવાચક (સમાન અર્થવાહી) શબ્દો છે; છતાં તેમાં ભેદ છે. તટસ્થતાને એક રીતે અનાસક્તિનું પરિણામ પણ ગણી શકાય.

('જીવનસંદેશ', આ.૭, પૃ. ૧૩૧)

*                    *

બુદ્ધિ લાગણી કરતાંયે વધારે આગ્રહી અને દીર્ઘકાળ પર્યંત પોતાનું જીવન ટકાવવાની શક્તિવાળી છે.

('જીવનસંદેશ', આ.૭, પૃ. ૧૩૪)

*                    *

વિવેક એટલે સમ્યગ્ દર્શન કરાવનારી દૃષ્ટિ, યોગ્ય ભાવ રખાવનાર હૃદય, યોગ્ય કર્મ સુઝાડનાર સદ્બુદ્ધિ.

('જીવનસંદેશ', આ.૭, પૃ. ૧૩૫)

*                    *

જીવનવિકાસનો સાચો સાધક પ્રજાને-પોતાના દેશને પ્રત્યક્ષપણે ઉઠાવવાના (ઊંચે આણવાના) સીધા કાર્યમાં ભલે ન હોય, પણ તે પોતે હૃદયથી એવી ભાવનાશીલ રીતે ઊઠ્યા કરતો હશે કે એવા ઊઠ્યા કરવામાં જે સમસ્ત પ્રજા ઊઠતી હોય; અને એ કંઈ એક જ પ્રજાની માત્ર સેવા નથી, પણ સર્વ પ્રજાની અને એનાથીયે વિશેષ સમસ્ત સમષ્ટિની તે સેવા છે.

('જીવનસંદેશ', આ.૭, પૃ. ૧૪૪)

*                    *

દુનિયામાં ખેલાતાં યુદ્ધોમાં પરોવાયેલાંની તો જગતને જાણ પણ થાય છે; એનાં યશોગાન ગવાતાં હોય છે પણ આ આધ્યાત્મિક યુદ્ધક્ષેત્રે યુદ્ધ ખેલનાર સાધકને તો કોઈ જોઈ કે જાણી નહિ શકે, કારણ કે જગતને જગતમાં તેવી દૃષ્ટિ કે વૃત્તિ તે પરત્વેની બહુ જૂજ હોય છે એટલે એની કદર કે એની વાહવાહ બોલનારા ખાસ કોઈ નહિ હોય. એણે પોતાનામાંથી જ સંતોષ મેળવી લેવાનો રહેશે.

('જીવનસંદેશ', આ.૭, પૃ. ૧૪૫-૪૬)

*                    *

પ્રેમ એટલે એકબીજાને જોડનારી સૂક્ષ્મ સાંકળ.

પ્રેમ એ જોડનાર એટલે બાંધનાર સાંકળ પણ છે અને મુક્તિ અપાવનાર સાધન પણ છે.

સંપૂર્ણ બંધન તથા સંપૂર્ણ મુક્તિ એટલે પ્રેમ. સાચો પ્રેમ એવી સાંકળ છે કે જે સાંકળ જ નથી, પણ મુક્તિનું સ્વરૂપ પણ છે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૫૯, ૧૬૨)

*                    *

પરમ ચૈતન્યતત્ત્વ સાથે સંકળાયેલો દેહધારી એટલે જીવનમુક્ત. ('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૬૨)

*                    *

પ્રેમ દ્વૈત વિના અશક્ય છે, પણ તે જ દ્વૈત તેના જીવનમુક્ત શુદ્ધતમ રૂપમાં અદ્વૈત છે.

પ્રેમ એટલે જ્ઞાન.

પ્રભુનું જ્ઞાન મેળવવા માટે પ્રભુ પ્રત્યે પ્રેમ અનિવાર્ય સાધન છે અને પૂર્ણ પ્રેમ અને પૂર્ણ જ્ઞાન એ તો પર્યાયવાચક શબ્દો થઈ રહે છે. ('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૬૯)

*                    *

ધિક્કારવૃત્તિ એ પ્રેમની વિકૃત દશા છે, યાને ઊલટું પાસું છે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૭૨)

*                    *

સાચા સ્વાનુભવમાં જેમ સર્વાનુભવ આવી જ જાય છે તેમ સ્વકલ્યાણની પ્રવૃત્તિમાં સર્વકલ્યાણની પ્રવૃત્તિ આપોઆપ થયાં કરે છે.

સમદૃષ્ટિ એટલે નિર્લિપ્ત સમન્વયાત્મક દૃષ્ટિ.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૬૮-૭૧)

*                    *

પોતાના દેશ કે સમાજ માટે પ્રાણાર્પણ કરવા તૈયાર થનારામાં

ઉચ્ચ કોટિનો પ્રેમ નથી એમ તો કેમ જ કહેવાય ? છતાં એમાં પણ ઘણીવાર વિસ્તૃત અહંભાવ અને પાર્થિવ માપથી જ અન્ય જનને સમજવાની વૃત્તિ અને દૃષ્ટિ રહેલાં હોય છે અને તેથી ત્યાં રાગદ્વેષની માત્રા પણ ઘણી હોય છે; શુદ્ધ પ્રેમ તો આત્મસ્વરૂપ—પ્રભુસ્વરૂપ છે; એમાં ક્યાંય પક્ષાપક્ષી ન હોય.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૬૮)

*　　　　*

પ્રેમ એ આપણા દિલની ભાવનાનું ગતિવાહક યંત્ર છે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૮૧)

*　　　　*

આપણા જીવનને કર્મ-પ્રારબ્ધનો પાશ રહે છે ખરો પણ જીવનમાં ભગવાનની શક્તિ પણ સાથે સાથે પડેલી છે; રહેલી છે, તેથી તે નવું રચવાને સ્વતંત્ર છે.

આજ જેમ ભૂતકાળનું પરિણામ છે તેમ ભાવિનું સફળ સર્જક પણ તે થઈ શકે છે　　('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૯૧)

*　　　　*

સ્વભાવના હુમલા ગમે તેટલા જોરદાર થાય તો પણ, ત્યારે પણ, કાળજી રાખીને, જાગૃતિથી તેનાથી દોરવાઈ જઈને બીજાં પ્રત્યે અયોગ્ય વર્તન ન થાય એવું જોવા ને વર્તવા મથનાર એનું નામ સાધક.　　('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૯૬)

*　　　　*

રામ-રાવણ યુદ્ધમાં રામ, લક્ષ્મણ આદિને કદાચ સૌથી વધુ ત્રાસ ઇંદ્રજિતનો હતો; કેમ કે તે પોતાનું સાચું સ્વરૂપ માયાવી સ્વરૂપમાં ઢાંકી દઈને, વાદળાં પાછળ છુપાઈને, ન દેખાય એવાં સ્થળેથી પોતાનાં બાણ ફેંકતો હતો. તેવી જ રીતે પ્રકૃતિના હુમલા સાધકના જીવનમાં વધુ ને વધુ ગુપ્ત વેશના થતા જવાના. એવા

માયાવી સ્વરૂપથી રક્ષણ કરવાનું શસ્ત્ર સાધક માટે તટસ્થતા અને સમતાયુક્ત આંતરનિરીક્ષણ છે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૨૧૩)

*　　　　*

સાધક એટલે બધી વાતે બાઘો નહિ, કિંતુ સાધક એટલે બધી રીતે દક્ષ, ચકોર અને હોશિયાર.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૨૦૨)

*　　　　*

સંતસમાગમથી તથા તેમની સમીપ વસવાટના વાતાવરણથી આપણાં કરણો ઉપર સારી અસર થાય છે તે ખરું છે;—પણ જો એ સંત પ્રત્યે આપણને સદ્ભાવ, માન, આદર, વિશ્વાસ, શ્રદ્ધા યા પ્રેમભક્તિ આપણા હૃદયમાં પ્રગટ્યાં હશે તો જ.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૨૧૭)

*　　　　*

આસક્તિ બિલકુલ ન હોય તો અહમ્‌નો સંપૂર્ણ લય થઈ ગયો હોય; કેમ કે અહમ્‌માંથી આસક્તિ, રાગ, મોહ, લોભ, ક્રોધ આદિ જન્મે છે. ('જીવનસંદેશ', આ.૪, પૃ. ૨૨૦)

*　　　　*

સાધકના જીવનમાં દુઃખ એ ઘડતર-ચણતર છે, તે જરૂરી તાલીમ દેનારું છે, ને આ દુઃખના પ્રકારમાં આર્થિક દુઃખનો પણ સમાવેશ થાય છે.

*　　　　*

શરીર તો રગશિયું ગાડું છે. એનામાં જે પરોવાઈ રહે છે તે શરીરને જ મેળવે છે, શરીર જેવો જડ રહે છે ને થાય છે; પણ શરીરને સાધન માની એને એ રીતે જે રક્ષે છે, તેની સંભાળ લે છે, એની કુટેવોને સુધારી લે છે ને એનું પણ દિવ્ય રૂપાંતર કરવાનું છે એવો સજીવ ખ્યાલ-ભાન રાખે છે, તેવા સાધકને તે

મદદરૂપ નીવડવાનું છે.

એક વેશ્યા, જુગારી, કસાઈ કે એક રાજકીય રમતનો ખેલાડી—આવા લોક પણ જો તેમની બુદ્ધિ ભગવાનને શરણે થઈ ગઈ હોય તો તેમના તેમના ક્ષેત્રમાંયે ભગવત્‌ચિંત્વન જરૂર હૃદયથી કરી શકે છે, તેનો લાભ મેળવી શકે છે, ને તરી જઈ શકે છે.

(‘જીવનપાથેય’, આ.૩, પૃ. ૧૨૭)

* *

જે જીવ સાધનામાં ઓતપ્રોત થતો જાય છે, તેનામાં તો જ્યાં જ્યાં જગતમાં સૌંદર્યની ભાવના કોઈ પણ કળા રૂપે વ્યક્ત થયેલી હોય, તેના પ્રતિ તેના હૃદયની કદરવૃત્તિ ખીલતી જતી હોય છે. રમ્ય સૂર્યોદય કે સૂર્યાસ્તને સમયે, આકાશમાં પૂનમની શીતળ ચાંદની ખીલી હોય ત્યારે, જંગલની વનસ્પતિનું કુદરતી સૌંદર્ય ભરપૂર ભર્યું હોય ત્યારે, સાગરનાં ઘૂઘવતાં મોજાંઓમાં, માનવીના હૃદયના સદ્‌ભાવમાં, નૃત્ય-સંગીત-ચિત્ર-શિલ્પકળા આદિ લલિત કળાના તેજસ્વિત દર્શનમાં, કલ્પનાના ઉડ્ડયનશીલ પ્રભાવમાં યા કોઈ આકાશી ઊર્મિના સાહિત્યસર્જનમાં—આવા બધામાં ભગવાનની ચેતનાશક્તિનો દિવ્ય સ્પર્શ થયેલો છે એમ હૃદયની ધારણા ધરાવાઈ ને ત્યાં ત્યાં એવા સાધકનું પ્રાર્થનાભક્તિભાવે શિર નમે છે.

(‘જીવનપાથેય’, આ.૩, પૃ. ૧૮૩)

* *

જે મંથનમાંથી, વલોપાતમાંથી, રુદનમાંથી કશું શુભ જન્મતું નથી તે મંથન, વલોપાત ને રુદન વ્યર્થ છે. માનવી રિસાય, અકળાય, રૂંધાય, આઘાત લાગે ત્યારે રડવાનું બને; પરંતુ એના પ્રત્યાઘાતોએ કરીને એના પરિણામજનક અનુભવને હૃદયમાં સ્વીકારવાને તૈયારીવાળું જો માનવી બની શકે નહિ, તો એવું

દુઃખ, રુદન આદિ એ તો એની મૂઢતાને કારણે છે. મૂઢતા ન હઠે ત્યાં સુધી કશી યોગ્ય સમજણ પ્રવેશી ન શકે. મૂઢતા એ એક જ્ઞાનની આડેનો મોટો પડદો છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૬૨)

*　　　　　*

જીવનવિકાસના માર્ગે સાચી રીતે, સાચી ભાવનાથી, મર્દાનગીથી, હૃદયના ઊમળકાથી, પ્રેમભક્તિથી જે જીવ એક એક પછી એક ડગલું આગળ ને આગળ માંડતો રહે છે, તેનું તે કાર્ય સાચી ગુરુદક્ષિણા છે.

સાધનાના ક્ષેત્રમાં જો પડ્યા, તો તેમાં તો સંપૂર્ણપણે હોમાઈ જવાનું રહે છે. જુદી જુદી દિશામાં વહેંચાયેલા દિલને સંકેલીને, સંકોરીને ને જીવંત પ્રગટાવીને સતત યજ્ઞમાં હોમ્યાં કરવાનું રહે છે. એવો પળેપળનો જીવંત યજ્ઞ જીવનમાં પ્રગટ્યા વિના સાધનાનું કામ પાકવાનું નથી. જીવનમાં જીવનનો એવો સતત એકધારો ચાલતો યજ્ઞ એ જ સાચી ગુરુદક્ષિણા છે. એની કિંમત ગુરુચરણે લાખો રૂપિયાની ભેટ કરતાં ઘણી વધારે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૭૧, ૧૯૪)

*　　　　　*

પ્રત્યેક જીવની જન્મોજન્મની સમગ્ર ને સળંગ સંસ્કારશક્તિ કેવા પ્રકારની છે અને મૃત્યુટાણે તે જીવની કેવી ગતિ રહે છે, તેના પર તુરત કે મોડો તે જીવનો જન્મ થવાનો આધાર રહે છે.

પુરુષશરીરી જીવ બીજા જન્મમાં સ્ત્રી પણ જન્મે અને સ્ત્રીશરીરી જીવ પુરુષ પણ જન્મે. પુરુષ હોય તે પુરુષ જ જન્મે ને સ્ત્રી હોય તે સ્ત્રી જ જન્મે એવો કશો અફર ને અટલ નિયમ નથી.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૧૦-૧૧)

*　　　　　*

મૌન એટલે માત્ર વાચાનું મૌન નહિ; એ તો એક એના

સ્થૂળ પાસાનો અર્થ. સાચું મૌન તો પાંચે ઇંદ્રિયોનું હોવું જોઈએ. બધી ઇંદ્રિયોને પોતપોતાના વિષયમાં રસ લેતી રોકી શકાય ત્યારે જ સાચું મૌન ગણાય. એવી દશા પ્રગટતાં સારાયે જીવનની દૃષ્ટિમાં ને સૃષ્ટિમાં પલટો થાય છે.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૫૮)

*            *

પ્રસંગ, બનાવ, સંજોગ, પરિસ્થિતિ વગેરે બધું ભલે જુદું જુદું લાગે, તેમ છતાં આ બધાંની આગળ, મધ્યમાં ને પાછળ એક સળંગતા ને સમગ્રતા, સતત રહ્યાં કરેલી જ હોય છે. એ સળંગતા ને સમગ્રતાનાં અનુભવ-દર્શન જેને થાય છે, તેવો આત્મા કદી પણ તે તે પ્રસંગ બનાવ, સંજોગ વગેરેને તેની તેની તેવી એકલી જ રીતે જોઈ શકતો નથી. તેથી પ્રસંગ, બનાવ વગેરેને જોવાની, સમજવાની તેની દૃષ્ટિ કાંઈક પારલૌકિક, અલૌકિક પ્રકારની હોય છે. તેથી તે જોતો તો હોય છે, પણ તે આપણી પેઠે તો નહીં. એના હૃદયની સંવેધકતાની પારદર્શિતાને તો તે જ જાણી ને સમજી શકે. આ જ કારણથી પ્રસંગ, બનાવ, સંજોગ વગેરે પરત્વેની તેની સમજણને યોગ્ય સ્વીકારાત્મક ભાવથી જીવ પ્રેમભાવે ગ્રહણ કરી શકે છે, તેવો જીવ વધારે નિરાંતવાળો પણ બની શકે છે.

**રત્નકણિકા**

(અનુષ્ટુપ)

કર્મથી કર્મનું થાય કર્મમાં સૌ સમર્પણ,
સર્વ પ્રકારનું શ્રેષ્ઠ, એ કર્મ પ્રભુ-તર્પણ.

*            *

આદિ મધ્ય અને અંતે કર્મની પ્રભુને હૃદે,
રાખીને જે કરે કર્મ, તે સત્કર્તવ્ય-યોગ છે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૯૭)

*                    *

મળે છે કામથી દામ, નામના કામથી મળે,
કામથી રામ જાગે છે, કામથી રામ શો મળે !
છે જેના કામમાં રામ, પાંસરું કામ તે થશે,
કામ તો કામધેનુ છે, કામ તો કલ્પવૃક્ષ છે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૮૩)

બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ કર્મનાં તે સ્વરૂપ છે,
અનાદિ કર્મની માયા, કર્મમાં ઈશ વ્યક્ત છે.

*                    *

સેવાની ભાવના સાથે ચેતના પરમેશ્વરી,
ધારણા જો ન હો હૈયે, દિવ્ય વિકાસ-લ્હાણ શી ?

*                    *

સૂર્યની સાબિતી કાજે કોઈ બીજાં પ્રમાણ ના,
મેળે અનુભવાયે તે, તેવું ચૈતન્યભાવમાં.

*                    *

વિદ્યુત્તત્ત્વ સ્વયં પોતે અપ્રકાશ રહે છતાં,
સંબંધે તત્ત્વના બીજાં દેદીપ્યમાન થાય તે.

*                    *

માનવું એક છે વાત, મનાયેલી દશા બીજી,
અંતર કૈંક ગાઉનું બન્ને વચ્ચે રહ્યું સહી.

('કર્મગાથા', આ.૧, પૃ. ૩૩, ૩૭, ૫૬, ૧૩૬, ૧૫૯)

*                    *

કર્મથી વિશ્વ જન્મે છે, કર્મે પોષાય વિશ્વ આ,
કર્મથી મૃત્યુ પામે તે, કર્મમાં એ ત્રણે ક્રિયા.

*　　　　　　*

સેવાના જ્યાં તમે ઊભા ત્યાં ત્યાં પ્રસંગ સાંપડે,
સેવા પોતાની એ રીતે જે કરે, તરશે જગે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૬૧-૧૬૪)

*　　　　　　*

મોંઘામૂલો મહામંત્ર જીવનસિદ્ધિનો કશો,
વિશ્વે અસ્તિત્વમાં હોય, દુઃખ તો એક જાણશો.

('જીવનપગલે', આ.૧, પૃ. ૪૩)

*　　　　　　*

દુઃખ એ તો મહાશક્તિ સંજીવની જીવો તણી,
દુઃખે એ કુરબાની છે પ્રભુના પ્રેમ-ભાવની.

('જીવનપગલે', આ.૧, પૃ. ૪૬)

*　　　　　　*

ઉર-દૌર્બલ્યથી જન્મ્યો સંતોષ ખપનો જ શો !
એ તો મૃત્યુ પમાડે છે, અગ્નિને બૂઝવે પૂરો.

('જીવનપગલે', આ.૧, પૃ. ૫૦)

*　　　　　　*

વિશ્વનો કાયદો એવો મરીને જીવવા તણો,
દુઃખથી જે મરે જ્ઞાને, ચેતનાથી જીવ્યો ગણો.

('જીવનપગલે', આ.૩, પૃ. ૫૨)

*　　　　　　*

મર્યાદા જેની ના કો છે આપણામાંનું તત્ત્વ તે,
ઓળંગાવી શકાવે તે મર્યાદાઓ બધી ખરે.

('જીવનપગલે', આ.૩, પૃ. ૯૭)

*　　　　　　*

નિર્ણિત હો થયેલી સૌ યાંત્રિક રીતની દશા,
એવી પરંપરાથી યે તત્ત્વ જીવનનું મહા.
('જીવનપગલે', આ.૩, પૃ. ૯૮)

*          *

માયાને જાણવાથી તો માયાને મેળવે જનો,
માયાના પડદા ચીરી જે જુએ, મેળવે ખરું.
('જીવનપગલે', આ.૩, પૃ. ૧૦૦)

*          *

આખરી સત્ય ના કર્મ, સત્ય છે પર કર્મથી,
પ્રીછવા સત્યને કર્મ, કર્મ સર્વોપરી નથી.
('જીવનપગલે', આ.૩, પૃ. ૯૯)

*          *

પ્રકૃતિ ચેતના વચ્ચે સદા માનવી તો ઝૂલે,
'સ્વતંત્ર-જકડાયેલો' એવી બે વૃત્તિમાં રમે.
('જીવનપગલે', આ.૩, પૃ. ૧૦૧)

*          *

કર્મ તો વ્યવહારે ને પારમાર્થિક ક્ષેત્રમાં,
સંસ્કાર પાડતું રે' છે; મરે ને મારતું ત્યહાં.
('જીવનપગલે', આ.૩, પૃ. ૧૦૧)

*          *

કર્મનો કાયદો ભારે, ખીલતાં આત્મશક્તિ જ્યાં,
એને આધીન રે'વાનો; જાણજો નિશ્ચયે સદા.
('જીવનપગલે', આ.૩, પૃ. ૧૦૦)

*          *

પ્રભુના ભાવથી જુદું સ્વતંત્ર કર્મ ક્યાંય ના,
શુદ્ધ સાત્ત્વિક સૌ કર્મ સ્વભાવ વ્યક્ત બ્રહ્મનો.
('જીવનપગલે', આ.૧, પૃ. ૧૧૦)

*          *

સડેલી વસ્તુ ફેંકી દે સ્હેલથી માનવી જગે,
સડેલા કિંતુ વિચારો માનવી સ્હેલથી ગ્રહે.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૭૯)

*  *

મરેલું હો પૂરેપૂરું માંહેથી તૂમડું યદિ,
પોતાને તારવા શક્તિ પામે છે તે હૃદે નકી.
પારો જ્યારે મરેલો હો, શક્તિ રોગ સુધારવા,
આપમેળે મળે એને, એવું આપણું જાણવું.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૬)

*  *

મૃત્યુને ભેટવામાંયે જેને પ્રેમ રહ્યા કરે,
મૃત્યુ ને જીવવું—બેથી એવો નિત્ય વસે પરે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૭)

*  *

મળેલો ધર્મ જે હોયે એને ઉવેખીને બીજે,
ધર્મ મેળવવા જાય, એને ધર્મ નહિ મળે.

*  *

જ્યાં જ્યાં જીવન-સંબંધ ત્યાં ત્યાં ધર્મ રહ્યો ગણો,
જુદો જીવનથી ક્યાંયે ધર્મનો ભાવ ના કશો.

*  *

એક એક કરી જેઓ અનંત ડગલાં પથે,
ધીરે ધીરે ભરે, તેઓ પામી અનંતતા શકે.

*  *

અભ્યાસ કેળવ્યા વિના હૈયાના પ્રેમભાવથી
પ્હોંચવા શક્ય જે ધારે, એ તો મૂર્ખશિરોમણિ.

*  *

પ્રભુને મૂકીને ટોલ્લે સ્વભાવે વશ કર્મને,
જે કર્યાં કરવું રાખે, એને કેમ કૃપા મળે ?

*                                        *

વિશ્વથી તે જુદો ભાવ પ્રભુનો ક્યાંય છે નહીં;
જુએ જે પ્રભુ પોતામાં, એને તે વિશ્વમાં જડે.

*                                        *

જીવન-સાધના પ્રેમે જે કરે, શ્રેય પામશે;
જે તે એનું બધું શ્રેય, એનું જીવન શ્રેય છે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૧૯૪-૯૫-૯૬)

*                                        *

સ્વતંત્ર રૂપ એક્કેયે પ્રેમનું કોઈયે નથી,
પોતાના જેવું માને સૌ પ્રેમનું રૂપ ચિત્તથી.
પ્રેમને માનવું એવું મિથ્યા માનવીનું ખરે,
આપણાં સર્વ રૂપોથી પ્રેમ કેવો પરાત્પરે !

('જીવનપાથેય', આ.૩, પૃ. ૫૪)

*                                        *

જીવને ઉદ્ભવેલો જે આપણો ધર્મ હોય તે,
આચર્યાં કરવામાં જ સંતોષ માનવો હૃદે.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૬૯)

*                                        *

(માલિની)

મહીં
હૃદ ભીતરી ઊઠંતી વૃત્તિઓ જે બધી તે,
શરમ નહિ જ રાખે સર્વ કૈં બોલી દેશે.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૯૫)

*                                        *

(વસંતતિલકા)

ખીલ્યાં દીસે સ-રસ જે તક-પુષ્પ આજે,
કાલે કદા વિખરશે કરમાઈ તાપે;
લેવો જ હોય કંઈ લાભ, સવેળ લેશો,
ચાલ્યો જશે સમય, કાલ નવું જ જોશો.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૮૦)

*          *

(અનુષ્ટુપ)

પોતાનો કોઈ જો હોય સાચો એવો પરીક્ષક,
પોતે છે એક, જો જીવે સાચું જાગૃતિપૂર્વક.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૧૨૫)

*          *

કિંતુ સંસાર એ તો છે પ્રાકટ્ય પ્રભુની લીલા,
એમાં પ્રભુ ન જો પેખો, મળે તો પ્રભુ ક્યાંય ના.

('જીવનપગલે', આ.૧, પૃ. ૩૨)

*          *

સંસાર તો પ્રભુની છે શાળા પ્રયોગ શીખવા,
શીખવા માટે સંજોગો પ્રભુએ સૌ ઊભા કર્યા.

('જીવનપગલે', આ.૧, પૃ. ૩૨)

*          *

એકસરખીયે કોની પ્રકૃતિ ના કદી જગે,
છતાં તેમાં રમે કેવો એકભાવે પ્રભુ બધે !
આદર્શ દાખલો એવો પ્રભુનો આપણે લઈ,
વર્તવાનું જગે રાખો; કામ તો નિપટે સહી.

*          *

કેવળ અંતરે જે હો ન તે એકાગ્રતા પૂરી,
રાખો સૌ બાહ્ય કર્મોમાં તેવી એકાગ્રતા નરી.
પાછું એકાગ્ર રે'વામાં ત્યાં તટસ્થ રહ્યાં જવું,
નહિ તો કર્મમાં પૂરા ભેળાઈ જ જશો પૂરું.

('જીવનપગલે', આ.૧, પૃ. ૩૨, ૩૪)

*  *

(ગઝલ)

સમર્પણ-યજ્ઞની વેદી પરે બલિદાન આપીને,
ચઢે જે પ્રિયને મળવા, બને છે એક પ્રિયમાં તે.
જીવનસર્વસ્વ કુરબાની કરંતાં પ્રિયને કાજે,
દીવા કોઠે થતા આઠે, જીવનની લ્હાણ પામે તે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૧૪૨)

*  *

તમારે ને અમારે શા પડે વાંધા, અરે ! શાને ?
કશું શું વ્હેંચવાનું છે ? અહમ્ એનું જ કારણ છે.

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૮)

*  *

કલેવર, કાવ્ય કે રાગ ન સંગીતને પૂરું થાય,
અધૂરાં કેમ તે જાણે; જીવન-સંગીત શું વ્યાપ્ત !

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૨૬)

*  *

સકળ જડ ચેતને વ્યાપ્ત રહ્યું શું એકનું एक,
છતાં તે વ્યક્તતામાં તો જુદું જુદું બધું છેક.
વિવિધતા સૂક્ષ્મ જીવનની નિરાળી શી નિરાળી છે !
વિવિધતામાં છતાં પાછું રહેલું एक કેવું તે !

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૫૧)

*  *

હૃદયના પ્રેમશૌર્યેથી જીવન-શહાદત તણા પંથે,
ઊંડી તૈયારી ખપવાની પૂરા ઠંડા કલેજાએ.
પ્રભુને પદકમળ જેની, જીવન-શક્તિ હૃદય કેરી,
રહે છે કેળવાયેલી, કરી શકશે પ્રભુભક્તિ.
('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૧૨૬)

*　　　　*

(અનુષ્ટુપ)

દૈવી ચૈતન્યનો ભાવ પૃથ્વીની પ્રકૃતિમહીં-
ઠરે ના તે કદી, એવું જાણવું સાધકે સહી.
દૂધ સિંહણ કેરું તો સોનાપાત્ર વિષે ઠરે,
ભૂમિકા એવી હૈયાની તે યોગ્ય કરવી ઘટે.

*　　　　*

'ધર્મ-પાલન' 'સ્વીકાર' બન્ને મહત્ત્વનાં ખરાં,
બન્નેની યોગ્યતામાં તો સાધકે વર્તવું સદા.
એકને છોડીને બીજું લેવા સાધક જો જશે,
ભ્રમણામાં પડી પોતે તત્ત્વને તે ગુમાવશે.

*　　　　*

કર્મના ફળની આશા રાખવાની નથી ભલે,
છતાં પ્રાપ્તિ નથી તેની માનવાનું ન એવું તે.

*　　　　*

પોતાનું કામ જે માન્યું બુદ્ધિ તેમાં ઊંડી ખૂંપે,
ખૂંપતી જાય જો બુદ્ધિ, વરેલા કામને ગણો.

*　　　　*

કર્મને કરતી વેળા ભાવના, જ્ઞાન ધારવાં,
ત્રણેનો યોગ સંધાતાં યોગની પરિપૂર્ણતા.

*　　　　*

જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય કર્મની એ પરિસ્થિતિ,
કર્તા ભોક્તાપણું તેમાં એકલા જ્ઞાનને નથી.
જ્ઞાન ને જ્ઞેય સંબંધે પ્રેરાઈ જે થતું રહે,
થયાં તે કરવાનું છે જ્ઞાન ને જ્ઞેય કારણે.

* *

કરો કે ના કરો પોતે, પ્રકૃતિ કેમ છોડશે ?
પ્રકૃતિથી રહી જુદા વર્તાતાં મુક્ત તે થશે.

(‘કર્મગાથા’, આ.૧, પૃ. ૩૮, ૩૯, ૪૦, ૪૫, ૫૬)

* *

(અનુષ્ટુપ)

જીવને સર્વ સંબંધો આપણા કર્મથી મળે,
કર્મ તેમાં વધાર્યું, તો કર્મ પોતે વધ્યાં કરે.

* *

જે જે વૃત્તિ દ્વિધા કેરી જીવને ઉદ્‌ભવ્યાં કરે,
એનું તે નામ માયા, જે ભમાવ્યાં જીવને કરે.

* *

બધો જીવનનો થાક જેના શીતળ છાંયડે,
ખંખેરી માનવી નાખે, એવું તો સંત-વૃક્ષ તે.

* *

નિત્યની જાગૃતિ વિના વ્યવસ્થિતિ ન સાંપડે,
વ્યવસ્થિતિ વિના શક્ય નથી વિકાસ જીવને.

* *

અદૃશ્ય શી જણાતી કો ભાવના શક્તિ પાસ તે,
વિજ્ઞાન વીજળી કેરું જોમ હિસાબમાં ન છે.

* *

વિચારહીન યાંત્રિક માનવીની ગતિ જગે,
મૃત્યુમાં તે પડેલા છે, જીવતા ન છતાં જીવે.

*          *

**જેનામાં સર્વ તાકાત સહેવા અવહેલના,**
**છતાં કોમળતાવાળી જેનામાં શક્તિ, સાધુ તે.**

*          *

ત્યાગ જ્યારે મહારુદ્ર સમો મેળે બની જતો,
પોતાને વાપરી નાખી મહત્તા નિજ સ્થાપતો.

*          *

સંગ્રહી લેવી થોડામાં થોડી જે પળ સાંપડે,
સાચું જીવન તે છે, જે નકામી પળ ના ખુએ.

*          *

મળેલી તકનો પૂરો હેતુની યોગ્યતાભર્યો,
ઉપયોગ કરી જે લે, એને જીવન જાણજો.

('કર્મગાથા', આ.૧, પૃ. ૬૦, ૬૨, ૬૩, ૬૪, ૬૫)

*          *

(ઉપજાતિ)

અન્યાય કાજે ફરી ફરીને, જેણે હજારો કહી શબ્દ નાખ્યા,
એનાથી તો શબ્દ વિના જ એકે, પ્રેમે સહે, શ્રેષ્ઠ ગણાય છે તે.

(મંદાક્રાંતા)

ચીલે ચાલે જગત પરના, તે ન ચીલે કદી છે,
લીધા વિના નિજ જીવનનો તાગ, શું મેળવે તે ?

(અનુષ્ટુપ)

વીજળી કેરી શક્તિથી યંત્ર સૌ કામ આપતું,
શક્તિ ઉદ્‌ભાવવી એવી જીવને રહી લક્ષ્ય શું !

*          *

શક્ય ના માનવીને શું દૃઢાત્માવાન જો થશો,
ઉગ્ર નિશ્ચયવાળાને બને શક્ય અશક્ય સૌ.
*　　　　　　*

માત્ર વિચાર ને વાતો કર્યે આકાર ના બને,
કર્મ વિના ઘડાતું ના કોઈ જીવન ક્યાંય તે.
*　　　　　　*

સહાનુભૂતિ છો રાખો બીજાંઓ સાથ સૌ રીતે,
છતાં વિચાર બીજાના આવવા દ્યો ન તે વિષે.
*　　　　　　*

ભક્તિ, ધ્યાન અને યોગ, જ્ઞાન જે સૌ થયાં કરે,
કર્મે તાદૃશ્ય પ્રેરીને પ્રભુને કાજ જે જીવે,
ચેતના હેતુની એને પ્રભુ કાજે રહ્યાં કરે,
એવા પ્રભુ તણું યંત્ર કૃપાથી એની થઈ શકે.
('કર્મગાથા', આ.૧, પૃ. ૬૫, ૬૬, ૬૭, ૭૧, ૭૨, ૭૬)
*　　　　　　*

આપણું સર્વ છોડીને કૃપા મેળવવા હૃદે,
ધ્યાને એકાગ્રતા ધારી પ્રાર્થના કરવી ખરે;
ચિત્તની શાંતિને માટે ધ્યાનનો ઉપયોગ ના,
કૃપાને યોગ્ય થાવાને ધ્યાનનો ઉપયોગ ત્યાં.
*　　　　　　*

ભીની માટી થતાં ચિહ્ન પડે છે પગલાં તણાં,
ઉદ્રેક ભાવનો એવો થતાં યોગ્ય ગ્રહાય ત્યાં.
*　　　　　　*

પ્રસંગો સર્વ સામાન્ય જે જે નિત્ય બન્યા કરે,
તેનાથી જિંદગી સૂક્ષ્મ વણાયાં કરતી રહે.
*　　　　　　*

વસ્તુના તત્ત્વની સાથે હૈયે સંબંધ એકલો;
મર્યાદા તત્ત્વને ના છે, જ્યાં ત્યાંથી તે લીધાં કરો.

* *

વરસાદ બધે વર્ષે બધાંને ઉપયોગનો,
મર્યાદા આપણી એને મર્યાદિત કર્યાં કરે.

* *

ક્રિયા ચિત્તંત્રની સર્વ રહ્યા એકાશ્રયે વિના,
દ્વિધા થયેલું ચિત્તંત્ર થાય તે બળવાન ના.

* *

થતાં ઘૃણા, બીજી બાજુ પ્રેમની ભાવના હૃદે,
એના પ્રત્યે જગાડીને સૌમ્ય ભાવે પ્રવર્તજે.

* *

જેટલો ભાવમાં પ્રાણ જાગેલો હોય અંતર,
પ્રકૃતિનું થશે તેવું તેટલું ત્યાં રૂપાંતર.
('કર્મગાથા', આ.૧, પૃ. ૭૬, ૮૧, ૮૪, ૮૭, ૮૯, ૯૧, ૧૦૨)

* *

પોતે શાંત થયા વિના, પોતે મુક્ત થયા વિના,
શાંત, મુક્ત બીજાંઓને શેં કરાવી શકો ભલા ?

* *

હેતુ વિનાનું તે મૌન સારશે કાંઈ અર્થ ના,
હેતુથી સંકળાવેલું જન્માવે મૌન ચેતના.

* *

મૌનની તો દશાઓ છે એક એકથી શી જુદી !
આત્માના મૌનની જેવી સર્વોત્કૃષ્ટ દશા ન કૈં.

* *

ભિખારી હોય તે કે'શે કે, 'હું રાજાધિરાજ છું',
એને એવું કહેવા દ્યો, કાઢી લો કામ આપણું.

*               *

સર્વ કામ મહીં વૃત્તિ પોતાની જો રહે ન તે,
'હું' બધું નીકળી જાશે, ત્યારે શક્તિ છતી થશે.

*               *

પૂરું શુદ્ધ થતાં પ્હેલાં ગળાવું ભઠ્ઠીમાં પડે,
ગળાવાની ક્રિયામાં સૌ ધૈર્ય, પ્રેમ થવાં ઘટે.

*               *

ચિત્તશુદ્ધિ થવા કાજે પ્રભુભાવ દૃઢાવવા,
કર્મ એરણ રૂપે સૌ ઘડાવા કરવાં રહ્યાં.

*               *

વિના હેતુ 'નકામું'યે નકામું ના મળે કદા,
હેતુ જ્ઞાન સ્ફુરે જેને, 'નકામાં'માં કરે રળ્યાં.
('કર્મગાથા', આ.૧, પૃ. ૧૧૭, ૧૨૯, ૧૨૬, ૧૩૦, ૧૩૩-
૧૩૫, ૧૩૭, ૧૪૯)

*               *

પ્રેય ને શ્રેયની વચ્ચે ફેર શો જાણવાની તે,
મળે ના શક્તિ એવામાં એવાં પીસાય જીવને.
('કર્મગાથા', આ.૧, પૃ. ૧૭૭)

*               *

અહંકાર થકી સર્વે કામે પ્રેરાયેલાં રહે;
કામ જે શુદ્ધિ અર્થે લે, અહં તેનું ગળ્યાં જશે.
('કર્મગાથા', આ.૧, પૃ. ૧૯૧)

*               *

'કામ જેણે કર્યું તેણે કર્યું કામણ', ઉક્તિ છે,
સાચું તથ્યાંશ એમાં છે, વળી સાચું હકીકતે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૯૭)

*                    *

જીવવું, મરવું એને બન્નેમાં ભાવ એક શો !
પ્રભુ માટે બધા એના જે તે સર્વ પ્રકાર તો.

('કર્મગાથા', આ.૧, પૃ. ૨૦૮)

*                    *

(ગઝલ)

પ્રભુના કોપમાં ભારે અનુકંપા, દયા, પ્રેમ,
જગજ્જન ના શકે સમજી, પ્રભુની શી હશે નેમ !
પ્રભુના વિશ્વની રચના તણો કંઈ ખેલ ન્યારો છે !
ઘડીમાં તે રડાવે છે, ઘડીમાં તે ખીલાવે છે.

('જીવનપગલે', આ.૧, પૃ. ૪૭)

*                    *

(શિખરિણી-મંદાક્રાતા)

ભરાયેલું પાણી કઠણ ગિરિમાં માર્ગ તે ત્યાંથી કાઢે,
ભલેને રૂંધાયે અધવચ પથે, તે છતાં તે ન કંપે;
ભરે તે પોતામાં ગતિબળ વધુ, ચેતનાને વધારે,
અજાણી કો વેળા અડચણ બધી ક્યાંય શી ફેંકી દે તે !

('જીવનપગલે', આ.૧, પૃ. ૭૨)

*                    *

(અનુષ્ટુપ)

ગમે તેવું હશે ભૂત પુરુષાર્થે મથી મથી,
ભવિષ્ય વર્તમાને જે આણશે, ધન્ય તે થશે.

('જીવનપગલે', આ.૧, પૃ. ૮૧)

*                    *

પ્રેમને કાજ તો પ્રેમ આપવો પડશે સદા;
પ્રેમ મેળવવા જાત પડે છે હોમવી તદા.

('જીવનપગલે', આ.૧, પૃ. ૮૯)

*　　　　　　　*

સર્વથી આત્મની શક્તિ સર્વસામર્થ્યવાળી શી !
શ્રદ્ધા-વિશ્વાસ હૈયે તે ધારી મેળવવો જય.

*　　　　　　　*

પ્રેમના અગ્નિમાં જેણે નાખ્યું છે પડતું ખરે,
પ્રેમની જ્યોતની જ્વાળા એને કેમ ન લાગશે ?
પ્રજાળી સર્વ અંગોને ભસ્મીભૂત બનાવશે;
યજ્ઞમાં સર્વ હોમાવા પૂરો યોગ્ય કરાવશે.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૧૪)

*　　　　　　　*

વહેવા દો વહેવા દો ગંગા પ્રેમની ઊલટી,
દિવ્ય તે પ્રેમ-ગંગાથી ગાત્ર દો સર્વ ભીંજવી.

(શિખરિણી-મંદાક્રાન્તા)

કૃપાથી દીધેલું પ્રણય ઝરણું, તે પ્રભુની પ્રસાદી,
ન તે પોતા કાજે રસબસ થવા વ્હેંચવા સર્વમાંહી.

(મંદાક્રાન્તા)

વ્હેંચ્યે વ્હેંચ્યે વધુ વધુ વધે, એવું એ દિવ્ય પાત્ર,
વ્હેતાં વ્હેતાં વધુ વધુ વહે, શો અહા ! પ્રેમસ્રોત !

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૨૩)

*　　　　　　　*

(અનુષ્ટુપ)

જગે ઈશ તણું પ્રેમ એ તો વ્યક્ત સ્વરૂપ છે;
કહ્યું છે એટલા કાજે 'પ્રેમ એ પરમેશ્વર'.

કેળવાતાં હ્દે પ્રેમ, પ્રેમ પૂરો બની જતાં,
આપણે ઈશ-મંદિરે પ્રવેશી શકશું તદા.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૪૭)

* *

પ્રેમની આર્દ્રતાવાળા સ્પર્શ માનવઉર તે,
ધરી કોમળતા કેવું ભીંજાયેલું થતું દીસે !

* *

સુખાકારી શરીરે શી બીમારીથી વધુ રહે !
છતાં ના ભાન એનું રે', બીમારી સાલતી રહે.
સદાકાળ રહેલું જે જીવંત આપણા વિષે,
એનું અસ્તિત્વ સ્હેજેયે જીવને દૃષ્ટિમાં ન રે',
એવું તે પ્રેમનું સૌમાં જીવતું તત્ત્વ વિશ્વમાં,
ભરપૂર રહેલું જે, ત્યાં પડે દૃષ્ટિ ના છતાં.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૫૮)

* *

હૈયાના પ્રેમની કોઈ માલિકી ના કરી શકે,
માલિકી કરવા જાતાં તેવો પ્રેમ ન રૈ' શકે.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૮૪)

* *

બે પાળો મધ્ય વ્હે રેલો નદીનો જેમ આપથી,
વહેવા તેમ દો શક્તિ આવિર્ભાવ કરી કરી.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૮૯)

* *

પ્રેમને ભોગવી જે લે પ્રેમ ના મેળવી શકે,
પ્રેમ જે ઉપયોગે લે પ્રેમ તે મેળવી શકે.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૧૯૩)

* *

આપથી આપ જન્મે છે આપશું આપથી જીવે !
આપનું વિશ્વ છે આપ; તેમ છે ભાવનું ખરે.

('જીવનસોપાન', આ.૧, પૃ. ૧૪૧)

* *

'કર્તાહર્તા પ્રભુ પોતે આપણાં સર્વ કર્મમાં'-
એમ તો એકલો પૂર્ણ જ્ઞાની માત્ર કહી શકે.

* *

સાચવી-સાચવી તે શું સાચવી શકીશું બધું ?
આપણે શું થઈ બેઠાં કર્તાહર્તાય સર્વનાં ?
ક્ષણ એક પછી કેવું જીવી તે શકશું ભલા !
એની તો જાણ ના કૈં છે, - શું કરો પછી વેતર્યાં ?

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૦૨)

* *

(ગઝલ)

પરસ્પરનું ખરું સગપણ હૃદયની ભાવનામાં છે;
જીવનભક્તિ જગવવામાં ખરા ઉપયોગનું તે છે.

* *

હૃદયનો ભાવ જ્યાં જાગે, બધું ત્યાં જીવતું લાગે;
હૃદયનો રસ જહીં જામે, બધું તાદૃશ તહીં લાગે.
નથી જુદાઈ તલભરની, બધો રસ ત્યાં હૃદય કેરો
-હૃદયમાં શો સમાઈને હૃદયથી તે વહે પાછો !

('જીવનસોપાન', આ.૧, પૃ. ૧૦૦)

* *

**અનુભવ ક્યારે થાય; તેનો લાભ કેમ ઉઠાવવો ?**

(પરમ) અનુભવ થવા માટે સતત ચિંત્વન અને ધ્યાન જરૂરનાં છે. તેનાથી ભૂમિકા રચાય છે. અમુક ભૂમિકા રચાય તે

પછી અનુભવ થવા માંડે છે. જીવનનો નિચોડ અનુભવમાં છે, પણ તે ત્યારે જ થાય કે જ્યારે આપણે ભગવાનમાં સતત યુક્ત રહેવાનો જાગ્રત પ્રયત્ન કર્યાં કરતાં હોઈશું; એવો યજ્ઞ અવિરત દીર્ઘકાળ પર્યંત ચાલુ રહે, તો આપણામાં એવો આંતરિક ભાવ ખીલી ઊઠશે કે તેના પ્રતાપે સર્વ કંઈ થવું શક્ય છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૭૪-૭૫)

* *

અનુભવ એવો હોવો જોઈએ કે તે અનુભવમાંથી મળેલું જ્ઞાન હૃદયમાંથી કદી ખસી ન જાય.

ભગવાન ભલેને કદાચ ભારેમાં ભારે મોટા અનુભવ કરી બતાવે, પરંતુ તેથી કરીને આપણામાં જ્યાં સુધી અનુભવનો યોગ્યપણે લાભ લેવાની શક્તિ, દૃષ્ટિ ને અભિલાષા પ્રગટ થયેલ હોતી નથી, ત્યાં સુધી તેવા અનુભવો ઉપર-ઉપરથી ચાલ્યા જાય છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૫૮-૫૯)

* *

આપણને જે જે કંઈ અનુભવ થાય તેને ઊંડા ને ઊંડા ઉતારતા જઈએ, તો તે અનુભવ અને તેની અસર ઝાઝો વખત ટકશે, પછીથી જીવંત સ્વરૂપ બનશે અને તેનો ખરો લાભ ઉઠાવી શકીશું.

આપણા જીવનનો જો સૂક્ષ્મની ભાવનામાં વિકાસ કરવો હશે તો આપણે સ્થૂળ અનુભવોમાં સૂક્ષ્મ ભાવ સમજવાનો પ્રયત્ન કરવો પડશે. એ જાતની સમજ પહેલાં-પહેલાં તો બુદ્ધિથી આપણે આપણામાં ઉતારવી જોઈશે. બુદ્ધિથી તે સમજણમાં ઊતરી શકશે ખરી, પરંતુ તેને લાગણી અને ભાવનાના પ્રદેશમાં લઈ જઈને પોતાના વિકાસ માટેનાં અર્થવાળાં સૂચન મળ્યાં કરે અને અનુભવો તેવી રીતે આપણા હૃદયમાં અંકાય એમ કરતાં કરતાં આપણને સ્થૂળમાંથી સૂક્ષ્મ ભાવ સમજાતો જશે અને તેનું રહસ્ય હૃદયમાં

ઊતરવા માંડશે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૬૪, ૧૭૬-૭૭)

*   *

ત્યાં જે અનુભવ થાય તેની નોંધ રાખશો. કોઈને પૂછશો ગાછશો નહિ, સહુ કોઈ પોતપોતાની સમજણ પ્રમાણે એને ઘટાવવા મથે ને એમ તો એનું મહત્ત્વ ઘટી જવાનું.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૨૧)

*   *

અનુભવ કશાના આધાર વિનાનો હોવો જોઈશે, એટલે કે સ્વયંભૂ પ્રગટ્યા કરેલો હોવો જોઈશે. એવા અનુભવની આગળ-પાછળ કશી સમજણ, માની લીધેલી કલ્પનાનું જોશ, સંસ્કાર વગેરે એવું કશું ન હોવું જોઈએ. જે અનુભવ થયો હોય એને તેની યોગ્યતા ને તેના મહત્ત્વની દૃષ્ટિ સાથે જે સાધક હૃદયથી સ્વીકાર કર્યા કરીને પ્રેમભાવથી, હૃદયથી એની નિષ્ઠા રાખ્યા કરે છે, ને એની શક્તિ પર પોતાના જીવનનું સર્વ કંઈ ન્યોછાવર કર્યા કરે છે, તો તેને જીવનમાં પ્રગટેલો તેવો અનુભવ આગળનો માર્ગ ખુલ્લો કરીને બતાવ્યા કરે છે ને તેમાં પ્રવેશ કરાવ્યા કરે છે. આમાં ભ્રમણામાં પડી જવાનો કદી સંભવ રહેતો નથી.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૨)

*   *

**અભિપ્રાય ઝટ ન બાંધી લેવો.**

(અનુષ્ટુપ)

કર્મનું એક પાસું તે જોઈને કર્મનો મત-
બાંધી લેવો ઘટે ના; તે રાખશો લક્ષમાં દૃઢ.

કર્મનો હેતુ કોઈનો જાણ્યો ના હોય જ્યાં સુધી,
ત્યાં સુધી તોળવા કર્મ બેસી ના ત્યાં જવું કદી.

પાસાં તો કર્મનાં કૈંક, પાસું પ્રત્યેક છે જુદું,
જુદો પ્રત્યેક પાસાંનો, લક્ષ્યાર્થ હોય છે ઊંડો.

સર્વ બાજુથી જોવાની કર્મમાં દૃષ્ટિ, વૃત્તિ તે-
થયેલી પાકી જ્યાં ન હો, ધારવું ઠીક ના થશે.

ખીલેલાં સમતાદિ હો, તાટસ્થ્ય ને નિરાગ્રહ,
ત્યારે જોઈ શકો પૂરાં કર્મ સૌ તુલનાત્મક.

ખ્યાલ સૌ બાંધવાના તે સાધકે છોડવા ઘટે,
નવાં મૂલ્યાંકનો જોવા રાખવું લક્ષ સાધકે.

ધારતા હોઈએ પોતે એકલું માત્ર તે ખરું,
મડાગાંઠ કશી એવી બાંધી રાખી ન બેસવું.

પ્રભુ-પંથે વળે છે જે, પ્રભુ તેને કરી કૃપા,
છોડાવવા મડાગાંઠો અનેરા દે પ્રસંગ શા !

માનવીમાં પ્રભુ-ભાવ જુદી જુદી રીતે કરી,
વ્યક્ત પોતે થતો રે' છે એની પ્રકૃતિ-રીતથી.

આપણી પ્રકૃતિ જેવી બીજાંની પ્રકૃતિ ગણી,
સમદૃષ્ટિ પૂરી રાખી એનામાં વૃત્તિ રાખવી.
સમતા, શાંતિ રાખવી.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૫૩, ૧૫૫)

*                    *

ગઝલ

અમારા તો અમે કાજી, અમે કાજી બીજાંનાયે,
'વળી કાજીયના કાજી' થતાં ખાનાખરાબી છે.

('જીવપગલે', આ.૧, પૃ. ૭૮)

## હૃદય-અશ્રુ

(ગઝલ)

હૃદયનાં આંસુનું મૂલ્ય હૃદય તે એકલું જાણે,
ન મૂલ્યાંકન કશાથીયે કદી એનું થઈ શકશે.
પડેલાં આંસુઓ એ તો હજી મુજથી ન ભૂલાયે,
હૃદયમાં ભાવ-મૂર્તિને અહા ! તે કેવી જન્માવે !

હૃદયનાં આંસુનો ભાવ હૃદયથી જે રડી જાણે,
સમજશે એકલાં તેવાં અનેરો ભાવ એનો જે.

પડે નવ આંસુઓ અમથાં, કથા આંસુ તણી ન્યારી;
વહે છે આંસુની અંદર હૃદયનો મર્મ કો ભારી.,

હૃદયની ભાવના કેરો વહે ઈતિહાસ આંસુમાં,
અને આંસુથી જ ભાવ બઢાવે, શક્તિ તો તેમાં

ન લૂલી ભાવના આંસુ તણી, શક્તિ મહા એ તો,
જગવવાને, બઢવવાને, હૃદયનો ભાવ—આંસુઓ.

વહાવો અશ્રુ ના અમથાં, વહાવો જ્ઞાનપૂર્વક તે
-હૃદયના મર્મને વીંધવા, હૃદયમાં ભાવ ઠરવાને.

ગમે આંસુ મને વ્હાલાં પ્રભુ-પ્રગટાવનારાં જે,
હૃદય ખુલ્લું કરાવીને હૃદય-ચરણે ઠરાવે તે.

વહે જ્યાં આંસુઓ અંતર ભીનું ત્યાં થાય કેવું તે !
અને એકાગ્રતા-ભાવ હૃદય શો જામતો લાગે !

હૃદયની ઊર્મિમાં કોઈ રીતે સંચાર જ્યાં લાગે,
બની આંસુરૂપી ઊર્મિ હૃદયનો ભાવ પ્રગટાવે.

જીવન-આંતર-દશા આંસુ થકી કેવી જણાયે, જે
—લહે અંતર વિષે, આંસુ મહા સાધનરૂપે એને.

મહા આનંદથી આંસુ વહે અંતર થકી જેને,
રૂડાં એવાં અહા ! આંસુ પડે, તે ભાગ્યશાળી છે.

નકામાં દુઃખને કાજે વહાવે આંસુ નયને જે,
જીવન નિર્બળ કરી નાખી નમાલા શાં બને પોતે !

જીવન જન્માવવા આંસુ તણી જે સાધના કરશે,
જીવનને પામીને તેવાં મહા બડભાગી શાં બનશે !

વહાવો આંસુ અંતરનાં હૃદયનાં આર્ત ને આર્દ્ર
—સ્ફુરતાં ભાવથી; ઠરવા બધો આધાર પ્રભુ-પાદ.

હૃદયનાં આંસુથી હૈયું વલોવાયે ઊંડું જેનું,
હૃદયના ભાવનો પડઘો પડાવે તે ખરો ઊંડો.

હૃદય પૂરું શમવવાને પ્રભુ-સાધન રૂપે આંસુ,
મહા મૌક્તિક અણમોલ પ્રસાદીથી મળ્યાં તે સૌ.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૧૫૨ થી ૧૫૪)

*　　　　*

## હાર્દિક ઐક્ય

(ગઝલ)

હૃદયમાં જે હૃદય જીવે હૃદયને એ જ પ્યારું છે,
પછી બોલાવવાનું ત્યાં રહે અમથું કઈ રીતે ?

હૃદયથી બૂમ તે કોને પછીથી પાડવાની છે ?
બધુંયે આપનું એનું સમાયે આપમાં પોતે.

હૃદયના પ્રેમ-સાગરના હિલોળે તે ચઢી ઝૂલે,
દીવાની પ્રેમ-મસ્તીની મહીં જે તે સમાયું છે.

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૧૪૩)

**અહમ્**

(અનુષ્ટુપ)

અહં-આગ્રહ વ્હેણો તે ના કર્મે રાખવાં હૃદે,
કર્મના ભાવ-ઉત્સાહે ઓગાળી નાખવાં જ તે.

અહં-આગ્રહ શક્તિ છે, ધપવા કેરી કર્મમાં;
તે શકે રાખી એકાગ્ર જોડાયેલા જ દિલમાં.

પ્રવેશાઈ ઊંડું ઊંડું કર્મ-અંતર-ગર્ભમાં
—કર્મની તે ગતિ સાથે અહં જોડાઈ જાય ત્યાં.

અહં જો હોય ના, તો તો કર્મ કૈં ના થઈ શકે,
કર્મે પ્રવેશવા કાજે અહં તત્ત્વ જરૂરી છે.

અહંથી વિશ્વ જન્મે છે, અહંથી વિશ્વ સૌ નભે,
અહંથી ફેરવાયે તે, અહં છે જોર ભાવનું.

જ્ઞાનપૂર્વક એનો જે ઉપયોગ કર્યા કરે,
અહં એનું થશે યોગ્ય ને વિકાસ કર્યા કરે.

ઉપયોગ અહંનો સૌ તેથી કર્મ વિષે ઊંડો
—કરવો તે પ્રવેશાવા જ્ઞાનભાવે કરી ખરો.

'અહં'ને સાત્ત્વિકી જોમે પૂરું કેળવવું રહ્યું,
તે વિના સાધનામાં તો પ્રાણ જાગે ન રીત કો.

('કર્મગાથા', આ.૧, પૃ. ૬૧)

*                    *

(ગઝલ)

કરી તે શું શકે કોઈ કશુંયે કર્મને પોતે ?
અહમ્‌માં ચેતના પ્રભુની; કરાવ્યું એનું થાયે છે.
ગુણો વ્યક્તત્વ શક્તિનું ભલા ! 'પોતાપણું' શાને
—પછી આરોપતાં રહીને ખુઓ છો આપશક્તિને?

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૭૦-૭૧)

*　　　　　*

## આઘાત અને પ્રત્યાઘાત

આઘાત શબ્દનો રૂઢ અર્થ તો "દુઃખ" કે "ફટકો-માર" એ ભાવાર્થમાં સમાજમાં તે પ્રચલિત થઈ ગયો છે. પણ આઘાત એટલે કશાનું કશા સાથે અથડાવું, સંપર્કમાં આવવું કે સંબંધમાં આવવું.

"જેવો આઘાત તેવો પ્રત્યાઘાત" એ જડ વસ્તુઓમાં પ્રચલિત નિયમ છે. ભીંત ઉપર હાથ જેટલા જોરથી પછાડીએ, તેટલા જોરથી ભીંત સામો પ્રત્યાઘાત આપશે—એટલે કે તેટલા જોરથી આપણને વાગશે. ઈચ્છાપૂર્વક પ્રત્યાઘાત કરવો એ જડ વસ્તુનો સ્વભાવ કે ગુણ નથી.

પશુઓમાં જે વેરવૃત્તિ સાધારણ રીતે જોવામાં આવે છે, તે પણ આઘાત-પ્રત્યાઘાતના ભૌતિક સિદ્ધાન્તનું સૂક્ષ્મ સ્વરૂપ છે. માનવીમાં પણ વેરવૃત્તિ છે ને તેટલા અંશે તે પશુ છે. જેમ કક્ષા નીચી તેમ આઘાત તેવો જ પ્રત્યાઘાત અને શક્તિ હોય અને કઠતો હોય તો વધારે દુઃખદ પ્રત્યાઘાત, એવો નિયમ પ્રવર્તે છે. ભલું કરનારનું પણ ભૂંડું કરનારના કિસ્સા માનવીમાં અલ્પ નથી, અસંખ્ય છે; કેમ કે માનવ જાતિમાં બધી જાતના થરો આવી રહેલા છે; વળી એવું ભૂંડું કરનારા ઉપર સંસ્કાર, પ્રારબ્ધ, ઈતર જનોનાં

કર્મો વગેરેના એવા આઘાતો પડેલા હોય છે કે તેના પ્રત્યાઘાત તરીકે તે વ્યક્તિ-વ્યક્તિમાં ફેર જોઈ શકતો નથી અને સદાય સ્વભાવવશ વર્તીને ઉપકારનો બદલો અપકારથી વાળે છે. પરંતુ એકંદરે માનવી પશુ કરતાં આઘાત-પ્રત્યાઘાતના નિયમને ઓછો વશ હોય છે. જેમ ચેતનની જાગૃતિ વધુ, તેટલા પ્રમાણમાં આ નિયમ હળવો બનતો જતો જણાય છે. પોતાની વેરવૃત્તિ શાંત કરવા અને આઘાતથી થતા દુઃખને ખમાવવા માનવીએ બીજાં અનેક જાતનાં બળો ઉત્પન્ન કર્યાં છે. રૂઢિ, પોતાનો જાગ્રત પ્રયત્ન, સંસ્કાર આદિથી માનવી આ નિયમથી થોડો પણ મુક્ત રહી શક્યો છે.

આવાં કારણોસર માનવીનું ઊર્ધ્વગમન થયાં જતું હોય છે તેમ તેમ તેનો આઘાતનો પ્રત્યાઘાત હળવો બનતો જાય છે. દુઃખદ આઘાતની સામે તરત જ વેરનો પ્રત્યાઘાત એ તેની પ્રકૃતિની પ્રેરણા છે; પણ સાથે સાથે એ જ પ્રકૃતિમાં સ્વવિકાસનો ગુણ રહેલો હોવાથી, તેનામાં બીજી એવી સામી પ્રેરણા પણ રહેલી હોય છે અને તેના બળ વડે માનવી પેલા નિયમને પોતાને વશ રાખવામાં ઉત્તરોત્તર શક્તિમાન થતો જાય છે.

ઘણી વાર મનમાં પ્રકૃતિજન્ય અસહ્યતાથી અત્યંત તિરસ્કાર અને દ્વેષ હોય પણ બહારથી મીઠાશથી વર્તતા માનવીઓ આપણે જોઈએ છીએ. આવા વર્તનની પાછળ બુદ્ધિએ સમજણનું એક નવું બળ તેઓને આપેલું હોય છે, ને તેથી તેઓ જાણતા હોય છે કે મીઠાશભર્યું વર્તન ન રાખવાથી તેમના પોતાના વિકાસમાં અવરોધ આવશે. તેઓ મનમાંની દ્વેષની વૃત્તિને સંયમમાં રાખીને દાબી દઈને તેને આચરણમાં વ્યક્ત થવાની તક દેતા નથી. આ થયો તેમનો એટલા પ્રમાણમાં પ્રકૃતિ ઉપરનો વિજય; પરંતુ આ બને છે કેવળ વિચારને-બુદ્ધિને લીધે. આગળ જતાં માનવી બુદ્ધિની સાથે હૃદયને ભેળવી શકે છે અને જ્યારે તેમ બને છે

ત્યારે આઘાત અને પ્રત્યાઘાત વચ્ચેનો તફાવત વધારે ને વધારે થતો જાય છે અને અંતે આઘાત અને પ્રત્યાઘાત એ બે ક્રિયાઓ જુદી જ પડી જાય છે. શરૂઆતમાં આઘાતની સામે વેરવૃત્તિ ઊપજે, પણ વર્તનમાં તે અંકુશમાં આવે; તે પછી વાણીમાં અંકુશમાં આવે, તે પછી મનમાં પણ એટલા પ્રમાણમાં અંકુશમાં આવે કે વેરવૃત્તિ ઊપજે જ નહિ, યા તો ઊપજે તો નહિ જેવી. પરંતુ એવા આઘાતોથી દુઃખ ઘણું થાય. આમ દુઃખી થવું એ પણ આ નિયમને હળવા પ્રકારે વશ થવાપણું ગણાય. આવી રીતે માનસિક કાબૂ વડે ઉત્તરોત્તર રચાયેલો સંયમ એટલો તો મજબૂત બનતો જાય છે કે છેવટે કોઈ પણ આઘાત થાય—ભારેમાં ભારે દુઃખદ પ્રકારનો—તોપણ તેને બદલો કેમ વાળવો, તેના પરિણામે મનમાં કેવી વૃત્તિ ઊઠવા દેવી, કેવો ભાવ થવા દેવો એ બધું પોતાના કાબૂની વાત બની જાય છે. આવો અનુભવ મથતા સાધકને થયા વિના રહેતો નથી. અલબત્ત, આની પાછળ ઘણો પુરુષાર્થ, એકાગ્ર ચિંત્વન, પ્રભુભાવની સઘનતા, કુશળ વર્તન, પ્રભુકૃપા આદિ અનેક સાધનોની આવશ્યકતા રહે છે; તેમ છતાં માનવીને માટે તે શક્ય છે, સાધ્ય છે.

શરૂઆતમાં જે આઘાતોથી ઘણું દુઃખ લાગે તેવા જ પ્રકારના આઘાતોથી ઓછું ને ઓછું દુઃખ લાગતું જાય અને છેવટે તો બિલકુલ દુઃખ ન લાગે તેવી મનોદશા કેળવી શકાય છે. પરંતુ આ સ્થિતિમાં અને જડ-નઠોર-માનવીની મનોદશામાં આસમાન-જમીનનો ફેર છે. જડ માનવી તેની જડતાથી, તેના બુઠ્ઠાપણાથી, આવા આઘાત પ્રતિ અદુઃખદ સ્થિતિમાં પ્રવર્તે છે; જ્યારે પેલો મથતો જીવ તો પ્રાકૃતિક પ્રેરણાઓને ક્રમશઃ કાબૂમાં આણતો-આણતો આ નિયમમાં ઊર્ધ્વગમન કરતો આવે છે. જડ માનવીનું જે બુઠ્ઠા થવાપણું બન્યું હોય છે, તે તો ગમે તે રીતે આનંદ

મેળવવાની અથવા દુઃખને હળવું કરવાની કુદરતી પ્રેરણા હોવાથી કેવળ એના જડ સ્વભાવની પ્રેરણાને લઈને બને છે; તથા ઘણી વખત અમુક જાતની કઠોર વાણી સાંભળી-સાંભળીને યા તેવું વર્તન સહી-સહીને તેવાઓને એવી ટેવ પડી જાય છે કે પછી તેઓને તે બાબતનું દુઃખ નથી લાગતું. આ કંઈ આધ્યાત્મિક ઉચ્ચ માનસનું લક્ષણ નથી; મથતા સાધકમાં તો જ્ઞાનપૂર્વકની સહનશીલતા કેળવાઈ હોય છે. આથી તેનો ઉદ્વેગ ક્યાંયે ઊડી જઈને તે પ્રસન્નતા રાખી શકે છે, તથા પોતાનું શ્રેય—પોતાનો જીવનવિકાસ—કેવી જાતના વર્તનથી થશે તેની સૂઝ તેને પડતી જાય છે; આથી કોઈ પણ આઘાતનો જવાબ, પ્રત્યુત્તર, પેલા નીચલા થરના માનવી કરતાં જુદી જ રીતે, ઉચ્ચ પ્રકારે વાળે છે. અને અંતે તો જ્ઞાનપૂર્વક યોગ્ય રીતે આઘાતનો પ્રત્યાઘાત કરવાનો એનો એટલો તો સહજ જ્ઞાનયુક્ત સ્વભાવ થઈ જાય છે કે આઘાત આપનાર વ્યક્તિ પ્રત્યે પ્રેમ રાખીને પેલાનું કલ્યાણ થાય તેમ તેવી રીતે તે વર્તી શકે છે. આમ, આઘાત-પ્રત્યાઘાત વચ્ચે શુભ હેતુનો અને આંતર્શુદ્ધિનો પટ આવી જાય છે.

આવી રીતે આઘાત-પ્રત્યાઘાતનો નિયમ સાર્વત્રિક હોવા છતાં તેની પર જવું ને થવું શક્ય છે. અનેક સંત-મહાત્માઓ પર થઈ શક્યા છે. સાધનામાંથી નિષ્પન્ન થતા સદ્ભાવની સહાયે અને ભગવાનના ભાવ વડે કરીને આ સહેલાઈથી થઈ શકે છે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૮૭ થી ૯૨)

*　　　　　　*

આપણે જો આપણને થતા આઘાતો અને પ્રત્યાઘાતોના પરિણામ પ્રમાણે ચાલવાનું અટકાવી દેવું હોય, તો સમતા ને તટસ્થતાની વૃત્તિ આપણે કેળવ્યે જ છૂટકો છે. આઘાત-પ્રત્યાઘાતના પરિણામે થતી વૃત્તિઓ આપણને વિચારોની

પરંપરામાં ડહોળાવી નાખે છે, ને એનાથી જુદા થઈને કંઈ કશું જોવા દેવાની દૃષ્ટિ આપણને ઊગવા દેતી નથી. આપણે એક યા બીજા વલણના જે હોઈએ છીએ, તેને બદલે કોઈ પણ પ્રકારના વલણ વિનાના—પક્ષ કે ઝોક વિનાના રહેવાનો પ્રયાસ કરવાનો છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૨૦૨)

*    *

ગમે તેવા પ્રસંગો કે વાણી વગેરેના કશાયના આઘાત પ્રત્યાઘાત આપણામાં ન ઊઠે એ તો ઉત્તમ થયું કહેવાય. પણ એ ઊઠે ત્યારે પણ આપણાથી એવા કશામાં તદ્રુપ થઈ જઈ તે પ્રમાણે ન વર્તાય અને એમનાં સ્વરૂપોનાં મૂળ સમજાય, એવી ને એટલી તટસ્થતા, સમતા, સ્થિરતા આપણે સતત કેળવ્યાં કરવાની છે. વળી વૃત્તિ કે વિચાર કે મનના વલણથી દોરવાઈ ગયા વિના એને કેવી રીતે રચનાત્મક વળાંકમાં વાળી શકાય તે આપણને સૂઝવું જોઈશે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૫)

## સાધનામાં આઘાતોની આવશ્યકતા

મોટા મોટા ભક્તોના જીવનમાંથી આપણને જણાય છે કે તેમને એવા કોઈ ભારે આઘાતો લાગ્યા હોય છે, ત્યારે ભારે ઊથલપાથલ તેમના મનમાં પ્રગટી જાય છે; એમાંથી એમનું મન ચેતી જાય છે, જાગ્રત થઈ જાય છે; ખરી વસ્તુસ્થિતિની તેમને જાણ થઈ જાય છે ને પછી તે કામે લાગી જાય છે; એમ આપણને પણ એવા આઘાત લાગવાની જરૂર છે, કારણ કે આપણને આપણા જીવનઆદર્શ માટે મરણને સ્વસ્થપણે ભેટવાની તૈયારી હશે કે કેમ તે શંકાસ્પદ છે. વળી આપણા મનને આપણા જીવનઆદર્શની સર્વોપરીતાની ખાતરી હજી થઈ નથી. આપણે આપણા આ કામમાં વધુ ને વધુ રસ

લઈને તથા વધારીને મનને એમાં વાળ્યાં કરવાનું છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૩૦)

*          *

આપણામાં રહેલા અહમ્ તત્ત્વના ઊર્ધ્વીકરણ માટે, તેને સાત્ત્વિક બનાવવા માટે, આપણે એને જબરદસ્ત આઘાતો આપવા પડશે. તે માટે આપણને જે ન ગમતાં હોય તેવાંને પ્રેમથી મળવું, એમનું કામ કરી આપવું ને એમનો પ્રેમ સંપાદન કરવાની કોશિશ કરવી.

('જીવનપગથી', આ.૩, પૃ. ૭૦)

*          *

આપણને જીવનમાં જગાડવા માટે ઘણી તકો સાંપડતી હોય છે. આપણી વસ્તુસ્થિતિ સમજાય તે માટે ભગવાન આપણને ઘણાય આઘાત આપે છે. એવા આઘાત જ્યારે થાય છે, ત્યારે કોઈક ધન્ય પળે આપણને આપણી વસ્તુસ્થિતિ સમજાય છે. જો ત્યારે તે સમજણ ઊંડી ગઈ હોય છે, તો આપણે પલટો કરવાનું પણ દિલ રહ્યાં કરે છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૩૮)

*          *

આઘાત-પ્રત્યાઘાતને કારણે આપણી ભૂમિકામાં તેની અસર ઊંડી ઊતરતી હોય છે. તેથી મંથન પ્રગટે છે. તેને લીધે વિચારવાનું બને છે. આથી તે ને તે સ્થિતિમાં પડી રહેતા સાધકને ત્યાંથી ધક્કેલવા માટે આઘાત-પ્રત્યાઘાત મળ્યા કરે છે તે ઘણું જરૂરનું છે. ગુરુમાં તેનાં સ્વજનોને-આત્મકલ્યાણાર્થે થયેલાં સ્વજનોને સમજી-સમજીને જ્ઞાનભક્તિપૂર્વક એવા આઘાત-પ્રત્યાઘાત આપવાની કળા ઊગેલી હોય છે ને તેનો ઉપયોગ પણ થતો હોય છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૪૬)

*          *

## આત્મનિવેદન

જે કોઈ પોતાની નબળાઈઓ છુપાવતો નથી ને નિવેદન કરતો રહે છે, તે તો સારી વાત છે; પરંતુ જો તેવાં નિવેદનોમાંથી પ્રાણ ન પ્રગટતા હોય ને તેવાં ને તેવાં જ જીવપ્રકારનાં વલણોમાં ફરીફરીને તેનું પરોવાવાનું બન્યાં કરતું હોય તો તેવા જીવે ચેતવું જોઈએ, વિચારવું જોઈએ; કારણ કે હૈયાના નિર્ગળતા ભાવભર્યા, સચ્ચાઈભર્યાં પ્રામાણિક નિવેદનથી તો ટટ્ટારી આવવી ઘટે. કેટલાક જીવોને વિષે એવો પણ અનુભવ છે કે તેઓ પોતે આત્મનિવેદન તો કરે છે, તેમ છતાં પોતાની નિર્બળતાઓને છાવરતા હોય છે.

(‘જીવનપ્રવેશ’, આ.૨, પૃ. ૩૦)

*　　　　*

આત્મનિવેદનમાં હૃદયનો ભાવ મહત્ત્વપણે હોતાં તેમાં અભિમાન નથી હોઈ શકતું. આત્મનિવેદનથી આપણા હૃદયનો સંબંધ વધુ ને વધુ ચેતનભાવે નિકટવર્તી બનતો જાય છે ને વધુ ને વધુ ખુલ્લા થતા જતા હોઈએ છીએ. આપણામાં સરળતા, પ્રસન્નતા, સંતોષ પ્રગટતો હોય છે. જેમ મળની શુદ્ધિ માટે ખાસ વિધિ ને ક્રિયા છે, તેમ મનાદિના મેલ માટે શ્રીપ્રભુના ચરણકમળે થએલું નિવેદન છે. આત્મનિવેદનમાંથી પ્રત્યક્ષ નમ્રતા પ્રગટવી ઘટે. કરણોની શુદ્ધિ થતી અનુભવાવી જોઈએ.

(‘જીવનપ્રવેશ’, આ.૨, પૃ. ૭૭)

*　　　　*

હૃદયનાં આત્મનિવેદનો કંઈ રોદણાં નથી. રોદણાં રડવાથી તો શું વળે ? સાચું ખરેખરું હૃદયથી હૃદયનું થતું આત્મનિવેદન તો એક પ્રકારની શક્તિ પ્રગટાવે છે. તે આપણને વિશેષ જાગ્રત કરે છે. આપણી નિર્બળતાને ચીંધે છે. તેમાંથી સબળ બનવાની

પ્રેરણા આપે છે. જે બાબતનું આત્મનિવેદન આપણે કરતા હોઈએ, તે અંગેની સતત જાગૃતિ જો આપણામાં પ્રગટતી અનુભવાય તો તે આત્મનિવેદન સાચું પ્રમાણવું. જે બાબતનું નિવેદન થઈ શક્યું હોય તેવા એકરારમાંથી તો ફરીથી તેવું કર્મ ન બની શકે એવી જ્ઞાનયુક્ત જાગૃતિ પ્રગટવી ઘટે; તો જ તે સાચો હૃદયનો એકરાર ગણાય.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૫૦)

## આત્મનિવેદન

(શિખરિણી-મંદાક્રાન્તા)

વિના સંકોચે જે મન-હૃદયને ભાવથી ઠાલવે છે,
ભલેને લાગે કે હૃદય તમને ના પ્રભુ સાંભળે તે;
હૃદે કિંતુ જ્યારે ઝળહળ થતી ભાવના જાગી ઊંડી
—પરોવી કર્મે જ્યાં પ્રભુપદ ઢળે, સાંભળે તુર્ત શ્રીજી.
કહેવામાં એને મન હૃદયથી સર્વ ખુલ્લાં થવાનું,
કહેવામાં એને લળી લળી હૃદે ભાવનું વ્યક્ત હોવું;
કહેવાનું રાખો ચરણકમળે જે કર્યાં સૌ કરો તે,
વધારો એ રીતે પ્રિય પ્રભુ તણો પ્રેમ-સંબંધ હૈયે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૯૪)

તમારું જે જે કૈં બનતું પ્રભુને આત્મભાવે નિવેદો,
બધું આરોગાવી પછીથી ગ્રહજો તે પ્રસાદી જ રૂપે;
અજીઠું એને તો કશું ન ધરશો, ના ગમે એવું એને,
ચખાડ્યા વિના તો હૃદય પ્રભુને ના કશો સ્વાદ લેશો.

('જીવનપગલે', આ.૧, પૃ. ૭૫)

*　　　　*

## આહાર

ખોરાક-અન્ન એ સ્વાદને અર્થે નથી; ચેતનને અર્થે છે, ને

ચેતન તેમાંથી પ્રગટે છે તે અર્થે લેવાનું છે. તેમાં જેટલી વધુ શુદ્ધિ હોય તેટલું સારું જ છે. વળી ભોજન કે રસોઈ બને તે વેળા ઉત્તમ પ્રકારની શુદ્ધિથી, ભક્તિથી, પ્રાર્થનાભાવે તે બધું બને તો તે કલ્યાણકારી થાય છે. તે લેતાં પહેલાં અને લેતી વખતે પણ સતત ચેતનભાવે અને ચેતન કાજે તેને અનુરૂપ પ્રાર્થના સાથે ને પ્રાર્થનાભાવે તે લેવાનું હોય. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૯૨)

* *

જેમ અન્નની મદદ વડે પ્રાણ ટકે છે, તેવું પાછું અન્નને લીધે પ્રાણમાં અયોગ્યતા પણ પ્રગટે છે. ખોરાક કેટલો, કેવો અને કેમ લેવો એ પણ એક કળા છે. ખોરાક જીવનને ટકાવી રાખવા માટે, શક્તિ જાળવી રાખવા ને પ્રગટાવવા સારુ લેવાનો હોય, ને નહિ કે સ્વાદને ખાતર. ('જીવનમંથન', આ.૨, પૃ. ૨૬૩)

વિના કારણે ભોજનમાં ઝાઝા કશા ફેરફાર કરવાનું ન રાખવું. અત્યંત ખારું, ખાટું, તીખું-તમતમતું ને ઘણા બધા મસાલાવાળું ખાવાનું ન હોય તો ઉત્તમ. ખોરાક સહેલાઈથી પચી શકે તેવો સાદો સારો. સામાન્ય રીતે બધા લોકો જેવું ખાતા હોય તેવું, એટલે આપણા દરરોજના ખોરાકમાં ઉપર મુજબનો જરાતરા ફેરફાર કરી લેવાને વાંધો ન હોય. મધ્યમ માર્ગ આપણા માટે સારો છે. ('જીવનપગરણ', આ.૨, પૃ. ૧૨૯)

* *

સૌથી ઉત્તમ તો જેવું મળે તેવું ખાઈ લેવાની ટેવ સાધક માટે ઉત્તમ ગણાય. ('જીવનપગથી', આ.૩, પૃ. ૪૬)

* *

સાધનામાં ખોરાક એ મુખ્ય નથી પણ જિજ્ઞાસા અને ખપી જવાની તમન્ના એ મોટામાં મોટી વાત છે; જોકે ખોરાક

શરૂઆતમાં થોડો ભાગ ભજવે છે ખરો, તોપણ એના ઉપર જરાયે જોર રાખવાની જરૂર નથી.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૬)

## एक

(અનુષ્ટુપ)

આખરે એક તો સર્વ, એકમાં સૌ સમાયેલું;
એકથી સૌ પરિવ્યાપ્ત, છતાં કાં અન્ય લાગતું ?

આપણે એક તો પૂરા થયેલા ના બધાં વિષે,
તેથી તો સર્વમાં એક દીસે આપણને ન તે.

એકમાં એક સંપૂર્ણ, એકથી એક એકમાં-
એકાકાર થયા વિના જણાયે કેમ એક ત્યાં ?

એકની આગળે શૂન્ય, શૂન્ય પહેલાં થવું પડે,
થવાતું જાય છે જેમ શૂન્ય, એક ઝગ્યાં કરે.
નકારાત્મક જે માત્ર ભાવ, 'શૂન્યે' ન જાણશો,
શૂન્યતામાં રહેલો છે એકનો ગર્ભ ગૂઢ શો !

('જીવનપાથેય', આ.૩, પૃ. ૧૪૩)

*   *

## શૂન્ય

(અનુષ્ટુપ)

'કશુંયે જે ન કૈં' એને લોક તો શૂન્ય કહે જગે,
ભાવમાં 'શૂન્યતા'નો તો એવો અર્થ ન સંભવે.

અભાવાત્મક ના જાણો શૂન્યતાને ભૂલેચૂકે,
શૂન્યતા પ્રગટાવે છે ભાવ કો ઑર ગૂઢ તે !

પ્રેરક ભાવ તો શૂન્ય; શૂન્યની શક્તિ ઑર શું !
'ખાલી'માં શક્તિ શી ભવ્ય ! વિજ્ઞાને સિદ્ધ તે કર્યું.

ખાલી ના કૈં થવાયે છે એમનું એમ કોઈથી,
પૂરેપૂરો પુરુષાર્થ તે માટે કરવો પડે.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૧૪૩-૪૪)

* *

## એકાશ્રય, સાધનામાં

જેને જેને સંત કહેવામાં કે ગણવામાં આવતા હોય, ત્યાં ત્યાં સાધકે બધે દોડવાનું હોય નહિ. જેમની સાથે કંઈક હૃદયનો સ્નિગ્ધ પરિચય હોય, ત્યાં એવું નિમિત્ત મળતાં જરૂર જવાય. તેમાં પછી સંકોચ ન રાખવો. તેવું મળવા જવાનું ઉમળકાથી પ્રેમભક્તિથી થવું ઘટે. તે ઉપરાંત હૃદયનો સહજ એવો જ્યાં ઉમળકો જાગે, તો ત્યાં પણ જવાય ને તેમાં પણ એક ચેતનનું જ જીવતુંજાગતું લક્ષબિંદુ હોય. હૃદયની સહજ ભક્તિ પ્રગટ્યા વિના સંત કે ઉચ્ચાત્માનું નિકટપણું જીવને આનંદભાવમાં પ્રવેશાવી શકતું નથી, ઊલટું એથી ગૂંચવાડો પણ ઊભો થવા સંભવ રહે તો રહે. જુદા જુદા સંતોનાં નામ માત્ર સાંભળીને દોડવાનો અર્થ ના હોય.

ઉત્તમ પ્રકારના સાત્ત્વિક સાધુઓના જીવનની અમુક અમુક કક્ષામાં પણ Hierarchy-ઉત્તરોત્તર ચઢતી શ્રેણી હોઈ શકે છે. તેવાની કોઈક કક્ષાની અમુક ભૂમિકાઓમાં સ્પર્ધા પણ રહે છે અને તે પછીની ચઢિયાતી કક્ષામાંથી તો તેવી વૃત્તિ ઉત્ક્રાંતિને પામી જતી હોય છે. ('જીવનપ્રેરણા', આ.૩, પૃ. ૧૫૭-૫૮)

* *

પવિત્ર આત્માઓના સંપર્ક, સંબંધ અને પ્રેમમાં સાધક જેટલો રહે એટલું સારું છે; પણ તે વલણ જેટલું કેંદ્રિત થએલી દૃષ્ટિવાળું

હોય તેટલું વધારે લાભદાયી છે. નહિ તો એટલા બધાની સાથેના સંપર્ક અને સંબંધમાં એની વૃત્તિ અને શક્તિ વેરવિખેર પણ થઈ જાય, વહેંચાએલી થઈ જાય, 'બહુશાખા' થઈ વિખરાઈ જાય અને એથી કરીને એનામાં ગોટાળો થવાનો સંભવ રહે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૪૫)

* *

શ્રી...વર્યજી પાસે જવાનો વિચાર માંડી વાળવાનો કર્યો છે તો તે પણ ભલે. મનહૃદયથી એકને વળગતાં સાચી રીતે આવડ્યું હોય યા આવડી જાય તો ઉત્તમ છે. પણ અમારાથી એમ ન કહેવાય કે અમને એકલાને વળગી રહો. એથી ઊલટું જો કોઈ સાધકને એવી મડાગાંઠ હોય કે ગમે તેવો ઉચ્ચાત્મા હોય તોપણ જવું જ નહિ તો તેવી મડાગાંઠ તોડાવવાને કોઈકને મોકલવાનું પણ થાય; એમ પણ બને. ('જીવનમંડાણ', આ.૩, પૃ. ૧૭૬)

* *

અમારા સિવાય એટલે કે અમારા હૃદય સિવાય બીજા કશા વિષે પણ અમારું જે સ્વજન હોય તે કશો કંઈ પણ પ્રેમ કે ભાવના ન ધરાવે તો તેવી સ્થિતિ તેના વિકાસને કાજે અમને ઘણી ગમે ખરી. અમે કદી અદેખા તો નથી જ.

* *

**'સર્વ કંઈ ઈશ્વર કરાવે છે'; 'ધાર્યું ધણીનું થાય છે.'**

સર્વ કંઈ ઈશ્વર કરાવે છે એ વાત તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ સોએ સો ટકા સાચી છે; પરંતુ તે આપણે ત્યારે જ કહી શકીએ કે જ્યારે આપણે પળેપળ ભગવાનના જ ભાવમાં રહ્યાં કરતાં હોઈએ, દ્વંદ્વોની પાર ગયાં હોઈએ, અહમ્ પૂરો ઓગળી ગયો હોય, ત્રિગુણાતીત થયાં હોઈએ ને આપણે એના પૂર્ણપણે સચેતન યંત્ર બની ચૂક્યાં હોઈએ.

આપણાં મનમાં પસાર થતા અનેક વિચારો, આપણામાં ઉદ્‌ભવતી વૃત્તિઓ, આપણા ચિત્તના સંસ્કારો, આપણા આગ્રહો વગેરે જ્યાં સુધી મનમાં ડોકિયાં કરતાં હોય ત્યાં સુધી આપણાથી એમ ન કહેવાય કે એ બધું ભગવાન કરાવે છે, 'જેમ એ કરાવશે એમ કરીશ,' 'બધું જ પ્રભુ કરાવે છે ને કરાવશે'—આવું બધું બોલવાનો કશો અર્થ નથી.

આપણા મનને, પ્રાણને, ચિત્તને, બુદ્ધિને, અહંના અનેક પ્રકારના વળાંકો વગેરેને આપણે જો પૂરેપૂરું સમજી ન શક્યાં હોઈએ તો પૂરું સમજી લેવું ઘટે. આપણે તો પ્રકૃતિના પ્રેર્યાં વર્તીએ છીએ ને આપણો અહમ્ આપણને ધકેલ્યાં કરતો હોય છે.

* *

શ્રીભગવાનને પંથે જેને જવું છે, એના બધા ભ્રમો ભાંગી જવા જોઈશે. 'ધાર્યું તો ધણીનું થાય છે,' આ સૂત્ર ને તેની ભાવના ઉત્તમ છે; પણ જીવમાત્રમાં જે ચેતન રહેલું છે એ કંઈ નમાલું નથી, સર્વ કંઈ કરવાને શક્તિમાન છે. મરણિયો નિર્ધાર જો પ્રગટે છે તો પ્રભુકૃપાથી બધું થઈ શકે છે. લોક જેમાં ને તેમાં ઉપરનું કથન ને એવાં બીજાં કથનો ટાંકતાં હોય છે. આમ જે બોલે છે તેનામાં અહંકાર નથી હોતો એમ નહિ. જેનામાં સંપૂર્ણ જ્ઞાનભક્તિપૂર્વકની નમ્રતા પ્રગટેલી છે ને જેનું અહમ્ પૂરેપૂરું ઓગળી ગયેલું છે તેવો જીવાત્મા તેવું બોલે તો તે યોગ્ય ગણાય અથવા તો બહુ બહુ તો જે સાધક સંપૂર્ણ જ્ઞાનપૂર્વકની નમ્રતા કેળવવાનો જીવતોજાગતો સચ્ચાઈ ભરેલો અભ્યાસ કેળવે છે, તેવો જીવ નમ્રતા કેળવવાના હેતુથી એવું ઉચ્ચારે તો કંઈક યોગ્ય ગણાય. પરંતુ જેનામાં નર્યું અહમ્ ભર્યું પડ્યું છે ને જેને સાધનાની કશી ગતાગમ નથી, તે જો તેવું બોલે તો તે વદતોવ્યાઘાત છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૫૯-૬૦)

* *

'કર્તાહર્તા તો ભાઈ ! ભગવાન છે; એની મરજી પ્રમાણે બધું ચાલ્યાં કરે છે,' એવું એવું બોલનારાં જગતમાં ઘણાં લોક નજરે પડે છે. તેવું બોલવું માત્ર ઉપરછલ્લું ને ખાલી ખાલી છે. જ્યાં સુધી ભાગવતજીવન જીવવાનો મરણિયો નિર્ધાર પ્રગટ્યો નથી, જ્યાં સુધી તેમાં યાહોમ કરીને સંપૂર્ણપણે ઝંપલાવવાની શક્યતા પ્રગટી નથી, જ્યાં સુધી આધારનાં નિમ્ન કરણોના વળાંકોને પકડી પકડીને ટાળવાનું કર્યું નથી, ત્યાં સુધી ઉપર પ્રમાણે બોલવું ને તે પ્રમાણેની માન્યતામાં રહીને પ્રકૃતિવશ હંમેશ વર્ત્યે જવું એને એક પ્રકારનો દંભ લેખી શકાય. કેટલાક એનો એમ પણ બચાવ કરતાં જોયા છે કે તે સમયે તેનો તેવો Mood-માનસિક વૃત્તિ-તરંગ હોય એટલે તેના પ્રવાહમાં તણાઈને બોલાતું હોય છે. તે ગમે તે હો. એમ બોલીને માનવી પોતાને કંઈ કરવું ન પડે એવા પ્રકારની છટકબારી શોધતો હોય છે. જીવને એવા પ્રકારનાં સંપૂર્ણ શ્રદ્ધા, વિશ્વાસ, ભક્તિ આદિ તો પ્રભુ પર પ્રગટેલાં હોતાં નથી ને બોલવા પ્રમાણેની નિષ્ઠા તો છે નહિ એટલે એ નર્યો મિથ્યાચાર જ ગણાય.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૫૦)

*          *

## ઈશ્વર જ બધું સંભાળે છે ?

કેટલાંક જીવોને જરા પરમાત્મા તરફ વળવાની વૃત્તિ થાય છે ત્યારે—અને તે વૃત્તિ તમન્નાનું થોડું જોશ પકડે છે ત્યારે પણ——એક વિચિત્ર મંતવ્યની પકડને લીધે તેમનો વિકાસ રૂંધાય છે, અથવા બહુ ધીમો થાય છે. પોતે હવે તો ભગવાનને શરણે ગયો છે, એટલે બાકીનું બધું સચરાચર પરમ ચૈતન્યશક્તિ સંભાળી લેશે અથવા લે છે અને હવે એણે તો ભગવાનમાં દૃઢ શ્રદ્ધા રાખ્યા સિવાય બીજું કશું કરવાનું નથી એમ તે કલ્પી લે છે.

આ માન્યતાની રાહે આગળ ચાલતાં ચાલતાં પોતે જે કંઈ કરે છે તે, અને પોતાથી જે કોઈ સંજોગોમાં આવવાનું થાય છે તે બધું ભગવાન જ કરાવે છે, અને પોતે તો એનું એક નિમિત્તમાત્ર છે એમ જીવ કલ્પવા માંડે છે. આવી માન્યતાથી જ સાધકમાં જે નમ્રતા હોવી જોઈએ તે પોતામાં આવે છે એમ તે માનવા માંડે છે. 'ભગવાનની ઈચ્છા વિના એક પાંદડું પણ હાલતું નથી,' એવાં એવાં શ્રુતિવાક્યોનો, તથા અનેક સંતોએ એવો શરણભાવ રાખ્યો ત્યારે તેમની કસોટી તો થઈ, પણ તેમાંયે તેમણે શ્રદ્ધા કાયમ રાખી તો તેમનાં દુઃખો પરમાત્માએ ટાળ્યાં; એવા પ્રસંગોનો પણ તે આધાર લે છે. એટલે તેઓની માફક પોતે પણ ભગવાનને શરણે ગયો છે એટલે 'જે કંઈ સુખદુઃખ આવી પડે તે બધું સહી લેવું અને તે ભગવાને જ મોકલ્યું છે' એવી માન્યતાને આધારે પોતાનું જીવન ઘડવાનો દેખીતો પ્રયાસ કરે છે.

પણ એવા સંતોની શરણાગતિમાં ને આવી પ્રાથમિક, પ્રારંભિક કક્ષાની કલ્પી લીધેલી શરણાગતિમાં ઘણો ફેર છે એટલે જ આવા સાધકને સોસવું પડે છે, ને તેની પ્રગતિ ધીમી થાય છે. આપણામાં કર્મના નિયમની ઉપરછલ્લી સમજણને લીધે જે એક જાતની નિઃસત્ત્વ દૈવાધીનતા કદી કદી આવી જાય છે તેનો જ એક સ્વાંગ પ્રાથમિક કક્ષાના સાધકની ઉપરની કલ્પના કે માન્યતા છે.

આવી માન્યતાથી સાધક પોતે સાધક છે, ને સિદ્ધ નથી એ હકીકત ભૂલી જાય છે; અથવા તો તેનો ઈન્કાર કરે છે. ''ઈશ્વર સર્વ કંઈનો કર્તાહર્તા છે,' એ અંતિમ સત્ય તરીકે ભલે સાચું હોય અને છે, પણ સાધક જો પોતાનાં બધાં વર્તનમાં અને પોતાના બધા સંજોગોમાં ઈશ્વર ઉપર જ જવાબદારી નાંખી દેશે તો તેથી એને જ નુકસાન થશે. માનવજીવનમાં તો એનાં અનેક પૂર્વકર્મોને

પરિણામે પડેલા સંસ્કારો, તેની માન્યતાઓ, તેની લાગણીઓ, તેની બુદ્ધિનાં વલણો, તેના પ્રાણની વાસનાઓ, તેનો અહંભાવ વગેરે કંઈ કંઈ અશુદ્ધ-નીચલા થરની પ્રકૃતિનાં તત્ત્વો અસર પાડ્યાં કરતાં હોય છે. કેટલીક અસરો તો એવી સૂક્ષ્મ અને છૂપી હોય છે કે તે પારખવા માટે પણ ભારે જાગૃતિની અને સાધનાની જરૂર રહે છે અને તે ભૂંસી નાખવા તો વળી વધારે પરિશ્રમ ને ખંત જોઈએ છે. જેમ પથ્થરમાં પણ ઈશ્વરનો-ચેતનાશક્તિનો-આવિર્ભાવ છે ને માનવીમાં પણ છે, પણ બન્નેમાં ઘણો વાસ્તવિક ફરક છે; તેમ પ્રકૃતિનાં બધાં બળોમાં જો કે ચેતનાશક્તિ રહેલી જ છે તોપણ તેમાં ઘણો ફેર હોય છે. એટલે સાધકના દરેક કામમાં કે દરેક સંજોગમાં પરમાત્માનો પૂરો આવિર્ભાવ નથી હોતો પણ સાધકની પોતાની જ નિમ્ન થરની પ્રકૃતિનો પણ આવિર્ભાવ સાથે સાથે હોય છે. આથી પ્રકૃતિના સ્વભાવથી કયું કામ તે કરે છે, તે શોધી કાઢવાનું સાધકને માટે ઘણું જરૂરી છે.

જે અંતિમ સત્ય છે તે સત્યનો અનુભવ કરી શકવાની કક્ષાએ પહોંચ્યાં પહેલાં તેવા અનુભવીનું અનુકરણ કરવું, કે તેવું કલ્પવું કે માનવું એ સાધકને માટે જોખમકારક છે. નવા નવા સંજોગો, વ્યક્તિઓ, સંબંધો, વિચારો-એ બધાંમાંથી જે નવજાત અનેક મથામણો ને ઠોકરો ખાઈને તેણે તારવવું જ પડશે, તે નવજાતની તારવણીમાં અને એવી માન્યતાથી વળી કેટલીક વધારે ઠોકરો ખાવી પડશે. પોતાની ભૂલ જ્યાં સુધી સૂઝે નહિ, ત્યાં સુધી તેને નિવારવા કોઈ પણ તૈયાર થઈ શકતું નથી. દરેક સંજોગ એને શિખવવા માટે પ્રભુએ કૃપા કરીને આપ્યો છે અને એમાંથી એણે પોતાની પ્રકૃતિનું કઈ બાબતમાં રૂપાંતર કરવાનું છે, તે જોવા સદાય જાગ્રત રહેવું પડશે, તેથી તેવી દૃષ્ટિએ તેણે તે સંજોગોને જોવા જોઈએ; તો જ પોતાનાં વર્તન, વાણી કે

વિચારમાં ક્યાં અકુશળતા છે, તેની તેને ખબર પડશે. શરણભાવ, સાચી રીતનો શરણભાવ, પણ એમ ને એમ મળતો નથી. તે પણ ભાવનાપૂર્વક, જ્ઞાનપૂર્વક પુરુષાર્થથી કેળવવો પડે છે. જેમ જેમ એનો સ્વભાવ, એની પ્રકૃતિ, પ્રભુભાવના સંચાર માટે લાયક થતી જાય છે તેમ તેમ જ એનો શરણભાવ વધે છે. તે પહેલાંનો શરણભાવ તો એક માન્યતા જ છે, જીવનની નક્કર હકીકત નહિ. એના પુરુષાર્થનું ફળ અપાવનાર ચૈતન્યશક્તિ જ છે એમ પાછું દઢાવીને, પુરુષાર્થના કારણે આવી જતા અહંભાવને એણે ટાળવાનો છે, એ વળી બીજો પ્રશ્ન છે.

પ્રભુ જરૂર એને સહાય કરવા ઉત્સુક હોય છે, પણ તે કલ્પે છે તે રીતે સહાય મળી શકે નહિ. પ્રભુનો ઉપદેશ જીવનમાં મળતા પ્રસંગો દ્વારા અપાય છે, અને અનેક જાતના અનુભવ કરાવીને તે ઉપદેશ પાકો કરાવવાનો તેનો હેતુ હોય છે, એટલે જ પોતાની ભૂલ ક્યાં થઈ તે જોવા આંખ તત્પર હોય તે જ અનુભવ ઉપરથી શીખી શકે.

સર્વ ભાવે ને સર્વ રીતે શરણાગતિની ભાવના જ્ઞાનપૂર્વક સાધકમાં પ્રગટે, એટલે કે જો તેના આધારનાં સર્વ કરણો સર્વ પ્રકારની શુદ્ધિને પામ્યાં હોય તો બાળક જેમ પ્રકૃતિવશાત્ નિશ્ચિંતતાથી ને નિરાંતથી આનંદ માણતું માના ખોળામાં રહે તેવી, પણ પ્રજ્ઞાપૂર્વકની ભૂમિકા સાધકની બને તે વેળાએ—તેનું 'ઈશ્વર બધું સંભાળે છે'—તે હકીકતે સાચું ઠરે છે. તેવી દશા થયા પહેલાં સાધકે તેવું માનવાની ભ્રમણામાં કદી પણ પડવું નહિ; પરંતુ તેમાં સર્વ પ્રકારનો ઝોક પ્રભુની કૃપાનો એકમાત્ર સહારો લઈને તેનાં સર્વ કરણોની શુદ્ધિ થાય તેમાં જ એકાગ્ર ને કેંદ્રિત હોવો ઘટે. ('જીવનસંદેશ', આ.૨, પૃ. ૧૯૦ થી ૧૯૩)

* *

## ઉદાર માનસ

જેમ માનવીને ને પ્રભુને જોડનાર સૂક્ષ્મ દોરી પ્રભુકૃપા છે તેમ માનવી-માનવીને જોડનાર, સાંકળનાર, ઉદાર માનસ છે. પ્રેમ દુન્યવી જીવનમાં ઉદાર માનસના સ્વરૂપમાં અવતરે છે. કોઈની પણ વિશિષ્ટતાઓ, વિચિત્રતાઓ અને ઘૃણાજનક વિકૃતિઓ પણ પ્રેમથી સહન કરી લેવાની તાકાત ઉદાર માનસ વિના શક્ય ન બને, તે જ પ્રમાણે ઉદાર માનસ પણ પ્રેમ ન હોય તો અશક્ય બની જાય. આમ પ્રેમ અને ઉદાર માનસ પરસ્પરાવલંબી છે.

માનસિક ઉદારતા કે સહિષ્ણુતાનો અભ્યાસ આપણી સંકુચિત મનોદશાનો, સ્વાર્થવૃત્તિનો, મમત્વનો નાશ કરીને જીવન સાર્થક ને આનંદમય બનાવે છે. તે લાગણીઓના આવેશનું નિયમન કરે છે. શ્રેયસ્કર, આનંદપ્રદ અસરો આપણામાં ઉપજાવે છે તેમ જ સંબંધમાં આવતાં જીવોમાં પણ નિપજાવે છે. સહિષ્ણુતા યાને માનસિક ઉદારતા જેટલા અંશે કેળવીશું તેટલા પ્રમાણમાં ભગવાનના યંત્ર બનવાની ક્રિયામાં આપણે આપણી જાતને સહાયરૂપ બનીશું. આ ગુણથી બીજી ઉચ્ચ ભાવનાઓ ઝીલી શકવાની ને તેમને આપણામાં ભેળવી દેવાની શક્તિ સાંપડે છે.

અન્યના સ્વભાવને, વાણીને, જીવનદૃષ્ટિને, લાગણીને, માનસને, જીવનવ્યવહારને ટૂંકમાં અન્યના સમગ્ર વ્યક્તિત્વને સન્માન આપવું એનું નામ હૃદય-સૌજન્ય અથવા માનસિક ઉદારતા. જેટલા પ્રમાણમાં સાધકનો આત્મવિકાસ સધાયો હશે, તેટલા પ્રમાણમાં આ ગુણ તેનામાં મોખરે આવ્યો હશે. જીવનવિકાસની એ એક પારાશીશી પણ બની રહે છે.

માનસિક ઉદારતા હોવી એટલે બીજાના દોષોને અપનાવી લેવા એ અર્થ નથી. અનિષ્ટ પ્રત્યે ઉદાર મન એટલે તેની ઉપેક્ષા. પણ જો બીજાંઓ આપણા જીવનવિકાસની આડે આવી ઊભાં રહે તો તેમને નમી પડવું, ને તાબે થઈ જવું એ આ ગુણનું લક્ષણ નથી; ત્યારે તો શાંત, સબળ ને સફળ મક્કમ વિરોધ કરવો એ ઉદારભાવનું લક્ષણ છે. તે સાથે સાથે અનિષ્ટ ઈચ્છવા કે કરવા પ્રયત્ન કરનાર પ્રતિ ત્યારે જો તિરસ્કારની કે એવી કોઈ વૃત્તિ રહી તો ઉદાર ભાવનો લોપ થયો સમજવો. આ ભાવ જેના પ્રતિ રખાયો હોય તેનું પણ કલ્યાણ સાધે છે.

કેટલાક એમ માને છે કે ન્યાયપ્રિય માનવીને આવો ઉદારભાવ રાખવો પાલવી શકે નહિ. આ ભૂલ છે; કેમ કે માનવસમુદાયમાં દૃષ્ટિએ પડતાં સત્ય, સૌંદર્ય અને સૌજન્યના અનેક આકારો અને પ્રકારોમાં રહેલો ગુપ્ત સુમેળ જોવો ને સાધવો એ સાચી ન્યાયપ્રિયતાનું લક્ષણ છે. માનવીજીવનની પ્રત્યેક દિશામાં અમુક મર્યાદા તો રહેવાની જ. તેની અવગણના કરવી તે હિતકર નથી; પણ તેને સમજીને સહજભાવે નિભાવી લેવી એ સાચી ન્યાયપ્રિયતા છે. માનવીની અનેક પરિમિતતાઓને, વિચિત્રતાઓને ભગવાન સહી લે છે. ભગવાનની સૃષ્ટિનો મધ્યાહ્નનો સૂર્ય તે પ્રખર તેજસ્વી પ્રેમ છે તો ઉદાર ભાવ એ એનો ઉષઃકાળ છે. એને સૌ કોઈ, ઈચ્છે તો, નિહાળી શકે અને એમાં રાચી શકે.

હાર્દિક ઉદારતા બધાંનું શાંતિથી સાંભળે છે, સમજવા માગે છે; તદ્દન વિરોધી દૃષ્ટિબિંદુની પણ કદર કરવા મથે છે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૧૩૨ થી ૧૪૦)

*  *

# ઊર્મિનો સદુપયોગ

(અનુષ્ટુપ)

હૈયાની વેદના ઊંડી ભલે જાણે ન કોઈ છો,
વેદનાથી ઊંડો ભાવ શક્તિ જો પ્રગટાવશો-

વેદના તેવી તો કેવું અલભ્ય કામ આપશે !
કલ્યાણમૂળ એ એવી, જેને તે વેદના થશે.

ઊંડો આઘાત જ્યાં લાગે ભાવના તેથી જન્મશે,
ભાવના જોમને ત્યારે જોતરો સાધના વિષે.

કશાથીયે હૃદે ઊર્મિ જાગતાં કર્મ-સાધને,
વાપરી દેવી તે યોગ્ય, ઉપભોગ કરો ન તે.

ઊર્મિ તે શક્તિનું રૂપ આડફંટે લગાડતાં,
જાગૃતિ ચેતના ઓછી આપણી જાણજો તદા.

('કર્મગાથા', આ.૧, પૃ. ૬૮)

ઊર્મિ કે લાગણી, પ્રેમ, ભાવના, ભાવ સૌ બધું,
શક્તિ તે, કામ લેવાને આપણે જાણવું રહ્યું.

તેના સર્જક તો પોતે એવું ભાન રહ્યાં જતે,
સ્વતંત્ર ચેતના-શક્તિ આનંદ માણશે હૃદે.

કશું ના ભોગવી લેવું પોતાના ઉપભોગમાં,
આનંદ જે મળે તેને વાપરો શક્તિ સર્જવા.

('જીવનપગલે', આ.૧, પૃ. ૨૦)

* *

ઊર્મિ તો શક્તિનું રૂપ નકામી ના કદી ગણો,
વાળ્યાં જે કરશે ધ્યેય લ્હાણ તે પામશે ખરો.

ઊર્મિ જે શક્તિની નાની કેવી તે તો લહેર છે.
પિછાની શક્તિરૂપે ત્યાં એવી વાપરવી ઘટે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૭૩)

*　　　　　*

## ઊંઘ-નિદ્રા

સાધકની નિદ્રા નરી જડતાવાળી ન હોવી જોઈએ. તેમાંની સ્થૂળતા ઘટતી જવી ઘટે. નિદ્રામાં પણ જાગ્રત દશા પ્રગટી શકે છે. ઊંઘતાં હોવા છતાં અંતરમાં જાગૃતિ હોઈ શકે છે. આ પણ પૂરતું નથી. ઊંઘ પરનો સંપૂર્ણ જીવતો કાબૂ એને આવી જવો જોઈએ છે; એનો એ અર્થ નથી કે એ ધારે ત્યારે ઊંઘી શકે ને ધારે ત્યારે ઊઠી શકે—જો કે એ પણ નિદ્રા પરના કાબૂનો એક ગૌણ પ્રકાર છે. સાધનાના ગાળામાં એવો કાળ પણ પ્રગટે છે કે જ્યારે ઊંઘ સમૂળગી પણ જતી રહે છે; અલબત્ત તે કોઈ રોગને કારણે નહિ.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૦૩)

*　　　　　*

ઊંઘનો પ્રકાર સાધનાની પારાશીશીનું એક લક્ષણ બની શકે છે. જે પ્રકારનું કર્મ કરતા હોઈએ તેના પર ઊંઘનો આધાર છે. જ્ઞાનતંતુઓને ખેંચ જ્યાં વધુ રહે તેવી દિવસની જેની પ્રવૃત્તિ હોય તેને ૭ થી ૮ કલાક પણ ઊંઘ જરૂરી બની રહે. જ્યારે જે પ્રકારના કર્મમાં શાંતિ, પ્રસન્નતા હોય, સમતા હોય, વ્યવસ્થિતિ અને સુવ્યવસ્થિતપણું બધું હોય, રાગદ્વેષ ન હોય, કામ, ક્રોધ આદિ પ્રાણની પ્રવૃત્તિ ન હોય, અહંકારથી ભરેલાં કર્મ ન હોય; તેવાં પ્રકારનાં કર્મ જે જીવથી થતાં હોય તેવાને ઊંઘ ૪ થી ૫ કલાક પણ બસ થઈ રહે. જે જીવનું રોજિંદુ એકધારું સતત મનનચિંત્વન સાત્ત્વિક પ્રકારનું છે, તેની ઊંઘ તો તેનાથી પણ ઓછા કલાકની

સંભવી શકે છે. કેટલીક વાર અત્યંત ઉશ્કેરાટથી પણ મુદ્દલે યા ઓછી ઊંઘ થઈ જાય છે. જે જીવને ઓછામાં ઓછી ઊંઘથી પોતાના જ્ઞાનતંતુનું સમારકામ—પ્રગટી ગયેલા સાત્ત્વિક ગુણોને લીધે—થએલું અનુભવાય છે, તેવા જીવને ઉત્તમ પ્રકારનો જાણવો. ઊંઘ એ જ્ઞાનતંતુના સમારકામ માટે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૩૭-૩૮)

*　　　　　　*

ઊંઘના માત્ર કલાક, બળપૂર્વક ઘટાડવાથી ફાયદો નહિ થાય, એટલું જ નહિ પણ બગાડો થશે. તેના કરતાં તો દિનભર શાંતિ, પ્રસન્નતા, અંતર્મુખતા આદિ દૈવી ગુણોની વૃદ્ધિ તથા મનનચિંત્વન પ્રતિ ખાસ ધ્યાન દેવાવું જોઈએ. તમસ અને રજસ પ્રકારનું ગુણનું ધોરણ ઘટીને સાત્ત્વિક પ્રકારનું પ્રગટે તેમ કરવું જોઈએ. આવું બધું કરવાથી ઊંઘમાં જે ફેરફાર થશે તે ઉત્તમ હશે. જેના આધારની સમગ્ર ભૂમિકા પ્રભુમય દશામાં પ્રગટવા માંડી છે, પ્રભુ પર જેનાં શ્રદ્ધા, વિશ્વાસ અટલ છે ને જેના જીવનમાં તે પરત્વેની એકાગ્રતા પ્રગટેલી છે, તેવાને પણ ઊંઘ સાત્ત્વિક પ્રકારે ઓછી હોઈ શકે છે. જીવનમાં સંપૂર્ણપણે આત્મનિષ્ઠાનો ભાવ પ્રગટી જાય છે, ત્યારે ઊંઘનો સ્થૂળ પ્રકાર સંપૂર્ણ બદલાઈ જાય છે. એ ઊંઘતો હોવા છતાં ઊંઘતો નથી.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૩૯-૪૦)

*　　　　　　*

કેટલાકની શરીરપ્રકૃતિ જ એવી હોય કે આહારની જેમ ઊંઘ ઓછી યા વધતી હોય. આ કારણથી સાધકે ઊંઘની બાબતમાં સ્થૂળપણે વિચારવાનું કર્યા કરતાં પોતે પોતાના રોજિંદા જીવનમાં ભગવાનના ભાવને કેટલો વધારે સમય ધારણ કરી શક્યો છે, તે

એની આગળ એક ભારે મહત્ત્વનો વિષય હોવો ઘટે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૪૦)

*                    *

ઊંઘ પર જેનો ચેતનપૂર્વકનો સંયમ પ્રગટે છે, તે ઊર્ધ્વરેતસ્ થઈ શકે છે, એટલે કે એવા પ્રકારની સંભવિતતા એનામાં જન્મે છે. ઊંઘની જરૂર શરીરને છે. જ્યારે સતત ગંગાના પ્રવાહના જેવા ભાવપ્રવાહમાં જ્ઞાનપૂર્વક આપણી જીવનધારા પ્રગટતી હોય છે, ત્યારે શરીરનું સ્થૂળપણું તેમાં વચ્ચે આવી શકતું નથી. જ્યારે ભાવ જાગતો કે જાગેલો હોય છે, ત્યારે અમુક કાળ પૂરતી ઊંઘ મુદ્દલે પણ ન હોય એવું બને ખરું. ઘણી આગળની કક્ષામાં ઊંઘ વેળા નસકોરાં પણ બોલતાં હોય, શરીર પણ નિશ્ચેષ્ટપણે પડેલું હોય, પણ માંહીથી જાગૃતિ રહ્યાં કરતી હોય એમ પણ શક્ય બને છે. તે પછીથી તો ઊંઘ ઘણી જાણે ગાઢી હોય ને મડદાના જેવી ઊંઘ પણ હોય, તેમ છતાં માંહેલી ચેતનયુક્ત જાગૃતિ તો જીવતીજાગતી જ હોય તેમ પણ બનતું હોય છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૪૧)

*                    *

સાધના કરતી વેળા ઊંઘ આવી જાય છે, તેનું કારણ તો એટલું જ કે હજી આપણને આપણી ઈચ્છાશક્તિનો યોગ્ય ઉપયોગ કરતાં આવડ્યું નથી. જેમ ચપ્પુની કે તલવારની ધાર ઘણી વાર વાપર્યે જળવાઈ રહે છે તેમ આપણે આપણી ઈચ્છાશક્તિનો, સંકલ્પબળનો સાધનામાં ઉપયોગ કરીશું અને આપણી ભાવનાનો વિકાસ થાય એ હેતુના ખ્યાલ સાથે તેનો નિત્યના વ્યવહારમાં પણ ઉપયોગ કરતાં રહીશું તો સાધના કરતાં કરતાં જે ઊંઘ આવે છે તેને આપણે અટકાવી શકીશું.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૪૧)

તને હમણાંની ઊંઘ ઘણી વધારે આવે છે, તેનું કારણ આળસ અને તમસ ગણાય. તારી ઘટનામાં ઊંઘનું કારણ શરીર જણાય છે. અત્યંત તામસિક જડતાને કારણે પણ ઊંઘનો એવો હુમલો હોય અથવા તો જ્ઞાનતંતુઓની નબળાઈ થઈ જવાથી પણ કેટલાકને તેમ બને ખરું. કેટલાકની બાબતમાં તેમની અમુક સહજ કુદરતી વૃત્તિઓને દબાવવાનું બનતું હોય અથવા તેનું જે પ્રકારનું સહજ વ્યક્ત થવાપણું હોય, તેવી રીતે તે ના થતું હોય અને તેથી કરીને એક પ્રકારની વિકૃતિ પણ થાય છે, તેને પરિણામે પણ ઊંઘ વિશેષ આવતી હોય છે. ('જીવનસોપાન', આ.૧, પૃ. ૬૬-૬૭)

* *

## કર્મસાધનાના મુદ્દાઓ

(૧) સતત પ્રભુસ્મરણ સાથે ભાવનાને કર્મમાં ઉતાર્યા કરવી ઘટે, કે જેથી ભાવના વધુ ને વધુ જ્વલંત, પ્રાણવાન, ચેતનપ્રદ ને ધ્યેયની ઝંખનાવાળી સાકાર બનતી જાય.

(૨) તે તે કર્મની પાછળ આપણી સાથે 'કોઈક' ઊભું છે, એવી અનુભવથી નિષ્ઠા સાધકની કેળવાતી જતી હોવી જોઈએ.

(૩) તે તે કર્મના, ઓછામાં ઓછું, આદિ, મધ્ય ને અંતમાં સમર્પણની ભાવના જીવતી રહેવી ઘટે.

(૪) તે તે કર્મના ફળ કે પરિણામની તો આશા સાધક કદી સેવે જ નહિ,—એનો અર્થ એમ નથી કે પરિણામ નથી. કર્મના કર્તૃત્વપણાનો ખ્યાલ પણ જવો જોઈશે.

(૫) કર્મ માત્ર સ્વ-જીવનના વિકાસાર્થે મળેલું છે. ઘડાવાની ને ભાવનાને સાકાર કરવાની તક રૂપે તે છે. બીજા કોઈના ખ્યાલ તેમાં ન હોય; બીજું તો ત્યાં નિમિત્તમાત્ર છે.

(૬) તે તે કર્મ કરતાં પહેલાં કે પછી એના વિચારો ન ઉદ્ભવવા જોઈએ; આવે તો મનને સમજાવીને એનાં કારણો

તપાસવાં ઘટે ને પછી તેમાંથી મુક્ત થઈ જવું જોઈએ. કર્મ કરતાં જે આપણી ઊણપો, દોષો વર્તાય તેમાંથી, વેળાસર મોકળા થઈ જવાનો દૃઢ નિર્ણય પ્રગટી જાય.

(૭) તે તે કર્મ વેળા તે આત્મકલ્યાણાર્થે જ થયાં કરે છે ને પ્રભુનું કામ હોઈ આપણું રૂપાંતર થવા માટે છે, એ ભાવ સતત રહેવો જોઈએ. કર્મ કરતાં કરતાં જો આપણું રૂપાંતર ન સધાયાં જતું હોય તો તે કર્મનો આપણા માટે કંઈ અર્થ સરતો નથી.

(૮) કર્મમાં તાદાત્મ્યતા હોવી એ એક વાત છે ને તેમાં ડૂબી જવાપણું હોવું, તે જુદી વાત છે. ડૂબી જવાપણામાં સ્વભાવવશ વર્તન છે. જ્યારે તાદાત્મ્યતામાં જ્ઞાનપૂર્વકની જાગૃત ચેતના રહેતી હોઈ આપણે તે પ્રગટાવવાની છે.

(૯) કર્મમાં ધાંધલિયાપણું, રઘવાટ, ઝટ અંત આણવાની અધીરાઈ, યદ્વાતદ્વાપણું, અશાંતિ, અવ્યવસ્થિતિ, બોજો લાગવાપણું, ઉડઝૂડિયાપણું, શુષ્કતાપણું, બેળે-બેળેપણું, બેપરવાપણું, બેદરકારીપણું, બીજાં કામોનો માથે ભાર ત્યારે હોવાપણું આદિ મુદ્દલે ન હોવાં જોઈએ.

(૧૦) જે જે કર્મ કરવાનું હોય એના હાર્દનો ને સર્વાંગીપણાનો તાદૃશ ખ્યાલ સાધકને જાગી જવો જોઈશે. તે તે કર્મ સાથેનું જે જે સળંગપણે થવાનું કે જાળવવાનું હોય તે બધું તે કર્મ સાથે થવાવું કે જાળવવું જોઈએ, નહિતર તે કર્મ બધાં અધૂરાં થયાં જ કરવાનાં.

(૧૧) જે તે કર્મમાં સાધકે વિવેકશક્તિ, બુદ્ધિ, સમતોલપણું, તાટસ્થ્ય, આયોજન, નિયોજન, આકલનશક્તિ આદિ બધાંનો ઉપયોગ કર્યાં કરવો જોઈશે.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૬૨ થી ૬૮)

*          *

## કર્મ-મહિમા

(અનુષ્ટુપ)

કામ તો આદ્ય શક્તિ છે, ચેતના-શક્તિ કામ છે,
કામ તો પ્રાણદાતા છે કામથી કામ સૌ રળે.

કામ દાક્ષિણ્ય પ્રેરે છે જીવને શું રસાત્મક !
કામ ઔચિત્યનું ભાન જગાડે ભાવપ્રેરક.

સૂક્ષ્મતા બુદ્ધિમાં આવે કામ યોગ્ય કર્યાં કર્યે,
કર્મ-કૌશલ્ય જન્મે છે કામ સદ્‌ભાવથી કર્યે.

કામ તે કામ ના ખાલી જીવન પ્રેરનારું તે,
કામ ના હોત તો ક્યાંથી હોત આ ઘટમાળયે !

કામ તો કામધેનુ છે કર્મ કલ્પતરુ ખરે;
કર્મમાં હેતુનું જ્ઞાન જે રાખે શ્રેય મેળવે.

રૂડા પ્રસંગ શા દે છે કર્મ જીવનમાં સદા !
કર્મથી જે મળે બોધ બીજાંથી તે મળે જ ના.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૮૪-૮૫-૮૭)

(વસંતતિલકા)

ના હોત કામ, જગ થાત પ્રવેશ કેમ ?
ના હોત કામ મળતે કહીંથી જ વેગ ?
ના હોત કામ સ્ફુરતે ઉર - પ્રાણ ક્યાંથી ?
ના હોત કામ જગ હોત ન પંડ પોતે.

એ કામ એક કણથી કંઈ લાખ આપે,
એ કામ પથ્થર થકી પ્રભુ-મૂર્તિ થાપે.
છે કામ ઊર્મિ, રસ, રંગ જમાવનારું,
છે કામ શક્તિપ્રદ ચેતન પ્રેરનારું.

જો કામ છે, બધુંય છે, નવ કર્મ, કૈં ના,
આધાર કામ હૃદમાં સહુ રીત પ્રોવા;
છે કામ સાધન જ પ્રકૃતિ જાણવાને
છે કામ ભાવ પ્રભુનો જગ રેલવાને.

જે કામ ચિત્ત, મન બુદ્ધિ શમાવવાને,
તે કામ અંગ સહુ ચેતન ધારવાને.

છે કામ દિવ્ય પ્રભુ ! આહુતિ યજ્ઞની જે,
તે કામ જ્ઞાન પ્રભુભક્તિ કરાવવાને.

('કર્મગાથા', આ.૧, પૃ. ૪૯ થી ૫૧)

(અનુષ્ટુપ)

કામ પ્રત્યક્ષ શાળા શી પોતાને ઘડવા તણી !
કામમાં દૃષ્ટિ ને વૃત્તિ એવી સંપૂર્ણ રાખવી.

જીવતોજાગતો કોઈ ગુરુ જો હોય ક્યાંય તો,
કામ પોતે જ એવો છે સર્વોત્કૃષ્ટ ગુરુ ખરો.

કામથી વિશ્વ જન્મે છે કામ વિશ્વ સમાય છે,
પોષાતું કામથી વિશ્વ કેવું, અદ્‌ભુત કામ તે !

ચેતનાશક્તિ પ્રેરાવે ઊંડી જીવનમાં સદા,
સંધાવે ચેતના-તાર કામ શા એકમેકમાં !

પ્રદેશ એકથી એક જુદા કામ બતાવતું,
'મનોદશા શી પોતાની' કામથી સૂઝી આવતું.

કામને સાધનારૂપે ગણી જે કામને કરે,
અવતાર નવો એનો જન્માવે કર્મ નિશ્ચયે.

કામ આકાર દેવાને, ચેતના-શક્તિ કાજ છે,
શું પરાત્પર છે કર્મ ! કામ તો વ્યક્ત ઈશ છે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૮૭-૮૮-૮૯-૨૧૪)

## કર્મ-સાધના

સાધકે કર્મને માત્ર કર્મ તરીકે જોવાનું, ગણવાનું નથી. તે કર્મ કરતાં કરતાં આપણી ભાવના કેવા પ્રકારની જીવતી રહે છે, તે મુખ્ય બાબત છે. આથી કર્મને કરતી વેળા હૃદયમાં ભાવનાનો ઓઘ ઊછળતો રહે, આનંદ પ્રગટ્યા કરે, કર્મના સંપર્કને ને સંબંધને લઈને જે જે સ્વજનોના અને વ્યક્તિઓના સમાગમમાં આવીએ તેમની પરત્વે હૃદયનો સમભાવ કેળવીએ. સદ્‌ભાવમાં સર્વ સાથે વર્તી શકીએ તો કર્મ કરવામાંથી આપણો જીવનવિકાસ સધાયે જવાનો છે. કર્મને શુષ્કપણે કરવાથી તો જીવન ઊલટું કચડાવાનું છે. ('જીવનસોપાન', આ.૧, પૃ. ૧૬૮)

* *

આ જીવનમાં જે જે મળેલાં છે, તે આપણાં પોતાનાં જ કર્મવલણને અંગે મળેલાં છે. તે જીવો સાથે આ જન્મે પણ તેવા સ્વભાવે જ જો વર્તવાનું બન્યું તો તે પાછું ઊભું રહેવાનું. એની અનંતતાનો કદી પાર ન આવે. તે બધાં મળેલાં છે કર્મપ્રારબ્ધ પૂરું કરાવવા એમ સમજીને તેમની સાથે જીવસ્વભાવે ન વર્તતાં ભગવાનધારણાએ તેમની સેવા એ ભગવાનની સેવાભક્તિ છે; એવા પ્રકારની જ્ઞાનભક્તિપૂર્વકની જીવતી ધારણા રાખીને વર્તાયાં કરાય તો આપણા જીવનની ગતિ ઊંચી થયાં કરે. સંસાર તપશ્ચર્યાની યોગ્ય ભૂમિકારૂપે આપણને મળ્યો છે. સંસાર સાંસારિક રીતિએ જીવવાનો ન હોય, પરંતુ જીવનવિકાસની ભૂમિકારૂપે એનો જ્ઞાનપૂર્વક ઉપયોગ કર્યાં કરવાનું બને તો જીવનું કલ્યાણ જ છે. કલ્યાણ ક્યાંયે બહાર નથી.

* *

કર્મમાત્ર છે જીવનને પ્રેરકપણે ઉઠાડવા કાજે, ચેતાવવા કાજે; પછી તે કર્મ નાનું હોય કે મોટું હો. તેના પ્રકાર સાથે નિસ્બત ન હોય. કર્મને એવી રીતે કરવાનાં હોય કે જેથી દ્વંદ્વાત્મક વૃત્તિઓ મોળી પડે. કર્મમાં પોતાનામાં શક્તિ નથી, પરંતુ કર્મ કરતી પળે એ કર્મના હેતુનું પ્રાગટ્ય તેમાં પ્રગટાવીને તેમાં જે ભાવના રેડાય છે, તે ભાવનામાં શક્તિ રહેલી છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૯૦-૯૧)

*　　　　*

સદ્‌ગુરુ તરફથી આપણા ભાગે આવેલું કાર્ય હૃદયના ઉમળકાથી, ઉમંગથી, આનંદથી જો ન કરી શકાયું તો તો પછી એમનું લાખો ગણું કામ કર્યાં છતાં તે આપણા વિકાસાર્થે કશા જ ઉપયોગનું નીવડવાનું નથી. પોતાના સ્વભાવ ને પ્રકૃતિની રીતે કર્મો કર્યાં કરવાથી ઊંચે પ્રગટી શકાવાનું નથી; પરંતુ તે કર્મ સદ્‌ગુરુનું કર્મ સમજીને તેવા કર્મમાં જ્ઞાનપૂર્વક ઉત્તમ કળા પ્રગટાવીને, સાંગોપાંગ પાર ઉતારીને તે બધું પાછું પ્રેમભાવે એને જ સમર્પણ કર્યાં કરવાનું જીવતું ભાન પ્રગટાવીએ, તો તેવાં સોંપાયેલાં કર્મ પણ યજ્ઞસ્વરૂપે પ્રગટ્યાં કરે; ને એવી રીતે ને એવી ભાવનાએ કરાયેલાં યજ્ઞકર્મ જીવનની પ્રકૃતિને પલટાવવાને શક્તિસ્વરૂપે બની જતાં હોય છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૬૦-૬૧)

*　　　　*

## કર્મ-સાધના

(અનુષ્ટુપ)

નિરાળું આપણું કામ બધાંયે કામથી ઊંડું,
થતાં સૌ કર્મમાં એને આપણે પામવું રહ્યું;

થતું હોય નહીં જો તે, કર્મ તો કર્મ-બંધન,
દેખીતું શ્રેષ્ઠ છો હોય, આપણા કામનું નથી.
('જીવનપગલે', આ.૧, પૃ. ૨૧)

'જે જે કામો કરો તે તે પ્રભુની શક્તિથી કરો,'
હૃદે સૌ ધારણા એવી જીવતી ત્યાં જગાડજો.

જે જે કામો કરંતા હો પ્રભુને કાજ સૌ થતાં,
દિવ્ય ઊંડો હૃદે ભાવ ધર્યા જવો જ કર્મમાં.

ખાલી ખાલી હૃદે એવું ધારવાનું ન તે કરો,
કિંતુ તે ધારણામાંહી ચેતના-પ્રાણ આણશો.

એકલું કોરું તે કર્મ કર્યા જો કરશો તમે,
પ્રકૃતિનું તમોમાંની તો રૂપાંતર ના થશે.
('કર્મગાથા', આ.૧, પૃ. ૧૦૧-૦૨)

જે જે સૌ મળે છે તે કર્મનું પરિણામ છે,
કર્મને તરછોડ્યાથી કર્મ ના છૂટી જાય છે;
કિંતુ જે કર્મને એનાં હોય જે વલણો વડે
—ભોગવે કર્મને, પાછું વધાર્યાં ઊલટું કરે.

કર્મનાં વલણોને જે જીવને રચનાત્મકે
—વાળવાનું કરે, તેવો મેળવે કર્મ-તત્ત્વને.

તાટસ્થ્ય, સ્થિરતા, હૈયે શાંતિ, ઊંડી પ્રસન્નતા,
સર્વ કર્મ કરાતાં ત્યાં રે'વાં ઘટે પૂરેપૂરાં.

ઘણાં કામ ભલેને હો લાગવા ભાર દ્યો ન ત્યાં,
એક એક કરીને સૌ પાડવાં પાર તે પૂરાં.

નિશ્ચળ, નિશ્ચયી ખંત ધાર્યાં ઊંડી કરો હૃદે,
જીત્યા વિના કશુંયે તે મૂકી દેવું ન આપણે.

શક્તિ ને પ્રેમનો ભાવ સાધનાથી જો ન વધે,
ઘરેડની પ્રમાણે તો થયાં કરેલું જાણજો.

('જીવનપગલે', આ.૧, પૃ. ૩૮, ૯૫, ૯૬, ૯૭)

જાણવાં સર્વ કર્મોને ભૂમિકાને દૃઢાવવા,
તે રીતે જીવને કર્મો રે'વું આચરતાં બધાં.

('જીવનપગલે', આ.૧, પૃ. ૧૧૦)

(વસંતતિલકા)

ના કામ મુખ્ય, પણ કામની ભાવના છે,
એ સૂરને સતત જાળવી રાખ હૈયે;
છે ભાવની બઢતી કાજ જ કામ સર્વ,
એ લક્ષ ચિત્ત ધરી કામ કરો બધાંય.

સૌ કામ છો પણ કરો, નવ રાગ રાખો,
તે તે થતાં હૃદયમાંહિ તટસ્થ વર્તો;
થાતાં, થયા પછી, અને પહેલાંય વર્તો
-જાણે ન હોય મન કાંઈ જ લેવુંદેવું.

'સર્વસ્વ શક્તિ મુજ નિશ્ચય વાપરીશ,
ધાર્યું ગમે ત્યમ કરી પણ મેળવીશ;'
વિશ્વાસ એમ હૃદયે દૃઢ કેળવીને,
આગે બઢ્યા નિત કરો નિજ કામ સાથે / ધ્યેય-લક્ષ્યે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૬૩)

(અનુષ્ટુપ)

કર્મ પ્રયોગની શાળા / કર્મ પ્રયોગશાળા છે જ્ઞાન ઉદ્ભાવવા હૃદે,

કર્મને આચરે જે કો એ રીતે, જ્ઞાન મેળવે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૬૩)

## કર્મમાં સારાનરસાપણું

શરીર રહે છે ત્યાં સુધી એને સારું તેમ જ નરસું કર્મ, બન્ને પ્રકારનાં કર્મ, મળ્યાં કરવાનાં. બન્નેમાં સાધકે ધારણા તો પોતાની ભાવના-સમજણની જ કર્યાં કરવાની છે. ન તો સારાને જોવાનું છે કે ન તો નરતાને. તે બન્ને માત્ર ગુણની લીલા છે. તેવાં કર્મ જીવનને વિકસાવવાને મળેલાં છે, એટલે કે મનને શાંતિ, સમતા, તટસ્થતા, સાક્ષીપણું, ધીરજ, સહિષ્ણુતા, ઉદારતા, વિશાળતા, પ્રેમભાવના આદિ દૈવી સંપત્તિના ગુણો કેળવવા કાજે તે તે મળ્યાં કરે છે, એવો હેતુ જો જીવ પ્રત્યેક કર્મમાં જીવતો રાખી શકે તો સારાં કે નરસાં કોઈ પણ કર્મ તેને બંધનકર્તા નથી નીવડતાં. તે તે કર્મમાંથી તે જીવ પોતાના જીવનનો હેતુ જ ફળાવતો જતો હોય છે, ને એમ દરેક કર્મ એના જીવનને ફળાવનારું બની જાય છે. જેમ વેપારીને ત્યાં અનેક પ્રકારના સારાનરસા સ્વભાવના ઘરાકો આવે છે; પરંતુ તેઓ સાથે એને નિસ્બત છે માત્ર કમાવાની જ; તે તેઓના સ્વભાવને મહત્ત્વ મુદ્દલે દેતો નથી; પરંતુ કમાવાનો હેતુ લક્ષમાં રાખીને સારા કે નરસા પાસેથી તે પોતાનો હેતુ સાધી લે છે. તેવી રીતે જે સાધક પોતાને મળતાં રહેતાં સારાં કે નરસાં કર્મમાંથી એકમાત્ર પોતાના જીવનનો હેતુ જ ફળાવી શકવાના એકતાનમાં રહે છે, તેવા જીવને કર્મનું સારાપણું કે નરસાપણું નડતું નથી. એ તો માત્ર સમજે છે તેમાં તેમાંથી પોતાના જીવનહેતુને ફળાવવાનું; અને તેવો હેતુ ફળાવવાનું શરીર વિના શક્ય નથી.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૮૭-૮૮)

## નઠારું, સારુંનરસું

(અનુષ્ટુપ)

સારા કે નરસા કેરું આપણે કૈં ન ચિંત્વવું,
પરંતુ સર્વમાંથીયે ભાવને નિત્ય પ્રીછવું.

સારા ને નરસા કેરું રહેતું દ્વંદ્વ સદા જગે,
જીવને પાર તેનાથી પ્રભુભાવે થવાનું છે.
નઠારું તે નઠારું ના જો પ્રભુભાવ ત્યાં હશે,
'દ્વંદ્વની પાર એ રીતે જિંદગીમાં થવાનું છે.

દ્વંદ્વમાં તે પ્રભુભાવ જો રાખી ન શકાય તો,
દ્વંદ્વથી શી રીતે પાર થવાના પછી જીવને ?
'દ્વંદ્વની વૃત્તિ તે દ્વંદ્વે રાખવાની ન જીવને,'
એકધારું ઊંડું એવું ભાન તે રાખજો હૃદે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૫૮, ૧૬૪-૬૫)

(ગઝલ)

નઠારું જે ગણે લોક રહે ત્યાં ઈશની શક્તિ,
નઠારાનોય આધાર લઈ શકશે પ્રભુ-શક્તિ.

નઠારાને નઠારું તે ન માનો કોઈ સૌ રીતે,
નઠારાને નઠારી તે રીતે ના ભોગવો ક્યાંયે.
નઠારાને લઈ તાબે પૂરેપૂરું જીવનતત્ત્વે,
રૂપાન્તર તો થવા એને અનેરી શક્યતા ત્યાં છે.

નઠારું ના નઠારું છે નઠારું એકલું કદીયે,
અને નીરખાતું 'સારું' જે, ન સારું એકલું કદી છે.
થવાનું આપણું જેવું સતત તે ભાવ હૈયાનો
–'નઠારું' 'સારું' બન્નેમાં પરોવીને પ્રભુ ભજવો.

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૨૦, ૧૩૧)

*  *

## ગમે તે હો ભલે ક્ષેત્ર

(અનુષ્ટુપ)

કોઈ ક્ષેત્ર પ્રભુ-ભાવ વિનાનું વિદ્યમાન ના,
જેમાં-તેમાં પ્રભુ હૈયે લક્ષ પ્રવેશવું સદા.

ગમે તે હો ભલે ક્ષેત્ર બાંધનારું ન તે ગણો;
સારું ખોટું હૃદે એને જાણવાનું ન રાખશો.

ખોટું હોવા છતાં એની સાથે શી હોય નિસ્બત ?
એમાં ના પરોવાનું આપણે રાખવું દિલ.

દેખા ખોટુંય જે દે છે, એમનું એમ તે કદી
—જીવને આવતું ના કૈં, આવે તે કૈંક હેતુથી.

હેતુનું જ્ઞાન તે વેળા તેવામાં જેમને સ્ફુરે,
ખોટાની માંહીથી સત્ય બોધ એને થયાં કરે.

ખોટું ના એકલું ખોટું સારું તેમાંય હોય છે,
સર્વના કર્મને તેથી તે રીતે જોવું ત્યાં હૃદે.

બધું જે તે ભરેલું છે પ્રભુના ભાવથી નર્યું,
તેથી પ્રેરાઈ ત્યાં હૈયે પ્રભુ-ભાવેથી વર્તવું.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૬૩-૬૪)

* *

કાર્ય સાત્ત્વિક છો હોય, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હોય છો,
ચેતના-શક્તિનું ભાન જાગેલું જો ન હોય તો-

જ્ઞાનયુક્ત હૃદે ભાવ કર્મ સૌ કરતી પળે-
જેને રહે ન, તેવા સૌ અવિદ્યામાં રમ્યા કરે.

સંસારી લોકની કક્ષા થકી તે લોક ઉચ્ચ છે,
કિંતુ ત્યાં ઠામના ઠામ એવા તો વિરમી રહે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૬૯)

*  *

નિંદ્યમાં નિંદ્ય હો કર્મ તેમાંયે શુભ તારવી
-કલ્યાણ-ભાવના પોષ્યાં જે કરે, શ્રેય તે વરે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૦૧)

ભાવ-વિહોણું જે કર્મ, કર્મ તે કર્મ-બંધન;
ભાવયુક્ત થતાં કર્મ, કર્મ તે મુક્તિ-પ્રેરક.

('જીવનસોપાન', આ.૧, પૃ. ૧૪૦)

પોતાની પ્રિય વસ્તુના વિના હૈયું ન કૈં ચહે,
ભક્તિ અહૈતુકી તે, જે એકલી પ્રભુને ચહે.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૧૫૦)

*  *

## કસોટીનો મહિમા

કસોટીકાળે પુરુષાતન દાખવીને સાહસ, હિંમત, ધીરજ આદિ ગુણોથી પ્રેરાઈને જે ટકી રહેવાનું કે વિકાસ પામતા જવાનું કરે છે, તેવો જીવ કદી તેમાં ગૂંચવાતો નથી, ગભરાતો નથી, મૂંઝાતો નથી. કસોટી પ્રકટે છે, આપણા જીવનની સાચા ખમીરની પરીક્ષા કરાવવા. કસોટીમાં જે જાગતો ને જીવતો રહ્યો તે જીવી ગયો જાણવું. આ કાળ ચેતવવા માટે છે, સતત જાગ્રત રહેવા માટે છે. કસોટીમાં જે જીવ આનંદની ઉત્કટ માત્રા જાળવી રાખે છે, તેવો જીવ દુઃખની અનંત હારમાળાથી પણ પછી કશા આંચકા અનુભવી શકનાર નથી. કસોટી તો જીવનને કસી જોવાની કસોટી છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૦૦-૨૦૧)

*  *

કસોટીની પળોએ જે ભગવાનને પોકારે છે, ભગવાનની ભક્તિ કરે છે, ને એવી આકરી કસોટીના પ્રસંગોમાં પોતાના જીવનઘડતરનો જ્ઞાનપૂર્વકનો ભગવાનના હેતુનો જેને ખ્યાલ રહે છે તેવો જીવ ભગવાનને પામી શકે છે. જીવનમાં એકધારા સરળતાના પ્રસંગો હંમેશાં મળ્યાં કરે એવું કદી બનનાર નથી. કસોટીમાં જે મરજીવો બને છે, તે ઈશ્વરનો સાચો બંદો છે. આપણે તો એના બંદા બનવું છે ને ?

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૦૧)

## કસોટી

(અનુષ્ટુપ)

<u>વેદના</u>
કસોટી પ્રભુની એ તો અમોલી ભેટ-દાન છે.

એને જે કો નકારે તે પ્રભુતા પામી ના શકે.

કસોટી પાર થાનારો એને જો સમજ્યા કરે,
એવો જીવનનું પામે રહસ્ય કોક દિ' ખરે.

સંદેશ દુઃખ હા !
માનવી-જાગૃતિ માટે દૈવી કસોટી શી અહા

દુઃખ નાખે
દયા લાવી પ્રભુ આપે તે તો સૌને જગાડવા.

## કાવ્ય, આત્માનું કથન

(ઝૂલણા)

હૃદયની ભાવના આપમેળે સ્ફુરી, જીવન-આવિર્ભાવે ઠરે જે,
જીવન જે કાવ્ય છે, કાવ્યમાં કલ્પના, ખાલી કોરી રહે ત્યાં ન સ્હેજે.
હૃદયની ભાવનાથી થતાં કર્મ જે, કર્મ તે કાવ્ય સાકાર રૂપે;
પ્રેમ-ભક્તિ થકી જ્ઞાનહેતુ થકી સૌ સમર્પ્યે બને, કાવ્ય તે છે.
કાવ્યની કલ્પના નોખી જે જીવનથી હોય ના કાવ્ય તે કાવ્ય જાણો;
'કાવ્ય તો આત્મનું કથન છે' જાણવું તે વિના જ બધું, અર્ધકચરું.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૮૨)

## નામસ્મરણ

(ઝૂલણા)

જો જરા ઊતરી કૈં ઊંડું ત્યાં જુઓ, નામરૂપે બધુંયે જણાશે;
'નામ' વિણ કૈં કશું વિશ્વમાં શું દીઠું ? નામ સર્વસ્વ જ્યાં ત્યાં બધેયે.
માનવીમૂર્ખતા ક્ષુદ્ર કેવી દીસે ! ત્યાગ મિથ્યાત્વનો કેમ આવે ?
સૂર્યની આગળે આગિયો ક્ષુદ્ર છે, તેથીયે તે વધુ નામ આગે.
જાનમાં ઓળખે કોઈ પણ ના છતાં, ફોઈ વરની થઈ ખૂબ મ્હાલે;
ભારનો પોટલો માનવી શિર લઈ, વરની મા ના, છતાં મ્હોડ ઘાલે.
નામની નથમહીં હૃદય નથ્થઈ જતાં દોરશે નામ ત્યાં આપમેળે,
કંઈ કશો ભાર ના કૈં જ ચિંતા ન ત્યાં દિવ્ય નિશ્ચિંતતા નામખોળે.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૧૧૦-૧૧)

## શ્રીગંગાચરણે (ચેતનને ઉદ્દેશીને દ્વિઅર્થી શ્લોકો)

(શિખરિણી-મંદાક્રાન્તા)

ગતિ તારી કોઈ પરખી ન શક્યું, માપી કોઈ શક્યું ના,
તને હૈયે જોવા નિજ બનવવા વીરલા કોક ફાવ્યા;
મહા મોંઘામૂલું તુજ રસ તણું કેન્દ્ર-બિંદુ પમાવું;
મહામાયા માડી ! શરણ મુજને રાખજો, પાપી હું છું.

સદા ઢંકાયેલું તુજ મૂળ રહે; ક્યાંથી તું નીકળે છે
—પૂરેપૂરું કોઈ મથન કરતાં, શોધતાં, હાર પામે;
છતાં તારામાં મા ! સકલ જનની દૃષ્ટિ ખેંચાતી રે' છે,
તને જોતાં કેવું મન પીગળતું પ્રેમના મુગ્ધભાવે !

અહા ! શી લાગે જ્યાં શીત, ભય, નર્યો ઝંપલાવાનું થાતાં !
જતી જાણે લાગે હૃદયથી અરે ! ખૂટતી હામ શી ત્યાં !
છતાં તે વેળાએ, મન-હૃદયથી હામ બે હાથમાં લૈ
—મૂક્યું જો માનામાં પડતું, પછી તો ઓર આનંદ વ્યાપે.

ભલે લાગે જુદાં જનની ! તુજ તે મૂળ ને મુખ બન્ને,
છતાં જોડાયેલાં ઉભય તુજ તે ચેતનાના પ્રવાહે,
વસે બન્નેમાં તું, ઉભય સ્વરૂપે એકની એક મા ! તું,
છતાં તારું થાયે સકળ સ્થળમાં દૃશ્ય મા ! જુદું જુદું !

બનીને તારાં જે શરણ રહીને પંથ કાપ્યાં કરે છે,
ભલે ભૂલે તેવાં પણ કરી કૃપા પંથ લે પાછી એને;
નહિ ખોવાવા તું કદીય પણ દે મા ! કરુણાળુ એવી,
ભૂલેલાંની લે મા નીરખી-નીરખી પ્રેમ-સંભાળ ઝાઝી.

જતાં તારે પંથે જન નીરખિયાં, પાગળાં ને અશક્ત,
'ચઢાવે લૂલાંને ગિરિ તુજ કૃપા' ઉક્તિ તે ભાળી સત્ય;

જનો કોઈ એને કવિ-મન તણી કલ્પના ખાલી માને,
પરંતુ જેઓને અનુભવ થયો હોય તે સાચી જાણે.

થતાં પૂરો પંથ જહીં નીરખતાં ત્યાં જતાં તે અધૂરો
—વધારે ઊંચો ને કઠણ અઘરો આવી ઊભો રહે શો !
થયું જાણે પૂરું ચઢવું તહીં તો દૂરનું દૂર ધામ
—જતું જાયે કેવું ! મન તણી કરે મા કસોટી અપાર.

મહા પંથે તારે શિખર શિખરો એકથી એક ઊંચાં,
ચઢાઈ ભારે શી ! શ્રમિત બની જ્યાં માનવી શ્વાસ લેતાં;
ચઢાઈમાં કોઈ ભય જીવનને જોખમાવા તણો ના,
પરંતુ નીચાણે પતન બનવા સર્વ સંજોગ ત્યાં મા !

ઘણી આંટીઘૂંટી પથ મહીં છતાં એકધારો બને તે,
વળાંકો આવે છે કંઈ અવનવા, તે છતાં એક રે'છે;
વળી માર્ગે ભક્તો મન જનનીને સેવતા હર્ષથી જે,
વધારી આનંદ, શ્રમિત મનને ઑર ઉલ્લાસ પ્રેરે.

જગે ચાલી આવી શરણજનની એકધારી કતાર,
શરૂ આદિ કેરો નવ તૂટ્યો યજ્ઞ એવો અખંડ;
યુગો યુગો વીત્યા પણ નવ ખૂટે આહુતિ દેવી માને,
અને ચાલી આવી જીવતી જગમાં ભાવના એવી રીતે.

બધા કૈં કૈં ભેળાં નિજનું સઘળું આપી તુંમાં શમાતાં,
છતાં તું તો કેવી નિજ સ્વરૂપથી જેવી ને તેવી રે' મા !
કશાથીયે રંગ તુજ અસલનો ના કદી ફેરવાયે,
સદા એવી માડી ! અસલ મુજને રાખજે મૂળ રંગે.

('શ્રીગંગાચરણે', આ.૧, પૃ. ૬, ૧૨, ૧૫, ૧૬, ૨૩, ૨૮)

*　　　*

જગે ક્યાંથી દુઃખો જીવન-કલહો, દર્દ-દારિદ્ર્ય આવાં ?
હશે રોગો જેવા ત્યમ દરદીને ઉપચારો કરાતા;
અનેરી રીતો છે પ્રભુની ઘડવા, જેવી સામગ્રી હોયે,
છતાં અજ્ઞાનીઓ નવ સમજતાં દોષ દેતાં પ્રભુને.

('જીવનપગલે', આ.૧, પૃ. ૪૯)

## ગુણો, તમસ-રજસ-સત્ત્વની સમજૂતી

તમસ ગતિ કરતું જણાય પણ હોય ઠેરનું ઠેર. પરિમિતપણું, સ્થિતિસ્થાપકપણું અને નિષ્ક્રિયપણું એ એનાં લક્ષણ છે. એટલે આપણે જો વિશેષ અર્થમાં ગતિ કરવી હોય તો રજસગુણને ધક્કેલવો પડશે. પ્રત્યેક વસ્તુમાં આ ગુણ પણ રહેલો છે. આમ પ્રકૃતિમાં ફેરફાર થવાનાં કારણોમાં પદાર્થનો ગતિશીલતાનો—રજસનો ગુણ છે; પરંતુ જો આ બે ગુણો જ માત્ર પ્રત્યેકમાં હોત તો વસ્તુમાત્રમાં જે પ્રકારભેદ છે તે ન હોત. જડ અને ચેતન અથવા પશુ અને માનવી એવા ભેદો ન પડત. સ્થિતિસ્થાપકતા (તમસ) અને ગતિશીલતા (રજસ)ના ગુણધર્મોના પરિણામને લીધે જે ગોઠવણી થયાં કરે છે, તે પણ પદાર્થનો ગુણ જ છે અને તેને પદાર્થનો સત્ત્વગુણ ગણાય. પ્રત્યેક ચીજ પોતપોતાની સ્થિતિમાંથી સહજમેળે નીકળવાનો સતત પ્રયત્ન કર્યાં જ કરતી હોય છે.

આમ જો આપણે આપણા જીવનધ્યેયને આકાર અપાવવાને કાજે જીવતો ખ્યાલ સેવીને રજસના ગતિશીલતાભર્યા ક્રિયાધર્મને આપણા પ્રત્યેક કર્મ, વ્યવહાર, વર્તન, સંબંધ, વૃત્તિ આદિમાં અને ધ્યેયાકાર વૃત્તિમાં સ્થિર કરવાને જાગૃતિવાળા રહ્યા કરતા હોઈએ તો ઘણો ફેર પડ્યા કરે. પરિમિતતામાંથી (તમસમાંથી) જીવનધ્યેયાકારની વૃત્તિ ગતિશીલક્રિયાધર્મમાં (રજસમાં)

જીવંતપણે બન્યાં કરે, ત્યારે આપણને આધ્યાત્મિક અનુભવો થવાના અને તેમાં યોગ્ય વ્યવસ્થિતિ (સત્ત્વ) પ્રગટે. જ્ઞાનપૂર્વકની ચેતનાની દશાની વ્યવસ્થિતિ તે સત્ત્વનું લક્ષણ છે. તેમાં સમતા છે, એકની એક સ્થિતિ છે, પરંતુ ચેતન છે, જડતા નથી.

પ્રત્યેક કર્મ આ ત્રણ ગુણ અંગે થાય છે, આ ત્રણેય ગુણનાં જુદી જુદી રીતનાં સંમિશ્રણથી જુદી જુદી ભૂમિકાવાળી જુદી જુદી દશાઓ જન્મે છે અને તે દશામાંનાં કર્મોનો પ્રકાર પણ ભિન્નભિન્ન બન્યા કરે છે. જ્યારે સજ્ઞાનમય ચેતનાભરી જાગૃતિ સતત પ્રગટે છે, ત્યારે જે સમતાયુક્ત પ્રસન્ન મસ્ત ડોલન પ્રગટે છે, તે સાત્ત્વિક ભાવનાનો પ્રકાર છે અને અંતે તો જીવની શિવપણામાં ગતિ થતાં તમસ 'સત્'માં, રજસ 'ચિત્'માં અને સત્ત્વ 'આનંદ'માં સચ્ચિદાનંદમાં પરિવર્તન પામે છે.

('જીવનપ્રેરણા', આ.૩, પૃ. ૧ થી ૫)

સાધકે પોતાના જીવનમાં ક્યારે કયો ગુણ કામ કરી રહેલો છે, તે સમજવું જોઈએ ને તે સમજી-સમજીને તે તે ગુણોની અસરથી ભાવનાબળ પ્રગટાવીને મથવું જોઈશે. એક જ દિનના ગાળામાં ઘડીકમાં તમસ, ઘડીકમાં રજસ ને બહુ જ ઓછો કાળ સત્ત્વગુણ પણ પ્રવર્તેલો હોય છે.

('જીવનસંશોધન', આ.૧, પૃ. ૨૫૭)

તમોગુણમાં આળસ, જડતા, પ્રમાદ, નિર્બળતા, અશ્રદ્ધા, શિથિલતા, અશક્તિ, અકૌશલ્ય, બસ પડ્યાં જ રહેવું, ઉમંગનો અભાવ, બેળે બેળે થવું, શંકા-કુશંકા, નિરાશા, વિષાદ, રોદણાં, મંદતા, અગ્રહણાત્મક સ્થિતિ, સાનમાં સમજી જવાની અશક્તિ, ખાંખત ને ખંતનો અભાવ, અચોક્કસતા, બેપરવાઈ, બેદરકારી, અનિયમિતતા, સાતત્યનો અભાવ, યદ્વાતદ્વાપણું, થાક, મોહ, અજ્ઞાન, આળસ, ઠંડા ને વાસી પદાર્થખાદ્યવૃત્તિ, અજ્ઞાનતા, મંદ

સૌંદર્યગ્રાહકશક્તિ, મંદ રસવૃત્તિ, લાગણીઓના મર્યાદિત પ્રત્યુત્તર આદિ હોય છે.

રજસમાં વેગ, ગતિ, શક્તિ, કુશળતા, ચપળતા, પરિસ્થિતિને કાબૂમાં લેવાની ઇચ્છા, સક્રિયતા, સબળપણું, હોંશ, પુરુષાર્થ કરવાની ખેવના, આશાવાદ, એક ને એક સ્થિતિમાં રહેવાની અનિચ્છા, ઝઝૂમવાની વૃત્તિ, આગ્રહો, નેતા થવાની વૃત્તિ, અહમ્‌નું જોશ, કીર્તિની ઝંખના, ચોકસાઈ, નિયમિતતા, સાતત્યતા, ખંત, શીખવાની આતુરતા, સર્જનશક્તિ, ઉમંગ, ગ્રાહકતા, આવેગ, આવેશ, કામના, આશા, ઇચ્છા, અપેક્ષા, ચંચળતા, સ્ફૂર્તિ, તરવરાટ, રાગ, આસક્તિ, ધાંધલ, પ્રવૃત્તિપ્રિયતા, હરીફાઈ, લોભ, હિંસાખોરી, અભિમાન, તીખુંખાટું ખાદ્યવૃત્તિ, હારજીત, અનુદારતા, બુદ્ધિની હઠીલાઈ આદિ હોય છે.

સત્ત્વમાં સમતા, શાંતિ, આનંદ, પ્રેમ, પ્રસન્નતા, સ્થિરતા, મુલાયમતા, નિરાગ્રહ, સરળતા, સત્યપ્રિયતા, ક્ષમા, કરુણા, નમ્રતા, નિર્દોષતા, અભય, અહિંસા, ઇન્દ્રિયદમન, દાન, શાસ્ત્રાભ્યાસ, ત્યાગ, નિર્લોભતા, અદ્રોહ, અવિચળતા, કોમળતા, ન્યાય, બ્રહ્મચર્ય, પવિત્રતા, ભક્તિ, આરોગ્યશક્તિપ્રદ ખાદ્યવૃત્તિ, સહિષ્ણુતા, અમાનિત્વ, સર્વભૂતહિતરતપણું, બુદ્ધિશાળી અને સપ્રમાણ મન, બુદ્ધિ અને સૌંદર્યરસવૃત્તિથી પ્રેરાતી સંકલ્પશક્તિ, આત્મસંયમ, સંસ્કારિતા, સપ્રમાણતા, મધ્યમમાર્ગ-પ્રવર્તના આદિ હોય છે.

*　　　　　*

સત્ત્વગુણ આપણા આધારમાં જીવતો મહત્ત્વપણે પ્રગટ્યા કરેલો હોય છે, તે વેળા આપણાં શરીર, મતિ, મન અને પ્રાણ

એ ચારમાં તે મુખ્ય ભાગ ભજવ્યા કરે છે, ને સાત્ત્વિક ગુણો ઉભરાયા કરે છે. સત્ત્વગુણનું બળ જામતાં જામતાં એક એવી દશા પ્રગટતી હોય છે કે તેમાંથી જ્ઞાનદશાનો અભ્યુદય થતો અનુભવી શકાતો હોય છે. સત્ત્વગુણ જ્ઞાનપ્રધાન મહત્ત્વે કરીને હોય છે ખરો, પરંતુ તેનો અર્થ એવો નથી કે એમાં ભાવના-ભક્તિ ન જ હોય કે કર્મયોગ પરત્વેનાં લક્ષણો પણ ન હોય. સાત્ત્વિક ગુણ પ્રગટતાં સાધનાના ભાવનો વિકાસ સહજપણે થયાં કરતો રહે છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૯૪)

સત્ત્વમાં સાત્ત્વિક ગુણોનું પ્રાગટ્ય સહજ હોવાથી તેનો લાભ પૂરેપૂરો સમય એકાગ્રતાથી સાધનાના કર્મમાં જ વપરાય એમ જો જાગૃતિયુક્ત તકેદારી ને સાવચેતી રાખી શકાય તો સાધનાકર્મના ફાલની પ્રક્રિયામાં વધુ ને વધુ ઉત્સાહ પ્રકટ્યા કરે. સત્ત્વગુણમાં ઉચ્ચ ક્ષેત્રનો પુરુષાર્થ કરવામાં ઉત્સાહ ને ઉમંગ પ્રવર્તે છે; ઝાઝા કશા વિચારોની ગડમથલો હોતી નથી. સગડગ, સંશય, શંકા, ઘમસાણ, દ્વિધાભાવ આદિની ગેરહાજરી હોય છે. એટલે આવી ભૂમિકાનો લાભ જેટલો ઉઠાવાય તેટલું ઉત્તમ છે. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૫૭-૫૮)

સાધનામાં આગળ જવાતાં એક એવી સ્થિતિ પ્રવર્તે છે કે કોઈ કરણમાં સત્ત્વગુણ તો કેટલાંક કરણોમાં રજોગુણ પણ કાર્ય કરતો હોય છે.

રજોગુણમાં અહંપ્રાધાન્ય ઘણું રહે છે. તેમાં જે પ્રકારનો અહમ્ છે તે અત્યંત વેગવાળો હોય છે; તેથી એવા સાધકે વધુમાં વધુ ચેતનાયુક્ત જાગૃતિ રાખીને નમ્ર રહેવાને સજાગ રહ્યા કરવું.

દરેક જીવમાં અને પદાર્થમાં ત્રણે ગુણ રહેલા છે. એક કે બે જ ગુણોવાળું અસ્તિત્વ અશક્ય છે. ત્રણે ગુણોમાં અવારનવાર ચઢઊતર, ઓછાવધતાપણું થયે જ જતું હોય છે. સત્ત્વ ઉત્તમ,

રજસ મધ્યમ અને તમોગુણ કનિષ્ઠ કહેવાયો છે. તમસને ને રજસને સત્ત્વમાં તથા રજસને સત્ત્વમાં પરિણમાવી શકાય છે. આખરે તો ત્રણ ગુણોની પાર થઈ સાધકે ત્રિગુણાતીત થવાનું છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૯૫-૯૬)

## ગુણ-વિકાસની સરળ રીત

મન-બુદ્ધિથી પ્રાણ કે અહમ્ પર કાબૂ કાયમનો ને ભરોસાપાત્ર લાવી શકાતો નથી. તે કાબૂ જીવતો નથી હોતો. જીવંત, ચેતનમય અને જ્ઞાનાત્મક સંયમ કાજે તો એનાથી પર જે શક્તિ છે, તે દ્વારા તે યોગ્ય રીતે સાધી શકાય. પ્રભુની કૃપાશક્તિમાં જે સાધકને શ્રદ્ધા, ભક્તિ પ્રગટેલાં છે, એવો જીવ જ્યારે પોતાનાં કરણોની શુદ્ધિ કાજે શ્રીહરિને હૃદયમાં હૃદયથી હૃદયનો આર્ત ને આર્દ્ર પોકાર પાડે છે, ત્યારે તેવા પોકારથી જે કામ બને છે, તેવા પ્રકારનું કામ (કે શક્તિ), નીતિ કે સદાચારના નિયમો માત્ર પાળવાથી બની શકતું નથી. નીતિ કે સદાચારના નિયમો પાળવાની જરૂર છે, તે હકીકત તદ્દન યથાર્થ છે; કિંતુ તે એકલું ને એટલું જ પૂરતું નથી. જ્ઞાનભક્તિકર્મયોગથી અંતઃકરણની પૂર્ણ વિશુદ્ધિ પ્રમાણમાં જેટલી સરળતાથી, ઝડપથી અને આસાનીથી થઈ શકે છે તેટલું ને તેવું -મન-બુદ્ધિજનક સંયમથી, કે ગુણોની ખાતર ગુણોના વિકાસની સાધનાથી, થવું શક્ય નથી લાગતું.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૫૨)

*                    *

અનેક પ્રકારનાં પ્રાણ અને અહમ્‌થી ઊઠતાં આંદોલનો પ્રભુકૃપાથી પ્રેમભક્તિભાવે પ્રભુસ્મરણ સાથે સમજવાને મથ્યા કરતો. આવા જ્ઞાનપૂર્વકના અભ્યાસનું પરિણામ તો એ થવા માંડ્યું કે સમતા, તટસ્થતા, શાંતિ, વિવેક, પ્રસન્નતા, સહિષ્ણુતા આદિ સાત્ત્વિક ગુણો એની મેળે પ્રગટતા અનુભવાયા હતા.

આમ, જ્ઞાનભક્તિપૂર્વકની જાગૃતિથી ને તેના હેતુ અર્થે પળાતા જતા સાધનાના અભ્યાસથી ગુણો તો આપોઆપ કેળવાતા જતા હોય છે, તે નિશ્ચિત અનુભવની હકીકત છે. એકલા ગુણો કેળવવાનો મહાવરો આ જીવનો કદી ન હતો.

(‘જીવનપોકાર’, આ.૪, પૃ. ૧૨૪)

## ગુણોની રમત

(અનુષ્ટુપ)

ગુણોથી ગુણની રીતે કામ લીધાં કર્યે બધું.
ગુણની ચેતના-શક્તિ ફળાવે છે ન ત્યાં કશું.

ગુણોથી આવવું ઊંચું એમનું એમ ના બને,
જાણવા જોઈશે ‘ગુણો’, ‘સ્વામિત્વ ગુણનું શું’? તે.

ગુણનું કામ ગુણો તે એમ ને એમ ના કરે,
સ્વભાવે ગુણ વર્તાવ્યાં સામાન્ય જનને કરે.

ગુણોની ઉપરે કાબૂ પૂરો મેળવવા હૃદે,
કર્મમાં જ્ઞાનના ભાવે વર્તવું તેથી સાધકે.

ગુણોને સેવવાથી તો મળે ના કાબૂ એમનો,
જ્ઞાનભાવેથી વર્તાતાં કાબૂ ત્યાં મેળવી શકો.

પુરુષ-પ્રકૃતિ-જ્ઞાને વિવેકશક્તિ સત્ત્વ દે.
અનાસક્તિ પરાવૃત્તિ સંપૂર્ણ રાજસે રહે,
જીવનાસ્તિત્વમાં પૂરી સમતા તામસે રહે.

દૈવી તે ચેતનાનું દે કામ ગુણો ત્રણે ખરું,
ભાવે તટસ્થ જો પોતે બેઠો જોતો રહે બધું.

*　　　　*

(શાર્દૂલવિક્રીડિત)

ક્યાંયે ના બળ છે સ્વતંત્ર ગુણનું એની પૂંઠે ચેતના,
આખું વિશ્વ રમે ગુણોની રમતે કેવું રસીલું અહા !
જેવી હો ભૂમિકા ગુણોની જીવને તેવી દડે ચેતના,
જેવું બાળ રમે ઘડી રમકડું ને ફોડી નાખે કદા.

સર્વે કામ કરાવતી જગતમાં પૂંઠે રહી ચેતના,
ને દેખાવ ગુણો ધરી જ અમથો વચ્ચે રહ્યા છે ઊભા;
ને તેનું ઉપરીપણું કરી શકો જો દૂર પૂરેપૂરું
તો શક્તિ પ્રભુ-ચેતનાની હૃદયે નિહાળશો સર્વ શું !

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૧૭૪-૭૫)

## ગુરુની આવશ્યકતા

કોઈ પણ વિષય કે કાર્યક્ષેત્રમાં કોઈ સારો ને સહૃદયી હોશિયાર શીખવનાર પ્રત્યક્ષપણે મળી જાય તો તે વિષયમાં કે કાર્યક્ષેત્રે કુશળતા મેળવવી શીખનારને ઘણી સહેલી થઈ પડે છે. સંસારમાં જ્યાં જ્યાં નજર નાંખીશું, ત્યાં માલૂમ પડશે કે દરેક વ્યક્તિ કોઈ ને કોઈ શીખવનાર પાસેથી પોતાને જોઈતું શીખી લે છે. અજાણ્યા પર્વત ઉપર ચઢવું હોય તો આપણે ભૂલા ન પડીએ કે સંકટોમાંથી ઊગરી જઈએ તે કારણે ભોમિયાને સાથે લઈએ છીએ તેવું જ અધ્યાત્મમાર્ગે છે.

જેણે પ્રભુના માર્ગે વળવું છે, અંતર્મુખી થવું છે, ભગવાનને શરણે રહેવું છે અથવા ઊર્ધ્વગામી જીવન પોતાનામાં ઉદ્ભવવાવું છે, તેણે એવા કોઈક સાથે સંપર્ક રાખવો જરૂરી છે કે જેથી પેલાના સંપર્ક અને સંબંધના પરિણામે પોતાનામાં ઊર્ધ્વગામી પ્રવાહો અથડાય અને જન્મે. એવી વ્યક્તિ-વિભૂતિ નિરાસક્ત, અહંરહિત, દ્વંદ્વાતીત, ત્રિગુણાતીત અને ભગવાનની ભાવનામાં સદાય રત હોવાથી સાધારણ માનવીમાં જે રાગાત્માક પ્રવાહો પડેલા છે તેનાથી ઉચ્ચ કોટિના પ્રવાહો તે જીવમાં અથડાશે. જો કે સાધકને શરૂમાં આની જાણ થઈ શકતી નથી, પરંતુ આગળની

કક્ષાઓમાં જાણ થઈ શકે છે અને સાધકમાં એક જાતનું સંઘર્ષણ થઈ મંથન જાગશે. આમ સામસામા રાગાત્મક અને અરાગાત્મક પ્રવાહો જાગ્યા કરતા હોવાથી જીવની ચેતનાશક્તિમાં જરૂર ફેરફાર થવા માંડશે. આપણા બીજા સંબંધો પાર્થિવ હોવાથી એવા સંબંધો આપણને પાર્થિવપણાથી ઉપર લઈ જઈ શકતા નથી. ગુરુની પ્રથા આ કારણે હશે.

જેમ સંપર્ક કે સંબંધ એકલાથી આપણને સામી વ્યક્તિનું ચિંત્વન થતું નથી પણ એમાં જ્યારે રાગ કે આસક્તિ પ્રગટે છે, ત્યારે તેનું ચિંત્વન થયાં કરે છે ને રાગ જેટલો વધુ તેટલું ચિંત્વન વધુ, તેમ જ એવા ગુરુ પ્રત્યે પણ જો ખૂબ પ્રેમ જામ્યા કરશે તો એનું ચિંત્વન પણ જરૂર સવિશેષ રહેશે. ગુરુ પ્રત્યેના પ્રેમનો હેતુ આપણી ચેતનાને જગાડવાનો, જગાડીને ક્રિયાત્મક બનાવવાનો અને તેમ થતાં થતાં આપણું સર્વાંશે દિવ્ય રૂપાંતર થવાનો છે. આ સંબંધના હેતુમાં પૂરેપૂરી રીતે જ્ઞાન અને ભાન હોવા ઉપરાંત ગુરુ પ્રત્યેનો આપણો ભાવ Receptive and Responsive-ગ્રહણાત્મક અને ક્રિયાત્મક સહકારવાળો હોવો જોઈશે. ખરી આતુરતાભર્યાં વલણ, વૃત્તિ અને દૃષ્ટિ આપણામાં કેંદ્રિત, એકાગ્ર ને હૃદયસ્થ રહેવાં જોઈશે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૪૪-૪૫,૧૦૪)

## ગુરુ, સૂક્ષ્મ-ભાવરૂપે

(અનુષ્ટુપ)

ગુરુ ના દેહધારી તે ગુરુ તો સૂક્ષ્મ-ભાવ તે,
ગુરુ આધાર ભૂમિકા પામવા ગૂઢ તત્ત્વને.

ગુરુ પ્રત્યક્ષ છો ના હો, ગુરુની ભાવના હૃદે-
દૃઢાવતાં રહીશું જો મેળે પ્રત્યક્ષ તે થશે.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૫)

(દોહરા)

'ગુરુ' 'ગુરુ' તે શું કરો, ખાલી ના તે શબ્દ,
ગુરુ તો શક્તિભાવનો વ્યક્તપણે છે દેહ.

ગુરુ ના માટી-પિંડ છે, માત્ર ન તે છે દેહ,
ગુરુ અંતર જેને રમે પામે પદારથ તેહ.

ગુરુ તો ચેતન-ભાવ ને શક્તિ કેરો પિંડ,
કર્મ વિષે મન ધારણા એ હો નિત્ય અખંડ.

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૧૪૬)

## ગુરુ-માહાત્મ્ય

(અનુષ્ટુપ)

સ્થૂળ દેહ ગુરુ ના છે સૂક્ષ્મથી સૂક્ષ્મ ભાવ શો !
ગુરુના જીવને જ્યારે ભળશો તો પિછાનશો.

ગુરુની ચેતના-શક્તિ જીવને તે પ્રવેશવા,
અને કરી શકે કાર્ય આપણાં, તે પ્રમાણવા.

ગુરુમાં લક્ષ રે'વાનું તે મહત્ત્વનું કેટલું,
જીવન-સાધના જેઓ કરે તે જાણશે ખરું.

ગુરુના સ્થાનનું કેવું મહત્ત્વ જીવને ઊંડું !
જે કોઈ જાણશે એને નવા રૂપે દીસે ગુરુ.

મહત્તા ગુરુની એવી જ્ઞાનભાવે ગ્રહ્યાં કરી,
ઠસાવો જીવને ઊંડી જેથી તે તો ફળે નકી.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૫)

* *

## સદ્‌ગુરુની પરખ

પ્રસંગે પ્રસંગે જે સદ્‌ગુરુની સમજણ પ્રવર્તતી હોય છે તે સમજણ, વ્યવહાર-વર્તન-પ્રસંગમાં તે બીજાને દોરવણી આપે છે તે હકીકત તથા તેમનું કર્મકૌશલ્ય, એનો સૂક્ષ્મ વિવેક, એની જેમાં તેમાંથી સહજમેળે તારતમ્ય શોધી કાઢવાની કળા, જરાક જેટલા પરિચયમાં પણ આવતાં કોઈની પ્રકૃતિની યોગ્ય સમજણ પ્રગટી જવી, પ્રસંગને તેની યથાર્થતામાં સમજવાની તેની સૂઝ, સર્વ મળતા જીવોને સમજવાની ને તેમના તેમના યથાર્થપણામાં સ્વીકારવાની શક્તિ, જુદી જુદી પ્રકૃતિ અને સ્વભાવના જીવો સાથે એનો વર્તનપ્રકારનો સુમેળભાવ ને તેવા તેવા જીવો સાથેની તેની સુમેળભાવની વર્તનકળા; વૃત્તિ, વિચાર, ભાવના આદિનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ સમતાપૂર્વકનું નિરીક્ષણ, અવલોકન; પૃથક્કરણ કરી કરી, તેનું યથાસ્થાને શું શું યથાયોગ્યપણું હોઈ શકે તેનું સ્પષ્ટ હકીકતપણામાં વર્ણન કરી બતાવવું; પ્રત્યેક મનાદિકરણના પ્રાકૃતિક ધર્મ તથા ગુણોની રમત અમુક અમુક કક્ષામાં કઈ કઈ ને કેવી કેવી હોઈ શકે, જીવનની અમુક અમુક સ્થિતિ પ્રગટતાં તેનાં શાં માપલક્ષણો હોઈ શકે તેનું યોગ્ય આકલન કરીને તે આપણને સમજાવવાનું બની શકવું; તેવાની જીવનની બીજી લાક્ષણિક ઢબો, એવાથી અનેક પ્રકારના જુદા જુદા થતા રહેતા અનુભવો, એવાના સંબંધ-સંપર્કના પરિચયથી ઓછાવધતા પ્રમાણમાં કોઈ કોઈ બદલાતી રહેતી પ્રકૃતિઓના દાખલાઓ; એનું નિરહંકારીપણું, નિર્મમત્વપણું, એની અપાર નિઃસ્પૃહતા ને સાથે સાથે અપરંપાર સ્પૃહા, એનો રાગ અને રાગનું અભાવપણું; આપમેળે જે તે કંઈ બન્યા કરે તે જ કર્મ એવી એની સમજણ ને વર્તન; કર્મને કે સંબંધને કદી પણ ખોળવા જવાની જરા સરખી પણ વૃત્તિનો તદ્દન અભાવ; જેના વડે કરીને આપણા જીવનમાં

ધીરજ, હિંમત, સહનશીલતા, મતસહિષ્ણુતા, પ્રેમ, સર્વ પરત્વે સદ્‌ભાવ ને સમભાવ આદિ આદિ પ્રગટેલાં અનુભવી શકાય છે; જેના વડે કરીને અણદીઠ, ઓચિંતી કંઈક કશા વિષે પ્રેરણા મળ્યાં કરતી હોય છે,—જેના વડે કરીને આપણું સારું જીવન ઊર્ધ્વગામી થયાં જતું જણાયું છે; જેના વડે કરીને આપણાં શારીરિક દર્દો સાથેની તેની તાદાત્મ્યતા તેના શરીર પર અનેક વાર પ્રત્યક્ષ અનુભવે વર્તાઈને જેણે આપણાં દુઃખોમાં સહભાગી બનીને આપણને સરળતા ને હળવાશ કરી દીધાં છે;—વગેરે વગેરે બધાંથી કરી સદ્‌ગુરુની યથાયોગ્યતા સમજી શકાય તેવું હોય છે. આવું જો બધું તેનું આપણને તદ્દન વાસ્તવિક લાગતું હોય, તેવા લાગવાપણામાં સંપૂર્ણ યથાર્થતા હોય, ને ક્યાંયે અતિશયોક્તિ ન લાગતી હોય તો પછી એવાને આપણે સ્વીકારવો તે યથાયોગ્યપણે છે એમ માનવું ને જાણવું.

(‘જીવનપોકાર’, આ.૪, પૃ. ૨૧૩ થી ૨૧૬)

## ગુરુનો સાધક સાથેનો વર્તાવ

(અનુષ્ટુપ)

મહાક્રાન્તિ કર્યા વિના હૈયાનો પ્રેમ ના મૂકે,
પ્રેમ તો દુઃખ સ્હેવાનું જાણે છે પ્રેમ સાથ તે.

પ્રેમ-ભાવ મહીં શક્તિ સર્જવા કેરી ગૂઢ શું !
માટીમાંથી કરે પેદા માનવી, જોમ પ્રેમનું.

મરેલાંને નવી દે તે જીવન-ચેતના હૃદે,
સ્વરૂપ ફેરવાવી દે અદ્‌ભુત શક્તિ પ્રેમ તે.

જેટલો પ્રેમ જેનો હો વધારે તેટલું ખરે,
એને સ્હેવાનું આવે છે, પ્રેમનો એ પ્રતાપ છે.

લીધેલું કામ તો પ્રેમ કો કાળે તે મૂકી ન દે,
જેને તે વળગેલો હો એને કાજે મરી જીવે.

કોટિ જન્મ ભલે જાય કિંતુ જ્યાં પ્રેમ હો ઠર્યો,
કરાવ્યાં વિણ કલ્યાણ તેઓનું તે ન જંપતો.

મંથનો કંઈ તે ગૂઢ જગાડ્યાં કરશે હૃદે,
અનોખી રીતથી પોતે બોધ ઊંડો અપાવશે.

પ્રેમ પોતાનું અસ્તિત્વ જણાવા દે ન કોઈ દી,
એની મેળે મૂકી ના દે, કેડો પ્રેમ મૂકે નહીં.

જે જે સાથે કરે પ્રેમ હૈયાના મેળભાવથી,
સાંધે તાદાત્મ્ય સૌ સાથે સ્હેવાનું આવતાં સહી.

કેળવી જો શકાયે તો એવો જીવન-પ્રેમ તો,
જન્મશે સર્વભાવે તે આપમેળે કહ્યા વિના.

તાદાત્મ્યભાવ જન્માવે ન્યારી તે પ્રેમની કળા,
છતાં પોતાનુંયે ભાન પ્રેમ રાખ્યાં કરે સદા.

પ્રેમ ના ભોગવી લે છે પ્રેમને કોઈ રીતથી,
પ્રેમથી પ્રેમનું કામ પ્રેમ લીધાં કરે ચહી.

આપવું પ્રેમ જાણે છે, આપવામાં કૃતાર્થતા
—પ્રેમ પોતાની શી માને ! પ્રેમ-ભાવ અખંડ હો !

પ્રેમના ભાવમાં કેવી ગતિ અદ્ભુત હોય છે !
જાણે ત્યાં ના ગતિ હોય એવી તે સ્થિરતા ધરે.

વિરોધાભાસી શો ભાવ પ્રેમનો લાગતો કદી,
સ્વરૂપ ના પૂરેપૂરું પ્રેમનું કો શકે કળી.

પ્રેમને ના કશું મિથ્યા, દેખે તાત્પર્ય સર્વમાં,
નકામું ના કશું એને, સર્વનો અર્થ પ્રેમમાં.

બધાંના હાર્દમાં પ્રેમ નીરખી શકતો ઊંડું,
પ્રેમને પ્રેમથી પોતે તારવ્યાં કરતો બધું.

નિસ્બત પ્રેમને કોઈ, વિના પ્રેમ બીજી નથી,
ઓળખે અન્યથા કોઈ, પ્રેમને ત્યાં તમા નથી.

પોતામાં તે રહે મસ્ત, પોતાથી પ્રેમ તે કરે,
અપેક્ષા પ્રેમ ના રાખે, પ્રેમ સ્વાર્થ નહીં ધરે.

મર્યાદા પ્રેમમાં ના કો સંકોચ પ્રેમમાં ન કો,
ઊડી પાર જવા સૌની પ્રેમ શી પાંખ આપતો !

સંતોષાતો નથી પ્રેમ અસંતોષ ધર્યાં કરે,
પ્રેમથી પ્રેમની મૂડી વધાર્યાં કરવું ચહે.

પ્રેમથી કુમળો કોઈ ભાવ આ વિશ્વમાં નથી,
પ્રેમના જેવી કો બીજી ક્યાંયે કઠોરતા નથી.

શિલ્પીના ટાંકણાં જેવો પ્રેમ ઘાટ ઘડ્યાં કરે,
પ્રેમને પ્રેમ શો પોતે અનોખી રીતથી ઘડે !

રૂપ ભાવ નથી જેમાં જન્માવે પ્રેમ તે થકી,
બોલતી મૂર્તિ જાણે હો ચેતના ભાવવાળી શી !

મૃત્યુ કરાવવું યોગ્ય ત્યાં તે મૃત્યુ કરાવતો,
લાગે જન્માવવું યોગ્ય ત્યાં તે જન્મ અપાવતો.

પોષવું યોગ્ય જે લાગે એને પ્રેમ ઉછેરતો,
પ્રેમને યોગ્ય શું તે તો પ્રેમ પોતે પિછાનતો.

('જીવનપગલે', આ.૩, પૃ. ૮૦ થી ૮૫)

*　　　　*

મર્યાદા આખરી સુધી એવો તો વળગ્યાં જશે,
ત્યાં સુધી રાહ શી જોઈ પોકાર્યા પ્રિયને જશે.

એને નિસ્બત કો સાથે પ્રેમ વિના કશી ન તે,
પ્રેમથી ઉદ્‌ભવે પ્રેમ જો ના, નિસ્બત તો ઘટે.

પ્રેમનો હક્ક જે કોઈ પૂર્યાં આનંદથી કરે,
તેવાને હક્ક સર્વસ્વ આપ્યાં પ્રેમ સદા કરે.

જેના પર રીઝે પ્રેમ એને તો નિજનો કરે,
પોતા જેવો બનાવીને પોતાનામાં રમાડશે.

પ્રેમની ભૂખ જે ભાંગે ભાંગશે ભૂખ એહની,
પ્રસન્ન જે કરે પ્રેમ, વરાયે તે જ પ્રેમથી.

પ્રેમ નિર્બળતાથી કૈં સાંખી બીજાંનું લે ન તે,
પ્રેમ જો સાંખતો દેખો તો તે પ્રવેશવા હૃદે.

ના પ્રત્યાઘાત આઘાતો પ્રેમને વળગ્યાં કરે,
કરે જો પ્રેમ એવું તો પ્રેમી કાજ કર્યાં કરે.

મેલ જીવનનો લેવા એને જીરવવા તણી,
પ્રભુકૃપાથી તાકાત એણે તો આપી છે ઘણી.

મેલ શાને ભરી રાખો અંતરે એકઠો કરી ?
જે જે સ્ફુરે, તરે ઊંધું એને ના સ્થાન દો જરી.

પીધેલું શંકરે ઝેર હળાહળ શી હકીકત !
અનુભવાવવા એ તો મળ્યાં શાં સ્વજનો અહા !

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૪૧)

દેવાતો હોય તો દેજો આપવો હોય આપજો,
પ્રેમની વાંછના ભૂખ લાગી જો હોય આપજો.

બાકી હું પ્રેમનો ભૂખ્યો, માનવી આપી આપીને-
એને તે શું શકે આપી ? વ્હાલો મારો સમર્થ છે.

ધૈર્ય છે ઉર એને કે 'ભાવ કામ કરાવશે
—હશે જો ભૂમિકા ભાવ જાગેલો આપણા હૃદે.'

તેથી મહત્ત્વ આપું છું હૈયાના ભાવને ઊંડું
કેળવ્યાં કરશું પ્રેમ વળે તો કો દી આપણું.

'ઉરના મર્મને વીંધે એવો પ્રેમ થયાં જતાં,
'પાકવાનું બધું કામ,' એવો નિર્ધાર દિલમાં.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૯૮, ૯૯, ૨૧૫)

કેળવી જો શકાયે તે એવો જીવન પ્રેમ તો,
જન્મશે સર્વ ભાવો તે એની મેળે કહ્યા વિના.

કરાવે પ્રેમ પ્રત્યક્ષ ગૂઢમાં ગૂઢ તત્ત્વ જે,
કિંતુ પાવકમાંથી ત્યાં શું પસાર થવું પડે !

('જીવનપગલે', આ.૧, પૃ. ૯૦)

*                    *

## ગુરુથી થતું સાધકનું જીવન-ઘડતર

વ્યાયામશિક્ષકનું કાર્યક્ષેત્ર શરીરવિકાસ છે. શિક્ષકનું કાર્યક્ષેત્ર મનોવિકાસ કે બુદ્ધિવિકાસ છે, તેમ ગુરુનું કાર્યક્ષેત્ર માનવસ્વભાવનું દિવ્ય રૂપાંતર કરવાનું છે, શીલવિકાસનું કાર્ય ભાગ્યે જ શિક્ષકના કાર્યક્ષેત્રમાં આવી જાય છે. માનસિક વિકાસ થોડો ઘણો શિક્ષક કરાવી શકે છે. આધ્યાત્મિક વિકાસ થતો હોય તો બહુ જ નજીવો અને આડકતરી રીતે. આમ જ્યાં શિક્ષકનું કાર્ય સમાપ્ત થાય છે ત્યાંથી સદ્‌ગુરુનું કાર્ય શરૂ થાય છે.

લાગણીઓ, પ્રેરણાઓ, પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત, સંસ્કાર, સુપ્ત માનસ વગેરેમાં જે જે કુટેવો ગળે ઘંટીના પડ જેવી લટકતી રહ્યાં કરીને સાધકનો આત્મિક વિકાસ અટકાવતી હોય છે, તે બધી દૂર કરી અથવા શુદ્ધ કરી, આત્મસ્થિતિમાં પ્રગટવામાં સાધકના પ્રયાસને સદ્‌ગુરુ સહાય કરે છે. ગુરુનું કાર્ય માત્ર બોધ દેવાનું નથી, પરંતુ સાધકની સુષુપ્ત શક્તિઓને છતી કરી જાગ્રત કરવામાં મદદરૂપ થવાનું છે.

આવા અતિ સૂક્ષ્મ કાર્ય માટે કુદરતી રીતે જ સાધન પણ સૂક્ષ્મ યોજાતું હોય છે. આ સાધન એટલું તો સૂક્ષ્મ હોય છે કે સાધકને શરૂમાં તો ખબર પણ પડતી નથી કે પોતે ગુરુની અસર નીચે પ્રવર્તતો હોય છે. અલબત્ત આ વિદ્યામાં વાણી છેક વર્જ્ય નથી, પરંતુ સૂક્ષ્મ સંબંધ કરતાં ઉપદેશાત્મક વાણી ઓછી અસરકારક હોય છે ને તેથી તેનો ઉપયોગ પણ ઓછો કરવામાં આવે છે. આવા જ કોઈ કારણસર સદ્‌ગુરુઓ અને સંતો ઘણી વાર નિષ્ક્રિય અથવા તદ્દન સ્થગિત જેવા દેખાય છે, અને તે કેવળ જગતમાંનાં આંદોલનો પરત્વે જ નહિ પણ જેઓએ એમને માર્ગદર્શન માટે સ્વીકાર્યા હોય તેવાઓ પ્રતિ પણ ખરી રીતે તો જગત કે પેલા સાધકો ભલે ન જાણે, તેમ છતાં તેઓ તો સૂક્ષ્મ

અને અદૃશ્ય રીતે ખૂબ જ પ્રવૃત્તિશીલ પેલાઓના હિતના કારણે જ રહ્યા કરતા હોય છે. તેઓ વાણી દ્વારા ઉપદેશ આપે કે ન આપે, સાધકોને સમીપમાં રાખે કે દૂર રાખે, તોપણ આધ્યાત્મિક શક્તિનાં આંદોલનો તેઓ સતત વહેવડાવ્યાં કરતા જ હોય છે. આવાં આંદોલનો સાધકોના વ્યક્તિત્વમાં ઊંડાં પ્રવેશીને તેમનું પરિવર્તન કરવા માંડે છે. સાધકની નિદ્રાવસ્થા વેળા જ્યારે તેના આંતરસત્ત્વને પહોંચવું કૈંક વધુ સુગમ હોય છે, ત્યારે પણ સદ્‌ગુરુ આવાં આંદોલનોના ઉપયોગ કેટલીક વાર કરતા હોય છે.

સાધકનાં આંતર્-મંથનો તથા તેની સમીપ ખડા થતા કોયડાનું જ્ઞાન ગુરુને હોવાથી, એ એવા કોયડાનો ઉકેલ કદીક કદીક વાત વાતમાં ત્રીજી વ્યક્તિની સાથે વાત કરતાં જ આપી દેતા હોય છે. સાધકને આ કારણે ખૂબ જાગ્રત રહેવાની જરૂર પડતી હોય છે ને તેની ચકોરતાને તાલીમ પણ મળતી રહે છે. કેટલીક વાર કડવા અનુભવે જ શીખવા દેવાની ગુરુની દેખીતી રીતે નિર્દય પદ્ધતિમાં સાચી કરુણા, ડહાપણ અને પ્રેમ સમાયેલાં છે, એમ સાધકને ભાન થાય છે; ને પોતાના એકમાત્ર સાચા અને પ્રેમપૂર્ણ હિતકારીને તે ભ્રમણામાં તણાઈને મનમાં દોષ દેતો હતો એવું ઝબકતાં તે વળી વધારે ગુરુ પ્રતિ આકર્ષાય છે. હવે એને સૂઝે છે કે કપરા સંજોગોમાં જાણી જોઈને એને મૂકવામાં આવ્યો, તો જ એની અંદર દટાઈ રહેલી શક્તિ જોર કરી ફૂટી નીકળી ને લાભ થયો. ઊંડા પાણીમાં હડસેલનાર પણ ગુરુ અને તરફડિયાં મારી કિનારે પહોંચવાના તેના પ્રયાસમાં ગુપ્ત સહાય આપનાર પણ ગુરુ છે; કેટલીક વખત દુન્યવી કાર્યોનો લગભગ અસહ્ય બોજો નાખીને ગુરુ તેની પ્રગતિ રૂંધતો અથવા પીછેહઠ પણ કરાવતો લાગે; પરંતુ એમાં પણ અંતે કલ્યાણકારી પરિણામ સાધક અનુભવે છે. શ્રદ્ધાની આકરી કસોટી થાય એવાં કાર્યો

પણ ચીંધવામાં આવે છે. આવી બધી પ્રવૃત્તિઓ દ્વારા સદ્ગુરુનો હેતુ પોતાની સાથે સાધકની ચેતનાની સાંકળ દૃઢ અને અતૂટ થવા માંડે તે પણ હોય છે. કેટલીક વાર ગર્ભિત, સૂક્ષ્મ દ્વિઅર્થી કે અનેક અર્થી વાણીનું પણ અવલંબન સાધકની સૂક્ષ્મતા, ચકોરતા અને વિવેકશક્તિના વિકાસ માટે લેવામાં આવતું હોય છે.

શરૂઆતના સાધકને કેટલીક વાર અનુભવ થાય છે કે ગુરુ તેની યોગ્ય કે અયોગ્ય એવી બધી ઘણી ઇચ્છાઓ પૂરી કરે છે; અને ગુરુને આથી કેટલીક વાર ઘણું સહન કરવાપણું પણ આવે છે તો તેને તે પોતાનું પ્રારબ્ધ ભોગવાઈ જાય છે, એમ જાણીને તેવું બધું થવા દે છે. જ્યારે સાધકને આની જાણ થાય છે, ત્યારે એનો ગુરુ પ્રત્યેના પ્રેમનો ફુવારો જોરથી ફૂટી નીકળે છે. શરૂઆતમાં સાધકને જાણ નથી થતી કે પોતે કોઈ સૂક્ષ્મ અસરને પરિણામે ઘડાતો જતો હોય છે. તે વખતે દુઃખદ લાગતા અનુભવો પણ એને થવાનાં; પરંતુ જો એવા વિષમ સંજોગોને પણ તે આનંદપૂર્વક સ્વીકારી લે છે તો પ્રગતિ ઝટ થાય છે. કોક વાર ગુરુ પોતાની દિવ્ય ચેતનાશક્તિનો સહજ પરચો પણ સાધકને બતાવે છે—જેને સાધક ચમત્કાર તરીકે લેખતો હોય છે—અને એ સાધન દ્વારા પણ સાધકને પોતાના પરત્વેના આકર્ષણમાં પ્રેરાવતો હોય છે. કેટલીક વાર આઘાત આપીને પણ પેલાનાં મન, પ્રાણ, બુદ્ધિને સંકોરીને સતેજ કરી પોતા તરફ વાળતો હોય છે. જેમ મા પોતાના બાળકને કોક વાર હસાવે છે, કોક વાર પટાવે છે, કોક વાર લાડ લડાવે છે તો કોક વાર રડાવે છે ને કોક વાર તેની સાથે ગુસ્સે પણ થાય છે તેમ ગુરુ પણ સાધક સાથે વર્તતો હોય છે;——પરંતુ અલબત્ત માની જેમ પ્રકૃતિવશપણે નહિ કિંતુ સભાન-સજ્ઞાનપણે-પ્રકૃતિ પરના સ્વામિત્વ સાથે હેતુપૂર્વક. સાધકની પ્રગતિ જેમ જેમ સધાતી જાય છે તેમ તેમ તેને પ્રતીતિ થતી જાય

છે કે ગુરુનું માર્ગદર્શન અને વર્તન કશા પણ અગાઉથી કરાવેલા વિચારથી પ્રેરાયેલ નહિ પણ સહજ અને સ્વતઃસ્ફુર્ત હોય છે અને એના એકેએક કાર્યમાં, વાણીમાં અને હાવભાવમાં ગૂઢ હેતુ પણ સમાયેલો હોય છે. એવો કોઈ જાતનો મત કે સિદ્ધાંત નથી હોતો કે જે ગુરુનો પોતાનો આગવો અંગત ગણાય. એ તો પળ પળ બદલાતી પરિસ્થિતિ અને વ્યક્તિને-સાધકને યોગ્ય જે જાતનું ત્યારે વલણ અને વર્તન ઘટિત હોય તે તટસ્થતાપૂર્વક રાખે છે. તેનું આજનું વર્તન કાલ કરતાં તદ્દન ભિન્ન પ્રકારનું પણ હોઈ શકે છે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૧૬૪ થી ૧૭૩)

જ્ઞાનની કક્ષામાં આવ્યા પહેલાં તે સ્થિતિ પ્રાપ્ત કરવાને માટે પોતાની જાત પ્રત્યે જેવો સખ્ત અને નિષ્ઠુર સદ્‌ગુરુ બન્યાં કરેલો હોય છે, તેવો જ નિર્દય તે સાધક પ્રત્યે પણ વખત આવ્યે જરૂર થતો હોય છે. દરેક સાધક સાથે પાછો તે તે પ્રમાણે જ વર્તશે એવું પણ નથી. કયા સાધકની પ્રકૃતિ કેવી છે અને તેના પોતાની સાથેના કર્મ-પ્રારબ્ધના સંજોગો કેવા છે, તેની તેને જાણ હોવાથી સાધક - સાધક સાથે યોગ્ય સમયે તે તે સાધકના કલ્યાણ અર્થે જ તેનો તેવો વર્તાવ રહેતો હોય છે. શરૂઆતમાં ને ઘણી વાર તો લાંબા કાળ સુધી પણ સાધક આવું વર્તન સમજી શકતો હોતો નથી, ને તેથી ગુરુ પ્રત્યે તે ક્રોધે પણ ભરાય કે મનમાં અન્યથાપણે પણ વિચારે; પરંતુ તેથી તો સાધકને પોતાને જ નુકસાન થાય છે. સાધકને ગમે તેવું દુઃખ કે કષ્ટ થાય તોપણ જરૂર ઊભી થતાં જે કંઈ યોગ્ય કરવાનું હશે તે કરતાં ગુરુ અચકાશે નહિ. જ્યાં સુધી એવી ઘડતરની ને ચણતરની ક્રિયાને સાધક દુઃખ અને કષ્ટ ગણ્યાં કરશે, ત્યાં સુધી એને સંતાપ અને કલેશ રહ્યા કરવાનો.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૯૧)

*　　　　*

એક જ ગુરુને સાધકો જુદી જુદી રીતે અનુભવતા હોય છે. એક સાધકને તે વ્યવસ્થિત, કાળજીવાળો, ચોકસાઈવાળો, સ્મૃતિવાળો, એવા એવા પ્રકારનો દેખાય. વળી બીજો સાધક એને બીજી રીતના અનુભવવાળો નિશ્ચયપૂર્વક તેમ જાણતો હોય છે. વળી ત્રીજા પ્રકારના જીવ સાથે તે ત્રીજી જ રીતે માલૂમ પડતો જણાય છે. એમ તે અનેકની સાથે જુદો જુદો દેખાતો હોય છે, ને તેવો તેમને અનુભવ થતો હોય છે; તેથી કોઈએ તેવી કોઈની જણાવેલી હકીકતમાં ભેદ માનવાપણું નથી. પોતપોતાને તેવાનો થએલો અનુભવ તેને તેને સ્થાને યથાર્થ હોવાનો પૂરતો સંભવ રહે છે.

*　　　　　　　*

બધાંની સાથે મારું એક જ જાતનું વર્તન હોતું નથી. કોઈકની સાથે વ્યાવહારિક રીતનું હોય છે તો કોઈ સાથે એનાથી તદ્દન ઊંધું. એમ કોઈ મને સરખાવે તો મારું વર્તન સમજાય નહિ એવું હોય છે. જેને 'વદતોવ્યાઘાત' કહે એના જેવું પરસ્પર મેળ ન ખાનારું પણ હોય છે. એને કેટલાક દંભ પણ કહી શકે; પણ મને એની કશી પડી નથી, કારણ કે વ્યાવહારિક વર્તન ક્યાં રાખવું ને ક્યાં ન રાખવું એનો પ્રભુકૃપાથી મને વિવેક છે. એટલે તમારી—સાધકની બાબતમાં મારાથી વ્યાવહારિક વર્તન થઈ શકશે નહિ. ('જીવનપગથી', આ.૩, પૃ. ૬૫)

*　　　　　　　*

જીવ તો હંમેશાં પાર્થિવતાની પકડમાં જ રહીને, એના ચોકઠામાં જકડાઈને જે તે બધું વિચારતો હોય છે. ગુરુની સલાહથી એને દેખીતો ગેરલાભ પણ થતો દેખાય—તેમ પણ બને—તેમ છતાં ગુરુનો હેતુ તો પેલાના જીવનના કલ્યાણ કાજેનો હોય છે. એટલે એવાનું કહેવું જો માત્ર પોતાના આંતરિક જીવનવિકાસની

ભૂમિકા પરથી અને માત્ર અંતર્મુખપણાના માપથી, તટસ્થ સાત્ત્વિકતાથી જો ગ્રહણ કરવાનું બની શકે તો તેથી ઊપજતી સર્વ કોઈ સ્થિતિમાં માનવીનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ જીવનવિકાસ પરત્વે રહેવાયાં કરવામાં પ્રેરણારૂપે ઝળહળ્યાં કરે. જે સંતના સમાગમમાં આપણે આવ્યા હોઈએ અને જેની અતિમાનવતાનાં દર્શન અને અનુભવ આપણને હૃદયથી થયાં હોય ને પછી કોઈ એવા કશાકના કંઈક વિષે આપણામાં ગડમથલ જાગે, તો એનાં પેલાં અતિમાનવતાનાં દર્શન ને આપણને એના થયેલા અનુભવોના દૃઢ ખ્યાલથી, તેવા તેના 'કંઈક'નો આપણા જીવન વિષેનો શો હેતુ હોઈ શકે, એવું તટસ્થતાપૂર્વકનું પૃથક્કરણ જ્ઞાનપૂર્વક જો કરવામાં આવે, તો તેવાનો કોઈક દિવ્ય હેતુ સમજાયા વિના રહે નહિ. અતિમાનવતાનાં દર્શન ને અનુભવ જેના વિષે આપણને ખરેખરાં થયાં હોય, તેના વિષે કશી સગડગ પણ ન હોય, અને જેના વિષે બુદ્ધિ પણ તે કબૂલ કરતી હોય, તો તેવી વ્યક્તિ કદી પાર્થિવપણાના જીવનવાળી હોઈ શકતી નથી. જેમ વિજ્ઞાનશાસ્ત્રમાં ગમે તેમ અલેલટપ્પે કશું જ સ્વીકારી લેવાતું નથી, તેના કરતાં પણ વિશેષપણે આમાં એનાં યોગ્ય પ્રમાણો ને લક્ષણો હોય છે. કાં તો એમ સંભવે કે એવાનાં અતિમાનવતાનાં દર્શન કે અનુભવ કરવામાં આપણી માત્ર સાવ અંધશ્રદ્ધા હોય, તો પછી જુદી વાત. પરંતુ જેનો અનુભવ નરી પ્રમાણભૂત હકીકતોને આધારે, નરી આંખે, બુદ્ધિ ને મનથી પ્રત્યક્ષ થયો હોય, અને એ નક્કર હકીકત હોય, તો પછી એના વિષે કશું વિચારવા કરતાં પોતા વિષે જ સાધકે ઊંડામાં ઊંડું વિચારવામાં લક્ષ આપવું યોગ્ય લાગે છે.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૧૫૭-૫૮)

*　　　　　*

મારામાં (ગુરુમાં) તો કશું નથી.જે કંઈ તમોને લાભ મળ્યાં કરશે તે તમારા થતા જતા વિકાસને અંગે તથા તમારા મળતા જતા સક્રિય સાથને કારણે આ જીવથી જે તે બધું બન્યાં કરવાનું છે; કારણ કે સ્વતંત્રપણે તો મારે કંઈ કશું કરવાપણું પ્રભુકૃપાથી રહેલું હોતું નથી. સ્વતંત્રપણે કંઈ કશામાં આ જીવને પરોવાવાપણું રહેલું નથી. જે તે બધું Relatively-સાપેક્ષપણે-રહ્યાં કરે છે.

* *

કરોળિયાને ચઢવાને માટે આધારભૂમિકા રૂપે સૂક્ષ્મમાં સૂક્ષ્મ તાંતણો પણ જેમ જરૂરનો રહે છે તેમ મારું પણ તેવું છે.

### શિલ્પી-ટાંકણા શો પ્રેમ

(અનુષ્ટુપ)

શિલ્પીના ટાંકણા જેવો પ્રેમ હોવો ઘટે હૃદે,
આકાર ભાવને યોગ્ય તેવો પ્રેમ દઈ શકે.

કાળની જેમ તે ક્રૂર મૂર્તિને ઘડવા સમે,
સૂક્ષ્મ જ્યાં ઘાટ દેવો હો, હાથ એનો મૃદુ બને.

જેવું કામ, હૃદે તેવો ભાવ તે પ્રકટાવશે,
ભાવ કેંદ્રિત તે રાખી કામમાં જીવ પ્રેરશે.

પંપાળ્યે કામ ના આવે વૃત્તિને એમ તો કદી,
ટાંકણા-પ્રેમથી વૃત્તિ નિત્ય યોગ્ય ઘડ્યાં જવી.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૮૨-૮૩)

પાછળ શો પડે પ્રેમ કેમ કેડો ન છોડી દે,
પ્રેમ તે પરવા કોની ક્યાંયે રાખે ન સ્હેજયે.

મર્યાદા બાંધવા યોગ્ય ત્યાં તે બાંધે ખુશી ચહી,
પોતાની મેળ તે વર્તે સ્વયંભૂ પ્રેરણા થકી.

### સંવાદી ગૂઢ તત્ત્વ

(અનુષ્ટુપ)

બજારુ-પ્રેમ સૌ કોઈ ખરીદી શકશે જગે;
વરવા જો તમન્ના હો પ્રેમ કોક વરી શકે.

પ્રેમ મેળવવા કાજે પ્રેમ સૌ આપવો પડે,
પહેલાં પ્રેમ આપીને જાણો, પ્રેમ પછી ચહો.

પ્રેમ-જીવન એ પ્રશ્ન અંતરે વૃત્તિ-મેળનો,
અંતરે વૃત્તિનો મેળ સાધે તે પ્રેમ મેળવે.

સંવાદી જે રહેલું છે વિશ્વમાં ગૂઢ તત્ત્વ તે,
પ્રેમ દ્વારા જનો એને શોધવા મથતા હૃદે.
બીજ રૂપે રહેલું જે સંવાદી તત્ત્વ સર્વમાં,
શોધી જે શકશે ઊંડું, ફળાવે હેતુ ધ્યેયમાં.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૮૩)

### ગુરુ અને સાધક

સાધક એક વખત પોતાના જીવનમાં ગુરુની આવશ્યકતા સ્વીકારી લે છે, તે પછી એને એની મહત્તા સમજાયા વિના રહેતી નથી. એને સમજાતું જાય છે કે ગુરુ એટલે વિશ્વની પ્રત્યેક વસ્તુનું કોઈ પરમ ચેતનાશક્તિ સાથે શા માટે અને કેવી રીતે સંકળાવાનું બને છે, તે સમજાવનાર જ્ઞાન-શક્તિ. માનવી-જીવનનું શું રહસ્ય છે, શા માટે આપણને જન્મ મળેલો છે, જીવનનો શો હેતુ છે, તેની સાથે જગતનો શો સંબંધ છે એ બધાંની ક્રમશઃ સમજણ

જેની ચેતનાશક્તિ વડે પોતાનામાં પ્રગટ થતી જાય છે તે ચેતનાશક્તિ.

આમ જે સાધકને ગુરુની મહત્તા સમજાય છે, તે જીવનમાં નવું નવું શીખતો જાય છે ને ધીમે ધીમે પછી ગુરુની નજીક આવતો જાય છે. શરૂઆતમાં સાધકને ગુરુની સ્થૂળ સમીપતાની જરૂર વધુ લાગે છે, તોપણ યોગ્ય ગુરુ તો તે સાધકને જરૂર પૂરતો જ પાસે રહેવા દેશે. જરૂર કરતાં વધુ રહેવું, એ સાધકમાં ગુરુ પ્રત્યેની જે યોગ્ય સમજણ કે આદરવૃત્તિ જન્મેલાં કે જન્મતાં હશે તે માટે લાભકારક ન પણ હોય. ગુરુ તો સાધકના આધારમાં બીજ રોપીને, અદશ્યપણે પોતાનો ભાવ જરૂર જેટલા પ્રમાણમાં રાખીને તટસ્થતાથી જોયા કરે છે. સાધક જ્યારે ગુરુની સમીપ હોય છે, ત્યારે ગુરુ એવા કંઈ ને કંઈ પ્રસંગો ઉપજાવે છે કે જેથી સાધકનું મન ગુરુમાં આકર્ષાયેલું રહ્યાં કરે.

જે સાધક પોતાનાં જૂનાં મંતવ્યો, સમજણો, ગણતરીઓ, મડાગાંઠો, આગ્રહો આદિ રાખ્યાં કરતો હશે, તેને તે બધાંમાંથી છોડાવવા ગુરુ કોઈ ને કોઈ સૂક્ષ્મ પ્રયત્ન કર્યા કરતા હોય છે—કોઈક વાર આઘાત આપીને પણ. આથી સાધકને અંતરમાં વિરોધ પણ જાગતો હોય છે. પરસ્પર બે વિરોધી બળોની અથડામણને લીધે આવું થવાનું જ. ગુરુનો ભાવ સાધકના પ્રત્યેક તબક્કામાં તેની સાથે રહ્યા કરતો હોય છે.

જે સાધકને પોતાના જીવનના હેતુની ગેડ હજી બરાબર બેઠી નથી કે તેનું પૂરેપૂરું મહત્ત્વ હજી અંતરમાં વસી ગયું નથી તેવો સાધક ગુરુને યથાર્થ રીતે સમજી શકતો નથી; એટલું જ નહિ પણ પોતાની અધૂરી સમજણ અનુસાર ગુરુ વિષે મત બાંધીને તેમને અન્યાય પણ કરતો હોય છે. આવા વલણથી ગુરુની

નિકટતા કંઈ પણ લાભ અપાવી શકતી નથી. જો સાધક અભિપ્રાય ન બાંધી લેતા ખુલ્લો રહેવા મથે ને રહે તો લાભ મેળવી શકે છે.

કદાચ કર્મ-પ્રારબ્ધના સંજોગે કોઈ અતિ નીચલા થરના સાધક સાથે ગુરુનો સંબંધ થયો હશે તો અનેક જાતની મથામણો તે સાધકના જીવનમાં ઉદ્‌ભવાવીને તેને ઊંચે લાવ્યા વિના ગુરુ રહેનાર નથી. આ કાર્યની પરિપૂર્ણતા માટે એને મન કાળનો પ્રશ્ન હોતો નથી. એને તો અપાર ધીરજ હોય છે. સાધકને પોતાનું સ્પષ્ટ ભાન જાગે એવું કરાવવામાં તે કશુંયે બાકી રાખતો નથી. અલબત્ત સાધકના હાથે જ તે બધું તે થવા દે છે. એની પાછળના સંજોગોમાં પોતે ઊભો છે એવો ખ્યાલ પણ તે સાધકને જાગવા દેતો નથી. પરંતુ સાધક જ્યારે ગુરુનો સૂક્ષ્મ હાથ ઓળખી કાઢે છે, ત્યારે તેને પોતાના જીવનની કૃતાર્થતા થતી લાગે છે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૬ થી ૨૧)

*　　　　　*

ગુરુની સમીપતા વેળાએ જુદી જુદી પ્રકૃતિનાં અનેક માનવીઓ સાથેના ગુરુના વર્તાવમાં શરૂઆતના સાધકને જીવનદૃષ્ટિના અભાવે દંભ, ડોળ, આડંબર, અહંભાવ, ક્રોધ એમ પ્રકૃતિની જુદી જુદી અનેક વૃત્તિઓ જણાયાં કરે છે. ગુરુ પોતાનો પ્રભાવ, ઓજસ, મહત્તા, શક્તિ વગેરે સાધકના દિલમાં જોરજુલમથી જાણે ઠસાવવા માંગે છે એવું પણ સાધક કલ્પ્યા વિના નથી રહી શકતો. આવાં બધાં સાધકનાં વલણોને ગુરુ સ્પષ્ટપણે જાણી જતો હોય છે; તોપણ પોતાના વર્તનનો યોગ્ય ખુલાસો ગુરુ ભાગ્યે જ કરે છે. પોતાને ઊંધી રીતે આસાનીથી સમજાવા દે છે. તેને ધીરજ હોય છે કે સાધક જો સાધનાને જ મહત્ત્વ આપ્યાં કરશે તો આજે નહિ તો કાલે, ગુરુનું વિચિત્ર કે દેખીતી રીતનું અયોગ્ય લાગતું વર્તન તેના યોગ્યપણામાં સાધકને સમજાયા વિના રહેવાનું નથી.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૨૨)

કોઈને પણ એનાં લખાણો કે એના પત્રોના અભ્યાસથી કે તેના તત્ત્વજ્ઞાનની સમજણથી પણ આપણે પૂરેપૂરા સમજી શકીશું નહિ. એ કાજે એવાનો નિકટ સહવાસ જરૂરી ભલે હોય છતાં તે પણ પૂરતું નથી. સતત એકધારો જીવનવિકાસક અભ્યાસ અને હૃદયની ભાવનાથી સેવેલો સહવાસ; તે ઉપરાંત તેનું હૃદય સમજવાનો ને એના જીવનની સમગ્ર, સળંગ અને સર્વતોમુખી વિચારસરણી, ભાવસરણી અને જીવનસરણીની ઈમારત કયા પાયા ઉપર ચણાયેલી છે તે જાણવા, સમજવા અને અનુભવવાનો આપણો નમ્રભાવે, જિજ્ઞાસુભાવે, હૃદયનો સત્પ્રયત્ન હશે તો જ તેનું જીવન-મૂળ આપણને કદાચ હાથ લાગશે. અને જો હાથ લાગે તોપણ તે પૂરેપૂરી રીતે તો નહિ જ. આથી સાધક પોતાનામાં થતાં પરિવર્તનોને સત્ય હકીકત રૂપે અનુભવશે, ત્યારે તેના દિલમાં ગુરુની પરમ મહત્તાનો ને ઉપયોગીપણાનો વધારે ને વધારે સૂક્ષ્મ સ્ફોટ હૃદયથી થતો જશે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૫૨-૫૩)

ગુરુની સમીપતા યોગ્યતાવાળી અને ફળદાયી તેટલા જ પ્રમાણમાં ગણી શકાય કે જેટલા પ્રમાણમાં સાધકનું સમગ્ર જીવન તેની ચેતનાશક્તિ સાથે સંકળાતું જાય અને તેનો દૈવી લાભ લેવાતો જાય. સાધકે પોતે જ આ બાબતમાં સજાગ રહીને પોતાની નિમ્ન પ્રકૃતિઓનાં વિકૃત વલણોનો ઈન્કાર સતત કર્યાં કરીને મથ્યાં કરવાનું રહે છે. ('જીવનસંદેશ', આ.૪, પૃ. ૨૭)

* *

જે સમજણ કે પ્રેરણાઓ સાધકને મળે તે સાધકને રચનાત્મક મદદ અને વેગ આપનારી હોય, તેની અસરને આડફંટે લઈ જનારી ન હોય તે વિષે સાધકે સૂક્ષ્મ જાગ્રત વિવેક રાખ્યાં કરવો રહેશે. કારણ કે જે ચેતનાશક્તિ સાથે આપણો સંબંધ થયેલો છે,

તે ચેતનાશક્તિ વ્યક્તપણે નિર્ભેળ સરળતાથી આપણી સાથે કામ લઈ રહેલી હોતી નથી. આપણને તે કદીક બીજું પણ બતાવે; અને તે વેળાએ આપણી પૂરી કસોટી થઈ જવાનો સંભવ રહે છે. આ કારણથી સાધકે કદી પણ વિવેક-શક્તિ નહિ વાપરવી કે બુદ્ધિનો ઉપયોગ નહિ જ કરવો એમ માની લેવું તે બરાબર નથી. આપણામાં પૂરેપૂરી સમજ, તુલનાત્મક બુદ્ધિ ને શક્તિ, પ્રત્યેક પરિસ્થિતિમાં પોતાનો શો ધર્મ છે, તે સમજી લેવાની સહજશક્તિ, ગૂંચોનો ઉકેલ તરત કરવાની હૈયાસૂઝ—એવું બધું આપણામાં ઉગાડવા માટે ગુરુની ચેતનાશક્તિ છે. એ શક્તિ આપણને પરાધીન રાખવા માગતી નથી; પણ પોતાના જેવા જ ચેતનાશક્તિવાળા બનાવવા ઇચ્છે છે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૩૨-૩૩)

*　　　　　*

વળી, ઘણી વાર ગુરુ જેમ થતું હોય તેમ નિરાંતે થવા દે છે. તે કશું બેળે બેળે લાદી શકતો નથી. એ પણ તેની તેની તેવી તેવી ભૂમિકા માગી લેતો હોય છે. સમષ્ટિની અને વ્યક્તિની રચનામાં અને ચલણમાં આ જગતમાં રહેલા મહાન આત્માઓ સાક્ષીવત્ જ રહેતા હોય છે. વળી સાધક ગુરુને પૂરેપૂરા હૃદયથી સ્વીકારી પણ શક્યો હોતો નથી. કદાચ ધારો કે ગુરુ એને હંકારવાનું ઇચ્છે તોપણ પેલો જીવ એને સમજી ન શકે, એના ભાવની રીતે તે ચાલી પણ ન શકે. ગુરુના આઘાત-પ્રત્યાઘાત સ્વીકારવા એ સહેલું નથી. અરે ! સ્વીકારવાનું તો બાજુએ મૂકો, પણ સહેવા પણ અટપટા છે. સાધકની કક્ષા જ્યાં સુધી જીવભાવમાં હોય છે, ત્યાં સુધી તેવો જીવ ગુરુની ભાવનાને ને ચેતનાને અને તેના યોગ્ય પ્રકારના હકીકતપણાને સમગ્ર ને સળંગપણે સમજી શકવાને સમર્થ બની શકતો નથી. ગુરુની જાગી ગયેલી ચેતનાશક્તિની

પ્રતીતિ અને અનુભવો જીવને અનેક વાર થયા હોવા છતાં સાધક જીવદશામાં છે, ત્યાં સુધી તેવા આત્માની યોગ્યતામાં તેને સગડગ જાગ્યા વિના રહી શકતી નથી. જીવસ્વભાવમાં જકડી રાખવા આપણામાંની પ્રકૃતિ આપણને અનેક સ્થૂળ, સૂક્ષ્મ અને કારણરૂપે કંઈ અને કંઈક કશુંક બતલાવી કે અમુક આપણી તેવી દશામાં 'હકીકતપણે' દેખાય તેવું બતાવીબતાવી મનને પેલાનામાં એકરાગ થતું અટકાવવા બધાં જ તનતોડ પ્રયત્ન તે કરતી રહેવાની જ.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૨૩ થી ૧૨૫)

*   *

જ્યાં સુધી સાધકનો સંપૂર્ણભાવ એકરાગપણે ગુરુમાં સર્વ ભાવે ને સર્વ રીતે શરણપણાની જીવતી ભાવનામાં પૂરેપૂરો ન બની શક્યો હોય, ત્યાં સુધી ગુરુ પણ બિચારો સાવ લાચાર હોય છે. એની લાચારીનો તો પાર નથી હોતો. એવા એના દર્દને કોણ પિછાની શકે કે કોણ અનુભવી શકે ? ગુરુ તો મડદા જેવો છે. એને જીવાડો તો જીવે અને મડદા જેવો રાખી મૂકો તો તે તેમ પણ નિરાંતે પડી રહે. તે જીવતો આપણા આધારે જ બની શકે. ગુરુની ભાવના આપણામાં સર્વાર્પણભાવે, સર્વપણે, સમર્પણભાવે, ને કેંદ્રિતપણે જીવતીજાગતી આપણા આધારના એકે એક કરણમાં ન બની જાય ત્યાં સુધી ગુરુ પણ લૂલોપાંગળો હોય છે. ગુરુનામાં આપણો પૂરેપૂરો હૃદયથી હૃદયમાં એકરાગ થઈ જવો––તેમનામાંનું સ્વીકારવાની ભૂમિકા યોગ્યપણે થવા કાજે––ઘણો જરૂરી છે. તેવું થઈ શકે તો જ યોગ્ય ગુરુ યોગ્ય સાધકને તેની યોગ્ય રીતે હંકારી શકે. આવું આનું વિજ્ઞાનશાસ્ત્ર છે.

('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૧૨૫-૨૬-૨૭)

*   *

જેને આપણે ગુરુ માનીએ છીએ, એની ચેતનાશક્તિને કેટલો વખત આપણા આધારમાં, વ્યવહારમાં, સંબંધમાં, વિચારમાં, ભાવનામાં, કર્મમાં મૂર્તિમંત કરતા હોઈશું ? હૃદયની શુદ્ધ નિર્મળ ભાવનાથી એનો પૂરો પ્રયોગ તો કરો ! એને તમારા આધારમાં કામ કરવા દેવાની અનુકૂળતા તો કરી આપો ! તમારું ભરેલું ખાલી કરીને એને જ જ્યાં ત્યાં બધે જગા તો આપો ! ને પછી જુઓ ! મદદ ઊભી છે કે નહિ ?

* *

## ગુરુ પરત્વે સાધકનો ને શ્રેયાર્થીનો ધર્મ

એમની પ્રત્યેક સૂચના નમ્રપણે, પૂરેપૂરા ભક્તિભાવથી, કંઈ પણ કશી આશા અપેક્ષા રાખ્યા વિના, આપણા પોતાના જ કલ્યાણાર્થે તે તે બધું છે એમ સમજીને અને તે વેળાએ તે સૂચનાથી બીજો સામો વિચાર ઊગવા દીધા વિના તે સૂચનાનો હૃદયપૂર્વક અમલ કરવાનું રાખવું.

ગુરુ અંગેની કોઈ ઘટના કે ગમે તેવી જાતની આકરી તેમના તરફની પ્રસંગ-કસોટીમાં, મન-બુદ્ધિથી ન સમજાય તેવી વેળાએ પણ મનમાં અકળામણ, ઉદ્વેગ કે બીજી વૃત્તિ ન જાગી શકે એવી દશા મનની રહ્યાં કરે અને મનમાં કંઈ કશાં બીજા ખ્યાલ ન જાગી શકે તો આપણા મનને જીવનના રચનાત્મકપણામાં જીવતું થવાને, તે એક ભારે ઉત્તમ પ્રકારની તાલીમ થઈ પડે. સદ્ભાવ, ભક્તિ કે આદરભાવ જે આપણે રાખવાનાં છે, તે આપણા પોતાના જ જીવનવિકાસ કાજે કરવાનું છે.

વ્યાવહારિક ક્ષેત્રની જેમ આધ્યાત્મિક ક્ષેત્રે પણ જ્યાં સુધી આપણને તે ક્ષેત્રનું જ્ઞાન, સમજ કે અનુભવ નથી ત્યાં લગી એને (ગુરુને) આપણે યોગ્ય રીતે સમજી શકવાના નથી. આથી એના અંગે કંઈ પણ વિષે જેટલા ખુલ્લા મનવાળા આપણે રહી શકીએ

તે આપણા કાજે ઉત્તમ છે.

*　　　　　　*

ગુરુ પણ સાધનરૂપ છે. એનું મહત્ત્વ હોય તો તે સાધન પૂરતું જ છે. એને—એ સાધનને—ઘટતું ને જરૂર જેટલું ને યોગ્ય મહત્ત્વ હોય તેટલું આપણે આપવાનું. તેનાથી ઓછું પણ નહિ ને વધારે પણ નહિ. વધારે આપવા જતાં સાધનમાં જ આપણે ભરાઈ પડવાનો સંભવ રહ્યાં કરે છે, ને ઓછું અપાતાં સાધનનો પૂરેપૂરો લાભ ઉઠાવી શકાતો નથી.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૯૨-૯૩)

*　　　　　　*

આપણો પ્રેમ તેઓ (ગુરુ) માગે છે તે આપણા માટે માગે છે. જેટલો વધુ અપાય તેટલું આપણું જ શ્રેય છે. આપણા પ્રેમ વડે કરીને તેના કામમાં તે આપણને ભાગીદાર બનાવે છે. તેને આપણામાં કામ કરી શકવાને આપણામાં ભૂમિકા રચાવાના હેતુ અર્થે તે માગે છે.

*　　　　　　*

સાધકે કોઈ પણ પ્રકારનો સંકોચ કે અંતર ગુરુની અને પોતાની વચ્ચે ન રાખવું ઘટે.　　'જીવનસંદેશ', આ.૪, પૃ. ૨૬)

*　　　　　　*

પોતાના રાહબર પ્રત્યે અશ્રદ્ધા કે અસદ્‌ભાવનું મનનું કે એવા કશાયનું એક પણ મોજું-લહરી ન ઊઠે એ જોવાનું ને ઊઠે તો તેનો તત્ક્ષણ ઈન્કાર કરવાનું કાર્ય સાધકનું હોવું ઘટે..

## ગુરુ અને સાધક

(અનુષ્ટુપ)

વિકાસ માટ આધાર માત્ર સાધન તો ગુરુ,
ફેરફાર થવા કાજે એને યોગ્ય ગ્રહ્યાં જવું.

સર્વશ્રેષ્ઠ પ્રભુભાવ તોલે આવે ન એની કૈં,
ગુરુ પગથિયાં રૂપે મથો જો ચઢવા ઊંચે.

વારો ભોગવવા આવે ગુરુને એથી તો ઘણો,
પ્રેમ જો હો ગુરુ પ્રત્યે તેવું નિમિત્ત આપણે
—એના ભોગવવા કેરું થવું ના ઘટતું કશે.

આલંબન લીધેલું છે, છતાં લીધા સમું ન તે,
એનું ભાન નથી રે'તું જેને, તે શું કરી શકે ?

ઉદ્ભાવવા હૃદેમાંથી ચેતના-શક્તિની કળા,
લીધો આશ્રય જેનો તો તે કાજે વાપરો ન કાં !

'બધું કોક કરી દેશે' મિથ્યા એ ભ્રમણા ખરે !
પ્રત્યક્ષ સ્હાય, જો પોતે સાચી રીતે મથ્યાં કરે.

આપણે એક બાજુનું જોઈ ના શકીએ પૂરું,
તેમાં બીજાનું તે માપ કાઢી શેં શકીએ કશું ?

આપણું માપ પોતાથી કાઢી તો શકતા નથી,
દોઢડાહ્યાં થઈ શાને પેલાને માપીએ પછી ?

માપવા તો જતાં એને મપાઈ આપણે જશું,
શકો માપી હૃદે ક્યાંયે એવાને કોઈ રીત શું ?

('કર્મગાથા', આ.૧, પૃ. ૮૧, ૮૨, ૮૩, ૧૧૩)

દિલને ચીરતા એવા કદી વિચાર આવતાં,
રોકી ત્યાં શકવા ચિત્ત, ભાવ લો ઉપયોગમાં.

વંટોળેથી વિચારોના કદીયે ઊડી ના જવું,
સ્થિર રે'વું હૃદે ત્યારે ઊલટું વેગથી ઘણું.

શ્રદ્ધા, વિશ્વાસ ને પ્રેમ ઊંડી આદર-ભાવના,
નમ્રતાની તમન્ના સૌ રાખશે શરણે તદા.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૧૬)

ભક્તિ ને પ્રેમ દેવાનાં પોતાને કાજ તો નથી,
આપણા સૌ વિકાસાર્થે દેવાં જો યોગ્ય દો ચહી.

*                    *

જેના આધારથી પોતે ધાર્યું છે ચઢવા ઊંચું.
તેનો આધાર લેવાનું ચિંતવ્યાં કર્યું ના કશું.

એની સ્મૃતિ બધાં કર્મે જાગ્યાં ઊંડી કરી ન તે,
ઊભો પૂંઠે સદા એ તો એવી ના ધારણા હૃદે.

સ્મૃતિ કો વેળ ઊઠેલી તેમાંયે પ્રાણ ના કશા,
કેવી રીતે પછી આવે કૈં ભલીવાર કામમાં ?

'ઈશારે આપણે નાચે, ઈશારા આપણા વડે,
પ્રેમ સર્વ કરે' એવું માનવી શાં ચહ્યાં કરે !

પોતે ચલાવવા એને પોતાની માન્યતા રીતે,
સદા તે માનવી ધારે કેવાં પામર મૂઢ તે !

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૧૧૧-૧૨, ૨૦૩)

(શિખરિણી-મંદાક્રાંતા)

તમારે ઈશારે પ્રભુ ! નચવવાનું બધું મૂકી દેજો,
ઈશારે એને સૌ જીવન રચવા ભાવ-તૈયારી પ્રેરો;

ગૂંદાયે છે માટી કણ કણ વિષે પાત્ર-આકાર યોગ્ય
બને છે ત્યારે તે, પણ ત્યમ થવા દેવું કોને ગમે છે?

કહેલુંયે જે કૈં પણ કરી શકો ના તમે જ્યાં ઉમંગે,
વધારેની આશા કહીં થકી ધરું કેવી રીતે પછી તે ?

કશે પૂરેપૂરું સ્વરૂપ નિજનું ઓળખી ના શકો ને,
છતાં દાવો મોટો કયમ કરી ધરો, ના ગળે ઊતરે તે.

થવા મોટું ઇચ્છે જન બધાં, કિંતુ તેવું ઘડાવા,
—પડે કેવા કેવા વિષમ ટપલા ! તે ખમાયે બધા ના;

ખમાવાનું ક્યાંયે દૂર દૂર રહ્યું, ભાગતા દૂર ક્યાંયે !
પછી કેવી રીતે પ્રભુ ઘડી શકે ઉર વિચારજો તે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૦૩)

(અનુષ્ટુપ)

પ્રેમમાં જો ભળાયું ના ભળી ક્યાંથી બીજે જશો ?
'પ્રેમ' એ ભાવના સૂક્ષ્મ ભલેને વ્યક્તિમાં જ હો.

વિલીન થૈ જવા કેરી જેનામાં ઝંખના ઊંડી,
થવું વિલીન જેમાં છે એને તો રાખવું જડી.

સાધનામાં ખપે ના સૌ પરંપરાગતે કશું,
માગી મૌલિકતા તે લે પ્રાણચેતનાભરી.

પ્રેમને જાણવા કાજે પોતે પ્રેમ થવું પડે,
થઈ પ્રેમ જતાં પોતે કામ કેવાં બધાં સરે !

પ્રેમ ઉદ્‌ભાવશે શક્તિ હૈયે હૈયાં નિભાવશે,
માધુર્યભાવ જન્માવી આત્માને ઓળખાવશે.

પ્રેમમાં કોઈ વૃત્તિની છાયા ના આવવી ઘટે,
પ્રેમ તે પ્રેમને કાજે હજો ત્યાં શુદ્ધ ભાવથી.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૭૭, ૯૭, ૧૦૪, ૧૭૮)

(શાર્દૂલવિક્રીડિત)

જે પ્રેમે ભરી સ્નિગ્ધતા હૃદયની ને આર્દ્રતા, આર્તતા,
તે પ્રેમે ભળી એકતાર બનતાં જન્મે શું માધુર્ય ત્યાં !
સૌ રાગાત્મક વૃત્તિઓ સરકતાં તે પ્રેમ જન્મ્યાં કરે,
તેવાં જીવન, દૃષ્ટિ, વૃત્તિ—વલણે એવું થવા હો હૃદે.

**ચમત્કાર**

ચમત્કાર તો, જોવા જઈએ તો પળેપળ જડે તેવા છે. ચમત્કાર અંગેની સમજણ સમાજમાં જે પ્રવર્તે છે, તે જ્ઞાનને દ્યોતક નથી. આપણા પોતાના જ જીવનમાં જીવદશાની કક્ષામાં પણ કેટકેટલા ફેરફાર થતા હોય છે; તે શું ચમત્કાર નથી ? જીવનની વૃત્તિમાં કેટલીક વાર એકદમ પલટો પ્રગટે છે; શું એ ચમત્કાર નથી ? જડ પ્રકારના માનવીમાં ચેતના પ્રગટે છે અને તે નવો અવતાર ધારણ કરે છે; આવા અનેક પ્રકારના વિધવિધ ચમત્કારો જીવનમાં જોઈએ તેટલા જડે તેમ છે. સાચી રીતે તો આપણાં કરણોની પૂર્ણ શુદ્ધિ થઈને આપણે પૂર્ણ નિરહંકારી, કામનારહિત, દ્વંદ્વાતીત, ગુણાતીત આદિ બધું પ્રભુકૃપાથી થઈ શકીશું એ જ આપણા માટે ખરો ચમત્કાર છે. આપણે તો આ ચમત્કારની વાંછના રાખવી.

('જીવનસંશોધન', આ.૧, પૃ. ૨૬૮-૬૯)

*    *

સાધકના દિલને અથવા તેના હૃદયને એકદમ આઘાત આપવા માટે, એટલે કે એના જીવનવલણને પલટાવવા માટે, પ્રેરણાત્મક ભાવનાયુક્ત યોગ્ય ચમત્કારનું સ્થાન રહે છે ખરું. સાધનામાર્ગમાં યોગ્ય ચમત્કારને સ્થાન છે; પરંતુ એવા ચમત્કાર

ઉપર જો આપણી શ્રદ્ધા અને વિશ્વાસ ઠરેલાં ન હોય અને શંકા-કુશંકા તેના પર થયાં કરી તો તે પોતાનો ભાવ યોગ્ય રીતે ભજવી શકશે નહિ, ને જોઈતું પરિણામ નિપજાવવામાં નિષ્ફળ જશે. ચમત્કાર એ કંઈ જાદુના ખેલ નથી. હાડકું ઊતરી ગએલું હોય, ત્યારે તેને એક સખત આંચકો મારીને બેસાડવામાં આવે છે, તેવી રીતે સાધકને તેવો અનુભવ શ્રીભગવાન કોક વાર કરાવે છે ખરો.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૫૯)

## ચમત્કાર

(અનુષ્ટુપ)

ચમત્કાર નથી એ તો વ્યક્તવ્ય શક્તિ કેરું ત્યાં,
થયાં કરેલું પોતાનું નિમિત્તરૂપ વ્યક્તિમાં.

આત્મની શક્તિનો ભાવ ઉદ્‌ભવ એ રીતે થતાં,
વ્યક્ત એમ થતો રે'શે કોઈ ગૂઢ રીતે તહાં.

ભલે નિમિત્ત ત્યાં બીજું શક્તિનો પ્રાણ સ્પર્શવા,
આત્મ-શક્તિ તણું જ્ઞાન એ રીતે પ્રભુ દે તહાં.

વિસ્તાર જ્ઞાનનો થાવા નિમિત્ત ભૂમિકા હૃદે,
જોઈતી, આપતો રે'છે કૃપાળુ પ્રભુ એહને.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૨૨)

## ચૈતન્ય, કર્મોના મૂળમાં

(અનુષ્ટુપ)

જે પ્રભુત્વ રહેલું છે ગૂઢમાં ગૂઢ જીવને,
થવા પ્રાગટ્ય તે માટે નિમિત્ત કર્મ-સાધન.

ચેતના-શક્તિના ભાવે મૂલ્યાંકનો સનાતન,
મૂલવવાં સદા સૌનાં, યોગ્ય તે માપ-નિયમ.
ઘટે છે જાણવા

ચૈતન્યે જે અવસ્થા રે’/સૌ મથે પ્રાગટ્ય તે થવા,
તે પરે સર્વ આધાર રહેલો કર્મમાં સદા.

સ્વરૂપ મૂર્ત ચૈતન્ય આપવા કર્મ સૌ મળે,
કર્મમાં હેતુ ને જ્ઞાન રાખવાં તેથી જીવને.

આબેહૂબ પ્રતિકૃતિ ચેતના તણી જે નથી,
એવાં કર્મ તણું મૂલ્ય લગારે જીવને નથી.

ચૈતન્ય-અંતરેથી સૌ કર્મ તે જન્મવાં ઘટે,
કર્મનું મૂળ ચૈતન્યે રે’વું તે આપણું ઘટે.

દ્વંદ્વાદિ અસરોથી કૈં જે જે કર્મ થયાં કરે,
ચેતના-શક્તિ પ્રાબલ્ય ઓછું ઓછું કર્યા કરે.

રાગમોહાદિથી મુક્ત ભાવને અર્થ કામ સૌ—
જેમ જેમ થતાં ર્‌હેશે ચૈતન્ય તેમ જાગશે.

આલંબન લીધેલું છે જેનું ભાવ જગાડવા,
હૈયામાં શ્વાસ તે એનો કરો રાખ્યાં કૃપાથી ત્યાં.

પ્રાણવાળી સ્મૃતિ એની હૈયે જો ચેતતી રહે,
ઉપજાવ્યા વિના ભાવ તેવી સ્મૃતિ ન તે રહે.

માનવીનાં બધાં કર્મ તે ચૈતન્ય દબાવી દે,
કેટલી વાર શો ભાવ મારી નાખે બધોય તે.

(‘કર્મગાથા’, આ.૧, પૃ. ૮૭-૮૮)

## જપ, નામસ્મરણ ઘરેડરૂપે લેવાતાં પણ, કૈંક તો ફળે ખરું

નામનું સતત સ્મરણ થવું તે કંઈ સહેલી વાત નથી. તમે આટલા બધા વખતથી મનને ટકોરીને સ્મરણ કરવાનું રાખો છો તોપણ તે ભૂલી જવાય છે. કોઈ જીવ ભગવાનનું નામ એમ ને એમ લઈ શકતો નથી. સતત ભગવાનનું નામ લેવું એ હાંસી-ખેલ નથી. આટલી બધી કાળજી, જાગૃતિ રાખ્યા છતાં નામસ્મરણ સતત રહેતું નથી તો ઘરેડ પ્રમાણે કેમ રહી શકે ? અને ધારો કે ઘરેડ પ્રમાણે રહે તોપણ તેનું પરિણામ નકામું જતું નથી. જેમ કોઈ ખેડૂત બી વાવતાં પહેલાં ખેતરમાં ખાતર નાંખીને તેને ખેડીને પોચું બનાવે છે અને પછી બી નાંખે તો, અને ભગવત્ કૃપારૂપી વરસાદ વરસે તો તેમાંથી મબલક શુભ પરિણામ નીપજ્યા વગર રહેતું નથી. પરંતુ કોઈ આળસુ ખેડૂત બરાબર ખેડખાતર ન કરે અને બી વાવી દે તોયે થોડું ઘણું ઊગ્યા વિના રહેતું નથી. કંઈ નહિ તો ઢોરને ખાવાને રાડાં પણ પાકે; એમ ભગવાનનું નામસ્મરણ જો ખાતરખેડ કર્યાની માફક, એટલે કે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંકાર એ બધાંને નામસ્મરણ ઊગી નીકળવાની ભૂમિકાને યોગ્ય કેળવ્યાં કરવાનું રાખીને નામ લીધાં કરીએ તો તેવો માનવી પ્રત્યક્ષ પરિણામ પોતાના જીવનમાં અનુભવ્યા વિના રહેતો નથી. આને માટે અત્યંત, અપાર ધીરજ ને ભારે પુરુષાર્થની જરૂર હોય છે.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૧૮૧-૮૨)

*　　　　　*

જાપનું ઉદ્ભવસ્થાન હૃદય છે. જપ આખરે તો એક ભાવ જ છે. જો જાપ હૃદયના ધબકારા સાથે આપણે બરાબર કર્યા કરીએ તો ધ્યાન પણ આપોઆપ ત્યાં રહેશે. એ અભ્યાસ સ્થિર થતાં જાપ હૃદયમાંથી સ્વતઃપણે થયાં જશે ને જો તેમાં ભાવ

ઉમેરી શકાયો તો ધારણા પણ રહ્યાં કરશે. એમ ત્રણે જાપ, ધ્યાન ને ધારણા બરાબર થશે.

કોઈનાય સ્મરણે ઊર્મિ જાગતાં કે કોઈ પણ લાગણીનો ઉદ્રેક થતાં તેનો સદ્ઉપયોગ જાપ-ભાવથી કરી લેવામાં થઈ શકે છે.

જપ ભાવુક અને સાત્ત્વિક તો અંદરથી ચાલ્યાં કરતો હોય તે જ સારો. પણ જેમ આદર્શને એકદમ પહોંચી શકાતું નથી તેમ જે રસ્તે તેને પહોંચવાની શક્યતા જણાતી હોય તે માર્ગ હાલ લેવો સારો, એટલે મોટેથી જાપ કરશો તો વાંધો નથી; પછી ક્રમશઃ જીભ માત્ર હલાવીને મનમાં જાપ થઈ શકે અને અંતે તો અંદરથી હૃદયમાંથી આપોઆપ તે થયે જાય. જાપના ધ્યેયને જો ભૂલીશું નહિ તો યાંત્રિક, જડ ટેવ પડવાની નથી. આપણા અર્થમાં 'ધારણા' એ તો ક્રમમાંથી પરિણામ પામનારી અસર છે. મુખ્ય તો હૃદયના ધબકારા સાથે ખૂબ ભાવાવેશ સાથે જાપ થાય એ જરૂરી છે.

('જીવનપગરણ', આ.૨, પૃ. ૩૯, ૪૦, ૪૧, ૧૨૯-૩૦)

*　　　　　*

પ્રતિદિન જાપ બોલવામાં આપણને ઉમળકો વધ્યે જવો ઘટે. જપનો હેતુ શ્રીભગવાનની ભાવનાનું સાતત્ય જીવતું એકધારું રહ્યાં કરે તે કાજેનો છે. જપ એ માત્ર સાધન છે. સાધન એ તો સાધ્યનો, ધ્યેયનો મેળાપ કરાવનાર હોવાથી તે દૃષ્ટિએ સાધનની તેટલી મહત્તા છે. માત્ર સાધનને જડપણે ખાલી ખાલી પકડી રાખનાર કદી ધ્યેયને હાંસલ કરી શકતો નથી. તેથી આપણે ધ્યેયને ભૂલવાનું નથી. પણ જે જીવ કોઈ પણ પ્રકારનું સાધન જ લેવાનું કરતો નથી અથવા જે જીવને સાધનાની ભાવનાની ધારણા કોઈ ને કોઈ પ્રકારે જીવતી રહી શકતી નથી, એ જીવને ધ્યેયને પામવાની અવધિ લાગશે નહિ. એકધારી રીતે જપ ભલે ન થઈ શકે, પણ જે હેતુથી તે લેવાનો હોય તેને દિવસના સળંગ વહેવારમાં અંતર્ગતપણે

જાળવી શકાય તો એનું નામ પણ જપ છે. જપ તો સ્થૂળ છે; પરંતુ એનાથી ઉત્પન્ન થતી ભાવના જ મહત્ત્વની છે.

(‘જીવનપ્રવેશ’, આ.૨, પૃ. ૧૯૦-૯૧)

* *

બીજાં કાર્યોમાં આપણે પરોવાયેલાં હોઈએ, ત્યારે શરીરનો કોઈ પણ સહેજ છૂટો પડેલો ભાગ, જેમ કે પગનો અંગૂઠો, હાથનો અંગૂઠો કે આંગળી, હલાવ્યા કરવાનો, ને તેની સાથે સાથે જપયજ્ઞ ચાલુ રાખવાનો અભ્યાસ તેની તેવી સજીવ જાગૃતિ સાથે પાડ્યા કરશો તો બીજું કામ કરતાં કરતાં પણ અંતરમાં સ્મરણભાવની ધારણા જરૂર ચાલુ રહેશે. આવો ભાવનાથી જ્ઞાનપૂર્વક થતો રહેતો પ્રયોગ—ચાલતાં, ઊઠતાં ફરતાં, બેસતાં, રોજની હરેક ક્રિયાઓ કરતાં કરતાં—સ્મરણભાવની ધારણા જીવંત રાખવામાં સરળતા પ્રગટાવે છે. જો કે આવું પણ એકદમ કંઈ નહિ થઈ જાય.

(‘જીવનસંશોધન’, આ.૧, પૃ. ૩૦-૩૧)

શરૂશરૂમાં માનસિક જપ થવો શક્ય નથી. મન તો સંકલ્પવિકલ્પ કરી શકે; તે વિના બીજી શક્યતા નથી. જપની સ્મરણભાવની ધારણાનો એકધારો અભ્યાસ બોલીબોલીને પાડવાનો રહે છે. જ્યારે અજપાજપ પ્રગટે છે, ત્યારે જ માનસિક જપની ધારણા રહી શકે છે. બાકી તો આપણે માનીશું કે મનમાં જાપ થઈ રહેલા છે અને જાપનું થવું તો ક્યાંયે ગેબ થઈ ગયું હશે તેની ખબર પણ નહિ પડે !

(‘જીવનસંશોધન’, આ.૨, પૃ. ૨૮૯)

* *

જપને યજ્ઞમાં ગણેલો છે. એ એક મોટું, સહજ ને સરળ સાધન છે. સામાન્યપણે જપ ટૂંકામાં ટૂકો હોય તો ઉત્તમ. એ જપવામાં ક્લિષ્ટ ન હોવો જોઈએ, સરળ હોવો જોઈએ. હ્રસ્વ ને

મૃદુ તથા કઠણ નહિ એવો (ઘોષ વ્યંજન) હોય તો વધુ સારું. શબ્દનાં ત્રણ સ્થળ છે; નાભિ, કંઠ ને બ્રહ્મરંધ્ર. જપ એવો હોવો ઘટે કે ત્રણેયને સ્પર્શી શકે. એકેએક સ્થળ ઉપરથી જપના પ્રત્યેક અક્ષરનું ભાવપૂર્વકનું હેતુની સળંગ ધારણા સાથે ઉચ્ચારણ થાય, તો તે સાધના અતિ ઉત્તમ છે. જપમંત્ર શ્વાસોચ્છ્વાસ સાથે અથવા નાડીના ધબકારા સાથે લેવાય તો ઉત્તમ. જપને યજ્ઞ કહેવાનું કારણ એ છે કે યજ્ઞમાં જે તે બધું હોમવાનું હોય છે; એટલે આપણે પણ મનાદિ કરણનું જે જે બધું ઊભળે તે બધું તેમાં પ્રાર્થના સાથે જ્ઞાનભક્તિપૂર્વક હોમ્યાં કરવાનું છે.

('જીવનસંશોધન', આ.૧, પૃ. ૩૨૦-૨૧)

* *

મંત્ર એકધારો, નિરંતર હૃદયથી જો લેવાયા કરાતો હોય તો તેવા મંત્રના ઉચ્ચારણમાંથી પ્રગટતી ધારણાથી જ્ઞાનતંતુઓ Tone up-પ્રાણવાન થાય છે. એથી સમતા અને શાંતિ પ્રગટે છે. એવી સમતા અને શાંતિ જ્યારે જ્ઞાનતંતુઓમાં પ્રગટીને તેની ટોચ પર પહોંચે છે, ત્યારે શરીરના રોગને પણ તે નિવારવા શક્તિમાન બને છે. જપમાં આ કારણે ગંગાના પ્રવાહના જેવી સતત, એકધારી, સળંગ નિરંતરતા પ્રગટવી એ ઘણી જરૂરની છે. તે વિના જપ પૂરા અસરકારક નીવડી શકતા નથી. જ્યારે જપમાં એવી ભાવાત્મક નિરંતરતા પ્રગટે છે, ત્યારે કરણોનાં પ્રાકૃતિક વલણોને યોગ્યપણે પ્રગટવામાં તે પ્રેરણાત્મક બને છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૮૪)

* *

જપ એટલે ચેતનભાવનું સાતત્ય અખંડ રહેવું તે. મનને ચેતન પરત્વેના સદ્ભાવથી જે રીતે પ્રેરાયેલું રાખી શકાય તે જપયજ્ઞ. મનનો સ્વભાવ જ્યાં લગી ચેતન પરત્વેનાં રસાર્દ્રતા ને

આર્તતાવાળી ભૂમિકાયુક્ત ન બની જાય, ત્યાં લગી તે યદ્વાતદ્વા જ રહ્યાં કરવાનું. એટલે હૃદયથી એવા સદ્‌ભાવમાં રહેવાનો જેટલો જ્ઞાનયુક્ત અભ્યાસ વધે તેટલું ઉત્તમ.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૧૮૭)

*             *

નામસ્મરણનો પ્રભાવ અપરંપાર છે. દિવસના સમયનો વધુમાં વધુ સમય જો એમાં આપી શકીએ, આપણી બધી શક્તિના સરવાળાનો મોટો ભાગ એમાં ખર્ચીએ, તો ભાવનાની સળંગતા પણ પ્રગટી શકે. નામસ્મરણની ભાવના જેને દિલમાં ઊગીને, તે પ્રમાણે જાગ્રત બનીને, ઊર્મિ સહ તેમાં પરોવાઈને જો તે તરફ વળવાનું દિલથી બને તો તેને તે માર્ગ પરત્વે વળી શકવાની પૂરી શક્યતા છે.

*             *

સ્થૂળ રીતે, દેખીતી રીતે નામસ્મરણ વિના સ્થૂળ જીવન નભી શકે છે; પણ પ્રભુમય જીવન માટે નામસ્મરણ પ્રાણસમાન છે. એ ન હોય તો કશું નથી. એટલે ધ્યાન આદિ બીજાં સાધનો કરતાં પણ એનું સવિશેષ ધ્યાન રાખવાનું છે. નામી કરતાંયે નામ ચઢી જાય છે. દિવસોભર જમ્યા વિના જીવી શકાય, પણ જેને ભગવાનને શરણે જવું છે તેવાને નામસ્મરણ વિના એક ક્ષણ પણ ન ચાલવું જોઈએ. નામસ્મરણ એ આપણું એક રીતનું જીવન છે. ('જીવનસંદેશ', આ.૪, પૃ. ૨૩૯-૪૦)

*             *

કંઈ પણ કામ કરતાં કરતાં પણ જો આપણું ભાવપૂર્વક નામસ્મરણ રહ્યાં કરતું હોય તો એ કામ આપણે સાધનાના એક સાધન તરીકે જ કરીએ છીએ, એવી ભાવના આપણામાં ઊંડી ઊતરતી જ જાય; કેમ કે આપણને ઊંડું ભાન તો એ સ્મરણને

લીધે રહે કે આપણે એ કામ કરતાં કરતાં ભગવાનની શક્તિનું આવાહન જાણ્યેઅજાણ્યે કરીએ છીએ, એટલે એ શક્તિ થોડીવત્તી પણ આપણામાં ઊતરે જ. (‘જીવનસંદેશ’, આ.૪, પૃ. ૨૪૦)

* *

## જન્મ-મૃત્યુના રાસ

(શાર્દૂલવિક્રીડિત)

કેવો રાસ રચાય છે પળપળે મૃત્યુ અને જન્મનો !
એની એ ઘટમાળામાં સરકતું તે વિશ્વનો ખેલ શો !
તેમાં જીવ રમ્યાં કરે પણ ખરું ના ભાન એને થતું,
કેવો આપ વહ્યાં કરે પ્રકૃતિથી કોઈ ન ત્યાં જાગતું.

જેનામાં પ્રભુ-ભાવના તરવરે, ઉન્મુખતા અંતરે,
જેનામાં નિજ કર્મમાં નીતરતો રે’ ભાવ તેવો ખરે,
જેને છૂટી જતા દીસે મન તણા સંકલ્પ વિકલ્પ સૌ,
એવા જીવ રહી શકે પળપળે ત્યાં જાગતા આપ તો.

(‘પુનિત પ્રેમગાથા’, આ.૨, પૃ. ૨૨૩-૨૨૪)

* *

શા શા રાસ રચાય છે નવનવા વૃત્તિ-કૂંડાળાં રચી !
ને શા હ્રાસ થઈ જતા અવનવા સ્હેજે ઘડી વારમાં !
જન્માવે પલકારમાંહી, પલકે શું મૃત્યુ ઉદ્‌ભાવતો !
એ તારી ઘટમાળમાં અમર થૈ રે’વા કૃપા દે પ્રભો !

કેવું પ્રેમ-સ્વરૂપ દિવ્ય રસીલું શું મુગ્ધ રૂપે રસ્યું !
તે આકર્ષણ જાદુ કે અવનવું દુર્ગા અને કાલીશું !
લીલા પ્રેમ-કળા ખરી જીવનમાં સર્જ્યા કરે સૃષ્ટિ શી !
મૃત્યુ જન્મ થયાં કરે પળપળે તોયે રહી એક શી !

(‘પુનિત પ્રેમગાથા’, આ.૨, પૃ. ૧૪-૧૫)

* *

## પ્રકૃતિમાં પ્રછન્ન પ્રભુ

(અનુષ્ટુપ)

પ્રકૃતિમાં પ્રભુભાવ છૂપો સૌ કોઈમાં રહ્યો,
પ્રકૃતિ છો જુદી લાગે છતાંયે एक ત્યાં રહ્યો.

માનવીચિત્તને જુદી લાગતી પ્રકૃતિ ભલે,
જામતાં શૂન્યતા ચિત્તે સત્ત્વ પ્રકૃતિનું મળે.

પ્રકૃતિ પ્રકૃતિ પોતે એકલી તે કદી નથી,
પ્રકૃતિમાં રહી કોઈ એને ચલાવતું નકી.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૧૪૪)

* *

## જીવનના એ ફિરસ્તા છે.

(ગઝલ)

વરદ પદ ए ચરણરજમાં જીવનસાફલ્ય પામીને,
લગન લાગી ગઈ જેને સદા મસ્તાન એવા છે.

ચળાવી ના શકે કોઈ ભમાવી ના શકે કોઈ,
ફગાવી ના શકે એને જગતની શક્તિ જે કોઈ.

જગત-જીવન તણી રક્ષા જગત-જીવન તણું સિંચન,
જગત-જીવન તણું પોષણ મળ્યાં એથી જતું નિશદિન.

જીવનના તે સિતારા છે, જીવનના તે મિનારા છે,
જીવનના શા પીનારા તે ! જીવન પાનાર પણ તે છે.

અનાદિ આદિથી એવાં હરિનાં જન થયેલાં જે,
જગત-ચરણે જ ચગદાયાં જગત-ઈતિહાસ એવો છે.

થયાં એવું પહેલાંયે પડે ચગદાવું એવાને,
ખરે ! ચગદાઈ જીવવાનું થયાં કેડેય પદ એને.

હૃદય બન્નેયની રીતમાં જુદો જુદો જીવન-ફેર,
જીવન જે એકથી પ્રગટે બીજું નિપજાવતું જીવન.

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૧૦૫)

પ્રભુનો પાડ માનો કે પ્રભુએ મોકલેલા છે,
જીવનનાં પ્રેરણા-બળ છે, જીવનના એ ફિરસ્તા છે.

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૪૯)

(અનુષ્ટુપ)

ચઢાવી જે શકે ઊંચા કોઈનેય જરા કશું,
ચઢેલું જાણવું એને પ્રાણ ચૈતન્યથી ભર્યું.

('જીવનપગલે', આ.૧, પૃ. ૨૬)

*　　　　　*

## છતાં જીવન નથી ત્યાંયે

(ગઝલ)

જીવન શું છે ? જીવન ક્યાં છે ? જીવન શેમાં ? જણાવો કો;
જીવનને ક્યાં જઈ શોધું ? જીવન-પથને બતાવો કો.

રહેવા રાજમંદિર ને હવા ખાવા બગીચા હો,
વિમાને વ્યોમમાં વિહરો છતાં જીવન નથી ત્યાંયે.

મળે સુખ સ્વર્ગનાં છોને અને દેવો પવન નાંખે,
મળે સામ્રાજ્ય છો જગનું છતાં જીવન નથી ત્યાંયે.

ભલેને પુત્ર-પરિવારે ભરેલા હો સ્વજનથી ને,
ઉપાડે બોલ તમ સહુ કો છતાં જીવન નથી ત્યાંયે.

તમારી કીર્તિની ગાથા ગવાયે વિશ્વ સારામાં,
બધે તમ હાક છો વાગે છતાં જીવન નથી ત્યાંયે.

સકળ શાસ્ત્રો તણાં પોથાં અને વેદો પુરાણોને
અહંભાવે કર્યાં કંઠે, છતાં જીવન નથી ત્યાંયે.

જીવનના તત્ત્વજ્ઞાનીઓ ! જીવનને માણનારાઓ !
જીવનને જાણવા કેરી ભલા ચાવી બતાવો કો ?

મળેલા કર્મ-સંજોગે બધા સંબંધથી રહીને,
હૃદયથી જે જીવે ભાવે, જીવનમાં તે પ્રવેશે છે.

બીજા જીવના જીવનરૂપે ખપાવે જીવ પોતાનો,
મહા કો ઉચ્ચ આદર્શે જીવનને તે અનુભવશે.

હૃદયની ભાવનાઓને કરી પ્રત્યક્ષ કર્મે જે,
રહે નિર્લિપ્ત જે ત્યાંયે શકે તે પામી જીવનને.

મળેલાં સાધનો, શક્તિ પ્રભુને કાજ જે ખર્ચે,
પ્રભુ કાજે મરે જીવે જીવન તે એકલાં પામે.

('જીવનપગલે', આ.૩, પૃ. ૫૫-૫૬)

## જીવન-સોદો

(ગઝલ)

જીવનની પ્રાપ્તિ કરવાને જીવનને આપવું પડશે,
જીવનને આપશો જેવું વધુ તેનાથીયે મળશે;

જીવન-વેપાર કરવાની પ્રભુએ પેઢી ખોલી છે,
કશું આપ્યા વિના સોદો કશોયે ના થવાનો છે.

જીવનને જે ફના કરશે જીવનનો ખ્યાલ રાખીને,
જીવન એને જરૂર મળશે જીવનથી તે જીવન રળશે.

'થતું રૂહે જે રીતે ઘડતર' બધાં સાધન પ્રભુ લેશે,
બધી સામગ્રી તે તે સૌ ઉમળકે આપવી પડશે.

તુલાના એક પલ્લામાં પ્રભુએ તો જીવન-તોલ
—મૂક્યું છે નિજનું પોતે, તમે આપો જીવન-મૂલ્ય.

જીવનને તો ખરીદાશે જીવનના માપથી નિત્યે,
જીવનથી તો જીવન મળશે જીવનની એ ખૂબી નિશ્ચે.

જીવનને સાચવી રાખે સદા નિજ સ્વાર્થ કાજે જે,
જીવન તે મેળવી શકશે નહીં ઉપાય કોટિએ.

જીવન વાતોથી ના મળશે, જીવન ના લક્ષ્મીથી મળશે,
જીવન ના બુદ્ધિથી મળશે; જીવન તો ભાવથી મળશે.

જીવનની સર્વ ઘટનામાં હૃદયનો ભાવ કેવો રૂહે,
મહત્ત્વ ભાવનું જેવું જીવન ત્યાં તેમ સમજાશે.

જીવન બલિદાન કરવામાં હૃદય જેને સ્ફુરે ઊર્મિ,
બલિ દે જ્ઞાનભાવે તે મુદા માણે જ જીવનની.

('જીવનપગલે', આ.૩, પૃ. ૪૩, ૫૭)

## જીવન-વ્યાપ્તિ પ્રભુમાં છે.

(ગઝલ)

હૃદય સંભારશે પ્રભુ જે પ્રભુ સંભારશે એને,
હૃદય સંભાળશે પ્રભુ જે પ્રભુ સંભાળશે એને.

પ્રભુનો પાળશે હુકમ હુકમ એનો પ્રભુ પાળે,
બને તેનો પ્રભુ દાસ પ્રભુનો દાસ જે રે' છે.

પૂજારી પ્રેમનો પ્રભુ છે પ્રભુ તો પ્રેમ માંગે છે,
દઈ દેતાં બધો પ્રેમ ન એથી તે ધરાયે છે.

અજીઠો પ્રેમ એને તો કશો ખપમાં ન આવે છે,
ગ્રહો તેથી તમે જે જે ગ્રહો પ્રભુને ધરાવી તે.

પ્રભુના યજ્ઞમાં જેઓ સમર્પણ આહુતિ દે છે,
ચઢે છે નૂર તે દેતાં પ્રભુને તે જ પામે છે.

પ્રભુ વ્હાલો હૃદય જેને સહુથી શ્રેષ્ઠ લાગે છે,
મહત્ત્વ સર્વમાં એને પ્રથમ પંક્તિનું તે દે છે.

પ્રભુ વિના બીજું કાંઈ ન એને ક્યાંય સૂઝે છે,
જીવન-સૃષ્ટિ પ્રભુ કેરી રચાવી બસ રમે છે તે.

'બધી ક્રિયા જીવનમાંની હૃદય એકાત્મભાવેથી,
પ્રભુ-હેતુ ફલિતાર્થ થતી રે વ્યક્ત,' તે ભક્તિ.

પ્રભુનો ભક્ત એવો તે હૃદય પ્રભુને બિરાજે છે,
જીવન-માધુર્ય રસથી શો ભરેલો નિત્ય જીવે તે !

જીવનનું મધ્યબિંદુ ને જીવન-ત્રિજ્યા પ્રભુમાં છે,
જીવનનો વ્યાસ પણ તે છે જીવનવ્યાપ્તિ પ્રભુમાં છે.

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૧૦-૧૧)

* *

પ્રકાશેથી જીવે એને ન અંધારા તણો ભય ર્હે,
જગતનાં માનવીને શો અહા ! તે બોધ દે બન્ને.

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૫૦)

* *

## જોબનિયે જીવન-સિદ્ધિ

જોબનિયું ખાંડાની ધારે ખેલો,
જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે;
જોબનિયું પ્રેમ-મસ્તીમાં મ્હાલો,
જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે;
જોબનિયું આત્માની એંધાણે પેખો,
જોબનિયું આજ આવ્યું ને કાલે જાશે;
જોબનિયું રસ-રંગ હીંચે હિલોળો,
જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે;
જોબનિયું ફાટુંફાટું ઉર રાખો,
જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે;
જોબનિયે કરવાનું સૌ કરી નાંખો,
જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે;
જોબનિયે જીવન-સિદ્ધિ પામો,
જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે;

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૯)

*   *

(અનુષ્ટુપ)

ગુણ દોષ મળે બન્ને માનવી-જીવને સદા,
થવા નિર્મળ, જુવાની ઋતુ તે માટ યોગ્ય ત્યાં.

અંતે જુવાનીની કાં તો મૂર્ખ કે સમજુ બને,
માનવી જે જુવાનીમાં વળે, તે ગમ તે ઢળે.

જોશ યૌવન ઊભું છે, ત્યાં સુધી માત્ર જીવન,
જિંદગીના વિકાસાર્થે યોગ્ય શો કાળ યૌવન !

('કર્મગાથા', આ.૧, પૃ. ૬૨)

## જ્ઞાનેન્દ્રિયો અને આસક્તિ

આસક્તિ કોઈ ને કોઈ, સૂક્ષ્મ કે સૂક્ષ્મતર રીતે, રહ્યાં કરતી હોવાથી માનવીજીવ તો બધી ઇંદ્રિયભોગ્ય વસ્તુઓ વિષે તે વધારતો જવાનો ને પરિણામે દુઃખ પ્રાપ્ત કરવાનો. આસક્તિમાં સૂક્ષ્મ ઇચ્છાઓને પોષવાની વૃત્તિ હોય છે; આથી જીવ હંમેશાં એક યા બીજી ઇચ્છાને પોષવામાં જ જીવન ગાળતો હોય છે; પરંતુ તેને તેનું ભાન હોતું નથી. આપણી આંખ, જીભ, નાક, કાન, ત્વચા બધું જ, અરે, એટલું જ નહિ, સમગ્રપણે જેને આપણે 'હું' કહીએ છીએ તે પણ અકળ આસક્તિમાં ખૂબ મીઠાશ માણતાં હોય છે. આ મીઠાશ ઇન્દ્રિયજન્ય છે ને ઇન્દ્રિયોના સંતોષ અર્થે છે. જ્યાં સુધી જીવ તેને પ્રયત્નપૂર્વક પૂર્ણ અનાસક્ત ન બનાવી શકે, એની ટેવોના પ્રવાહને ન પલટાવી શકે, ત્યાં સુધી તે બધી વસ્તુઓના પોતપોતાના વિષયમાં સ્વચ્છંદે રાચવાની. અત્યાર સુધી નિર્દોષ માનેલી પ્રવૃત્તિનું મૂળ પણ કોઈ પ્રકારની સૂક્ષ્મ આસક્તિમાં, ઇન્દ્રિયની ઉપભોગની વૃત્તિમાં હતું એમ સાધકને લાગ્યા વિના રહી શકતું નથી; તેથી જ એણે યમુનાની ગતિ ઉલટાવવાની છે. ઇંદ્રિયોનો સ્વચ્છંદ જીવનો વિનાશ નોતરે છે. ઇન્દ્રિયોના પ્રબળ રસના પરિણામે દુઃખ જ છે, એમ કદી કદી જીવને ભાન જાગતું હોય છે તોપણ જીવ તેમાં પરવશપણે ઘસડાયે જતો હોય છે. આ નિવારવા સંસ્કારશુદ્ધિના સમર્થ પ્રયાસની ખૂબ આવશ્યકતા રહે છે. તે જાગ્રત ચેતનાની શક્તિ સિવાય આ બનવું અશક્ય છે, ને આ શક્તિને પ્રાપ્ત કરવા પ્રચંડ, સમર્થ, જ્ઞાનપ્રેમભક્તિયુક્ત, જાગ્રત ને એકધારી સાધના અનિવાર્ય છે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૨૩૭)

## જ્ઞાની ને અજ્ઞાનીના જીવન-સ્વીકાર ને કર્મ વચ્ચેનો ફેર

સંસારવ્યવહારવર્તનમાં જેમ સામાન્ય જીવ જીવનને—સંસારને સ્વીકારીને વર્તે છે, તેવી રીતે જ્ઞાની પણ તેનાથી નોખો નથી હોતો; તેમાં પણ જીવનનો સ્વીકાર છે. અજ્ઞાનીના આધાર—કરણોમાં પ્રતિષ્ઠા જીવપણાના અહંપ્રધાન, પ્રાણપ્રધાન, મનપ્રધાન, બુદ્ધિપ્રધાન આદિ પ્રકૃતિપણાની છે; જ્યારે ચેતનના અનુભવીના આધારનાં કરણોમાં તેમ નથી હોતું, પરંતુ તે કરણોનું દિવ્ય રૂપાંતર થઈ ગયેલું હોય છે; તેટલો જ માત્ર ફરક હોય છે. બાકી કરણો તો એનાં એ જ બન્નેને હોય છે. બન્નેમાં પ્રકૃતિ પણ છે. અજ્ઞાની પ્રકૃતિનો દાસ છે, જ્ઞાની તેનો સ્વામી છે. કર્મ પણ એક જ પ્રકારનું બન્ને કરતા દેખાતા હોય છે પણ તેના પાછળના મૂળ અધિષ્ઠાનની ભૂમિકામાં પાયાનો ફેર હોય છે. એક કર્મ અજ્ઞાની સંસારીનું હોય ને તેવું જ કર્મ જ્ઞાનીનું હોય; તે બન્ને કર્મોનો બાહ્ય આકાર ભલે એકસરખો હોય, તેમ છતાં બન્નેના મૂલ્યાંકનમાં, પરિણામમાં ને બન્નેની તેની પાછળ કાર્ય કરતી ચેતના ને તેના ભાવમાં ધરમૂળનો તફાવત રહેલો છે. અજ્ઞાનીની પ્રકૃતિનાં કર્મમાં પણ પસારો તો થયા કરતો હોય છે ને ચેતના-ધિષ્ઠાનભૂમિકાની પ્રકૃતિથી થતાં કર્મમાં પણ પસારો તો હોય છે; બન્નેનું કારણ તો પ્રકૃતિ હોય છે. પરંતુ અજ્ઞાનીમાં પ્રકૃતિ કર્તાહર્તા હોય છે, જ્યારે જ્ઞાનીમાં પ્રકૃતિ એકમાત્ર સ્વાધીન કરણરૂપે બની રહી હોય છે, ને જ્ઞાની પોતે જ પ્રકૃતિનો સાક્ષી, અનુમન્તા, ભર્તા, ભોક્તા ને ઈશ્વર પણ છે. આવાં જ્ઞાનીનાં કર્મોમાં જીવપ્રકારની પ્રકૃતિનું જોશ નથી હોતું. પ્રકૃતિનું સ્વાધિષ્ઠાન ચેતનમાં પરિણમી જતાં પ્રકૃતિ પછી પોતાની રીતે વર્તી શકતી નથી. એ એની મેળે વહ્યાં કરે છે ખરી પરંતુ એના મૂળ અધિષ્ઠાનના —ચેતનના ગુણધર્મના ભાન સાથે.

*　　　　　　*

## જ્ઞાની ને અજ્ઞાની વચ્ચેનો ફેર

(અનુષ્ટુપ)

કામ સૌ જ્ઞાની, અજ્ઞાની કર્યાં ગુણાશ્રયે કરે,
બન્નેના હેતુમાં જ્ઞાન જુદું જુદું રહ્યાં કરે.
ભિન્ન પરસ્પરે રહે.

નદીના પટની જેમ કર્મનો પટ તો ગુણો,
ગુણોમાં જેવું હો જ્ઞાન તેવો રે' પટ કર્મનો.

સોનાની ભસ્મ તો થાતાં ગુણ એનો જુદો બને,
તત્ત્વ તો એકનું એક છતાં ભેદ તહીં પડે.

યદ્વાતદ્વાપણે પેલો અજ્ઞાની વર્ત્યાં જશે,
જ્ઞાનીનાં કર્મની આગે ધારણા-પગથી હશે.

'જ્ઞાની-અજ્ઞાનીમાં ફેર પાયાનો શો હશે ખરે !'
અનાસક્ત હશે પ્હેલો બીજો આસક્ત માનવો.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૩૬, ૧૫, ૧૬)

*  *

## બેહદનો આનંદ

(ગઝલ)

અરે ! સંભાળતાં રો'છો તમે હદને બધી રીતે,
રહો છો ત્યાં જ અટવાઈ રમંતાં હદ વિષે જે તે.

મળે આનંદ બેહદનો કદીયે હદ વિષે ના તે,
ન આવે કલ્પના-ખ્યાલે પૂરો આનંદ એવો જે.

છતાં હદમાં રહી, બેહદ તણા આનંદ-આદર્શે
ઝુકાવ્યાં જે હૃદય રાખે, જશે તે કોક દી પાર.

હૃદય હદના રિવાજોને જવા બેહદ તણા ભાવે,
વટાવે પ્રેમને જ્ઞાને પ્રવેશે બેહદે તે તે.

રહી હદમાં હૃદય બેહદ તણું જે ધ્યાન સેવે છે,
ભળે હદની અને બેહદ તણી સરહદ વિષે તે તે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૦૫-૦૬)

## જ્ઞાન, ભક્તિ ધ્યાનયોગનો સમન્વય

(અનુષ્ટુપ)

આડાંતેડાં મળે કર્મ તેમાં જોવું નહિ કશું,
સ્વભાવ પલટાવા કર્મ સાધન પ્રીછવું;

તેથી ભલે ગમે તેવાં કર્મ હો, કિંતુ ધારણા-
ઈષ્ટની ત્યાં હૃદે ર્‌હેતાં પામશો ફળ ઈષ્ટ ત્યાં.

કર્મની સાધના એવી હૈયે ધ્યાન ધરી કરે,
કર્મને પ્રેરનારી તે ચેતના મેળવી શકે.

શ્રદ્ધા-વિશ્વાસ જીવંતાં કેળવાયાં જતાં હૃદે,
કર્મનું બાહ્ય જે રૂપ મેળે ઉકેલ પામશે.

જ્ઞાન જન્માવવા કર્મ, કર્મ પ્રેરક ભાવ છે,
રાખવા ત્રણમાં મેળ થવું કેંદ્રિત ત્યાં પડે.

ત્રણેમાં એકનું ઊંડું જેને ધ્યાન રહે હૃદે,
ગ્રંથિઓ તૂટશે મેળે એકતા પામતાં ત્રણે.

ત્રણેને એકભાવેથી જોડવાની કળા હૃદે,
સાંપડી હોય તેવાને કોયડો ક્યાંય ના કશે.

અનાદિ આદિ કેરા જે ગૂંચવાડા ભર્યા બધા,
પ્રશ્નો સૌ વિશ્વજૂના તે ઉકેલાઈ જશે તદા.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૫૦-૫૧)

ભક્તિ ને ધ્યાન ને યોગ, જ્ઞાન, સૌનો સમન્વય
આપણામાં થશે ત્યારે સુમેળ જન્મશે ઉર.

એકલી ભક્તિનો ભાવ કરી દે મુગ્ધ શું બધું !
જ્ઞાન તેથી જરૂરી છે સ્ફોટ રે'વા પૂરું ઊંડું;
ઊંડું ત્યાં ખૂંપવા, યોગ અલિપ્તપણું ધ્યાન છે,
માટે ચારે તણો હૈયે થવાવો મેળ જોઈશે.

('જીવનપગલે', આ.૩, પૃ. ૮૭-૮૮)

*　　　　　　*

## ઝંખના-અગ્નિ

(અનુષ્ટુપ)

'થવું છે, થવું છે' માત્ર પોકારો પાડવા થકી,
થવાશે ના થવું જેવું, ઈચ્છા એવી ભલે રહી;
ઝંખના તે થવા કેરી એકલી કામ શું કરે ?
બિચારી વાંઝણી એ તો ઠેરની ઠેર ત્યાં રહે.

ઝંખના જો પુરુષાર્થે ધક્કેલા મારતી રહે,
એકની એક જગ્યામાં બેસી રે'વા ન દે પળે;
તોય કેડો ન મૂકી દે આપણો ફરી ને ફરી,
ટકોર્યાં તે કરે ઊંડું ધ્યેય-પ્રાપ્તિ થવા મહીં,

જ્વલંત ઝંખના એવી જેના હૈયે જલી રહી,
કૈં ન દુર્લભ એવાને, એવો પ્રાપ્તિ કરે બધી.

મન, બુદ્ધિ અને ચિત્ત, પ્રાણ, વૃત્તિ, અહં બધાં,
તેજસ્વી ઝંખના થાતાં ફેરવાયાં કરે સદા.

અગ્નિથી ભસ્મ સૌ થાયે કૂડું સો ગણું હો ભલે,
કૂડાનું ચાલશે ના ત્યાં ઝંખના-અગ્નિ જો જલે.

કૂડું સૌ જે, કૂડારૂપે પછી રે'શે ન તે કદી,
દિવ્ય રૂપાંતરે એવું ફેરવાઈ જશે નકી.

ઝંખના એવી તે હૈયે ઉગ્રમાં ઉગ્ર ભાવથી -
વર્ધતાં, યજ્ઞની જ્વાળા રીતે; અર્થ જતો સરી.

('કર્મગાથા', આ.૧, પૃ. ૩૧)

*                    *

(વસંતતિલકા)

જે ઝંખના હૃદય શક્તિ ન પ્રેરતી રે',
જે ઝંખના હૃદય ચેતનતા ન પ્રેરે;
જે ઝંખના સ્મરણભાવ ન દિવ્ય પ્રેરે,
સાચી ન તે હૃદયની મૂળ ઝંખના છે.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૨૦૯)

*                    *

## તમન્ના અને સંજોગશૃંખલા

(શિખરિણી-મંદાક્રાન્તા)

ડૂબેલા હો છો ને કરદમ ભરી ભૂમિમાં પૂરી રીતે,
તમન્ના જાગેલી અફળ ન જશે કોઈ રીતે કદીયે;
ભલેને સંસારે જગત પરના હો ફસાયેલ પૂરા,
પ્રસંગો ત્યાં કિંતુ અનુકૂળ બધા સંપડાવે તમન્ના.

મુકાયેલા જ્યાં હો તહીં પણ કંઈ ગૂઢ હેતુ રહેલો,
બળાત્કારે કોઈ અફળ કરશો તે ન આવેશથી કો;
તમન્ના જાગેલી મન હૃદય જો સાચી પૂરી હશે તે,
ગમે ત્યાં છોને હો તહીંથી તમને માર્ગ પ્રેર્યા જશે તે.

તમન્નાવાળો જે નિજ જીવનના કર્મ-પ્રારબ્ધ જોગે,
મળેલા સંબંધો થકી પીઠ કરી ભાગશે તે ન ક્યાંયે;
મળે છે દૃષ્ટાંતો વિરલ વીરલા શૃંખલા તોડી ભાગ્યા,
પરંતુ તેઓની મન, ઉર દશા શી હશે તેવી વેળા !

નહોતું તેઓને મન જગતનું ભાન ઝાઝું કશુંયે,
વિકારી વૃત્તિનું પણ નવ હતું નામ નિશાન ક્યાંયે,
સદા તે વેળાએ દિલ મહીં હશે એમનો ભાવ કેવો !
તમોને જો લાગે દિલ ત્યમ થયું, મોકળા તો તમે છો.

પરંતુ ઊઠેલો નિજ જીવનનો ખ્યાલ જે ઊર્ધ્વગામી,
ફૂલેફાલે એવું જીવન જીવવા હામ રાખો ઊંડેથી;
કરી દેશે વ્હાલો સહુ સરળતા જ્યાં સમો યોગ્ય આવે,
ત્યહીં સુધી રાખી ધીરજ પૂરતી ભાવ એનો વધારો.

('જીવનપગલે', આ.૧, પૃ. ૭૨ થી ૭૪)

* *

## તાટસ્થ્ય

(અનુષ્ટુપ)

કામનાઓ બધી જે તે તેમાં સાક્ષી રહ્યાં કરી,
અનુમતિ ન દ્યો એને જવા દ્યો વહી આપથી.

કામનાઓ ઊઠે ત્યારે તેમાં ભેળાઈ ના જવું,
આપણું રૂપ ના તે છે એમ માની છૂટા થવું.

તાટસ્થ્ય રાખતાં રે'વું પ્રત્યક્ષ કામના થતાં,
જાગૃતિ ચેતના એવી રે' તો કામ સધાય ત્યાં.

સાક્ષીભાવ અને પૂરું અલિપ્તત્વ બધાં થકી,
જાળવવાં ઘટે; છોને ભળેલા હો અનેકથી.

વાણી, વર્તન ને કર્મે થયાં નિરાગ્રહી જવું,
સ્વભાવ તે વિના એ તો ઘસેડાવ્યાં કરે પૂરું.

વિચારો ઊઠતા હોય કિંતુ તે સાથ સાંકળ
—જોડવી આપણે ત્યાં ના જીવી ચેતન—જીવન.

કોઈ પ્રકારથી ચિત્ત વિક્ષિપ્ત ના થવું ઘટે,
ભૂમિકા એવી જ્યારે તે થતાં, પ્રત્યક્ષ સૌ થશે.

યોગ્ય કર્તવ્ય ને ધર્મ, અહંતા નીકળી જતાં,
તાટસ્થ્ય જળવાતાં ત્યાં, સમજાઈ જશે પૂરાં.

ઝાઝા વિચાર તે વેળા ધર્મ-કર્તવ્યના ઊંડા,
કરવાના રહેશે ના, આપમળે જશે સ્ફુર્યા.

(‘જીવનપગલે’, આ.૧, પૃ. ૧૭-૧૮)

સર્વ કર્મ વિષે હેતુ ભાવની વૃદ્ધિ કાજ છે,
ભલે તાદાત્મ્ય રે’ તોયે હજો તાટસ્થ્ય વર્તને.

વિના તે એવું વર્તાયાં સર્વ કૈંમાં અલિપ્તતા,
આવવાની ન કો રીતે આપણામાં કદીય ત્યાં.

(‘પુનિત પ્રેમગાથા’, આ.૨, પૃ. ૧૦૭-૦૮)

*     *

ક્રાન્તિને પ્રેરનારું છે દુઃખ એ તો સનાતન,
દુઃખ જીવનનું પર્વ, દુઃખ જીવન-ઉત્સવ.

(‘જીવનપગલે’, આ.૧, પૃ. ૬૧)

*     *

કોઈનો દોષ જોવાનો આપણાથી કરાય ના,
પોતાનો ખોળી ખોળીને, મથો યોગ્ય પૂરું થવા.

('જીવનપગલે', આ.૧, પૃ. ૨૪)

*　　　　　　*

## તીર્થનો, યાત્રાનો, દર્શનનો લાભ તથા આધ્યાત્મિક આશ્રમોની યાત્રા

દર્શનને દિવસે બધાંને મળવા કરવાનું મૂકી દેવું. દર્શન સમય પહેલાં, ભાવનાથી કોઈ એક પ્રાર્થનાના ભાવ સાથે એકાગ્રતા કેળવવી. દર્શનસમયે પણ તેવી એકાગ્રતા સાથે તેવી પ્રાર્થના ભાવનાપૂર્વક કરવી. પોતાને જ્યાં ઊભા રહેવાનું આવે ત્યાં દૂરથી ત્રાટકના એકાગ્રભાવે, હૃદયસ્થ ભાવને પ્રેરીને (દર્શનના વિષય સાથે) જ્ઞાનભક્તિપૂર્વકનું તાદાત્મ્ય હૃદય હૃદયથી સંધાયા જાય એમ પ્રવર્તવું. આવું કંઈ એકદમ, છેલ્લી ક્ષણે, નહિ બને. આપણે દર્શનસમયે તેમ વર્તવું છે, એમ જ્ઞાન-ભાવ રાખીને, દર્શન પહેલેથી જ (બને તેટલા વધુ દિન યા વખત પહેલેથી) ભાવનાને એકાગ્ર ને કેંદ્રિત રાખી રાખીને, દઢાવીને વર્તવાનું છે. તે વાતાવરણનો સૂક્ષ્મ ભાવ શાહીચૂસની જેમ ચૂસી લેવાને માટે હૃદયથી સ્વીકારાત્મક અને ગ્રહણાત્મક બનવાનું રહે છે. પ્રત્યક્ષ દર્શનસમય આવે તે પહેલાં આપણા મનની સ્થિતિ ધ્યાન મધ્યસ્થ વેળાએ જેવી રહે તેવી કરવાની છે. પહેલેથી કશા વિચાર ન કરવા કે ન ઉદ્ભવવા દેવા. તે સમયે આમ કરીશ કે તેમ કરીશ— —એવું દ્વિધાપણું કશા અંગે ન થવા દેવું.

દર્શન પછીનો તરતનો સમય કોઈ એકાંત સ્થળે જઈને ધ્યાનમાં ગાળવાનો હોય. દર્શન બાદ કોઈની સાથે હળવા-

ભળવામાં ન ગાળવો. દર્શનથી પ્રગટતી અસરનો આવો રચનાત્મક જ્ઞાનપૂર્વકનો ઉપયોગ આવશ્યક છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૬૬-૬૭)

*　　　　*

તીર્થયાત્રામાં કશાથી ધરાઈ જવું નહિ. વધારે ને વધારે સમજવાને ચિંતવવું. હૃદયમાં ઊતરી શકે એવો પ્રાર્થનાભાવ દઢાવવો. ઘણાં લોકો તીર્થમાંનું તીર્થમાં જ પાછું મૂકતાં આવે છે, તેવું આપણું ન થવું ઘટે. તીર્થયાત્રાને પરિણામે ભક્તિભાવ, શરણભાવ, સમર્પણભાવ ને ભગવાનમાં શ્રદ્ધા-વિશ્વાસ એ બધું જીવંત બનવું ઘટે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૧૩)

*　　　　*

(આધ્યાત્મિક આશ્રમોની યાત્રા વેળા) ત્યાં આપણે આપણા આગ્રહો, મતમતાંતરો, આપણી રીતરસમો, સમજણો કે દૃષ્ટિબિંદુઓના સકળ મદારને છોડીને માત્ર જિજ્ઞાસાભાવે સંપૂર્ણ જ્ઞાનપૂર્વકની નમ્રતા ધારણ કરીને જેટલું સ્વીકારાત્મક ભાવે સમજવાને મથીશું, તેટલું સમજવાનું, જાણવાનું ને અનુભવવાનું વિશેષ મળવાનું. ત્યાં સત્સંગની ભાવનાથી જીવનમાં સાધનાની ભાવનાને દઢાવવાને અને કેળવવાને માટે ગયા છો, તે રીતે લાભ લેજો. એકાંતનું વધુ સેવન કરજો ને ધ્યાન કરતા રહેજો. આપણું મન, હૃદય ત્યાંનો યોગ્ય લાભ લેવાને માટે ખુલ્લાં બને તેટલાં રાખજો. ક્યાંય કશી સરખામણી કરવામાં ન પડી જશો. દરેક આશ્રમની સૌ સૌની આગવી અને અનોખી વિશિષ્ટતા હોય તેવું જ ચેતનમાં પ્રગટેલા આત્માઓ વિષે પણ સમજશો. આવી તીર્થયાત્રાના દિવસોમાં જેટલું પારમાર્થિક ચિંત્વન રહ્યાં કરે તેટલું ઉત્તમ. આવું બધું થયાં કરે તો જ તીર્થ ગયાનું સાર્થક; બાકી તો નાહકનો સમય, નાણાં અને શ્રમનો દુર્વ્યય થયો ગણાય.

તીર્થ એ જીવનનું સાચું મહત્ત્વ પ્રગટાવવા માટે છે. ઘણાં લોક જે દર્શન માટે આવેલા હોય છે, તેમને દિલમાં તેની પૂરી ગંભીરતા જાગેલી હોતી નથી; તો મહત્ત્વ અને રહસ્યની તો વાત જ શી ! પરંતુ આપણે તો આપણી રીતે તેનો પૂરો લાભ લેવાનું કરવાનું હોય. બીજાં બધાંથી અનોખી રીતે વર્તવાનું હોય.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૨૮-૨૯)

* *

આ જમાનામાં ઘરેડ રીતે થતી જાત્રાથી જીવનની સમજ કદી ઊગી શકી જાણી નથી; કારણ કે જીવનમાં હૃદયની એવી જાત્રાની ભાવના-ધારણા ઊગ્યા વિના જીવનના તેવા કર્મમાં તેવી ધારણા જન્મી શકતી નથી. જીવનને સહેલગાહે ભોગવવા લઈ જતા હોઈએ એવો જ ખ્યાલ લોક જાત્રામાં રાખે છે; માત્ર ફરવા જતા હોય એવું, મને તો લાગે છે; બાકી જો સાચી જાત્રાની ભાવના હોય તો સમજણમાં અને વર્તનમાં ફરક પડ્યા વિના ન રહી શકે. પહેલાનાં જમાનાની જાત્રાઓમાં મુશ્કેલીઓ, વિઘ્નો અને ઘણું ઘણું સહેવાનું પણ આવતું; સાહસ, બહાદુરી, ધીરજ, હિંમત, અભય આદિ ગુણો કેળવવાના ઘણા પ્રસંગો મળતા; આથી યાત્રીઓના જીવનનું ઘડતર થવાની શક્યતા રહેતી. એ પણ આજે તો નથી રહ્યું.

('જીવનપ્રેરણા', આ.૩, પૃ. ૫૩-૫૪)

* *

તીર્થ એ જીવની ભાવનાનું ને સંસ્કૃતિનું પ્રતીક છે. તેથી તો તીર્થનો મહિમા છે. વળી જાગતા નરના (આત્માના) સીધા સંપર્કમાં પ્રેમભાવે આવવું, એના જેવું તો બીજું કોઈ ઉત્તમ તીર્થ નથી.

"સંતો ! જાગતા નર સેવીએ."

એવું એક ગોરખનું જૂનું ભજન છે. જાગતા નરની હૃદયપૂર્વકની જીવનવિકાસના હેતુ અર્થે જ્ઞાનપૂર્વકની આરાધના થઈ શકે, તો તે તીર્થનું ઉત્તમ રૂપ ગણાય. અસલથી જે તીર્થ મનાયેલાં છે, તે તીર્થોનું માહાત્મ્ય પણ એવા એવા જાગેલા પુરુષોની જીવંત સંસ્કૃતિથી કરીને પ્રગટેલું છે. એટલે સ્થૂળ તીર્થોમાં માત્ર જવા કરતાં એવા પ્રત્યક્ષ જાગતા નર એ સૂક્ષ્મ તીર્થ છે અને ત્યાં પણ, જીવનવિકાસના હેતુનું જ્ઞાન પ્રગટાવીને જો જવાનું થાય, તો તે ઉત્તમ છે અને તે સાચી યાત્રા છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૭૭-૭૮)

....તીર્થમાં ગયા છો, તો હૃદયમાં તેવા પ્રકારની ભાવનાને સતત સંકોરતા રહેજો. તીર્થગંગામાં મનાદિ કરણનો બધો મેલ ધોવાનો ખ્યાલ રાખજો. મનમાં કશું ભરી ન રાખશો. ખુલ્લા થયાં ને રહ્યાં કરજો અને જીવનની ભાવનાને સ્વીકારવાની અને તે પ્રમાણે વર્તવાની તત્પરતા દાખવજો.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૭૭)

## ત્યાગ અને ભોગ

આપણી સંસ્કૃતિમાં જે અનેક પ્રકારના સાંપ્રદાયિક મતો પ્રસર્યા, તે ત્યાગ ને ભોગ તે બેની વચ્ચેના તે બધા ફાંટાઓ છે. ત્યાગ કે ભોગ, બન્ને પ્રેમભક્તિજ્ઞાનયોગની ભૂમિકાવાળા હોવા ઘટે; તો જ તે શોભે. જ્ઞાનભક્તિ વિનાનો ત્યાગ એ ત્યાગ નથી, પણ જીવનને બેળે બેળે કચરી દેનારું અને જીવનની કુમળાશને હણી નાખનારું તે નકારાત્મક તત્ત્વ છે. આપણી સંસ્કૃતિમાં દમન ઉપર વધુ ઝોક દેવાયેલો છે; પરિણામે જીવનના પ્રાણ ઊલટા કચરાઈ ગયા છે. સંયમને સ્થાન હોય,

દમનને નહિ. બન્ને વચ્ચે મોટો તફાવત છે. દમનથી બુદ્ધિ, પ્રાણાદિ કુંઠિત બને છે. તેની સામી બાજુએ બીજા કેટલાક સાંપ્રદાયિક પંથોએ જીવનનો સ્વીકાર કર્યો છે ને ભોગપ્રધાન છે. એ ભોગ મૂળે તો હોવો ઘટે પ્રેમભક્તિજ્ઞાનના યોગપૂર્વકની ભૂમિકાવાળો; પરંતુ તેની તેવી સ્થિતિ ન રહેતાં તેવી સંસ્કૃતિનું પણ પતન થયું. જીવનમાં ભોગને સ્થાન છે. જ્યારે જ્ઞાનની અવસ્થામાં જીવનનો યજ્ઞ સંપૂર્ણપણે પરિપૂર્ણ થયા બાદ જે કંઈ બાકી રહે તેવા ભોગને યથાર્થ ગણેલો છે. જીવનમાં ત્યાગ અને ભોગ બન્ને છે. જીવદશાની કક્ષાના ભોગમાં અને જ્ઞાનઅનુભવદશાના ભોગમાં ઘણો તફાવત છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૬૮-૬૯)

*  *

ત્યાગ કરવો ને ત્યાગ ભોગવવો—એ બન્નેના ભાવાર્થમાં પાયાનો ફેર છે. ત્યાગ ભોગવવાનો આનંદ જે છે, તે ત્યાગ કરવાના આનંદ કરતાં ક્યાંયે વિશેષ ચઢિયાતો છે. ત્યાગ કરવાનો આનંદ એ જીવનવિકાસની, પ્રમાણમાં, નીચલી શ્રેણીનો માર્ગ છે. ત્યાગ ભોગવવાનો આનંદ જીવનવિકાસની સહજ અવસ્થાનો આનંદ છે. ત્યાગ ભોગવવામાં સહજપણું છે, જે ત્યાગ કરવાના આનંદમાં નથી. પહેલી સ્થિતિ છે નૈસર્ગિક, જ્યારે બીજી છે સહજપણાને પ્રાપ્ત કરવાનું સાધન.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૭૦)

*  *

## ત્રાટક

ત્રાટકનો હેતુ આપણી આંતરિક ક્રિયાઓ ઉપર કાબૂ વધારવાનો છે. આપણા વિચારો, લાગણીઓ, ભાવનાઓને ગમે

તેમ અસ્તવ્યસ્ત રીતે વિહરવા ન દેવા માટે આ સાધન છે. આનાથી એ બધાનો યોગ્ય પટ આપણે રચી શકીશું, ને તેવી આત્મશ્રદ્ધા આપણને ત્રાટકમાંથી જન્મી જવી જોઈશે.

ત્રાટકમાં હૃદય ઉપર આંતર્દૃષ્ટિ રાખવાથી લીનતા આવે છે એ સાચું છે; પણ બાહ્ય દૃષ્ટિ તો ત્રાટકબિંદુમાં જ રાખશો. આજુબાજુનું કશું દેખાવું ન જોઈએ. માત્ર બિંદુ જ દેખાય. પાંપણ પણ ત્યારે મુદ્દલે ફરકવી ન જોઈએ. ત્રણ કલાક સુધી તે આપણે લઈ જવાનું છે; પરંતુ વૃત્તિ ઉપર કોઈ જાતનો બળાત્કાર નથી કરવાનો. જેમ જેમ પ્રેમ, રસ તેમાં જામતાં જાય તેમ તેમ સમય વધારતા જવું. આંખ મીંચાઈ જાય કે પાંપણ ફરકી જાય તો બંધ કરી દેવું રહ્યું. તે વખત પૂરતું ને પૂરું થયું ગણી લેવું. પૂરું થયા બાદ ઠંડા પાણીથી આંખોને છાલકો મારવી યા ઠંડા પાણીમાં પાંચેક મિનિટ બોળી રાખવી ને તે બાદ આંખો મીંચીને, થોડો સમય બેસી રહેવું યા સૂઈ રહેવું ને નામસ્મરણ કર્યા કરવું. આંખે લૂગડાનો સ્વચ્છ જાડો પાટો રાખવાથી પણ વધુ ઠીક રહેશે. આંખને આરામ વધુ મળશે.

(‘જીવનપગરણ’, આ.૨, પૃ. ૫૩, ૭૨)

* *

શરૂઆતમાં જરા પણ ભાર આંખનાં પોપચાં ઉપર ન દેશો. ધીમે ધીમે સહજ રીતે હળવે હળવે થોડી આંખો ઉઘાડવાનું રાખવું ને ત્યારે જો ખૂબ પ્રેમભાવ ઊભરાતો રાખી શકીએ તો ઉત્તમ.

બિંદુનું ત્રાટક એ આપણી બહિર્મુખ સર્વ સ્થૂળ અને સૂક્ષ્મ પ્રવૃત્તિઓમાંથી એકમાં કેમ કરીને એકાગ્ર રહી શકાય એને માટે છે; જ્યોતનું ત્રાટક શક્તિના આવાહન માટેનું છે. (જ્યોત તદ્દન સ્થિર,લગીર પણ હાલ્યા વિનાની રહેવી ઘટે.) બંનેયે જરૂરી છે.

(‘જીવનપગરણ’, આ.૨, પૃ. ૭૨-૭૩)

* *

ત્રાટકમાં બેસતાં પહેલાં મનથી ખૂબ નિશ્ચય કરીને બેસવું કે પાંપણો ફરકવાની નથી જ. આપણે આપણી સંકલ્પશક્તિને જન્માવવાની ને સર્વોપરી કરવાની છે. આંખની પાંપણો ફરકે તો તે ત્રાટક ન કહેવાય. જ્યોત ત્રાટક દિવસમાં બે વાર થઈ શકે. બિંદુત્રાટક ત્રણચાર કલાકને અંતરે બેથી ત્રણ વાર થઈ શકે. ત્રાટકબિંદુ કે જ્યોતની ઊંચાઈ આંખની સીધાણમાં સામે જ આવે તેમ રાખવાનું. અંદરની કીકી હાલતી નહિ લાગતી હોય પણ એની Pitch—એકાગ્ર દૃષ્ટિપાતની જગા કંઈક બદલાતી હશે. પણ નજર જો મધ્યબિંદુ પરથી ખસતી ન હોય તો હરકત નથી. દેખાવ ઝાંખો થઈ જાય છે એ તો એકીટશે જોઈ રહેવાને લીધે.

('જીવનપગરણ', આ.૨, પૃ. ૮૫, ૧૧૬)

* *

સૂર્યનું ત્રાટક છ સાત મિનિટ જ રાખશો અને તે પણ તદ્દન ઊગતા સૂર્યનું. કિરણો તદ્દન કુમળાં હોવાં જોઈએ.

('જીવનપગરણ', આ.૨, પૃ. ૧૦૮)

('જીવનસંશોધન', આ.૧, પૃ. ૩૬૬)

ત્રાટક વેળા સૂક્ષ્મ આંખ અને મન-હૃદયમાં કેન્દ્રિત હોવાં જોઈએ.

ચંદ્રમા સામે પણ ત્રાટક કરી શકાય, પણ ત્યારે શો ભાવ ધારણ કરીએ છીએ તે મહત્ત્વનું હશે.

('જીવનપગરણ', આ.૨, પૃ. ૧૧૬)

ત્રાટક વેળા જપ તો આપણે ચાલુ રાખ્યા જ કરવાના છે. ત્રાટકથી આંખો બગડે નહિ એટલું જ નહિ, પણ આંખોનું તેજ વધે છે તથા દૃષ્ટિ લાંબે સુધીની થાય છે.

('જીવનપગરણ', આ.૨, પૃ. ૧૩૧)

* *

ત્રાટક સમયે જે જે વિચારો આવે તે ગમે તેવા લલચાવનારા હોય તોય તેમાં રસ ન લેવો. એને આનુષંગિક વિચારની સાંકળ ન જોડવી. ત્યારે નાડીના ધબકારા ગણજો. ત્રાટક વેળા હૃદયમાં જેટલા ઊંડા ઊતરી શકાય એટલું ઉત્તમ. ત્યાં જ વધારે મહત્ત્વ આપશો. ધૂન, જાપ, ભજન સિવાય પણ તેમાં ભાવ જામી શકે તો ઉત્તમ. અંતર્મુખતા પણ પ્રગટવી જોઈએ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૦૨)

ભાવમાં જ્યારે ઘણી ઘણી એકાગ્રતા પ્રગટે છે, ત્યારે આંખ એની મેળે સ્થિર રહે છે. આંખને તે વેળા સ્થિર કરવી નથી પડતી. એવી જ રીતે જ્યારે આપણને જીવનસાધનામાં ખરેખરો રસ જામે છે ને તેથી તેમાં એકાગ્રતા જામે છે, ત્યારે સાધના કરવી નથી પડતી; ત્યારે તે તો સહજમેળે થયે જાય છે. એકીટશે જોઈ રહેવાથી એકાગ્રતા સર્જાય છે.

('જીવનસંશોધન', આ.૧, પૃ. ૪૮)

*　　　　*

પ્રકૃતિમાંની સગડગની વૃત્તિને નિશ્ચયાત્મકપણામાં પ્રગટાવવાને ત્રાટક સારું સાધન છે. હૃદયમાં પ્રગટેલો ભાવ વ્યવહારમાં પણ જ્ઞાનપૂર્વક ઉપયોગમાં પ્રગટાવવાનો છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૫૩)

*　　　　*

સદ્‌ગુરુના હૃદય પર ત્રાટક કરવાથી તેના ભાવની અસર જીવનમાં ઉદ્‌ભવે છે ખરી, પરંતુ તેમ થવાનો સાચો આધાર આપણા પોતાના હૃદયમાં તેના પરત્વે કેટલો ઉત્કટ ભાવ પ્રગટેલો છે તેના પર છે અથવા કોઈ પવિત્ર જીવંત જાગેલા પુરુષની મૂર્તિ કે છબીની ઉપર અથવા તો મંદિરની મૂર્તિ ઉપર પણ એવી રીતે હૃદયની ભાવના પ્રગટાવીને ત્રાટક થઈ શકે

છે. ત્રાટકની પાછળનો હેતુ, ઉદ્દેશ ભુલાવો ન જોઈએ. બાકી ખાલી ખાલી આંખો ફાડીને જોયા કરવું એનું નામ ત્રાટક નથી. ત્રાટકમાં ભાવ પ્રગટતાં એકાગ્રતા વધે જ. એવી ભાવાત્મક એકાગ્રતા પ્રગટતાં આંખમાંથી અશ્રુ નીકળે છે કે નહિ, તેની પણ સમજણ પડતી હોતી નથી. દેહ-ચેતનાનું ભાન પણ રહેતું હોતું નથી અને અંતરમાં અંતરની ભાવનામાં, એકાગ્રપણે ત્યારે મશગૂલ થઈ ગયા હોઈએ છીએ.

(‘જીવનસંશોધન’, આ.૧, પૃ. ૩૪૯-૫૦)

**દંભ**

આધ્યાત્મિક માર્ગમાં દંભ એ એક એવો મહા દુર્ગુણ છે કે જે જીવને આ માર્ગે કદી જવા દેશે નહિ. દંભનો પડદો ચીરાવો જ જોઈશે. સાધનાની સચ્ચાઈમાં આ દંભ આડે આવતો હોય છે. એ એવી સૂક્ષ્મ રીતે દૂધ અને દહીં, બન્નેમાં પગ આપણને રખાવે છે કે જેથી ભલભલાને ગતાગમ ન પડે. પ્રકૃતિની એ એક જબરદસ્ત પકડરૂપે છે. અવનવાં રૂપો ધારણ કરીને સાધકને એ પછાડે છે. આપણા જીવસ્વભાવનું પૂરેપૂરું સ્વરૂપ ખુલ્લું થયા વિના કે કર્યા વિના કે તેનાથી પર થયા વિના પ્રભુ-ચરણે આસક્તિ થઈ શકવાની નથી. પ્રભુભક્તિને માર્ગે દંભ એ આપણો એક મોટામાં મોટો શત્રુ છે.

(‘જીવનમંડાણ’, આ.૩, પૃ. ૨૦૩)

*　　　　　*

કોઈ જીવને કોઈ બીજા જીવ પર તેના વર્તનથી ઘણી ખીજ ચઢી હોય, ક્રોધ ચઢ્યો હોય, ત્યારે તે રીતે બોલી ન દેતાં ખીજ કે ક્રોધને જીવનવિકાસાર્થે અંદર શમાવીને તેના પ્રતિ પોતે શાંત વૃત્તિ ધારણ કરે, મનમાં દબાવી રાખે ને તે રીતે વ્યક્ત ન થાય

તો તેના જીવનમાં દંભ છે એમ ન ગણાય; પરંતુ એવી રીતે શમન કરવું ઊલટું સારું ગણાય. આથી કદાચ પોતે મનમાં અકળાય પણ ખરો ને કેટલાકમાં તે અંગેની વિચારપરંપરા પણ કદાચ ચાલે; તેમ છતાં ખીજ ને ગુસ્સે થવાનાં કારણો મળવા છતાં તેમ થવા દેતો ન હોય તો તેમાં દંભ નથી. જીવન-સાધકે એવી વૃત્તિને ઓળખીને, કાબૂમાં આણીને ક્રમશઃ નિર્મૂળ કરવાની રહે છે. ને એમ થતાં ધીમે ધીમે પછી તો તેના મનમાં ક્રોધની વૃત્તિ મુદ્દલે ના ઊપજે તેવી સ્થિતિ તેના શમનના પ્રારંભમાંથી જ રખાઈ જતી થઈ જશે. આવા શમન પાછળનો હેતુ મીઠું બોલીને, મનમાં ડંખ રાખીને, લાગ આવ્યે વેર વાળવાનો નથી; પરંતુ પોતાની વૃત્તિ અઠીક લાગતાં તે વૃત્તિને વ્યક્ત કરીને તેને વેગ ન આપતાં શમાવીને, તેને કાબૂમાં આણીને અંતે નિર્મૂળ કરવાનો છે.

('જીવનમંડાણ', આ.૩, પૃ. ૨૦૭)

## દાન

કોઈને પણ દાન કે એવું કશુંક આપવાનું બને ત્યારે ભગવાને આપ્યું છે અને એને જ આપું છું—અપાય છે—એમ જીવતી ભાવના રાખશો. ત્યારે વખાણ સાંપડતાં તે પરત્વે બેપરવા રહીને તેવું બધું શ્રીભગવાનચરણે સમર્પણભાવે ધરવું.

સાચી દાનવૃત્તિ કરુણાવૃત્તિમાંથી નીપજે છે. આ વૃત્તિનો પણ આપણે આપણા માટે ને આપણામાં ઉપયોગ કરવાનો છે. દાનમાંથી જન્મતો ભાવ એ આપણું પરમ બળ છે.

દાન કરવામાંથી સૂક્ષ્મ અભિમાન પણ પ્રગટતું હોય છે. એ આપણને સૂક્ષ્મ રીતે પાડતું હોય છે.

('જીવનપગરણ', આ.૨, પૃ. ૪૬, ૫૭)

*  *

દાનનો મૂળ હેતુ **'સર્વભૂતહિતરતઃ'** થઈ જવાનો છે. તે સ્થૂળ દાનથી બનવું મુશ્કેલ છે. જીવંત સાધનામાંથી પરિપક્વ થતાં થતાં ને એના પરિણામરૂપે ઉદ્‌ભવેલા ભાવનું સર્જન થતાં ને એથી કરી જીવનમાં કળાનું જે નવું સ્વરૂપ પ્રકટે છે, તે પ્રગટતાં સર્વભૂતહિતરત થવાપણું પ્રગટે છે. બાકી જગતની રીતે કરેલા દાનનું ફળ તો કેટલીક વખતે અહંતાને પોષવામાં ને વધારવામાં પણ પરિણમે છે. કેટલીક વાર એવા દાનમાં માનવીની વૃત્તિ અઘટિતપણે સંતોષાઈ જાય છે, ને એવા ઉપરછલ્લા સંતોષમાં પોતાની જાતની છેતરામણ થાય છે. જીવનવિકાસમાં સ્થૂળ દાનનો કશો જ અર્થ નથી, એમ નથી; પરંતુ દાન કર્યાને પરિણામે આત્મસંતોષ માની, તેની જાણ્યે અજાણ્યે આત્મવંચના જે પોષાય છે તે અહિતકર છે અને આજે તો દાનની પ્રથા ઘણી વેળા એક પ્રકારનો વહેવાર પણ થઈ ગઈ છે. જીવનવિકાસની સાધનાથી જે સર્વભૂતહિતરતપણું પ્રગટે છે તે ઉત્તમ પ્રકારનું દાન છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૭૬)

*　　　　　*

## દિલદારનું દર્શન

(ગઝલ)

જીવન દિલ-તાર જોડીને જીવનના દર્દથી ભારે,
જીવન-વીણા બજાવી છે તહાં મહેફિલ જામી છે.

જહાં મહેફિલની રંગત બરાબર જામી જીવનની,
મળ્યો પાનાર પીનારો થયા શા સંગી મહોબતથી!

હૃદય-દિલદારનું દર્શન જગતના ગૂઢ વ્યવહારે,
અમારે તો કરી-કરીને રહ્યું શું રાચવાનું તે !

રસાયેલા જીવન-દિલનો હરેકે તાર જુદો છે,
અને એ તારના સૂરને ગજબ કો સૂણનારો છે.

મળ્યા ચોગાનમાં આલમ તણા પાનાર-પીનારો,
પછી માઝા રહે શી ત્યાં ! જહાં પાનાર છે ન્યારો.

જીવનની રાખથી એને અમે જીવતો સદા રાખી,
થઈ બંદા અમે એના જીવનમાં ગાજશું રાચી.

હૃદય-દિલદાર દિલબર એ જગતમાંયે સમાયો છે,
જગત ના બેવફા તેથી કદીયે નીવડે અમને.

જગત રંજાડીને અમને જગત રંજાડશે નિજને,
જગત બતલાવશે કેવો રચેલો સ્વાંગ એનો છે !

નથી રંજાડનારું તે અમોને કોઈએ ક્યાંયે,
બધે જેમાં અને તેમાં અમારે ભેદ ભાંગે છે.

સિતમગર જાદુગર વ્હાલો જીવનસર્વસ્વ એ, અમ છે,
જીવન જે સાથ જોડે ત્યાં અમારું રાચવું રે' છે.

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૧૩૬-૩૭)

* *

## દુઃખ, જીવનદાતા

(અનુષ્ટુપ)

ઉત્ક્રાન્તિ સર્વ જીવોની થતી દુઃખથી જાણજો,
જીવન-ક્રાન્તિમાં ફાળો દુઃખનો ઑર ભવ્ય શો !

દુઃખ વેઠ્યા વિના જન્મ કશાનોય થતો નથી,
દુઃખ આઘાત આપીને પ્રેરાવે બોધ આપથી.

જન્માવવા પુરુષાર્થ, ચેતના પ્રગટાવવા,
મળેલું દુઃખ સદ્‌ભાગ્યે ઉષ્મા, જીવન પ્રેરવા.

હતાશ દુઃખથી જેઓ બને નિર્માલ્ય જીવને,
દુઃખ એનું ચઢી વાગે દુઃખમાં તે ડૂબ્યા કરે.

બેળે બેળે સહેવાથી દુઃખનો લાભ ના મળે,
કારમી ઉપજાવે તે નિરાશા કેવી જીવને !

દુઃખ એ કલ્પના માત્ર માનવીના મને વસે,
દુઃખ એને ગણે જે ના દુઃખ એને નહિ કશે.

પ્રેમની તે પરાકાષ્ઠા પ્‌હોંચવા શો વિયોગ છે !
તેવું જ દુઃખનું જાણો વિકાસાર્થે મળ્યું જ તે.

દુઃખ એ શક્તિ છે પોતે કાલિકા શી પ્રચંડ તે !
વાળશો જેવી રીતે તે આપશે ફળ એ રીતે.

દુઃખ જેને જનો માને, કૈંક બીજા કશા તણો-
છાયા આભાસ છે એ તો, તાપથી જેમ ઝાડનો.

જન્મનું સાથી તો દુઃખ, મૃત્યુ સાથ વળી રહ્યું,
ભલભલા ભલે ભૂપ એણેયે દુઃખ તો સહ્યું.

દુઃખથી તો જણાયે છે સાચું વિશ્વ-સ્વરૂપ શું !
દુઃખથી તો પમાયે છે તત્ત્વ જીવનનું ખરું.

('જીવનપગલે', આ.૧, પૃ. ૪૩, ૪૫, ૪૬, ૫૫, ૫૬)

## દોષોનું ભાન, સ્વીકાર ને વેદના

દોષોનું, દુર્ગુણોનું સ્પષ્ટ દર્શન પ્રથમ તો થવું જોઈશે; પરંતુ તેય પૂરતું નથી. તેને હઠાવવા આપણામાં દૃઢ નિર્ધાર જાગી જવો

જોઈશે. નકારાત્મક બળને રચનાત્મક શક્તિથી હણવાનું છે. જો તેમ નહિ થાય તો દોષોનું ભાન નિરાશાના વમળમાં ડુબાડી દેશે ને આપણે હતાશ થઈ જઈશું.

*  *

દોષોની ચિંતા કર્યા કરવાથી તે દૂર થતા નથી; બલકે વધે છે. દોષ અને સ્ખલન તો થઈ જવાનાં. તેનાથી જે ચેતે ને ચેતીને વર્તે, તેનો થયેલો દોષ પણ તેનો સદ્ગુરુ બની શકે છે. દોષ આપમેળે સૂઝવા માંડ્યાં છે તો આપણે સમજવું કે હવે આપણો સુધરવા વારો આવ્યો છે.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૧૨૬)

*  *

દોષોનો સ્વીકાર તેમાંથી મુક્તિ પામવા માટે છે, ને નહિ કે તે માત્ર સ્વીકારીને બેસી રહેવા માટે. દોષો આપણને ખૂબ ખૂબ કઠવા ઘટે, ડંખવા ઘટે. આપણને આપણી વક્રતાનાં દર્શનમાંથી જો સીધા થવાનું ન સૂઝે ને તેમ ન બને તો તેવું દર્શન કંઈ જ ખાસ મદદરૂપ નથી. પોતાનો જરાક જેટલો દોષ ને દુર્ગુણ જ્યારે સાધકને હિમાલય પર્વત જેવડો લાગે અને તે ઘણો ઘણો સાલે તથા તેમાંથી ઊગરવાને જ્યારે સહૃદયતાથી પ્રમાણિકતાથી તે મથ્યા કરે છે, ત્યારે તેનાથી હૃદયના પોકારથી થયેલી ભગવાનની પ્રાર્થના તેને મદદરૂપ નીવડી શકે છે. મારા તે કાળના તબક્કાની એવી પ્રાર્થનાઓ 'હૃદયપોકાર'માં છે. આપણા દોષો, વિકૃતિઓ, દુર્વૃત્તિઓ જો ઉત્કટ પ્રમાણમાં ડંખતી હશે તો તેવી પ્રાર્થના કરતાં કરતાં ચોધાર આંસુ પણ આંખમાંથી સરે. તેવી પ્રાર્થનામાં આપણને થતા દુઃખનો એવો રણકાર ઊઠશે કે તેના પ્રત્યાઘાતથી પેલું બધું ક્યાંયે અદશ્ય થતું જાય.

*  *

અનેક ભક્તોએ "મો સમ કૌન કુટિલ ખલ કામી" એમ ગાયું છે. તેઓ શું ખરેખર તેમ હતા ? હરગિજ નહિ. પરંતુ તેમના જીવનની જીવપ્રકારની તલ જેટલી ક્ષતિ પણ તેમને અત્યંત વેદનાથી વ્યાકુળ કરી મૂકે છે, ને તેનો પોકાર ઉપરના જેવી કડીમાં વ્યક્ત થાય છે. આપણને પણ જો આપણા દોષોનું ભયંકરપણું લાગી જાય તો, ઊંડું ઊંડું સાલે તો, નિવાર્યા વિના ચેન ન પડે. વીંછીને કે સાપને અડકીશું ? ગળે લટકાવી રાખીશું ? જ્યારે દોષોને, દુર્ગુણોને આપણે હજી આપણામાં લટકવા-ટકવા દઈએ છીએ, કારણ તેની ભયંકરતાનું ભાન જાગ્યું નથી. તેનું વિષ વ્યાપ્યું નથી. 'જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૫૮)

* *

## સ્વ-દોષ નિરીક્ષણ

(અનુષ્ટુપ)

'પોતાની પ્રકૃતિ સામે, સામાના રૂપમાં ભળી,
'કેવી હરાવવા ચાહે' લક્ષ તે રાખવું મથી.
કોઈ ના આપણી સામે બીજું પ્રત્યક્ષ ત્યાં વસે,
સ્વભાવ ચાલબાજી શી નવી નવી ધર્યાં કરે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૯૮)

બીજાંનો દોષ જોવાતાં આપણે ચેતવું હૃદે,
બીજાંનો ગુણ થોડોયે પ્હાડ જેવો ગણો હૃદે.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૧૬)

અહંતાથી જનો વિશ્વે પ્રેરાયે કામમાં સદા,
કલેશ, સંતાપ ને દુઃખ જીવને તેથી પામતાં;

છતાં એ સર્વનું મૂળ બીજાંને માનવી ગણે,
'બીજાંથી આ થયું' એવું કહેતાં સાંભળ્યાં જગે.

સર્વનું મૂળ પોતામાં રહ્યું, ના તે જનો જુએ,
કરે ખદબદ્યાં કેવાં માનવી નિજ જીવને
છાણ માંહી કીડા સમે !

('કર્મગાથા', આ.૧, પૃ. ૨૦૧)

(ગઝલ)

બીજાંના દોષ દુર્ગુણને અમોથી ના વિચારાજો,
અમારા દોષ જોવાજો અને અમથી ન તે બનજો.

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૧)

(અનુષ્ટુપ)

નિમિત્ત બીજું તો ખાલી આપણા જીવને ખરે,
બીજાનું નામ ત્યાં લેવું તે કઢંગું બધી રીતે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૭૯)

કરેલાં કર્મની છાયા દુઃખને જાણવું ઘટે,
બીજાંને દોષ દેવાનો છોડી દેવો સદા ખરે.

('જીવનપગલે', આ.૧, પૃ. ૬૨)

જ્યાં સુધી આપણે પોતે પૂરેપૂરા થયા નથી,
અન્યથા કેરું તો મૂળ શોધવું આપણી મહીં.

ઓછો અન્યાય બીજાંને થવા સંભવ એ રીતે,
શોધતાં મૂળ પોતામાં ખોઈએ આપણે ન કૈં.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૨૪)

## ધ્યાન

ધ્યાન આપણા અંતરની શોધ માટે થાય, સમર્પણની ભાવના માટે થાય, ખાલીપણું-નિર્વિચારપણું કેળવવા માટે, લય થવા માટે, પ્રાર્થનાના Mood-ભાવતરંગ માટે થાય; આમ ધ્યાનના અનેક પ્રકારો છે. તેથી એક વખત આમ થયું ને બીજી વખત આમ કેમ થયું ? એવી સ્થિતિચુસ્તતા એમાં નથી. જે થાય તે જોયાં કરવું. ધ્યાનમાં એકાગ્રતાનો ભાવ એ મુખ્ય વસ્તુ છે. તે સ્થિરતા-જડતાવાળી એકાગ્રતા નહિ પણ ચેતન-સ્ફુરંતી હોવી જોઈએ.

ધ્યાન સમયે તંદ્રા એ એક મોટો સામાન્ય અવરોધ આવતો હોય છે. તે આવતાં આપોઆપ સામાન્યતઃ તો ખબર પડી જતી હોય છે. ધ્યાનમાંથી કોઈ ખાસ પ્રકારની લાગણીઓ ઊપજે એવી કશી અપેક્ષા ન રાખવી. માત્ર એમાંથી આપણે સતત જાગૃતિ મેળવીએ ને સાધનામાં વેગ મળે તો હાલ તો તે ઘણું છે. તે વેળા આપણા આગ્રહો, મંતવ્યો, મડાગાંઠો, વિચારો આદિ બધું જ સાચા અર્થમાં લય પામી શકે તો તેટલી વેળા આપણી અંદરની ચેતનાનો—જેને ભગવાનનો ભાવ પણ કહી શકાય તેનો—સ્પર્શ થાય, જાણ થાય, અનુભવ થાય.

ધ્યાનમાં સમયની ગણતરી એ મુખ્ય માપ નથી. આટલા અમુક કલાક ધ્યાન થયું તે ગૌણ છે. ઊંડાણનો ખ્યાલ રાખશો. તે ખ્યાલને પણ મહત્ત્વ દેવાનું નથી. ધ્યાન વેળા જે કંઈ અનુભવો થાય તે તટસ્થપણે જોયા કરવા.

(‘જીવનપગરણ’, આ.૨, પૃ. ૩૭, ૪૪, ૪૭)

* *

ધ્યાનમાં આપોઆપ સ્વાભાવિકપણે શ્વાસોચ્છ્‌વાસ ધીમા પડતા જશે ને અંતે તો તદ્દન શાંતપણે ચાલશે. તેમાં પ્રાણાયામના

નિયમો સ્વતઃ પળાયા જશે—જો ધ્યાન યોગ્યપણે કરાતું હશે તો. ને તદ્દન છેવટે તો શ્વાસોચ્છ્વાસ તદ્દન લય પામ્યા જેવી સ્થિતિ થશે.

ધ્યાન વખતે ધ્યાન જ. પ્રાર્થના વખતે પ્રાર્થના. જે કરતા હોઈએ એના ભાવને જ પ્રધાનપણે વળગી રહેવું. ધ્યાનને છોડવાની ઈચ્છા ન થાય તો ચાલુ રાખવું. સમય પૂરો થયો માટે છોડી દેવું, તેમ ન કરવું.

ધ્યાનમાં જવાતાં જપ ઉપર ભાર રાખવાનો નથી, ચિત્તનું લક્ષ તો જ્યારે પૂરી લીનતા અનુભવાય ત્યારે અંદરની જે ચેતના છે એ અનુભવવામાં રાખવાનું છે. ધ્યાન પૂરું થયા પછી જે ઘૂમરી ને એકાગ્રતા જેવું રહે છે એનાથી જપ, ધારણાનો ભાવ ઊંડો હૃદયસ્થ ઉતારવો.

('જીવનપગરણ', આ.૨, પૃ. ૫૨-૫૩-૫૫)

*　　　　*

ધ્યાન શરૂ કરતી વેળા જપનો આશ્રય લઈ શકાય, પણ તેના પર ઝોક દીધા વિના; પછી તેનો પણ આગ્રહ ન હોય. ખરેખરી સર્જનાત્મક શક્તિનો અનુભવ પ્રત્યક્ષ કાર્યક્ષેત્રમાં ઊતરી સર્વાંગે અંતે ન અનુભવાય ત્યાં સુધી આપણે ધ્યાનની સાધના ચાલુ રાખવાની છે. ધ્યાન માત્ર શાંત બેસી રહેવા માટે નથી. મનને નીરવતામાં પ્રગટાવવા ધ્યાન મદદરૂપ છે,—એ તો જો કે તેનો તાત્કાલિક લાભ છે. તેમ થવાતાં મનથી પરનો અનુભવ શક્ય બને છે. ધ્યાન એટલે જ અંતરની ખોજ.

('જીવનપગરણ', આ.૨, પૃ. ૬૪)

*　　　　*

હળવા ધ્યાનમાં મનની ચાલબાજીઓ જણાઈ શકે છે. ધ્યાનમાંથી શક્તિ, આનંદ, નૂતનતા સાંપડે છે તથા આપણાં

દષ્ટિબિંદુઓમાં તે ફેરફાર કરાવી આપે છે, આત્મવિશ્વાસ અને શ્રદ્ધાની વૃદ્ધિ કરે છે—આવા બધા આડકતરા લાભ પણ મળે છે. મૂળ હેતુ તો આત્માની ખોજ છે.

ધ્યાન સમયે આસનની ફેરબદલી ન કરવી. શરીર ઠીક ન હોય ત્યારે સૂતાં સૂતાં પણ થઈ શકે. સૂતાં સૂતાં પલાંઠી વાળીને પણ થાય. આ વેળા તંદ્રા કે નિદ્રામાં ન પડી જવાય તેની તકેદારી રાખવી જોઈશે. ધ્યાનનો સમય પણ બનતાં લગી અમુક મુકરરપણે રાખવો ને સ્થળ પણ. આસનની જરૂર ધ્યાનમાં શરૂમાં જ રહે છે. તેમાં તરબોળ થવાતાં અમુક ચોક્કસ આસનની જરૂર નથી રહેતી.

ધ્યાન વેળા બહારના અવાજો સંભળાય છે, તેનો અર્થ કે હજુ એકાગ્રતા જામી નથી. તેનો અર્થ એમ પણ નથી કે ધ્યાનમાં મૂઢ થવાનું કે રહેવાનું છે. સજ્ઞાન મૂઢપણું તો ઇંદ્રિયોનું કેળવવાનું છે. મનની શૂન્યતા તો ક્રમશઃ વધવી જ જોઈએ, ને મનનાં અંગ-ઉપાંગો પણ સાથે સાથે રસ લેતાં થવાં ઘટે.

ધ્યાન વેળા ભાવો જાગે તે ઠીક નહિ. ગમે તે તબક્કે અવ્યક્ત ને નિરાકાર ભાવ જાગે તે ઠીક. જે જે વિચારો આવે તેમાં રસ ન લેતાં, સાંકળ ન જોડી દેતાં, તેમને વહી જવા દેવા.

('જીવનપગરણ', આ.૨, પૃ. ૬૪, ૬૮, ૭૦)

*　　　　*

નક્કી કરેલો સમય પૂરો થયા પછી જ બનતાં લગી ધ્યાન છોડવું. વધુ મન થાય તો ભલે વધુ બેસવું, પણ વચ્ચેથી ઊઠી તો ન જ જવું; અપવાદ માફ. કશુંયે યદ્વાતદ્વા કરવાનું ન હોય. તેમ જડ નિયમ પ્રમાણે પણ નહિ. ધ્યાનમાં સારા વિચારો આવે તે પણ તે વેળા માટે યોગ્ય નથી.

એકાગ્ર ધ્યાન વેળા મન, બુદ્ધિ, ચિત્ત બધું લય પામી જાય છે, ને એમનો સુમેળ જાગે છે. ધ્યાન વખતે લક્ષ ને ચિત્ત હૃદયે

રાખવાં ઠીક. હૃદયે લક્ષ રાખીને ભ્રૂમધ્યે ચિત્ત (ધારણા) રાખો અથવા તો નાકના ટેરવે. બન્નેમાં લક્ષ તો હૃદયે જ હોય, એનાથી વિચારો ઘટી જશે.

'ધ્યાનમાં અમુક અમુક થાય તો જ સારું' એવી લાગણી ન રાખવી. જે કંઈ થાય ત્યારે તેમાં મન ભળી ન જાય તેની ખબરદારી રાખવી ઘટે. લીન ને એકાગ્ર થવાતાં ઊંડું ઊંડું ઊતરતા જવું, ને જ્યાં સુધી ખ્યાલ રહ્યાં કરે ત્યાં સુધી ભગવાનના ભાવનો ખ્યાલ રાખવો; એ પણ ઊંડા જતાં તેને ઊડી જવા દેવો, ને તટસ્થપણે જોયાં કરવું.

('જીવનપગરણ', આ.૨, પૃ. ૭૨, ૮૩, ૯૪, ૧૭૨)

*                    *

ધ્યાન વેળા કે પછી હાથપગ આદિ શારીરિક અવયવોના અસ્તિત્વનો ખ્યાલ જતો રહે છે, એનું કારણ એ કે બધા એકની એક સ્થિતિમાં રહેવાથી એમ બને છે.

જે ભાવનાને વધાર્યા કરવી હોય તે ભાવના પણ ધ્યાનથી વધી શકે છે. રોજ નવી નવી ભાવના રાખવાથી તેનો કંઈ ખાસ ફાયદો ન થાય. તેમ જ ભાવનાને નડતરરૂપ જે કંઈ હોય તેનું દિવ્ય રૂપાંતર કરવાને માટે પણ ધ્યાનનો ઉપયોગ થઈ શકે છે.

ધ્યાનમાં લીનતા હોય તે વેળા લક્ષ ખસી જતાં લીનતા ઘટી ન જતી હોય તોપણ લક્ષ તો હૃદયે જ હવે રખાયાં કરાય તે તમારા માટે ઉત્તમ છે. લીનતા વેળા ચેતનાની સ્થિતિ બદલાતી જતી હોય છે. ત્યારે તેવી તેવી પ્રત્યેક કક્ષામાં ભળી ન જવું, નહિતર વિકાસ અટકી જશે.

('જીવનપગરણ', આ.૨, પૃ. ૯૫, ૧૨૬-૨૭)

*                    *

ધ્યાનની એકાગ્રતા થતાં, પછી કોઈ વિચારનો હુમલો ત્યારે નહિ આવે. વિચારો આવતાં, તેઓ સપાટી પરથી વહી જશે; બન્ને નસકોરામાંથી પવન સરખો આવતો જતો હશે એટલે કે શ્વાસોચ્છ્વાસ સમ હશે. છાતીમાં ખેંચાણ પણ થાય છે. કેટલાકને કંઠમાં શોષ પડે છે ને જીભ સુકાય છે તો કેટલાકને મુખમાં અમીરસ પણ ઝરે છે. કોક વખત ધ્યાનના અંતે માથું કાં તો હળવું હળવું કે સ્ફૂર્તિજનક ભારે ભારે લાગે છે.

* *

**લક્ષ એટલે એક પ્રકારની એકાગ્ર, કેંદ્રિત ને ધ્યેયલક્ષી ઉત્કટ સઘન સભાનતા ને ચિત્ત એટલે એના ઉપર જ્ઞાનભક્તિયુક્ત ચેતના. લક્ષ એટલે ભાવ અને ચિત્ત એટલે એનાં પ્રાણ અને શક્તિ એવો અર્થ અહીં કરું છું.**

**બહિર્માં એકદૃષ્ટિ રહી શકે તે માટે ભક્તિની જરૂર ને અંતરમાં તેમ થવાવા માટે ધ્યાનની જરૂર.**

('જીવનપગથી', આ.૩, પૃ. ૪૮, ૫૫, ૮૪)

* *

ધ્યાનમાં એક પ્રકારની ઉન્માદકારી લહરીઓ આવવી જોઈએ. એક પ્રકારની અલગપણાની શક્તિ તેમાંથી મળી આવવી જોઈએ, ને તેને દિવસના બીજા વ્યવહારમાં સક્રિય બનાવવી ઘટે.

ધ્યાનમાં વૃત્તિઓ અને આસક્તિઓનું બળ આપણને માલૂમ પડી આવે છે. કેટલીક વાર ધ્યાન વેળા સૂક્ષ્મ તત્ત્વો અથડાય છે. દા.ત., સૂક્ષ્મ કર્ણેન્દ્રિયને અસર કરી શકે એવાં નાદનાં સૂક્ષ્મ તત્ત્વો એને અથડાય છે. દિવ્ય સંગીત સંભળાય છે. આવા બધા વખતે જાગૃતિ રાખીને પોતાનું ધ્યેય જુદું છે એમ દૃઢ ખ્યાલ રાખવાનો છે. 'નાદબ્રહ્મ' સ્થિતિ કંઈ સર્વોપરી નથી.

('જીવનપગરણ', આ.૨, પૃ. ૧૪૪-૪૫, ૧૮૪)

* *

ધ્યાનમાં નાડીના ધબકારા ઘટે છે તે સારું છે. તે ચેતનવાળી સ્થિતિ છે. ધ્યાનની સંપૂર્ણતામાં નાડીના ધબકારા શૂન્યની દશાએ પહોંચે છે. ધ્યાન પૂરું થયા પછી જો ધબકારા ૫૦ થયા, તો ધ્યાનની ખરી વેળાએ તો એનાથીએ ઓછા હોય છે. ધ્યાનની એકાગ્રતામાં હૃદયના ધબકારા ઓછા થતા જાય છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૧૬, ૧૪૫)

*　　　　*

ધ્યાનની એકાગ્રતામાં આંતરિક ચેતનાની સ્ફૂર્તિ સતેજ થતી હોય છે.

ધ્યાનમાં તદાકાર થવાને માટે મન-હૃદય સર્વ પ્રકારે સરળતાવાળાં, નિશ્ચિંતભાવવાળાં, નિર્દ્વંદ્વ ભાવવાળાં બની જવાં જોઈએ. આ બધા માટે રોજના કર્તવ્યવ્યવહારમાં મનાદિનાં વલણોને જ્ઞાનપૂર્વક કેળવવાં ઘટે.

*　　　　*

## નામ-સ્મરણ

(હરિગીત)

પ્રિય-નામ-સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવન-અંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો ફળવજો;
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની.

સંસારના કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં;
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.

('શ્રીગંગાચરણે', આ.૧, પૃ. ૨૭, ૩૧)

(માલિની)

પ્રિય સ્મરણ મહીં જો પ્રેમ આહ્લાદ જન્મે,
સ્મરણ પ્રિય ગણો તે ભાવનાવાળું હૈયે;
સ્મરણ સ્મરણ ખાલી, ચેતના જો ન ત્યાં છે;
પણ સ્મરણ અખંડ કોઈનું ક્યાં રહે છે ?

સ્મરણ સ્મરણ માંહે કૈંક ને કૈંક ફેર,
પ્રિય મહીં જ્યમ વાધે પ્રેમ, તે યાદ શ્રેષ્ઠ.
સ્મરણ મહીં ભીનાશ જો ન હો, તેય વ્યર્થ,
સ્મરણ મહીં ઊઠે જો પ્રેમનો ભાવ, સાર્થ.

('પુનિત-પ્રેમગાથા', આ.૨, પૃ. ૧૦૭, ૧૩૫)

(તોટક)

નવ જાપ કર્યે કંઈ કામ થશે,
યદિ જાપ વિષે નવ ભાવ હશે;
પ્રભુ-પ્રેમની છાલક ના ઊછળે
—હૃદયે, તવ જાપ નિરર્થક છે.

('પુનિત-પ્રેમગાથા', આ.૨, પૃ. ૧૯)

(અનુષ્ટુપ)

ખાલી નામ લીધાથી કૈં આપણું વળવાનું ના,
ભાવવૃદ્ધિ થતાં જાણો ફળતું નામ ઉરમાં.

('જીવનપગલે', આ.૧, પૃ. ૧૨)

(ભુજંગી)

હરિ-નામને ચિત્તમાં તું મઢી લૈ-
હૃદે શ્રેય ને પ્રેય બે સાધી લે ને;
હંમેશાં પ્રભુ-આશ્રયે લીન રૈ'ને,
સ્મર્યા વિણ તું ના ઘડી એક ખોજે.

હૃદે નામના જાપની પ્રેમમાળા-
વહાવો પદે તે સદા ગંગધારા;
શમાવી પૂરાં બુદ્ધિ ને ઉરભાવ-
તહીં હોમજો પ્રાણની વૃત્તિ સર્વ.

સ્મરંતાં સ્મરંતાં થવું એક ધ્યાન,
સ્મરંતાં સ્મરંતાં થવું એક મ્યાન;
સ્મરંતાં સ્મરંતાં થવું હેળમેળ,
સ્મરંતાં સ્મરંતાં થવું एकમેળ.

* *

## તુજને નમું હું

(વસંતતિલકા)

સૃષ્ટિની આદ્ય, પ્રભુ ! મધ્ય જ, અંતમાં તું,
સર્વે વિભૂતિ તણું તત્ત્વ છૂપું પ્રભુ ! તું;
સૂર્યો અનેક તણું તેજ પવિત્ર છે તું;
એવા પ્રભુ ! હૃદયથી તુજને નમું હું.
ગોપાલ છે જગત-ધર્મ બધા તણો તું,
સૌ વિશ્વમાંહ્ય પ્રભુ ! અક્ષરધામ છે તું,
તું આદ્ય દેવ જ પુરુષ પુરાણ છે તું,
એવા પ્રભુ ! હૃદયથી તુજને નમું હું.

(‘તુજચરણે’, આ.૧૫, પૃ. ૨૫, ૨૯)

* *

## સ્મરણ-સાથી

(હરિગીત)

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન-વાસનામાં, પાપમાં, ચિત્તના બધા સંસ્કારમાં;

મનની રમત ને ગમતમાં મનનાં રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.

ખટ રસ તણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત્ત-પ્રેરણા મહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઈન્દ્રિયોના વિષયમાં,
અમ શરીર કેરા રોમરોમે, હૃદય કેરા લોહીમાં;
રગ રગ મહીં, નખશિખ મહીં, ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.

જીવન તણા સહુ ભંગમાં, જીવન તણા સહુ રંગમાં,
જીવન તણા એ અટપટા આડા ઊભા સહુ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવન-ભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.

સારાય જીવન-પટ તણા તાણા અને વાણા વિષે,
ભીંજાયલા હોય રગરગે તુજ પ્રેમથી રંગાયલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયલા,
એવું પ્રભુ-પદ હો સમર્પિત આ જીવન, હો તવ કૃપા.

('શ્રીગંગાચરણે', આ.૧, પૃ. ૩૦, ૩૧, ૩૨)

* *

## નિરાશા, વિષાદ, સાધનાપથે

જે જીવને હૃદયમાં હૃદયથી સાચી ભાવના પ્રગટે છે, તેનામાં ક્યાંયે નિરાશાને સ્થાન નથી. જેને નિરાશા વ્યાપે છે, તેણે જરૂર

જાણવું કે એનામાં ક્યાંક તેના તેવા પ્રયત્નની પાછળ કંઈ કશી માગણી, વાંછના કે વાસના રહેલી હોવી જોઈએ. આપણે પ્રભુ ઉપર કશો હક્કદાવો નથી કરી શકતાં કે આટલું આટલું આમ કર્યું છતાં કેમ આમ ન બન્યું ? આપણો ધર્મ કર્યાં કરવાનો છે. એ આપણને ક્યારે ગ્રહણ કરીને સ્વીકારી લે તે કામ તેનું છે.

* *

નિરાશા ભલે આવી; પરંતુ જે સાધક માથે હાથ દઈને ત્યારે બેસી રહે છે, તેને ક્યાંયે ઊગરવા વારો નથી. ખરો સાધક તો જેનો તેનો યોગ્ય ઉકેલ કાઢવાને મથ્યાં કરવાનો. જ્યારે નિરાશા, હાર, વિષાદ, આદિની પકડમાં પડી જવાનું બને ત્યારે હૃદયમાં વધુ ને વધુ શાંત બનીને દૃઢતાથી સ્વસ્થતા ધારણ કરવી. આવી વેળાએ અકળાઈ જવાથી ઊલટું મન વધુ ખરાબ બને છે. એવી વેળા પ્રભુની મદદ માટે પ્રાર્થના કર્યાં કરવી.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૩૦૭-૦૮)

* *

વૈજ્ઞાનિક કોઈક તત્ત્વની શોધ કરવાને મથે છે તો તેને સેંકડો વાર નિરાશ થવું પડે છે; તેમ છતાં તે ધીરજ, હિંમત, સાહસ ગુમાવતો નથી; અને ફરી-ફરીને તેના તે જ વિષયનું મનન, ચિંત્વન કરીને નવા નવા પ્રયોગ કરે છે અને મળેલી નિરાશામાંથી તે નવી સમજણ ને નવું જ્ઞાન મેળવ્યાં કરે છે. તો આપણે તો પરમ તત્ત્વને મેળવવા નીકળ્યાં છીએ. શ્રીભગવાનને અનુભવવાને સાધના આદરી છે તો સેંકડો વાર શું, હજારો ને લાખો વાર નિરાશા ને હાર ભલેને મળે ? પરંતુ સાધક તેવી નિરાશાથી-હારથી નિરાશામાં ડૂબી જઈ શકતો નથી. તે તો ફરી-ફરીને અંતઃકરણમાં ડૂબકી મારે છે અને ત્યાં પૂરું સંશોધન કરે છે. નિરાશા એ તો આગળ ધપવા માટે ઉત્તમ તક છે. જેનું ધ્યેય

જીવનવિકાસ કાજેનું છે એવાને તો હજારો ને લાખો નિરાશાઓ વચ્ચે આશા જ પ્રવર્ત્યાં કરવાની. સાધકની આશા તો અમર, જોરદાર, પ્રાણવંત ને ચેતનવંત હોવી ઘટે. એ તો જેમાં તેમાંથી આશાના તંતુ જ વણ્યા કરતો હશે. આશાના જોર પર તો એનું નાવ આગળ ધપી રહ્યું હોય છે.

('જીવનદર્શન', આ.૨, પૃ. ૫૬)

*　　　　*

## નિરાશા-હાર

(અનુષ્ટુપ)

માનવીને નિરાશા તો બનાવી દે હતાશ; ને
ભગ્ન એવાં થતાં હૈયાં ત્યાંથી જ ક્રાંતિ ઉદ્‌ભવે.

('જીવનપગલે', આ.૩, પૃ. ૫૩)

હારમાંયે હૃદે હાથ નિહાળે પ્રેમનો જ જે,
તેને હાર નથી ક્યાંયે જ્યાંત્યાં તે પ્રેમને જુએ.

સર્વ પરિસ્થિતિમાં જે પ્રેમને નિરખ્યાં કરે,
શબ્દનાં ખાલી ખોખાં છે 'હાર' ને 'જીત' એહને.

(માલિની)

અવિરત રહી મંડ્યા કામ પોતાનું જે લે,
કદીય પણ નિરાશા એહને ના રહે છે;

થતું સહુ કંઈ તેથી પ્રાણ તે મેળવે છે,
સ્મરણ કરી-કરીને પ્રાણ જે
સમજણ નવી એને ઉરમાં જન્મતી રે'.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૧૦૭)

(શિખરિણી-મંદાક્રાન્તા)

બધી બાજુએ જ્યાં નિજ જીવનને ઘોર અંધાર ઘેરે,
વિનાશે ઘેરાયું જીવન નીરખી વજ્ર-આઘાત થાયે;
અને એનાથીયે પણ વિષમ કો જ્યાં નિરાશા ભલે હો,
પરંતુ ત્યાંયે શી પરમ વિલસે ગૂઢ એની કૃપા તો.

મહા ઝંઝાવાતો બહુ પવનના સૂસવાટા થતા હો,
મહા અગ્નિ કેરો પ્રલય જીવને ઉદ્‌ભવેલો જ કૈં હો;
કૃપા-શક્તિને તો તહીં અનુભવી જે શકે છે પ્રભુની,
ઘડે છે એવા કો પરમ વિરલા જાતને શી અનેરી !

('જીવનપગલે', આ.૩, પૃ. ૪૧)

(ગઝલ)

કર્યાં કરતો રહે છે જે ન તેને પ્રશ્ન જાગે કે
—બને તે આજ કે કાલ, કર્યાં કરવે જ મશગૂલ છે.

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૧૧૫)

(ભુજંગી)

ટીપેથી ટીપેથી તળાવે ભરાતું,
ઉદાસીન તારે પછી શું થવાનું ?
ભલેને કપાયો હશે પંથ થોડો,
છતાં વેગ એમાંથી છે જન્મવાનો.

*  *

## પત્રવ્યવહાર, સાધનરૂપે

મારે હિસાબે તો પત્રલેખન હૃદયના જોડાણ માટેનું એક સાધન છે. પ્રેમની સાધનાનું એક અંગ છે; પ્રિયના સ્મરણના ઉઠાવ

માટેની એક ઉત્તમ તક છે. દિલ દરિયાવ ભાવ જગાડીને એમાં પરોવાવા માટે, એકાગ્ર થવા માટે ને દિલના દરિયામાં જો એની કૃપા હોય તો કોઈ મહેરામણ જાગે, ને પ્રેમની યાદથી કંઈ એને હલાવવું હોય તો હલાવે એવું એવું પત્રલેખનમાં સમાયલું છે.

મને પત્ર લખતી વખતે આપણે જાણે પાસે હોઈએ, આપણી ચેતના જાગ્રતપણે ત્યારે આપણામાં જ સમાયેલી રહે, એવું થઈને લખવું. ત્યારે એકાગ્ર બનીને, ભાવવાળા બની જઈએ તો આપણે શરીરે પાસે હોતાં પણ જે ન કરી શકીએ, તે ત્યારે થઈ શકવાનો વધુ સંભવ છે. પાસે હોઈએ છીએ ત્યારે—'અહીંયાં જ છે ને !' એવી સંતોષાઈ જવાની લાગણીને લીધે ભાવનામાં વેગ ને જોશ નથી હોતાં, દૂરની ભાવનામાં સાધારણતઃ પ્રેમ ને ભાવનાનો ઉછાળો વધારે રહ્યાં કરે છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૮૬)

* *

કોઈને પણ કાગળ લખો તેને સાધનાનું અંગ ગણજો. આપણા હૃદયના પ્રેમભાવને વધારે વેગ આપવાને માટે આપણા પ્રેમીની સાકાર ચેતના અથવા વધારે સારું તો ભાવાત્મક ચેતના આપણી સામે સાધન તરીકે આપણે આણવાની છે. એનું ઉત્કટપણું વધતાં જતાં પ્રેમીને આપોઆપ પ્રત્યક્ષ કરાવશે. સ્થળ અને કાળ ક્યાંયે દૂર થઈ જશે, ને માત્ર ભાવ પ્રવર્તશે. પત્રવ્યવહાર એ પણ ભાવનાને પ્રગટાવવા ને તેજસ્વિત કરવા માટે છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૯૩)

* *

પત્રલેખન જો ચેતના-સાંકળથી સંકળાયેલા રહીને લખતી વખતે લક્ષમાં ભાવમૂર્તિને હૃદય સમક્ષ રાખ્યાં કરીને લખવાનું રાખીએ તો દિલમાં ભાવ રહ્યા કરશે ને તે અનુભવે સમજાશે.

પત્રવ્યવહાર જીવનવિકાસના માર્ગમાં પ્રેરક અને મદદકર્તા છે.
('જીવનમંથન', આ.૨, પૃ. ૫૧)

*    *

## પરિસ્થિતિ-પ્રસંગો

જે જે પરિસ્થિતિ મળતી રહે છે, તે તે માનવીના અભ્યુદય કાજે પૂરેપૂરી શક્યતાથી ભરપૂર હોય છે; કશાથી ભાગી છૂટવાની જરૂર નથી. પરિસ્થિતિ અને પ્રસંગો તો અનેક પ્રકારના આવશે અને જશે, પરંતુ એમાં આપણે કેવાં રહીએ છીએ ને કેવી રીતે જીવીએ છીએ, એના પર આપણા જીવનવિકાસનો આધાર રહેલો છે.

*    *

જે જે પરિસ્થિતિ આપણને મળે છે કે પ્રસંગો સાંપડે છે તે બધા જ કોઈ ને કોઈ નવી સમજણ ઉગાડવા માટે મળે છે અથવા મળેલી સમજણને દૃઢ કરવા માટે મળે છે; એટલે તેવી વેળાનાં મૂલ્યાંકનો આપણને રચનાત્મક મદદ કરે એવા વળાંક પ્રમાણે કરીએ ને તેમનો તે પ્રકારે ઉપયોગ કરીએ, એમાં આપણી યોગકુશળતા રહેલી છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૯૭)

*    *

હરેક જાતની પરિસ્થિતિ અને પ્રસંગ આપણને આત્માની તેજસ્વિતાનો અનુભવ થવા માટેની એક તક છે. તેવી પરિસ્થિતિ તો પ્રભુની કૃપાલીલા છે, એવા ભાવે જ્ઞાનભક્તિપૂર્વક પોતાના જ કલ્યાણાર્થે તેનો સ્વીકાર કરવાનો છે. કશું જ નકામું નથી.

પ્રસંગો સિવાય જીવનમાં બીજા શેનાથી આપણે ઘડાઈ શકાવાનાં છીએ ? તેથી પ્રસંગોમાં તો ગુરુ બિરાજેલા છે, એવી સજીવ ભાવના જે જીવ રાખે છે તે પ્રસંગોથી આવરાઈ જતો નથી,

લેવાઈ જતો પણ નથી, તો પછી સંતાપ તો પામી જ કેમ શકે ? પ્રસંગો તો પ્રત્યક્ષ ઘડનારા છે. પ્રસંગો સારાયે હોય ને નરસાયે હોય, પરંતુ આપણે તો તે બન્નેમાં પ્રભુભાવના જ દૃઢાવવાની હોય. ('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૩૧)

*　　　　*

પરિસ્થિતિમાં ભળી જવું, ગળી જવું, ને પાછું તેને તાબે થઈને જીવવું—એવો લોકોના જીવનનો દેખીતો ક્રમ છે. સાધકને એવું જીવન જીવ્યે પાલવી ન શકે. તેણે તો સર્વ કોઈ પ્રસંગોમાંથી નોખા તરી રહીને તેમાંથી વિકાસક પ્રેરણા પામીને આગળ ને આગળ ધપ્યે જવાનું રહે છે. તેનો જીવન પરત્વેનો આશાવાદ શક્તિપ્રેરક બની રહેવો જોઈશે.

*　　　　*

## પૂજા-અર્ચન-આચાર

(અનુષ્ટુપ)

પૂજા, અર્ચન, સેવા સૌ, પ્રભુ મેળવવા હૃદે;
યદિ તેવું થતું ના હો, ભૂલા ક્યાંક પડેલ તો.

પૂજા, આદર જે આપો, મહત્ત્વ એનું કાંઈ ના,
કિંતુ એનાથી શો પામો લાભ, એ જ મહત્ત્વ ત્યાં.

વિધિ કે માન્યતાઓમાં રહેવું જકડાઈ ના,
ભાવ-પ્રાગટ્ય અર્થે સૌ તે તે છે ખપનું ભલા !

મને મહત્ત્વ ના આપો આપ્યાં તે સત્યને કરો,
સર્વશ્રેષ્ઠ ગણી ભાવ એને યોગ્ય મહત્ત્વ દો.

વ્યક્તિ, પરંપરાથી સૌ સત્ય મહત્ત્વનું ઘણું,
સત્યને જાળવી રાખી તેવા ભાવેથી જીવવું.

વર્તને હેતુનું જ્ઞાન આપણું જેવું રે' હૃદે,
વિકાસ તેટલો થાય જીવને સર્વ નિશ્ચયે.

ધર્મ-આત્મા પુરાયેલો આચાર-પિંજરા વિષે,
આચાર-કોટલા બહાર થૈને તત્ત્વ જગાડજો.

સૌ આચાર કરેલા તે શક્તિને પ્રગટાવવા,
કિંતુ આચારમાંથી સૌ ધર્મ-પ્રાણ જતા રહ્યા.

આચાર મડદાં જેવા આજે તો પ્રચલિત છે,
એને જે ગ્રહી રાખે છે મેળવી પ્રાણ ના શકે.
કિંતુ આચારને જેઓ ભાવ-જ્ઞાન હૃદે થવા,
સ્વીકારે છે પ્રભુ કાજે જન્મે તે થકી ચેતના.

('કર્મગાથા', આ.૧, પૃ. ૩, ૮૩, ૮૫, ૮૬, ૯૫)

*　　　　*

## પુરુષાર્થ અને કૃપા

પુરુષાર્થ ને કૃપાના ઝગડા કે ચર્ચા નકામાં છે. પુરુષાર્થ પણ છે ને કૃપા પણ છે. એકલી કૃપા પર ઝોક રાખનારનાં લક્ષણો હોય છે. તેનામાં શરણાગતિ, પ્રેમભક્તિ, અપાર શ્રદ્ધા આદિ જીવંત સક્રિય બની ગયેલાં હોય. એવાનું જીવન તો નર્યા પરાક્રમથી ભરપૂર હોય. તેવો મથે છે ભલેને કૃપાના બળ ઉપર, પણ તેય ઝઝૂમતો તો હોય છે જ. કૃપા પામવાને જે આવશ્યક શરતો પૂરી પાડવાની રહે છે, તે સ્થિતિ મેળવવા માટે પણ પુરુષાર્થ તો કરવો જ પડતો હોય છે. કૃપામાં માનનાર જીવની

અહંતા પ્રતિદિન નિર્મૂળ થતી જાય; પોતાના કર્યા કારવ્યામાં રાચે નહિ, જેમાં ને તેમાં પ્રભુને જ જુએ ને વિચારે. આમ એનાં પણ માપ-લક્ષણો હોય છે.

પુરુષાર્થ કરનાર જીવ જો હૃદયની સાચી નેક દાનતથી પ્રેમભક્તિભાવે સાધના કરતો હશે તો તેવાનું અભિમાન, અહંતા જરૂર ગળતાં જવાનાં છે. પુરુષાર્થ પણ શાને કાજે છે ? મનાદિ કરણો શ્રીહરિની ભાવનામાં મળી જઈને તેમાં ગળી જાય ને એ એનું યંત્ર બની જાય તેવા હેતુથી તો તે સાધનમાં પ્રેરાયો છે. જે સાચો સાધક છે, તેને તેનું અભિમાન વધતું જતું હશે તો શું એની એને ખબર નહિ પડે ? ને ખબર પડશે તો શું તે અભિમાન પોષ્યાં કરશે ? સાધક જેમ જેમ સાધનામાં આગળ વધતો જાય છે તેમ તેમ તેના વિવેકની આકલન-શક્તિમાં પણ સૂક્ષ્મતા પ્રગટતી જતી હોય છે. સાધનામાં આગળ જતાં જો સૂક્ષ્મતા નિમ્ન પ્રકૃતિના હુમલાઓમાં પ્રગટે છે, તો સૂક્ષ્મતા તેના ઊર્ધ્વપણામાં—કરણોમાં પણ—પ્રગટતી જતી હોય છે; તેથી શરૂઆતનો સાધક જેમ પોતાના અભિમાનને કદી પોષશે નહિ તેમ આગળ જતાં તે જ સાધક એવા સૂક્ષ્મતમ હુમલાઓ થતાં પ્રગટેલ વિવેકશક્તિની સહાયે તેમને નિવારવાને તે પ્રભુકૃપાથી મથ્યા કરશે, તે પણ અનુભવની હકીકત છે.

કૃપાને અવલંબન તરીકે જે જીવ હૃદયમાં હૃદયથી માન્યા કરતો હોય તેવો જીવ ખાલી શું પડ્યો જ રહેતો હોય છે ? ખાલી મોઢેથી બોલવું તે એક વાત છે ને માનવું તે બીજી વાત છે. વળી માનવું ને તે પ્રમાણે અમલમાં મૂકીને તે પ્રમાણે અનુભવમાં પ્રમાણવું તે તો વળી ઑર જુદી હકીકત છે.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૭૧-૨૭૩)

*　　　*

હૃદયથી કૃપામાં માનનાર જીવ કદી પણ જીવનમાં આળોટ્યાં નહિ કરે. તે તેનાં માનસિક વલણોમાં તણાયે નહિ જતો હોય. તે તો જેમાં ને તેમાં કૃપાને પોકારે છે. કૃપાનું જ્ઞાનભાન રાખે છે. કૃપાના અવલંબનમાં માનનાર જીવ જો એમ માનતો હોય કે તેણે કંઈ કશું કરવાનું નથી, કૃપાને યોગ્ય પણ રહેવાનું નથી, તો તેવાનું માનેલું અવલંબન સાચું નથી તે નક્કી જાણવું.

કૃપાના આધાર પર જે જીવ પુરુષાર્થ કરે છે, તેને અભિમાન જાગવાનો કશો ડર નથી હોઈ શકતો. 'પુરુષાર્થ' ને 'કૃપા' એકબીજામાં સંકળાયેલાં જ છે. કૃપામાં પુરુષાર્થ છે, પુરુષાર્થમાં કૃપા છે. ('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૮૨-૨૮૪)

* *

શરૂઆતના સાધક કાજે પ્રથમ પ્રચંડ પુરુષાર્થની જરૂર રહે છે. પુરુષાર્થ થતો રહે ને તે કૃપાની પ્રાર્થના પણ કરતો રહે; કૃપાની મદદ હૃદયથી યાચ્યાં કરે તે પણ મહત્ત્વનું છે. પરંતુ એવો શરૂઆતનો સાધક—ને તે પણ ઠીક ઠીક લાંબા સમય સુધી—માત્ર કૃપાના અવલંબન પર જ રહી શકે એવું એનામાં પરિબળ જાગેલું હોતું નથી. તેથી એણે જાતે કૃપાના બળને પોતામાં નોતરી-નોતરી, પ્રગટાવી-પ્રગટાવીને, પોતાથી બનતો બધો પુરુષાર્થ કરવામાં ડહાપણ અને વિવેક રહેલાં છે.

('જીવનમંથન', આ.૩, પૃ. ૨૮૫)

* *

પોતાનાં ખંત ને ધગશના પુરુષાર્થની સાથે સદ્ગુરુના આશીર્વાદ ને તેની કૃપા જરૂરનાં છે, તેની ના નથી; પરંતુ પોતે પણ કંઈ પણ કર્યા-કારવ્યા વિના એની કૃપા પર જ આધાર રાખવાનું કરશે તો તેવી કૃપા મળવી શક્ય નથી. સર્વ કરણોનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું શરણ પામવાનું બન્યાં પછી જ સાધના

સહજસાધનાની પ્રક્રિયામાં ફેરવાઈ શકે છે.

સ્વતંત્રપણે કૃપાનાં પ્રત્યક્ષ અસ્તિત્વ અને વાસ્તવિકતા છે. કૃપાને કોઈ પ્રકારનાં ચોકઠાં કે બંધન નથી હોતાં, કે કોઈ પ્રકારની શરતોથી તે બંધાયેલી નથી હોતી; પરંતુ આ હકીકતને શરૂ-શરૂના સાધકે જરા પણ મહત્ત્વ આપવાનું નથી. પ્રભુકૃપાથી પોતાના સત્પ્રયત્નમાં જ અખંડ જીવતોજાગતો ઝોક તે આપ્યા કરે, તે તેને કાજે શ્રેયસ્કર છે.

* *

ગુરુકૃપા જેવું કંઈક હશે તો સાધકનો પ્રામાણિક સત્પ્રયત્ન તેને તાણી લાવશે જ. વળી સાચી રીતે સાધક કે શિષ્ય સર્વ રીતે અને સર્વ ભાવે ગુરુકૃપા પર આધાર રાખી શકતો પણ હોતો નથી. તે તો તેની ખાલી ભ્રમણા પણ હોય.

ગુરુની કૃપા એ તો સાધકથી થતા જતા પુરુષાર્થની ભાવનામાંથી ફલિત થતો ભાવ છે. અથવા બહુ બહુ તો તે બન્ને ભાવના એકરૂપે પરસ્પર સંકળાયેલી છે.

જે અપેક્ષા રાખીએ કે હોય તેને યોગ્ય હકીકતપણે ભૂમિકા હોય તો જ તેવી અપેક્ષા પરિણામ પામી શકે.

ગુરુકૃપા તો હોય કે ન પણ હોય, પણ આપણે તો આપણું જે સ્પષ્ટ ધ્રુવ હોય એને જ સંપૂર્ણપણે હૃદયની ભાવનાથી મજબૂત પકડી રાખવાનું છે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૩૪-૩૫-૩૬)

* *

## પુરુષાર્થ

(અનુષ્ટુપ)

જણાતું હોય ક્યાંયે ના આશા-કિરણ એકયે,
છતાંયે ત્યાં પુરુષાર્થ છોડી દેવો ન યોગ્ય તે.

કર્મની પાકવા ક્યારે મર્યાદા આવી પ્હોંચતી,
જાણ એની પડે છે ના, ચીટકી રે'વું યોગ્ય ત્યાં.

કેવો ખેડૂત તાપે ને વર્ષામાં તે તપી ભીંજી
—તપશ્ચર્યા કરી અંતે મેળવે રૂડી ધાન્યશ્રી.

પાર જે પાડવા ધાર્યું તે કૈં એમનું એમ તે,
સહેલાઈ થકી પ્રાપ્ત થતું ના કદી કોઈને.

માર્ગમાં ઠોકરો જે જે મળે, એને સ્વીકારતાં,
સત્કારે પ્રેમભાવે તો જન્મશે ભાવ કર્મમાં.

જેઓ જેઓ કશું પામ્યાં તેમને સર્વને જગે,
કૈં કૈં નડ્યાં કરેલું છે, હઠતાં ના, મળ્યું ખરે.
ખાલી ખાલી નથી આ સૌ વાતો બુદ્ધિ તણી ખરે,
એમાં તો ખેલવાના છે મહા કૈં જંગ જીવને.

બેસી રે'વાથી શી રીતે કાંઈ પાલવશે કશું ?
'સૂતેલા સિંહને મોઢે ભક્ષ્ય પોતે નહીં પડે.'

વહેતી શી થઈ ગંગા જ્યારે ફોડ્યા પહાડ કૈં,
વિઘ્નો હઠાવવા પોતે ત્વરાથી શી તદા ધસે !

લીધેલું પાડવા પાર જેની ખંત અપાર રહે,
એક દી જીતવાનો તે નિશ્ચયે જાણજો ખરે.

ભલેને આજ ના થાય કાલે તે બનવાનું છે,
રહીને નિશ્ચયે એવા જીવને મંડવું ઘટે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૫, ૭૭, ૯૧, ૧૮૧)

## આરામે ના મળે રામ

(અનુષ્ટુપ)

‘પ્રેમ-પ્રવાસી’ના હૈયે આરામ-શાંતિ જે વસે,
શક્તિમાન બધી રીતે સર્જવા તે નવું હૃદે.

(‘પુનિત પ્રેમગાથા’, આ.૨, પૃ. ૭૯)

આરામ આળસુ કેરો તામસે મૃત્યુથી ભર્યો,
એવો આરામ સર્જે શું મોહનિદ્રાથી જે ભર્યો ?

(‘જીવનસોપાન’, આ.૧, પૃ. ૪૪)

એવા આરામને વાંછે લૂલો આદર્શને કરે,
જેઓ
આરામે ના મળે રામ તેવા નિર્માલ્ય તો બને.
ગયેલું હો સડી અન્ન

(‘કર્મગાથા’, આ.૧, પૃ. ૬૩)

પુરુષાર્થ તણા અંતે શાંતિ-આરામ જે મળે,
ભોગવી નાખશે તે જો, તેવા સર્જી ન કૈં શકે.

(‘પુનિત પ્રેમગાથા’, આ.૨, પૃ. ૭૯)

જાગિયો
જિંદગી-ધ્યેયને કાજે જે અસંતોષ જાગશે,
કશું
કેમેયે જંપવા તે તો માનવીને ન દે કશે.

આવો જે હો અસંતોષ જાણે ઉદ્વિગ્નતા નહીં,
આવો જે હો અસંતોષ જાણે આરામને નહીં.

(‘કર્મગાથા’, આ.૧, પૃ. ૬૩)

*　　　*

## પ્રકૃતિની ચાલબાજી, છૂપા વેશે

(અનુષ્ટુપ)

પ્રકૃતિ પ્રકૃતિ જાણો એમાં ના ભેળવો બીજું,
એમાં ભેળાવ્યું જો કૈં તો ભેળવાયાં જશો ખરું.

કાગને કાગડો જાણો, શ્વાનને શ્વાન જાણવો;
શંભુમેળો કરો ત્યાં ના, જુદા ભાગ ગણ્યાં કરો.

'પ્રકૃતિ કેવી પોતાની' જાણ્યાં શુદ્ધ રીતે કરો,
ભેળાવીને પ્રભુને ત્યાં આપદા ના ઊભી કરો.

પ્રકૃતિથી થતાં કામો ને એનું જોશ કેટલું,
જાણવું જોઈશે પૂરું; તે વિના ચાલશે નહીં.

'પ્રકૃતિમાં ભળેલી છે ચૈતન્યશક્તિ ઈશની,
સંકળાયેલ રે'વાનું જીવને ઈશ-ભાવથી.'

પ્રકૃતિના પ્રવાહો સૌ અંતરેથી ફગાવવા
—આવડી છે કળા જેને, તે એવો ભેદ પામતા.

બુદ્ધિની કલ્પના રમ્ય દોડાવ્યે વળશે ન કૈં,
ઓળખી પ્રકૃતિ-રૂપ શક્તિ દાખવવી હૃદે.

અંતરેથી ફગાવાનું પ્રકૃતિના પ્રવાહને
—કરી તે જ શકે, જેને શક્તિ પેદા થયેલ છે.

તરંગોની પ્રમાણે તો વર્તવું છોડવું પડે,
હેતુના ભાન ને જ્ઞાન રીતે ત્યાં વર્તવું પડે.

અંતરે સૂક્ષ્મનું જોશ પ્રકૃતિની પરે ખરું.
—લાગવા માંડતું ત્યારે તે અનુભવ પ્રીછશું.

ગમે તેવી ભલેને હો આપણામાંની પ્રકૃતિ,
પ્રકૃતિ પ્રકૃતિ રૂપે હૈયે પારખવી રહી.

સેળભેળ કરો ના તે ઈશના ભાવ સાથ કૈં,
બુદ્ધિથી સમજો કે તે પ્રકૃતિ પ્રાણવાન છે.

રહેલું ચેતનાતત્ત્વ પ્રકૃતિ માંહીનું બધું,
ભલે તે ચેતનાતત્ત્વ ઈશના મૂળનું સહુ;

પાણી ડો’ળાયલું જો હો હોવા પાણી છતાં કદી
-પીવાનું કોઈ ના રાખે, પીવાને પથ્ય તે નથી.

પ્રકૃતિ પ્રકૃતિથી તે જિતાશે એમ માનીને,
પોતાની જાતને એવું ઘો ના ભોળાવવા કશે.

પ્રકૃતિમાં ભળેલું છે કૈંક છો ઈશનું ભલે,
બન્યું તે પ્રકૃતિરૂપ ચેતના-પ્રકૃતિ રૂપે.

કૈંક પ્રકૃતિનું એવું, શુદ્ધ તત્ત્વ ન ઈશનું,
રખે પડો ભુલાવામાં એને પ્રકૃતિમાં ગણી.

દૂધમાંથી બને છાશ, છાશ તેથી ન દૂધ છે,
પડી જતા રખે એથી ગોટાળામાં કદી હૃદે.

ઝાડમાં ઝાડરૂપે તે પાણીમાં પાણીરૂપ તે,
પૃથ્વીમાં પૃથ્વીરૂપે તે તેમ તે પ્રકૃતિરૂપે.

પહેલાં તો પ્રકૃતિમાંથી છૂટકારો થવો ઘટે,
ભાન એનું પૂરેપૂરું હૈયાથી લાવવું ઘટે.

અને સૌ કર્મમાં ભાવ પ્રભુના ભાવનો ધરી,
થવા રૂપાંતરે પૂરું મંડ્યા તો કરવું ચહી.

('કર્મગાથા', આ.૧, પૃ. ૭૮ થી ૮૦)

* *

## પ્રકૃતિજન્ય પ્રવાહો

(અનુષ્ટુપ)

પ્રવાહો પ્રકૃતિજન્ય નકારાત્મક હો ભલે,
કિંતુ એમાંથી તો જ્ઞાન મળ્યાં આપણને કરે.

બોધ લેવા મળ્યાં છે સૌ ભૂમિકારૂપ વિશ્વ તે,
કર્મથી જે અતિરિક્ત ચેતના, પ્રીછજો હૃદે.

ગુણ-પ્રભાવથી કર્મે જે તે કોઈ પ્રવેશતું,
પ્રકાર ગુણનો જાણી ગુણનું ભાન રાખવું;

ગુણનું ભાન ના ચાલે, ઈષ્ટની ધારણા હૃદે,
આરપાર બધાં કર્મે જીવતી રાખવી ઘટે.

આપણામાં રહેલી છે પ્રકૃતિ ત્રિગુણાત્મક,
પોતાના તે સ્વભાવેથી વર્તાવ્યાં કરશે જગ.

ઈશની ચેતનાશક્તિ પ્રકૃતિમાં શી ગૂઢ રહે,
યંત્ર પેઠે ચલાવે છે વિશ્વને મૂઢતાથી તે;

પોતાના ઉરમાં કિંતુ ચેતનાવંત જે રહે,
વિવેક-શક્તિથી હૈયે જાગેલો તે રહ્યાં કરે.

સર્વ પ્રવૃત્તિમાં એ તો તાંતણે ધારણા તણા,
એકધારું પરોવાઈ રહેવાનું ચૂકે ન ત્યાં.

ઇષ્ટની ધારણા સૌમાં સારા કે નરતા વિષે,
એવો અભ્યાસ ભાવેથી રાખવો પડશે બધે.

પ્રકૃતિજન્ય પોતામાં પ્રવાહો જે ઊઠ્યાં કરે,
ઘસડાઈ ગયા વિના સંયમે સમતા ધરે;
પ્રવાહોની ગતિ ક્યાં તે પ્રેરાવે છે લઈ જવા,
સળંગે ને સમગ્રે તે, જોવાનું રાખવું સદા.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૪૮)

*　　　　*

## માનવ-પ્રકૃતિ

(અનુષ્ટુપ)

પ્રકૃતિના સ્વભાવેથી દોરાયાં ના જવું ઘટે,
સ્વતંત્ર એથી કો શક્તિ છે, ધારી વર્તવું હૃદે.

પ્રકૃતિના પ્રવાહો સૌ મિથ્યા કિંતુ ન તે ગણો,
તેમાં સૌ ભાવ મૂકીને કક્ષા એની ઊંચી કરો.

પ્રકૃતિના ત્રણે ગુણો જીવને કામના ખરે,
ગમે તેવી ભલે કક્ષા, કોક આધાર જોઈશે.

આધાર જેટલો શુદ્ધ દિવ્ય તે જેટલો હશે,
જાગેલી ચેતના-શક્તિ પ્રાણ તે વધુ પ્રેરશે.

*　　　　*

પ્રકૃતિ-કાયદા જાણ્યે જ્ઞાની કો ના થઈ જતું,
પ્રકૃતિથી થવા પાર મથે જે, પાર તે થતું.

*　　　　*

પ્રકૃતિ તો પ્રભુની છે, પ્રભુ વિના ન કોઈને
—તાબે એ તો થવાની છે, જાણજો નિશ્ચયે હૃદે.

વિના પામ્યા પ્રભુને કો પ્રકૃતિ પાર ના થશે,
પ્રભુને પામવાથી તે સમેટાઈ હૃદે જશે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૯૬, ૧૬૦)

ચૈતન્ય-શક્તિ હૈયાની પૂરેપૂરી જગાવવા,
વિના તે સાધના તેવું આપણું થવું શક્ય ના.

પ્રભુની ઉપરે ભારે હોવી નિર્ભરતા ઘટે;
કિંતુ સૌ ચેતનાથી તે આપણાથી થવું ઘટે.

તામસી પ્રકૃતિવાળા જડતામાં રહ્યાં કરી,
શરણ્યમાં રહે પોતે માન્યા એવું કરે ચહી.
પોતે એવું કરે છે સૌ માન્યાં એવું કરે કદી.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૦૧)

## પ્રસંગો

(શિખરિણી-મંદાક્રાન્તા)

બધા નાના મોટા નિજ જીવનમાં સાંપડે જે પ્રસંગો,
નકામા તે ના'વે જરૂર પ્રભુનો ગૂઢ હેતુ રહેલો;
નડે વિઘ્નો જ્યાં જ્યાં પ્રકૃતિ નિજની માનજો ત્યાં રહેલી,
જીતી લેવા એને હૃદય દૃઢતા રાખજો ખંતવાળી.

પ્રભુ ડાહ્યો જ્ઞાની તમથીૅ અદકો; શ્રેય જે છે તમારું,
—તમોને પ્રેરાવે તહીંૅ, પણ છતાં ધ્યાન બેસે ન પૂરું;

સ્વભાવે દોરાઈ જીૅવન ઘડવાના પ્રસંગો ગુમાવો,
હશો દેતાં શાને પછીથી અમથો દોષ એને જ માથે ?

નકામું ના કાંઈ અમથું બનતું સર્વમાં હેતુ એનો,
રહે સંતાયેલો સકળ જીવને સંકળાયેલ એ તો.

('જીવનપગલે', આ.૧, પૃ. ૧૦, ૫૦, ૫૧)

કસોટી

પ્રસંગો આપે છે પ્રભુ કરી કૃપા આપણું સત્ત્વ જોવા,
'સ્વીકારો શી રીતે મન-હૃદયથી' પારખું તેનું લેવા;
ગમે તેવું આવે સહન કરતાં હાલી ત્યાં કૈં ન જાતાં,
પ્રભુને સંભારી બનતું સઘળું સૌ કરો સોંપી એને.

તમન્નાવાળાને નડતર કરે કોઈ એવું ન ક્યાંયે,
થવાવા દેવામાં નડતર ઊભું, શી પરીક્ષા કરે તે !
ઘડાવાને પાકું જીવતર મળે આધિ, વ્યાધિ, ઉપાધિ,
શકો રાખી કેવું તમ જીવન ત્યાં એટલી છે કસોટી.

('જીવનપગલે', આ.૧, પૃ. ૫૪, ૭૪, ૭૫)

(અનુષ્ટુપ)

મળે છે ના નકામું કૈં સર્વમાં હેતુ તો રહ્યો,
હેતુને જાણવા જ્ઞાન-દૃષ્ટિ જાગૃત રાખજો.

('જીવનપગલે', આ.૧, પૃ. ૧૦૧)

(શાર્દૂલવિક્રીડિત)

જે જે સર્વ પરિસ્થિતિ જગ મળે તે તે વિકાસાર્થ છે,
એ રીતે ઉપયોગ શક્તિ કરીને ત્યાં શોધજો તત્ત્વને.

('જીવનપગલે', આ.૧, પૃ. ૫૪)

(અનુષ્ટુપ)

ઓછાં તો આપણે છીએ કોઈ ને કોઈ વાતમાં;
બીજાં ઓછાં બીજી વાતે, એક સૌ સરખાં ભલાં !

('જીવનપગલે', આ.૧, પૃ. ૨૪)

લેવાનું વ્હાલું લાગે છે, આપવાનું ન લાગતું;
કરે આપ્યા બધુંયે જે, લેવાનો હક્ક પામતું.

સાધનાથી જુદું એવું ક્યાંયે ના જીવવાપણું,
જીવન સાધનાથી ના જુદું છે એમ જાણવું.

('કર્મગાથા', આ.૧, પૃ. ૩૦, ૮૩)

## પ્રાર્થના

પ્રાર્થના એ તો જીવનનો પ્રત્યક્ષ સહારો છે. જીવનને યોગ્ય બળ, પ્રેરણા, સહાનુભૂતિ, ધીરજ, હિંમત એવું એવું પ્રાર્થનામાંથી મળી રહે છે—જો પ્રાર્થનાની કળા સાધકને સાંપડી હોય તો. જેમ શરીર સાફ રાખવા સારુ નિયમિત નાહવાનું છે, તેમ અંતઃકરણને સ્વચ્છ ને શુદ્ધ રાખવા માટે પ્રાર્થના છે. પરંતુ તે સ્વયં ઊર્મિથી ને ભાવનાથી થવી જોઈએ. પ્રાર્થના જીવનને તેજસ્વી બનાવે છે. પ્રાર્થના એ કંઈ લૂલી-લૂલી લાગણીની વ્યક્તતા નથી, પરંતુ લાગણીને યોગ્ય પ્રકારનો આકાર આપવાનું એ તો એક ઉત્તમ સાધન છે. પ્રાર્થનાના એકધારા ભાવભીના અભ્યાસથી કર્મોમાં દોષો ઓછામાં ઓછા થતા હોય છે; તેથી જીવનમાં સદ્‌વિચારોની પ્રેરણા પણ સાંપડે છે.

('જીવનસોપાન', આ.૧, પૃ. ૧૩૭)
('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૭૧)

* *

કોઈની સેવા કરવી, સદ્‌વર્તાવ કરવો, સત્કર્મો કરવાં, સદાચારી ને પરોપકારી રહેવું ને થવું એ બધી પ્રાર્થનાની જ એક પ્રકારની રીત છે; પરંતુ આપણા માર્ગમાં સૌથી વધુ ઊંડી અસર કરે એવી પ્રાર્થના તો ઈશ્વરનું ધ્યાન, મનનચિંત્વન છે. પ્રાર્થનાના અભ્યાસથી મનાદિ કરણોમાં શુદ્ધિ પ્રાપ્ત થાય છે. જીવનવિકાસમાં પ્રાર્થનાનું મહત્ત્વ અમાપ છે. પ્રાર્થનાની પણ આપણને ગરજ લાગી જવી જોઈશે; તે વિના તેમાં સાચો ઉઠાવ પ્રગટી શકતો નથી. પુરુષાર્થથી બનવા કાજે ઘણો કાળ લાગે અને કોઈક વાર તો અશક્ય જેવું લાગે, તેમ છતાં પ્રાર્થનાના બળથી તેવું તેવું થઈ જતું ઘણાંએ અનુભવેલું છે. (‘જીવનપ્રવેશ’, આ.૨, પૃ. ૨૭૨)

* *

પ્રાર્થના જેવું ચેતનવંતું ને બળવાળું બીજું કોઈ સાધન નથી. હૃદયમાં હૃદયના સાચા ભાવથી આર્તનાદે ને આર્દ્રભાવે જે જીવ એનો આશરો લે છે, એને તેવી પ્રાર્થના કદી નિરાશ કરતી નથી; એવી છે પ્રાર્થનાની અંતરતમ શક્તિ. પરંતુ જીવની કેવી પરમ લાચારી છે કે એને પ્રાર્થનાનું શરણું લેવાનું કદી સૂઝતું જ નથી ! કોઈક જીવ કરે છે તો તે કેવી લૂલી-લૂલી, પ્રાણ વિનાની. જ્યારે કંઈક સાચી ગરજ જાગે, કંઈક ઊંડું દર્દ થાય, ઘણું ઘણું સાલવા માંડે, ત્યારે જે પ્રાર્થના થાય છે, તેમાં પણ દર્દથી જે પ્રાર્થના થાય છે એટલે કે જે પ્રાર્થનાના ભાવમાં અંતરનું દર્દ વ્યક્ત થાય છે, તેવી તે વેળાની પ્રાર્થનાનો ભાવ વળી કંઈ ઑર હોય છે. પ્રાર્થના તો સકળ કંઈ કામ કરતાં થઈ શકે. તે કેટલું સરળ, સહજ ને ઉત્તમ સાધન છે ! (‘જીવનપોકાર’, આ.૪, પૃ. ૭૧-૭૨)

* *

બાળકને જોતાં એના જેવી નિર્દોષતા જીવનમાં પ્રગટો; કોઈ પ્રેમી ખરા હૃદયના પ્રેમભાવવાળું જોઈએ તો એમના જેવો ખરેખરો પ્રેમ પ્રભુ પરત્વે આપણા જીવનમાં પ્રગટો; કોઈ કાર્યનિષ્ઠ, કાર્યરત જીવને જોઈએ તો એના જેવી લઢણ આપણા ધ્યેય પરત્વે આપણને પ્રગટો; કોઈ સાધુપુરુષને જોતાં એમના જેવી સાધના કરવાની તીવ્ર તત્પરતાવાળી ભાવના અને શક્તિ તથા એવું ઓજસ આપણામાં પ્રભુકૃપાથી પ્રગટો; કોઈ નિર્મળ ભાવવાળાં બહેન કે મા જોઈએ તો એમના જેવી નિર્મળતા આપણામાં પ્રગટો; કોઈક નૈસર્ગિક સુંદર દૃશ્ય જોવાતાં એના જેવો પ્રભુનો આવિર્ભાવ આપણામાં ઉદ્ભવો; વેગવંતી નદીને જોતાં એ જેવા ઉત્સાહ અને ઉન્માદથી અવિરતપણે ધસારાબંધ જેમ પોતાના ધ્યેય પ્રતિ ધસ્યાં કરે છે તેવું આપણા જીવનમાં થાઓ; એવા એવા અનેક જીવનમાં મળતા પ્રસંગોમાં અને દૃશ્યોમાં એવો ભાવ જાગૃતિ રાખીને, પ્રગટાવીને, હૃદયમાં કેળવીને, ધ્યેયના હેતુને ફળાવવા અર્થે તે તે પ્રકારની હૃદયથી પ્રાર્થના કરવી, તે પણ એક મોટું સાધન છે.

(‘જીવનસંશોધન’, આ.૨, પૃ. ૨૮૭-૮૮)

## પ્રાર્થનાભાવે પ્રવૃત્તિઓ

(અનુષ્ટુપ)

અન્ન કે સ્થૂળ એવું જે આવે તે ઉપયોગ સૌ,
ચેતના-શક્તિ પ્રેરાવા મળેલાં ધારીને ગ્રહો.

(‘જીવનપગલે’, આ.૩, પૃ. ૯)

અન્નથી તો ટકે પ્રાણ, અન્નમાં ચેતના ખરે,
—શક્તિ જન્માવવા કેરી જીવને ધારવી ઘટે.

પાણી ઓગાળવાને છે આપણામાંની વક્રતા,
પાણીને લેતી વેળાએ રાખજો એવી ધારણા.

દુર્વૃત્તિરૂપ સૌ ત્યાગ મળ વાટે જતો દીસે,
થવાવા દૂર તેવું સૌ તે વેળા પ્રાર્થજો હૃદે.

સૂતી વેળા સૂઈ જાતું આપણામાંનું સ્થૂળ તે,
'જાગતાં સૂઈ તે રે'જો', પ્રાર્થજો એવું તે પળે.

પ્રાર્થનાભાવ હૈયામાં દઢાવી કર્મ સૌ કરો,
વિના ભાવ થતાં કામો નકામાં સર્વને ગણો.

પ્રાર્થના દિવ્ય શક્તિની શુદ્ધ આધાર સૌ થવા,
જોઈએ કરવી નિત્યે, ભાવે યત્ને કરી રહ્યાં.

ખાઓ, પીઓ, સૂઓ, બેસો, ઊઠો, જે સૌ કર્યાં કરો,
ધારી ત્યાં ધારણા એની તે તે સર્વ કર્યાં જજો.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૦૬, ૧૧૮)

**(ભોજન-પ્રાર્થના)**

(શાર્દૂલવિક્રીડિત)

સ્વીકારી પ્રભુ અલ્પ અર્ઘ્ય કરજો શુદ્ધિ સહુ કોષની,
ચેતાવો હૃદ શક્તિ મુજ જીવને શી ચેતનાથી ભરી !

('વિધિ-વિધાન', આ.૪, પૃ. ૯૬)

*　　　　*

## પ્રારબ્ધવાદ અને પુરુષાર્થ

પ્રારબ્ધવાદીઓ માને છે કે જગતમાં બધું જ ભગવાને નક્કી કરી રાખેલું છે, ને પ્રારબ્ધ કે વિધાતાએ વિશ્વને માટે મુકરર યોજના (કર્મને લીધે) ઘડી જ રાખી છે, ને તે પ્રમાણે થયાં કરે છે.

આવી માન્યતામાં ઘણી ભ્રમણા રહેલી છે. ભગવાનનો ભાવ તો નિત્ય નિત્ય નૂતન રહ્યાં કરે છે. જીવનમાં કર્મનું પરિણામ, ફળ, છે ખરું, પણ પાછું, જીવમાં નવું રચવાની—નવું પ્રારબ્ધ ઊભું કરવાની—પણ સ્વતંત્ર શક્તિ, પ્રભુએ આપેલી છે. 'કંઈ નવું થઈ શકતું નથી' એ પણ ખોટી ભ્રમણા છે. જેમ ગુરુને આપણે ચલાવીશું નહિ ને હલાવીશું નહિ ત્યાં સુધી તે હાલવાનો નથી, ને ચાલવાનો પણ નથી; તેમ ભગવાનનો ભાવ પણ નિષ્ક્રિયતાથી ચેતનપણે આપણામાં પડેલો છે, એને જે કામમાં લે છે તેઓને જ એ મદદરૂપ, ચેતનરૂપ રહ્યા કરે છે. તે ભાવ આપણી ઉપર, ને આપણે ન કલ્પી શકીએ એવે કોક ઠેકાણે, વસે છે એવું માત્ર નથી, તે આપણા હૃદયમાં પણ છે. એવા ભાવનો જો સતત અંતઃસ્થપણે રહ્યા કરીને ઉપયોગ કર્યા કરવામાં આવે તો અણધાર્યા ફેરફારો જરૂર થઈ શકે છે. એવી સર્વ શક્યતાઓ છે. વિશ્વના વિકાસક્રમમાં જે જે વિકાસ પામતું જતું હોય છે તે કંઈ એકલું નવું જ નથી હોતું. તે કોઈ ને કોઈ જૂનામાંથી જ રૂપાંતર પામ્યા કરેલું હોય છે. તેમ છતાં કોઈ પણ વસ્તુનો વિકાસ થતાં થતાં એનું રૂપાંતર એવું થઈ જાય છે કે જાણે તદ્દન નવીન ન હોય ! એવું પણ બને છે; કારણ કે અંતઃસ્થ, હૃદયમાંનો, ભગવાનનો ભાવ એ કંઈ ચોક્કસ નિયંત્રિત ઘટમાળ રૂપે નથી હોતો. એ પરમ મંગળકારી શક્તિ તો અનંત ચેતનવાળી ને સતત વિકાસશીલ રહ્યાં કરતી હોય છે.

પ્રારબ્ધના સિદ્ધાંતનો વિચાર કરીને જે પુરુષાર્થને છોડી દેવાની વાત કરે છે તે કાં તો ભ્રમણામાં છે કે કાં તો કાયર છે. આપણે સર્વ કંઈ કરવાને શક્તિમાન છીએ.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૨૦૭-૦૮)

*                    *

## પ્રારબ્ધ અને આત્મશક્તિ

(અનુષ્ટુપ)

પાછલા કર્મ-સંસ્કારો પ્રારબ્ધ તે ભલે ગણો,
દોષ દેવો કશો એને યોગ્ય માનવીને ન તો;
વળાંકો આપણા સર્વે કર્મનું પરિણામ છે,
છતાં તે બાંધી ના લે છે ક્યાંયે આપણને કશે.

પ્રત્યેક કર્મને જાણો પાછલી સ્થિતિનું ખરું,
—આવ્યા વિના ન રહે એવું પરિણામ પિછાનવું.

કારણો જે રહે તે સૌ થવા પ્રત્યક્ષ ત્યાં મથે,
કિંતુ તે કારણો પોતે પૂરાં ના શક્તિમાન છે.

માની જો લઈએ એમ ‘કર્મથી જ બધું બને’,
સ્વતંત્ર ના થવાનું તો નિશ્ચે કોઈ કદીય તે.

ચેતના અંતરે ગૂઢ વિશ્વની ઘટના મહીં,
પ્રભાવ પાડતી હોત પોતાનો જો નહીં કદી,

તો તો સૌ પાછલાં કર્મ ને આ સૌ જીવને થતાં,
કર્મની ઘટમાળેથી પામવી મુક્તિ શક્ય ના.

માનવી કિંતુ ના યંત્ર કર્મની ઘટના તણું,
જીવન માનવીનું છે કર્મથી બળવાન શું !

કર્મનો કાયદો એક સત્તાધીશ સ્વતંત્ર જો,
કર્મ ઓળંગવા એવાં કોઈ કાળે બને ન તો.

કિંતુ માનવમાં આત્મા જેવું તત્ત્વ સદા વસે,

સૌથી સર્વોપરી એ તો, રહે તાબે ન કોઈને.

વિશ્વની પ્રકૃતિનાં જે બળો કામે રહ્યાં દીસે,
ઈશ્વરી ચેતનાને તે પ્રાગટ્ય કરવા મથે.

('જીવનપગલે', આ.૧, પૃ. ૧૦૪, ૧૦૬)

*            *

## 'આજ' ને 'કાલ'

(અનુષ્ટુપ)

'આજ'માં તો સમાયેલાં ભૂત ને ભાવિ બેઉયે,
ધરી ભવિષ્યનો ખ્યાલ ચેતે ભૂતથી, તે જીતે.

'આજ'માં શક્યતા પૂરી જન્મ દેવા ભવિષ્યને,
'આજ' જે જીવી જાણે છે, તેવા જીવનને રળે.

સ્વતંત્ર 'કાલ'થી કોઈ માનવી ના જીવી શકે,
'કાલ'ને વાળવા કેરી શક્યતા 'આજ'માં દીસે.

આવતી કાલનાં સ્વપ્નાં આજમાં જે ખડાં કરે,
એને ભવિષ્ય પોતાનું ભવિષ્ય ના પછી રહે.

ઓગાળી નાખતા ભૂત જેઓ આજથી જીવને,
ભવિષ્ય આજમાં તેનું ભળી સૌ જતું લાગશે.

આજમાં કાલનું રૂપ પ્રત્યક્ષ જે પિછાનતો,
આજમાં આવતી કાલ જન્માવી તે શકે ખરો.

('જીવનપગલે', આ.૩, પૃ. ૬૯-૭૦)

વર્તમાને રહ્યું ભૂત, ભવિષ્ય વર્તમાનમાં,
ત્રણે એવાં ભળેલાં કે કેમ કો જાણી તે શકે ?

('જીવનપગલે', આ.૧, પૃ. ૧૮)

આજનું મૂલ્ય જે આંકે પોતે જીવનથી ખરું,
મૂલ્યાંકનો બધાં તેનાં આજથી ફેરવાય શું !

('જીવનપગલે', આ.૧, પૃ. ૭૯)

આજ તે એકલી આજ સ્વતંત્ર કોઈ રીત ના,
છતાં સ્વતંત્રતા માટે પ્રેરણા પ્રેરતી સદા.

('જીવનપગલે', આ.૧, પૃ. ૭૮)

કાલ
ભૂત ને આવતી કાલ બેનો સુમેળ આજમાં,
કરે વિવેકશક્તિથી, જીવને તે કરે ફળ્યાં.
રળ્યાં.

('જીવનપગલે', આ.૧, પૃ. ૭૮)

* *

## પ્રેમ

પ્રેમનું સામ્રાજ્ય સારા વિશ્વ ઉપર આવી રહેલું છે. તે સચરાચર બધે છે. પ્રેમથી જ એકબીજાં સંકળાઈ રહેલાં છે, જડ પદાર્થોમાં તે આકર્ષણના નામે ઓળખાય છે; જીવંત પ્રાણીઓમાં વિષયવાસના અને ઉચ્ચતર સ્વરૂપમાં પ્રેમ તરીકે પ્રવર્તે છે. માનવીમાં પશુત્વનાં અવશેષ અને પ્રભુત્વનાં બીજ રહેલાં છે.

પોતાના સર્વપણાની ને સ્વાર્પણની બાબતમાં પ્રેમ જેટલો મૌન રહે છે તેટલો જ નિરભિમાની રહે છે. અહંકાર-મદ અને

પ્રેમ એ બે વચ્ચે કદી મેળ ખાઈ શકે નહિ. પ્રેમ અને મોહને પણ તેજતિમિર જેવો સંબંધ છે. જેટલે અંશે મોહ તેટલે અંશે પ્રેમનો અભાવ. મોહ આંધળો છે, પ્રેમ અસંખ્ય આંખવાળો છે. એમાં વિસ્તાર પણ છે અને ઊંડાણ પણ છે. એને સમુદ્ર કરતાં વ્યોમની ઉપમા વધુ બંધબેસતી છે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૧૭૬ થી ૧૮૨)

* *

પ્રેમ એટલે જ્ઞાન. પૂર્ણ પ્રેમ અને પૂર્ણ જ્ઞાન એ તો પર્યાયવાચક શબ્દો થઈ રહે છે. આંતર્શુદ્ધિને માટે કદાચ ઉત્તમમાં ઉત્તમ સાધન પ્રેમની ઉપાસના છે. ભગવાનના આનંદ-ભાવનું જીવનમાં વ્યક્ત થવું ને તે અનુભવમાં આવવું, એટલે કે તે પ્રમાણે સચરાચરપણે અનુભવવું, તે સ્વરૂપ તે પ્રેમ. વ્યક્તિ વિના એવા ભાવનું અસ્તિત્વ સંભવતું નથી. એટલે આપણામાં ભગવાનના ભાવનો અનુભવ કરનાર ને કરાવનાર તે પ્રેમ. વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના તથા વ્યષ્ટિ સમષ્ટિ વચ્ચેના દ્વૈત અને અદ્વૈત બન્નેને ઓળખાવનાર જે તત્ત્વ તે પણ પ્રેમ. પ્રેમમાં ભાવ છે, ગતિ છે, સ્થિતિ છે ને તે હૃદયમાંના એક બિંદુમાં મળે છે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૧૬૯)

* *

પ્રેમની ગરમી ધગધગતા અગ્નિ કરતાંયે વધુ છે અને તેની શીતલતા મલયાનિલ કરતાં પણ વધારે શીતપ્રદ છે. પ્રેમનું સ્વરૂપ સૌમ્ય પણ છે ને રૌદ્ર પણ છે. બન્ને સ્થિતિમાં તે કલ્યાણકારી છે. પ્રેમની પોષણકળા સૂક્ષ્મ, અતિ સૂક્ષ્મ છે. સર્જનકળા એટલી સૂક્ષ્મ નથી, તેથી તે પરખાય તેવી છે, પણ તે પરખવા એકાગ્ર ને કેંદ્રિત થયેલી જ્ઞાનભક્તિનો ઉપયોગ કરવો રહે છે. પ્રેમથી થતો નાશ એ ઉત્તમ પ્રકારનું જીવનનું રચનાત્મક પાસું છે; આમ

પ્રેમ સર્જક છે, પોષક છે અને વિનાશક પણ છે. પ્રેમની વર્ષા, ઉષ્મા, ગરમી, શીતળતા, સૌમ્યતા, રુદ્રતા, હૂંફ, આશા, સહાનુભૂતિ, પ્રેરણા એ બધાં સૂક્ષ્મ પ્રકારનાં આંદોલનો છે; એ બધાંને પ્રીછવા માટે હૈયામાં પ્રેમ જોઈએ છે.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૭૯-૮૦)

*                    *

પ્રેમને અજીઠો પ્રેમ ખપતો નથી, તેને તો કશુંયે અજીઠું ખપતું નથી. એને તો ખપે હૃદયનું શુદ્ધ પ્રેમભક્તિભર્યું પૂર્ણ સમર્પણ; એથી જરાયે ઓછું નહિ. પ્રેમ રસ્તામાં રેઢો નથી પડ્યો.

('જીવનપ્રવેશ', આ.૧, પૃ. ૧૧)

*                    *

પ્રેમના વ્યવહારમાં સંપૂર્ણ કરુણાદષ્ટિ જ વરસતી હોય છે, એ કરુણાના હાર્દને ભલે આપણે ન પરખી શકીએ કે ન સમજી શકીએ પણ તેથી તેનું અસ્તિત્વ કંઈ મટી જતું નથી હોતું.

*                    *

સાચો પ્રેમ હક્ક માંગતો નથી; પ્રેમ તો ફના થવામાં પોતાની ફતેહ સમજે છે. પ્રેમનું સામ્રાજ્ય તો હૃદય પર છે. પ્રેમને ઉપર-ચોટિયા ભાવ કે લાગણી સાથે કશી નિસબત નથી. પ્રેમમાં પોતાને ભૂલી જઈને જેના પર પ્રેમ છે એનામય બની જવાનું રહે છે. પ્રેમમાં માગણીને, આશાને, અપેક્ષાને, બદલાને કશાને સ્થાન નથી. પ્રેમ તો પોતાને ન્યોછાવર કરવાનું જ સમજતો હોય છે. પ્રેમનું પ્રત્યક્ષ લક્ષણ આકર્ષણ છે. પ્રેમ એટલે સ્વજનની ગુલામી. પ્રેમમાં તો ત્યાગ, બલિદાન ને સર્વસ્વનું સમર્પણ આવી જાય છે. પોતાના અસ્તિત્વને મિટાવી દેવાપણું તેમાં રહેલું છે. પ્રેમમાં ગેરસમજૂતીઓ નથી, ઓછું આવવાપણું નથી, અભિમાન નથી. પ્રેમ—ભાવાત્મક પ્રેમ—જ્યાં જ્યાં પ્રગટે છે ત્યાં ત્યાં નંદનવન

પ્રગટાવે છે; લાળા પ્રગટાવતો નથી. પ્રેમમાં તપ છે, કષ્ટ છે, મુશ્કેલી છે; પરંતુ તે બધું સહેવામાં ક્લેશ, કંકાસ કે સંતાપ નથી જાગતાં, પ્રેમમાં કશું ઘટવાપણું નથી.

(‘જીવનપગથી’, આ.૩, પૃ. ૬૩)

*                    *

પ્રેમના સર્જનને અંત નથી. તે તો સદાય ઉન્નતગામી રહે છે. તેની દૃષ્ટિ નીચી નથી. તે દૃષ્ટિ નીચી કરે છે તે ઉપર તારવવાને કાજે. પ્રેમ નીચે ઊતરે છે ખરો, પણ ઊંચે લેવાને કાજે. પ્રેમ મથામણ કરાવે છે, પણ તેની તેવી મથામણમાં તે જીવને સાચું સમજાવવા મથતો હોય છે. પ્રેમને સમજવા પ્રેમમાં ભળી જવું જોઈએ. તે સદાય જાગ્રત છે; સહજ પ્રયત્નશીલ છે. પ્રેમ સૌથી મુક્ત હોવા છતાં પાછો સૌથી વધુ બદ્ધ પણ છે.

(‘જીવનમંથન’, આ.૨, પૃ. ૧૦૩)

**પ્રેમ, જીવન-સાધના**

જીવતાં જીવતાં જેઓ પ્રેમને કાજ વિશ્વમાં,
સર્વાર્પણ કરે ભાવે, શકે તે ભળી પ્રેમમાં.

સ્વીકારાઈ શકાતો ના અમસ્તો પ્રેમ કોઈથી,
પ્રેમની ભૂખ તો કેવી વધે છે આપતાં ઊંડી !

*                    *

‘પ્રેમ તો આંધળો’, એવું લોક તો બોલતાં દીઠાં,
જોનાર પ્રેમના જેવો કિંતુ ક્યાંય ન વિશ્વમાં;
આંધળો પ્રેમ તો મોહ જેમાં લોક રમી રહ્યાં,
ગણે છે તેથી પોતાના જેવો તે પ્રેમને સદા.

(‘પુનિત પ્રેમગાથા’, આ.૨, પૃ. ૧૯૪)

સંકળાયેલ રે' સૌમાં પ્રેમ પોતાની રીતથી,
છતાં તે તેમના જેવો કોઈ રીતે બને નહીં.

*　　　　　　*

વિશ્વ ને સર્વ સંબંધ પ્રેમ કેળવવા મળ્યાં,
એ રીતે જોઈ જે વર્તે, જીવને તત્ત્વ મ્હાલતાં.

શો સચરાચરે પ્રેમ સર્વમાં સૂક્ષ્મ તે રહ્યો !
એવા પ્રેમની સાથે, સૌ સંબંધ આપણો ખરો.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૧૯૫)

પ્રેમથી વિશ્વ જન્મે છે, પોષાતું વિશ્વ પ્રેમમાં,
પ્રેમથી મૃત્યુ પામે છે; એવી શી પ્રેમની લીલા !

*　　　　　　*

પ્રેમની દૃષ્ટિ ને વૃત્તિ કેવી અનંતગામિની !
એક તોયે બધાં સાથે ભળેલી શી રહ્યાં કરી !

ઘૂંઘટો એકથી એક કેવા અનંત જાતના !
ખસેડાઈ જતાં તેને, થાયે દર્શન પ્રેમનાં.

લોહચુંબક ખેંચે છે લોઢાને, તેમ પ્રેમ તો;
—પોતાનું તત્ત્વ સૌમાંથી લાગે શો ખેંચતો હૃદે.

સંતાકૂકડી તો પ્રેમ જીવને શી રમ્યાં કરે !
ખોળી જે કાઢતો, એને પ્રેમ તાળી દીધાં કરે.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૧૯૭-૯૮, ૨૦૦-૦૪)

તાબેદારી સ્વીકારે છે પ્રેમ તો કોઈની નહીં,
પોતાનો કોઈને પ્રેમ તાબેદાર કરે નહીં.

સ્વતંત્ર પ્રેમ એવો શો બક્ષે સ્વતંત્રતા બધી,
ભુલાવામાં પડે છે સૌ તેથી અજ્ઞાન માનવી.

સંપૂર્ણ સાત્ત્વિકી બુદ્ધિ પ્રેમની આંખ જાણવી,
એવી આંખ થતાં જેની, મળે છે દૃષ્ટિ પ્રેમની.

પ્રેમ છૂપા મહીં છૂપો રહે કેવો ! જણાય ના,
જુએ તે જ મથે એને પ્રાદુર્ભાવ કરાવવા.

પ્રેમને આળપંપાળ કોઈ વાતે કશી નથી,
આળપંપાળ આરોપે છતાં પોતાની માનવી.

સ્વતંત્ર પ્રેમની શક્તિ અવિચ્છિન્નપણે વસે,
શકે પેસી ગમે ત્યાંયે પ્રેમ, જો ધારણા હૃદે.

* *

સ્વતંત્ર રૂપ એકેયે પ્રેમનું કોઈએ નથી,
પોતાના જેવું માને સૌ પ્રેમનું રૂપ ચિત્તથી.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૫૪)

માનવી ! કોરી બુદ્ધિથી પિછાની પ્રેમ ના શકો,
ભાવ, જ્ઞાન, વિના યોગ પ્રેમ ના મેળવી શકો.

ભક્તિ વિના કશાનુંયે ના કોઈ હાર્દ પામતું,
ભક્તિ તેથી અનિવાર્ય પ્રેમને પામવા પૂરું.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૨૦૬, ૨૧૯)

## પ્રેમ-સમર્પણ

(અનુષ્ટુપ)

હૈયાનો પ્રેમ કૈં વાંછા બીજાની તો ધરે નહીં,
સર્વભાવથી પોતાનું કરી દે ત્યાં સમર્પણ.

પ્રેમ સૌ આપવું જાણે; મ્હાલે તે આપવા વિષે,
સર્વસ્વ ત્યજવા કાજે સમર્થ પ્રેમ શો બને !

આપતાં પ્રેમ ના થાકે, પોતાના ભાવથી કરી,
પ્રસન્ન રાખવા માગે પોતાના પ્રિયને ચહી.

સહેવું પ્રેમને કાજે એને તે વેઠ ના ગણે,
પ્રેમના ભાવથી ધન્ય કર્યાં જીવન તે કરે.

પ્રેમીમાં પ્રેમનો ભાવ જે ઉત્કૃષ્ટ હૃદે ધરે,
કલ્યાણ સાધશે એવાં સર્વ જીવ તણું જગે.

*    *

## અહૈતુકી જ્ઞાન-ભક્તિ

(અનુષ્ટુપ)

આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી ભક્તના તે પ્રકાર છે,
આધે કૈં તે બધાથીયે પેલી પાર જવાનું છે.

ત્રણે આ જાતના ભક્તો માગ્યાં કૈંક કરે ઊંડું,
આપણે માગવાનું ના પ્રભુની પાસથી કશું.

પ્રેમયે માગવાનો ના; આપણે ઉરમાં ઊંડો,
—પોતાને કાજ ઉદ્ભાવી, એને આપ્યાં કરો બધો.

શ્રદ્ધા જે ચેતનાવાળી કરીને જીવતી હૃદે,
જ્ઞાનવાળી કરી બુદ્ધિ સંશયો, સર્વ ટાળજો.

જે રચનાત્મક,
જ્ઞાનવાળી થયેલી છે બુદ્ધિ જે રસાત્મક,
ક્યાંયે એને કશી વાતે પડે છે ગૂંચ ના ઉર.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૧૫૦-૫૧)

* *

## દ્વંદ્વાતીત પ્રેમ

(અનુષ્ટુપ)

સર્વ દ્વંદ્વાદિ વૃત્તિથી પાર પ્રેમ વસે ખરે,
દ્વંદ્વાદિ વૃત્તિનો પ્રેમ યોગ્યતા પ્રેમમાં ન તે.

દ્વંદ્વાદિ વૃત્તિમાં સાચો પ્રેમ ના પરખાય છે,
પ્રેમ પારખવા પાર દ્વંદ્વાદિથી થવું પડે.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૨૧૯)

દ્વંદ્વના ચોકઠામાં તો પ્રેમની ભાવના કદી,
બેસી ના તે શકે યોગ્ય પૂરી કોઈ રીતે કરી.

* *

પ્રકૃતિ અંતરે તોય કામ જે ચેતના કરે,
કારક પ્રેમની શક્તિ ત્યાંયે તે જાણવી હૃદે.

ભૂમિકા-ચોકઠું જેવું તેવા સૌ ઘાટ તે ધરે,
અતિરિક્તપણે તેથી પ્રેમનો ભાવ ઑર છે.

ભલેને હો ગમે તેવી ભૂમિકા, પ્રેમભાવ ત્યાં,
—રહી સર્વાંતરે ગૂઢ ભાગ તે ભજવે સદા.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૨૧૯)

વસ્તુ-તત્ત્વ જ એનું એ સદાકાળ રહ્યાં કરે,
રૂપ ને સ્થાનમાં ફેર જ્યાં ત્યાંથી શા થયા કરે !

## પ્રેમ-સંબંધ કોની સાથે ?

(મંદાક્રાન્તા)

જે કોનાથી મન દિલ થતું ઊર્ધ્વગામી સદા રે',
જે કોનાથી જગતજનની દૃષ્ટિ સૌ લુપ્ત થાયે;
જે કોનાથી મનહૃદયમાં સત્ત્વનો ભાવ જાગે,
તેની સાથે હૃદય કરીને પ્રેમ-સંબંધ સાધો.

જેથી જેથી પ્રભુ-પ્રીતિ વધે ભાવથી ભીનું હૈયું,
જેથી જેથી સમજણ વધી થાય હૈયું વિશાળું;
જેથી જેથી મન તણી જતી સાંકડી સર્વ વૃત્તિ,
તેની સાથે હૃદય કરીને ભાવ-સંબંધ રાખો.

જે કોનાથી નિજ જીવનના કોયડા ઊકલે છે,
જે કોનાથી મન-હૃદયની ગૂંચ સૌ ઉકલે છે;
જે કોનાથી મન પડી રહી વૃત્તિઓ સૌ જડે છે;
તે સંગાથે હૃદય કરીને પ્રેમની ગાંઠ બાંધો.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૩૦-૩૧)

*　　　　*

જે કોનાથી મન-હૃદયમાં એકતાને પમાયે,
જે કોનાથી મન-હૃદયમાં પ્રેરણા મેળવાયે;
જે કોનાથી નિજ જીવન સૌ સાર્થ થાતું જણાયે,
તેની સાથે હૃદય કરીને પ્રેમ-સંબંધ રાખો.

જે કોનાથી મન તણી બધી સ્વાર્થવૃત્તિ ઘટે છે,
જે કોનાથી હૃદય તણી સૌ ભાવના કેળવાયે;

જે કોનાથી નિજ મન તણા તાંતણા ફેરવાયે,
તેની સાથે હૃદય ચહીને પ્રેમ-સંબંધ રાખો.

જે કોનાથી સહુથી પરનું જાણવાનું મળે છે,
જે કોનાથી સ્વરૂપ નિજનું ભાળવાનું બને છે;
જે કોનાથી મન મતિ બધાં ઠામ રે'તાં શીખે છે,
તેની સાથે મન હૃદયથી પ્રેમ-સંબંધ જોડો.

જે કોનાથી ઉર સરળતા આપમેળે વધે છે,
જે કોનાથી મન, ચિત્ત, મતિ ભાવનામાં રમે છે;
જે કોનાથી પ્રભુમય થવામાં બધો પ્રેમ જાગે,
તેની સાથે મન હૃદયથી પ્રેમ-સંબંધ રાખો.

* *

જે કોનાથી સમજણ પડે 'રાગ-આસક્તિ' તે શું !
જે કોનાથી સમજણ પડે 'વૃત્તિ' ને 'ભાવના' શું !
જે કોનાથી સમજણ પડે 'પ્રાણ' ને 'પ્રેરણા' શું !
તે સંગાથે હૃદય ભરીને પ્રેમ-સંબંધ રાખો.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૩૧)

* *

## ગૂઢતા

(અનુષ્ટુપ)

માનવી-રૂપ છે ગૂઢ, ગૂઢ છે મન માનવી,
તેથીયે માનવી-શક્તિ ગૂઢમાં ગૂઢ શી ખરી !

ગૂઢતાની મહત્તા શી ! ગૂઢતા મન ખેંચતું,
જેનામાં ગૂઢતા જાણી ત્યાં મેળે મન પ્રેરતું.

ગૂઢતાને શકે જાણી કેવી રીતે જગે જન !
ગૂઢને જાણવા જાતાં બને ગૂઢ વધુ ગૂઢ.

જાણવા ગૂઢને એવી રીત શી ગ્રહવી રહી !
અનાદિ કાળથી પૂરું ઉકેલી કો શક્યું નહીં.

માનવી-દિલનું ગૂઢ એના સર્વ સ્વરૂપમાં,
વિચારે, ભાવના, કર્મે એથી તો ફેરવાય શાં !

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૯)

*　　　*

## પ્રેમ-પથ-નિર્દેશ

(અનુષ્ટુપ)

થયો પ્રેમ હશે સાચો યોગ્યતા સૌ રખાવશે,
સત્ય, વિવેક, મર્યાદા આપોઆપ જગાવશે.

પ્રેમ તો આપણો ધર્મ સ્પષ્ટ રીતે બતાવશે,
કેટલું અન્યમાં રે'વું, કેટલું નિજ પ્રેમીમાં.

મોહ ને કામના સ્વાર્થ, પ્રેમનાં તે સ્વરૂપ ના,
વિકૃત પ્રેમનું એ તો અંગ છે, જાણજો ભલા !

ભલે પતંગિયું દીવે મોહના પાશથી પડે,
આપણે જંતુ ના તેવાં, આપણે માનવી છીએ.

શ્રેય છે આપણું ક્યાં તે, પ્રેમની સત્ય ભાવના,
—બતાવ્યા વિણ ના રે'શે, જીવને રત જો હશું.

બલિદાન અને ત્યાગ અર્પણ સર્વ જાતનું,
પ્રેમ તો માંગી લે છે, તે નિરપેક્ષ પ્રકારનું.

પ્રેમ તો યજ્ઞની જ્વાળા સર્વ ભસ્મ કરાવશે,
શુદ્ધ કંચન તે હૈયે જીવને સૌ બનાવશે.

પ્રેમની ભાવના દિવ્ય કોણ તે સમજી શકે ?
દિલ તો માનવી કેરાં કેવાં નાનકડાં જગે !

મહત્ત્વ કૈં જ પોતાને પ્રેમી ના આપશે કદા,
મહત્ત્વ પ્રેમને પોતે આપ્યાં સૌ કરશે સદા.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૩૬ થી ૩૮)

લેવાનું પ્રેમ ના જાણે આપ્યાં સૌ કરવું ચહે,
અભેદે સંકળાવાને પ્રેમ સાધન-ભાવ છે.

* *

કરાવે પ્રેમ તો મુક્ત; જેવું જેનું સ્વરૂપ હો,
ચોંટ્યો જેવા મહીં તેવી દૃષ્ટિ વૃત્તિ બનાવતો.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૪૭)

* *

## પ્રેરણા

(અનુષ્ટુપ)

પ્રેરણા આત્મ-શક્તિની શક્યતા બતલાવતી,
કશો આધાર કે મૂળ પ્રેરણાને મળે નહિ.

સાત્ત્વિક શુદ્ધ બુદ્ધિ સૌ સંપૂર્ણ તે થતાં પૂરી,
તેવી બુદ્ધિ મહીં ત્યારે સૂક્ષ્મતા દિવ્ય સાંપડે;

તેવી બુદ્ધિ છતાં ના કૈં પ્રેરણાનું સ્વરૂપ છે,
'આત્મ-પ્રભાવની છાયા' પ્રેરણા, જાણવી હૃદે.

સાધના વિકસે જ્યારે પ્રેરણાને અનુસરો,
સ્થૂળ ને સૂક્ષ્મ અંગોનાં થાય ત્યારે રૂપાંતરો.

ઇંદ્રિયો, ચિત્ત ને પ્રાણથી થતા જે અનુભવો,
દ્વંદ્વથી મુક્ત તેમાંથી થવાતાં પ્રેરણા મળે.

સ્વતંત્ર પ્રેરણાનું છે અંગ બીજાં બધાં થકી,
સ્વભાવ આત્મનો એ છે, ઇંદ્રિય આત્મની સહી.

ઉદ્‌ભવસ્થાન બુદ્ધિનું મસ્તકે જાણતા બધા,
હૈયું એ પ્રેરણાનું છે, મૂળ ઉદ્‌ભવ સ્થાન ત્યાં.

થતું જ્યાં ચિત્ત નિષ્કામ અહં નિર્મૂળ સૌ થયે,
સંસ્કાર-લય પૂરો જ્યાં, પ્રેરણા જન્મશે હૃદે.

સ્વયંભૂ પ્રેરણા પોતે સ્વયંપ્રકાશી પ્રેરણા,
પ્રેરણા-શક્તિથી મૂળ ઓળખાશે જ સર્વનાં.

ઇંદ્રિયો, બુદ્ધિ ને પ્રાણ એ સૌની શક્તિ જે બધી,
સૂક્ષ્મમાં સૂક્ષ્મ તે હોય પ્રેરણા-તત્ત્વથી વસી.

સાધક સાધના માંહે જેમ જેમ ઊંડો જશે,
ત્યારે પ્રેરણાતત્ત્વ એને અંતર ખીલશે.

થાય સાધકને જ્યારે પ્રેરણાના અનુભવો,
સાધના-વર્તને એણે વાપર્યાં કરવાં ઘટે.

વિના સંબંધ વિચાર વિના કૈં જ પ્રયોજન.
ઉદ્‌ભવે ખ્યાલ જે વેળા આચરી જોવું તે હૃદે.

એથી લાભ થતો જો કૈં આવે અનુભવે પૂરો,
જાગૃતિ રાખીને પૂરી આચરવા ન ચૂકજો.
('જીવનપગલે', આ.૧, પૃ. ૧૦૨-૦૩)

*　　　　*

કોઈક ધન્ય વેળાએ હૈયે જે લાગતું ખરું,
કર્મે તે ભાવના પ્રેરી વર્તતાં, પામશો નવું;

ભાવની યોગ્ય જો કર્મ થાય તો પ્રેરણા ગણો,
નહીં તો ભ્રમણા જાણી મિથ્યા તે સૌ પ્રમાણજો.

એકાંગી શુદ્ધતા જેમાં રહે કેંદ્રિત ઉરમાં,
બ્‌હારથી વૃત્તિઓ આવે તે પરે હુમલો થવા.

બીજાં માનવીઓને તો પોતાથી વૃત્તિ ઊઠશે,
એણે તો એટલે ઊંડું પોતાનું મૂળ શોધવું.
('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૮૪)

'કર્મમાં યજ્ઞ, ને યજ્ઞે વસેલા પ્રભુ,' તો કહ્યું;
કર્મનું હાર્દ તેથી તો પ્રભુનું તત્ત્વ જાણવું.
('કર્મગાથા', આ.૧, પૃ. ૧૫)

*　　　　*

## આત્મનિષ્ઠ

(અનુષ્ટુપ)

જોયા વિના જુએ પોતે સાંભળ્યા વિણ સાંભળે,
ચાલ્યા વિના પગે ચાલે, સૂંઘ્યા વિના સૂંઘ્યા કરે.

ચાખે છે તે વિના ચાખ્યા, વિચારે બુદ્ધિના વિના,
પ્રવૃત્તિ માંહી પ્રેરાયા સંસ્કારો વિણ તે કરે.

પ્રેરણાથી જ પ્રવૃત્તિ આઠે પ્હોર પળે પળે,
—કરે જે યોગ્ય, સંપૂર્ણ જાણવો આત્મનિષ્ઠ તે.

('જીવનપગલે', આ.૧, પૃ. ૧૦૩)

*                    *

## ફનાગીરી

(ગઝલ)

જગત પરનું બધું ચોક્કસ અનામત રાખીને જે જે,
પ્રભુમાં જે થવા ચાહે, બધાં તે વ્યર્થ ફાંફાં છે.

'અમારું સર્વ દુનિયાનું અમારું રે,' અમારું હો,'
પ્રભુ જો એમ મળતો હો, અમોને તો મીઠો લાગે.

તમારા પાદને હાથ પૂરા બાંધેલ રાખીને,
પછી તરવાનું શીખવાની બધી ઈચ્છા નકામી છે;
તમારી આંખ પાટાથી તમે બાંધી પછી ઈચ્છો,
જવા પંથે અગાડી ત્યાં જશો કેવી રીતે બાપુ ?

તમારી ઝંખના જેમાં, તમારો પ્રેમ જેમાં છે,
બધું રાખી સલામત તે પ્રભુ ચાહ્‌વું નિરર્થક છે.
બધું જે તે કંઈ લો છો પૂરી કિંમત દઈ તેની,
પ્રભુને એકલો લેવા વિના કિંમત બધાં ઈચ્છે.

ફના કરવાની જો હિંમત, ફના થાવાનું જો સાહસ,
તમારામાં પૂરાં હો તો પ્રભુપંથે જરૂર આવો.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૮૦)

જગતમાં પ્રેમને માટે ફના થાવું ફના થાવું,
જીવન એવા ફના થાવા થકી નિશ્ચય પ્રગટવાનું.

ફના થાવા મહીં જેને હૃદય આનંદ પ્રગટે છે,+
અને આનંદ એવાથી જીવનમાં પ્રાણ પ્રકટે છે;=
સમર્પણ, ત્યાગ, બલિદાન જીવન કેડે થવા જેને,
ઉમળકાભેર તૈયારી, જીવનને મેળવે તે તે.

('જીવનપગલે', આ.૧, પૃ. ૬૪-૬૫)

*          *

## 'બધું એનું બાકી છે'

(ગઝલ)

જીવનમાં સર્વ કર્તવ્યો ગમ્યાં તે તે કરેલાં છે,
જીવનમાં સર્વ વ્યવહારો ગમ્યાં તે તે કરેલા છે;
જીવનમાં સર્વ સંબંધો ગમ્યા તે તે કરેલા છે,
હતું કરવાનું જે એક જ ખરું, તે કર્મ બાકી છે.

બધી એકાદશી પાળી, બધાં વ્રત આચર્યાં કીધાં,
બધા આચાર-વિચાર પૂરી સંભાળથી પાળ્યા;
જઈ દેવાલયે દર્શન કર્યાં કીધાં સમેસમયે,
છતાં લગની ન લાગી જો, ગણો સર્વસ્વ બાકી છે.

જીવનનો માર્ગ મમતાનો પૂરા આગ્રહ થકી પાળ્યો,
ધર્યો જ્યાં રાગ ત્યાં માન્યો પૂરો શો પ્રેમ હૈયાનો !
અને એમાં શું ગાળે જે બધું જીવતર કમાણીનું,
—ન જાણે તે, હજી જીવન-કમાણી સર્વ બાકી છે !

---

+ ફોરે છે. = જન્મે છે.

ભલે વિદ્વાન પંકાયા, કવિ મશહૂર હો લેખક,
મહા હો છો કળાકાર, ભલે સંગીત-નિષ્ણાત;
ભલે ચોસઠ કળા જાણી, છતાં જીવન તણી સાચી,
—કળા જો જાણી ના તો તો, બધું એનું જ બાકી છે.

કથાઓ સંભળાવી છે, પ્રવચનો કૈંક કીધાં છે,
બધાં શાસ્ત્રો ઉકેલીને જગતને બોધ દીધો છે;
પરંતુ જો જગતના સૌ કૂંડાળાથી ન છૂટ્યા છે,
ધુરંધર છો ગણાતા હો, છતાં સૌ એનું બાકી છે.

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૧૪૨)

* *

## બહેનો સાથેનો સંબંધ-વર્તાવ

બહેનો તરફનું આપણું દૃષ્ટિબિંદુ ખૂબ જ લાગણીવાળું (જેમાંથી કઠોરતા અને રુક્ષતા નીકળી ગયેલી હોય) હોવું જોઈશે. તેમ જ તેમને માટે માન, આદર ને પૂજ્યભાવની લાગણી આપણામાં ખૂબ વિકસવી જોઈશે. તે સિવાય આપણામાં રહેલી વિકાર-વાસના મૂળથી નાશ નહિ પામે. પુરુષોએ પોતાની જાતને સર્વોપરી માની લઈને જગતભરમાં વાસનાને વધુ પોષી છે ને સ્ત્રીઓને પણ તેવી બનાવી મૂકી છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૦૯)

* *

બહેનો સાથેનો ભાવ ખૂબ નિર્મળ થવા દઈ તેમાં હૃદયના પ્રેમભાવનો વિકાસ કર્યા કરશો. સાધકે હૃદયના ભાવથી નિઃસંકોચપણે બહેનો સાથે વર્તવાનું છે. મોટા ભાગના લોકોમાં એક જાતની ફડક અને ભડક આ બાબતમાં જોઈ છે. એક જાતની અભડાઈ જવાની સૂક્ષ્મ પ્રકારની ભીતિની લાગણી તેઓ

અનુભવતા હોય છે. તેવી લાગણી હોવામાં અને સેવવામાં જો કે વજૂદ રહેલું છે, પણ અસલ આપણી પ્રાચીન સંસ્કૃતિમાં તો આ અંગેનું વલણ તદ્દન જુદા પ્રકારનું હતું; કિંતુ સંસ્કૃતિનું પતન થતાં પાછલા ગાળામાં આવા આદર્શને માર્ગે જનાર સાધક માટે કડક નિયમો સૂચવાયેલા છે; તે પણ યોગ્ય હતું. વળી આજના કાળમાં જ્યાં સ્વચ્છંદ પ્રવર્તે છે, ત્યાં વિશેષ યોગ્ય પણ હોય. તેમ છતાં વેગળા રહેવાથી અથવા તો ફડક અને ભડક રાખવાથી સાધક તે વૃત્તિથી મુક્ત થઈ જઈ શકે એમ માનવું તે અજ્ઞાન છે. એવી દૂર ને દૂર રહેવાની એક જાતની સૂક્ષ્મ પ્રકારની લાગણીનું જો તટસ્થતાયુક્ત પૃથક્કરણ કરીશું, તો તેમાંથી જીવનથી ભાગી જવાની, ભય સેવીને ભાગી જવાની, વૃત્તિ દેખાશે. આપણે તો જીવનનો સ્વીકાર કર્યો છે. આપણે જ્ઞાનભાનપૂર્વક જીવનમાં જે કંઈ એવા બહેનો સાથેના પ્રસંગ મળે, જે કંઈ સંજોગ ઊભા થાય, પ્રાપ્ત પ્રવૃત્તિ અનુસાર જે કોઈના સંબંધમાં આવવાનું બને, તેનાથી દૂર આવા કોઈ ભય સેવીને ભાગી જવાનું ન હોય. આમ લખવામાં કોઈ પણ રીતે અસંયમ સૂચવ્યો નથી. સર્વ પ્રકારના ભય ને સંકોચથી, બીજાઓએ કે આપણે ઉપજાવેલા ને બાંધેલા ને સમજેલા નિષેધોથી પણ જ્ઞાનભક્તિપૂર્વક મુક્ત થવાનું છે. આ બધું પૂરી જાગૃતિથી હેતુના તથા જીવનધ્યેયના જ્ઞાનભાન સાથે આપણે કરવાનું છે. બહેનોના અંતરના આશીર્વાદ મળે, તો તે જીવનમાં ઘણા સહાયક થઈ પડે છે. જીવનમાં શુદ્ધ પ્રેમભાવનો વિકાસ એકાગ્ર ને કેંદ્રિત થાય તે જોવાનું છે.

('જીવનસંશોધન', આ.૧, પૃ. ૧૦-૧૧)

*　　　　*

બહેનો સાથેના વર્તાવ અંગે 'ભાઈ ! ઊંડા પાણીમાં ઊતરવામાં સાર નથી', એ જાતની વ્યવહારુ દુન્યવી સલાહ

આપણે સાંભળીએ છીએ. વાડ બાંધીને જેમ ખેતરના અનાજની રક્ષા કરવામાં આવે છે, તે પ્રમાણે, સંસારવહેવારની નીતિને જેમ તેમ કરીને જાળવવા માટે ઉપરનું કથન યોગ્ય છે. આપણે તો એ યાદ રાખવાનું છે કે જેનો કર્મમાં ખરેખરો જીવતો ભાવ રહેતો હશે, તેને કશા પ્રકારના સંકોચ અને ભયની લાગણી ઉદ્‌ભવતી નથી. જેને જીવનની સાધના યથાયોગ્યપણે કરવાની છે, તેણે તો સર્વથી પ્રથમ અભયભાવના કેળવવાની છે. ભય અનેક પ્રકારના હોય છે. ભયમાં અનેક પ્રકારના સંકોચો પણ રહેલા છે.

('જીવનસંશોધન', આ.૧, પૃ. ૧૪૦-૪૧)

*　　　　*

બહેનોથી ભયના માર્યા આભડછેટ રાખવાની નથી તે હકીકત યથાર્થ હોવા છતાં, સાથે સાથે તેમના ઝાઝા પરિચયમાં અમથુંઅમથું આવવાનું પ્રગટે તેને તો કાળજીપૂર્વક સમજી-સમજીને ત્યજવાનું છે. વધારે જરૂર તો તેમના યોગ્ય સંસર્ગ વડે દિલમાં જીવપ્રકારની વૃત્તિઓની મુક્તિ મળે તેવો ભાવ રાખવાની છે.

('જીવનસંશોધન', આ.૧, પૃ. ૨૭૪)

*　　　　*

બહેનો સાથેનો સંબંધ ને સંપર્કની પાછળ ભાવનું જ્ઞાન રાખીને, સંબંધનો હેતુ સમજીને, જો વર્તવાનું બની શકે તો કોઈ પણ પ્રકારનું અનિષ્ટ જન્મવાનો સંભવ નથી. એમની ત્યાગભાવના, ધીરજ, સહિષ્ણુતા, કોમળતા, સર્વાર્પણશક્તિ આદિ બધા ગુણો આપણે જાગૃતિ રાખીને હેતુપૂર્વક કેળવવાના છે. આવા બધા ગુણભાવનું ઉદ્દીપન બહેનોની સાથેના સંબંધથી શક્ય બની શકે છે.

('જીવનસંશોધન', આ.૧, પૃ. ૧૫૨-૫૩)

*　　　　*

## બહેનોને ચરણે

(અનુષ્ટુપ)

ઓઢવા-પ્હેરવાનુંયે જાતને ઢાંકવા મળ્યું,
તેમાંથી મમતા મૂકી જે આવે, પ્હેરવું બધું.

વ્યવસ્થા તે છતાં સૌમાં કળા-સૌંદયશ્રી ભરી !
જીવને રાખવાની છે ચેતના પ્રાણ વાપરી.

પ્રકૃતિમાં કશું ક્યાંયે યદ્વાતદ્વા *કશે ન છે,
યદ્વાતદ્વાપણું તેમ રાખવાનું ન આપણે.

ઘરકામ હ્રદે શક્તિ મળ્યું જન્માવવા ગણો,
જેટલું કરશો સારું તેટલી શક્તિ પામશો.

કળા-સૌંદર્યનો ભાવ કામથી જન્મતો હ્રદે,
પ્રભુપ્રીત્યર્થ જો કામ થાય, ચેતન નીપજે.

મર્દનું ચઢિયાતું છે કામ એવું નહિ ગણો,
સૌ સૌનું કામ છે શ્રેષ્ઠ, તેના વિકાસ અર્થ સૌ.

પ્રકૃતિજન્ય હો કામ જે સ્વાભાવિક સ્ત્રી તણું,
તે કામે ઉન્નતિ એની થશે એમ પ્રમાણવું.

પોતાની પ્રકૃતિથી જો ભિન્ન કામે પડાપડી,
—કરે જે, તે બગાડે છે કામ પ્રકૃતિનું વળી.

મુગ્ધતાભર્યું સૌંદર્ય, મુગ્ધ કોમળતા કૂળી;
મર્દના મ્હેનતુ કામે સ્ત્રીની ત્યાં ઓગળી જતી.

---

* ખરે

તત્ત્વ આકર્ષનારું જે સ્ત્રીમાં પ્રકૃતિનું રહ્યું,
તે તત્ત્વનો થતો નાશ સ્ત્રીના પુરુષ *કામશું.

પોતપોતા તણું કામ સૌ કાજે ઇષ્ટ, શ્રેષ્ઠ છે,
પોતાના કામમાં શ્રેય રહેલું સૌનું તે જગે.

ના કામ હલકું કોનું, ઊંચું ના કામ કોઈનું,
નાનું મોટું નથી કોઈ, સૌ તે એક પ્રમાણનું.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૧૮-૧૯)

* *

(ગઝલ)

રહો અજવાળતાં કેવાં તમારાં ઠામ-વાસણ સૌ !
ભલાં ! અજવાળવું અંતર પછી ભૂલ્યાં કરો છો શું !

ખૂણેખાંચર થકી કાઢો બધો કચરો પડેલો જે,
ભલાં ! અંતર તણો કચરો ભૂલો છો કાઢવો શાને ?

ઊંચે આડે અને અવળે કરો જાળાં બધાં સાફ,
હૃદય બાઝેલ બાવાં કાં પછી તે ના કરો સ્વચ્છ !

શરીરને નિત્ય નવરાવો પહેરો સ્વચ્છ શાં કપડાં !
હૃદય નવરાવવા કેરો ભલા ! કાં ખ્યાલ રાખો ના ?

જરૂર ખંખેરતાં રહેવું ભરેલું હોય જે અંતર,
રહેવું સર્વ ઠાલવતાં કશું ન સંઘરો તલભર.

કરી કરી ઝંખના કૈં કૈં વહાવ્યાં અશ્રુ એ કાજે,
વહાવ્યાં અશ્રુ શાને ના પ્રભુની ઝંખના માટે ?

* કામ સાથે

ખૂબી એ આપણી કેવી ! નવાઈ તે પમાડે છે,
પ્રભુને પ્રાર્થના કે તે વળાવે અંતરે અમને.

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૧૩૨-૩૩)

*                    *

(વસંતતિલકા)

કલ્યાણદીપ જીવને પ્રગટાવીને તું,
બ્હેની થજે જીવનપંથ ઉજાળનારી;
જે જે મળ્યાં પથ કરે સહુને નવાજી,
આનંદ રેલવતી બ્હેન સદા રહેજે.

*                    *

જે કૈં અનેકવિધનું તુજને મળે સૌ,
ખોટું, ખરું ગ્રહી વિવેકથી યોગ્ય લેજે;
સંસાર એ જીવનને વિકસાવવાને—
થૈ પ્રાપ્ત યોગ્ય ભૂમિકા પ્રભુની કૃપાએ.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૭૪)

*                    *

## બુદ્ધિ

જીવ કદી કેવળ બુદ્ધિથી દોરાતો નથી. પોતાનાં મંતવ્યો અને વર્તનને, બુદ્ધિ અનુસાર નહિ પણ પોતાના આંતરસત્ત્વ પ્રમાણે બહારના અનુભવો ઝીલીને ઘડે છે. આંતરસત્ત્વ એટલે મન, પ્રાણ, બુદ્ધિ, લાગણી, પૂર્વ કર્મો, વાતાવરણ, અંગત સંજોગોની છાપ વગેરે. બુદ્ધિ તો તેને કેવળ યોગ્ય, ન્યાયયુક્ત ઠેરવી આપે છે. બુદ્ધિ પોતે જ આ બધાંને રંગતી ને તેમનાથી રંગાતી હોવાથી અર્ધશુદ્ધ છે; તેથી બુદ્ધિ ઉપર જ મદાર રાખનારા

સત્યથી એટલા જ વેગળા રહે છે, જેટલા મંદબુદ્ધિ અને અંધશ્રદ્ધાળુઓ. વળી એવાઓ સદાય સંશયગ્રસ્ત ને તેથી સત્ત્વહીન રહેવાનો પણ પૂરો સંભવ છે.

('જીવનપ્રેરણા', આ.૩, પૃ. ૬-૭)

*　　　　　*

ભગવદ્‌ભાવ પ્રત્યે ખુલ્લા થવા માટે બુદ્ધિની ભૂમિકાનો ઉપયોગ કરવાને બદલે હૃદયતત્ત્વનો ઉપયોગ કરવામાં આવે તો તે વધુ જલદી પરિણામ લાવે છે. આને માટે આપણી ઉત્કટ જિજ્ઞાસુવૃત્તિ સતત જાગ્રત રહેવી જોઈએ. આવી વૃત્તિનું કેન્દ્રસ્થાન આપણું મન ન હોવું જોઈએ તેમ બુદ્ધિ પણ નહિ, પરંતુ તે વૃત્તિ હૃદયના ઊંડાણમાંથી ઉદ્‌ભવેલી હોવી ઘટે. બુદ્ધિના કરતાં હૃદય આ બાબતમાં વધુ સરળતાથી પરિણામ લાવે છે. બુદ્ધિનું સ્થાન મગજ અને એની ઉપર છે; જ્યારે ભાવનું સ્થાન (અંતઃકરણનું સ્થાન) હૃદય છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૮)

*　　　　　*

મન નકામું નથી, બુદ્ધિ નકામી નથી; પરંતુ જેઓ ભારે બુદ્ધિવાળા હશે અને સાથે સાથે જો આગ્રહી વૃત્તિવાળા હશે તો તેમને સત્ય પોતાની રીતે ઘડી શકવાનું નથી.

*　　　　　*

બુદ્ધિમાં જ્ઞાનપૂર્વકની જાગૃતિ જ્યારે પ્રગટે છે, ત્યારે જીવનમાં ઊપજતા અનેક જાતના પ્રશ્નોના ઉકેલને તે તરત સુઝાડી દે છે. અગ્નિને અડકતાં જેમ ગરમી લાગે છે તેમ બુદ્ધિમાં પ્રગટેલી જાગૃતિ તેવી રીતે કામ આપતી હોય છે. બુદ્ધિમાં યોગ્ય જાગૃતિ

જીવનવિકાસ પરત્વેની જ્યારથી પ્રાપ્ત થતી હોય છે, ત્યારથી એની શુદ્ધિ થવાની શરૂઆત થતી હોય છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૬૬-૬૭)

* *

મનબુદ્ધિથી પ્રાણ કે અહમ્ પર કાબૂ લાવી ન શકાય. તેવી રીતે આણેલો કાબૂ જીવતો નથી હોઈ શકતો. મનબુદ્ધિની સમજણથી કે નિશ્ચયથી પ્રાણ પર સારો, ટકી શકે એવો જીવતો, ચેતનમય સંયમ પ્રગટી શક્યો નથી. તે કાજે તો એનાથી પરની જે શક્તિ છે, તે દ્વારા જ તે યોગ્ય રીતે સાધી શકાય.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૫૨)

* *

મન જેવું વિચારે તેવું સમજાય. મન વિચારે છે ચિત્તમાંના પડેલા સંસ્કારોને આધારે; પરંતુ પાછો ચેતવવાને (પ્રકાશિત) બુદ્ધિરૂપી ચોકીદાર આપણને ભગવાને આપેલો છે. એવી બુદ્ધિમાં શક્તિ તથા તેજ છે. બુદ્ધિ વડે જેનું તેનું જ્ઞાન જન્મી શકે છે. જીવનમાં જે જે કંઈ સમજણો છે, તે બુદ્ધિના પ્રકાશથી પ્રગટેલી છે. આપણા આધારમાં ચેતનનું કોઈ નજીકમાં નજીક અંગ હોય તો તે બુદ્ધિ છે. જે પ્રકારનું વલણ જાગે તેમાં તેમાં મનાદિકરણ ડૂબી જતાં હોય છે. પરંતુ સાધકની વિવેકદૃષ્ટિયુક્ત બુદ્ધિ પોતાનો યોગ્ય ધર્મ બતાવ્યા વિના રહી શકશે નહિ. જે બુદ્ધિમાં સત્-અસત્નો સંપૂર્ણ વિવેક પ્રગટેલો છે, તે બુદ્ધિ તો અંતરની આંખ છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૧૨-૧૩)

* *

સાધનાના ઉત્તરોત્તર ને ઉચ્ચ ક્ષેત્રમાં એક કક્ષા એવી પ્રગટે છે કે જ્યાં બુદ્ધિ દેખી શકતી નથી, તેમ છતાં ત્યાં પણ તે જ્યારે

ઉપદેશ આપવા મંડી પડે છે, ત્યારે આફત ઊભી થાય છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૮૧)

*　　　　　　*

બુદ્ધિમાં સમતા અને નિર્મળતા પ્રાપ્ત થવાં એ તો ઘણું ઘણું દોહ્યલું છે, જ્યાં સુધી તે નિર્મળ થઈ નથી, અનેક પ્રકારના પૂર્વગ્રહોથી ભરેલી છે, ત્યાં સુધી પોતાના 'અંતરના અવાજ'ને માન આપવાની વાતો વાહિયાત છે. વળી જેઓ એમ ગર્વ લેતા હોય છે કે 'અમે તો અંધશ્રદ્ધાથી કે ગાડરિયા પ્રવાહ પ્રમાણે ચાલતા નથી,' એ લોકો ભૂલી જાય છે કે જ્યાં સુધી બુદ્ધિમાં અનેક પ્રકારનાં મળ ને આવરણો છે, ત્યાં સુધી એવી બુદ્ધિની દોરવણી હંમેશ સાચી હોઈ શકતી નથી. એવા પ્રકારની બુદ્ધિનો નિર્ણય તે સાચો નિર્ણય છે એમ પૂરેપૂરું કદી માની ન લેવાય.

('જીવનસંશોધન', આ.૧, પૃ. ૪૨-૪૩)

*　　　　　　*

## બુદ્ધિ

(અનુષ્ટુપ)

આપણા ચિત્ત-સંસ્કારો બુદ્ધિ કર્માનુસારિણી,
ભજવે ભાગ હેતુને ફંટાવવા, ઘડી ઘડી.

પૂર્વગ્રહો રહેલા છે સંસ્કાર-બુદ્ધિમાં ઘણા,
એનાથી જે જણાયેલું, હોવા ના સત્ય સંભવે.

એવું જે સત્ય-મિશ્રિત જણાયે, એથી તોય તે,
ભૂલાવે નાંખનારું છે જાણજો કદી થૈ પડે.

સંસ્કાર બુદ્ધિનું જોશ હેતુની શુદ્ધતા વિષે,
ઘટે વાપરવાં તેથી ત્યાં ઘડી-ઘડી ચેતીને.

સત્યનું અંગ એકાદું બુદ્ધિથી જાણી કો શકે,
સમગ્ર સત્ય બુદ્ધિથી શકે જાણી ન કોઈયે.

બુદ્ધિનું સમજેલું તે સાવ ઉપરચોટિયું,
કશા પ્રાણ નથી એમાં જેથી આગળ કૈં ધપો.

તર્ક-વિતર્ક કે ચર્ચા શાસ્ત્રની સૌ પરંપરા,
એકલી બુદ્ધિના શુષ્ક સાધને તે મપાય ના.

કિંતુ નિરુપયોગી ના એવુંયે બુદ્ધિનું કશું,
બુદ્ધિયે ના નકામી, જો એને પાંસરી રાખશું.

('કર્મગાથા', આ.૧, પૃ. ૨૭, ૮૨, ૧૨૨, ૧૫૧)

*　　　*

(શિખરિણી-મંદાક્રાન્તા)

ન રંગાયે બુદ્ધિ જહીં સુધી ખરા ભક્તિના રંગથી તે,
ન માને આવે તે મદદ ખપમાં પૂરી પિછાનવાને;

કર્યે કોરી બુદ્ધિ થકી જનનીની ખાલી વાતો, ન પામે,
રહ્યો ખાંડા-ધારે પથ મરજીવા શૂર જે ભક્ત પામે.

('શ્રીગંગાચરણે', આ.૧, પૃ. ૨૩)

*　　　*

## ભગવાનનું દર્શન, તેનો અનુભવ અને સાક્ષાત્કાર એટલે શું ?

ભગવાનનું દર્શન એટલે અમુક કાલ્પનિક ભાવ એટલે કે મનની કોઈ કલ્પના નથી. સંસ્કારપરંપરાગત જામેલી આપણામાં એ બાબતની જે એક પ્રકારની ભાવના છે તે પણ તે નથી. શાસ્ત્રોમાં વર્ણવેલી દર્શનની સ્થિતિ પણ એક પ્રકારની મર્યાદા છે. ભગવાનના ભાવનું આપણામાં પ્રત્યક્ષ થવું એનો અર્થ એ છે કે એના ભાવની

અંદર રહેલાં તત્ત્વો—જેમ કે એનું સચરાચરપણું, એની અનંત અમર્યાદ શક્તિ, અનેક પ્રકારના ગુણોની ને ગુણોથી પરની શક્તિ, એનું સવિકલ્પપણું ને નિર્વિકલ્પપણું વગેરે આપણામાં પ્રત્યક્ષ અનુભવરૂપે પ્રગટ થાય, ત્યારે એનાં દર્શન થયાં ગણાય. ભગવાને જે આ સૃષ્ટિ રચી છે તેની પાછળ કોઈ ગૂઢ હેતુ હશે જ—છે; એ હેતુને પાર પાડવામાં પ્રત્યેક જીવ સંકળાયેલો છે. આપણને આત્માની સ્થિતિનું ભાન થતાં તે હેતુનું સ્પષ્ટ દર્શન થાય છે ને એમ આપણે એના યંત્ર બનીએ છીએ. પળેપળ એવી ભાગવત સ્થિતિમાં નિરહંકારપણે ને અભેદભાવે રહેવાયાં કરાય અને પળેપળ તેવાં ભાગવતી કાર્ય થયાં કરે એનું નામ ભગવાનનું દર્શન.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪)

* *

શ્રીભગવાનના અનુભવ માટે અમુક શરતો પૂરી કરવી પડતી હોય છે. તેમાંની કેટલીક નીચે પ્રમાણે હોઈ શકે છે :- શ્રીભગવાનના અસ્તિત્વનો હૃદયથી જ્ઞાનભક્તિપૂર્વકનો નિશ્ચય, 'સર્વરૂપ ભગવાન એ મારો આત્મા છે,' એવી ઊંડી અંતરની જ્ઞાનપૂર્વકની સમજ, સર્વરૂપ ભગવાન જ છે એવો હૃદયમાં હૃદયથી જ્ઞાનભક્તિ-પૂર્વકનો સ્વીકાર, પોતાની જાતની સંપૂર્ણ ઓળખ, એને સ્વકર્મથી સંતોષવા એ જ એની પાકી સમજ; આવું આપણે શ્રદ્ધાથી રોજ ને રોજ નિશ્ચયાત્મક બુદ્ધિથી, હૃદયથી હૃદયમાં તે બધું કેળવતા રહીએ, અને તે બધું ઊંડું ને ઊંડું સમજથી ઉતારીને તેનો અનુભવ કર્યા કરીએ, તો આપણે શ્રીભગવાનના છીએ અને એ આપણો છે એવા તત્ત્વનો અનુભવ થશે જ થશે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૪૫)

* *

**સાક્ષાત્કાર એટલે શું ? એ તમારો પ્રશ્ન ઠીક છે.**

માનવીના જીવનમાં જે અવ્યક્ત ઈશ્વરનું સ્વરૂપ છે, તેને એકાગ્ર ને કેંદ્રિત સાધનાના ભાવ વડે છતું કરીને, એને ક્રિયાના પ્રવાહસ્વરૂપમાં એની કૃપાથી વહેતું મૂકવાનું કરવું તેનું નામ સાક્ષાત્કાર. આપણામાં જે અવ્યક્ત પ્રભુમય જીવન છે, તેને પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકની ચેતનયુક્ત જાગૃતિમય સાધનાના પળેપળના અભ્યાસ વડે, જીવનમાં પ્રત્યક્ષ કામ કરતું અનુભવવું તે છે સાક્ષાત્કાર. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૪૨-૪૩)

* *

આપણામાં પણ પ્રભુની શક્તિ જ કાર્ય તો કરી રહેલી છે, પરંતુ આપણને તેનું સાચું, પૂરું જ્ઞાનભાન પ્રગટેલું નથી. આપણે તો પ્રકૃતિની રીતે ને સ્વભાવે જેમાં તેમાં પ્રેરાતાં હોઈએ છીએ. આપણે જીવપ્રકૃતિમાં છીએ; જ્યારે સાક્ષાત્કાર પામેલો આત્મા તો પ્રકૃતિનો સાક્ષી, અનુમન્તા, ભર્તા ને ભોક્તા બનેલો હોય છે. એવું તે પોતાની સકળ પ્રકારની પ્રકૃતિમાં સહજભાવે અનુભવ્યા કરે છે. એમ કરતાં કરતાં, થતાં થતાં તે માત્ર તેટલો જ છે તેવું પણ નથી. વળી તે પોતે પ્રકૃતિનો ઈશ્વર પણ છે એવું પણ તેના અનુભવમાં એની કૃપાથી તેને જ્ઞાન પ્રગટે છે. તેવી વેળાથી તે અનુભવનું સત્ય કંઈ માત્ર એક ઠેકાણે જ પડી રહ્યાં કરતું હોતું નથી, પણ વિસ્તાર પામીને સમષ્ટિને સ્પર્શતું હોય છે.

સાક્ષાત્કાર પામેલા એવા મુક્તાત્માની પ્રકૃતિ કંઈ ઊડી જતી નથી હોતી; તે રહેતી હોય છે, ને કામ પણ આપતી હોય છે, પણ સામાન્ય માનવીમાં તે (પ્રકૃતિ) શેઠ બનીને પ્રવર્તે છે;

જ્યારે સાક્ષાત્કાર પામેલામાં શેઠ તરીકે નહિ, પણ ચેતનના એક જ્ઞાનપૂર્વકના કરણ તરીકે પ્રકૃતિ રહે છે.

('જીવનપોકાર', આ.૨, પૃ. ૩૪૩-૪૪)

*　　　*

**ભગવદ્‌ભાવ જન્મેલો જીવને જાણવો તદા**

(અનુષ્ટુપ)

પ્રભુના ભાવમાં જેને ધારણા ઉર બેસતાં,
પ્રકૃતિના બધા તેને આવશે ખેલ લક્ષમાં.

પ્રકૃતિ પછવાડેનું ચૈતન્ય સ્પર્શ ત્યાં થશે,
સર્વમાંથી પ્રભુભાવ હૃદે નીતરતો સ્ફુરે.

મૂળ સ્વરૂપ જે રીતે છાયા ઉપરથી સૂઝે,
તેમ પ્રકૃતિમાંથીયે મૂળભાવ ઝર્યા જશે.

પ્રકૃતિ પ્રકૃતિ ત્યારે એને અનુભવે ન રે',
રૂપાન્તરે સહુ પામ્યું એવું દર્શન ત્યાં થશે.

('જીવનપગલે', આ.૧, પૃ. ૬૮-૬૯)

પોતાનામાં 'યમુનાની ગતિ' ઊંધી થયેલ તે,
નરી આંખે નિહાળીને ધન્ય ત્યારે હૃદે થશે.

વિષયો ઈન્દ્રિયોના સૌ ઈન્દ્રિયોની રીતે કદી,
—નહીં આચરશે એવો; તે દૃષ્ટિ લુપ્ત ત્યાં થતી.

ઐંદ્રિય વિષયોમાં તે પરોવાયેલ લાગશે,
કર્મના કારકે એનો આશરો ગ્રહવો પડે.

ઇન્દ્રિયોથી બધું કામ લીધાં તે કરશે, છતાં,
—ગુલામ ઇન્દ્રિયોનો ના એવો તો બનશે કદા.

ઇન્દ્રિયો વશ એવાને રહેવાની સદા પૂરી,
ઇચ્છા પોતાની જેવી હો, દોરવાયે જ તેમ સૌ.

માયા ને પ્રકૃતિ નોખાં દેખાશે નવ એહને,
બન્નેનું રૂપ પોતામાં રહેલું સ્પષ્ટ લાગશે.

જીવતીજાગતી ત્યારે સાધના જીવને થશે,
'ભક્તિ, જ્ઞાન અને કર્મ, ધ્યાન'-સુમેળ જામશે.

સર્વ કૈં જાતનાં ત્યારે અશાંતિ-કારણો ભલે,
—આવતાં, ત્યાં રહે શાંતિ આપોઆપ ખરી હૃદે.

ભાગવા પ્રાપ્ત-કર્મોથી ત્યારે વૃત્તિ થશે નહીં,
કંટાળો કૈં કશાથીયે આવશે ના હૃદે જરી.

વિશ્વના વ્યવહારો સૌ, પ્રભુની રચના-લીલા,
અનુભવે જણાશે તે સંધાતાં લક્ષ એમ ત્યાં.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૨, ૧૩, ૩૪)

*　　　　*

પ્રભુનો પ્રેમ જાગેલો અંતર્મુખી રખાવશે,
અંતર્દૃષ્ટિ કરાવીને હૈયેથી વરતાવશે.

પ્રત્યેક પરિસ્થિતિનો હેતુ-ધર્મ સ્ફુરાવશે,
સ્ફુરાવી બેસી રે'શે ના, વર્તાવ્યા કરશે હૃદે.

પ્રભુનો પ્રેમ હૈયામાં સમગ્ર ને સળંગ રે';
સંકળાયેલ રે' છે શો ! જેમ સુવાસ પુષ્પ પે.

કાષ્ઠમાં અગ્નિ છૂપો રે', તેલ છૂપું તલે રહ્યું,
ભાવ તેવો હૃદે ગૂઢ જાગતાં સ્પર્શશે બધું.

નવી દૃષ્ટિ, નવી વૃત્તિ સર્વસામાન્યતા વિષે,
—આપણે ઉર જન્મે છે, તેવો ભાવ થતાં હૃદે.

યોગ્યાયોગ્યપણું જે તે સર્વ વાતો તણું હૃદે,
—વિના વિચાર જન્મે છે તે વેળા આપણા વિષે.

સંકળાયેલ પ્રારબ્ધે જ્યાં જ્યાંયે હશું આપણે,
એકસામટું સૌ સાથે ત્યાં ત્યાં તે સંકળાવશે.

એકલું સંકળાવે ના, હેતુયે સ્પષ્ટ ભાસશે,
પ્રભુનો ભાવ જે તેમાં આપણો ત્યાં રખાવશે.

બંધાતા ત્યાં રહીએ, ના બંધાયેલ છતાં દીસો;
પાણીમાં હો છતાં કેવા જાણે હો તરતા તમો;
મધ્યમાં જેમ રે'તા હો સર્વમાંયે છતાં પૂરા,
આપ નોખા તરેલા હો, લાગ્યા એવું કરે સદા.

પ્રકૃતિ-ખેલમાં કેવી વસે છે પ્રભુની લીલા !
દર્શન એનું તે વેળા હૈયે મેળે જશે થયાં.

સર્વના ગૂઢમાં કેવું લીલા-સૌંદર્ય ભાળશો !
માધુર્યયુક્ત ભાવોમાં કેવા તલ્લીન ત્યાં થશો.

કશું વિચારી-વિચારી વર્તવાનું ન ત્યાં બને,
પ્રસંગ યોગ્ય વર્તાવ તેવાનો તો થયાં જશે.

‘શક્યતા કેટલી શેમાં કેવી કેવી રહ્યાં કરે,’
એવાને ભાળ લાગે છે હૈયે સ્પર્શ થતાં ખરે.

સંજોગોની પ્રમાણે સૌ પોતાનામાં થયા જશે,
કૈં પ્રત્યાઘાત-આઘાતો, નિરાળો તે છતાં રહે !

સર્વજ્ઞપણું આવેલું કરે અનુભવ્યાં હૃદે,
છતાં ના જાણતો હોય સજ્ઞાન મૂઢ તો રહે.

સ્થળ ને કાળનો ભેદ તેવા ભાવે નહીં રહે,
પ્રત્યક્ષપણું કેવું તે પ્રીછશે સચરાચરે.

પ્રત્યક્ષ સૂર્યના જેવો પ્રભાવ આપમાં થતો,
દીવા જેવું નિહાળી તે રમે છે આપમાં પૂરો.

થવાતાં યંત્ર શક્તિનું, શક્તિ પ્રત્યક્ષ ત્યાં થશે,
વહેવાનો ચીલો ત્યારે પોતાનો બતલાવશે.

છતાં શક્તિથી પોતે તો જુદો ના લાગશે હૃદે,
વર્તશે એની સંગાથે, ભળેલાં એકમેક રે’.

પોતાના વ્‌હેણની દિશા તણી ચિંતા ન ઉદ્‌ભવે,
‘આજ’માં ‘કાલ’ તે જુએ, ‘કાલ’માં ‘આજ’ નીરખે.

અનેકમાં પ્રવર્તેલો પોતે રે’તો હૃદે છતાં,
-એકનો એક શો રે’છે ! એકના એક ભાવમાં.

સર્વ મેળ પ્રસંગોનો મેળે એવા મહીં બને,
પરિસ્થિતિની મર્યાદા એવો ભાવે કળી શકે.

અનેક મણકા જેમ માળારૂપે ભલે રહ્યા,
કિંતુ તે સર્વમાં દોરો રહે શો, તેમ ભાવમાં.

કાળ ને સ્થળને તેવો સાધનો નિજનાં કરે,
ઉપયોગ થવો જેવો તેમનો ઘટતો કરે.

બંધાયેલો ન રહે છે તે કોઈ વાતે કશા થકી,
કળાઈ ના શકે એવો પૂરો તે સર્વ ભાવથી.

(‘જીવનપગલે’, આ.૧, પૃ. ૮૩ થી ૮૭)

સાત્ત્વિક પ્રેમનો ભાવ હૃદે ઊંડો જતાં જતાં,
ભાવસૌંદર્ય શક્તિનાં થાય દર્શન ત્યાં રૂડાં.

જ્યાં જ્યાંયે લાગવા માંડે મુગ્ધ સૌન્દર્ય જીવને,
જાગેલી ભાવના જાણી ત્યારે ભાવ લહો હૃદે.

(‘પુનિત પ્રેમગાથા’, આ.૨, પૃ. ૯૫)

આવું સૌ સર્વ વાતે જ્યાં આવે અનુભવ હૃદે,
ભગવદ્ભાવ જન્મેલો જીવને જાણવો ખરે.

* *

## ભગવાનના ભાવની છતા થવાની તદ્દન શરૂઆતનો અનુભવ

ભગવાનનો ભાવ જ્યારે સાધકમાં (સાધનાની અમુક કક્ષામાં) જરાતરા પણ જાગવા માંડે છે, ત્યારે મન દ્વારા, બુદ્ધિ દ્વારા, ઇંદ્રિયો દ્વારા, હૃદય દ્વારા એમ અનેક રીતે વ્યક્ત થવાને સહજ રીતે તૈયાર થાય છે. આ ભાવ અત્યંત સૂક્ષ્મમાં સૂક્ષ્મ, કોમળમાં કોમળ ને ભીષણમાં ભીષણ પણ છે. જ્યારે તે આંખ દ્વારા વ્યક્ત થતો હશે, ત્યારે જ્યાં ત્યાં આપણને સૌન્દર્યનાં દર્શન થયાં કરશે. ગમે તેવામાં પણ અતિ સુંદરતાનાં દર્શન થશે ને તેમાં

અનહદ આનંદ પણ હશે. કોઈક વાર ભયંકર થથરાવી મૂકે તેવાં દશ્યો પણ જોઈ શકીશું. કાન દ્વારા એવું તો મધુર સંગીત અને દિવ્ય નાદના સૂર આપણા કાને અથડાયાં કરશે-ક્યાંયે કશું તેવું નહિ હોય તો પણ. જીભ ગમે તેવા ખોરાકમાંથી ઉત્તમોત્તમ પ્રકારનો સ્વાદ અનુભવશે. ચામડી એટલી તો કોમળ અને દિલને ગલીપચી થાય એવી સૂક્ષ્મપણે મધુરમધુર લાગશે ને તેમાંથી કુમળા-કુમળા સ્પર્શનો એવો આનંદ જામે, કે તેવા સ્પર્શનો ખ્યાલ કોઈ પણ પાર્થિવ ચીજથી ન આવી શકે. તેવું જ બીજી ઇંદ્રિયો વિષે. સૂક્ષ્મ ભાવ તે તે દ્વારા વ્યક્ત થતો હોવાથી ને બહાર ચેતનરૂપે તે ભાવ હોવાથી વ્યક્ત થતો ભાવ તે ભાવને પકડે છે અને જે ઇંદ્રિય દ્વારા વ્યક્ત થાય છે, તે ઇંદ્રિયના સ્વભાવનું પ્રકૃતિમાં જે મૂળ છે, **તે મૂળ પ્રમાણે તેનો આપણને અનુભવ થાય છે.**

આ અનુભવોમાં એટલો તો આનંદ રહેલો છે કે તેનાથી અલગતા અનુભવવી લગભગ અશક્ય જેવું બને છે. સાધકના ખરા સંયમની કસોટી ત્યાં છે. ઘણા સાધકો ત્યાં અટકી પડે છે. તેઓ એમ માની લે છે કે હવે પોતાનું ઇતિકર્તવ્ય આવી રહ્યું, કારણ કે તેને દિવ્ય આનંદ મળતો હોવાથી તેમાં તે ગરકાવ થઈ રહે છે. ભગવાનનો જાગેલો ભાવ આમ એ આનંદને ભોગવ્યાં કરવાથી એક દિવસ અલોપ થઈ જાય છે.

(‘જીવનપગથી’, આ.૩, પૃ. ૧૫૨-૫૩)

*　　　　*

## ભાવનું મહત્ત્વ

(ગઝલ)

સ્વજનની યાદ-ઊર્મિ જે હૃદય અમ શક્તિ રૂપે છે,
સ્વજનને મૂર્તિમાં ઘડવા હૃદય-આધાર ભાવ જ છે.

સ્વજન શાં ભાવના-રૂપે સમાયે ભાવમાં જ્યાં તે,
શરીર બે સ્થૂળ છો જુદાં, ભળે શાં એકરસભાવે !

પરસ્પર તો ઠરે છે જ્યાં હૃદય-રસ-ભાવ એકાગ્રે,
પૂરો કેંદ્રિત તે ઠરતાં ઉભય શાં એક લાગે છે !

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૮૩)

* *

(અનુષ્ટુપ)

સગુણ ઈશનું રૂપ ભાવ પ્રત્યક્ષ જાણશો,
જીવવું ભાવને કાજે પ્રત્યેક પળ તોળશો.

ભક્તિભાવ વિના કાર્ય થવા દેવું કદી ન તે,
નહીં તો ભાવને કર્મો વૃથા તે કરી નાંખશે.

ભાવને જીવવા કાજે કર્મનો આશરો ગ્રહો,
મહત્ત્વ ભાવને આપો કર્મમાં લક્ષ રાખી સૌ.

પ્રભુનો ભાવ જે રીતે જાગે તે રીતને ગ્રહો,
ભૂમિકા યોગ્ય તે કાજે રચાવા સર્વ કૈં કરો.

ભૂમિકા તે રચાવાને યોગ્ય ભાવ ધર્યા કરો,
ભાવ વિના કશું કાર્ય પ્રભુનું ના થશે ખરું.

ભાવ તે ભક્તિનું મૂળ ખરું પ્રત્યક્ષ જાણવું,
જ્ઞાનના ભાવથી ભાવ જન્મે, તો યોગ્ય સૌ થવું;
ને ભાવ રાખવા માટે કર્મ તો કરવાં પડે,
તેથી સૌ કર્મમાં ભાવ જ્ઞાને પરોવવો ઘટે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૮૮, ૧૦૭)

* *

પ્રભુને કામમાં જે તે જીવતો રાખવા હૃદે,
પ્રાણવાળો
અભ્યાસ ભાવનાનો સૌ ઊંડો કેળવવો ઘટે.

જીવતા-જાગતા એવા વિના અભ્યાસ કોઈને
—પ્રભુ-કૃપા તણો લાભ એમ ને એમ ના મળે.

ભાવ કેળવવા ઊંડો જીવતો-જાગતો હૃદે,
મળેલું ગુણ-સામર્થ્ય વાપર્યાં કરવું ઘટે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૭૬-૭૭)

*  *

(માલિની)

ઉર મહીં પ્રગટેલો ભાવ પ્રત્યક્ષ કર્મે-
જરૂર સ્ફુરવશે તે ભાન પોતાનું સર્વે;
કશું ન ચસકવા દે આમથી તેમ ક્યાંયે,
નદી-જળ જ્યમ વહે છે મધ્ય, તેવું વહાવે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૮૮)

*  *

## ભાવ-સર્વસ્વ

(ગઝલ)

જગતમાં ભાવ જેનો છે, બધાં કિંમત પૂછે એની,
જરૂર પડતાં ખરીદી લૈ બનાવે વસ્તુ તે નિજની.

ન જેનો ભાવ છે કાંઈ ન એને કોઈ પૂછે છે,
જરૂરી હોય છો ભારે છતાં ચગદાય તે ચરણે.

ઠરે છે ભાવ જેનો જ્યાં બધું અંકાય ત્યારે તે,
જગત વ્યવહાર શો ચાલે બધે ગણના કરી 'ભાવે !

નભે સૌ ભાવની તોલે જીવન સૌ ભાવ-સર્વસ્વ,
ગરીબની 'ભાવ' મૂડી છે, ગરીબનું સાચું તે સર્વ.

હૃદયના 'ભાવ' પર મારે ભૂમિકા ચાલવા કાજે,
જગતમાં ક્યાંય હો ઠરવા મને તો ઠામ, 'ભાવ' જ છે.

કૃપાથી 'ભાવ' તે દેજો છૂટે હાથે દીધાં કરજો,
દઈ વળતર પ્રભુ પૂરો અતુલો આપશે પાછો.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૩૧)

*　　　　　*

## સ્વજન-ભાવ

(ગઝલ)

સ્વજનનો પ્રેમ હૈયાનો રહે હૈયા વિષે ન્યારો,
સ્વજનને ખોળિયું ના છે પરંતુ ભાવમૂર્તિ શો !

સ્વજનને દિલ મળવામાં શરીર તો સ્થૂળ રૂપે છે,
પરંતુ તાર હૈયાના મિલવવા ભાવ રૂપે તે.

સ્વજન તો દિલનો ભાવ બઢવવાને દઢવવાને,
જીવનમાંના જીવન કાજે પ્રસાદીરૂપ મળિયું છે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૧૧૭)

*　　　　　*

(અનુષ્ટુપ)

ખોળિયાં બે જુદાં હોય કિંતુ જ્યાં ભાવ એક રહે,
એ રીતે જે જીવે તેવાં સાચાં પ્રેમી બની શકે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૩૧)

*　　　　　*

## ભૂલો, સાધનામાં

આ માર્ગમાં આપણાથી ભૂલો પણ થાય છે; પરંતુ તે પણ અર્થસૂચક જ હોય છે. ભૂલથી કદી હતાશ થઈ જવાનું નથી. ભૂલની પાછળ રહેલી પ્રામાણિકતા આપણને નવું દૃષ્ટિબિંદુ ચીંધીને જોરદાર પ્રોત્સાહન આપે છે. બીજા પ્રયોગોમાં એક વાર ભૂલ થઈ કે બસ; પ્રયોગ તેટલા વખત પૂરતો તો નકામો જવાનો. જ્યારે આમાં તો આપણા યજ્ઞની અખંડતા તૂટતી નથી, દિલની નિશ્ચિંતતા તૂટતી નથી કે પ્રસન્નતા ઘટતી નથી.

('જીવનપગથી', આ.૩, પૃ. ૫૦-૫૧)

* *

જેટલી જાગૃતિ વિશેષ તેટલી ભૂલો આપોઆપ અટકશે. ભૂલ થાય પણ એને વિષે કંઈ હાયવોય ન કરીએ. ભૂલોમાંથી તો ઊલટી મદદ મળવી જોઈએ. આપણી ભૂલ આપણે પોતે જ જોતાં શીખવી. આપણાથી થતી ભૂલોમાંથી આપણને સત્યનો રસ્તો સૂઝવાનો છે,—જો થતી ભૂલોનું યથાર્થ ભાન થયાં કે રહ્યાં કરતું હશે તો.

* *

## મન

મન એ એક મુખ્ય કરણ છે, ને નહિ કે સર્વ કંઈ. એ એની મેળે પલટાઈ જઈ શકતુ ંનથી. તેને પલટાવ્યા વિના છૂટકો પણ નથી. એટલા કાજે જ સાધનાની જરૂર છે. તેને પલટાવવા માટે પ્રેમભક્તિપૂર્વકનું એકધારું નામસ્મરણ એ એક મુખ્ય સાધન છે. બીજું સાધન રોજનાં થતાં કર્મોમાં પ્રભુની ધારણા. ત્રીજું સાધન મળતા સર્વ પ્રસંગોમાં સાત્ત્વિક ગુણોના વિકાસની કેળવણી. એમ જુદાં જુદાં સાધનોનો આશ્રય લઈને મનને પલટાવવાનું આવશ્યક છે.

મનને મારવાનું છે ખરું, પણ એવી રીતે કે એમાંથી ખરો પાક ઉત્પન્ન થાય. મનને સાચી રીતે સજીવન કરવાનું છે.

('જીવનપ્રેરણા', આ.૩, પૃ. ૬૮)

('જીવનપગથી', આ.૩, પૃ. ૨૯)

*                    *

કેટલીક વાર જે ન કરવાનું હોય એટલે કે ન ગમતું હોય તે જ કરવાનું રાખવું. એથી પણ મનના સાંધા ઢીલા પડી શકે છે; પરંતુ તેવા કર્મની પાછળ હેતુનો ખ્યાલ રહેવો જોઈશે.

મન જેમ ઇંદ્રિયોનો સરદાર છે, એની સાથે સાથે એ જાતે પાછું બીજાં કશાનું પરિણામ કે તાબેદાર પણ છે. આપણી વૃત્તિઓનાં વલણ, સંસ્કારો, પ્રવૃત્તિ, વાતાવરણ આદિ પ્રમાણે મનનું વલણ રહ્યાં કરે છે; અને એ પણ કંઈ સર્વસત્તાધીશ નથી. એના કરતાં પણ વિશેષ શક્તિશાળી ભગવાનની પરાશક્તિ આપણામાં રહેલી છે.

મનને આપણું મિત્ર બનાવવાનું છે. એ તો કંઈ કંઈ ખેલ કરશે બુદ્ધિની મદદ લઈને ઊંધુંચત્તું સમજાવીને આપણને ઊંચે જવામાં કંઈ કંઈ મુશ્કેલીઓ આણશે, ત્યારે આપણને ખ્યાલ રહેવો જોઈશે કે મનની સમજણો તે કંઈ સર્વસત્ય, આખરી સત્ય કે સર્વશ્રેષ્ઠ નથી.

મનને શાંત, નીરવ કરવા માટે તેની સર્વ પ્રકારની ક્રિયાઓથી અલગ થવાની જાગૃતિ રાખો. તટસ્થતાપૂર્વક સાક્ષીવત્ રહી તેને નીરખવાનું કર્યા કરો. જે જે કંઈ નકારાત્મક તેમાં ઊઠે તેને ફેંકી દો; તેનો ઈન્કાર કરો. મનમાં ઊઠતા વિચારોની સાંકળ ન જોડો. એને આવા તપથી સ્થિર કરવાનું છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૭)

('જીવનસોપાન', આ.૧, પૃ. ૧૪૯)

*                    *

## સુખદુઃખની ઉત્પત્તિ—મન

(અનુષ્ટુપ)

આપણે આપણું દુઃખ વિચારીશું ન જો કશું,
કોઈએ કરશે ઓછું કદી ના દુઃખ આપણું.

આપણે આપણી જાતે નિર્માતા સર્વ રીતના,
પોતે સંહારનારા છે પોતાને સર્વ વાતમાં;
બચાવનાર પોતાનાં પોતે છે એકલાં હૃદે,
તે વિના કોઈ બીજું ના આવે ઉગારવા જગે.

આપણાથી જ જન્મે છે સુખ ને દુઃખ જીવને,
સ્વતંત્ર સુખ ને દુઃખ આપણા વિણ ના કશે.

આપણી માન્યતા રીતે સુખદુઃખાદિ માનીએ,
માન્યતાથી પછી ખાલી શાને તે કંઈ વ્હોરીએ ?

સુખ-આધાર બીજામાં જે કોઈ શોધવા જશે,
સુખ બીજાં થકી એને કદી ના મળવાનું છે.

અખંડ સુખ સૌ વાતે પોતા વિના તે ન મળે,
પોતામાં રાચશે ઊંડાં સુખ તે સર્વ મેળવે.

દુઃખી કરાવનારું હો કોઈ આપણને જગે,
પોતે દુઃખી કરાવે છે પોતાની જાતને હૃદે.

સ્વભાવ આપણો જેવો તે પ્રમાણે થશે બધું,
સ્વભાવની પ્રમાણે સૌ સારું ને માઠું લાગતું.

જેનો સ્વભાવ પોતામાં પોતાનું સર્વ ન્યાળતો,
કોઈ વાતે કશું દુઃખ એને તો નવ લાગતું.

સ્વભાવ જીવને કેવાં ઊભાં કરતૂકો કરે,
થાય છે વશ જે, એને દુઃખ-દુઃખ બધે દીસે.

જેવાં માનીશું પોતાને તેવાં થઈશું જીવને,
ગમે તેવાં થતાં તેથી રહેવું સ્વસ્થ આપણે.

લગાડવા કશું ઓછું આવે જો કોઈ જીવને,
એને ના પેસવા દેવું આપણામાં કશી રીતે.

એવો અભ્યાસ ખંતીલો જીવને જે દૃઢ થશે,
દુઃખ કોઈ રીતે એને જરીકે ના સતાવશે.

સંજોગો જીવને છો ને અનુકૂળ બધા મળે,
છતાં લગાડશે દુઃખ જો સ્વભાવ ન યોગ્ય છે.

સ્વભાવની પરે તેથી સુખદુઃખાદિ સર્વનો,
સૌ આધાર રહેલો છે સૌનું મૂળ સ્વભાવ શો !

થવા રૂપાંતરે તેથી જે કોઈ સ્વભાવને મથે,
તેવું સુખી થવાનું છે જેમાં તેમાં બધાં વિષે.

બ્રહ્માયે દુઃખી એવાને કરી ના શકશે કશે,
દુઃખની પાર તો એવો સચ્ચિદાનંદ પામશે.

*   *

દુઃખ-દુઃખ કરી જાતે પોતાને દુઃખી માનશે,
પ્રભુ સાક્ષાત્ એવાંને બનાવી ના સુખી શકે.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૫૧ થી ૫૩)

જે જે ઊપજેલું છે બીજાંથી ના બનેલ છે,
થવા ઉત્પન્ન તે સૌયે નિમિત્ત આપણે છીએ.

આપણે આપણું જે તે સર્વ ભોગવીએ છીએ,
બીજાને દોષ ત્યાં દેતાં માનવી ભૂલમાં પડે.

દબાશે દુ:ખથી જેઓ દુ:ખ એને દબાવશે,
—દબાવીને ભુલાવી દે સુખના સૌ પ્રસંગને.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૫૩)

*　　　　　*

## માયાના ખેલની અંતરમાં પ્રભુ

(અનુષ્ટુપ)

માયા પ્રપંચી શા ખેલે દાવ ગૂઢ હરાવવા !
પોતાનો કાબૂ ના જાય, એવા ખેલ કરે બધા.

યુક્તિ-પ્રયુક્તિ માયાની મુશ્કેલ જાણવી બધી,
કિંતુ હો ધ્યેય કેંદ્રિત હૈયે, તે ચેતશે નકી.

રહ્યો શો ખેલી માયાથી ઈશ્વર ગૂઢ વિશ્વમાં !
પ્રપંચ-વર્તી માયામાં મૂળ એનાં રહ્યાં બધાં.

કર્મ ના સર્વ કૈં એને, કર્મથી પર તે રહ્યો,
કર્મથી પામવા જે કો એને જાય, પમાય ના.

માયામાં ગૂઢ સંતાઈ જણાવા દે ન નિજને,
સંતાવામાં મઝા એને અનોખી લાગતી દીસે.

અનેક રૂપ તે લે છે નોખાં એકબીજાં થકી,
પરસ્પરે વિરોધી શાં ! બુદ્ધિગમ્ય ન તે કદી.

માયા-આવરણે કેવા ખેલ પોતે રમ્યાં કરે,
માયાને ભેદીને જેઓ જુએ, તે ખેલ નીરખે.

પ્રપંચી ખેલ એના છે, એના સર્વ પ્રપંચમાં-
અંતરે ચેતના ખેલે અનોખી રીતથી સદા.

દેખાતું ઊલટું કેવું કારમું કારમું જગે !
વિકાસ વિશ્વને એમાં માયા કરાવતી ખરે.

એવા પ્રપંચી માયાના ખેલમાં ચેતના રમે,
વેધક શોધવા દૃષ્ટિ ત્યાં જેની, તત્ત્વ મેળવે.

અસંબદ્ધપણું લાગે માયાથી એનું શું ઘણું !
છતાં એવા બધામાં જે એને પ્રીછે, જુએ પ્રભુ.

ના માયા સત્ અસત્ પોતે, માયા કેરા સ્વરૂપમાં,
મથે જે ખોળવા એને, મેળવે ઈશ-ચેતના.

('જીવનપગલે', આ.૩, પૃ. ૯૯-૧૦૦)

*　　　　　*

(અનુષ્ટુપ)

જશોદા માતને કૃષ્ણ ખેલ કેવા જુદા જુદા,
—પોતે બતાવતા ! તોયે તે મહત્ત્વ ભૂલી જતાં.

માયાના ઘૂંઘટેથી તે લપટાયેલ શો રહે !
માયાના અંતરે એને જોવાને જે મથે, જુએ.

માયાનો ખેલ મૂકીને પોતે છાનો ઊભો રહી,
સર્વના ખેલ તે દેખે પોતે નોખો તરી રહી.

એવા સૌ જીવને ખેલ પ્રભુના જે નિહાળશે,
પ્રભુ પ્રત્યક્ષ એવાને થતાં વાર ના લાગશે.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૧૪૫)

*　　　　　*

(શિખરિણી-મંદાક્રાન્તા)

પ્રભુની માયાની પકડથી થવું મુક્ત ના સ્હેલ વાત,
ધરીને માયામાં મન-મતિ કદી ના બનો એથી મુક્ત;
છતાં માયામાં એ જગપતિ છૂપો; એહને ના નકારી;
રહેલી માયામાં ગૂઢ પ્રભુ તણી છાંય જોવાનું શીખો.

પ્રભુ વિના બીજું કંઈ પણ નથી છો ભલે વિશ્વ દેખો,
સકંચામાં એના હૃદ બની જતાં, દેખશો એવું સૌ તે;
બધી રીતે એનાં સ્વજન બનીને જો <u>હૃદે ધારણા,</u> તો,
તમે લાગશો*
—બધાંમાંયે એને નીરખી શકશો, જો પ્રભુને વર્યા <u>હો.</u>
તો.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૪૫-૪૬)

* *

(અનુષ્ટુપ)

વિશ્વની રચના ખાલી એમ ને એમ ના હશે,
એનામાં ખોળવાનું જે રાખે ઈશ,
એમાંથી ખોળતો રે' જે પ્રભુને, હૃદે જીવે.
પ્રપંચી રૂપ માયાનું એમાંયે ખેલ ઈશના,
<u>ઈશ્વરે ત્યાં રમે કેવો ! જણાશે આપમેળ ત્યાં</u>
પ્રભુ પોતે રમે કેવો અનોખી રીતથી સદા !

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૪૯, ૧૫૧)

---

* વળગશો

## માંગલ્ય પ્રેમ

(શાર્દૂલવિક્રીડિત)

ખેલ્યાં ગૂઢ રહી રમે જગતમાં જે સ્થૂળ ને સૂક્ષ્મમાં,
આકર્ષે જીવ જીવ પ્રેમ-રસથી એકાત્મભાવે થવા;
એવું પ્રેમ-સ્વરૂપ એક સહુને જે સંકળાવી રહ્યું,
એવો પ્રેમ ઊંડો પરસ્પર દ્રવી ફેલાવજો મંગળ.

જેવાં પુરુષ-પ્રકૃતિ હળી મળી વિશ્વે હંમેશાં રમે,
દેખીતી મૂળ પ્રકૃતિ જ રમતી, પુરુષ રે' અંતરે;
બન્ને એકબીજાં પરે ત્યમ છતાં આલંબીને વર્તતાં,
તે આદર્શ અનુભવો જીવનમાં ને માણજો મંગળ.

જ્ઞાની પ્રેમશ્રી જેહને સમજતાં તે પ્રેમના ભાવને,
સાકારી રૂપ આપવા જીવનમાં છે લગ્નનો હેતુ તે;
વ્યષ્ટિથી જ સમષ્ટિમાં જીવનને ઉદ્‌ભાવવા લગ્ન છે,
—એ હેતુ ધરી લક્ષ મંગળ તમે વર્તાવજો જીવને.

જે જે સર્વ પરિસ્થિતિ જગ મળે તે સૌ વિકાસાર્થ છે,
એ રીતે ઉપયોગ શક્તિ કરીને ત્યાં સાધજો તત્ત્વ તે;
ન મૂલ્યાંકન આંકશો જીવનના પાર્થિવ સૌ માપથી,
એ તો ઈશ-પ્રસાદી પ્રેમ ગણજો પ્રત્યક્ષ તેવું જીવી.

પામ્યાં જીવન ના નિરર્થકપણે તે ખ્યાલમાં રાખજો,
પોતાને ન મહત્ત્વ આપી સઘળું બીજાંનુંયે ધારજો;
જે જે એકલવાયું જીવન જીવે તે જીવને શી મઝા !
ત્યાગે જીવન-પુષ્પ આપ વિકસે એવાં બની મ્હેંકજો.

જે જે સર્વ મળ્યાં કરે જીવનમાં ના ભોગવો એકલું,
બીજાંને સમભાગી સાથ કરતાં રે'જો તમે પ્રેમ શું !
ઊંચી સંસ્કૃતિ જન્મથી નવ મળે એ તો જીવ્યાથી મળે,
એવું ઉન્નતગામી જીવન તમે જીવી કરો મંગલ.

જુદું જુદું રૂપાંતરે પરિણમે શું તત્ત્વ તે પ્રેમનું,
સાધી પ્રેમ શકે પૂરો સકળ તે આદર્શનો, લગ્નથી;
ઓજસ્વી રૂપ પ્રેમનું જીવનમાં ઉદ્‌ભાવવા લગ્ન છે,
એ તો જીવન-સાધના ગૂઢ અને શી ભવ્ય ને રમ્ય તે !

કેવું પ્રેમ-સ્વરૂપ દિવ્ય રસીલું શું મુગ્ધરૂપે રસ્યું !
ઊંડો ભેદ ન પારખે ત્યમ છતાં સૌ કો રસાયે જતું;
લીલા પ્રેમ કરે અણુ-અણુ મહીં શા શા રચે ખેલ ત્યાં,
એવા પ્રેમ વડે તમો ઉભયનું થાઓ સદા મંગલ.

('વિધિ-વિધાન', આ.૨, પૃ. ૫૮-૫૯)

*　　　　*

## પ્રેમની અનંતતા

(અનુષ્ટુપ)

ગમેયે તેટલો છો ને પ્રેમ વ્યક્ત કરી શકો,
પ્રેમની તે પરાકાષ્ઠા કોઈ ના પ્હોંચી ત્યાં શકો.

ગૂઢતા પ્રેમની એ જ એની ખૂબી અનેરી શું !
થવાતાં વ્યક્ત તે પૂરો થશે રૂપ અવ્યક્તનું.

મર્યાદા પ્રેમની છેલ્લી દર્શાવીશું ભલે છતાં,
અધૂરી તોયે રે'વાની પ્રેમની ભાવવ્યક્તતા.

મર્યાદા પ્રેમની કોઈ આંકી ના જીવને શકે,
અનંત રૂપ એનું છે, લેણદેણ થકી વધે.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૪૬)

પૂરો સંપૂર્ણ ના એનો ભાવ આવી શકે હૃદે,
બેખ્યાલી-બેહદી એ તો, આપતાં આપતાં વધે.

* *

## મુક્તાત્મા—અને તેનાં દુર્ગમ ગૂઢ વર્તનો

પોતાના સત્ત્વનો ઝટ ઓળખી શકાય એવો આવિર્ભાવ મુક્તાત્માઓ સાધારણ રીતે થવા દેતા નથી. આથી શરૂશરૂના સાધકને, જિજ્ઞાસુને તથા આધ્યાત્મિક પથથી અણજાણ એવા જીવોને, મૂંઝવણ અને ગૂંચવાડો થતાં હોય છે. કેટલાકની શ્રદ્ધા આથી હાલી જાય છે યા ઊઠી જાય છે. પોતાનાં સંકુચિત, વિકૃત અને ક્ષુલ્લક માનસને માપે અને દંડે સંતોને માપવા જતાં તેમનાં કેટલાંક વર્તનો તેમને અગમ્ય અને કદીક કદીક તો નિંદ્ય પણ લાગે છે. તેમનાં આવાં કાર્યોનો ગૂઢ પણ કલ્યાણકારી હેતુ એવાઓની સમક્ષ ખુલ્લો કરીને તેમને સમજાવવામાં આવે, તો પણ તેઓ તે હેતુઓની કદર કરી શકતા નથી હોતા. તેઓના મનમાં એમ થાય છે કે જાણી જોઈને સંતો શા માટે આમ વર્તતા હશે ? શા માટે પોતાને વિષે ગેરસમજૂત થવા દેતા હશે ?

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૧૬૨)

* *

સૌથી પ્રથમ તો એ સમજી લેવાની જરૂર છે કે મુક્ત આત્માનું જો કે સામાન્ય માનવી જેવું હલનચલન જણાય છે, પરંતુ તે છે તેની પ્રકૃતિનો સ્વામી, આત્મનિષ્ઠ. જ્યારે સામાન્ય માનવી તો પ્રકૃતિનો દાસ છે, ગુણોથી પ્રેરાઈને તેની બધી ક્રિયા

થાય છે. એટલે બન્નેની બહિર્ ક્રિયાઓની દેખીતી રીતની સમાનતા પાછળ ધરમૂળનો, પાયાનો, તાત્ત્વિક તફાવત આવી રહેલો છે. સાધારણપણે સમાજમાં એવી સમજણ પ્રવર્તેલી હોય છે કે મુક્ત એટલે સામાન્ય માનવી કરતાં કંઈક તદ્દન ભિન્ન પ્રકારનો માનવી, કે જેની સ્થૂળ ક્રિયાઓ પણ સામાન્ય માનવી કરતાં જુદી જ હોય. પણ આ સમજણ યોગ્ય નથી. જીવનમુક્તમાં પ્રકૃતિ, ઇંદ્રિયો, ગુણ, ભાવના, લાગણી, ઊર્મિ નાશ પામી જાય છે એવું નથી હોતું;—શરીર છે ત્યાં સુધી તે બધું હોયાં કરવાનું, પણ એ આ બધાનો સ્વામી બની રહેલો છે. એ વર્તે છે પરિસ્થિતિના માલિકની રીતે;-જડ યંત્રવત્ તે દોરવાતો હોતો નથી. તેમનાં તેમનાં કાર્યક્ષેત્ર પ્રકૃતિને વશ નથી હોતાં એટલું જ. તેવાં તેવાં કાર્યક્ષેત્રમાં જ્યારે તે બધાં પ્રેરાય છે, ત્યારે એને એનાં જ્ઞાન-હેતુની જીવંત સજ્ઞાત ધારણા રહ્યાં કરતી હોય છે.

મુક્ત-આત્માને કર્મ આવશ્યક નથી હોતાં. એ કર્મ કરે છે ખરો, પણ તે પ્રભુપ્રેરિત હોય છે માટે. પ્રભુના આદેશની સમજણ કહો કે આત્માના સહજજ્ઞાનના કોઈ અકળ એવા સહજ હેતુથી કહો, તે રીતે તેનું તેવા કાર્યમાં પ્રેરાતું જવું બનતું હોય છે. તે અમુક જ કાર્યોમાં પ્રેરાશે, અમુક જ કાર્યો કરશે એવું પણ નથી. તે પૂર્ણ ગૃહસ્થાશ્રમી હોઈ શકે છે, તેમ જ સહજ મેળે સંપૂર્ણ સંન્યાસી પણ હોય, દેશસેવક પણ હોય ને આંતરરાષ્ટ્રીય સેવક પણ હોય. તે જેમ પોતાની પ્રજાનો હોય તેમ સમષ્ટિનો પણ હોય;—એનામાં સમદૃષ્ટિ હૃદયથી જ સહજ હોય છે. એને કંઈ તેવું કે તેવા થવાપણું નથી. ત્યાં વિચાર પણ નથી ને સંકલ્પ પણ નથી. જેવી જેવી એને જીવનમાં પરિસ્થિતિ મળ્યાં કરતી જાય તેમ તેમ તે ઉપર વહન કર્યા કરે છે. તે રાજ્યોનું સંચાલન, શાસન કરનાર રાજા પણ

હોય ને અદનામાં અદનો દાસ, સેવક પણ હોય. અત્યંત પ્રવૃત્તિશીલ અને સમસ્ત જગતમાં ભ્રમણ કરનારો પણ હોય ને નિવૃત્તિપરાયણ બનીને જગતના એક એકાંત ખૂણામાં બેસી રહેનારો પણ હોય. એને કોઈ એક દૃષ્ટિ, વૃત્તિ ને વલણ નથી હોતાં. તે ફરતોયે હોય સ્થિર પણ; ને બન્નેમાંથી એક પણ ન હોય ને બન્ને સાથે પણ હોય. તે એક કાર્ય કરતો કરતો અનેક કર્મમાં પ્રવર્તતો રહ્યાં કરે છે ને કશું જ નથી કરતો હોતો, તોપણ તે ખરા સાચા ભાવમાં સહજપણે પ્રવૃત્ત રહેલો હોય છે; એને કશામાં પ્રવેશવું પડતું નથી, કારણ કે એ પ્રત્યેકના સહજ સ્વભાવરૂપે છે. તે જેમ એક છે તેમ અનંત પણ હોઈ શકે ને તેમ છતાં સંપૂર્ણ શૂન્ય પણ થઈ શકે. એ કર્મ છે, કર્મના અંતરમાં છે, કર્મના આદિમાં છે, ને તે કર્મ જ એનામાં છે. તે કાળ છે ને કાળ તેનામાં છે ને તેથી પણ તે પર છે. ('જીવનસંદેશ', આ.૨, પૃ. ૨૦૫)

* *

જીવનમુક્ત દ્વંદ્વથી પર હોવા છતાં એને હર્ષ, શોક, લાગણી આદિ નથી હોતું એમ નહિ. એવી એવી વૃત્તિઓ ઉદ્‌ભવતાં તે તેનો ભોગ થઈ પડતો નથી, પણ ત્યાં એને કેવી રીતે, ક્યાં કેટલા પ્રમાણમાં પરોવવી એ બધાનું જ્ઞાન રહ્યાં કરે છે. જ્યાં સુધી શરીર છે, સમાજમાં છે, ત્યાં લગી પ્રારબ્ધ કર્માનુસાર કર્મ ભોગવવાનાં હોય તેમાં કે આદેશકાર્ય હોય તેમાં કે સમષ્ટિરૂપ કાર્ય હોય તેમાં, પોતે જ તેનો સ્વામી છે, જન્મદાતા છે ને ભોક્તા પણ છે; ને તે છતાં પણ પાછો તે ક્યાંય નોખો છે. તે ભાવયુક્ત રહી ત્યાં ત્યાં પ્રવર્તતો હોય છે. તેને પોતાને ઐહિક દૃષ્ટિએ કશું વિકાસ પામવાનું બાકી નથી રહેતું, પરંતુ પરબ્રહ્મભાવમાં તો વિકાસ સહજમેળે તે પામ્યા કરતો હોય છે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૨૦૫-૦૬)

* *

સાધારણપણે સમાજની જુદી જુદી સમજણ જીવનમુક્ત અંગે કંઈક એવી હોય છે કે તેણે પોતાના જીવનની જરૂરિયાતો ઓછામાં ઓછી કરી નાંખી હોય; દલિતો અને ગરીબો માટે તેને અત્યંત 'દયા' હોય ને તેમને માટે સેવાકાર્ય પણ કરતો હોય; સમસ્ત માનવસમુદાય માટે દયાનો સાગર જ હોય અને માનવજાતના ઉદ્ધાર માટે જ તે મથે; તે મૌન પાળતો હોય કે ઓછામાં ઓછું બોલતો હોય; તેનો ચહેરો શાંત, ગંભીર હોય અને તેની સમીપ પહોંચતાં જ તેની ભવ્યતાની અથવા સાધુતાની છાપ પડે એમ હોય; વગેરે વગેરે. જો તે ખડખડાટ હસતો માલૂમ પડ્યો કે કોઈ સાધારણ પ્રવૃત્તિમાં મશગૂલ થતો દેખાયો, દુન્યવી વિષયોમાં રસ ધારણ કરતો અને તેથી 'ક્ષુલ્લક' બાબતો વિષે છૂટથી વાતો કરતો જણાયો તો, બસ ખલાસ. તે ગમે તેવો મહાન હોય તોપણ લોકોની નજરે તો એ બહુ બહુ તો પોતાની ભારે શક્તિ અને બુદ્ધિથી તેમના ઉપર પ્રભાવ ને સત્તા બેસાડનાર ને પોતા તરફ બધાંને આકર્ષનાર છતાં આખરે તો એ પણ 'દુન્યવી', એટલે પાર્થિવ ભૂમિકામાં વિહરનારો જ લાગશે.

લોકોની આવી સમજણ પ્રવર્તે તેમાં તેમનો પણ શો દોષ ? જીવનમુક્તની વિશિષ્ટતા કંઈ સ્થૂળ આંખોથી દેખાય એવા સ્થૂળ નેત્રમાં નહિ, પણ મન કે હૃદયના સૂક્ષ્મ પ્રદેશમાં રહેલી છે ને તે જોવા માટે તો સૂક્ષ્મ દૃષ્ટિ જોઈએ. તેના કપાળે કંઈ 'લેબલ' ચિઠ્ઠી ચોંટાડેલી હોતી નથી કે એવી કોઈ બાહ્ય નિશાની કે ચિહ્ન હોતું નથી કે તેને તેના સાચા સ્વરૂપમાં જાણી શકાય. કશાનેય પણ બરાબર જાણવા ને તેનું હાર્દ પિછાણવા જરૂર રહે છે, કદરભક્તિભર્યા, ભાવુક, સપ્રેમ, અભ્યાસપૂર્ણ અનુશીલન, પરિશીલનની.

મુક્તાત્મામાં માનવીની દયા નહિ પણ દિવ્ય અનુકંપા ભરી પડેલી છે. એ નિષ્ઠુર નથી, દયાહીન નથી. જગતનાં દુઃખો-સંઘર્ષો અને ઉલ્કાપાતો વચ્ચે પણ એ નિશ્ચલ રહેતો જણાય છે તેનું કારણ એ છે કે એને અનુભવ છે કે વસ્તુમાત્ર પોતપોતાની નિયતિને અનુસરે છે ને તેથી વસ્તુમાત્રની ઉત્ક્રાંતિ બહારની દખલગીરી વિના—પોતાની મેળે—થવા દેવાનું તે યોગ્ય ગણે છે. તેથી તે નિશ્ચેષ્ટ પણ રહે છે કે દેખાય છે. વળી તેની માત્ર સૂક્ષ્મ અને મૂક અનુકંપા બીજાંઓની દોડધામ અને ધાંધલિયા પ્રવૃત્તિઓ કરતાં ક્યાંયે વધુ અસરકારક અને સક્રિય છે. તેનો તેને એકલાને જ અનુભવ છે. કાળથી થતાં પરિવર્તનો તેને અસ્વસ્થ કરી શકતાં નથી, કારણ કે તે કાળચક્રની ગતિને પારખતો હોય છે. આમ તે જ્યારે કાળને પારખે છે, ત્યારે તે તેનાં કારણો શોધવા નથી બેસતો. વિસંવાદી ઘટનાઓમાં પણ એ સંવાદ જોઈ શકે છે, અનુભવી શકે છે. એને 'હું' જેવું કશું નથી, તેથી તેને કશામાં રાગ નથી. વિધિની કૃતિઓ એને હલમલાવી શકતી નથી. એ કોઈ જાતની યોજના ઘડતો નથી. એના વિચારવર્તનમાં કોઈ જાતની ન્યૂનતા નથી, તેથી નૈતિક સિદ્ધાન્તોની કે આલંબનની એને જરૂર રહેતી નથી. એને કશું ભૂલી જવાપણુંયે નથી ને યાદ રાખવાપણું પણ નથી. પ્રકૃતિ ને પુરુષનું તે એકીકરણ છે. એ કશાનો માલિક નથી અને બધાંનો માલિક છે. એ કોઈનું અનુકરણ કરતો નથી, કેમ કે અનુકરણથી સમયોચિત વર્તન થાય નહિ. એને બીજા કોઈ સાથે સરખાવી શકાય નહિ, એવો એ અનુપમેય ને અનોખો છે. તે અત્યંત ગતિમાન હોવા છતાં—યા તે કારણે જ—ખૂબ સ્થિર છે, પેલા ભમરડાની જેમ.

ટૂંકમાં, એ માનવી વ્યક્તિ હોવા છતાં માનવી વ્યક્તિ નથી, પરંતુ તે જે વિરોધાભાસી ગુણોનું વર્ણન આપણે પ્રભુ વિષે

કરીએ છીએ તે પરમ તત્ત્વનો શરીરધારી આવિર્ભાવ છે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૩૨૩ થી ૩૩૨)

*　　　　　　*

મુક્તાત્માનો કાયદો બધો અંતરનો હોય છે. એને નિયમ હોય છે પણ ખરા ને નથી પણ હોતા; તેથી ત્યાં માત્ર નર્યું માનવીના અજ્ઞાન જેવું સ્વચ્છંદ પ્રવર્તે છે, એમ માનવાની ભૂલમાં પડવાનું નથી. એને તો જે તે બધું દીવા જેવું સ્પષ્ટ દેખાતું હોય છે, તેથી એને સ્થળ, કાળ, મર્યાદાની સમજણ રહે છે, ને પ્રત્યેકના ઉદય, સ્થિતિ અને લયના ભાવની પણ સહજપણે નિમિત્ત થવાતાં-પ્રગટ્યાં કરે છે, જેમ આરસીમાં કૈંક સામે આવતાં દેખાય છે તેમ. એટલે તે જાણે હાલતોચાલતો ન હોય તેમ વર્તે છે. તેના પેટનું પાણી પણ ન હાલતું હોય અને હાલતું હોય તો એટલા વેગવાળું હોય કે તેની લાગણી, ભાવના-તે વેળાની-કોઈ પણ માનવીની લાગણી, ભાવનાની સાથે સરખાવી શકાય તેવી હોતી નથી. એ કશામાંથીયે ચલિત થતો નથી, ને ચલિત થાય છે તો તેની સહજ-ગતિમાં; એટલે એની સ્વયંભૂ ગતિમાં ચલિત થતો હોય છે. તે કદી મૂંઝાયેલો હોતો નથી. તેવી રીતનો દેખાય કે આપણને લાગે, પણ તેની ભૂમિકા તો તદ્દન શાંત પ્રકારની હોય છે; તટસ્થ રહેવાની જીવતી કળા તેને સાંપડી ગઈ હોય છે, એટલે તેનામાં તો આનંદ સદાય પ્રવર્તતો હોય છે. ('જીવનપ્રેરણા', આ.૩, પૃ. ૧૯-૨૦)

*　　　　　　*

મુક્તાવસ્થા પ્રાપ્ત થયા બાદ તેવા આત્મામાં સામસામા જણાતા એવા ગુણોનું પ્રાગટ્ય થતું તે અનુભવી શકે છે; જેમ કે કૃપા અને અવકૃપા, દયાળુતા અને કઠોરતા, પરવા અને બેપરવાપણું, ગુણ અને અવગુણ; આમ તેવો તે પોતે કોઈ પણ

સંસારી જીવ કરતાં પ્રેમ-ભાવના ગુણમાં સર્વથી શ્રેષ્ઠ થતો જાય અને તે સાથે સાથે અપ્રેમના પ્રદેશમાં પણ રહી શકતો પોતાને અનુભવી શકે છે. એવાનું પણ ચોક્કસ કશું ધોરણ કે માપ રહી શકતું હોતું નથી. એવો પછી કોઈ ચોકઠામાં પણ રહી શકતો હોતો નથી. (‘જીવનપ્રેરણા’, આ.૩, પૃ. ૧૨૫-૨૬)

*    *

મુક્તાવસ્થા એટલે સ્વચ્છંદતા નથી. આપણી માનુષી Whims-મનના તુક્કા કે તરંગો-પ્રમાણે તેમાં ચાલવાનું નથી હોતું. લખલૂટ ખર્ચ કરતો હોવા છતાં, વૈભવવિલાસ ભોગવતો હોવા છતાં, યા ઘેર ઘેર રખડતો ને ભીખ માંગતો હોવા છતાં, બૈરાં-છોકરાંવાળો હોવા છતાં તેમ જ વેપાર ખેડતો હોવા છતાં, ટૂંકમાં ગમે તે ક્ષેત્રમાં ગમે તે પ્રકારે તે હોવા છતાં, તે મુક્ત હોઈ શકે છે. મુક્તાવસ્થામાં જેમ સ્વૈરાચાર કે વિહાર નથી તેમ તેમાં કશાં બંધન પણ નથી. તેમાં આમ જ વર્તાય એમ પણ નથી. કારણ મુક્તને એવા કશા વિધિનિષેધ નથી. સામાન્ય રીતે એ જે કરતો હશે તે આપણી સમજમાં નહિ આવે અથવા ન યે આવે, કારણ કે એની સમજ અને આપણી સમજમાં ફેર હોય છે.

*    *

જીવ જ્યારે ચેતનમાં નિષ્ઠા પામે છે, ત્યારે એનામાં રહેલો પુરુષ જાગ્રત બની જાય છે. પુરુષના આધાર વડે જ એની અનુમતિથી પછી પ્રકૃતિ બધાં કામ કરતી હોય છે. પુરુષ નિષ્ક્રિય છે ખરો અને તદ્દન પાછળ રહે છે, પરંતુ ચેતનની દશામાં તે સભાન અને પૂરેપૂરો જાગ્રત બને છે. તેનામાં તે વેળા સાક્ષીપણું, ભર્તાપણું તથા સમતા, તાટસ્થ્ય આદિ ગુણો જીવતા થયેલા છે, એટલું જ નહિ પરંતુ તે તે રીતે કામ કરતા થઈ ગયેલા હોય છે; એટલે પ્રકૃતિ અને તેના ત્રણ ગુણો અને ઇંદ્રિયો પોતપોતાના

વિષયમાં જેમ પ્રવર્તતી હોય તેની સાથે તે ઓતપ્રોત નથી, પરંતુ સાક્ષીરૂપે રહે છે. પોતાની સંમતિની મહોર ક્યાં આપવી અને ક્યાં ન આપવી તેનું તેને જ્ઞાન મળેલું છે.

* *

મુક્ત દશાને પામેલા આત્માઓ આપણા વિષે કદી ગેરસમજૂત કરતા હોતા નથી. આપણે જ એમના વિષે ગેરસમજૂત કરતાં હોઈએ છીએ. જો કોઈ ગેરસમજૂત કરે એવા હોય તો એને જીવનમુક્તનું લેબલ ન લગાડી શકાય. આપણે ઊભાં રહેલાં છીએ દ્વંદ્વની ભૂમિકા પર અને એ જો સાચા સંત હોય તો તેઓમાં દ્વંદ્વ હોવા છતાં દ્વંદ્વની ભૂમિકામાં તેઓ ઊભેલા નથી. આપણાં સમજણ, માપ, ધોરણ એ બધાં બહુ બહુ તો નૈતિક ધોરણ પર અવલંબેલાં હોય છે. ભેદમાં અભેદ હજી આપણે અનુભવી શક્યાં નથી. જગત તો અભેદમાં ભેદ જુએ છે, જ્યારે તે લોકોનું તેવું કશું હોતું નથી; પરંતુ તેનો અર્થ એવો નથી કે એ લોકો અનૈતિક છે. તેઓ જીવનની પરમ આદર્શ સ્થિતિમાં પહોંચવાને માટે જીવનની તેવી તેવી સ્થિતિઓમાંથી પસાર થઈ ગયેલા હોય છે; જેમ હોડીમાં બેસીને નદી પાર કર્યા બાદ હોડીને સાથે રાખવાની જરાકે જરૂર રહેતી નથી, તેવી રીતે તેવા લોકો સાધનનો ભાર ગળે વળગાડીને ફર્યા કરતા હોતા નથી. એવા લોકોને આપણાં માપ, સમજ, ગણતરી કે કલ્પનાથી માપવાનું કરવું એ જ આપણું અજ્ઞાન છે. સંત આપણને કદી ગેરસમજૂત ન કરે. એ તો ભૂલેલાનો જેટલો છે તેટલો કોઈનોય નથી—જો પેલો તેમનો થવાને હૃદયથી ખરેખરું ઝંખતો હોય તો.

('જીવનપ્રવેશ', આ.૧, પૃ. ૧૨૦-૨૧)

* *

જીવનમુક્ત થતાં એને કર્મ નથી હોતાં એમ તો નથી. જેમ બ્રહ્મ નિષ્ક્રિય હોવા છતાં પાછો ક્રિયમાણ પણ છે, તેમ જીવનમુક્ત

કર્મ કરતો હોવા છતાં તેમાં નિષ્ક્રિયપણે રહી શકવા તે પ્રકારનાં શક્તિ, જ્ઞાન, ભાવવાળો તે પ્રગટેલો પણ હોય છે; એટલે એને કર્મ નથી એમ ભલે કહી શકાય.

આત્યંતિક અનુભવ ક્યાં જઈને વિરમે છે એમ નિશ્ચયાત્મકપણે કહી શકાતું નથી. તે કારણથી પણ જ્ઞાનયુક્ત ચેતનાપ્રેરક તટસ્થતાની અત્યંત જરૂર રહે છે. એવાને (મુક્તને) લાગણી, વૃત્તિ, વિચાર, ભાવના વગેરે નથી થતાં એમ તો નથી, પણ એ એને આવવા દે છે. એ તો જેના તેના નિમિત્તસંપર્કથી તેવું તેવું ઉદ્‌ભવે છે ને એનો જ્ઞાનપૂર્વક ઉપયોગ કરવાની કળા એવાને પ્રાપ્ત થયેલી હોય છે.

('જીવનપ્રવેશ', આ.૧, પૃ. ૧૭૦-૭૧)

* *

મુક્તાવસ્થા પ્રાપ્ત થતાં એક એવી અવસ્થા બની રહે છે કે જેમાં પ્રાકૃતિક ઈચ્છા, આશા, કામના, અહમ્ વગેરેને ઉત્પન્ન થવા દીધા વિના, પોતે એકાગ્ર ને કેન્દ્રિતપણે પ્રભુભાવમાં સતત એકધારો રમી રહેલો હોય છે. તેવાને શ્રીભગવાન જે કંઈ અનુભવ કરાવે, તે સ્વીકારી તેનો રસ ભોગવવાની આંતરિક કળા તેના હૃદયમાં જાગેલી હોય છે. એમાં સ્થૂળ પ્રાણ કશો પણ ભાગ ભજવતો હોતો નથી. સ્થૂળ-પ્રાણ, સૂક્ષ્મ-પ્રાણ, ને કારણ-પ્રાણ કરતાંયે સાધના થતાં થતાં એ ત્રણ પ્રકારના કરતાં એક એવા પ્રકારના પ્રાણનું જન્મવું થતું હોય છે કે તેથી તે પછી સર્વ જે તે કંઈના ભોગના સામર્થ્યની સંપૂર્ણ શક્તિ ને સર્વ પ્રકારના મૂળનો રસ ગ્રહણ કરી, સ્વીકારી, એનો ભોગ કરવાની શક્તિ તેનામાં પ્રગટતી જતી તે અનુભવી શકે છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૧)

* *

કોઈ જ્ઞાની કે અનુભવી ભગવાનનો પ્રેમી ભક્ત જગત સાથેના વ્યવહારમાં તો જગતના સામાન્ય માનવી જેવો જ લાગ્યા કરવાનો. એની દ્વંદ્વાદિક વૃત્તિ જેમ કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે તેના મૂળ સ્વરૂપે તેનામાં નહિ હોય; પરંતુ તેવા પ્રકારની રૂપાંતરિત ભાવના તેના જીવનમાં પ્રગટેલી રહે છે ખરી. પહેલાં જેમ જીવદશાની પ્રકૃતિની વૃત્તિઓ તે વેળા બીજા જીવોની સાથે ઉપભોગમાં, ખપમાં આવતી હતી, તેમ હવે તે તે વૃત્તિની પેલી રૂપાંતરિત થયેલી ભાવના ભાગવત હેતુ અર્થે બીજા જીવના જીવન પરત્વે ઉપયોગમાં પ્રવર્તે છે. વિષ, ઝેર આમ તો પ્રાણનાશક છે; પરંતુ યોગ્ય રીતે મારેલું ઝેર દવા તરીકે ઘણું જ પ્રાણવાળું ને જીવન ઉગારનારું નીવડે છે. તેવી રીતે જીવપ્રકારની વૃત્તિઓનું રૂપાંતરિત થયેલું સ્વરૂપ ઉપયોગમાં આવી શકે છે; પરંતુ બીજાં માનવીઓને એની એવી કશી ગતાગમ પડી શકે નહિ. બધાં માણસો તેવાને યોગ્ય રીતે સમજી શકે એ પણ શક્ય નથી. એવાને સમજનાર માત્ર ગણ્યાંગાંઠ્યા હોવાના.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૬૯-૭૦)

*            *

એવાઓ તો કોઈ પરમ આખરના સત્ય વડે પોતાનું જીવન નિયત કરતા હોય છે. આવા ઉચ્ચ જીવનની સાચી અસર પામવા માટે કે તેને સમજવા માટે સ્થૂળ પુરાવા હોઈ શકે નહિ. એ તો એવાના જીવનમાં જિજ્ઞાસાભાવે પ્રેમભક્તિથી જે ડૂબવા માંગતો હોય ને પોતાની પ્રકૃતિના થરોને સમજી સમજીને, મથીમથીને યાહોમ થઈ જઈને પલટાવવા માગતો હોય, એવા કોઈક જીવને એમાં કંઈક સમજ પડવાની. બાકીનાંને તો તેની કશી ગતાગમ પડવાની નથી, તે જાણજો. ('જીવનમંથન', આ.૨, પૃ. ૨૭૩)

*            *

એવું બને છે ખરું, કે જેની આશા, ઈચ્છા નિર્મૂળ થઈ ગઈ છે ને અહમ્‌થી મુક્ત બનેલો છે તેવો મુક્ત આત્મા અને જેની હજુ આશા, ઈચ્છા, વાસના, અહમ્ આદિ પ્રવર્તમાન છે તે બન્ને એક જ બાહ્ય પરિસ્થિતિમાંથી, પ્રસંગમાંથી, પસાર થતા હોય, ત્યારે કોઈ ત્રીજાને તો તેમની આંતરિક પરિસ્થિતિમાં કશો ફરક ન લાગે. પરંતુ તે બન્નેને પ્રસંગ, સ્થિતિ એક જ હોવા છતાં દિલમાં દિલથી જે ભાવ જાગે છે, સ્ફુરે છે, તે પ્રસંગનું જે Reaction—અંતરમાંની પ્રતિકૃતિ—એમના સત્ત્વમાં જાગે છે તેમાં આસમાનજમીનનો ફરક હોય છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૧૯૫)

*  *

## મુક્તનો અંતરંગ સ્વભાવ

(અનુષ્ટુપ)

અકર્મ કર્મમાં એને કર્મે અકર્મ લાગશે,
નિરાગ્રહી નિરાસક્ત એવો સર્વ પ્રવર્તશે.

સૌ કૈં આનંદના ભાવો એવાનામાં વધ્યાં કરે,
પ્રત્યેકમાં પછી તેવો સમાધાનપણે રહે.

ઉપાધિ સૌ ઉપાધિ ના એવાને લાગશે હૃદે,
પ્રસન્નતા તણી માત્રા એની ઓછી ન ત્યાં થશે.

જે જે પ્રવૃત્તિમાં પેસે ગમે તેવી ભલે હશે,
છતાં આનંદ તેમાંયે એનો તો સરખો હશે.

છો ગમે તેટલું ઝાઝું કામ હો, તોય ભાર કૈં,
એને ના લાગશે ત્યારે-તે લીન ભાવમાં રહે.

આડું કે અવળું કૈંયે એવાને નવ લાગતું,
યથાર્થતા બધાં કર્મે જ્ઞાનભાવે ઊગ્યાં જતી,

પ્રેરાયેલી ભલેને હો પ્રકૃતિ ગુણ-ભાવથી,
કારક મૂળનો ભાવ પ્રિછાયા ત્યાં જશે નકી.

એને તે વેળ કૈં યત્નો કદી ન કરવા પડે,
નદીનાં વ્હેણની પેઠે ભાવમાં તે વહ્યાં કરે.

('જીવનપગલે', આ.૧, પૃ. ૬૮ થી ૭૦)

ગુલામ
વાહક તે પ્રભુનો છે, પોતાનો શેઠ તે છતાં,
ભાવ પ્રત્યક્ષ એવો તે ઓળખતો હશે સદા.

ચળાવી ન શકે કોઈ એવાને કોઈ વાતથી,
પ્રીછી પ્રીછી છતાં હેતુ, રહે એવો નિરાગ્રહી.

('જીવનપગલે', આ.૧, પૃ. ૧૪)

પોતાનાથી થતું જે સૌ કર્યાં તે કરશે બધું,
કર્મ તેવાં મહીં જ્ઞાન, જાગૃતિ રાખતો સહુ.

હેતુનો ખ્યાલ હૈયામાં જીવતોજાગતો ધરે,
ભૂલે છે ના કદી એને જે તે કર્મ બધાં વિષે.

પોતાની જાતને નોખી જે તે સૌ કર્મથી ગણે,
ના કશું અડવા દે તે નિઃસ્પૃહી એવું વર્તશે.

તદાકાર છતાં એવો જે તે સાથ રહ્યાં કરે,
સહાનુભૂતિ રાખીને સમભાવ ધરી હૃદે.

તોયે તે કોઈની પૂંઠે ઢસેડાતો નથી કશો,
ઢસેડાતો જણાયો હો, ત્યાંયે હેતુ હશે ઊંડો.
('જીવનપગલે', આ.૧, પૃ. ૨૦)

શા સ્વભાવે કરાયેલાં બીજાનાં કર્મ તો હશે,
-જણાયા વિણ ના રે' છે તે, જો દે લક્ષ તે વિષે.

કર્મની ગૂઢતા એને લાગશે ના, છતાં પૂરો,
અજાણ્યો તે રહે એવો ને કશું નથી બોલતો.

કર્મ-નિર્માણની વેળા કર્મના પરિણામને,
હોય ના જાણતો એવો વર્તતો જગમાં રહે.

એને ના માનવાનું છે 'આ' કે 'પેલું' કશુંય તે,
'આ' અને 'પેલું' ના જુદું; પરિવર્તન માત્ર તે.

બીજાનું રૂપ જેવું હો તેનીયે સાથ એકતા,
સહાનુભૂતિ રાખીને તેવો તો વર્તશે સદા.

ક્યાંક ઊંધો, છતો ક્યાંક, કશે તે આડું વર્તશે,
એવાનાં સર્વ કર્મોમાં હેતુ ન્યારો રહ્યા કરે.

સર્વને એક રીતે તે ભાસશે એકરૂપ ના,
કોને વિકૃત રૂપે ને કોને સીધો જણાય ત્યાં.

એને જે માપવા જાય, એની કસોટી જે કરે,
મોડા વ્હેલા પડે હેઠા, ચોળતા હાથ તે રહે.

પેલાને તો કશું ના છે પોતાનામાં રમ્યાં કરે,
બધું બાહ્યાંતરે એ તો પ્રતિબિંબ સમું જુએ.

બે આંખો રાખી પોતામાં ત્રીજીથી ખેલ નીરખે,
એને ખોવાનું ના ક્યાંયે, પ્રાપ્તિ-આશ ન ક્યાંય છે.

જે તે સંબંધીઓ સાથે વર્તશે તે જુદો જુદો,
નૈસર્ગિકપણે એવો પોતા જેવો પ્રવર્તતો;
છતાં એનું બધું ઊંધું, એવો સરળ વર્તને,
જેવી જેની હશે વૃત્તિ, તેને તે તેમ લાગશે.

ઠેકાણું કોઈ વાતે ના, ઠેકાણું સહુ વાતમાં,
વિરોધાભાસી ગુણોનો એવાનો મેળ લાગતો.

બંધાયેલો અને મુક્ત, રાગી-વિરાગી લાગશે,
છતાં એવો ન છે એ તો, એનો ભાવ વિરાટ છે.

ભાવના જુદી જુદીમાં જેવું વર્તન બાળનું,
સ્વાભાવિકપણું એનું તે ઉચ્છૃંખલ લાગતું.

એની તે વૃત્તિ ના એક, એક શી લાગતી ભલે,
બધે રોકાયેલો રે' તે, વિચરે ભાવથી બધે,

એક બાજુ વહે ક્યારે, બીજી બાજુ વળી સ્થિર,
ત્રીજી બાજુ જુએ જુદું, જુદો જુદો છતાં નથી.

લક્ષણો ક્ષેત્ર ને દિશા એનાં ના એકદેશીય,
એવાને માનવી-માપે માપી કેમ શકાય રે ?

માનવી-બુદ્ધિનામાં તો એની પ્રવૃત્તિ ના ઠસે,
એની પ્રવૃત્તિ, નિવૃત્તિ બેમાં ભેદ ન છે કશે.

એના કર્તવ્યમાં છે ના કાંઈ કર્તવ્ય એક શું,
કશું જ્યાં એ કરે ના, ત્યાં તોય તે કરતો ઘણું.

એની વાણી મહીં કૈંક ભેદ જુદા જુદા રહે,
એમાંથી મર્મ કોઈયે પૂરો ખોળી નહીં શકે.
('કર્મગાથા', આ.૧, પૃ. ૧૫,૧૮,૩૫,૪૧,૪૨,૪૩)

પક્ષાપક્ષી ન ક્યાંયે છે એને કોના વિષે કશી,
જે પક્ષાપક્ષી માને છે એના જ ઉર તે વસી.

*　　　　　*

આરસી સામને આવી જે કો ઊભું જરી રહે,
પ્રતિબિંબ છતાં ત્યાંયે પડી એવાનું ત્યાં જશે;
પરવા છાંયની સાથે આરસીને કશી ન તે.

થયાં ત્યાં સૌ કરે જે તે એવાની આસપાસ કૈં,
એનામાં આપમેળે તે આવીને લુપ્ત થાય છે.
('કર્મગાથા', આ.૧, પૃ. ૪૩)

હૃદે નિશ્ચિંતતા એની ડો'ળાશે કોઈ રીત ના,
પોતાના ભાવને યોગ્ય રહે તે લીન આપમાં.

એક જેવો ન તે રે'શે છતાં એક રહ્યાં જશે,
એનું એકપણું એવું દોહ્યલું પરખાવું તે.

જે જેવા હોય તે સાથે તાદાત્મ્ય તેમ રાખશે,
એનો સ્વભાવ ના એક, વૃત્તિવાળો અનેક તે.

કોઈને કૈં કહે તેથી, એને એવો ન જાણવો,
નિરાળો તે રહી સૌથી પોતાનામાં રહે વહ્યો.
('કર્મગાથા', આ.૧, પૃ. ૪૩, ૮૯, ૧૧૩)

*　　　　　*

## મોહ

યોગ્ય જીવનનું ભાન જાગવા નવ મોહ દે,
કેવો તે જકડી રાખે ! છુટાવા નવ દે અરે !

મોહ જીવનનો ધર્મ સૂઝવા નવ દે ખરો,
એના એ જ વિચારોના કૂંડાળામાં ભમાવતો.

શુભ સંસ્કાર પામેલાં એવાં માનવી હો ભલે,
કિંતુ શાં મોહના પાશે જકડાયાં રહ્યાં કરે !

(‘પુનિત પ્રેમગાથા’, આ.૨, પૃ. ૪૧)

પોતે બંધાઈ રે’વું ને બીજાને બાંધી રાખવો,
પ્રેમ તો નામ ના એનું; એ તો મોહ ગણો ઘણો.

પ્રેમ ને મોહની વચ્ચે ભેદ કેવો અનંત છે !
મોહ ને પ્રેમ ના એક, જુદાં જુદાં સ્વરૂપ તે !

મોહના સ્પર્શ જાદુથી માનવી ત્યાગ સૌ કરે,
એવા ત્યાગે ભલીવાર જીવને ના કશો મળે.

મોહથી ત્યાગ જે થાય ઊલટો જીવને ઘણો,
-બંધાવ્યાં તે કરે છે શો ! ત્યાગ તે ‘ત્યાગ’ ના ગણો.

પ્રેમનો માટીનો દેહ મોહને જાણવો ખરે !
બનાવે આંધળુંભીંત એ તો જીવનને અરે !

મોહ તો માત્ર બાંધે છે પાટા આંખ પરે પૂરા,
તણાયા જાય શા લોક મોહના વ્હેણમાં ખરા !

એવાને કોઈ જો આવે સત્ય હૈયે સુઝાડવા,
એને તે સત્ય ના લાગે એવો મોહ-પ્રભાવ ત્યાં.

શક્તિ હોવા છતાં, મોહ શક્તિ શી હરી લે બધી !
હરી લે બુદ્ધિની સાન, અદ્‌ભુત મોહની ગતિ.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૪૧, ૪૨, ૧૬૦, ૧૬૨)

*　　　　　　　　*

## યુદ્ધની અનિવાર્યતા

સારુંયે જીવન—સમગ્ર વિશ્વ—યુદ્ધથી જ જીવતું રહે છે, એટલું જ નહિ પરંતુ યુદ્ધથી તે ઘડાય છે અને યુદ્ધથી તે વિકાસ પામે છે. યુદ્ધના કારણે એની જૂની વિચારસરણી, જૂની ઘરેડ, જૂનાં માપો, જૂનાં મૂલ્યાંકનો, જૂની ટેવો અને બીજી એવી અનેક પ્રકારની ધારણાઓ, માન્યતાઓ ને જીવનની લઢણો—એ બધાંને સખ્ત આઘાત લાગે છે; પરિણામે કંઈક નવા તત્ત્વને—જે જીવનમાં પ્રવેશવા કાજે જરૂરનું હોય છે તેને—પ્રવેશવા માટેની ભૂમિકા પણ યુદ્ધથી જ રચાય છે.

યુદ્ધના પ્રકાર અનેક જાતના છે. તે સ્થૂળ અને સૂક્ષ્મ પણ હોઈ શકે છે. પ્રત્યેક ભૂમિકામાં યુદ્ધનાં સ્વરૂપ પણ જુદાં જુદાં રહેવાનાં. યુદ્ધની સ્થિતિમાં મુકાયા વિના માનવ-મનમાં કદી પણ મંથન જાગતું નથી, ને મંથન વિના ઊંડું વિચારવાને તકલીફ પણ લેતું નથી. યુદ્ધ સલામત દશાને દેશવટો આપીને સાધકને જીવનવિકાસને જરૂરી એવી નવી નવી પરિસ્થિતિમાં ધક્કેલી દે છે.

યુદ્ધ એટલે માત્ર સ્થૂળ હિંસા એવું કશું નથી. યુદ્ધથી એકલું ખંડન જ નથી થતું, મંડન પણ થાય છે. માનવીની બુદ્ધિના ક્ષેત્રે પણ જુદી જુદી જાતનાં યુદ્ધ જાગે છે. જુદી જુદી કામના, આશા, લાલસા ને વાસનાનાં પણ યુદ્ધ જાગ્યાં કરે છે. એક ઇચ્છા ઉદ્‌ભવી તો તેની સામેની બીજી ઉદ્‌ભવીને અથડામણ ઊભી કરાવે છે.

માનવી ઇચ્છે કે ન ઇચ્છે તોપણ આવાં યુદ્ધોમાં તેને ઘસડાવું પડે જ છે; અને અનેક પ્રકારનાં દ્વંદ્વોનાં યુદ્ધ દ્વારા સૃષ્ટિમાં ભગવાનનો દિવ્ય સૂક્ષ્મ હેતુ સધાયો જતો હોય છે.

માનવીને પોતાનાં સ્વજનો જેવાં માની લીધેલાં મંતવ્યો, સમજણો, ટેવો, આગ્રહો, અભિપ્રાયો, ગમા-અણગમા, રુચિ-અરુચિ તેમ જ પ્રાણની કામનાઓ, લાલસાઓ, વાસનાઓ અને પડેલા સંસ્કારો-આવાં બધાં સ્વજનોને હણવા—સંહાર કરવા—તેનું મન તૈયાર હોતું નથી, કે તૈયાર થતું નથી. માનવીના જીવન-કાળમાં એક પરિસ્થિતિ ઉત્પન્ન થતાં જે સ્વધર્મ લાગે છે, તે જ 'સ્વધર્મ' બીજી પરિસ્થિતિમાં અધર્મ યા પરધર્મ પણ લાગવા માંડે છે.

પોતાના શરીરને જે માનવી જીવરૂપ જ માને છે, જેનો તે રાગી બની જાય છે, જેનામય જે થઈ જાય છે, તેને પણ છોડવું પડે છે, ત્યારે વાસના એનો કેડો મૂકતી નથી; ત્યાં પણ એના કર્મે તો યુદ્ધ જ લખાયેલું છે. આમ આદિથી તે અંત સુધી માનવીના જીવનમાં ઉત્તરોત્તર યુદ્ધના આકાર ને પ્રકાર બદલાતા રહીને સતત યુદ્ધમાં તેને ઘસડાવું જ પડતું હોય છે.

('જીવનસંગ્રામ', આ.૫, પૃ. ૧ થી ૩૬)

*　　　　*

## યુદ્ધ, અનિવાર્ય

(અનુષ્ટુપ)

યુદ્ધ તો છે અનિવાર્ય, યુદ્ધ જીવનમાં બધે;
યુદ્ધને જે નકારે છે, નકારે તત્ત્વ જીવને.

વિશ્વમાંયે જીવે જે તે યુદ્ધ આપ્યાં કરી ખરે,
વિના યુદ્ધ કદી જીવ કશામાંયે ન પાંગરે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૮૧)

**વસ્તુ** મેળવવા કાજે મસ્તી ઉદ્‌ભવવી ઘટે,
યુદ્ધ-મસ્તી વિના કોઈ ના વસ્તુ મેળવી શકે.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૭૭)

ધ્યેયને પામવા કાજે ધરે જે આશ જીવવા,
જિંદગીને ઘડે તેવા, ઢેફાં તો માનવી બીજાં.

જીવનધ્યેયના માર્ગે યુદ્ધમાં જે ખપી જશે,
પોતાને ધન્ય માને તે; એવા **ભાવ** ઝીલી શકે.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૭૭)

*            *

(ઝૂલણા)

તે જ શૂરવીર કો એકલો ઝઝૂમશે,
મંથને ઝેર ત્યાં છો નીકળતાં,
પૂરું પચવી જશો ઝેર એવું ઘણું,
તો જ તે તત્ત્વ અમૃત પામો.

મથવું એ જીવન-આનંદ પ્રગટાવવા,
એમ ગણીને જ જે યુદ્ધ ખેલે,
મૃત્યુ એને કરી શું શકે ત્યાં ભલા ?
મૃત્યુ ગળી ત્યાં જશે આપમેળે.

યુદ્ધ અનિવાર્ય છે જીવનના પંથમાં,
સ્હેવું તે સકળને ભાગ આવે,
પણ ઝઝૂમ્યાં કર્યે જીતશે તે ખરે,
આખરે વિજય-વરમાળ પ્હેરે.

('જીવનપગલે', આ.૧, પૃ. ૫૩)

*            *

## લગ્ન-ભાવનાનો હેતુ યાને યુગ્મભાવના

બે જીવોનું જોડાણ, અહેતુકપણે કદી પણ થવું શક્ય નથી. એ બે જીવોનો સંબંધ અનેક જન્મ-જન્માંતરોમાં કોઈ ને કોઈ રીતે- એક યા બીજા રૂપે-ચાલુ રહ્યાં કરેલો હોય છે. એક વાર દિલથી લગ્નથી જોડાયેલા બે જીવોનો સંબંધ કદી છૂટી શકતો હોતો નથી.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૬૪)

*　　　　*

લગ્નભાવના માત્ર એકલા ભોગવિલાસ માટે નથી. એ તો તપશ્ચર્યા માટે છે. સમાજનું, દેશનું, પિતૃઓનું, ઋષિઓનું ઋણ અદા કરવા માટેનું એ ઉત્તમ સાધન છે. હૃદયથી શુદ્ધ સાત્ત્વિક ભાવના કેળવીને આત્માના સ્વરૂપમાં એકબીજાને ઓળખીને જે જગતને ચરણે એકાદ બુદ્ધ ભગવાન, એકાદ ઈશુ ભગવાન, એકાદ શંકરાચાર્ય કે એકાદ જ્ઞાનદેવની ભેટ ધરશે, તેણે જગતની મોટી સેવા કરી લેખાશે. લગ્ન એવી પ્રજોત્પત્તિ માટે છે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૬૫)

*　　　　*

બે જીવોના લગ્નસંબંધથી તે જીવો સમાજના જીવન સાથે ભાગ લઈ રહેલા છે. માનવીના સંબંધો ને ભાવના એ લગ્નજીવનમાંથી કેળવાતી જતી સ્થિતિ પરથી બંધાતા જતાં હોય છે.

લગ્નની ઉત્તમ ભાવનાનો વિચ્છેદ થવો કદી શક્ય નથી. એની પાછળ કર્મસંબંધ રહેલો છે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૬૬, ૬૮)

*　　　　*

લગ્નસંબંધ એ પવિત્ર ભાવના છે. એ ભાવના એટલે તો પુરુષ-પ્રકૃતિનો હૃદયથી સુમેળ સાધીને પરમ ચેતનને જાણવું, સમજવું ને અનુભવવું. ('જીવનસંદેશ', આ.૨, પૃ. ૭૨)

*　　　　*

આપણા લગ્નનો આદર્શ હૃદય-હૃદયથી જોડાવાનો ને એક થવાનો છે; પરંતુ તે સ્થૂળ રીતે ન હોય, 'જોડાવું' એટલે બંધનમાં પડવું એવો અર્થ ત્યાં નથી. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૧૧)

* *

સામાન્ય માનવી માટે લગ્ન એ જરૂરી વસ્તુ છે. તે મર્યાદાની પણ જરૂર છે. જેમ જેમ તેમાં ભાવનાનું તત્ત્વ ઉમેરાતું જાય તેમ તેમ લગ્નની ભાવના ઊર્ધ્વ થતી જાય છે. આપણે તો પાર્થિવ તત્ત્વથી પર થવાનું છે, તે એને અવગણીને, એના પરત્વે તિરસ્કાર સેવીને બની શકવાનું નથી, એમ કરવાથી એનાં મૂળ પલટાઈ શકવાનાં નથી. એ તો એનું રૂપાંતર કરવાથી તે સાધી શકાશે. આમ પાર્થિવ લગ્નની સાથે આપણે ઝાઝી લેવાદેવા ન હોવી ઘટે. હૃદય હૃદયની એકતા સધાય અને તેમાંથી ભાવના પ્રગટે અને એ ભાવનાથી કરી આપણા જીવનનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ ઊર્ધ્વગામી બને તે રીતે સાધનામાં લગ્નજીવનનો ઉપયોગ છે. એનાથી બીજી રીતે સાધનામાં એને સ્થાન નથી.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૧૧-૧૨)

* *

પોતાની સાથે જોડાયેલા જીવની જે કોઈ જીવ અવગણના કરે છે, તે સમાજની પણ તે દ્વારા અવગણના કરી રહેલો છે. ભલેને એ બે જીવ એક સમાન કક્ષાના ન હોય; તેથી શું થઈ ગયું ? શું બેમાંથી ઊંચા પ્રકારના જીવે પોતાની હાર કબૂલવી ? એમ કરવા જતાં તો તે વધુ ને વધુ નબળાઈ વહોરી લેવાનો છે. નબળાઈનો સામનો નબળાઈ વધારીને નહિ, પણ વધારે સબળા થઈને કરવાનો હોય. જીવે જો જીવનવિકાસ સાધવો હોય તો પ્રત્યેક પરિસ્થિતિ પર જીત મેળવવી ઘટે ને એમાંથી જીવંત શક્તિ

જન્માવવી જોઈએ. એવી લગ્નની ભાવનાનો વિચ્છેદ થવો કદી શક્ય નથી. એની પાછળ તો કર્મસંબંધ રહેલો છે.

પ્રત્યેક જીવ શિવ થઈ શકે છે એવો દૃઢ આત્મવિશ્વાસ આપણામાં જાગવા દો. એવું શિવપણું જો જીવમાં ન હોત તો જીવકોટિમાં તે અવતરી જ ન શક્યો હોત. કોઈ જીવ ક્યારે શિવ થઈ શકશે તેના સમયની મર્યાદા ન આંકી શકાય; પરંતુ તેથી કરીને તે જીવ પોતાનો જીવસ્વભાવ બદલી શકવાનો જ નથી એમ માની લેવું તે યથાર્થ નથી. એની અવધિની કોને ખબર ? આવતી કાલે પણ બદલાય. અજામીલ, ગીધ, વ્યાસ, વાલ્મીકિ, સૂરદાસ (બિલ્વમંગળ) વગેરેની દેખીતી પ્રકૃતિની પાછળ કોઈ ગૂઢ અગમ્ય દૈવી સંસ્કારો પડી રહેલા હતા જ. એ સંસ્કારો કોઈ જીવમાં ક્યારે ઊગી કે ફૂટી નીકળશે તે કોણ કહી શકે ? આથી જ કોઈ પણ જીવની જીવપ્રકૃતિને ખ્યાલમાં આણવી તે નિરર્થક છે, એટલું જ નહિ પણ સાધકને માટે ભાવનાના વિકાસમાં તે બાધક છે. ('જીવનસંદેશ', આ.૨, પૃ. ૬૮-૬૯)

* *

પતિપત્નીનો સંબંધ પણ અંતે તો શા માટે છે ? તેનો અંતિમ હેતુ શો છે ? વ્યષ્ટિમાંથી સમષ્ટિમાં પ્રગટી તન્મય તદાકાર થઈ એક જીવંત ચેતના-પ્રવાહરૂપ થવાને માટે લગ્નનો સંબંધ છે. જીવનમાં સુષુપ્ત પડી રહેલી વાસનાઓ સંપૂર્ણપણે દિવ્ય રૂપાંતર પામી જાય, દિવ્ય ચેતનાશક્તિમાં પરિણામ પામે, તેવા હેતુને માટે લગ્નસંબંધ છે. ('જીવનસંશોધન', આ.૨, પૃ. ૮૪)

* *

## નવદંપતીને

(શાર્દૂલવિક્રીડિત)

આજે એક બન્યાં તમે જીવનમાં 'પત્ની' 'પતિ' ભાવથી,
યાત્રા જીવનના સદા પથ વિષે રે'જો ઘણા પ્રેમથી;
છે આ વિશ્વ સમસ્ત એક બનવા, એ કાજ સંસાર છે,
એ હેતુ તણું જ્ઞાન, ભાન જીવતું રાખી જીવો જીવને.

સાચા પ્રેમ તણો થતાં ઉદય ત્યાં તૂટે દીવાલો બધી,
પામો જીવન-એકતા; સકળમાં રે' જોવું તે ભાવથી;
સદ્‌ભાવે કરી જીવતાં જીવનનો લ્હાવો કંઈ ઑર છે !
એવું જીવન ગાળતા જગતમાં, તે ધન્ય જીવો ખરે !

એ પ્રાણાર્પણ તો થવું સહજ છે, કિંતુ પૂરું ભાવથી,
હૈયાંથી મન એકમેક જીવવું એ દોહ્યલું કર્મથી;
સર્વે અંતરના પટો હઠી જઈ એકાત્મભાવે થવું,
—એ તો કેવળ સાધના થકી બને; એ જીવવું દોહ્યલું.

સૌ સામાન્ય પથે બધાં જગ-જનો ચાલ્યાં કરે તે મહીં,
—શો પુરુષાર્થ રહ્યો મહા ? રસ કશો તે જીવને શો વળી?
જેમાં મૌલિકતા નથી, જીવન તે મિથ્યા જીવ્યું જાણવું,
જેમાં છે બલિદાન, યજ્ઞ-તપ છે, એ જીવ્યું, જીવ્યું ભલું.

બન્ને એકબીજાની કાજ જીવને હોમાવું ચ્હાજો ભલું,
બન્ને એકબીજાની સાથ રહીને પંથે ધપો વેગીલું;
બન્ને એકબીજા વિષે હૃદયમાં એકાત્મભાવે ચહો,
એવી સર્વ કમાણી જે કંઈ કરો, અર્પો પ્રભુપાદશ્રી.

બન્ને જીવન ધ્યેયમાં રત થઈ એ પંથમાં જીવતાં,
—સ્હેવાનું કંઈ આવતાં, તપ ગણી તે તે સ્વીકારો સદા;
કોઈ કોઈથી ઊંચું નીચું નવ છે, જે જે મળે સર્વ તે,
—પોતાના જ વિકાસ કાજ મળિયું, તે ગ્રહો જીવને.

જે જે સર્વ થયાં કરે, જીવનનો જો હેતુ ત્યાં ભાળશો,
તો મિથ્યા નવ તે જશે, પણ નવું તે જીવને પામશો;
જ્યાં જ્યાં વિઘ્ન, કૃપા ત્યહીં પ્રભુ તણી માની, સદા જીવતાં,
આપોઆપ થયાં જશે જીવનનું કલ્યાણ ત્યારે ભલાં !

(‘જીવનસંદેશ’, આ.૨, પૃ. ૧૦૦ થી ૧૦૨)

જે જે સર્વ થયાં કરે, પ્રભુ તણો જે હાથ ત્યાં નીરખે,
એને તે સહુ પ્રેરણાત્મક બને ને જીવને તે વધે;
ને મેળાપ થવો પરસ્પર જગે બે વ્યક્તિનો વ્યર્થ ના,
‘એ તો સર્વ વિકાસ-યોગ્ય રચના’ એ જાણી મ્હાણો **કૃપા.**

(‘જીવનસંદેશ’, આ.૨, પૃ. ૧૦૨)

## બહેનો પ્રત્યેનું વલણ

(અનુષ્ટુપ)

આદર-ભક્તિનો ભાવ માતા, બ્હેનો પ્રતિ ઊંડો,
—જગાડ્યાં કરવો હૈયે આર્ત ને આર્દ્ર પ્રેમથી;
સ્ત્રીઓ તો વિશ્વની માતા; તુચ્છતાપાત્ર તે નથી;
એમને તુચ્છકાર્યાથી આપણું બગડે નકી.

માનવીએ બનાવીને પોતાની લાલસા તણી,
—એને ભોગ, ગુલામીને વિશ્વમાં નોતર્યાં કરી.

જ્યાં સુધી માનવીનામાં પવિત્ર ભાવના ઊંડી,
—જાગશે ના સ્ત્રીઓ પ્રત્યે, માનવી પશુ ત્યાં સુધી.

વિશ્વનું ક્ષેત્ર તો સ્ત્રીઓ; એને જે ભાવના મહીં
—ઊંચે ચઢાવતો, સેવા કરે અમૂલ્ય વિશ્વની.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૮૮)

* *

## લક્ષ્મી (ધન) તરફની દૃષ્ટિ

ધનની ગણતરી કર્યાં કરવાની નથી. એ જેટલું આ માર્ગમાં સારું છે, તેટલું જ સારું એનો અયોગ્યપણે ઉપયોગ, વ્યવહાર ન થાય તે જોવાનું કામ છે. ધનના સંગ્રહની હૂંફનો કદી વિચાર સરખો પણ ન આવવા દેવો. તો એમ થાય કે, 'એમ હોય તો ધન પાસે રાખવું જ શું કામ ? હોય તો એનો વિચાર આવે ને ?' પણ આ વિચાર બરાબર નથી. જેમ દેહ, ઇંદ્રિયો આદિ આપણામાંનું તત્ત્વ વિકસાવવાની ભૂમિકા માટે મળેલાં છે અને એ ભૂમિકા પૂરતાં તો એ વાસ્તવિક અને જરૂરનાં છે, તેવી રીતે ધન તરફ આપણી દૃષ્ટિ હોવી ઘટે. વળી જેમ કોઈને સ્વાદનું ભાન જ ન હોય ને ગોતા જેવું ખાય એમાં કશી મહત્તા નથી, પણ જેને સ્વાદની પરખ હોય તેમ છતાં જો એ પ્રસંગ પડ્યે એવું કરે તો તેમાં યથાર્થતા ગણાય, તેવી જ રીતે ધન પ્રતિ આપણે જોવું ઘટે. પૈસો ન હોય ને પોતે પોતાને ભિખારી સમજે એમાં તે શી નવાઈ ? પરંતુ પાસે નાણાં હોય તેમ છતાં પોતાને ભિખારી સમજે ને એવું નમ્ર વર્તન રાખ્યાં કરે, તો લાભ જરૂર થાય.

('જીવનમંથન', આ.૨, પૃ. ૪)

* *

પૈસાદાર લોકોના પૈસાએ જગતમાં ઘણો અનર્થ ઉપજાવ્યો છે. અણઘડ લોકો એ શક્તિને આજે સંગ્રહીને બેઠા છે. એના સદુપયોગની કળા તેઓ જાણતા નથી. તેઓ તો ભોગવિલાસમાં ડૂબેલા છે. ધન એ તો એક સમર્થ શક્તિ છે. એનું પાસે હોવાપણું

ખોટું નથી. એના પ્રતિની આપણી વિચારસરણી, એને દિવ્ય હથિયાર, સાધન તરીકે વાપરવાની કળા, એના ઉપયોગની જ્ઞાનપૂર્વકની સમજણ આપણને હૃદયથી પૂરાં સમજાયાં નથી. તેથી આ બધો ગૂંચવાડો ઊભો થાય છે.

(‘જીવનમંથન’, આ.૨, પૃ. ૨૩૦)

*　　　　*

કાંચન તરફની શ્રીરામકૃષ્ણ પરમહંસની જે નફરત હતી તેવું વલણ ને તેવા જ સ્વરૂપે લક્ષ્મી પ્રતિની દૃષ્ટિ, અનાસક્તિ દરેક સત્પુરુષમાં પ્રગટવી જોઈએ એવું કશું નથી; એટલું જ નહિ પણ કથામાંથી ઊઠી જવાને બદલે પૂરેપૂરા ઠંડે કલેજે પોતાના મહેલને બળવા દેવાની જનક રાજાના જેવી, તે જ સ્વરૂપે, અનાસક્તિ વ્યક્ત થવી જોઈએ એમ પણ આગ્રહ કે સમજણ ન રાખી શકાય. કાળે કાળે ને સૌ સૌની ઢબે રીતો જુદી હોવાની. અનાસક્તિ વ્યક્ત થવાના પ્રકારો અમુક જ હોય અને અમુક રીતે જ તે વ્યક્ત થાય તો તે સાચું અને બાકીનું બધું ખોટું એવી માન્યતા કે સમજણ યથાર્થ નથી. ધનનો પરિગ્રહ ન સેવીને, બીજાંને સુપરત કરી દઈને કે દાનમાં વાપરી નાંખીને અકિંચન થઈ રહેવાને સ્થાને તેનો અત્યંત વ્યવસ્થિત હિસાબ રાખીને ધનનો યોગ્ય ઉપયોગ સાધનાના વિકાસાર્થે ને પ્રભુના હેતુ અર્થે સમર્પણભાવે થાય એવી જ્ઞાનયુક્ત જાગૃતિ રાખીને પણ સાધક ધન પરત્વે સંપૂર્ણ અનાસક્તિ રાખી શકે છે, યા કેળવી શકે છે.

(‘જીવનસંશોધન’, આ.૧, પૃ. ૨૪૧)

*　　　　*

જીવન શું પૈસાદારને જ વરેલું હશે કે? જે જીવનમાં ભાવનાની કદર નથી, ભાવનાનું મૂલ્ય નથી, ભાવનાનો મર્મ જે જીવન સમજતું નથી, તેવા જીવનને શું કરવાનું ? જો જીવને જીવનની

સમજણ ને દૃષ્ટિ જ ન હોય તો પૈસાનો સંગ્રહ શા ઉપયોગનો ? જીવનવિકાસને અર્થે તો એવા બધાનો હેતુ ને ઉપયોગ છે. જો એનાથી જીવન ઘડાતું ન હોય ને ઊલટું જકડાતું જતું લાગતું હોય તો એ પૈસાને શું કરવાના ? એવા પૈસા આપણા વહાલામાં વહાલા સ્વજનના શબ જેવા છે. પૈસાનું આવી રીતનું ને આટલું બધું મહત્ત્વ જીવનમાં વિકૃતિ પ્રગટાવે છે. જીવનસંસ્કૃતિની તેજસ્વિતા ઘટતાં પરિણામ તો એવું જ આવે ને ?

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૩૧)

*　　　　　　*

## વાતાવરણની અસર

આપણી આસપાસ એક બે નહિ પણ અનેક પ્રકારનાં ભિન્ન ભિન્ન વાતાવરણ છવાયેલાં, ફરી વળેલાં હોય છે. આની જાણ સામાન્ય જીવને હોઈ શકતી નથી. જીવને વાતાવરણ હલાવી મૂકે છે ને તેના બળે એક યા બીજા પ્રકારે તે ઘડાય છે. સાધકનું કર્તવ્ય અનિષ્ટ સૂક્ષ્મ વાતાવરણમાંથી ઊગરી જવાનું હોય અને તે માટે એક રસ્તો કંઈ પણ પારમાર્થિક, એટલે કે પ્રભુના, સતત વિચારમાં કે તેવા ભાવ સાથે કોઈ કાર્યમાં સતત સખત મંડ્યા રહેવાનો છે. મનને સતત સાત્ત્વિક રીતે પ્રવૃત્તિશીલ રાખવાથી આપણી ઉપર બીજા વાતાવરણની અસર થતી નથી. 'સાત્ત્વિક રીતે પ્રવૃત્તિશીલ' એટલે એવી પ્રવૃત્તિ કે જેમાં મનને આસક્ત થવાપણું રહેલું ન હોય, એ પ્રવૃત્તિ સ્થૂળ કાર્યની હોય તો તેમાં પણ સતત ભગવદ્ભાવ રહેવો જોઈએ ને તે પણ સમર્પણભાવે.

આધારનાં કરણોમાં મન સૌથી વધુ સૂક્ષ્મ કરણ હોઈ તેને વાતાવરણ તરત સ્પર્શે છે ને હલાવી શકે છે. ઇન્દ્રિયસ્પર્શોથી ઉદ્ભવતા સ્થૂળ વાતાવરણમાં મન પછડાય છે, તેના કરતાં સૂક્ષ્મ વાતાવરણમાં તો તે વધુ અફળાય છે. સત્સંગ ને દુર્જનસંગ એ

બેઉને લીધે થતા મન પરના આઘાતો એ આંચકા વધુ અસરકારક હોઈ અનુક્રમે મનને તે વધુ લાભ કે હાનિ પહોંચાડે છે. મન ઇન્દ્રિયો કરતાં વધુ શક્તિશાળી છે. ગમે તેટલા ઉગ્ર સંયમથી બધી ઇંદ્રિયોને પોતપોતાના વિષયમાંથી ખેંચી લીધી હોય, તેમ છતાં મનથી તે તે ઇન્દ્રિયોના વિષયના સેવનનો વિચાર થતાં પેલા સંયમથી ઊભું કરેલું વાતાવરણ ક્યાંયે નિરર્થક ને મિથ્યા થઈ જતું હોય છે. ('જીવનસંદેશ', આ.૪, પૃ. ૨૧૬-૧૭)

* *

જીવનવિકાસના માર્ગમાં ગુણોની વિશુદ્ધિ જેટલી આવશ્યક છે, તેથી કદાચ અનેકગણી વધારે વિશુદ્ધિ આવા વાતાવરણની સાધક માટે છે. પોતાના રાહબર પ્રત્યે અશ્રદ્ધા કે અસદ્‌ભાવનું મનનું કે એવા કશાનું એક પણ મોજું-લહરી-ન થાય એ જોવાનું કામ તેને માટે વધુ આવશ્યક બની જાય છે. આવી દૃષ્ટિ અને શુદ્ધિ સારા વાતાવરણથી સર્જી શકાય છે. સારું વાતાવરણ ઊભું કરવા માટે ખરાબનો સામનો કરવા કરતાં સારાનું બળ વધારવાનો પ્રયત્ન કરવો એ વધારે સહેલો ઉપાય છે. બળવાન આત્મા પોતાનામાંથી વાતાવરણ સર્જાવે છે. એવા આત્માને બીજું વાતાવરણ અસર કરી શકતું નથી.

ગમે તેવા ખરાબ વાતાવરણની અસર તળે આપણે હોઈએ પણ પ્રભુકૃપાથી જો કોઈક ધન્ય ક્ષણોમાં શુભ, સારા સંસ્કારનાં મોજાં આપણને સ્પર્શી જતાં લાગે ને એને પકડી લઈએ એવી કળા હસ્તગત થઈ જાય, તો આપણે આપણામાં નવું જીવન સર્જાવી શકીએ છીએ. અસદ્ વાતાવરણમાં પડેલા હોવા છતાં કોઈ સંસ્કાર-બળે આપણું જો સત્સંગમાં ભળવાનું બન્યું તો લાભ થવા પૂરતો સંભવ છે. થોડાક સમયને માટે જૂનું વાતાવરણ આપણી સામે રહેશે ને એનું ગુંજન ને અસર આપણા પર રહ્યાં

કરશે; પરંતુ જો પેલા, બીજા, સદ્‌વાતાવરણનું ખેંચાણ વધુ હશે અને જો આપણે હૃદયના ભાવભર્યા સ્મરણ સાથે જૂના વાતાવરણમાંથી દિલને હઠાવવાનું નક્કી કર્યું હશે, તો નવા સદ્‌વાતાવરણને જામતાં વાર નહીં લાગે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૨૩૨, ૨૩૪-૩૫)

* *

## વાણીનો સંયમ

વાણી ઉપરનો જાગ્રત કાબૂ સાધકે કેળવવાનો રહે છે. વાણીથી વેડફાઈ જતી શક્તિનો સદુપયોગ નામસ્મરણમાં કરવાનો હોય. વાણી કે વચનની પણ શક્તિ હોય છે. જો સ્થૂળ ધનને આપણે ગમે તેમ વેડફી દેતા નથી, તો વાણીધનને કેમ વેડફી દઈ શકાય ? વચનમાં તો દરિદ્રતા જ શોભે. વાણી ઉચ્ચારણમાં કંજૂસ બનવાનું છે.

કોઈને વણમાગી શિખામણ કે બોધનાં વચન કથવાં નહિ. વણ-ઇચ્છ્યું ક્યાંય કશે માથું મારવું નહિ.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૩)

* *

ઓછામાં ઓછું બોલવામાં ઘણા લાભ છે. હેતુપૂર્વકની મધુર વાણી, ને તે પણ જ્ઞાનપૂર્વકની સદ્‌ભાવયુક્ત, જ્યારે ઉચ્ચારાય છે, ત્યારે તેવી વાણીમાં પ્રાણ પ્રગટેલા હોય છે. વાણી કંઈકને જન્માવે છે, કંઈકનું રક્ષણ કરે છે ને કરાવે છે; કંઈકને મૃત્યુ પમાડે છે. વાણી એ જેમ સમર્થ શક્તિરૂપે છે, તેમ તેનું—વાણીનું—અવ્યક્ત સ્વરૂપ અંતર્મુખપણું તે મૌન છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૩, ૨૪)

* *

હૃદયથી બોલાતી વાણી એટલે પશ્યંતિ વાણી, ગળાથી

બોલાતી વાણી તે મધ્યમા, ને જીભથી બોલાતી વાણી તે વૈખરી અને એ બધાથીયે જે વાણી પર છે તે પરા વાણી. આપણે બધાં તો હજી વૈખરી વાણીની દશામાં છીએ.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૭૨)

* *

જેટલું ઓછામાં ઓછું બોલાય તેટલું ઉત્તમ છે. અઠવાડિયાના એક બે દિન મૌન લેવાય તો ઉત્તમ. મૌન લેવું તે બેળેબેળે નહિ. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૨૯૮)

* *

સાધક વાતોના રસમાં તણાયા કરે તે ઈષ્ટ નથી. વાતોનો રસ ઝેરી રસ છે. ક્યાં, કેટલું, શું ને કેવું બોલવું તેનો સૂક્ષ્મ વિવેક કેળવવો જોઈએ.

* *

## વિઘ્નો-મુશ્કેલીઓ

આપણી મુશ્કેલીઓ આપણને વેગ આપતી થઈ જવી જોઈએ. મુશ્કેલીઓ છૂપા વેશમાં આશીર્વાદ સમાન છે. જેમ વાડ કૂદવાની હોય છે, ત્યારે જરા પાછળ હઠીને દોડીને કૂદવાની રહે છે, તેમ એવી પીછેહઠ આપણી ગતિને જોશ આપે છે, અથવા શરતના ઘોડાઓને કેળવવાને વચ્ચે વચ્ચે Hurdles—લાકડાની વાડો—મૂકવામાં આવે છે તેમ આપણું પણ છે. પ્રત્યેક વિઘ્ન પ્રભુ આપણા હિત માટે અથવા તો આપણને સ્પષ્ટ ભાન કરાવવા, સચેતન બનાવવા, કે આપણે ક્યાં છીએ અને કઈ દિશામાં જતા હતા તે બતાવવા માટે મોકલે છે. સાધક એવાં વિઘ્નોમાંથી, મુશ્કેલીઓમાંથી જે હેતુ ને અર્થ તારવે છે, તેના ઉપરથી તો તેની કક્ષા કે વૃત્તિ પરખાઈ આવે છે. વળી વિઘ્નની પાર થવાતાં પરમ પ્રભુની કૃપાળુ દૃષ્ટિનાં દર્શન થાય છે ને એનામાં વધુ ને વધુ

વિશ્વાસ-શ્રદ્ધા દૃઢ થતાં જાય છે; આ કંઈ જેવો તેવો લાભ નથી. એ દૃષ્ટિએ જોતાં વિઘ્ન એ વિઘ્ન નથી દેખાતાં ને નથી રહેતાં, ઊલટાં શ્રેયસ્કર છે એમ અનુભવાય છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૩૩)

*　　　　　*

## વિઘ્ન

(અનુષ્ટુપ)

વિઘ્ન ના સાંપડ્યું કોને ? બતાવો એક તો જગે;
પામશે વિઘ્નથી લાભ વિઘ્નને જે વધાવશે.

વિઘ્નથી જીવને કો દી દબાઈ ના જવું કશું,
પ્રેમથી સામનો એનો જે કરે, પામશે નવું.

જીવનધ્યેય પોતાનું દૃષ્ટે જે નિત્ય રાખીને,
—ધ્યેય ફળાવવા સામે ઝઝૂમે વિઘ્ન, તે જીવે.

*　　　　　*

## વિચારો

માનવી જેવા વિચારોનું સેવન કરતો હોય છે, તેવા વિચારોનાં આંદોલનો, મોજાં, સ્વાભાવિક રીતે જ એની આજુબાજુના વાતાવરણમાં પ્રસરતાં હોય છે. એવાં મોજાનું દીર્ઘકાળ ટકવું કે દૂર સુધી જવું ને ગાઢી કે હળવી અસર ઉપજાવવી તે તેની પાછળની સંકલ્પશક્તિ ઉપર અવલંબે છે.

વિચાર એ પણ એક આંતરિક કર્મ છે. જેમ સ્થૂળ કર્મના સંસ્કાર નિશ્ચિત છે, તેમ આંતરિક સૂક્ષ્મ કર્મોના એટલે કે વિચારોના સંસ્કાર પણ નિશ્ચિત છે. આથી જેમ સ્થૂળ કર્મની યોગ્યતાની કાળજી જીવ રાખે, તેમ સૂક્ષ્મ કર્મોની એટલે કે વિચારોની યોગ્યતાની પણ કાળજી સાધકે અવશ્ય જાગૃતિપૂર્વક

રાખવાની રહે છે. વિચારો આપણને ઘડતા હોય છે. આપણું સ્થૂળ આચરણ માત્ર સારું હોય તે પૂરતું નથી.

જે કંઈ વિચારો આપણને ઊઠે તેનો યોગ્ય નિકાલ કરીને પાછા ખાલી કે શાંત થતા રહેવાનો જાગ્રત પ્રયત્ન કરવો ને મનમાં ઉકરડો કર્યા ન કરવો. વિચારોનાં કૂંડાળાં ન કર્યાં કરવાં, તેના વમળોમાં ડૂબી ન જવું.

('જીવનપગથી', આ.૩, પૃ. ૫, ૧૧, ૨૩)

* *

કર્મના સંસ્કારોને લીધે જે જે વિચારો ઊઠે તેના અંકોડા આપણે જોડવાના નથી. વિચારોની સાંકળ ન જોડ્યાં કરવી; તો જ તેનું જોર ને અસર ઘટાડી શકાશે. સાધનામાં આ એક મહત્ત્વની ક્રિયા છે. વિચારપરંપરાને સફળતાથી અટકાવવાની ક્રિયા કરતાં રહીશું, તેટલે અંશે ચિત્તના સંસ્કારોની અસર આપોઆપ ભૂસાઈ જવાની છે. ત્યાર પછી જ આપણે કોરી પાટી (સ્લેટ) જેવા થઈ શકવાના. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૧૧)

* *

આપણે બીજા વિષે અસદ્ વિચારો કરીએ છીએ તો આપણે પોતાનામાં તો તેનાં બીજ વાવીએ જ છીએ, પણ સામાનામાં પણ તેવી ભાવના ઉપજાવીએ છીએ.

વિચારોને પણ સમર્પણ કરી દેવાના છે. વિચારો ન થાય એ ઉત્તમ છે; પણ કોઈ તામસ કે જડતાભરી પ્રકૃતિવાળાને વિચાર નહિ થાય, તો તે વળી પાછું સારું નથી. જેનામાં રજસ પ્રકૃતિ છે, તેનામાં તો વિચારો થવાના જ. સત્ત્વગુણપ્રધાન પ્રકૃતિવાળાને વિચારમાં સ્થિરપણું હશે, ડોલન નહિ હોય, યદ્વાતદ્વાપણું નહિ હોય. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૮૭)

* *

નવી પરિસ્થિતિની છાયા એક વાર સમજાઈ જાય પછીથી કંઈ એના આપણે વિચારો કર્યા કરવાના નથી. વિચારો ન તો એ પરિસ્થિતિ વિષે કરવાના છે કે ન તો તેની આગળપાછળના બનાવો કે સંજોગો વિષે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૯૮)

*   *

નામસ્મરણનો જેટલો વધુ ઝોક રોજની પ્રત્યેક હિલચાલ વેળા અપાતો રહેશે તેટલા પ્રમાણમાં વિચારોનું ને તેના બળનું ઘટી જવું શક્ય બનશે. આ પ્રયોગ અજમાવી જોવા જેવો છે ખરો.

*   *

## વિવેકશક્તિ

પ્રભુ આપણી પાસેથી જે જાતની દિવ્ય જીવનની અપેક્ષા રાખે છે, તેવું જીવન પ્રાપ્ત કરવા માટે વિવેકશક્તિ અનિવાર્ય છે. બુદ્ધિની આ શક્તિનો યોગ્ય રીતે વિકાસ થયો હોય અને તેનો સદુપયોગ કરવાની જ્ઞાનપૂર્વકની ટેવ પડી હોય તો એથી સત્યની સૂઝ પડતી જાય છે; તથા કઈ બાબતને કેટલું મહત્ત્વ આપવું તેની પણ સમજણ પડે છે. આવી સમજણ વિના યથાયોગ્ય જીવન અશક્ય છે.

જીવ ચતુર હોય, હોશિયાર હોય, પણ એનામાં ડહાપણ——જ્ઞાન——ન પણ હોય. સાચા જ્ઞાનનું એક મુખ્ય લક્ષણ વિવેક છે. વિવેક વિનાનું જ્ઞાન અસંભવિત છે. વિવેક વિનાની લાગણી હાનિકારક છે. વિવેકશક્તિ ન હોય તો જીવનનો કોઈ હેતુ, કોઈ કારણ કે ધ્યેય રહેતું નથી.

વિવેકયુક્ત મનોદશા ને વર્તન માટે જે તટસ્થતાની આવશ્યકતા છે, તે તટસ્થતા અનાસક્તિ વગર અસંભવિત છે. તટસ્થતા અને અનાસક્તિ લગભગ પર્યાયવાચક શબ્દો છે, છતાં તેમાં ભેદ છે. તટસ્થતાને એક રીતે અનાસક્તિનું પરિણામ પણ

ગણી શકાય.

મનુષ્યમાં અંતર્ગત રહેલા પરમાત્મતત્ત્વનો પૂર્ણ આવિષ્કાર થવામાં લાગણીનું આવરણ અવરોધકર્તા છે, પણ કદાચ વિશેષ અવરોધ તો બુદ્ધિનું આવરણ કરે છે. બુદ્ધિની પકડ લાગણીની પકડ કરતાં વધુ મજબૂત, આગ્રહી અને દીર્ઘકાળ પર્યંત ટકનારી નીવડે છે. ('જીવનસંદેશ', આ.૨, પૃ. ૧૪૩ થી ૧૪૭)

* *

સાધકના મનમાં ઊઠતાં અનેક જાતનાં બુદ્ધિનાં, મનનાં, લાગણીનાં, પ્રાણતત્ત્વનાં આદિ બળો તેને પરસ્પર વિરુદ્ધ દિશાએ ઘસડી જવા મથે છે, ત્યારે તેનું સમતોલપણું સાચવનાર આ વિવેકશક્તિ છે. તેને તો તે આંધળાને લાકડી સમાન થઈ પડે છે. દંભ અને આત્મવંચના કરનાર જીવમાં આ શક્તિ વિકસી શકે નહિ. પ્રત્યેક વિચાર, લાગણી, ભાવ, વર્તન આદિનું સત્યના જેવી કઠોરતાથી અને ન્યાયના જેવા નિર્દય નિષ્પક્ષપાતથી નિરીક્ષણ કરાવનાર સૂક્ષ્મદર્શક યંત્રની ગરજ વિવેકશક્તિ પૂરી પાડે છે. જીવનના મહાન કોયડાઓ વખતે જ નહિ, પરંતુ રોજબરોજના નાના નાના પ્રસંગોએ પણ આ શક્તિનો ઉપયોગ યોગયોગ્ય જીવન જીવવા માટે કરવો રહે છે. આમ થતાં આ ગુણને લીધે આપણા થનારા રૂપાંતરમાં સહાય મળતી હોય છે.
('જીવનસંદેશ', આ.૨, પૃ. ૧૪૮-૧૪૯)

* *

## વિશ્વમાં અલિપ્ત વિશ્વેશ્વર

(અનુષ્ટુપ)

શરીર આપણું લૂલું ભલે સાધન પાંગળું,
કિંતુ કેવું જરૂરી તે ધર્મને પામવા ઊંડું !

વિશ્વ તેવી રીતે જાણો ઈશનું તે શરીર છે,
શો અવ્યક્ત રહે નાથ સંતાયેલો મહીં બધે !

સંકળાયેલ છે પોતે છતાં તે રચના મહીં,
અને એનાથીયે નોખો પોતે પાછો રહે કહીં.

વિશ્વમાં જ્ઞાન મૂકેલું વિશ્વેશ્વરે કૃપા કરી,
કિંતુ બુદ્ધિ ખીલેલી ના તેથી તે પામતાં નથી.

વાયુ આકાશને કેવો ગૂઢ સંબંધ હોય છે !
વાયુના ગુણદોષોનો સ્પર્શ આકાશને ન છે.

વાયુથી સાવ જુદું હો એમ આકાશ તો રહે,
વાયુ જ્યાં નથી ત્યાંયે તે આકાશ વિદ્યમાન છે.

પ્રભુ એવો રહે વિશ્વે છતાં તેથી અલિપ્ત છે,
છતાં સંબંધ પાસેનો ગાઢ ને ગૂઢ ત્યાં રહે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૩૮, ૧૪૯)

*　　　　　*

સ્વરૂપ પ્રેમનું વ્યક્ત વિશ્વની આ લીલા બધી,
નચાવે પ્રેમ શું સૌને અગમ્ય કોઈ રીતથી !

एक પોતે રહ્યો કેવો છતાં રૂપ अनंत તે,
ઉપજાવ્યાં કરે સૌને અંતર સંકળાઈને.

ગૂઢ અનંતતા કેરું શું રહ્યું બીજ એકમાં !
'અનંત' 'एक' તો ભેગાં શાં રહે સ્નિગ્ધ પ્રેમમાં !

('જીવનપગલે', આ.૧, પૃ. ૯૧)

*　　　　　*

## વૈરાગ્ય અને સંન્યસ્ત

વૈરાગ્ય એટલે સંસારવ્યવહાર પરત્વેની ઉદાસીનતા અથવા બેપરવાપણું એવી સમજણ સાચી નથી. જે જે કાળે, જે પ્રાપ્ત ધર્મ્ય કર્તવ્ય હોય, તેનો યોગ્ય રચનાત્મકભાવે સ્વીકાર કરી, તેનું પાલન કરવામાં સાચા વૈરાગ્યનો કદી વિરોધ ન હોઈ શકે. ઉદાસીનતા વિષે પણ ગેરસમજ પ્રવર્તે છે. જે કંઈ આંતરસત્ત્વની રસવૃત્તિને હાનિ પહોંચાડી શકે તેવું હોય, તે પરત્વેની જ્ઞાનપૂર્વકની જાગ્રત ઉદાસીનતા સહજમેળે પ્રગટ્યાં કરે તે ઉદાસીનતા રચનાત્મક જીવનને વિકાસક ગણાય.

સાચા વૈરાગ્યની ભાવનાદશામાં સમતા, શાંતિ, ધીરજ, તાટસ્થ્ય આદિ સાત્ત્વિક ગુણો પ્રવર્તતા હોય છે. પરિગ્રહ કે અપરિગ્રહ એકેમાં તેવી ભાવનાદશાવાળો અટવાઈ પડતો નથી. જેને તેને તેની યથાર્થતામાં સ્વીકારવાને તે તત્પર રહે છે. જ્યાં પરિગ્રહની યોગ્ય જરૂર હોય તો તેને ઉપયોગભાવે જ્ઞાનપૂર્વક સ્વીકારતાં તેને વાંધો નથી હોતો. ઉપયોગના અર્થમાં જરૂર ન હોય તો તેનો ખાલી પરિગ્રહ કરવાનો શોખ પણ તેને હોતો નથી. જ્યાં જ્યાં આત્મસમર્પણની પ્રગટપણે જરૂર ઊભી થતાં ત્યાં ત્યાં તે તેમ કરવાને ઉદ્યત રહે છે, ને જરૂર વિના અમથો અમથો ત્યાગ કરવાને તે ઉતાવળિયો પણ બનતો નથી હોતો. વૈરાગ્યની સાચી ભાવનામાં તો જેમાં તેમાં સહજપણું પ્રગટેલું રહે છે; તેમાં કશા વિધિનિષેધોને સ્થાન હોતું નથી, કંઈ કશાથી હાલી ઊઠવાપણું નથી, કે ભાગી છૂટવાપણું નથી.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૭ થી ૩૯)

* *

વૈરાગ્યની પ્રણાલિકાના સંસ્કારમાં સંસાર અસાર ને મિથ્યા

છે એવી ભાવના જે પ્રવર્તે છે, તે યોગ્ય નથી. સંસાર તો જેને શીખવું છે, તેને માટે પ્રત્યક્ષ ગુરુ છે, તે મિથ્યા ન હોઈ શકે.

(‘જીવનસંદેશ’, આ.૨, પૃ. ૨૦૨)

*    *

વૈરાગ્યને અને જીવનને પ્રાપ્ત થયેલા ધર્મ્ય કર્તવ્યને ક્યાંયે વિરોધ નથી.

જે જાતનું નિમ્ન જીવન આપણે જીવી રહ્યા હોઈએ તેમાંથી ઉપરામવૃત્તિ જાગે, તે પ્રતિ અરુચિ જાગે તો આવા પ્રકારના વલણને એક પ્રકારનો વૈરાગ્ય ગણી શકાય.

(‘જીવનપોકાર’, આ.૪, પૃ. ૨૯૮)

*    *

શાસ્ત્રોમાં વર્ણવાયેલો સંન્યસ્તનો ધર્મ ને હમણાં સાધારણપણે આચરાતો સંન્યાસીનો ધર્મ, એ બંનેના પ્રકારમાં આસમાનજમીનનો ફરક છે. ગીતાનો સંન્યાસ તે વૃત્તિનો સંન્યાસ છે. ગીતાનો ધર્મ મળેલી પરિસ્થિતિ અને મળેલા ધર્મથી ભાગવાની સ્પષ્ટ ના પાડે છે. તેને તે કાયરતા ગણે છે. જે કંટાળીને, ત્રાસીને ભાગે, તે ધર્મના હૃદયને પામી શકતો નથી.

(‘જીવનપોકાર’, આ.૪, પૃ. ૩૬૭)

*    *

કોઈ પણ બાબતની આપણને આસક્તિ ન રહે, રાગ ન રહે, મન કોઈ વાતમાં ચોંટી ન રહે, પ્રાણ કશાની કામના ન કરે એનું નામ વૈરાગ્ય. વૈરાગ્ય એટલે શ્રીભગવાનના ચરણકમળે હૃદયના સંપૂર્ણ ભાવે આસક્તિ.

સકળ કર્મ કરવા છતાં એમાં પૂરેપૂરી સંન્યાસવૃત્તિ એટલે સર્વ કર્મનો પૂરો સંન્યાસ. વ્યુત્પત્તિ પ્રમાણે તો એનો અર્થ એમ

થાય કે 'સારી રીતે, સંપૂર્ણપણે, યોગ્ય રીતે 'ડિપોઝિટ' કરવું અથવા મૂકી દેવું તે'; એનો સીધો સાદો અર્થ તો એ કે બધાં કર્મો ભગવાનને સમર્પણ કર્યાં કરવાં, એનું નામ સંન્યાસ. પેઢીનો મુનીમ લાખો કમાય અને લાખો ગુમાવે તે બધાનો હવાલો તો એ પેઢીને સોંપી દે છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૦, ૪૨)

* *

## વૃત્તિઓ

વૃત્તિ એટલે ગતિ. જો આપણને સાચી વૃત્તિ—ગમે તે પ્રકારની તે હો—જાગી હશે તો તે ગતિ કરાવશે જ. એવી ગતિ જાગે તો સમજવું કે વૃત્તિ જાગી છે. બાકી તો માત્ર સામાન્ય લહરી—વૃત્તિની લહરી—આવીને પસાર થઈ ગઈ એમ પ્રમાણવું.

પ્રભુએ આપણને અનેક વિધવિધ પ્રકારની વૃત્તિઓ બક્ષી છે. તે બધીયનો દિવ્ય હેતુ છે. વૃત્તિની પાછળનો જ્ઞાનપૂર્વકનો હેતુ માનવી જો પ્રીછી શકે તો કુદરતની એ તો એક મોટી ભેટ છે, એવું એને જ્ઞાન થાય.

આપણી વૃત્તિઓને, આપણે કેન્દ્રિત કરવાની રહે છે. જો તે વેરવિખેરપણે વહેંચાયેલી દશામાં પ્રવર્તશે તો તેનું બળ ઘટી જશે. તે પોતે જ આપણને મદદરૂપ બને તેમ અંતે તેમનું નિયમન થઈ જવું રહે છે. આપણે તેના નચાવ્યા નાચવાનું મૂકી દેવું પડશે.

* *

આપણી સર્વ વૃત્તિઓનો જીવનમાં સમન્વય કરવો પડશે. ભલેને એ બધી વૃત્તિઓ આમથી તેમ સ્વચ્છંદપણે પ્રવર્તતી હોય તોપણ જો એકાદ કોઈ એવી ભાવનામાં ખૂબ દૃઢપણે ને તેના ઉત્કટપણામાં જામી ગયેલા થતા જઈશું, તો આપોઆપ બીજી વૃત્તિઓનું જોશ નરમ પડી જવાનું જ છે. જ્યારે આપણે અત્યંત ક્રોધ ભરાયેલા હોઈએ છીએ, ત્યારે બીજી વૃત્તિઓ શાંત થઈ

ગઈ હોય છે ને ક્રોધની વૃત્તિ જ મોખરે તરવરીને આપણો કબજો લઈ લેતી હોય છે; અથવા તો કોઈ ભારે ગૂંચવાળા કોકડામાં તેને ઉકેલવાને માટે ખૂબ એકાગ્ર થયેલા હોઈએ છીએ, ત્યારે પણ એક વૃત્તિ મોખરે રહે છે. એટલે જો આપણે બીજી વૃત્તિઓને મોળી કરવી હશે, તેમનું સ્વચ્છંદીપણું મિટાવવું હશે તો સાધકે તેના ધ્યેયની ભાવનામાં ખૂબ ઉત્કટભાવે વળગ્યાં રહેવું જોઈશે. તે વિના ધ્યેયની પ્રાપ્તિ થવી શક્ય નથી.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૦૧)

*　　　　　*

## વૃત્તિનો ઉપયોગ

(અનુષ્ટુપ)

વૃત્તિથી આવરાતો જે વૃત્તિથી કેમ ઊગરે ?
એવાને તો વિના વૃત્તિ બીજું તે કેમ સૂઝશે ?

વૃત્તિ કેરા વળાંકોમાં કેવી શી લહરી ઊઠે !
પોતે ત્યાં મહાલતો કેવું એનાથી પરખાય તે.

ઊઠતી સર્વ વૃત્તિઓ 'પોતે કેવા' જણાવશે,
તેથી જે વૃત્તિને પૂરી બેસે સાચવી, તે જીવે.

વૃત્તિથી જે લહેરાય, તે સંકોચાય વૃત્તિથી,
વૃત્તિને શક્તિ માની જે કામ લે, જીવતો નકી.

બને વૃત્તિ તણો દાસ વૃત્તિમાં જે તણાય તે,
બુડાડે વૃત્તિ એને તો ઊંચે તે આવવા ન દે.

વૃત્તિથી હીર ખોવાય, જીવન-નૂર વૃત્તિ શું !
વૃત્તિથી સૌ કમાવાય, સાચું હો હીર આપણું.

વૃત્તિ સાંભળજો* તેથી ચગી ના વૃત્તિથી જશો,
વૃત્તિને કામમાં લેજો લાભ મેળવશો પૂરો.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૧૨૫-૨૬)

*　　　　*

(મંદાક્રાન્તા)

વૃત્તિઓ તો કંઈક ઊઠતી ભોરમાં ઝાકળે શું !
એનાં બિંદુ પ્રથમ કિરણે લુપ્ત થાતાં દીસે સૌ.

*　　　　*

વૃત્તિઓ જે મન મહીં થતી તે કરી સૌ નિહાળ્યા,
-ક્યાં ક્યાં એનું અવળુંસવળું પારખી લેવું ત્યાં ત્યાં;
જ્યાં જ્યાં એની અવળી ગતિ ત્યાં ના જવું એની પૂંઠે,
એવી રીતે રહી નીરખતાં, કામ લ્યો એની સાથે.

*　　　　*

મિનારાઓ લાખો જગજન ચણે વૃત્તિઓ લૂલીથી તે;
સમો આવે ત્યારે કડકભૂસ થૈ તે મિનારા પડે છે.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૧૪૪, ૧૪૮)

*　　　　*

## વ્યક્ત-અવ્યક્ત

(ઝૂલણા)

વ્યક્ત-અવ્યક્તના ભેદ વાણી તણા, સત્ય હકીકતરૂપે તે ન જુદા,
ભેદ-અભેદના ભાવમાં ફેર છે, તત્ત્વરૂપે કશો ફેર ત્યાં ના.

સચ્ચિદાનંદની જે સ્થિતિમાં રહે, વ્યક્ત એને કહી તે શકાયે,
એ થકી પારની જે અનુભવ-દશા, વ્યક્ત કો'થી કરી ના શકાયે.

---

* સંભાળજો

મન અને ઇન્દ્રિયો, ચિત્ત ને પ્રાણથી, હૃદય-આધારથી જે જણાયે,
વ્યક્ત એ સમજવું, વ્યક્ત સૌ ભાવ એ, હૃદયના ભાવથી તે જણાયે.

ભાવનાનું ઘનીભૂત થવું એ જ છે, ચિત્તના ક્ષેત્રની સીમ માંહે,
કલ્પના ચિત્ત-વ્યાપારનો ભાગ છે, કલ્પનાતીત છે **ભાવ** રસ તે.

વ્યક્ત તેથી ખરે ! ચિત્તથી પર વસે, જાણજો **વ્યક્ત** તો **ભાવરસ** તે,
વ્યક્તનું રૂપ તે તે છે કશું ના કશે, ભાવશું એકલા તત્ત્વરૂપે.

તે મનેંન્દ્રિય પરે, ચિત્ત વૃત્તિ પરે, લાગણી ભાવનાથી પરે છે,
વ્યક્ત તે ભાવથી અનુભવે આવશે, લક્ષથી અલખ માંહે જવાશે.

વૃત્તિ તો લહરી છે, ભાવના રૂપમાં, ફેરવાવી ભરો પ્રાણ એમાં,
ચેતનારૂપ એ આપ બનશે તદા, ચેતનાને કરો શક્તિરૂપે.

શક્તિનું હૃદય તે વ્યક્તનો ભાવ છે, ત્યાં બધા ખેલ ને રમત ખેલે,
કલ્પનાતીત છતાં કલ્પનાગમ્ય છે તેથી તે પકડમાં આવી શકશે.

જે થયો સ્થિર પ્રજ્ઞા વિષે ભક્ત તે, વ્યક્ત સૌ ભાવ કેરા પ્રદેશે,
જે ગુણાતીતની છે દશા વર્ણવી તે અવ્યક્તે જરા કંઈ પ્રવેશે.

બ્રહ્મ, પરબ્રહ્મ, પરમાત્મ ભાવે હૃદે વ્યક્તના ભાવમાં તે રહ્યો છે,
પરમ પુરુષોત્તમે જે દશા પામશે તે અવ્યક્તે જશે ભાવ પર થૈ.
સૂક્ષ્મથીયે ખરે સૂક્ષ્મ તે ભેદ છે વ્યક્ત અવ્યક્તના કોઈક જાણે,
મૂર્ખ અજ્ઞાનીના યત્ન ત્યાં વ્યર્થ છે ના કશું ત્યાં ગજું રાંકનું છે.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૧૫૪ થી ૧૫૬)

*　　　　　*

## વ્યષ્ટિમાં સમષ્ટિનો ઉકેલ

જીવનની સાધના એ કંઈ જીવનથી નોખાપણે નથી. સમગ્ર જીવનને જીવવાના કોઈ એક કાળથી જેમ નોખું પાડી શકાતું

નથી, અથવા તો જીવનના કોઈ એક પાસાને કે જીવનના કોઈ એક Mood-(ભાવતરંગ-ઉત્કટ લાગણી ભરેલી વિવશતા)-ને તેના તેના સમગ્રપણામાંથી તદ્દન અલગપણે આપણે છૂટો પાડી શકતા નથી, તેમ સાધનાનું પણ સમજવાનું છે. ‘જગત સાથે આપણે શી લેવાદેવા છે ? જગત જગતનું ફોડી લેશે’ એવી માન્યતા ભ્રમભરેલી છે. પ્રત્યેક વ્યક્તિ જગત સાથે સંકળાયેલી જ છે, કોઈ કોઈનાથી વાસ્તવિકપણે જુદું થઈ શકતું જ નથી— જો કે જ્યાં સુધી જીવનની સાધનામાંથી એક પ્રકારની સમાધાનવૃત્તિ ન ઊગી હોય, ત્યાં લગી આપણે સાધનાર્થે એકાંતમાં કે એકાગ્રપણામાં કે એકાંગીપણામાં ભલે તન્મય રહ્યાં કરીએ તે સમજાય તેવું છે; (ત્યારે પણ જે જે વખતે જે પરિસ્થિતિ ઊઠે એને નકારી તો શકાય જ નહિ) જગત આપણાથી જુદું છે એમ કલ્પવું, માનવું કે સમજવું તે યોગ્ય પણ નથી. આપણે જગતમાં છીએ ને જગતમાંના એક છીએ તે પણ ખ્યાલમાં રહેવું ઘટે છે. જગતના અનેક પ્રશ્નો અને સમસ્યાઓ પોતપોતાનો ઉકેલ માગી રહેલાં છે. તેનો ઉકેલ આણવાને આપણે અધીરાં ન બનીએ; સ્વસ્થતા, ધીરજ રાખીએ; પણ કદીયે એની ઉપેક્ષા તો ન જ કરીએ. આપણા પોતાના જ જીવનમાં અનેક પ્રકારના પ્રશ્નો અને સમસ્યાઓ અણઉકલ્યાં રહેલાં છે. જેટલા પ્રમાણમાં જ્ઞાનભક્તિયોગપૂર્વક એનું નિરાકરણ આપણે કરી શકીશું તેટલા પ્રમાણમાં જગતના પ્રશ્નો પણ હલ કરવાની ચાવી આપણને મળતી રહેવાની છે; એટલે કે જગતના પ્રશ્નો પણ તેટલા પ્રમાણમાં હલ થતા આવ્યા સમજવાના છે. જે પોતાના જ જીવનને પૂરું સમજી શક્યો નથી, સમગ્રપણામાં અનુભવી શક્યો નથી, તેવો જીવ જગતની સમસ્યાઓનો ઉકેલ કદી પણ કરી શકે નહિ.

(‘જીવનસંદેશ’, આ.૪, પૃ. ૨૮૭-૮૮)

*   *

## શક્તિનાં રમકડાં

(શિખરિણી-મંદાક્રાંતા)

ઘડાયે છે, જે જે નિજ જીવનમાં દુઃખને શીર્ષ વ્હોરે,
ઘડાયે છે, જે જે અવર જનને કારણે યજ્ઞ માંડે;
ઘડાયે છે, જે જે નિજ જીવનને પ્રેમભાવે સમર્પે,
ઘડાયે છે, જે જે નિજ જીવનને ભેટ માની જ વર્તે.

ઘડાયે છે, જે જે નિજ જીવનમાં ટોચ આદર્શ રાખે,
ઘડાયે છે, જે જે નિજ જીવનને લક્ષ્યવેધી બનાવે;
ઘડાયે છે, જે જે નિજ જીવનના હેતુ કાજે જીવે છે,
ઘડાયે છે, જે જે સતત નિજનો ભાવ એમાં ધરે છે.

જનો જેને સેવા અવર જનની માનતા તે મહીંયે,
—કંઈ રાગ-દ્વેષો તહીં પડી રહ્યા કોણ જાણી શકે તે ?
મહત્ત્વાકાંક્ષાએ નિજ હૃદયની શુદ્ધતાથી ભરેલી,
—પડેલા સેવામાં નિજ જીવનના તત્ત્વનું શ્રેય પામે.

ખરો સેવાર્થી તે નિજ મન સદા જે ઉકેલ્યાં કરે છે,
થરો કેવા કેવા મન મહીં ભર્યા, તે સદા જે નિહાળે;
નિહાળ્યાથી એવું કંઈ નહિ વળે ખાલી જો તે નિહાળે,
ઘડાશે એવો જે વિરલ વીરલો યુદ્ધ તે સાથ માંડે.

નથી સેવા પોતે નિજ પટ મહીં એકદેશીય ક્યાંયે,
રહ્યાં સેવામાંયે વિવિધ રીતનાં લક્ષણો, ક્ષેત્ર, દિશા;
ખરી સેવા એ તો નિજ જીવનને સર્વતોમુખી રાખે,
રૂંધી ના રાખે કો નિજ જીવનની એક બાજુ મહીં તે.

કરે સેવા પોતે અવર જનની તે જ જે સત્ય માને,
થતી સેવા કેવી નિજ જીવનની તે ન તેઓ તપાસે;
વરેલા છે જેઓ નિજ જીવનમાં સત્યને કોઈ રીતે,
તહીં તેઓ સત્યે નિજ જીવનમાં સર્વ અંગો તપાસે.

કરે છે સેવા જે નિજ જીવનમાં માત્ર સેવાની કાજે,
નથી કોઈ વાંછા અવર પણ કૈં એક સેવા વિના ત્યાં;
કદી જો તે સેવા પણ નવ કરે સર્વઅંગી વિકાસ,
રહેલી ત્યાં ખામી કહીં પણ કંઈ જાણી લેવી ઘટે જ.

('જીવનપગલે', આ.૧, પૃ. ૩૯-૪૦)

(મંદાક્રાન્તા)

'પોતે જે જે કંઈક કરતા તે જ છે માત્ર સાચું',
તે વિનાનું અવર કંઈ જે સત્યની ખામીવાળું;
'પોતા વિના ભ્રમિત મતિનાં જે બીજાં ચાલનારાં',
સેવાભાવી કંઈ કંઈ દીઠા માન્યતા એવી વાળા.

જેણે સાચું નિજ જીવનનું કાર્ય જે ઊર્ધ્વગામી-
માન્યું; તેમાં નિજ જીવનનું સર્વ કાંઈ સમર્પ્યું;
છોને ફાવે કંઈ પણ ભલે ક્ષેત્ર તે હો ગમે તે,
સેવા એવો પણ જગતની એની રીતે કરે છે.

જેનાથી કૈં જગત પરનાં સર્વ સામાન્ય એવાં,
જેઓ જેઓ નિજ જીવનમાં કૈંક સામર્થ્ય પામ્યાં;
એવી શક્તિ ગૂઢ, સકળને જે રમાડી રહી જ્યાં,
તે શક્તિનાં સહુ રમકડાં આપણે તો બિચારાં.

('જીવનપગલે', આ.૧, પૃ. ૪૧)

*　　　　*

## શરીરનું મહત્ત્વ

શરીર તો આપણું ભારે રક્ષણકર્તા છે. આપણી આસપાસના વાયુમંડળમાં વાસનાથી ભરેલાં સૂક્ષ્મ તત્ત્વો એટલાં બધાં છે કે, જો આપણને ભગવાને શરીર ન આપ્યું હોત તો તે બધાં આપણામાં પ્રવેશીને આપણને તેમનું એક મૂઢ હથિયાર બનાવી દઈને પોતાની વાસનાઓ સંતોષીને આપણું અધઃપતન કરાવત. આપણું શરીર પાર્થિવ તત્ત્વનું છે, ઘન છે; જ્યારે પેલાં અનિષ્ટ તત્ત્વો વાયુરૂપ-પ્રવાહી, બદલાતા આકારવાળાં હોઈ આપણા શરીરના સ્થૂળ તત્ત્વ સાથે અથડાઈને નિષ્ફળપણે પાછાં ફરે છે. આપણને કામ કે ક્રોધની જોરદાર વાસના થાય છે, ત્યારે તેમને રોકીને શરીર આપણું રક્ષણહાર થઈ પડે છે; જો આમ ન બનતું હોત તો કોણ જાણે આપણે આપણું જ કેટલુંયે નુકસાન કરી બેસત !

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૪૪)

*　　　　　*

સાધનાની શક્યતા શરીરને, માનવદેહને આભારી છે એટલે તો ખુદ દેવો પણ માનવદેહ વાંછતા હોય છે. મુક્તિ માનવદેહમાં જ શક્ય છે.

*　　　　　*

શરીરને જાણી જોઈને કષ્ટવાનું ન હોય તેમ તેનાં લાલનપાલન કરવાનાં પણ ન હોય. મધ્યમ માર્ગ સારો.

*　　　　　*

## માનવદેહ

(અનુષ્ટુપ)

માળખું માનવીનું જે મળ્યું તે પ્રભુની કૃપા,
હું તો માન્યાં કરી હૈયે એને શી કરું વંદના !

જીવન માનવી કેરું શ્રેષ્ઠ સૌ યોનિની મહીં,
જીવન માનવી વિના મુક્તિ કો જીવને નથી.

મનખાદેહ સદ્‌ભાગ્યે મળેલો ચેતવા હૃદે,
કૃપા રાખી ઊંડો ખ્યાલ યાચું તે જીવજો હૃદે.

(‘જીવનપાથેય’, આ.૩, પૃ. ૬)

‘માનવી જિંદગી કેવી પ્રભુની ભેટ !’ જાણીને,
એને સર્જાવીને પૂરી સાર્થ તે કરજો પદે.

જીવન સાધવા કાજે કર્મ જેવું મહત્ત્વનું,
આત્માની સાધના કાજે જરૂરી તેવું ખોળિયું.

(‘કર્મગાથા’, આ.૧, પૃ. ૧૫૭, ૧૬૨)

પ્રેમની સાધના દિવ્ય માનવી જ કરી શકે,
યોનિમાં બીજી કોઈયે થવી શક્ય ન તે દીસે.

દુર્લભ માનવી જન્મ તેથી તો જગમાં ગણ્યો,
કૃપાથી એવું પામેલાં; એને શું રોળી નાખવો ?

(‘પુનિત પ્રેમગાથા’, આ.૨, પૃ. ૪૭)

સર્વ પ્રતિકૃતિઓમાં માનવીની પ્રતિકૃતિ,
સર્વ રીતે પૂરી શ્રેષ્ઠ જાણવી પ્રભુની કૃતિ.

ઓળંગી સર્વ મર્યાદા અમર્યાદપણા વિષે,
જીવન માનવી કેરું ધન્ય પ્રવેશતાં થશે.

પ્રભુનો પ્રેમ લેવાને જન્મેલાં આપણે છીએ,
તે વિના કો બીજો હેતુ છે ના જીવનનો ખરે;

નિષ્ઠા જેને પૂરેપૂરી એવી બેઠેલી છે હૃદે,
માનવી જન્મની શી તે યથાર્થતા પિછાનશે !

માનવી જીવને માત્ર સૌ વિકાસ થવા તણી,
—શક્યતાઓ ભરેલી છે ધન્યતા તેથી એની શી !

('જીવનપગલે', આ.૧, પૃ. ૧૦૧, ૧૦૩)

*　　　　　　*

## શ્રેષ્ઠ માનવ-યોનિ ને પ્રભુકૃપા

(અનુષ્ટુપ)

યોનિમાં વિશ્વની સર્વ માનવી-યોનિ શ્રેષ્ઠ છે,
તે વિના શક્યતા બીજે ઈશને પામવા ન છે.

જીવન માનવીનું તે એવું દિવ્ય પવિત્ર હા !
બિચારો માનવી કિંતુ પ્રીછે એનું મહત્ત્વ ના.

ઘરેડે માનવી કેવું જીવે નિર્માલ્ય જીવને,
છૂટા હાથે પ્રભુએ તો માનવીને દીધું દીસે.

શી કૃપાળુ પ્રસાદી એ મળી માનવી જીવને !
કિંતુ પામરતામાં શાં સડ્યાં તો માનવી કરે !

તોયે પ્રભુ દયા લાવી માનવીને જગાડતો,
આઘાતો કૈંક અર્પીને જીવ-ને તે મથાવતો.

માનવીને ઊંડી રીતે પ્રભુ ચેતાવવા કરે,
ગૂઢ યુક્તિ-પ્રયુક્તિથી કલ્પનામાં ન જે ચઢે.

કારમાં યુદ્ધ પ્રેરાવી, કારમા રોગ આપીને,
કારમો કાળ જન્માવી એને જગાડવા કરે.

બેળે બેળે ઘણાં ઊંડાં મંથનો, દુઃખ પ્રેરીને,
વિચારો જગવી મૂકે માનવીમાં ઊંડું હ્રદે.

શ્રદ્ધા પ્રેરવવા હૈયે જીવતી માનવી હ્રદે,
કરતૂકો પ્રભુ કૈંક એવાં એવાં કર્યાં કરે,
પ્રભુનો હેતુ તે કિંતુ ઊગે ના માનવી દિલે,
ધક્કેલી દે પ્રભુને તે; છતાં તે તો કૃપા કરે.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૧૪૬-૧૪૭)

*                    *

## શરણભાવ

શરણ એટલે ગુલામી નથી. એવો વિચાર તે અજ્ઞાન છે. જ્ઞાનપૂર્વક પૂર્ણપણે જે આધીન થવાનું સ્વીકારે છે, એને અનેક પ્રકારના લાભો સહેજે મળે છે. મનની ટેવોને પલટાવવામાં શરણાગતિ મોટી મદદ કરે છે. મનના આગ્રહો પણ છૂટે છે. પોતાની સમજણ, ગણતરી, પોતાનું માપ, સુખ, પોતાનો અહંકાર, પોતાની બુદ્ધિ—આ બધુંયે, જો સાચી રીતે શરણે જવાય યાને આધીન થવાપણું સ્વીકારે તો, આપોઆપ ગળી જાય; અને એ સ્થિતિમાંથી જો આપણે પસાર થઈ શકીએ તો આપણને જે આધ્યાત્મિક લાભ થાય એની ગણના તો સારી દુનિયાની સમગ્ર મિલકતથી પણ થઈ શકે તેમ નથી. આધીન થવાપણામાં તો જીવનવિકાસ છે. આત્માનું સુખ શરણે ગયા વિના મળવું કદી શક્ય નથી.

આવી શરણાગતિ એકાએક ને આપોઆપ સાધકને કદી સાંપડી શકતી નથી. તે માટે પ્રયત્નપૂર્વક પ્રયાસ કરવો પડે છે. આની તાલીમ સંસારવ્યવહારક્ષેત્રે વડીલોના કહ્યામાં રહેવાથી મળી રહે છે. જો ત્યાં આપણને આધીન રહેવાની ટેવ જ્ઞાનયુક્તપણે

સાંપડી હશે તો તે પછી આધ્યાત્મિક ક્ષેત્રે પણ કાર્યસાધક થયા વિના નહિ રહે. વડીલોને આધીન જે રહી શકેલો છે, તેને ગુરુનું આજ્ઞાપાલન સહજપણે શક્ય બને છે. આવું આધીન થવાપણું જે કરવાનું છે તે પોતાના વિકાસાર્થે, જીવનયજ્ઞાર્થે ને નહિ કે કોઈને ખુશ કરવા. વળી જો શરણે જવાની ભાવના કેળવવામાં, રાખવામાં ને તેમ વર્તવામાં દુભાયેલા દિલે, કંટાળાભરી રીતે, નાછૂટકાની રીતે, હારીને કે નિરાશ, દુઃખી થઈને તેમ કરવાનું બન્યું તો આપણને તે ઊલટાં કચરાવાનું બનશે; હળવાં ફૂલ જેવાં નહિ રહી શકીએ. સામાનું કહ્યું કરવામાં કેટલા પ્રમાણમાં ઉલ્લાસ, ઉમંગ ટકે છે, ને ઉત્કટતાવાળી મનોભાવનાથી ને કેવા હેતુથી તે કરીએ છીએ તે જોવાનું રહેશે.

(‘જીવનપાથેય’, આ.૩, પૃ. ૪૨-૪૩)

*                    *

મેંદી સારી પેઠે કઠણ પથ્થર પર વટાઈ-વટાઈને સાવ એકરસ લોંદા જેવી બની જાય છે, ત્યારે તે ચરણસ્પર્શ થવાને ને રંગ નિપજાવવાને યોગ્ય ઠરે છે. પારો અગ્નિમાં પૂરેપૂરો પરિપક્વ થતાં એની ભસ્મ ભારે ગુણકારી નીવડે છે. સોનું ભઠ્ઠીમાંના સખત તાપમાં ભસ્મ બનતાં તેનો ગુણ શરીરમાં શક્તિ પ્રગટાવવાનો બને છે; એવી રીતે જે સાધકને જીવનસાધના કરવી છે, તેણે તો શરણાગતિની ભાવના કેળવીને પોતાની જાતને, અહમ્‌ને ટાળી દઈને માટીના લોંદા જેવા થઈ આકાર પામવાને યોગ્ય સ્થિતિ પ્રાપ્ત કરવા માટે પોતાના માની લીધેલા સ્વતંત્રતાના ખોટા ખ્યાલો ખંખેરી નાંખીને પૂર્ણ આધીનપણામાં પ્રગટવું પડશે. ને તો જ તેનું ખરું સત્ત્વ પ્રકાશી ઊઠશે ને પોતે પરિપક્વ બનીને પછી બીજાંને ઉપયોગમાં સાચી

રીતે આવવાને લાયક બની રહ્યો હશે.

('જીવનસોપાન', આ.૩, પૃ. ૨૨૯-૩૦)

*　　　　　　*

## શ્રેષ્ઠ ખલાસીને ભરોસે

(ગઝલ)

વહેવા દો, વહેવા દો, પવન પૂરપાટ વહેવા દો,
હૃદયના સ્નેહનો ભાવ-પવન પૂરપાટ વહેવા દો.

સહુ દોરો મૂકો છૂટા કરી ખુલ્લા બધા સઢ દો,
મૂકી દો નાવડી ઝૂકવી ખલાસીને ભરોસે સૌ.

ભલે તોફાની હો દરિયો ભલે વા સર્વ ફૂંકાતાં,
ભલે પછડાતી હો નૌકા, છતાં અમને નથી ચિંતા.

અમારો જે ખલાસી છે સમુદ્રો સર્વ ખેડેલો,
સમુદ્રોનોય રાજા છે, અમે નિશ્ચિંત તેથી તો.

હશે નિશ્ચય ઊંડો એવો હૃદય જેને થયેલો તે,
કશે ના તે અટકવાનો, નહીં તે ક્યાંય અટવાશે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૧૭૩)

*　　　　　　*

## સાચો શરણભાવ

(વસંતતિલકા)

વિદ્યા નથી, બળ નથી, નથી દામ હામ,
એવા ઢળ્યા-શરણની પ્રભુ ! લાજ રાખ.

જાણીબૂજી જડ રહે બળ સર્વ છોડી,
—પોતે પૂરો હૃદય નિર્બળ તે બનીને,

—જો આશરો પ્રભુ તણો સહુ વાતમાં લે,
એને પ્રભુ કદીય છોડી ન દે કહીંયે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૪૮)

*          *

## શંકા

જે કંઈ શંકા થાય તે જરૂર લખજો. એને મનમાં ભરી રાખવાથી ફાયદો નહિ થાય. ઊલટું આ માર્ગે તો તેથી નુકસાન છે. શંકાનું બુદ્ધિથી નિવારણ શક્ય હોય તો કરી લેવું સારું. મનમાં ઊંધી સમજણ ભરી પડી હોય ત્યાં સુધી તે સાચી શ્રદ્ધા ઊપજવા નહિ દે. શંકાની વૃત્તિ સત્યને પકડવા માટે છે, જાણવા માટે છે, અનુભવવા માટે છે, અને તે સાધકની પ્રવૃતિમાં ઠીક ઠીક ઘણા લાંબા સમય સુધી ટકી રહેતી હોય છે. તે વૃત્તિમાં આમ તો કશું પણ ખોટું ન ગણાય. પરંતુ તેનો અતિરેક થતાં નુકસાન પણ કરી બેસે છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૨૩૩-૩૪)

*          *

શંકાનું બીજ તો સાધનાની ઊંચી સ્થિતિમાં પ્રગટેલા સાધકના મનમાં પણ ટક્યા કરે છે. એને પોષણ મળી જાય એવી રીતે ન વર્તવું જોઈએ. સંશય ઊઠે ત્યારે સાધકે પૂરી તટસ્થતા જીવતી-જાગતી રાખવાની છે. સંદેહના વિષયનો બારીકાઈથી અભ્યાસ કરવો, તેનું મૂળ પકડાય તો પકડવું. તેનાથી પ્રેરાઈને નિર્ણય ન કરી લેવો. તેવા વિચારની પરંપરા ન જાગ્યા કરે તેની સાવચેતી રાખી શકાય તો તે પણ ઉત્તમ. શંકા અને સંશયને લીધે જો તે પ્રકારના વિચારો જાગ્યા કર્યા, તો તેને ટેકો આપવાપણું થયું ગણાય, અને એથી એનું જીવન પણ લંબાવાનું. શંકા અને સંશયનાં જોશ, વેગ ને ગતિ ઘટે તેમ આપણે વર્તવું.

કેટલીક વખત શંકા આપણને કંઈક સાચું બતાવવાને માટે

પણ પ્રગટે છે. તે વેળાએ શાંતિ, સમતા, તટસ્થતા આદિ પ્રગટેલાં રહ્યાં કરે તો તેમાં ભેરવાઈ પડવાનું ન બને, શંકાના વિષયના બન્ને બાજુના વિચાર સમતુલાથી તટસ્થભાવે કરી શકાય—જો તટસ્થતા રહી શકે એવી ત્યારે શક્તિ હોય તો.

('જીવનમંથન', આ.૨, પૃ. ૨૩૫, ૨૩૬, ૨૭૦)

*    *

## શંકા-સમાધાન

(અનુષ્ટુપ)

શંકા જે મનમાં જાગે તેનો સૌ તોલ પૂરતો,
—ચારે બાજુ તણો ઊંડો સાધકે કરવો રહ્યો.

જેવો ખ્યાલ ઊઠે તેના જેવું જીવનમાં કશું,
—પેલાના સ્વાર્થરૂપે કૈં રહ્યું શું ? તે વિચારવું.

જો ના તેવું જડે તેમાં તો બુદ્ધિ તણી વક્રતા,
ઊંધું તે જોવડાવે છે, માનવાપણું એવું ત્યાં.

શંકા ઊઠ્યા પ્રમાણે તો હેતુ શા કાજ ત્યાં હશે ?
ઘટે વિચારવું પૂરું તે વેળા આપણે હૃદે.

કેવા પ્રકારનો વિશ્વે માનવી એવું તે કરે ?
બુદ્ધિ કામે લગાડીને તોળવું સર્વ બાજુએ.

એવા પ્રપંચવર્તીનાં લક્ષણો જીવને કદી,
પરખાયાં વિના ના રે' કોઈ ને કોઈ રીતથી.

પૂર્વજીવનની છાયા એવાની કેવી છે બધી,
તેનાથી તોલ તો પૂરો તેનો આવી શકે સહી.

માનીએ તેથી કૈં બીજું હોવા સંભવ હોય છે,
ન મનાય છતાં તેમાં ઊંડું ધારી ન બેસવું.

સારગ્રાહી થવા સારુ ખુલ્લું પૂરું રહ્યાં જવું,
સાત્ત્વિક નમ્રતા હૈયે ધારી સૌ, પ્રેમ રાખવો.

નમેલું એક બાજુનું પલ્લું જો રાખવું ચહો,
સત્ય બાજુ નમેલું તે રહેતું હો, ભલે રહો.

સત્યની શક્યતાઓ સૌ સત્ય પાસે ભલે રહે,
સત્યને પામવા સૌથી મથો પ્હેલાં જ આપણે.
પ્હેલાં મથવું આપણે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૨૧-૨૩-૨૪-૨૫-૨૭)

* *

**સમર્પણ**

સાધનામાર્ગમાં સમર્પણ એક ઉત્તમ પ્રકારનું સરળ, સહજ સાધન છે. પ્રત્યેક કર્મ, વિચાર, વૃત્તિ, લાગણી, ભાવના, ભાવ, પ્રાણનો આવેશ, આવેગ, કામના, આશા-તૃષ્ણા, લોલુપતા, અહમ્ ને બુદ્ધિના જડ આગ્રહો, મનના ગમા-અણગમાઓ ને સમજણો આદિ સાધકે સકળ કંઈ જાગૃતિ રાખી રાખીને શ્રીભગવાનને ચરણે પ્રેમભક્તિપૂર્વક સમર્પણ કર્યા કરવાનાં છે. આવું સમર્પણ કંઈ એકદમ થઈ જઈ શકતું હોતું નથી. એ તો ધીમે ધીમે ક્રમશઃ થયાં જવાનું,—અલબત્ત સાધક તે અંગેની જાગ્રત તકેદારી રાખે તો. શરૂમાં તો પોતે પોતાને સમર્પણ કર્યાં કરવાનું છે. ('જીવનસોપાન', આ.૩, પૃ. ૧૮૩)

* *

સમર્પણની ભાવનાનો સ્થૂળ અર્થ આપણે છોડવો ઘટે. સમર્પણની ભાવનાનો વિસ્તૃત અર્થ તો એ છે કે જે તે કંઈ બધું

ભગવાનનું જ છે. તે તે બધું એની રીતે, એની ભાવનાવાળા જીવનમાં, અને એવા જીવનને વધુ ને વધુ દિવ્ય જીવનમાં પ્રગટાવવાને માટે, ને તે બધાંનો જ્ઞાનભક્તિપૂર્વકનો ઉપયોગ તેવી તેવી ભાવના, દૃષ્ટિ ને વર્તનથી થયા જાય અને પાછું તે પણ એને જ બધું સોંપાયા કરાય એનું નામ સમર્પણ. સ્થૂળ (ધન વગેરે) બધું આપી દીધા પછી પણ આપણાથી, સમર્પણભાવે વર્તન ન બન્યાં કરતું હોય તો એવું સ્થૂળ આપેલું અર્થ વિનાનું ગણાય. માત્ર સ્થૂળ સમર્પણનો કશો અર્થ ન હોય. સ્થૂળનું સમર્પણ સૂક્ષ્મ પ્રગટાવવા કાજે છે. તેમ જ ઘરેડથી પણ કશું સમર્પણ ન થવું ઘટે. સમર્પણની પાછળનો ભાવ, હેતુ જીવતો રહેવો ઘટે. (‘જીવનમંથન’, આ.૨, પૃ. ૩૪૦-૪૧)

* *

આવાં થતાં રહેલાં કર્મ પણ, અધૂરાં હોવા છતાં, અયોગ્ય હોવા છતાં, ભક્તિપૂર્વક, પ્રભુને તે તે બધું, સારું ને નરસું સમર્પ્યાં કરશો. આવો લાંબા ગાળાનો સદ્‌ભાવથી સેવેલો સજ્ઞાન અભ્યાસ જેમ જેમ વધતો જશે તેમ તેમ અહંભાવ ઓગળતો જવાનો છે.

* *

સ્થૂળના અર્પણ કરતાં સૂક્ષ્મનું અર્પણ થવું ઘણું ઘણું કઠણ છે. ભલે સ્થૂળ અને સૂક્ષ્મનું બન્નેનું સમર્પણ પ્રભુને કરશો, પણ સાચું ને વધુ ઉપયોગી ને આવશ્યક સમર્પણ તો મનાદિ કરણોના પ્રાકૃતિક ધર્મોનું છે. મનના સંકલ્પવિકલ્પનું, પ્રાણના પ્રાકૃતિક ધર્મો :- આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા, કામ, મદ, મોહ આદિનું, બુદ્ધિની દલીલ અને તર્કવિતર્કનું, અહમ્‌ના હુંપણાનું ને ચિત્તના સંસ્કારના પ્રકારનું—આવું બધું જે જ્ઞાનભક્તિયુક્ત સમર્પણ બને છે, તે પ્રકારના સમર્પણથી જીવનનો સાચો ને

સંગીન વિકાસ થતો આવે છે. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૮૮)

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૪૨)

*　　　　　*

## સમર્પણ

(અનુષ્ટુપ)

એને સમર્પતાં એવું આઠે કોઠે હૃદે થશે,
ભાવ, આનંદ, એવાનું તે સમર્પવું યોગ્ય છે.

બેળેબેળે સમર્પેલું સમર્પેલું ગણાય ના,
એવા સમર્પવામાંથી ફળે જીવન ના કદા.

કર્મયે કરવાનું તે પ્રભુના ભાવ કાજ સૌ,
બીજો ખ્યાલ રખેને ત્યાં ના પેસી કો ઘટે જવો.

એવું કર્મ કશું બીજું જે જે કૈં કરતાં જ હો,
એને કાજે કરીને સૌ સમર્પ્યાં તે બધું કરો.

બુદ્ધિથી માત્ર કે'વું તે, કે તેવું મન બોલવું,
—કામ ના આપશે યોગ્ય, એવું અર્પેલું આપણું;
જેના સમર્પણે પૂરી ભાવના ઉરની ઊંડી
—તદાકારપણે છે ત્યાં અર્પેલું યોગ્ય તે ચહી.

('કર્મગાથા', આ.૧, પૃ. ૮૦, ૨૧૪)

સમર્પ્યાની કસોટી કે આપ્યાં કેડે કશું હૃદે,
આગલા પાછલા એના વિચારો જન્મશે ન કૈં.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૧૨૯)

*　　　　　*

(શાર્દૂલવિક્રીડિત)

સાચું એક જ તે સમર્પણ થયું, જેના વડે જીવને,
શક્તિ ઉદ્‌ભવતી અનુભવી શકો, એ માપ એનું હૃદે;
જેણે જીવનસાધના પથ વિષે છે ઝંપલાવ્યું ખરે,
એનાં આવરણો થતાં અલગ રે', જાગે અનુભૂતિ એ.

જે જે સર્વ કર્યાં કરે સઘળું તે પોતાની કાજે કરે,
પોતાનો જ વિકાસ-ભાવ ધરીને એ કર્મ જે તે કરે;
તે જે જે કરતો રહે પ્રભુ-પદે ભાવે ધર્યાં શો કરે !
એવા યજ્ઞ-સમર્પણે રસ થતાં, તે જીવવું સત્ય છે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૧૦૦-૧૦૧)

* *

## સમર્પણયજ્ઞ, જાણે અજાણે પણ

સમર્પણયજ્ઞ આ જગતમાં જાણે અજાણે સતત ચાલી જ રહેલો છે. એક પળ પણ તે અટકતો નથી. એકબીજાનું ઘસાયા વિના આ સંસારમાં નભી શકાતું નથી. પ્રત્યેક માનવીનું જીવન યજ્ઞરૂપે ચાલી રહેલું છે; માત્ર તે તે જીવને એનું જીવતુંજાગતું જ્ઞાનભાન હોતું નથી. પરાણે પણ ત્યાગ કુદરત દરેક પાસે કરાવી જ રહેલી છે. પ્રત્યેક માનવી એકબીજા સાથે જકડાયેલ, સંકળાયેલ હોવાથી કોઈ પણ કોઈનાથી ભિન્ન નથી; પરંતુ આ બધું થતું હોય છે અજ્ઞાન, અંધકારદશામાં. આપણે તો સારું કે નરસું જે કંઈ થાય તેની પાછળ જીવનવિકાસની ભાવના પ્રેરાવવાની છે. સમર્પણયજ્ઞમાંથી ઉત્કટ મંથન જાગે તે વાત સાચી, પરંતુ ડહોળામણ ન જાગે. ડહોળામણ જાગે છે તે તો અજ્ઞાનભરી સ્થિતિમાંથી. હેતુપૂર્વકનો સમર્પણયજ્ઞ આપણાં અંદરનાં કરણોને તેમના પ્રકૃતિધર્મમાંથી મુક્તિ અપાવે છે, જ્યારે જીવપ્રકારનું

ઘસાવું કે આપવું આપણને વધારે જકડાવે છે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૯૯)

*　　　　　　*

સમર્પણ થયાં જવાનો જો માનવીનો પ્રાકૃતિક સ્વભાવ જ છે ને વિશ્વજીવનનું તે એક અંગ છે, તો પછી આપણે આપણા સંસારયજ્ઞમાં જે હોમાવાનું આવે છે, તેમાં જ્ઞાનભક્તિપૂર્વકનાં તટસ્થતા, સમતા, ધીરજ, શાંતિ, સહનશીલતા, હાર્દિક ઉદારતા, અપાર પ્રેમભાવ ને ત્યાગ-સમર્પણની ભાવના જો કેળવ્યાં કરીશું તો તેવી તપશ્ચર્યાના ભાવે જ્ઞાનપૂર્વકનું જે આપણું હોમાવાનું બનશે એનાથી કરી જીવન ઉન્નત થયાં જવાનું છે, તે નક્કી જાણશો. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૮૦)

*　　　　　　*

## ત્યાગ-યજ્ઞ-સમર્પણ, પ્રકૃતિજન્ય

(અનુષ્ટુપ)

જીવને નિત્ય ને નિત્ય ત્યાગ-યજ્ઞ-સમર્પણ,
સ્વભાવે, પ્રકૃતિથી, શા કરે આપ્યાં બધા જીવ !

વિકાસ પ્રકૃતિજન્ય એમ સૌનો થયાં કરે,
વિકાસ પ્રકૃતિજન્ય થકી ના જ્ઞાન ઉદ્‌ભવે.

ભાવના, જ્ઞાન છે જેનાં ત્યાગ-યજ્ઞ-સમર્પણે,
હેતુ જીવનનો તેમાં લાગે, તે બદલાય છે.

જીવન આપતાં રે'જો ત્યાગ-યજ્ઞ-સમર્પણે,
ભાવના જ્ઞાનથી યુક્ત, તો રૂપાંતર પામશો.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૧૦૩)

*　　　　　　*

માનવી મોહના પાશે ત્યાગ ભારે કરી શકે,
એમ તો ત્યાગથી વિશ્વ ચાલ્યાં સર્વ કરે ખરે.

ગુણ એ પ્રકૃતિજન્ય કરાવે ત્યાગ સર્વને,
જીવન માનવી કેરું એમ તો ત્યાગથી ટકે.

ઘણાંએ પ્રાણ આપ્યા છે પ્રેમના મોહ પાછળે,
નકામું જાય ના તેયે, તેવા પ્રકૃતિમાં વધે.

વિકાસ પ્રકૃતિ કેરો થયાં કરે જ ત્યાગથી,
અજ્ઞાનતાભર્યો ત્યાગ કિંતુ શા પ્રાણ પ્રેરશે ?

('જીવનપગલે', આ.૧, પૃ. ૯૯)

દેખીતા જડમાં ગૂઢ ચેતનાશક્તિ, પ્રકૃતિ,
-ફેરફારો કરાવીને તે વિકાસ સધાવતી.

કિંતુ અજ્ઞાનવર્તી સૌ તે વિકાસ થતો રહે,
સર્વ જાણ્યેઅજાણ્યે તે પ્રકૃતિ-વશ ત્યાં રહે.

('કર્મગાથા', આ.૩, પૃ. ૧૬૦)

*  *

## સદ્ભાવની કેળવણી

સંસારવ્યવહારવર્તનમાં ઘણા ઉત્તમ ગુણોની કેળવણી સાંપડવાની તકો આપણને મળે છે,—માત્ર આપણું મુખ ને દૃષ્ટિ તથા વૃત્તિ તે પરત્વે જ્ઞાનપૂર્વકનાં વળી ગયેલાં હોવાં જોઈશે. સદ્ભાવની તાલીમ આપણને આ ક્ષેત્રે વિપુલ પ્રમાણમાં સાંપડી શકે છે, કારણ કે અનેક જણને મળવા કરવાનું, હળવાભળવાનું ને અનેક ભિન્ન ભિન્ન પ્રસંગો ત્યાં આવી મળે છે. આવી વેળા

વાણી એ આપણા હૃદયના ભાવનું પ્રતીક બની રહેતી હોય છે. ઉચ્ચારાતી વાણીમાંથી સદ્ભાવની તાલીમ પ્રતિ સાધકનું કેટલું ને કેવા પ્રકારનું આંતરિક લક્ષ રહેલું છે તે તે સહેજે સમજી શકશે. સદ્ભાવ કેળવવાની અગત્ય જો સાધકના દિલમાં ઠરી ને ઠસી ગઈ હોય, તો તેના મુખેથી કદી બીજાં વિષે ઘસાતું નહિ બોલાય કે નકારાત્મક નહિ ઉચ્ચારાય. જેમ જેમ આ કેળવણીની શરૂઆત થઈ ગઈ હોય, તેમ તેમ તે તે રીતે થોડું થોડું આચરવાનું બનતાં એ અભ્યાસ પરત્વેનો મહત્ત્વનો ઝોક તે જીવનો જરૂર વધતો જાય; કારણ કે તેવા જ્ઞાનાત્મક સદ્ભાવપાલનથી આપણને મનમાં પ્રસન્નતા, શાંતિ, સરળતા, આનંદ આદિની ભૂમિકા જીવતી રહ્યાં કરે છે. એવા અભ્યાસથી અથડામણ, સંઘર્ષ, ગેરસમજૂતી, ક્લેશ, સંતાપ આદિ ઊપજતાં નથી ને તે તે બધાં જીવોની શુભેચ્છા, સહાનુભૂતિ, પ્રેમભાવ આપણા પરત્વે સહજમેળે વધ્યાં કરતો હોય છે ને એવા જ્ઞાનપૂર્વકના જીવતા અભ્યાસથી કરી આપણે એક એવું સજીવન ચેતનવંતુ સર્જનાત્મક વાતાવરણ ખુદ આપણામાં—અને બહારના વાતાવરણમાં પણ——પ્રગટાવતા રહીએ છીએ કે જે વાતાવરણ આપણા આધારનું કવચ બની જતું હોય છે, ને ઢાલ પણ.

આપણે જ્યારે સાંભળતાં હોઈએ, બોલતાં હોઈએ, વિચારતાં હોઈએ, વ્યવહારમાં સંપર્ક સાધતાં કે વર્તતા હોઈએ—આ બધું થતું રહેવાની પળ તે પહેલાં અને તે વેળા આપણે ઘણાં ઘણાં સાવધાન રહેવાની જરૂર છે. જીવકક્ષાના નકારાત્મકપણાને જીવનમાં નિર્માણ નથી જ થવા દેવું એવો મક્કમ નિર્ધાર જે જીવે કરેલો છે, તેવો જીવ કંઈ પણ કશો નકારાત્મક આવિર્ભાવ અંતરમાં કે બહિર્પણે થતાં સફાળો ચોંકી ઊઠશે. એવાં નકારાત્મક

મોજાંનો વિસ્તાર કરવાનું કાર્ય તેનું ન હોય. જગતમાં પૂરતાથીયે અધિક પ્રમાણમાં આવાં નકારાત્મક મોજાંઓ પ્રસરી રહેલાં ને રહેતાં હોય છે જ. પરિણામે જગતમાં ક્લેશો, સંઘર્ષો, વિખવાદો, વેરઝેર આદિ પ્રસરતાં રહેલાં છે. આ બધામાંથી સાધક ઊગરી જવાનું કરશે, કારણ કે તે તો અભેદની ઉપાસના કરવા પ્રવૃત્ત થયો છે ને ? ને આ અભેદ ઉપાસનાનો પાયો સદ્‌ભાવ—સર્વ પ્રતિનો સદ્‌ભાવ—છે. સદ્‌ભાવનું બીજ નહિ હોય તો ભાવ ક્યાંથી થવાનો ? ને ભાવ નહિ ત્યાં અભેદ કેવો?

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૯, ૨૦, ૨૧)

* *

આપણને ગમે તેવા અસહ્ય અન્યાયો થયા હોય, ગંદી ગાળો ખાવી પડી હોય, ધુત્કારાયાં હોઈએ, ધક્કેલાઈ જવાનું બન્યું હોય, ગમે તેવું ભારેમાં ભારે આપણું અહિત કોઈથી થયું હોય તોપણ, તેવા સંજોગોમાં પણ, સાધકને જો સદ્‌ભાવ ને સમતા જીવનવિકાસાર્થે જાળવવાની હોય તો સંસારવ્યવહારના સાધારણ પ્રસંગો વેળા તો કેટલો બધો વિશેષ પ્રમાણમાં સદ્‌ભાવ કેળવવાનો હોય ! આપણાથી કોઈનું યે નકારાત્મક—પછી ભલેને તે યથાર્થ અને સાચું હોય તોપણ—વિચારાશે નહિ, બોલાશે નહિ, સાંભળી શકાશે નહિ. એવું વિચારવું, બોલવું અને સાંભળવું આપણને જ હાનિકારક છે, કારણ કે એક તો તેવા સંસ્કાર આપણે આપણામાં ઉપજાવીશું અને સ્થૂળ રીતે પણ જગતમાં આપણું અહિત થવાનું.

* *

## સલામત સ્થિતિ

સલામત સ્થિતિ એટલે સ્થિતિચુસ્તતા અને એ સ્થિતિચુસ્તતા એટલે જ્યાં જેમ હોઈએ એમાં જ સંતોષ અને પરિણામે વિકાસની

રુકાવટ અને અંતે પતન. આથી કંઈ પણ કશે—બહિર્‌પણે કે આંતરિકપણે—સલામત સ્થિતિ થઈ જાય, તો તે ઉલટાવતા રહેવું સાધકને માટે ઘણું જરૂરી છે. સલામત સ્થિતિમાં જે જીવને પડી રહેવું રુચે છે, તે કદી સાધના કરી શકવાનો નથી. સલામત સ્થિતિ જ્યાં શોધવાની વૃત્તિ થઈ કે તે જીવપણામાં ઢસડાવાનો.

જ્યાં કોઈ પણ પગથિયે સંતોષ લેવાયો કે પતનનાં મૂળ એમાં રહ્યાં સમજવાં. આ નિયમ વ્યષ્ટિ તેમ જ સમષ્ટિ ઉભયને એકસરખી રીતે લાગુ પડે છે. પ્રત્યેક સ્થિતિ આપણી અપૂર્ણતાની સૂચક હોઈ તેનું જીવંત સ્પષ્ટ ભાન આપણને રહે તથા એક પ્રકારની દૈવી અસંતોષની પ્રચંડ જ્વાળા અંતરમાં સતત ભભૂકતી રહેવા સાથે ખૂબ ધીરજ પણ હોવી જોઈશે.

પ્રત્યેક પરિસ્થિતિ ચલ છે. અચલ તો એક સનાતન પ્રભુ જ છે. મન જ્યાં સલામતીની લાગણી ક્યાંયે પ્રવર્તાવે ત્યાં તુરત તેનો પ્રચંડ સામનો કરીને તેવા મનના પ્રવાહને રોકવો ઘટે. સલામતીમાં રહેવાની ટેવ પડતાં તમસનું જોર આપણા પર ચઢી વાગવાનું.

એક સ્થિતિમાં જે સત્ય જણાય અને પકડી રહીએ તો એનાથી ઉપરનું સત્ય બાકી રહી જાય; ને અધૂરા કે એક જ બાજુના સત્યને વળગી રહેવાનું બન્યાં ન કરે માટે પણ કશામાંયે સલામતી રાખવાની નથી.

સલામત સ્થિતિ ભોગવતાં એક પ્રકારનો જડ સંતોષ આપણને રહેવાનો; ને તે કારણે તેવી સ્થિતિમાંથી કોઈ અજ્ઞાત-Unknown સ્થિતિ ભૂસકા મારવાનું સાહસ, હિંમત, બળ, જોશ, ઉત્સાહ આદિ એવું કશું પણ આપણામાં નહિ આવી શકે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૮૦-૮૧)

* *

'સાધુ તો ચલતા ભલા' એમ જે કહેવાય છે તેમાં 'ચલતા'નો સ્થૂળ અર્થ ન કરતાં સૂક્ષ્મ અર્થ કરીએ ને એ સૂક્ષ્મ અર્થ વધુ યોગ્ય છે—તો સતત વિકાસ સાધ્યા કરવો એ સાધકનો ધર્મ થઈ પડે છે. સલામતી સરી જતાં મથામણ તો સાંપડવાની જ; પરંતુ તેના વિના અમૃત પણ ન પમાય. મથામણ સાધક જીવનને જરૂરી છે—પોતાની અંદર જ માત્ર મથામણ નહિ પરંતુ બહારના સંયોગો સાથે પણ. ('જીવનસંદેશ', આ.૨, પૃ. ૮૨)

* *

અમુક દશા થતાં સાધક પોતાનામાં પોતાનું થતું મરણ ને જીવન સમજી શકવાની ભૂમિકામાં પ્રગટે, ત્યારે તે પરત્વે પણ એનું લક્ષ ન રહેતાં, પ્રત્યેક સ્થિતિમાં ફેરફાર થતો જવાનો છે, એમ સમજીને ક્યાંયે એણે સલામતી ભોગવવાની હોય નહિ; ને એણે એકમાંથી બીજામાં ને બીજી અવસ્થામાંથી ત્રીજીમાં એમ ગયા જ કરવાનું છે. ક્યાંયે ભેરવાઈ પડવાનું નથી. એમ જતાં જતાં ને સર્વ કંઈ પરત્વે તટસ્થ રહેવાયાં જતાં આપણે ભાવની ઉત્તરોત્તર ઉત્તમ કક્ષામાં પ્રગટતા જઈએ છીએ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૩૩૫)

* *

## સલામતી અને ફેરફારો

(અનુષ્ટુપ)

આજની સ્થિતિમાં માને પૂરી જે કો સલામતી,
—એનો વિકાસ ના થાયે, ત્યાંનો ત્યાં તે રહે પડી.

નવાં
કોઈ મૂલ્યાંકનોમાંયે બંધાઈ ના જવું વળી,
ત્યાંયે નિરાગ્રહી રે'વું, સત્ય તો પર સર્વથી.

('કર્મગાથા', આ.૧, પૃ. ૭૧, ૧૫૩)

* *

(શિખરિણી-મંદાક્રાન્તા)

સમાયેલો હેતુ અણુ પણ વિષે કોઈ ને કોઈ રીતે,
—થતો રે'તો વ્યક્ત કંઈ કંઈ નવા ફેરફારે થઈ તે;

જુઓ જે જે વિશ્વે પરિણીત થતું લાગતું રે' સદાયે,
ન એવી ને એવી સ્થિતિ મહીં પડી કોઈ રે'છે કદીયે.

('જીવનપગલે', આ.૧, પૃ. ૧)

*　　　　*

(અનુષ્ટુપ)

ફેરફારો વિના પામ્યા કો વિકાસ ન પામતું,
વધાવે ફેરફારો જે જ્ઞાન-ભાવે, વધ્યા જતું;
ફેરફારો થતા રે' છે સર્વના નિત્ય જીવને,
કિંતુ ત્યાં જ્ઞાન ને હેતુ રાખે જે જીવતાં, રળે.

('જીવનપગલે', આ.૧, પૃ. ૧૦)

*　　　　*

ફેર જ્યાં ત્યાં થતો હોતો વિશ્વમાં નિરખાય છે,
સૌમાં ફેર થવાનો છે
અનાદિ કાળથી એ તો, વિશ્વ એક રૂપે ન રે'

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૯)

*　　　　*

## સંઘર્ષણની આવશ્યકતા

(ઝૂલણા)

કાષ્ઠ ચંદન તણું તે ઘસાતાં કરી,
મધુર સુવાસ પ્રગટ્યાં કરે છે.

માટીનાં વાસણોયે નિભાડા તણા
અગ્નિના તાપથી પક્વ થાયે;
હૃદયમંથન થકી યુદ્ધ જાગ્યા વિના,
માનવી તો કદી ના ઘડાયે.
જીવનમાં એવી તો તક ઘણી સાંપડે,
માનવી મૂર્ખ શી ખોઈ બેસે !

('જીવનપગલે', આ.૩, પૃ. ૪૪)

* *

## સહેવાની સાધના

(અનુષ્ટુપ)

સૌ સહ્યાં કરવામાં તે પ્રભુનું જ્ઞાન-ભાવથી,
જીવવાની પરાકાષ્ઠા પમાશે આપણા થકી.

સહ્યા વિના ઘડાયું ના કોઈએ ક્યાંય વિશ્વમાં,
ઘડાવાની તમન્ના જો સહો પ્રેમથી સૌ ભલા.

('જીવનપગલે', આ.૧, પૃ. ૫૦)

* *

(માલિની)

હૃદય હૃદય જાગે પ્રેમનો ભાવ પૂરો,
કશું પણ સહવામાં સ્હેવું લાગે ન ત્યાં તો.

(શિખરિણી-મંદાક્રાન્તા)

ન હો સ્હેવાનું જો કંઈ પણ કશું, સર્વ તો મીઠું લાગે,
સહ્યા કેડે ભાગ્યે કંઈક જનમાં મૂળ મીઠાશ રે' છે;
જરા વા વાયાથી ઊડી જતું દીસે જેમ રૂ આકડાનું,
સહ્યા વિનાનું સૌ ત્યમ મધુર હો, તોય લુખ્ખું નકામું.

સહેવાનું કોને જગત થયું ના ? એક એવું બતાવો,
સહેવું ઉમંગે ઊગી નીકળતું ભાવના રાખી જો હો;
જગે જ્યાં જ્યાં જુઓ કશુંય બનતું ના સહ્યા સૌ વિના કૈં,
સહેવાનું એ તો જગત-જીવનો આદિનો કાયદો છે.

ગમે છે જે કર્મો સહન કરવું આકરું ત્યાં ન લાગે,
થતું સ્હેવાનું ત્યાં નજર મહીં તે આવવું ના લગારે;
સહેવાનો હેતુ સમજથી રહે જેહને લક્ષ પૂરો,
સહેવામાં એવા જીવન વિકસે એવું તે ધન્ય સ્હેવું.

('જીવનપગલે', આ.૧, પૃ. ૪૮, ૫૪)

*　　　*

(અનુષ્ટુપ)

'સહેવું' પ્રેમની એ તો અમોલી ભવ્ય ભેટ છે,
એને જે કો નકારે છે પ્રેમી ના તે બની શકે.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૩૬)

*　　　*

## સંત્સંગનો સ્પર્શ

મનમાં કોઈ પણ વૃત્તિ ઊઠતાં તે સ્થગિત કે સ્થિતિચુસ્ત નથી રહી શકતી. વૃત્તિ એટલે જ ગતિ. તો સદ્‌ભાવ કે સદ્‌વસ્તુ પરત્વેની વૃત્તિ કે ભાવના સ્થગિત કેમ કરીને રહી શકે ? પણ ઉપરની બન્ને પ્રકારની વૃત્તિમાં ફરક છે. એક તો છે પ્રકૃતિથી જન્મેલી વૃત્તિ. બીજી વૃત્તિ (સદ્‌ભાવ કે સદ્‌વસ્તુ પરત્વેની) પણ જો માત્ર તેવી જ હોય ને ગુણાત્મક ભૂમિકા પરથી સેવાયાં જશે ને તે પણ એકમાત્ર વૃત્તિની નજરે—તો એમાંથી જીવને તાત્કાલિક તત્ત્વલાભ થઈ શકે નહિ. સત્સંગ આદિ ભાવનામાંથી ક્રિયાત્મક શક્તિનો પ્રવાહ ન જન્મી શકે તો માનવીએ વિચારવું રહ્યું.

ઉપરછલ્લી બુદ્ધિ વડે સત્સંગની પ્રવૃત્તિમાં જીવ જે રસ લે છે, તેનું કારણ એના અંતરનો સૂક્ષ્મ અનુરાગ એ વલણ પ્રતિ રહેલો છે તે છે; પણ એ સૂક્ષ્મ અનુરાગને જીવનમાં, ને જીવનના સર્વ ક્ષેત્રમાં સર્વવ્યાપી, સર્વભક્ષી ચેતનાત્મક સ્વરૂપે બનાવવાની કળા હસ્તગત કરવાનું સદ્ભાગ્ય તો જેને ખરા જીવનની ધગધગતી ભૂખ લાગે છે એવા જ પામી શકે છે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૫૮-૫૯)

*  *

સદ્ભાવની ભૂમિકા હોવી એ એક વસ્તુ છે ને એને જીવનના પરિણામ કે પરિપાકમાં કામ કરાવતી જોવી તે બીજી વાત છે.

તો આ સત્સંગની ભાવના સાચી કે ખોટી ? જો તે સાચી હોય તો ખામી આપણી કે સત્સંગની ?

જેમ રૂપા ઉપર સોનાનો ઢોળ ચઢે, પણ વપરાશમાં આવતાં તે ઢોળ ઊતરી જાય છે એવી રીતે સત્સંગનો પાસ તો લાગે, પણ પાછાં માનવી સંસારમાં પડીને એનું સેવન-ચિંત્વન ભાવનાના સ્વરૂપમાં ચાલુ રાખી શકતાં નથી. પરિણામે, આવેલા કે ચઢેલા ભાવનો સ્પર્શ તદ્દન મોળો પડી જાય છે. અને પેલો માનવી ખાલી ને ખાલી રહી ગયો હોય એમ લાગે છે.

તો શું સત્સંગનો સ્પર્શ પણ મોળો પડી જાય ? શું એ નક્કર વસ્તુ નથી ? જવાબ એ છે કે સંસ્કાર પડવા એ એક વાત છે અને તે સંસ્કાર તેના ચાલુ જીવનમાં સક્રિય થઈ રહે તે બીજી વાત છે. સત્સંગનો સ્પર્શ—એટલે કે તેના ચાલુ જીવનમાં પરિવર્તનકારક અસર—એ કંઈ એક બાજુના બળનું પરિણામ ન હોઈ શકે; સામા જીવે પણ પોતા તરફનું બળ દાખવવું જોઈએ. સત્સંગના સ્પર્શની કિંમત એને મન જીવનનાં બીજાં બધાં ક્ષેત્રો કરતાં હજાર

ગણી વધુ અંકાયેલી હોવી જોઈશે. તો સ્પર્શની અસર પ્રત્યક્ષ સવેળા થઈ શકે. ('જીવનસંદેશ', આ.૨, પૃ. ૫૯ થી ૬૧)

* *

સત્સંગની ભાવના જીવે કેવી અને કયા પ્રકારે સેવવી એના વિષેનું સત્સંગીઓનું પરંપરાનું ગતાનુગતિકનું જે વલણ છે, તે જીવનવિકાસમાં ઝાઝું કામમાં આવી શકતું નથી. સત્સંગના સેવનની ભાવના સમાજમાં જે છે, તે એક સારી વસ્તુ છે, પરંતુ જો જીવ સત્સંગની ભાવનાને સેવવાની સાથે સાથે સંસારની ઘટમાળમાં જ સતત વિચાર્યા કરવાનું રાખે તો એવો કરેલો સત્સંગ અંતરમાં માત્ર તે પ્રકારના સંસ્કારરૂપે જ પડ્યો રહે છે.

('જીવનપ્રવેશ', આ.૧, પૃ. ૧૫૩)

* *

## સંતસમાગમ

સંતોને માત્ર જાણ્યાથી કે તેમની સાથે માત્ર ઉપરછલ્લી રીતે રહેવાથી જીવનું કશું દળદર ફીટી શકતું નથી. તેમની સાથેના સમાગમ વેળા એમના પરત્વે આપણાં મન, બુદ્ધિ, પ્રાણ, ચિત્ત, અહમ્ ને હૃદય કેવી જાતની જીવતી ભાવનાવાળાં હોય છે, તેના પર તેમના સમાગમના લાભનું સંગીન પરિણામ રહે છે.

સંતાત્માનો પરિચય જો ભાવના ને ધારણાથી, હૃદયની પ્રેમભક્તિથી કેળવાયાં કરાય તો જીવનમાંના સર્વ ક્ષેત્રોનાં કર્મોમાંથી જીવપ્રકારનાં રાગદ્વેષ, માન, મમતા, લોભ, મોહ, કીર્તિ, અહંકાર આદિ ઘટતાં જતાં આપણને લાગશે; ને તો જ તેવો સમાગમ ખપનો. ('જીવનપ્રેરણા', આ.૩, પૃ. ૫૧-૫૨)

* *

સંતસમાગમ વેળા સંતના હૃદયપ્રદેશે ને કોક વાર તેમનાં નયનકમળમાં સાધકથી પોતાની ભાવના સ્થિર રાખવાનું બને,

ને તેવી વેળા મનની પ્રાર્થના થયા કરે કે, 'હે પ્રભો ! દીનાનાથ ! દીનબંધો ! દીનદયાળ ! કૃપાળુ ભગવાન ! કૃપા કરો ! અમને જાગતા, ચેતતા કરો, ને રાગદ્વેષથી દૂર થવાય, નિર્મૂળ થવા હૃદયમાં ચેતનાત્મક જાગૃતિ પ્રેરાવો. અમે આંધળા છીએ, તેથી દેખતા થવા માટે અંતરની આંખ આપો.' એવી એવી પ્રાર્થના કર્યાં કરવાનું બને તો તેને અવશ્ય લાભ થાય.

જે જે ઉચ્ચ આત્માઓનો સત્સંગ થાય કે મળે તેમાં તેમાં ને તેમનામાં સાધકે પોતાના સદ્‌ગુરુની ભાવના-ધારણા મનહૃદયથી દૃઢાવવાનું કર્યાં કરવું. તેવી તેવી વ્યક્તિ એ તો સદ્‌ગુરુની જ જીવતી પ્રેરણાનું પરિપક્વ પરિણામ કે ફળ છે એમ દૃઢાવવું, જેથી એનું રહસ્ય અને મહત્ત્વ પણ જણાવા લાગશે.

('જીવનપ્રેરણા', આ.૩, પૃ. ૯૨-૯૩)

* *

સંતસમાગમ કદી એળે જઈ શકતો નથી. જેમ જીવનના બીજા સંસ્કારો-સંસારવ્યવહારક્ષેત્રમાં થયેલા કર્મોના સંસ્કારો-દરેકના ચિત્તમાં પડ્યા જ કરે છે, તેમ સંતપુરુષ સાથેના સંપર્કના સંસ્કારો પણ સમાગમ કરનાર જીવના ચિત્તમાં જરૂર પડવાના ને એવા સંસ્કારોનો ઉદય કોઈક વેળા તો જરૂર થવાનો. પરંતુ પેલા જીવના હાલના તબક્કે એના કર્મપ્રારબ્ધના ઉદય-વર્તમાન સંસ્કારોનું જોર ઘણું હોય છે, ને તે તેમાં અજ્ઞાનપણે દોરવાયાં કરે છે, એટલે સંતના જીવન સાથેના પડેલા સંસ્કારો એમ ને એમ એના ચિત્તમાં પડી રહે છે. પણ જો આપણે જીવંત પુરુષાર્થ કરવા લાગીએ તો પેલા સંતના પડી રહેલા સંસ્કારો આપણને જરૂર પ્રેરક તત્ત્વરૂપે મદદ કરશે. કર્મ-પ્રારબ્ધના વહેણમાં ગમે તેટલો તણાતો જીવ પણ સંતસમાગમથી જરૂર કૈંક ને કૈંક તો પામવાનો છે.

એક બાજુથી જીવ ચાલુ જીવનમાં કર્મ-પ્રારબ્ધને કારણે ઘસડાયાં કરાતો હોઈ, નવા ને નવા રાગદ્વેષાત્મક જીવપ્રકારના સંસ્કારો દૃઢ થયે જ જવાના ને તેવા સંસારી સંસ્કારોનું જોર પેલા સંતસમાગમના નવા સંસ્કારો પર ફરી વળી તેને દબાવી દેવા પ્રયત્ન પણ કરે તેવો પૂરો સંભવ છે. પરંતુ સંતસમાગમના સંસ્કારો નવા હોવા છતાં તેના બળમાં અને શક્તિમાં પેલા સંસ્કારો કરતાં વધુ બળવાન હોય છે. વળી એવો જીવાત્મા પણ કોઈ સંતના-મુક્તાત્માના સંપર્કમાં આવ્યો હોય તો તે પણ તેના યોગાનુયોગ કર્મનું પરિણામ છે. એટલે કોઈ ને કોઈ ગૂઢ રીતે પણ એ સમાગમની થોડી ઘણી લાયકાત તો એણે મેળવી જ છે. આમ પૂર્વના અનુકૂળ સંસ્કારોને પરિણામે જો એને સંતસમાગમનું ફળ મળ્યું તો એ સમાગમ એને વિશેષ ફળદાયી પણ થાય. એવો જીવ ભલેને દેખીતી રીતે જૂની ઘરેડમાં ચાલ્યાં કરતો હોય તોપણ તેના મનના ઊંડા થરોમાં આછી આછી પણ, થોડી ઘણી પણ, હિલચાલ આવા સંપર્કને કારણે થયાં જ કરશે. વળી જેમ જૂના સંસ્કારો તેના જીવનમાં ક્રિયમાણ થતા રહેશે તેમ આ નવા સંસ્કારો પણ ઓછાવત્તા અંશે સાથે સાથે ક્રિયમાણ થવાના અને જો સંતનો સંપર્ક ગાઢો થતો આવ્યો તો વિશેષ ને વિશેષ આ નવા જોરદાર સંસ્કારો પડ્યે જવાના ને તે જીવનમાં વ્યક્ત થયા વિના નહિ રહેવાના. ('જીવનસંદેશ', આ.૪, પૃ. ૯૩-૯૪)

*　　　　*

ગમે તેવી આસક્તિથી આવરાયેલો સંસારી જીવ ગમે તેવા આસક્તિના પ્રયોજને મુક્તાત્મા પ્રતિ આકર્ષાય તોપણ મુક્તાત્મા, જાતે આસક્તિરહિત હોવાથી તેનાથી પેલા જીવમાં પડતા સંસ્કારો આસક્તિ વિનાના જ હોય છે અને એ કારણે બળવત્તર હોય છે. મુક્તાત્માનું પોતાનું જીવન એટલું તો મહાન, પ્રખર, તેજસ્વિત

ને ઓજસથી ભરેલું—ભગવાનની શક્તિથી સભર—હોય છે કે સંસારી માનવીનું આકર્ષણ તેના પ્રતિ થતાં મુક્તાત્મા પેલાની સંસાર તરફની આસક્તિનું જોર ઘટાડી દેશે અને સમય આવતાં પોતાના સંસ્કારોનો ઉદય કરાવશે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૯૫)

* *

સંતસમાગમ માત્ર ઉપરછલ્લી ખંજવાળની લાગણીથી ન થવો ઘટે; પણ શાહીચૂસ જેમ શાહી ચૂસી લે છે એવી હૃદયની જિજ્ઞાસાભરી ભૂમિકા ને મૃદુતાભરી ભાવના સાથે જો તે થાય તો ફળદાયી જરૂર નીવડે. ('જીવનપાથેય', આ.૩, પૃ. ૧૨૨)

* *

## સંતોની—એકબીજાની—સરખામણીમાં ન પડવું

આધ્યાત્મિક માર્ગની દૃષ્ટિએ કોણ આગળ અને કોણ પાછળ છે, એ યોગ્યપણે જોવું તે આપણા જેવા જીવદશાવાળા માટે અશક્ય નહિ તો અતિ મુશ્કેલ છે. કંઈ નહિ તો આપણા પોતાના શ્રેયાર્થે એવા વિચારો ન થવા દેવા. શંકરાચાર્ય ચઢે કે બુદ્ધ, ઈશુ ખ્રિસ્ત ચઢે કે શ્રીકૃષ્ણ કે શ્રીરામ ચઢે; અથવા તો ચાલુ કાળના મુક્તાત્માઓમાં કોણ કોનાથી ચઢે, અથવા કોણ કઈ કક્ષાએ પહોંચેલા છે એવી બધી બાબતોની ચર્ચા કરવી, ઝોડની જેમ મતાગ્રહ દાખવવો વગેરે આપણું નર્યું અજ્ઞાન કહેવાય. પોતાને યોગ્ય અને પસંદ પડતા પરમપુરુષને કે સદ્‌પુરુષને જે તે કોઈ સવિશેષ પોતા પૂરતા ગણે કે માને તે તેને માટે યોગ્ય પણ છે, પણ જ્યારે તે પોતાની માન્યતા કે સમજણ બધા યા બીજા ઉપર લાદવાનો આગ્રહ કે પ્રયત્ન કરે ત્યારે તે કેવળ હાસ્યાસ્પદ ઠરે છે.

કોઈનુંયે આંતરસત્ત્વ કઈ કક્ષાએ પહોંચ્યું છે એ જ જાણવું આપણા માટે જો કઠિન છે તો વળી સમર્થોના આંતરસત્ત્વને જાણવું અને સમજવું એ તો ઓર અત્યંત અશક્ય નહિ તો દુષ્કર તો છે જ. બાળકને જ્યાં હજી ચાલવાના માંડ સાંસા છે, ત્યાં એને દોડાવવાની વાતો કરવી એના જેવું એ છે. સાધારણપણે, કોઈનીયે સરખામણી ન થાય તે ઉત્તમ છે. સરખામણી કરવામાં અન્યાય એક યા બીજા પક્ષને થઈ જવા પૂરતો સંભવ છે. આપણે તો શક્તિનાં પૂર જ્યાં જ્યાં વહેતાં હોય, ત્યાં ત્યાંથી તરસ્યા થઈ ચાંગળું પાણી પીવાની વૃત્તિ દાખવ્યાં કરીએ.

('જીવનદર્શન', આ.૨, પૃ. ૧૧૦-૧૧)

* *

## સંસાર, પાઠશાળા યાને પ્રયોગભૂમિ

સંસાર મિથ્યા નથી. આમેયે માનવી એને મિથ્યા માનતો હોતો નથી. જો સાચેસાચ હૃદયથી તેમ માનતો થઈ ગયો હોય તો તે ક્ષણવાર પણ સંસારને વળગી રહી ન શકે. એટલે જે સંસાર આપણને આવી મળ્યો છે, તેનો આધાર લઈને ભાવના કેળવવાની છે. જેમ વૈજ્ઞાનિક નાનકડા પાયા ઉપર કંઈક કશાની શોધ માટે પ્રયોગ કર્યા કરતો હોય છે ને તેમાં ફળીભૂત થતાં તે જ પ્રયોગ પછી વિસ્તારદશાને પામે છે, તેવી રીતે જીવનના પ્રયોગનું ક્ષેત્ર આપણો સંસાર છે. એ સંસારમાં સમતા, તાટસ્થ્ય, ધીરજ, સહનશીલતા, ઉદારતા, માનસિક વિશાળતા, અપાર પ્રેમભાવ આદિ સાત્ત્વિક ગુણો કેળવવાનો અને તે સાથે સાથે, તેમ છતાં પાછું નિરાસક્ત થતાં જવાનો ને નિર્મળત્વ કેળવવાનો આપણે જીવતો જ્ઞાનભક્તિપૂર્વક પ્રયત્ન કર્યા કરીએ તો તે ક્ષેત્ર આપણા જીવનને યોગ્ય રીતે કેળવવાને મળેલું હોય છે અને જીવને ધન્ય તથા કૃતકૃત્યપણામાં નિપજાવવાને તે મળેલું છે; એના વિના

સંસારનો બીજો કોઈ ઉદ્દેશ ના હોઈ શકે. સંસારનો ત્યાગ જરૂરી ન હોય પણ ત્યાં ત્યાગ-ભાવના કેળવવાની છે, એવી સમજણ, જ્ઞાન અને અનુભવ થયાં કરશે.

('જીવનપ્રેરણા', આ.૩, પૃ. ૧૩૨)

* *

જે જે જીવોનો સંબંધ મળેલો છે, તેમની સાથે હૃદયનો સાચો સદ્ભાવ જ્ઞાનપૂર્વક કેળવાય અને સુમેળની ભાવના હૃદયમાં પ્રગટે ને એનાથી કરીને આપણું જીવન જે ઘડાય છે, તે પણ એક પ્રકારની સાધના ને ભક્તિ જ છે. સંસારવહેવારથી અલગ પડી જઈને જે સાધના થાય છે તે ખોટું છે એમ પણ નથી, પરંતુ સંસારમાં ઘડાવાની અનેક તકો સંસારવહેવારના સંબંધોમાં અનેક પ્રકારના ઊભા થતાં સંજોગોમાં અને આડાઅવળા પ્રસંગોએ કરીને મળે છે. આપણા મનને, વિચારને, વૃત્તિને, લાગણીને, ભાવનાને, પ્રાણનાં વલણોને, અહમ્ આદિને જે આઘાત પ્રત્યાઘાતો થાય છે, તેનાથી કરી સમતા, શાંતિ, તાટસ્થ્ય, ધીરજ, સહિષ્ણુતા અને સહનશક્તિ, ઉદારતા અને માનસિક વિશાળતા વગેરે ગુણો કેળવવાની જે જ્ઞાનયુક્ત સમજણ પ્રગટે છે અને વિવેકનું સાચું જ્ઞાન ત્યાં જે પ્રાપ્ત થાય છે એ એની વિશેષતા છે. અલબત્ત આ બધામાં હેતુનો જીવતો ભાવપૂર્વકનો ખ્યાલ રહેવો જોઈશે.

* *

આ સકળ સંસાર પ્રભુનું જ વ્યક્ત સ્વરૂપ છે, લીલા છે. તે જીવને તરાવવાને કાજે રચાયેલો છે. સંસારથી કંટાળી જઈ કે ત્રાસી જઈને જે જીવ સાધના કરવા ચાહે છે તે સાધારણતઃ સાધનામાં પણ પોતાનું દળદર ફેડી શકતો નથી. તેની જીવપ્રકૃતિ ત્યાં પણ તેવી જ રીતે વર્તવાની. સંસારમાં રહેવાનું છે ખરું પણ

જાગીને, ચેતતા રહીને, હૃદયથી સાધનાને જ મહત્ત્વ આપ્યાં કરીને, પ્રાર્થના કર્યા કરતા રહીને. સંસારમાં મળેલા જીવો આપણને જ્ઞાનભાવમાં પ્રેરાવવા કાજે સાધનરૂપ છે.

*   *

## સંયમ

સાધકને મન સંયમ એટલે પોતાના જીવનનું પૂર્ણ રક્ષણ કરવા યોજાયેલી આચારની દીવાલ. સંયમમાં પોતાની જાત પ્રત્યે કઠોરમાં કઠોર થઈ શકાય છે, પરંતુ તે સાથે સાથે એવી દીવાલ કોઈ પણ જીવ પરત્વે તિરસ્કાર કે અવગણના કરનારી નહિ હોય. સાચો સંયમ અંતરમાં સમાઈને રહે છે તે સાથે સાથે ત્યાં રહીને અંતરમાંથી બળ પ્રગટાવીને જીવનના પ્રત્યેક આચારવિચારની ચોકી પણ તે કરે છે. સાચો સંયમી પોતાના જીવનના બાહ્ય આચારમાં એના આંતરિક સંયમની છાપ સરખી પણ નહિ પડવા દે. નજીકની વ્યક્તિનેયે પોતાના અંતરના સંયમનો ધ્વનિ નહિ સાંભળવા દે.

('જીવનપ્રવેશ', આ.૨, પૃ. ૨૬૪-૬૫)

*   *

સંયમમાં ક્યાંયે શુષ્કતા નથી, કઠોરતા પણ નથી, જેને સંયમ શુષ્ક ને કઠોર લાગે છે, તેઓ સંયમના હેતુને ને તેની ભાવનાને તેના યથાર્થપણામાં સમજેલા નથી. સાધનાપંથે અનેક પ્રકારના સંયમ જીવનમાં પ્રગટાવવાના રહે છે. સંયમ અને દમન એ બેમાં ઘણો ફેર છે. દમન એટલે કરણોને રૂંધવાં. તેમાં બુદ્ધિ, પ્રાણ આદિ કુંઠિત બની જાય. દમન જીવનને ઠેરનું ઠેર રાખે છે. કદીય સમૂળગું તો કચડી પણ નાખે છે, જ્યારે સંયમથી તો જીવન નવપલ્લવિત બને છે, વિકાસની

અનેક શક્યતાઓ ઉદ્‌ભવે છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૩૬૯)

*　　　　　*

## સાચો સંયમ

સાચવ્યાં જે કરેલો હો, ખંતે સંયમ જીવને,
એનાથીયે રહે મેળે, ખરો સંયમ એ જ છે.

સાચવેલો ઘણા દી'નો તૂટી સંયમ જ્યાં પડે,
કેવો નિશ્ચય પોતાનો મીણ શો પીગળી જશે !

એવો સંયમ આવે ના જીવને ખપમાં ખરો,
　　જીવી
શકે ટકી ખરી વેળા તેવો સંયમ યોગ્ય તો.

તેથી સંયમ-પ્રાપ્તિના પ્રયાસે ભાવના હૃદે,
ભર્યાં તે કરવી ઊંડી, પ્રભુમાં ચિત્ત ધારીને.

એવી રીતે પ્રયાસોનું સર્વ સ્થૂળપણું જશે,
અને શક્તિ તણો એમાં ત્યારે જન્મ ખરો થશે.

જીવને કામ લેવાનું બને ત્યારે સહેજ સૌ,
—નૈસર્ગિકપણે, ને તે જીવને પ્રાણ પ્રેરતું.

નદીના ઊર્ધ્વ વ્હેણે શું જવાનું આકરું પડે !
એ કાજે પરસેવાનો શ્રમ શો પાડવો રહે !

('કર્મગાથા', આ.૩, પૃ. ૬૮-૬૯)

*　　　　　*

ઊર્ધ્વગામી થવા વૃત્તિ હૈયે સંયમ-ભાવમાં,
—કળા જે પામવા ચાહે તે તે તેમ મથે સદા.

ઊર્ધ્વમાં ઊર્ધ્વ ચૈતન્ય-શક્તિભાવ પ્રતિ દશા,
—જીવને સૌ થવા કાજે, તેવો સંયમ યોગ્ય ત્યાં.

એક તે જાતનો તેવો કોઈ સંયમ ત્યાં ન છે,
ભૂમિકા જેવી જેવી હો જુદો સંયમ તેમ છે.

માનવી એક જે માને ભાવ સંયમનો હૃદે,
બીજાના જીવને તેથી જુદો સંયમ તે બને.
જેમ જીવનનો ઊંચો ભાવ હોય ખરેખરો,
—હૈયે સંયમનો તેવો વહ્યાં મૂળ કરે ઝરો.

સામાન્ય માનવી જેને માને સંયમ જીવનો,
તેના ભાવ થકી ક્યાંયે જુદો સંયમ તે ખરે !

જેમ જેમ થવાતું રે' ઉચ્ચ ઊર્ધ્વ દશા વિષે,
મર્યાદા સંયમે ત્યાં ત્યાં મેળે ઓગળતી જશે.

બુદ્ધિની તર્કશક્તિથી પામી સંયમ ના શકો,
બુદ્ધિને છેતરી વૃત્તિ ભોગવી ભોગ લે સહુ.

ભોગેચ્છા-વૃત્તિ તો સૂક્ષ્મ પોતાના વ્હેણમાં જતાં,
કેળવેલો ન હો કાબૂ બુદ્ધિ આપે શું કામ ત્યાં ?

કાબૂ મેળવવા કાજે સાધનાની જરૂર છે,
તાટસ્થ્યે વૃત્તિઓ સાથે ખેલવું યુદ્ધ જીવને.

('કર્મગાથા', આ.૧, પૃ. ૮૯, ૯૦)

*   *

## ઉપયોગ, સર્વ કંઈનો

(અનુષ્ટુપ)

નકામો કોઈ વિચાર નકામી ઊર્મિ તે કશી,
નકામું સ્થૂળનેયે તે વેડફી દેવું ના કદી.

ઉપયોગ બધાંનોયે ભાવયોગ્ય કર્યાં કરી,
પોતે જન્માવવાનું છે હૈયે જીવનને ફરી.

જે વિકાસ થતો હોય એનાથી માપ કાઢવું,
સૌનોયે તે વિકાસાર્થે ઉપયોગ કર્યાં જવું.

('કર્મગાથા', આ.૧, પૃ. ૮૨, ૮૩)

## સંઘર્ષણોની આવશ્યકતા

અથડામણ, સંઘર્ષણ વિના અગ્નિ પ્રગટતો નથી, વીજળી ઉત્પન્ન થતી નથી; ટિપાયા વિના આકાર ઘડાતો નથી, તેમ જીવનવિકાસ પણ અનેક જાતનાં સંઘર્ષણોથી થતો રહે છે. નવસર્જન થવાવા સારુ દ્વૈત આવશ્યક બને છે, તથા ઉત્કટ લાગણીની ને એકાગ્ર કેન્દ્રિતતાની પણ જરૂર રહે છે. પૃથ્વી અને સૂર્યના પ્રખર તાપના સંઘર્ષણથી કે ધરતી ને વરસાદના મેળાપથી સર્જન થાય છે. જેમ બીજાં નવસર્જન પરસ્પર વિરોધી દેખાતી ગુણશક્તિઓનાં સંઘર્ષણથી થાય છે, તેમ જીવનમાં પણ નવસર્જન માટે સંઘર્ષણ જરૂરી બની રહે છે. જીવનમાં વિરોધાભાસી લાગણીઓના, વિચારોના,વૃત્તિના, સંસ્કારોના, જગતના પ્રવાહોના આઘાત-પ્રત્યાઘાતો એવાં એવાં અનેક સંઘર્ષણો ઊભાં થતાં હોય છે. આવાં સંઘર્ષણો જ્ઞાનના હેતુ માટે સ્વીકારાયેલાં હોય છે તો જીવનને ઉપકારક નીવડે છે, કલ્યાણપ્રદ બને છે. જેમ ધરતી એવાં સંઘર્ષણોથી નવાં લીલાં વસ્ત્રો પરિધાન કરે છે અને જગતની જડ અને ચેતન સૃષ્ટિમાં નવજીવન પાંગરે છે,

તેવી રીતે જીવનમાં આંતરિક સંઘર્ષણો પણ નવી સૃષ્ટિ જન્માવશે ને આપણને એકલાને જ નહિ, પણ આપણી આસપાસ સર્વત્ર નવજીવનની પરિમલ પ્રસરાવી બીજાંને પણ શ્રેયસ્કર થઈ પડશે.

જ્યાં સુધી આપણામાં ઘર્ષણો નહિ જાગે ને એનું ઉત્કટ ભાન નહિ લાધે, ત્યાં સુધી જીવનની કટોકટીની પળો આવવાની નથી. જીવનને યોગ્ય પથે વાળવાને ને કેળવવાને માટે એવી પળો ઘણી જરૂરની છે. જીવનવિકાસની કેળવણી અર્થે તેવાં સંઘર્ષણોના સ્વીકારનો હેતુ છે.

('જીવનસંશોધન', આ.૨, પૃ. ૨૮-૨૯)

* *

## સંતાનો પ્રતિનો મા-બાપનો ધર્મ

પુત્રને ઉત્તમ ગુણવાળો બનાવવા માટે મારા આશીર્વાદની જરૂર હોય નહિ. એ આશીર્વાદ તો તમો, માતાઓ જ આપી શકો. એ એનું જીવન સાર્થક કરે એવો બનાવવાનું તમે ધારો તો જરૂર બનાવી શકો; એ શક્તિ, પ્રાણ, શ્રદ્ધા, ભાવ એ બધું જ બહેનોમાં છે જ. માત્ર એના ઉપયોગનું ક્ષેત્ર જુદું હોય છે. એ સ્થળાંતર થતાં બધી શક્તિ જન્મશે. સંતાનને પ્રેમભાવથી ઉછેરો. એની આગળ ભગવાનની વાતો કરો, નામધૂન સંભળાવો, સ્તનપાન કરાવતી વેળા તમે ખૂબ શાંત ને પ્રેમભાવવાળાં બની એકાગ્રચિત્તે ભગવાનનું નામસ્મરણ કરતાં રહો. જેથી એ બધો ભાવ એનામાં ઊતરે, પણ પ્રથમ તમારા દિલમાં એ તમન્ના પ્રગટવી જોઈએ, કે મારે એને એવો બનાવવો છે.

* *

તમારા પુત્ર વિશે તમે મા-બાપ કોઈ પણ પ્રકારની આસક્તિ, ઈચ્છા મનમાં પણ સેવશો નહિ. જે બાળકો ઉપર તેમનાં મા-બાપોની એવી રાગાસક્ત તીવ્ર ઈચ્છાઓના હુમલા

થયેલા છે, તેઓ ઘણી વાર મા-બાપોની ઈચ્છાથી વિરુદ્ધના જ નીવડેલા છે. એટલે એને જેવા થવું હશે તેવો થશે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૧૦૮)

* *

સંતાનને આપણી રીતે નહિ પરંતુ તેની રીતે, તે શોભે એમ એને પાસાં પાડવાનું કામ ભગવાને આપણને સોંપેલું છે. એને ઓપ ચઢાવવાનું કાર્ય યોગ્ય રીતે નહિ કરી શકીએ, તો આપણો ધર્મ આપણે ચૂક્યા ગણાઈશું. એને ઘડવાનું કામ આપણા (મા-બાપના) જીવનવિકાસ માટે છે. એ કર્મ કરવામાં આસક્તિ, મોહ, મમતા, રાગ, આદિ આપણને મુદ્દલે ન હોવાં ઘટે. જેટલો મોહ, રાગ અને મમતા તેટલી જ જકડામણ વિશેષ અને મુક્ત થવું અશક્ય. જો મુક્તિને માર્ગે જવું હોય તો આ બધાંમાંથી છુટાય તેમ પ્રવર્તવું. ('જીવનમંથન', આ.૨, પૃ. ૧૦૩)

* *

જગતમાં જેમ બીજાં બધાંનું સાધકે પ્રેમથી સહી લેવાનું રહે છે તેમ આપણાં ફરજંદોનું પણ સમજપૂર્વક ગળી જવામાં આપણી (મા-બાપોની) યોગ્યતા છે. છોકરાં* યોગ્ય રીતે ન વર્તે તો તેનું પરિણામ તેઓ પોતે જ ભોગવવાનાં છે, તે જાણજો. પ્રેમ-ભાવે, તપશ્ચર્યાભાવે સહેવું ને ઉદાર દિલ રાખીને તેમને સમજાવટ કર્યા કરવી એ જ તેમને યોગ્ય સમજણમાં ને વર્તનમાં લાવવાનો માર્ગ છે. ન સમજે તો આપણું માનભંગ થાય છે, એમ પણ ન માનવું ઘટે. 'તો પછી આપણું સ્થાન ક્યાં' એમ મન આપણને પૂછે; તો આપણું સ્થાન આપણામાં જ રહેલું છે. કશાથી ત્રાસવાનું ન હોય. બુદ્ધિથી શક્ય હોય તો તેટલો, હૃદયપૂર્વકની યોગ્ય

* મોટી ઉમરનાં, પુખ્ત વયનાં.

ભાવનાથી, એનો ઉકેલ થવા કાજે જે કંઈ યોગ્ય હોય તે કરવું ને સંતોષ માનવો. ('જીવનપ્રેરણા', આ.૧, પૃ. ૮૪-૮૫)

* *

## સાધનામાં રસ ક્યારે પડે ?

૧. જીવનમાં જેને આપણે સૌથી મહત્ત્વનો પ્રશ્ન ગણતા હોઈશું એમાં રસ પડશે.

૨. જેને માટે પ્રયત્ન થયા કરતો હશે, એને માટે લાગણી, પ્રેમ હશે તોપણ રસ પડશે.

૩. જે મેળવવું હશે એની ઉત્કટ જિજ્ઞાસા ને તમન્ના પ્રગટી હશે તો એની તીવ્ર ભૂખ જાગશે, ને રસ પડશે.

૪. 'ગરજ' જાગી હશે તો રસ પડશે; અમુક વસ્તુ કર્યે જ છૂટકો છે એવો દૃઢ મરણિયો નિર્ધાર કર્યો હોય, કે જે ન થાય તો જીવ્યું નકામું બને તો રસ પડે.

૫. જેનું સતત ચિંતવન થયાં કરતું હશે એવામાં રસ પડશે.

૬. જીવનધ્યેયની પ્રતીતિ થઈ ગઈ હોય, ને એના વિના જીવનમાં બીજા કશામાં રસ ન જામે તો રસ પડે.

૭. ઐહિક પુરુષાર્થના પરિણામે મળેલાં તમામ પ્રકારનાં દુન્યવી સુખ, સગવડ હોવા છતાં એ બધાંથી દિલમાં ચેન ન હોય ને હૃદય અંદરથી હજી કશાક ઑરને ઝંખતું થયું હોય તો રસ પડે.

આવાં આવાં કારણોથી સાધનામાં રસ પડવા સંભવ છે. ભલેને આપણને શરૂશરૂમાં રસ ન પણ કદાચ જામે, યા શરૂમાં રસ પડીને પછીથી મંદ ગતિ થઈ જાય. તોપણ, જીવનનું હવે શેષ કાર્ય આ જ હોઈ શકે છે, એવો દૃઢ નિર્ધાર જો પ્રગટાવી શક્યા હોઈશું ને એક યા બીજા સાધનને વળગી રહીને જ્ઞાનપૂર્વક

પ્રેમભક્તિથી કશુંક ને કશુંક કર્યાં કરતાં રહીશું તો કોક દિન એમાંથી વેગ જન્મી જવાનો છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૫૬-૫૭)

* *

## સાધના અનિવાર્ય

પ્રભુની દિવ્ય શક્તિ તે વિશ્વમાં સચરાચરે,
હજારો રીતથી વ્યક્ત પોતે કેવી થયાં કરે !

ઝાડમાં ઝાડરૂપે તે, પાણીમાં પાણીરૂપ તે,
ચેતના-મર્મની રીતે આવિર્ભાવ રૂપે ઠરે.

સર્વના મૂળમાં જોતાં ચૈતન્ય-શક્તિ વાસ છે,
વૈજ્ઞાનિકો કહે એવું પ્રયોગે, સિદ્ધ તે કરે.

'જો તે હો સત્ય તો કેમ એને જોઈ શકાય ના ?'
પ્રશ્ન એ ઊઠતો સૌને; વચ્ચે વિક્ષેપ ક્યાંક ત્યાં.

ઈન્દ્રિયો, મન ને ચિત્ત, અહંકાર તણા રૂપે,
ભેળવાયેલી તે ભેગી જુદી કેમ કરી જુઓ ?

ઈન્દ્રિયો, મન ને ચિત્ત બુદ્ધિ પ્રાણ વળી બીજાં,
અહંકારાદિથી નોખું થવાનું રહ્યું ત્યાં સદા.

તે બધાંથી થયા વિના પૂરેપૂરું જુદું હૃદે,
આત્માની દિવ્ય શક્તિ ના પમાયે અન્ય કો રીતે.

પ્રચંડ સાધના ઉગ્ર તે કાજે કરવી પડે,
તે વિના એ નથી શક્ય ઉપાયે કોઈ રીતિએ.

લાખો વાર કંઈ બોધ સાંભળ્યાં કરશો ભલે,
જશો કોટિય વારે છો સંતનાય સમાગમે.

શાસ્ત્ર પારાયણો ઊંડાં ને અભ્યાસ કરો કર્યાં,
તોયે ના પમાવાનું વિના કૈં સાધના કર્યા.

સાધનામાત્ર ઉપાય એકલો એક ત્યાં ખરો,
શક્તિને પામવા કેરો, ફાંફાં બીજાં બધાં ગણો.

('કર્મગાથા', આ.૧, પૃ. ૪૪)

* *

## એકાંતિક સાધનાની જરૂર, શરૂમાં, શા માટે ?

જીવનનો સાધક તો જ્યાં ત્યાંથી સદ્‌ભાવનાની પિછાણ ને કદર કર્યા વિના રહી શકતો નથી. જેનું તેનું યોગ્ય મૂલ્યાંકન તે યથાભાવે કરતો રહે છે. કોઈ પણ સદ્‌વૃત્તિના હાર્દને તે અનુભવ્યા વિના રહી શકતો નથી, તેથી તે જીવનની સકળ સદ્‌પ્રવૃત્તિના મૂળમાં છે. તેની ભાવના જેમ એકાગ્ર અને કેંદ્રિત તેના લક્ષ્ય પરત્વે રહ્યાં કરે છે તેમ તે પાછી સર્વતોમુખી થવાને પણ એકધારી મંડ્યા કરતી હોય છે. તેની દૃષ્ટિને એકમાં એકાગ્ર કેંદ્રિતપણે થવાવાનું જે થાય છે તે તો વિસ્તાર પામવાપણાની દશા પ્રાપ્ત કરવાને માટે. તેનું એકમાં જે પુરાઈ રહેવાપણું એક કાળ પૂરતું બન્યાં કરે છે તે તો જ્વાળામુખીની જેમ બહાર ફૂટી નીકળતાં પહેલાં તેના અંદરના ભૂગર્ભમાં ઘણા સમય પહેલાંથી બહાર ફાટવાની ક્રિયા-પ્રક્રિયા સતત ચાલતી રહેલી હોય છે તેના જેવી, અથવા તો માખણ મેળવવા માટે, દૂધને દહીં કરવા સારુ તેને થોડો સમય હલાવ્યા વિના એકાંત સ્થળે રાખવાની જરૂર રહે છે તેના જેવી આ પૂર્વતૈયારી છે. આવા પ્રકારની પૂર્વતૈયારીરૂપ સાધનામાં એકાગ્ર ને કેન્દ્રિત થવાની સાધકને કામચલાઉ

આવશ્યકતા નીપજે છે. તેથી તે સમાજથી વેગળો, અટૂલો ને એકલો પડી જાય છે, એમ માનવું તે યોગ્ય નથી. વૈજ્ઞાનિક જેમ પોતાની શોધના પ્રયોગના મનન-ચિંત્વનમાં એકાગ્ર રહીને, તે કાળના તબક્કા પૂરતું એકાકી જીવન જીવીને બધા પ્રકારના જીવન પરત્વે દૃષ્ટિ દોડાવતો નથી હોતો,—ને આને જગત યોગ્ય પણ ગણે છે—તેમ સાધકનું પણ થતું હોય છે.

જેણે જેણે કંઈક મેળવવું છે, તેણે તે મેળવવાના પ્રયત્નમાં એકાગ્ર ને કેન્દ્રિત થયા વિના ચાલતું હોતું નથી. જેણે જે જે પ્રવૃત્તિ જીવનધ્યેયને વિકસાવવાને હાથમાં લીધી હોય છે, તેમાં તેણે એકચિત્ત થવું જ પડે છે. આ હકીકત જીવનનાં સર્વ ક્ષેત્રોને લાગુ પડે છે. લડાઈના જોશને જીવતું ને થનગનતું રાખવા તે ગાળામાં સમગ્ર પ્રજાની દૃષ્ટિને એકમાત્ર મુક્તિ ને વિજયના મુદ્દા પર જેમ એકાગ્ર ને કેન્દ્રિત રાખવામાં આવે છે,—ને તે કાળ પૂરતું જેમ બીજા કશા પરત્વે ઝાઝું મહત્ત્વ અપાતું નથી,—તેમ જીવનમાં સાધના પરત્વેના વલણને સમજવાનું હોય છે.

આવો સાધક અકર્મણ્ય છે એમ પણ કદી નહિ ગણી શકાય. જીવનમાં ઉદ્‌ભવતાં રાગદ્વેષાદિક પ્રકૃતિનાં વલણોથી દોરવાઈ ન જતાં શાંતિ, સમતા, તાટસ્થ્ય કેળવવાને જાગૃતિપૂર્વક મથ્યાં કરવું, ને જીવન પરત્વેના સકળ વર્તનભાવમાં સત્ત્વગુણને પ્રગટાવવાને એકધારું જ્ઞાનપૂર્વક મથ્યે જવું,—એને શું કર્મ નહિ ગણાય કે ? ને તેવું કર્મ પણ પ્રભુપ્રીત્યર્થે, પ્રભુભાવે ને જ્ઞાનભક્તિપૂર્વક શ્રીભગવાનના ચરણકમળે સમર્પણભાવે થયાં કરે—આ બધું કંઈ જેવું તેવું કર્મ નથી. સંસારના કર્મથી સાધનામય જીવનનું કર્મ નિરાળું છે. સંસારનું કર્મ સ્થૂળ હોઈ દેખી શકાય છે; સાધના-કર્મ સૂક્ષ્મ હોઈ દેખી શકાતું નથી.

*     *

## સાધકનું સ્વજન પ્રત્યેનું વલણ

કોઈ આપણું સ્વજન આપણી સાથે ઝગડવાનું કરે, ક્લેશ, સંતાપ કે કંકાસ કરે ને તેથી જો આપણે લેવાઈ નહિ જઈએ કે આવરાઈ નહિ જઈએ, તો એનાં એ હથિયાર ભોંઠાં પડવાનાં છે; પરંતુ જો આપણે એથી કરીને ખીજવાયા, ચિડાયા કે ક્રોધે ભરાયા તો એ જીવનાં તે હથિયાર વધારે ધારવાળાં થવાનાં. એટલે એવી સ્થિતિમાં તો પ્રભુકૃપાથી આપણે વધારે સરળ, શાંત, ધીરજવાળા, સમતાવાળા ને પ્રેમભાવી બનીને વધારે સહનશીલતા કેળવ્યાં કરવાની છે. આપણા સત્ત્વગુણને કેળવવા, ખીલવવા માટે તથા આપણામાંની ખિજવાટની, અકળામણની, ક્રોધની વૃત્તિને સબૂરી પકડાવવાની કસોટી, તકરૂપે તે કૃપાતક મળેલી છે, એમ હૃદયમાં માનીને આપણે ત્યારે વર્તવાનું છે. વળી, ત્યારે આપણું હૃદય પ્રેમભાવની ખૂબ ભીનાશવાળું, કુમળાશવાળું, સહાનુભૂતિવાળું ને સામા જીવની અંદરનું જે જે સારું હોય તેની કદર કરવાની તત્પરતાભરી ભાવનાવાળું હોવું જોઈએ. આવે સમયે આવી જાગૃતિ આપણામાં પૂરેપૂરી જાગેલી હોવી જોઈશે.

જીવન આવા પ્રકારની અથડામણોથી ઘડાય છે. જે જીવનમાં કદી એવી અથડામણો, યુદ્ધો, ગૂંચો, મુશ્કેલીઓ, ઉપાધિઓ આવી નથી, તે જીવનમાં નક્કરતા કેમ કરીને આવી શકવાની છે ? ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ આપણી માનસિક સ્થિતિ પૂર્ણ સમતાવાળી, શાંતિવાળી, ધીરજવાળી રહી શકે, તેવા પ્રકારના શિક્ષણ કાજે ઈશ્વરે કૃપા કરીને તેવા સંજોગો આપણા માટે ઊભા કર્યા છે, તેવી જાગૃતિ ત્યારે હોવી જોઈશે.

સામા જીવની પ્રકૃતિનાં ગમે તેવાં દર્શન થાય, તોયે આપણી પ્રેમભાવનામાં તો બિલકુલ ફરક ન પડવો જોઈએ,—બલ્કે તે વધ્યાં કરવી ઘટે; તો જ જગતના ગમે તેવાની સાથે આપણે સમતાયુક્ત વર્તન રાખી શકવાને સમર્થ નીવડીશું; તો જ પાપીમાં પાપી ને દુષ્ટમાં દુષ્ટ જીવને પણ આપણે ચાહી શકીશું.

આપણો દોષ થયો હોય તો લાખ વાર માફી માગી લઈએ. એમ કરવામાં ક્યાંયે સંકોચ ન સેવીએ.

('જીવનમંથન', આ.૨, પૃ. ૭૫ થી ૭૭)

* *

જો કોઈ જીવની પ્રકૃતિ સામાને નમાવવા કે ઘસડવા એની છેલ્લી હદ સુધી જતી અનુભવાય તો એ તો આપણી પોતાની કસોટી છે અને આપણી કક્ષા કે દશા કેવી થઈ છે તે જાણવા માટેની એક પારાશીશી છે. તેવા સમયે સામા તરફ સહેજ પણ અવહેલના કે તિરસ્કાર થયાં યા પ્રેમભાવ અને સદ્ભાવ ઓછો થવા પામે તો તો આપણું પતન થયું સમજવું. સેવાનો પ્રસંગ સાંપડ્યે પ્રેમભાવે એની સેવા પણ કરીએ, પરંતુ જ્યાં આપણે નમવું ન ઘટે ત્યાં તો ન જ નમીએ. એના આત્માને જરૂર વંદીએ, નમીએ, પરંતુ એની પ્રકૃતિને કે એના સ્વભાવને તો નહિ જ. કોઈની પણ પ્રકૃતિને કે સ્વભાવને નમ્યા કે આપણે નીચે ઊતર્યા સમજવું. ધ્યેયની બાબતમાં ને આદર્શ પરત્વે તો મક્કમ જ રહેવાનું હોય. ('જીવનમંથન', આ.૨, પૃ. ૭૯, ૮૦)

* *

સાધકના જીવનમાં એવો પણ સમય આવે છે કે જ્યારે આપણાં પોતાનાં આપણને નીચે ખેંચી પાડવા મથે છે. તે 'માર'નાં મોટામાં મોટાં હથિયાર પણ બને છે, કારણ કે એમના પરત્વે આપણને બીજાં બધાં કરતાં વધુ પ્રેમ જામેલો હોય છે. પરંતુ એવી

જે કૃપાતક મળે છે, તે જો સાધક ખરેખરો જાગ્રત રહેલો હોય છે તો આંખ ઉઘાડનારી બની શકે છે. આથી એવાં પરત્વે આપણને રાગ, મમતા, આસક્તિ, મોહ આદિ જે હશે, તે તેમની તેમની સાચી પ્રકૃતિનાં દર્શન થતાં કપૂરની જેમ આપણામાંથી ઊડી જશે. સાધકના જીવનમાં નરી શુષ્કતા પણ ન હોવી જોઈએ. તે તો સદાય કોમળમાં કોમળ બનેલો હશે. તે સાથે તેના ધ્યેય પરત્વેની તેની મક્કમતા વજ્ર કરતાંયે કઠણ હશે. જીવનમાં કારુણ્ય, ઉદારતા, વિશાળતા, પ્રેમ વગેરેને સ્થાન છે, પરંતુ તે બધાં વાપરવાનાં છે ધ્યેયને ખાતર,— —અસત્ય કે પ્રકૃતિના નીચલા થરોને અપનાવવા ખાતર નહિ. ઊંધા સમજાઈશું, ઘાતકી લાગ્યાં કરીશું, એવું એવું બનવાનો સંભવ લાગે તોપણ ધ્યેયને યોગ્ય એવા સમતાભર્યા પ્રેમના ભાવયુક્ત અડગ વર્તનથી સામાને જીવનની સાચી સમજ ને ઉચ્ચ બાજુ દર્શાવી શકવાના છીએ. એક વખત સામી વ્યક્તિને આપણી મક્કમતાનો ખ્યાલ જાગી ગયેથી ને આપણને ચસાવવું અશક્ય છે તેવું તેને લાગતાં આખરે પોતાનો તંત તે મૂકી પણ દે.

('જીવનમંથન', આ.૨, પૃ. ૮૧-૮૨)

*　　　*

## જીવન-સાથી પ્રત્યેનો ધર્મ

(અનુષ્ટુપ)

યોગ-માર્ગે જવું જો હો એનાથી અન્ય રીતમાં,
—તમને કો જવા પ્રેરે, 'ના' કહો દૃઢતાથી ત્યાં.

દુભાતાં દિલ બીજાંનું એવું કૈં કરવા જતાં,
પ્રેમ ઊંડો હૃદે ધારી એવાંને સમજાવવાં.

સાથીનો સાથ લેવાને સાથ દેવાં કહ્યાં કરી,
આપણે તો રહેવાનું સ્વ-માર્ગે દૃઢતા ધરી.

એકની એક વાતે તે ઝાઝું ત્યાં નહિ ચૂંથવું,
-સ્પષ્ટ કે'વાનું જે હોયે તે કહી શાંત ત્યાં થવું.

બીજું તો માગતું રે'શે એની રીતે ચલાવવા,
આપણે ડગવું ના ત્યાં રે'વું મક્કમ ત્યાં સદા.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૧૧૯-૨૦)

*　　　　　*

જેને જે જોઈતું હોય લેવા દ્યો તેમને બધું,
નિઃસ્પૃહી આપણે રે'વું ભાગ આવેલ તે કરી.

સંડોવાઈ જવાનું ના કશામાં થાય આપણું,
એ રીતે વર્તવાનું છે સ્વસ્થ શાંતપણે પૂરું.

પરિણામ તણી ચિંતા રાખી કર્મ ન કૈં કરો,
આવેલ કર્મના ભાવે વર્તી નિશ્ચિંતતા ધરો.

આપણું કરવાનામાં સર્વસ્વ પ્રાણ આપણે,
—રાખીશું જો પૂરેપૂરો, યોગ્ય તો જીવવું બને.

ખોડખાંપણ બીજાંની આપણે કાઢવી નહિ,
જે જે કૈં આપણું વાકું સુધાર્યાં કરવું મથી.

લેવાની સૌ બીજામાંથી સારું તે ટેવ પાડવી,
એવો અભ્યાસ ખંતેથી કરી શુદ્ધિ વધારવી.

('જીવનપગલે', આ.૧, પૃ. ૨૩-૨૪)

*　　　　　*

## સાધક અને સંસારી સંબંધો

(અનુષ્ટુપ)

સંસાર પ્રભુ-પ્રાકટ્ય લીલારૂપ ગણી હૃદે,
પ્રભુભાવે પરોવાઈ તેમાં રે'વાનું આપણે.

કેળવ્યાં કરવાનો છે એવો અભ્યાસ જીવતો,
વિના અભ્યાસ જે જીવે જીવવાનું નકામું તો.

સંસારી સર્વ સંબંધો સંસારી સુખ કાજ ના,
પ્રેમ ઉદ્‌ભાવવા એ તો મળેલાં સૌ નિમિત્ત ત્યાં.

સદ્‌ભાવના વધે હૈયે એ રીતે વર્તવું ઘટે,
જીવન તેમની સાથે સંકળાવાનું એ રીતે.

સગાંવહાલાં બધાંથી જો હૈયાનો પ્રેમ ના વધે,
-જાણવું 'આપણી રીત હશે ના યોગ્ય વર્તને.'

વધારે ઓછું કો વહાલું આપણે ગણવાનું ના,
સમભાવ હૃદે રાખી વર્તવું શ્રેય-અર્થ ત્યાં.

ડંખ ના કોઈને માટે રે'વો હૈયે ઘટે કદી,
કોઈનું સારું ને ખોટું સંઘરી રાખવું નહીં.

એક વાર કહી દેવું કોને કે'વાનું આવતાં,
માનવાનું હશે જો તે માનશે આપમેળ ત્યાં.

ગોદાટી કદીયે કોની કેડે પડી ન કૈં કરો,
લીધેલા કામમાં પૂરી ગોદાટી કરવી ચહો.

પોતાના કામનો ખ્યાલ જેને પૂરેપૂરો ન રે'
એવો તે ખ્યાલ બીજાંમાં કેવી રીતે ઉગાડશે ?

પોતાનામાં ઉગાડી જે શકે તત્ત્વ પૂરું હૃદે,
તેનામાં પ્રગટે શક્તિ તેને હક્ક બધા મળે.

('જીવનપગલે', આ.૧, પૃ. ૨૧, ૨૨, ૨૫)

*　　　　　*

## સાધકનો ઘર-નોકર પ્રત્યેનો વર્તાવ

પોતાના જીવનને સાધનામાં સાંગોપાંગ વણી લેવા ઈચ્છતા સાધકે ઘર-નોકર પરત્વે સંપૂર્ણ ભાઈચારાની ભાવના રાખવી જોઈશે. નોકરના ભાગે આવેલું કામ નોકર કરે એટલે તે હલકો થઈ જઈ શકતો નથી, તેમ જ કોઈ લખપતિ કે કરોડાધિપતિ પોતાને ભાગે આવેલું કામ કરતો હોય, તેથી તે ઊંચા દરજ્જાનો થઈ જતો નથી. કામના પ્રકારને લઈને ઊંચા નીચાના ભેદ કદી હોઈ શકે નહિ. સાધકને એવા ભેદ કલ્પનામાંયે ન હોવા ઘટે.

**અંતરમાં અને બહાર, ઉપર ને નીચે, બધે જે ભગવાનનો ભાવ સચરાચરપણે પ્રસરેલો છે, તેને જીવનમાં અનુભવરૂપે હૃદયથી પ્રામાણિકપણે ઉતારવા મથનાર તે સાધક.** એવો સાધક પોતાના નોકર અને કુટુંબીઓ વચ્ચે સદ્‌ભાવની રૂએ કે ભાવનાની રૂએ કશો ફરક નહિ જુએ. તે માંદો પડતાં અગર તેની કોઈ એવી અગવડભરી સ્થિતિનો ખ્યાલ આવતાં પોતાના કુટુંબીજન જેવી, તેની મર્યાદાની સ્થિતિનો વિવેક રાખીને, તેની યોગ્ય સેવા કરવાનું ને તેના ઉપયોગમાં આવવાનું ચૂકશે નહિ. તેની પાસેથી ગજા ઉપરાંતનું કામ કદી લેવાય નહિ. નોકરને કામ કેટલા કલાક અને કેટલા વાગ્યા સુધી પહોંચે છે, તેનું જીવતું ભાન રખાવું જોઈએ. કામને લીધે તેને મોડે સુધી રાત્રે જાગ્યા કરવું તો પડતું નથી ને ! તે પણ જોવાવું ઘટે છે. તેની જમવાની ને રહેવા કરવાની સગવડ, તેના જીવનની મર્યાદા અનુસાર, જોવાયાં જશે. કોઈ પણ યોગ્ય કારણસર આપણે ત્યાંથી તેને

જવાનું બને તો બીજાને ત્યાં ગમે તેવા સંજોગોમાં યશસ્વીપણે તે પોતાનું કામ કરી શકે એવી કેળવણી ને તાલીમ પણ આપણે ત્યાં એને મળી હોવી જોઈએ.

નોકર સાથે સાધક કદી પણ અસભ્ય નહિ બને અને હરેક પ્રસંગમાં વાણીમાં મીઠાશ જાળવશે. નોકર એટલે તેને નવરો રખાય જ નહિ અને સતત દિવસભર કામ એક પછી બીજું એમ બતાવ્યાં કરવું જોઈએ, એ તો ઘણી હલકટ મનોવૃત્તિ છે. નોકર પણ માનવી છે. તેને પણ લાગણીઓ હોય છે. એને પણ આરામની જરૂર હોય. વળી, કેટલેક ઠેકાણે તો ઘરનાં મુખ્ય માણસો ન સૂએ, ત્યાં સુધી નોકરથી સૂવાનું બનતું નથી. તેવે ઠેકાણે પોતે વિચાર કરીને નોકરને પણ ઓછામાં ઓછી ૭ થી ૮ કલાક ઊંઘ મળવી જોઈએ, એવો વિચાર સમજદાર જીવ કર્યા વિના નહિ રહે. નોકરનું શરીર માંદું હોય તે વેળા તેને કામ ન કરવા દેતાં તેને આરામ, દવા અને આપણી હૂંફ મળે તેવી સગવડ, મોકળાશ ને સહૃદયતા જો આપણે દાખવી શકીએ તો નોકરને આપણા વિષે સદ્‌ભાવ રાખવામાં સહાયરૂપ થઈ શકાશે. એવું કરવું એ આપણો ધર્મ પણ છે. નોકરની શક્તિની મર્યાદા જોઈને તેનાથી આસાનીથી થઈ શકે તેટલું જ કામ કરાવવું જોઈએ. નોકર ગરજનો માર્યો આપણે ત્યાં કામ ભલે કરશે, પરંતુ તેની પ્રત્યે જો આપણો વર્તાવ સખત અને કઠોર હશે તો તેના દિલમાં આપણા પ્રતિ સદ્‌ભાવ કે પ્રેમ કદી નહિ જાગે. આપણે પોતે તેની તેવી સ્થિતિમાં હોઈએ તો આપણને કેવું લાગે તે આપણે વિચારવું.

સાધકનું નોકરની સાથેનું વર્તન પ્રેમભાવભર્યું હોવું ઘટે છે. સાધક એમ કદી ન માને કે તેની સાથે તેવું વર્તન રાખવાથી નોકર ચઢી વાગશે કે 'ફાટી' જશે; તેની સાથે સાથે નોકરનું અયોગ્ય વર્તન થતાં તેને તેમાંથી વારવાનું કરવાને પણ નહિ

ચૂકે. સાધકના હૃદયનો સહજ પ્રેમભાવ ને તેની સાથેનું એવું નૈસર્ગિક વર્તન નોકરના દિલમાં કોઈ અનેરો ભાવ પેદા કર્યા વિના નહિ રહે. નોકર એ નોકર નથી પણ કુટુંબનું જ અંગ છે એવો ભાવ હૃદયમાં સ્ફુરવો ઘટે. નોકરને બને ત્યાં સુધી વજૂદવાળું યોગ્ય કારણ વિના આપણે કાઢી ન મૂકવો. તે પોતાની મેળે જવાનું કરે તો જુદી વાત છે.

નોકર પરત્વે સાધક સંપૂર્ણ વિશ્વાસ રાખે ખરો, પરંતુ પોતાના એવા વિશ્વાસભર્યા વલણથી જો નોકર પોતાના સ્વભાવ પ્રમાણે આડેઅવળે પ્રેરાતો હોય, તો તે બાબતમાં તેને સમજાવવાનો અને જરૂર પડતાં અટકાવવાનો પણ સાધકનો ધર્મ બને છે. પોતાની વિશ્વાસની લાગણીને લઈને પેલાનું અકલ્યાણ થવા દેવાનું નિમિત્ત તે નહિ બની શકે. તેમ જ જાણી જોઈને નોકરને બેદરકાર થવા નહિ દે; સાથે સાથે ખોટી રીતે તેને ઘોંચપરોણા પણ નહિ કરે.

વર્ષમાં એક મહિનાની ચઢતે પગારે હક્કની રજા અને જો તે ન ભોગવે તો તેનું જુદું વળતર અને મહિનામાં ચાર દિન છૂટ્ટી તેને મળવી જોઈએ. નોકર પોતે કુટુંબીજન જેવો થઈને સમજીને તે છૂટ્ટી ન ભોગવે તો તેનું પણ જુદું વળતર દેવાનું હોય. વર્ષના અંતે એકાદ મહિનાનો પગાર બક્ષિસરૂપે આપી શકાવાની શક્યતા હોય તો તેમ પણ વિચારાય.

આખરે સાધક તો નોકરને નોકર તરીકે ન સમજતાં તેને આવી મળેલું સ્વજન લેખશે, ને એવી ભાવના રાખશે. જ્ઞાનપૂર્વક ભાવનાથી પ્રેરાયેલા સદ્‌ભાવનો કોઈ ગેરલાભ લઈ જશે એવી ભીતિ સાધકે સેવવાની ન હોય. પોતાનો ધર્મ તેના પરત્વે સર્વ પ્રકારે યોગ્ય પ્રકારના વર્તનમાં પરિણમે એ જોવામાં સાધકનો સંતોષ સમાયેલો હોય.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૨૧૬ થી ૨૨૧)

અહીં 'નોકર' એ એક માત્ર ઘર-નોકર જ સમજવાનું નથી; પરંતુ એકથી વધુ નોકર હોય તો તેમ તથા રસોઈ કરનાર મહારાજ, આયા, ગુમાસ્તા, કારીગર, શૉફર, માળી, ચોકિયાત, મદદનીશ, મંત્રી આદિ સર્વ પ્રકારની વ્યક્તિઓને સંકળાયેલી ગણવાનું છે, ને તેઓ તેઓ પરત્વેનો પૃથક્ પૃથક્ ધર્મ સાધકે યથાયોગ્યપણે ભાવપૂર્વક પોતાના હૃદયનો ભાવ વિકસાવવાને માટે જ જાણે તે બધું ભગવાને સાધનરૂપે બક્ષ્યું હોય તેમ સહૃદયી વલણ રાખીને તેવી બધી પ્રભુ-ભેટને નવાજવાનું હોય.

* *

## સાધકોનું માંહોમાંહેનું વર્તન

સાધકોના સૂત્રધાર એક જ ગુરુ જ્યાં હોય છે ત્યાં, ને તેમ છતાં પણ, સાધકોનાં પરસ્પર વર્તનમાં ઘણી વાર તેમને છાજે નહિ એવું વર્તન થતું જોવામાં આવે છે. ખરું જોતાં તો **સાધકો એટલે ગુરુરૂપી વિરાટ શરીરનાં જુદાં જુદાં અંગો.** જેમ માનવીશરીરનાં દરેક અંગનાં નામ, કામ અને પ્રકાર જુદા જુદા હોય છે તેવું જ ગુરુના વિરાટ શરીરનાં આ અંગો વિષે છે.

જ્યારે કોઈ જીવ સાધકદશામાં આવે છે, ત્યારે તેના સ્વભાવનાં સારાં તત્ત્વો અને અનિષ્ટ તત્ત્વો બન્ને જે અત્યાર સુધી સાધકમાં ઊંડે પડી રહેલાં હતાં એ ઉપર તરી આવે છે, બહાર વ્યક્ત થાય છે. તેમાં નિમ્ન તત્ત્વોના હુમલા ઝટ થાય છે. તેમનું વ્યક્ત થવાપણું વેગથી અને ઝડપથી બને છે, અને એ સવિશેષપણે જોર પર આવતા જણાય છે. ઈર્ષ્યા, અસૂયા 'હું'પણું, ક્રોધ, મત્સર, અયોગ્ય સ્પર્ધા, ગુરુ ઉપર પોતાની માલિકીની વૃત્તિ, બીજાંના ભોગે પોતાનું સારાપણું દાખવવાની અને દેખાડવાની વૃત્તિ, પોતાને વધુ મહત્ત્વ મળ્યાં કરે તેવી ગોઠવણી આદિ જીવપ્રકારની નિમ્ન વૃત્તિઓ એકદમ જોરથી

હુમલો કરે છે. ઘણાં વરસથી વહેતી કોઈ નીકમાં કે ખાળકૂંડીમાં નીચે કચરો પડી રહેતો હોય અને તેની ઉપર ઉપરથી પાણી વહી જતું હોય તો તે પાણી પ્રમાણમાં સ્વચ્છ હોય છે; પણ જ્યાં નીક સાફ કરવાની, ખોતરવાની શરૂઆત થાય છે, ત્યારે તે પાણી ઊલટું વધુ બદબોવાળું, મેલું ને ડહોળાયેલું બને છે. તેવું જ કંઈક સાધકના જીવન વિષે બને છે.

આવી વેળાએ ઘણી વાર સાધક તેના નીચલા થરના જોરથી વહેવા માંડેલા પ્રવાહમાં તણાઈ પણ જાય છે—જો કે પછી જાગૃતિમાં આવતાં તેને તેનું ભાન પણ થાય છે અને સાધકોમાં કદી કદી માંહોમાંહે હુંસાતુંસી, ખેંચતાણ અને ઝગડા પણ થતા હોય છે. આથી આવા સાધકો ઘણા નીચલા દરજ્જાના છે એવું માનવા તરફ સંસારી લોકો દોરાય છે, પરંતુ વાસ્તવિકપણે તે માન્યતા અઘટિત છે.

સાધકમાં અને સંસારીમાં એક મોટો ફેર છે. એની બધી વિકૃતિઓ છતાં સાધક ભગવાન તરફ અભિમુખ થોડેઘણે અંશે પણ હોય છે; એટલે કાળક્રમે તે પોતાના સ્વભાવને વધુ ને વધુ ઊંડી રીતે પારખતો જતો હોય છે અને નીચલા થરના વહનના પટને છોડતો જતો હોય છે, એટલે કે તે સ્વભાવવશ થવાનું ઓછું ને ઓછું કરતો જાય છે. એટલે આવા સાધકો વચ્ચે અંતે તો એક દિન સુમેળ જાગ્યા ને જામ્યા વિના રહેવાનો નથી. એટલે તે જેમ જેમ જાગતો જશે, અને તેનો જેમ જેમ ક્રિયાત્મક ઉપયોગ થતો જશે, તેમ તેમ નવી આવેલી કે ખીલેલી શક્તિ જ આપોઆપ બધામાં સુમેળ પ્રસરાવશે.

પ્રકૃતિના ગમે તેવા પ્રબળ હુમલાઓ આવે તોપણ સાધકે જાગૃતિપૂર્વક તેમનો સામનો કરીને બીજાં સાથે અઘટિત વર્તાવ ન થઈ બેસે તે જોવાનું રહેશે. એણે પોતાના વર્તનને પ્રત્યેક પળે

સમજવા માંડવું પડશે અને તે ક્યાં ખોટું છે એનો પૂરેપૂરો ખ્યાલ એનામાં જાગવો જોઈશે. સાધકે પોતાની જાતને બરાબર ઓળખી લીધી હશે, તો હંમેશાં તેની દૃષ્ટિ, વૃત્તિ અને વલણ એના પ્રત્યેક પ્રસંગમાં, વિચારમાં, વાણીમાં ને વર્તનમાં પોતાની ભૂલ ક્યાં છે એ જ જોવા પ્રતિ તેનું લક્ષ રહેશે. પોતાને થયેલા કે થતા કોઈ પણ આઘાત વિષે કે અન્યાયી દેખાતા વર્તન વિષે જે કોઈ સાધક સામાનો દોષ જોશે અથવા શોધવાનું કરશે તે કાં તો ખરેખરો સાધક નથી કે કાં તો તે પ્રસંગ પૂરતો કોઈ ભારે ભ્રમણામાં પડેલો જીવ છે.

ગુરુ પ્રત્યેક સાધક સાથે તેની તે તે કાળની જરૂરિયાત, સંજોગો, પરિસ્થિતિ આદિ જોઈને વર્તતો હોય છે; તેમાં કોઈ પ્રકારની અંગત પક્ષાપક્ષી કે ગણતરીઓ-Considerations-ગુરુને હોતી નથી; તોપણ સાધકો કેટલીક વાર પોતાના અહમ્‌ના ને પ્રાણના પ્રેરાવ્યા ગુરુના વર્તાવ ઉપર મનમાં ટીકા કરવા, ન્યાય તોળવા બેસી જાય છે. આમાં સાધક પોતાની જાતને, ગુરુને અને સંકળાયેલ સાધકને એમ ત્રણેને અન્યાય કરે છે. સાધકને જ્યારે આવાં વલણો ઊઠે ત્યારે તેણે સવિશેષ જાગૃતિ રાખીને તેમાંથી તરત દૂર થઈ જવાનો મક્કમ પ્રયત્ન કરવો ઘટે છે.

(‘જીવનસંદેશ’, આ.૨, પૃ. ૨૧૦-૨૧૫)

* *

જે જે સાધકો જે એકસાથે સંકળાયેલા હોય, તેઓ અરસપરસે મળવાનું થતાં પોતાના અનુભવોની આપલે કરે, કઈ કઈ રીતો ગ્રહણ કરવાથી સાધનાપથે સરળતા સાંપડી છે તે બધાંનો વિનિમય કરે ને એકબીજાના ઉત્કર્ષમાં પ્રીતિ ધરાવી, ઊલટ દાખવી, સંઘબળનો એ રીતે લાભ ઉઠાવે તે ઈચ્છવા યોગ્ય છે.

* *

## સાધના-રહસ્ય

(અનુષ્ટુપ)

સંઘરેલા જૂના ખ્યાલો, જૂની જે કલ્પના બધી,
જૂનાં ગણતરી મૂલ્યો છોડી સૌ, ધારવું મથી.

જૂનાં તે ધોરણો આવ્યા વિના રે'શે કદાપિ ના,
કિંતુ ત્યારે થવાનું ના તાબે તે વૃત્તિને જરા.

માપવાનું કદી રાખો કોઈને નહિ આપણે,
લેવાનું પારખું છોડો, સોંપો તે સર્વ ઈશને.

મપાઈ જાય જો કોઈ ચિત્તમાં તે ન રાખવું,
વહી જાવા જ દ્યો એને ચોંટાડી ચિત્ત ભાવ શું.

સારાખોટા બધા ખ્યાલો રાખવાના ન આપણે,
પ્રભુને તે સમર્પીને રહ્યાં ખાલી કરો હૃદે.

કોઈની વાતમાં મેળે ધ્યાન ના રાખવાનું છે,
દોરે જો કોઈ કૈં લક્ષ તાટસ્થ્ય ધારવું હૃદે.

પ્રભુના ભાવનું લક્ષ જીવતુંજાગતું કરો,
એની પાછળ હોમાઈ જવાનું બધુંયે ચહો.

પ્રત્યક્ષ જીવને એને કર્યા વિના હૃદે કશે,
ઠરીને જંપી ના કેમે બેસી રે'વાનું આપણે.

પરોવાઈ જશે ત્યારે અનેક તૂતમાં ખરે,
આપણું ચિત્ત એવું કે શકીશું જાણી ના હૃદે.

જે કાંઈ કરતાં હો ત્યાં સ્પષ્ટ લક્ષ વિધાનનું,
આપણે રાખવું યોગ્ય તણાયા વિણ ઊર્મિથી.

જ્ઞાન, ભક્તિ, ઊંડું ધ્યાન, યોગના લક્ષચિત્તથી,
જેમાં તેમાં પ્રવેશાવું આપણે રાખવું મથી.

ભાવ હૈયા તણો જ્યારે પ્રત્યક્ષ જન્મતાં હૃદે,
—પાકેલી ભૂમિકા ત્યારે આપણી જાણવી ઘટે.

('જીવનપગલે', આ.૧, પૃ. ૨૧-૨૩)

* *

પ્રભુના માર્ગમાં જે જે અંતરાયરૂપે બને,
ખરા હૈયાથી એનો સૌ ત્યાં ઈન્કાર થવો ઘટે.

કિંતુ તેવું થવાવામાં જ્ઞાનપૂર્વક તે કરો,
કર્યું ના કર્યું બાકી તો મિથ્યા તે સર્વ જાણજો.

પ્રભુનો વેશ કૈં ખોટો અવિદ્યા અંધકાર તે,
-લઈ આવે કંઈ વેળા, તે વેળા ચેતવું હૃદે.

સ્વીકાર કરવા કાજે સ્થિરતા મનની કરો,
ચેતના જાગૃતિ રાખી પ્રકૃતિથી ન કૈં કરો.

કર્યાં સૌ જે કરો છો તે કરો છો પ્રભુ કાજ સૌ,
—ઊંડી ઊંડી હૃદે લક્ષે જીવતી ધારણા ધરો.

સમર્પણ કરી દેવી જાતને સર્વ ભાવથી,
જે જે આપે પ્રભુ એને સ્વીકારી લેવું હર્ષથી.

થઈ દુઃખિત કે છૂપો ત્યાં વિરોધ કર્યાં કરી,
બેળે બેળે સ્વીકારાતાં એનો અર્થ સરે નહીં.

આપણા કર્મમાં વ્યક્તિ ગમે તેવી નઠારી હો,
નિસ્બત, કલ્પના, ખ્યાલ તે સાથે આપણે ન કો.

સંસારમાં બધી રીતે પ્રભુ-ભાવ પરોવજો,
સંસારી ભાવના રાખી સંસારે નહિ વર્તશો.
('કર્મગાથા', આ.૧, પૃ. ૧૦૦,૧૦૧,૧૦૩,૧૬૮,૧૭૯)

* *

સ્પૃહી ર્‌હેવા છતાં પોતે થવા વર્તવું નિઃસ્પૃહી,
કદી આશા, કશી ઈચ્છા, હૈયામાં રાખવાં નહીં.

પુરુષાર્થ તણી માત્રા નિત્ય નિત્ય વધારવી,
કૃપા, પ્રેમ પ્રભુ કેરાં માગતાં રે'વું ઉરથી.

ભૂત-ભવિષ્યના ઝાઝા વિચારો, કરવા ન કૈં,
આપમેળે સરે જેમ સરવા દેવું પ્રેમથી.
('કર્મગાથા', આ.૧, પૃ. ૨ થી ૪)

* *

સર્વ પ્રવૃત્તિના કર્મે સ્વભાવે વશ ના થવું,
અહંતા છોડતા રે'વું કર્મે થૈ જ્ઞાનયુક્ત શું.

અનાસક્ત રીતે કર્મે પ્રવેશાવાનું રાખવું,
હૈયે સદ્‌ભાવ રાખીને પ્રભુને તે સમર્પવું.

ડો'ળાઈ ના જવું ક્યાંયે પોતે સ્થિર રહ્યાં કરી,
રહી અંતર્મુખે જોવાં કર્મનાં મૂળ ચિત્તથી.

કર્મ સંબંધથી જેનો સંબંધ જીવને મળ્યો,
તુચ્છકારી હૃદે એને કોઈ કાળે ન નાખવો.
('કર્મગાથા', આ.૧, પૃ. ૨૦)

* *

સત્ય મેળવવા જેણે હૈયે હામ ભીડી હશે,
બંધાશે તે કશામાં ના, પોતાને ઓળખ્યાં જશે.

યે તે
કોઈના સ્થૂળને કો દી બેસી ના પકડી રહો,
સૂક્ષ્મની ચેતના-શક્તિ ઉદ્યત ગ્રહવા મથો.

માનવી પ્રકૃતિની જે નીચલી ભૂમિકા તણી
—લઈ જનારી વૃત્તિઓ જીવને વાળવી રહી.

જે જે કરણ આડું હો શક્તિ કેન્દ્રિત ત્યાં કરી,
વાળવું પ્રભુભાવે તે, ચેતના વાપર્યા કરી.
કર્મના હાર્દમાં ભાવ નીતર્યા જો ન કૈં કરે,
મિથ્યા તે કર્મ; શેં પ્રાણ ત્યાં પછી પ્રગટી શકે !
(‘કર્મગાથા’, આ.૧, પૃ. ૮૪, ૮૫, ૮૯, ૧૦૭)

બીજા કોઈ તણા દોષો ન જોવા આપણે કદી,
સાધી સુમેળ પોતાનો જે તે પોતે જીવો મથી.

છોડી પંચાત બીજાંની એક વાર પ્રભુ તણું,
—પૂરું યંત્ર બની જાઓ, જોવાશે પછી સૌ ખરું.

સ્થિરતા, શાંતિ, આનંદ ને તાટસ્થ્ય બધાં થકી,
—રાખવાને જરૂરી તે મૌન છે યોગ્ય ચિત્તથી.

ચિંતા, ઉદ્વેગ, કંટાળો, શોક, મત્સર, ક્રોધ ને,
-કામ-રાગાદિ ઠેકાણે રાખવા મૌન સાર્થ છે.

મોજાં વિચારનાં જે જે આવે તે સાથ નિઃસ્પૃહી,
—જાણે નિર્લેપ બેઠેલા તમે હો એમ વર્તવું.

આદિ, મધ્ય અને અંતે જ્ઞાન-ભાવે ક્રિયા કરી,
પછી સમર્પવી પ્રેમે; કશું પાસે ન રાખવું.
('કર્મગાથા', આ.૧, પૃ. ૧૦૯,૧૧૭,૧૨૮-૨૯-૩૧-૩૩)

આહારે ભાવના રાખી તે યોગ્ય પ્રાર્થના કરો,
મળમૂત્ર જવા કાળે યોગ્ય તે ભાવના ધરો;
'પ્રત્યેક વ્યવહારેયે એવો ભાવ હૃદે ધરી,
—જે તે સૌ કરવાનું છે', હૈયે તે રાખજો સ્મરી.

ખુલ્લા થાઓ પ્રભુ પ્રત્યે, આપણાં સર્વ કર્મને
—પ્રભુ દોરવણી નીચે મૂકી દ્યો પ્રાર્થીને હૃદે.

ઉન્મુખતા પ્રભુ પ્રત્યે પ્રેમભાવથી રાખજો,
એવા પ્રયત્નની ધારા વહેતી અખંડ જાળવો.

પૂરું મરી મથો જાતે સર્વ યત્ન કર્યાં કરી,
પૂરી ચેતનતા રાખી કૃપા-સ્હાય ચહો પછી,

વર્તને, વાણી ને કર્મ આપણાથી બીજા મહીં,
—થશે શું શું ? વિચારી તે આપણે વર્તવું રહ્યું.

---

પ્રભુનું નામ લેવાનું સદાકાળ ચહ્યાં કરો,
સાથ એનો રખે ચૂકો એટલી તો કૃપા કરો.
એકેય પળ માટે ના સાથ એનો કદી ચૂકો.

પોતાનામાં પ્રભુ જેઓ હૃદે ઉદ્ભાવવા ચહે,
પ્રભુ હોય બધાંનામાં જાણી તેમ હૃદે ચહો.
('જીવનપગલે', આ.૧, પૃ. ૨૯ થી ૩૬)

*                    *

દુઃખ એ તો પ્રસાદી છે પ્રભુના ઘરની મળી,
સ્વીકારી વ્હાલથી જે લે ધન્ય તે તો થશે નકી.

પ્રભુની સ્હાય લૈ-લૈને આગળે આપણે જવું,
પ્રભુની સ્હાય વિના તે શું કરી શકીશું કશું ?

માગ્યાં કરો કૃપા एની ગદ્‌ગદ ભાવ વડે કરી,
કૃપાના ભાવને યત્ને ઉતાર્યાં કરવો ચહી.

('જીવનપગલે', આ.૧, પૃ. ૫૫, ૬૭)

વિવેક જ્ઞાન સાથેનો ક્રિયામાં સૌ ધરાવીને,
પ્રત્યેક ઘટનામાં એ પ્રભુનો હાથ ભાળવો.

* *

ત્યાગ અને બલિદાન થતાં સર્વ સમર્પણ,
ભાવયુક્ત પૂરું જ્ઞાન રહેવું ઘટતું ઉર.

('જીવનપગલે', આ.૧, પૃ. ૯૯)

યાંત્રિક વ્યવહારોમાં ભાવ કુંઠિત તો રહે,
ત્યાં ઘટમાળમાં પૂરા બંધાતાં મુક્તિ ના મળે.

('જીવનપગલે', આ.૧, પૃ. ૧૦૮)

સાક્ષાત્કાર કરી एનો શકો જીવન આ વિષે,
એવી પ્રતીતિથી યોગસાધના કરવી હૃદે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૦૩)

* *

## સાક્ષીભાવ

આપણા વિચારો, લાગણીઓ, ભાવના, રસ, પ્રવૃત્તિ સંબંધ, વ્યાવહારિક ક્ષેત્રો—એવા અનેક પ્રસંગોમાં સાક્ષીભાવ

એટલે તેમાં અલગપણું તો રાખવાનું છે જ; પરંતુ તે અલગપણું તદ્દન શુષ્ક અલિપ્તપણાનું પણ ન હોવું ઘટે; કારણ કે આપણે સાધનામાં આપણું રૂપાંતર કરવાનું ધ્યેય રાખ્યું છે; અથવા તો તે આવરણો છે ને તેની પર થઈને જે સ્થિતિમાં આપણે સતત પ્રેમભાવથી, રસથી સ્થિત રહ્યાં કરી શકીએ અને તેમ છતાં જે કંઈ કર્યાં કરીએ તે, તે સ્થિતિને અનુરૂપ થયે જાય એવી સ્થિતિ ઉપજાવવાની છે. સાક્ષીભાવની સાથે ને તેમાં આપણે એટલા પ્રમાણમાં રસ લેવો જોઈશે કે તે રસના સ્નિગ્ધપણાને લીધે આપણે તેને આપણા વેગમાં સાથે ભળવાને મથાવી શકીએ. તે તે સાથે જો Indifferent-ઉપેક્ષા ભાવે બેદરકાર-રહ્યાં કરીએ, તેમને કંઈ ગણકારીએ નહિ કે ધ્યાન ન આપીએ તો જે બધું થયાં કરશે, પરિણમશે, ને તેમાંથી જે ગતિ જન્મશે એ આપણને મદદ કરનારી નહિ હોય.

આમ, આપણે જે જે સંબંધમાં, પ્રસંગમાં પ્રગટીએ તેમાં ભળી કે ભેળવાઈ જવાનું કે તણાઈ જવાનું તો ન જ બનવું જોઈએ, પણ તે તે સાથે એવી રીતે રસ લેવાનો હોય કે જેથી તે તે યોગ્યપણે વર્ત્યાં કરે, બન્યાં કરે ને આપણને સરળતા રહે. આપણા જીવસ્વભાવને ઝીણવટથી ઉથલાવ્યાં નહિ કરીએ અને નિરીક્ષણ તે બધાંનું નહિ થયાં કરે, તો એ બધું તેની જૂની ટેવોના પટમાં વહ્યાં કરવાનું ને આપણો સાક્ષીભાવ ક્યાંયે તણાઈ જવાનો, ને તેનું ભાન પણ ન જાગે એવો પૂરો સંભવ છે. સાક્ષીભાવ સાથે વિવેકવૃત્તિ પણ રાખવાની હોય જ.

આને એક સાધારણ નિયમ ગણીને આપણે બીજાં બધાં સાથે વર્તવાનું છે, પણ તેમ વર્તવા જતાં પાછી આગ્રહવૃત્તિ ન આવી જાય, એવો આસક્તિભર્યો રસ ન લેવાઈ જાય કે જેમાં આગ્રહવૃત્તિથી આપણે તણાઈએ, એ પણ જોવાનું રહેશે.

આગ્રહવૃત્તિ પણ હોઈ શકે છે, રાખી શકાય છે, —જો તે સાથે સાથે જ આપણે તટસ્થતા રાખી શકતા હોઈએ તો. આગ્રહ અને અનાગ્રહ કે તટસ્થતા એનો સંવાદ, સુમેળ કેમ જામે એ વળી જુદો સવાલ છે. પરંતુ એવી તટસ્થતા સાથેની આગ્રહવૃત્તિમાં પણ સામાના હિતનો જ સવાલ મુખ્યપણે આપણામાં ભાગ ભજવી રહ્યો હોવો જોઈએ. આ બધાં સાથે સમતોલપણું પણ જાળવાનું હોય જ. (‘જીવનસંદેશ’, આ.૨, પૃ. ૨૨૨ થી ૨૨૪)

* *

## સાચું સુખ

(અનુષ્ટુપ)

સુખને ખોળવા જેઓ શોધે બહિર્, ન મેળવે,
સુખને અંતરે જેઓ શોધે તે સુખ મેળવે.

સુખ બીજાં તણા કોઈ આધારે ના મળી શકે,
સુખ એવું મળેલું જે ના લાંબી વાર તે ટકે.

સુખની કલ્પના જેવી આપણા અંતરે હશે,
સુખ તે રીતથી કોઈ કદીયે પામી ના શકે;
સુખનો સર્વ આધાર પોતાની ઉપરે રહે,
મેળવે સુખ પોતાથી તે સાચું સુખ મેળવે.

બીજાંની પાસથી જેઓ સુખ મેળવવા ચહે,
કોઈ કાળે કદીયે તે મેળવી સુખ ના શકે.

બીજાંઓથી મળેલું જે સુખ તે ભ્રાંતિકારી છે,
એવા સુખે દિલાસો જે માને, તે જન મૂઢ છે.

સાચા સુખ તણી ઊંડી માન્યતા આપણી બધી,
—મિથ્યા સર્વ, ખરા પાયા ઉપરે તે રહી નથી;

સુખનો મૂળ પાયો જે પોતાના અંતરે રહે,
અંતરે વૃત્તિ વાળીને જે જીવે સુખ મેળવે.

પોતાના મનથી દુ:ખી પોતાને માનીયે છીએ,
દુ:ખી તો કરનારું કો વિના પોતા ન કોઈ છે.

'સર્વ જે તે થયાં જાય, તેનું ઉદ્‌ભવસ્થાન તે,
—પોતાનામાં રહ્યું છે સૌ', જાણતાં સુખ નીપજે.
ખાલી નિમિત્ત બીજું તો આપણા જીવને ચઢ્યું,
કર્મ-નિમિત્ત બીજું જે પોતામાંનું જ જાણવું.
જાણી જે એમ પોતાને બીજાંને દેખતી પળે,
વૃત્તિ-આવેગને રોકે પોતાને પ્રીછશે ખરે.

પોતાને લાગતું હો જે તેવી રીતે બધાંયને,
—લાગે એવો કશો ક્યાંયે કાયદો વિશ્વમાં ન છે.

સુખ જીવનનું સાચું કેવી રીતે કહીં વસ્યું,
બાપડા માનવીએ તે જાણવા ના કશું કર્યું.

વંધ્યાના પુત્રની પેઠે સુખની કલ્પના ધરી,
—માનવી અથડાયે શાં ! સુખની કામના ચહી.

સુખની કામના કેરો ક્યાંયે પાર દીસે નહીં,
એક આવી બીજી ઊભી થાય તત્કાળ આપથી.

સદા કાળ ટકે એવું સુખ શોધે ન માનવી,
સુખના પડછાયામાં મથે શાં મરી માનવી !

('જીવનપાથેય', આ.૩, પૃ. ૬૮ થી ૭૩)

સુખના પડછાયા શું કૈંક છો મેળવે કદી,
તૃષ્ણા એથી છિપાવાની એવાની કોઈ દી નથી.

નાનાં નાનાં સુખોથી જે ધરાયાં કરતાં રહે,
આનંદ સુખનો કેવો તેવાં શું ઓળખી શકે ?

ક્ષણિક સુખના લોભે માનવી શાં સડ્યાં કરે !
એના એ જ કૂંડાળે તે ગોળ ગોળ ફર્યાં કરે.

ગમે તે સ્થિતિમાં છો હો, સ્મર્યાં ત્યાંયે પ્રભુ કરે,
જીવવાનું પ્રભુ કાજે જે રાખે, સુખ મેળવે.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૧૨૫-૨૭)

*　　　　*

## સુમેળ

(અનુષ્ટુપ)

વિરોધાભાસી પ્રવૃત્તિ જીવને તો મળ્યાં કરે,
તેમાં સુમેળ જે સાધે, જીવન-વ્હેણમાં વળે.

એકબીજાથી જુદી હો એવી પ્રવૃત્તિ જીવને,
સદા ઉદ્‌ભવતી રે'શે, છતાં ત્યાંયે સુમેળ છે.

એવાં સુમેળનાં મૂળ પ્રવૃત્તિ-હ્રદ ઊતરી,
—જુએ જે, વ્હેણ વાળી તે શકે જીવન-તત્ત્વમાં.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૪૭)

*　　　　*

જામતાં જામતાં પ્રેમ જીવને સૌ અભેદતા,
—પ્રેમથી પ્રેમમાં પૂરી કરે લાધ્યાં અનંતમાં.

જુદું જુદું ભલે લાગે વિશ્વમાં સર્વ કોઈનું,
સુમેળ ઝરણું સૂક્ષ્મ કિંતુ ત્યાં શું છુપાયલું !

*　　　　*

જો જોવા હોય કૈં દોષ, પોતાના નીરખ્યાં કરો,
દોષ સુધારશો સૌ તો થશે મેળ બધે પૂરો.

('પુનિત પ્રેમગાથા', આ.૨, પૃ. ૧૬૭)

*  *

(ગઝલ)

વિસંવાદે જગતના જે રહ્યો અંતર્ સુસંવાદ,
હૃદય તે પ્રીછી, તે ભાવે જીવે, તેવા પ્રભુ પામે.

જીવનના એક પાસામાં જીવનનાં સર્વ પાસાંને,
—કરવવા ભાવ સુમેળ ચહી મથતો, પ્રભુ પામે.

('પ્રણામ-પ્રલાપ', આ.૨, પૃ. ૪૨-૪૩)

(અનુષ્ટુપ)

વિસંવાદ ભલેને હો અંતરે શો સુમેળ વ્હે !
એકલો જો વિસંવાદ હોત, તે ના ટક્યું હતે.

('જીવનપગલે', આ.૧, પૃ. ૧૦૩)

## સ્ત્રીજીવનની મહત્તા

બહેનો સામાન્યપણે એમના અંતર્ગત સ્વભાવથી જ ભાવનાશીલ અને શ્રદ્ધા-વિશ્વાસ રાખનારી હોય છે. મોટા ભાગની સ્ત્રીઓની સહનશીલતા પુરુષોના કરતાં ચઢી જાય તેમ છે, ને તેઓ સહન પણ વધુ કરે છે. રોજિંદા વ્યવહારમાં શ્રદ્ધા રાખીને એ વર્તે છે. એમનું કાર્યક્ષેત્ર જ શ્રદ્ધા, વિશ્વાસ ને સમર્પણના પાયા પર રહેલું છે,—ભલે તેનું તેમને જ્ઞાન ન હોય. સ્ત્રીઓ પુરુષોના જેટલી વધુ સંખ્યામાં ભલે ભક્ત, જ્ઞાની કે તપસ્વી તરીકે નીપજ્યાં ન કરી હોય અને ખ્યાતિમાં ન આવી હોય; તેઓ ભલે આધ્યાત્મિક ક્ષેત્રમાં પુરુષોના પ્રમાણમાં સંખ્યાની દૃષ્ટિએ આગળ ન આવી

હોય પરંતુ એવા પુરુષોની માતા તો તેઓ જ છે. માતામાં શક્તિ અને સંસ્કાર હતા તો તે પુરુષોમાં આવ્યા. જો આધ્યાત્મિક ભાવના તેમની રગેરગમાં ન હોત તો પુરુષોમાં તે આવી ન શકી હોત. એમના હાડમાં જ ત્યાગ, શ્રદ્ધા, વિશ્વાસ, ભક્તિ, સમર્પણશક્તિ આદિ દૈવી ઉચ્ચ ગુણો રહેલા છે. તેઓનું યુગોના યુગોથી એક જ સંકુચિત ને મર્યાદિત કાર્યક્ષેત્ર રહ્યું હોવાથી તેમના તેવા ગુણો બહાર કામ કરી શક્યા નથી. તે ઉપરાંત તે તે કાળના સમાજની તેઓ અંગેની સમજણ, વલણ આદિ અંગે પણ તેમનું તેવું બની રહ્યું છે. સ્ત્રીઓમાં જે નૈસર્ગિક શક્તિ અને ગુણો રહેલા છે, એ કેળવવા અને ખીલવવા માટેની તક, સગવડ, અનુકૂળતા, ઉત્તેજન, સહાય જે જે સમાજ તેમને આપે છે, ત્યાં આ ગુણો એના અનેકગણા પ્રમાણમાં ઝટ વધી શકે છે.

સ્ત્રીઓ કોઈ પણ કાળમાં સંસારવિરક્ત દશામાં પુરુષો કરતાં વધુ પ્રમાણમાં કે તેટલા પ્રમાણમાં પણ નહિ હોઈ શકે; કારણ કે એ એના જન્મહેતુના ક્ષેત્રની બહારની હકીકત છે. એ એના ક્ષેત્રમાં ઉન્નત ઉત્તરોત્તર થયાં કરશે ને એનો વિસ્તાર પણ કર્યાં કરશે—જો તેને પૂરતી સાનુકૂળતાઓ કરી આપવામાં આવે તો—એ ખરું; પણ એનું પાયાનું સાત્ત્વિક કાર્ય તો પ્રજાની સત્ત્વશુદ્ધિ સાચવી રાખવાનું છે, એટલું જ નહિ પણ તેમાં કાળે કાળે તેજસ્વિતા, પ્રાણ પ્રગટાવવાનું કામ પણ એનું જ છે. પ્રજાના આત્માનું એ હૃદય છે. પ્રજાના જીવનની જે કંઈ શક્તિ છે, તેનું મૂળ તેનામાં છે. સારીયે પ્રજાનું ચણતર ને ઘડતર મુખ્યત્વે તેના હાથમાં છે. એનામાં દેખાતા રાગદ્વેષ, સંકુચિતતા, મમતા એ બધું એનું ક્ષેત્ર એક તો સાંકડું ને વાતાવરણ એવું હોય છે ને એની એ જ અસરમાં રહ્યાં કરવાનું હોવાથી એનું માનસ એવું થતું રહે છે. પુરુષો થોડા ઘણા પણ પ્રમાણમાં વધુ વિચારશીલ અને ઓછા સંકુચિત માનસવાળા જે

જણાય છે, તે તેમના કાર્યક્ષેત્રના વિશાળપણાને આભારી છે,— ને નહિ કે જ્ઞાનશીલપણાને લીધે છે. બહેનો સંસારવ્યવહારમાં અણજાણપણે કેટલોયે ત્યાગ કરી રહેલી છે. તેમનામાં હૃદયતત્ત્વ વધુ વિકસિત હોઈને તેઓ ખરી રીતે આધ્યાત્મિક માર્ગ માટે વધુ યોગ્ય અને પ્રમાણમાં ઝડપી પ્રગતિ કરી શકે તેમ છે, પરંતુ તેમ બન્યું નથી. એનું કારણ એના ક્ષેત્રની બહાર ડોકિયું કરવાની તેને તક ઓછી સાંપડી છે, એની દુનિયા સાંકડી છે, ને એનું કાર્યક્ષેત્ર પ્રાધાન્યપણે સંસાર અને જગત છે. નવસર્જનની ક્રિયા ફલિત થવા માટેના જે ગુણોની આવશ્યકતા છે, તે ગુણો કુદરતે સ્ત્રીમાં મૂકેલા છે. સૃષ્ટિનું પાલન, પોષણ પણ આ ગુણોને આભારી છે.

('જીવનપાથેય', આ.૩, પૃ. ૯૮ થી ૧૦૩)

* *

## સ્મૃતિ

આપણને થતા અનુભવોને, સંસ્કારોને ઠસાવવામાં અને ફરી જાગ્રત કરીને એક અનુભવને કે સંસ્કારને બીજા સાથે સાંકળી આપનાર સ્મૃતિ છે. એમ અનુભવોની પરંપરાથી માનવજાતનો વિકાસ જે શક્ય થયો છે, તેમાં સ્મૃતિનો મોટો ફાળો છે. સંસ્કારોને સંગ્રહી રાખવાની ક્રિયામાં પણ સ્મૃતિ આડકતરી મદદ કરે છે. જો કે સંસ્કારોનો સંગ્રહ કરવાનું કામ ખરી રીતે ચિત્તની ગ્રહણશક્તિ કરે છે. સ્મૃતિ એને ફરી જગાડવાનું કાર્ય કરે છે. સ્મૃતિ સાધક અને બાધક બધા જ સંસ્કારોને પ્રાણવાન કરી શકે છે, એટલે સાધકે કેટલાકને પોષવાના છે ને બીજાને વારવાના છે. હાનિકારક સંસ્કારોને સ્મૃતિની મદદથી ઊંડા જતા અટકાવવાની અથવા પડેલા સંસ્કારોને તાજા થતા અટકાવવાની ટેવ મનને પડી શકે છે; અલબત્ત મનને આ રીતે ટેવ પડાવવામાં ઘણી જાગ્રત અને કઠિન સાધના કરવાની રહે છે. આવી પડેલી ટેવથી જુદી જાતના

સંસ્કારો જગાડવાની શક્તિ મેળવવી એ સાધનાનું એક અંગ છે.

સાધારણ માન્યતા મુજબ તો સંત સંસારમાં રહેતો હોય તો પણ જગત તરફ—'માયાવી' દુનિયા તરફ—તદ્દન બેફિકરાઈની વૃત્તિ રાખતો હોવો જોઈએ. આવા વિચારથી જાણેઅજાણ્યે દોરવાઈને ઘણા સાધકો એવી અને તેના પરિણામે વિસ્મૃતિની વૃત્તિ સેવે છે. આમ કરવું નુકસાનકારક છે. જો આપણે સંતમાં ભગવાનની સર્વશક્તિમત્તાનો તથા સર્વજ્ઞતાનો ગુણ આરોપતા હોઈએ તો સંત પોતાના જીવનપથમાં આવતી પ્રત્યેક બાબતમાં પૂર્ણત્વ પામેલો હોવો જોઈએ. એટલે જેટલો તે ભગવાનના રસમાં તરબોળ હોય તેવો જ ભગવાનના આવિર્ભાવરૂપ આ જગતનાં એને લગતાં કાર્યોમાં પ્રવીણ અને ખબરદાર હોવો જોઈએ. આમ એનામાં એકાગ્રતા અને અનેકાવધાનતાના ગુણો સાથે સાથે હોવા જોઈએ. સાધકે પણ આ જ દિશામાં પ્રયત્ન આ અંગે કરવાનો છે. જગતની બાબતો પ્રતિ બેપરવાઈ અને વિસ્મૃતિ રાખ્યે પાલવી ન શકે. સાધકના ભૂલકણાપણાથી બીજાને ત્રાસ ઊપજે કે અગવડમાં મુકાવું પડે તો તેવું કર્મ તેને જરૂર નડવાનું. આથી ઝીણાં ઝીણાં દેખાતાં, નજીવાં દેખાતાં, 'સ્થૂળ' દેખાતાં કર્મો તરફ પણ સાધકની ચકોર દૃષ્ટિ હોવી જોઈશે. આ દૃષ્ટિ સ્મૃતિશક્તિની સહાયથી સાંપડી શકે છે. વળી પોતાના મનની પ્રત્યેક ક્રિયા, લાગણી, ભાવના, વિચાર વગેરે બાબતમાં સ્મૃતિશક્તિનો ઉપયોગ—યોગ્ય ઉપયોગ—કરી કરીને તે બધાંનું યોગ્ય રૂપાંતર કરાવવું રહે છે અને સૌથી ઉત્તમ સ્મૃતિ અથવા સાધકની સ્મૃતિના વિકાસનું છેલ્લું પગથિયું તો અલબત્ત સતત-નિરંતર-સદૈવ ભગવદ્‌સ્મૃતિ ને ભગવદ્‌ભાવમાં રહેવાનો પડી ગયેલો સહજસ્વભાવ, તે છે.

અંતમાં, સાધકને સ્મૃતિ રાખવા માટે મહેનત નથી કરવી પડતી. આપોઆપ કયે વખતે શું કરવાનું છે, તેની સ્મૃતિ

અંતઃકરણમાંથી જ ઊઠે છે. એવા સાધકને તો એક દૃષ્ટિએ જોઈએ તો સ્મૃતિનો—એટલે યોગ્ય સમયે યોગ્ય જાતની સ્મૃતિનો—સ્વભાવ જ થઈ પડે છે. તેમાં અને અંતઃસ્ફુરણમાં પછી કશો ફેર નથી રહેતો. પણ તે તો સાધક જ્યારે સર્વવ્યાપી ચૈતન્યશક્તિ એટલે કે ભગવાનનું ઘણું શુદ્ધ, રૂપાંતરિત યંત્ર બની જાય ત્યારે.

આમ સ્મૃતિ એ સાધન પણ છે ને સિદ્ધિ પણ છે. જ્યારે સ્મૃતિ ભગવતી ચેતનાસ્વરૂપ થાય છે ત્યારે એ સિદ્ધિ છે. ભગવાન ગીતામાં કહે છે કે 'નારી સ્વરૂપોમાં (એક સ્વરૂપ) સ્મૃતિ છું,' તેનો અર્થ આવો કૈંક હશે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૩૧૫ થી ૩૨૨)

* *

**શ્રદ્ધા**

શ્રદ્ધા જીવનસાધનાને આવશ્યક પુરુષાર્થના અભ્યાસમાં નડતી મુશ્કેલીઓમાં આપણને ટકાવી રાખે છે, ધ્રુવ તારાની જેમ આપણી નજર સામે રહી આપણને યોગ્ય દિશાસૂચન કરીને ધ્યેયથી વિમુખ થતાં અટકાવે છે; અને અંતે આપણા સત્ત્વને સંપૂર્ણપણે જાગ્રત કરી, એને પરિપૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરાવી, દિવ્ય જ્ઞાનજ્યોતિનાં દર્શન કરાવે છે.

('જીવનસંદેશ', આ.૨, પૃ. ૧૨૦)

* *

શ્રદ્ધા હોય છે અને વધતી જાય છે એનાં પણ લક્ષણો છે. જે કંઈ પણ કશામાં આપણે પ્રવેશ કર્યો તેથી બીજી રીતનું વિચારતાં મન અટકવા માંડશે ને તેનું દ્વિધાપણું ઓછું થતું જશે, મનમાં નિરાશાને કે હારને ક્યાંયે સ્થાન નહિ હોય; 'પલમાં તોલા પલમાં માસા'ની સ્થિતિ નહિ હોય. આવું બધું અનુભવાય તો

સમજવું કે શ્રદ્ધા હવે દઢપણે જામતી જાય છે. બાકી શ્રદ્ધા એકદમ શરૂ શરૂમાં જામી જવી તે કંઈ સહેલું નથી.

*                    *

શ્રદ્ધાથી જીવનનું વાસ્તવિકપણું પ્રગટતું હોય છે, એ કંઈ નકારાત્મક લક્ષણ નથી. જીવનમાં તે પ્રેરણા અને બળ ઉપજાવે છે. સાધનાપથમાં શ્રદ્ધા એ પરમ સાધન છે. શ્રદ્ધા પામવા માટે પણ મહેનત લેવી પડતી હોય છે. શ્રદ્ધા જ્ઞાનાત્મકપણે હોવી ઘટે છે. અંધશ્રદ્ધા આ માર્ગમાં કામ નહિ આવી શકે. શ્રદ્ધાને દઢ થવા માટે પણ પાયો મજબૂત હોવો જોઈશે.

*                    *

સાધકની લક્ષવૃત્તિ દ્વિધાપણે કામ કરતી રહે તો તે જીવનવિકાસને માટે ખતરનાક છે. અથાગ ને અતાગ શ્રમ, તપ પ્રેમપૂર્વક કર્યા વિના પરમભાવને પામવાના અનુભવની ઈચ્છાને સેવ્યા કરવી તે શ્રદ્ધાનું સાચું સ્વરૂપ નથી; એ તો જડ શ્રદ્ધા પણ ન કહેવાય; એ તો માત્ર શેખચલ્લીના વિચાર ગણાય. જેની શ્રદ્ધામાં પ્રાણ પ્રગટેલા નથી, એવાની શ્રદ્ધા જીવનવિકાસના કર્મમાં ખપ લાગતી નથી. હૃદયપૂર્વકની ભાવનાથી થતા જતા પુરુષાર્થમાં કાળે કરીને સમજણ ને અનુભવ પ્રગટવા માંડે છે. એવી સમજણ અને અનુભવની પરંપરામાંથી પ્રગટતી શ્રદ્ધાના બળે તેના જીવનધ્યેયમાં તેને એક પ્રકારનું આત્મબળ પ્રગટે છે અને એવા આત્મબળના આધાર વડે અનુભવની શ્રેષ્ઠતામાં પ્રવેશીને, શ્રદ્ધાને ભાવમાં પરિણીત કરાવીને, તેવા ભાવથી હૃદયમાં તત્ત્વને પછી પ્રીછી શકે છે.

કોઈના પરની શ્રદ્ધા એટલે તેના સર્વ પ્રમાણમાં વિચારરહિત મૂઢપણે જે થયા કરે, યંત્રની જેમ જે થયા કરે, તે શ્રદ્ધા નથી પરંતુ તે તો જડતાભર્યું અજ્ઞાન છે. એને શ્રદ્ધા ન કહી શકાય.

શ્રદ્ધા એટલે તો અંતર્‌દૃષ્ટિ. અંધશ્રદ્ધા કરતાં તો શ્રદ્ધા ન હોય તેવી સ્થિતિ સારી. ('જીવનમંથન', આ.૨, પૃ. ૩૫૩)

* *

જ્ઞાનાત્મક શ્રદ્ધા કદી આંધળી હોઈ શકતી નથી. સાચી શ્રદ્ધા આંધળી ન હોય, ને અંધશ્રદ્ધા તે સાચી શ્રદ્ધા નથી.

શ્રદ્ધાના ત્રણ પ્રકાર છે. તામસિક, રાજસિક અને સાત્ત્વિક. **આદર્શ શ્રદ્ધા એનાથી પણ આગળની વાત છે.** આદર્શ શ્રદ્ધા તો એવાને મળતાંની સાથે એક ક્ષણમાં જ દિલ આપોઆપ એવાનામાં ચોંટી જાય ને પછી કદી તેવા પરત્વે કોઈ જાતના સંકલ્પવિકલ્પ ઊઠે નહિ; તેનું નામ આદર્શ શ્રદ્ધા.

સાધનાના ક્ષેત્રમાં જીવનહેતુને ફળાવવાને અર્થે ભાવનાનો જે એકધારો અભ્યાસ પ્રગટ્યા કરે છે, તેથી કરીને જે શ્રદ્ધા એકનિષ્ઠામાંથી શક્તિસ્વરૂપે પ્રગટે છે, તે કંઈ બધું એકદમ ઓચિંતું બની જતું નથી. ('જીવનસંશોધન', આ.૧, પૃ. ૨૯૫)

* *

## શ્રદ્ધા-વિશ્વાસ, પ્રભુમાં

(અનુષ્ટુપ)

કોણ વર્ષાવવા જાય વર્ષાને ? કોણ ઋતુઓ,
—લાવ્યાં કરે જુદી જુદી ? કોણ સૂર્ય ઉગાડતું ?

સંધ્યા, ઉષા બનાવે કો ? પક્ષીને કણ કો ધરે ?
દેવા જાય કીડીને કો ? ને સ્તને દૂધ કો ભરે ?

વનસ્પતિ ઉગાડે ને રોપે બી કોણ એમનું ?
પક્ષીઓ ના કરે ચિંતા; સૌ એની મેળ ચાલતું.

વ્‌હેવડાવે નદી કોણ ? ચલાવે કોણ વાયુને ?
તારા અદ્ધર કો રાખે ? ધારે છે કોણ પૃથ્વીને ?

પ્રકૃતિનું બધું કાર્ય કરવા કોણ જાય છે ?
નિયંત્રિત રહે વિશ્વ આખુંયે તે કઈ રીતે ?

અનંત કાળથી વિશ્વ ચાલ્યાં જ કરતું દીસે,
એની સંભાળ લેનારું બેઠેલું કોક તો હશે.

પ્રભુમાં સર્વ આધાર શ્રદ્ધા, વિશ્વાસ જીવતાં,
—જેને બેઠાં હશે ઊંડાં તેવા નિર્ભય રે' સદા.

આપણે આપણા ભાવે રમવાનું ચહ્યાં કરો,
એ જ મહત્ત્વનું કાર્ય આપણું સૌ ગણ્યાં કરો.

ફંટાતાં આડું એમાંથી ચેતવાનું હૃદે ચહો,
સ્થિરભાવ ટકે એવું વર્તવાનું કર્યાં કરો.

સર્વશ્રેષ્ઠ પ્રભુ જાણી એને મહત્ત્વ આપજો,
જે તે કાર્ય મહીં એનો ઊંડો ખ્યાલ ધરાવજો.

('જીવનપગલે', આ.૩, પૃ. ૪-૫)

* *

## સ્વપ્નાં અને સ્વપ્નમાં સાધના

આપણે જ્યારે ઊંઘમાં હોઈએ છીએ, ત્યારે સ્વપ્નમાં આપણી વાસનાના જોરે આપણે અનેક એવા પ્રસંગો અનુભવીએ છીએ કે તેનો જાણે આપણને પ્રત્યક્ષ અનુભવ થતો હોય ! ત્યારે આપણે સાંભળીએ છીએ, જોઈએ છીએ, સૂંઘીએ છીએ, ચાખીએ છીએ, સ્પર્શીએ છીએ, એટલું જ નહિ પરંતુ હાથ-પગ અને બીજી તમામ કર્મેન્દ્રિયોનો ઉપયોગ પણ કરતા હોઈએ છીએ. આ બધી કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો ત્યારે સ્થૂળપણે તો જાણે નિશ્ચેષ્ટ હોય છે; પરંતુ એ બધી ઈન્દ્રિયોની અંદર રહેલો પ્રકૃતિનો જે સ્વભાવ છે, તે એમાંથી ખેંચાઈને સૂક્ષ્મતમ પ્રાણતત્ત્વમાં રહે છે

અને પેલી સ્થૂળ પાર્થિવ ઇન્દ્રિયો તો ઊંઘમાં જ પડેલી હોય છે; અને ઊંઘમાં હોવા છતાં બીજી બધી ઇન્દ્રિયો અને કરણો તેના સૂક્ષ્મ સ્વરૂપે હોયાં કરે છે.

સાધારણ રીતે તો આ બધી ઇન્દ્રિયોની વાસના ઊંઘ વેળાના સ્વપ્નમાં, એમાંથી સ્થૂળતા નીકળી ગયેલી હોવાના કારણે વધુ જોરદાર બને છે અને તે વાસના ભોગવવામાં આપણે તદાકાર બનીએ છીએ; પરિણામે વાસના પોતાનાં મૂળ ઊંડા ઘાલે છે. આવી વેળા જો આપણે જાગૃતિ રાખી શકીએ અને ઇન્દ્રિયોની વાસનામાં ભાગ લેતા અટકી જઈ શકીએ તો સાધનામાં ઘણી મદદ મળે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૪૬-૪૭)

*    *

આપણી દસે ઇન્દ્રિયો, મન, પ્રાણ, ચિત્ત, બુદ્ધિ, ભાવના-લાગણી આદિ સકળ કંઈ ઊંઘમાં આમ તો નિશ્ચેષ્ટ પડેલાં હોવા છતાં તેઓ જાણે અતિ સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવા પ્રાણતત્ત્વમાં સમાઈ જતાં હોય છે. ફરીથી જન્મ લેવાની વેળા એ બધું તેની સાથે જાય કે હોય અને તે કેવી રીતે, તે આમાંથી સમજી શકાશે.

સ્વપ્નમાં જે જે અનુભવો થઈ રહેલા હોય તેમાંથી અલગ થવા માટે 'આ બધું મારાથી અલગ છે' એવી જાગૃતિ રહેવી કે રાખવી જોઈએ.

આપણું મન આમ તો ઊંઘતું કહેલું છે—પરંતુ તે ખરી રીતે ત્યારે પણ સૂક્ષ્મપણે સક્રિય હોય છે—એટલે આમ ઊંઘતું હોવાથી આપણે સ્વપ્નાં જોઈએ છીએ. સ્વપ્નાં દરમિયાન સ્વપ્નાંના ભાગ તરીકે મન કદીક વિચાર કરી જાય છે તે વળી જુદી વાત છે. ('જીવનપગથી', આ.૩, પૃ. ૧૪૭)

સૂક્ષ્મ હંમેશાં સ્થૂળ કરતાં વધુ બળવાન હોય છે, વેગવાન પણ હોય છે; જેમ પૃથ્વી એટલે માટી કરતાં પાણી અને સ્થૂળ

પાણી કરતાં પવન વધુ ચેતનવાળો છે તેમ. આથી દિવસની સ્થૂળ જાગૃતિની સ્થિતિમાં આપણે જે કદી ન કરીએ (કારણ કે આધારનાં કરણો ત્યારે ચોકીદારરૂપે હોય છે) તે વસ્તુ આપણે સ્વપ્નમાં કરીએ છીએ. આથી આપણી સાચી પરખ ઘણી વાર સ્વપ્નમાં જણાઈ આવે છે—જોકે હંમેશ તે તેની કસોટી ન ગણી શકાય, કારણ કે સ્વપ્નાંમાં ભેળસેળપણું પણ ઘણું હોય છે. ખીચડા જેવું ને ઊડઝૂડિયાપણું પણ તેમાં હોય છે.

* *

સ્વપ્નની આપણે ખબર પડે છે, એ બતાવી આપે છે કે જે ઇંદ્રિયો દ્વારા જે જ્ઞાન ત્યારે પામીએ છીએ, એની પાછળ દિવસના ભાગમાં જ્ઞાન પમાડનાર જે ચેતના છે તે તો ત્યારે સૂતેલી હોય છે, પણ બીજી કોઈક એવી ચેતના ત્યારે જીવતીજાગતી હોય છે, કે જેનાથી આપણને આ બધાંની સમજણ પડે છે. ચેતનાના ત્રણ પ્રકારો છે. ઉપરની, વચલી અને છેક અંતરની સપાટીની. આપણને સતત કેવાં સ્વપ્નાં આવે છે, એના ઉપરથી આપણામાં કયા પ્રકારની ચેતના કામ કરી રહેલી છે તે સમજાય છે. રોજબરોજના વ્યવસાયોનાં કે વ્યવહારનાં સ્વપ્નાં જો આવતાં હોય તો એ માત્ર આપણું સ્થૂળપણું બતાવે છે, તથા તે ઉપરાંત એ સ્થૂળપણું આપણામાં ઊતરતું જાય છે, આપણે એમાં રસ લઈએ છીએ ને તે વૃત્તિમાં સપડાતા જઈએ છીએ એમ બતાવે છે. વળી, વિષયનાં સ્વપ્નાં, લાલસાનાં, કીર્તિનાં કે એવાં સ્વપ્નાં આપણા વાસનાદેહનાં છે એટલે કે વૃત્તિઓ આપણા પ્રાણમાં ઊંડી પેઠેલી છે એમ સમજાય છે. વળી, એવાં સ્વપ્નાં બંધ થતાં જાય (જો કે તદ્દન જડ માણસને તો એવાં સ્વપ્નાં નથી આવતાં) તો એમ પણ જાણી શકાય કે આપણે છેક ઉપરની સપાટી પરની ચેતનાના પડથી આપણે અલગ પડતા જોઈએ છીએ.

સ્વપ્નાંને આપણે સર્વાંશે, નક્કરપણે, જેમ ફેંકી દેવાનાં નથી તેમ સર્વાંશે, નક્કરપણે મહત્ત્વ પણ આપવાનું નથી; છતાં એમાંથી દિશાસૂચન મળી શકે છે ખરું.

સ્વપ્નાંનો પૂરેપૂરો અર્થ આપણને સમજાતો નથી એનું કારણ એ છે કે એની પાછળની જે ચેતનાથી આપણને જ્ઞાન થતું હોય છે એ ચેતનાની આપણને સમજણ પડેલી હોતી નથી; અને એની પાછળના રહેલા સળંગપણામાંનો એકાદ નાનકડો ભાગ જ આપણને દેખા દે છે; એટલે એના સમગ્ર સળંગપણાની સમજણ કેવી રીતે પડી શકે ?

આધુનિક માનસશાસ્ત્રીઓ જણાવે છે કે સ્વપ્નાંની પાછળ કંઈક રચના રહેલી છે અને એનાં પણ કારણો હોય છે, ને તેમાં ઘણી વાર તથ્યાંશ હોય છે, એટલે આપણે સ્વપ્નાંને નકામાં પણ ગણવાં નહિ, તેમ જ એનો અર્થ કે રહસ્ય આપોઆપ સહજપણે ન સમજાઈ જાય તો એની પાછળ માથાફોડ પણ ન કરવી.

સાધારણપણે માનવીનાં મોટા ભાગનાં સ્વપ્નાં ભેળસેળવાળાં અને ઢંગધડા વિનાનાં હોય છે. કોઈ એક જ પ્રકારનાં ને અમુક જ વિષયનાં સ્વપ્નાં આવતાં હોય તો તે ઉપરનાં સ્વપ્નાં કરતાં તદ્દન જુદા પ્રકારનાં ગણાય. તે માનવીનું મન તે એક પ્રકારમાં પરોવાયેલું હોવાનું સમજી શકાય.

સ્વપ્નાં દ્વારા ઘણાંને કંઈક કંઈક ઉકેલો ને સૂઝ મળી જતાં જાણ્યાં છે. સ્વપ્ન કેટલીક વાર સાંકેતિક પણ હોય છે.

('જીવનપગથી', આ.૩, પૃ. ૨૨૧-૨૨-૨૩)

* *

સાધનાની દશાની જાગ્રત સ્થિતિમાં આપણામાં પ્રવર્તતા સાત્ત્વિક ગુણો; જેમ કે વિવેક, તાટસ્થ્ય, શાંતિ, સમતા, પ્રસન્નતા,

નિરાગ્રહીપણું, અક્ષુબ્ધતા આદિ જ્યારે સ્વપ્નાંમાં પણ એવા જીવતા ને ઉપયોગમાં પ્રવર્તી શકે એવા પ્રગટેલા હોય, ત્યારે જ તેવા ગુણો શક્તિસ્વરૂપ બની આપણા આધારમાં જીવતા બની ગયેલા છે એમ જાણવું. વળી સ્વપ્નાંમાં જે જે વૃત્તિઓ ભોગવવાનું બને તે સ્વપ્નસંસ્કાર દિવસની જાગ્રત-પ્રવૃત્ત દશામાંના કર્મના સંસ્કાર કરતાં ઘણા વધુ બંધનકર્તા છે. સ્વપ્નાંમાં ચેતનયુક્ત જાગૃતિ હોવી અને ત્યારે તાટસ્થ્ય જાળવવું એ સાધનાની ઘણી ઊંચી કક્ષાની વાત ગણાય. ('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૦૪)

* *

કેટલાક જીવને સ્વપ્ન વેળા પોતાને સ્વપ્ન આવ્યું છે એવો ખ્યાલ જાગે છે ખરો, પણ તેથી કંઈ તેઓ સ્વપ્ન સાથે ભળી ગયેલા નથી એમ ન ગણાય. વૃત્તિ, વિચાર આદિને ત્યારે તેઓ ભોગવે છે ને તેમાં પૂરા એકરસ થયેલા હોય છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૦૫)

* *

જે જીવે ઉત્કટતાથી ને એકધારા પ્રચંડ વેગથી સાધનામાં ઝંપલાવ્યું છે, એવાને સાધનામાં આગળ જતાં જતાં એનાં સ્વપ્નાંનો પ્રકાર જીવદશાવાળાનાં સ્વપ્નાંના પ્રકાર કરતાં તદ્દન જુદી જાતનો બની જતો હોય છે; તથા જીવનની અને સાધનાની જુદી જુદી કક્ષાઓમાં સ્વપ્નનો પ્રકાર પણ અવનવી રીતે બદલાતો રહે છે.

કેટલાક સાધકને તેના સદ્‌ગુરુ તરફથી સ્વપ્ન દ્વારા પણ અનુભવવાનું અને જાણવાનું મળી શકતું હોય છે. સૂક્ષ્મ દોષોનું તીવ્રતમ ભાન ત્યારે જાગી શકે છે.

('જીવનપોકાર', આ.૪, પૃ. ૧૦૫-૦૬)

* *

સ્વપ્નમાં જે જે કંઈ થાય, વિચાર આવે કે કદીક કોઈનું

'દર્શન' થાય તેના પર ઝાઝો મદાર બાંધવાનો નથી કે ફુલાઈ પણ જવાનું નથી. તેવી હકીકતને ઘણું વધારે મહત્ત્વ પણ આપનારા કેટલાક જીવ હોય છે; પણ તે ભ્રમણામાં પડેલા પ્રમાણવું. સાચી રીતે જે આપણે કરવાનું છે, તે કર્યાં કરીશું અને તેમાં જો આપણું દિલ પ્રગટાવી શકીશું તો આખરે તો એવી સ્થિતિ થવાની છે કે જેમાં સ્વપ્નને સ્થાન જ નથી. એવી સ્થિતિમાં સ્વપ્નાં પ્રગટી શકતાં નથી.

'સ્વપ્નમાં અમુક અમુક 'દર્શન' થયાં ને આમ બન્યું ને તેમ બન્યું'—એ એ રીતે કંઈક રાજી થતા કેટલાક જીવને જાણ્યા છે. 'સ્વપ્નમાં સદ્‌ગુરુની પર પ્રેમ ઊભરાયો,' એવું પણ કહેનારા સાંભળ્યા છે. પણ અલ્યા ! જાગ્રતમાં તો તેની મદદ લેવાને દિલનો ઉમળકો તને પૂરો પ્રગટ્યો નથી અને તું સ્વપ્નની શીદને વાત કરે છે ? ('જીવનસંદેશ', આ.૨, પૃ. ૨૫૧)

* *

જેમ દિવસની જાગ્રત-પ્રવૃત્ત દશામાં આપણને ઊઠતા વિચારોની આસક્તિમાં આપણે ન રહીએ, અને તેને પરિણામે ઊઠેલા વિચારમાં આપણું મન ન પરોવીએ અને રસ લેતા બંધ થઈએ, તો જ ધ્યાનમાં ઊઠતા એક એક વિચાર સાથે તેના આનુષંગિક બીજા વિચારને સંકળાઈ જતાં અટકાવી શકીએ છીએ; તેવું જ ઊંઘમાં સ્વપ્નાં વિષેનું પણ છે. સાધક જેમ જેમ દિવસની પ્રવૃત્ત દશામાં નિરાસક્ત બનતો જાય છે, નિરાગ્રહી બનતો જાય છે, તેમ તેમ તેના વિચારોની સાંકળ જોડાતી બંધ થાય છે. જે સંપૂર્ણ નિરાસક્ત બને છે તેને વિચારો કરી કરીને કર્મમાં પ્રવેશવાનું બનતું નથી. તેમ છતાં તેવાને પણ પ્રારબ્ધ રહેલું હોય છે. એવો ઉચ્ચાત્મા સાધક ચિત્તમાં પડી રહેલા પ્રારબ્ધના સંસ્કારોને સ્વપ્નમાં પણ સ્ફુરાવી સ્ફુરાવીને અથવા

એ સંસ્કારો પોતાના સ્વભાવ પ્રમાણે સ્વપ્નમાં ઊઠે ત્યારે સ્વપ્નમાં પણ તે પ્રતિ જાગ્રતપણે તટસ્થ રહીને, તેમાં રસ ન લઈને, તે સંસ્કારોને આપોઆપ ખપાવી દઈને તેમના પટ પ્રમાણેનો આકાર લેતા અટકાવે છે. એવી રીતે આપોઆપ સ્વપ્નમાં જે સંસ્કારો ઊઠે છે, તેના વલણ કે વહેણમાં પોતે જાગૃતિભર્યો તટસ્થભાવ રાખ્યા કરતો હોવાથી તે સંસ્કારો તેનામાં નવું કર્મબંધન ઊભું કરતા નથી. આમ જ્યારે જ્યારે વિચારો કે સંસ્કારો આપણને સ્પર્શ કર્યા વિના આપોઆપ વહી જતા હોય, ત્યારે ત્યારે આપણે તેટલા પ્રમાણમાં ખાલી થતા જઈશું. ઉપર જણાવેલી સ્થિતિનો સાધક એવી રીતે ચિત્તમાં પડેલા બધા સંસ્કારોને ખાલી કરી નાંખે છે. પોતાના પ્રારબ્ધને ભોગવી નાખવાનો આ પણ એક રસ્તો છે; પણ આ એક જ રસ્તો છે એમ માનવાનું નથી.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૭૯)

*   *

જેણે જીવનની સાધનાની શરૂઆત કરી છે, એવા સાધકથી ઊંઘમાં ઊઠતા સંસ્કારોમાં પોતાનું મન ન જાય એવી હૃદયની જાગૃતિ રાખી શકાતી નથી. આથી સાધક દિવસના સર્વ વ્યવહારમાં કર્મો કરતો રહેવા છતાં જો તેમાં આસક્તિ રાખ્યા વિના નહિ ભેળાવાનો ચેતનાયુક્ત જાગૃતિભર્યો પ્રયાસ કર્યા કરશે તો ને તેમાં જેટલા અંશે સફળ થશે તેટલા અંશે રાતના ઊંઘમાંનાં સ્વપ્નાંમાં તેમ જ તે સમયના સંસ્કારોમાં અલગપણે રહી શકવાને તે સમર્થ નીવડી શકશે. વળી ઊંઘની જરૂર શરીરને છે. 'પ્રાણ' અથવા તો એવું જે સૂક્ષ્મ તત્ત્વ અંદર રહેલું છે અને જેને આપણે કર્મનું પ્રેરક તત્ત્વ કહીએ છીએ, તે તો ઊંઘતું હોતું નથી. એટલે ઊંઘમાં આપણે સચેતન રહીએ એવી ઊંઘની સ્થિતિ સાધકની થવી જરૂરી છે. આને માટે

સાધક સૂતાં પહેલાં ને દિવસ દરમિયાન પણ ખૂબ ઉત્કટ ઝંખનાપૂર્વક ભાવનાથી હૃદયના ઊંડાણમાંથી પ્રેરાઈને એકભાવે પ્રાર્થના કરશે. એમ તો પ્રત્યેક કર્મના અંતરમાં એના હૃદયનો પ્રાર્થનાભાવ આગળ જતાં પ્રત્યક્ષ જીવતો બન્યા કરવાનો છે. એવું થતાં સાધક કર્મનાં નવાં બંધનમાંથી ઊગરી જવાની શક્યતાવાળો બની રહે છે.

('જીવનસંદેશ', આ.૪, પૃ. ૮૦-૮૧)

* *

## સ્વપ્નમાં સાધના

(અનુષ્ટુપ)

ઊંઘમાં જાતનું ભાન રહે આપણને ન ત્યાં,
—છતાંયે કરતા રો'છો કર્મ ત્યાંય અજાણતાં.

ભોગવો ભોગ સ્વપ્નાંમાં લીધાં ત્યાં રસ જે કરો,
જાગ્રત સ્થિતિનો ભોગ એનાથી હળવો ખરો.

સ્થળ ને કાળ મર્યાદા સ્વપ્નની સૃષ્ટિમાં ઘટે,
દશા જાગ્રતમાં બન્ને, તેથી વિક્ષેપ ત્યાં નડે.

તેથી ઊંઘ મહીં હૈયે પૂરા જે ચેતતા રહે,
સાક્ષીભાવ હૃદે રાખી અલિપ્તપણું કેળવે.

('કર્મગાથા', આ.૧, પૃ. ૧૪૯)

* *

## સ્વપ્નમાં વિકાર નિવારવા રાત્રે સૂતી વેળાની પ્રાર્થના

'સ્વપ્નાં વિષે વિકારોની સૂક્ષ્મતા પજવે મને
નિવારીને પ્રભો ! તેને દિવ્ય રૂપે કરો હૃદે.'

('જીવનમંથન', આ.૨, પૃ. ૧૧)

॥ હરિઃૐ ॥

# સૂચિ


અકળામણ ૪૮, ૧૦૨, ૧૦૪, ૩૩૯
અણગમતી વ્યક્તિને, સ્વવિકાસાર્થે, ખૂબ ચાહો ૨૨૩
અથડામણનો અર્થ ૭૬
અધિકાર નહિ પણ કૃપાપાત્ર ૨૦૩
અધીરાઈ અને ધીરજનો સમન્વય ૭૨, ૧૮૧
અનિષ્ટોનો સ્વીકાર અને સામનો ૧૭૫
અનુભવ ૮૯, ૧૪૨, ૨૧૧
અનુભવનું કથન ૧૦૩, ૨૨૨
અનુભવ ચેતનનો ક્યારે થાય ? ૧૫૫, ૨૬૫
અનુભવ માથા પરથી વહી જશે ૬૨, ૨૬૬
અનુભવ સ્વીકારમાં સપ્રમાણતા જાળવો ૨૦૧
અનુભવ ક્યારે આવે ? ૫૮, ૨૬૫
અન્યથા વિચારોનો સામનો ૧૯
અન્યથાપણું પ્રગટવું વિઘાતક છે. ૨૩૨
અન્યાયનો મુકાબલો ૭૮, ૧૦૮, ૨૫૮
અન્યાયને સ્પર્શવા ન દો ૧૦૮, ૧૧૨
અન્યાયનો સ્વીકાર વિકાસાર્થે ૧૧૨
અન્યાય પ્રતિ સદ્‌ભાવ ૧૩૩, ૧૩૫
અપમાન, અન્યાય સજ્ઞાન સહેવાં ૭૮, ૨૫૮
અપમાનને અમૃત ને માનને ઝેર માનો ૧૮૮
અપરિગ્રહ ૫૦
અબળા સાચી કોણ ? ૨૨૫
અભય ૧૮૨
અભિપ્રાય ઝટ ન આપો ૯૩, ૧૫૬, ૧૯૦, ૨૬૭
અભ્યાસ સાથે ભાવનું ઉદ્દીપન ૮૬
અભ્યાસની આવશ્યકતા ૮૬, ૨૫૨
અભ્યાસ એટલે શું ? ૨૨૧
અભ્યાસ અને વૈરાગ્ય ૮, ૧૪, ૧૧૩
અમૃત ઝેર સમું; ઝેર અમૃત સમું ૭૮
અલ્પતાઓ, ઈચ્છવા યોગ્ય ૯૪
અવતારના દેહધારણનો હેતુ ૨૧૫
અવિશ્વાસના મૂળમાંયે વિશ્વાસ ૯૨
અશ્રદ્ધા ૨૧૩
અશ્રુ, હૃદયનાં (કાવ્ય) ૨૬૯
અસહિષ્ણુતા, અનુદારતા ૧૭૩, ૨૦૮

અસંતોષ અને અકળામણ ૪૮
અસંતોષ (જીવનવિકાસક)ની જ્વાળા ભરપૂર સુખમાં પણ ૧૯૫
અહંકાર ૧૦, ૨૭૧
અહમ્ ફટકારાતાં રાજી થાવ ૯૦, ૧૪૩
અહમ્ મુક્તિનું એક લક્ષણ ૯૩
અહમ્ ઓગાળવાની રીતો ૧૮૪
અહમ્‌ના પ્રકાર ૯૩, ૧૩૬
અહમ્ પ્રેરિત વિઘાતક વિશિષ્ટ વ્યક્તિત્વવૃત્તિ એટલે અભિમન્યુનો ચક્રાવો ૨૩૫
અંતર્મુખતાની જરૂર ૨૫, ૩૬, ૩૭, ૫૫, ૯૫, ૨૦૮
અંતઃકરણશુદ્ધિ ૯૪
અંતર્યામિત્વપણું અને આત્મનિવેદન ૧૩૪
આગ્રહ એટલે અહમ્ ૨૧૪
આગ્રહ ઉત્તમ વસ્તુનો પણ નહિ ૧૩૦, ૨૧૪
આગ્રહો ન સેવીએ ૪૭, ૬૦, ૨૧૪
આઘાત-પ્રત્યાઘાત ૧૪૧, ૧૭૪ ૨૭૨
આઘાતની સાધનામાં જરૂર ૨૭૬
'આજ'માં ગઈ કાલ ને આવતી કાલ ૪૯, ૪૧૬
'આજ'ના યોગ્ય પાલનમાં 'કાલ' સચવાય છે જ ૨૨૬, ૨૪૪, ૨૬૨
આત્મલક્ષી દૃષ્ટિ સાથે સાથે સર્વલક્ષી પણ ૬૦
આત્મનિવેદન ૧૦૬, ૨૭૮, ૨૭૯
આત્મવિશ્વાસ ૨૪૧
આદરભાવ, હૃદયનો, જીવન પલટાવે ૬૭
આદરભાવના પ્રમાણમાં શ્રદ્ધા-વિશ્વાસ ૨૦૮
આદર્શની અમર્યાદિતા ૯૮
આનંદ, પ્રસન્નતા સર્વ સંજોગોમાં ૨૦૪
આનંદ સાચો ૧૧૫
આપવાનું યજ્ઞ-ભાવે ૧૩૧
આશા-અપેક્ષા ન રાખો ૬
આશ્વાસન લેવાની કળા ૧૪૪
આસક્તિ, ભગવાનનાં ચરણમાં ૭૭
આસક્તિ વિષે સમજણ ૩૫૯
આહાર અને સાધના ૨૭૯, ૨૮૦
આંતર્‌સત્ત્વ કેવું છે ? અને કેવું થયાં જાય છે તે મૂલ્યાંકનની પારાશીશી છે ૨૧૩, ૨૩૩
ઈન્કાર, યંત્રવત્ ૧૬
ઈન્કાર સાચો ૨૧૨
ઈંદ્રજીત ૨૪૪

ઇન્દ્રિયોને જીતવાનો ઉપાય ૧૩૧
ઇન્દ્રિયોનો અધિષ્ઠાતા મન ૧૮૩
ઇષ્ટ-અનિષ્ટ, જુઓ 'સારું નરસું'
'ઈશ્વર સર્વ કંઈ કરાવે છે'ની ભ્રમણા ૨૮૩, ૨૮૫
ઉત્સાહ ૧૬
ઉદાર માનસ ૨૮૯
ઉપયોગ સર્વ કંઈનો ૫૩૮
ઉપયોગ એ જ્ઞાન છે ૧૨૪
ઉપયોગ અને ઉપભોગ ૧૨૯
ઊથલપાથલ, આવશ્યક ૪૩
ઊર્મિનો ઉપયોગ ૧, ૨, ૭, ૫૯, ૯૧, ૨૨૪, ૨૯૧
ઊર્મિમાં ડૂબી ના જવું ૬૫
ઊંઘ અને ભાવ ૧૮૪
ઊંઘ-નિદ્રા ૨૯૨ થી ૨૯૫
एक (કાવ્ય) ૨૮૧
એકનું અનેકત્વ, કુદરતનું સહજ-ધોરણ છે ૧૮૮, ૨૨૩
એકાગ્ર ને કેંદ્રિત, એકમાં જ ૧૦, ૪૭, ૨૨૬
એકાગ્રતા, અંતરમાં અને બાહ્ય કર્મોમાં પણ ૨૫૫
એકાશ્રય, સાધનામાં ૨૮૨
ઓછું આવી જવાપણું ૧૮૨
કઠિનાઈઓને તપની ભાવનાથી સેવો ૧૪
કરુણા, પ્રથમ પોતા પર ૨૩૩
કદર, બીજાના સદ્‌ગુણની ૨૧૭
કદર ભાવના સહૃદયતાથી ૬, ૩૨, ૨૦૨, ૨૦૩, ૨૧૭
કદરની અપેક્ષા ન સેવો ૧૧૩
કરકસર ૪૫, ૫૦
કર્મ સાધન છે, સાધ્ય નહિ ૨૫૦
કર્મમાં ભગવાનના ભાવની દૃષ્ટિ ૬૩, ૧૩૮
કર્મ અને આગળપાછળની વિચારણા ૨, ૧૬૭
કર્મ-મહિમા ૨૪૮ થી ૨૫૦, ૨૬૧ ૨૯૭, ૨૯૯
કર્મ, ભાવથી પ્રેરાયેલાં ૨, ૩૩, ૧૦૬, ૧૩૧, ૧૪૪, ૧૫૦, ૧૫૬, ૨૧૩, ૨૩૦, ૨૫૧
કર્મનું મૂલ્યાંકન ભાવની નજરે ૨૧, ૨૭, ૪૩, ૧૦૦, ૧૦૨, ૧૦૪, ૧૦૫, ૨૦૨, ૨૯૯
કર્મમાં શ્રદ્ધા અને ભાવ ૨૮
કર્મમાં ડૂબી ના જવું ૮૪
કર્મનું મહત્ત્વ ૫
કર્મમાં હેતુનો જીવંત ખ્યાલ ૨, ૧૪૪, ૨૦૨
કર્મ કર્મઠની જેમ ઘરેડથી નથી કરવાનાં ૧૭૮
કર્મના સંસ્કાર ૨૬
કર્મ યજ્ઞ-ભાવે ૨૨૯, ૩૦૦, ૩૦૫

કર્મ અને અહમ્ ૪૩
કર્મમાં રહેલા અંતર્ગતભાવ સાથે, ને નહિ કે કર્મના પરિણામ સાથે નિસ્બત હોવી ઘટે ૧૫૬
કર્મનો અમલ તરત કરો ૬૨
કર્મની અસર સમષ્ટિગત પણ ૧૨૦
કર્મમાં બીજાંને રસ લેતાં કરવાની રીત ૫
કર્મો, રાગદ્વેષ ઘટાડવા માટે ૧૫૬
કર્મો (જીવદશાનાં)નાં પ્રેરક બળો ૯૩
કર્મનો અંત આણવાની અધીરાઈ ૧૮૧
કર્મ-સાધનાના મુદ્દાઓ ૧૧૮, ૧૧૯, ૨૯૫, ૨૯૬
કર્મો(પ્રાપ્ત)માંથી ભાગવું તે તમોગુણ છે ૨૨૩
કર્મો કર્યાં કરવામાં સાધનાની યથાર્થતા ૨૫૩
કલ્યાણભાવના સર્વ પ્રતિ ૨૦૪
કસોટી, જીવનવિકાસ કાજે જરૂરી ૩૩, ૧૩૯, ૩૦૬, ૩૦૭
કળણમાં અને પ્રાર્થનાભાવ ૭૯
કળાઓમાં જીવનકળા શ્રેષ્ઠ છે ૧૮૫
કળા સાચી ૨૨૦
કળાકારના સર્જનને ને તેના સ્થૂળ જીવન-આચારને સંકળાવાય નહિ ૧૯૯
કામવૃત્તિનો સદુપયોગ કરો ૪૩
કુટુંબ, સંયુક્તના લાભ ૭૩
કુતૂહલવૃત્તિ ૧૦૮
કૃતજ્ઞભાવ કેળવો ૧૬૬, ૨૦૯
કૃપા, પ્રભુની સર્વ પરિસ્થિતિમાં ૧૨૦
કૃપાનું સ્વતંત્ર અસ્તિત્વ ૧૪૫
ક્રાંતિ આપણી અંદર, બહાર ૫૫
ક્ષેત્ર ગમે તે હો, જીવનવિકાસ માટે તે બાધક નથી ૨૪૬, ૩૦૫
ખુલ્લા થવું એટલે ? ૨૦૧
ખુલ્લા થવા વિષે ૧૯
ખોરાકનું નહિ પણ તમન્નાનું સાધનાપંથે મહત્ત્વ છે ૧૬૩, ૨૮૦
ગમા-અણગમા દૂર કરો ૫૭
ગણતરી, ભાવની ઊણપ સૂચવે છે ૨૧૨
ગરજ પ્રગટવી ઘટે, ગુરુની,
પ્રભુપથની ૧૩૯, ૧૫૦, ૨૦૩
ગરીબાઈનો સાધનામાં ઉપયોગ ૧૨૦
ગંગામાતાને ઉદ્દેશીને ચેતન અંગે દ્વિઅર્થી શ્લોકો ૩૦૯
ગીતા-શ્લોકો ૨૩૪
ગુણગ્રાહકતા ૨૦૨
ગુણ અને તેની શક્તિ અવિભિન્ન છે ૨૧૮

ગુણ-સાત્ત્વિક, કેળવો ૧૮
ગુણનો અતિરેક અવગુણમાં પરિણમે ૪૦
ગુણપ્રાપ્તિની સાધના ઉપર નહિ પરંતુ આંતરિક જાગૃતિ અને પ્રભુભાવ ઉપર ઝોક દો ૯૭, ૧૫૫, ૨૧૮, ૩૧૫, ૩૧૬
ગુણોની રમત ૩૧૩-૩૧૪
ગુણોની કક્ષા સત્ત્વ, રજસ, તમસ ૧૭, ૩૧૧
ગુરુ-વચન-પાલન ૧૫, ૧૫૧
ગુરુદક્ષિણા, સાચી ૨૪૭
ગુરુથી થતું સાધકનું જીવન-ઘડતર ૩૨૬ થી ૩૩૩
ગુરુ અને સાધકના સંબંધો વિષે ૬, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૨૧, ૨૪, ૩૮, ૩૯, ૪૦, ૭૧, ૯૫, ૯૬, ૯૭, ૧૨૫, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૫૯, ૧૮૩, ૨૦૧, ૨૦૬, ૨૦૯, ૨૨૪, ૨૨૬, ૩૨૧ થી ૩૪૪
ગુરુ આપણા પોતા વિના બીજો કોઈ નથી; તે સર્વમાં વ્યાપેલો છે ૩૨, ૧૦૪
ગુરુ પણ સાધનરૂપ છે ૮૮, ૧૦૪, ૨૨૮, ૨૪૦
ગુરુ એટલે તેનો દેહ નહિ ૯૭, ૨૨૫, ૨૩૧, ૩૧૮
ગુરુપૂર્ણિમા દિન ઉજવવાની સાચી રીત ૧૩
ગુરુની સ્થૂળ નિકટતા ૧૦૧
ગુરુની સાચી ભક્તિ કઈ ૧૩૭
ગુરુડમ ૩૮
ગુરુમંત્ર લેવો તે પૂરતું નથી ૧૨૪
ગુરુ સાથેની એકતાનો અર્થ ૨૩૧
ગુરુને સમજણના ચોકઠાથી નહિ સમજી શકાય ૧૫૨
ગુરુની બહિર્ પૂજા, માત્ર, પૂરતી નથી ૧૫૪
ગુરુ વિના પણ જ્ઞાન-પ્રાપ્તિ શક્ય ૧૬૩
ગુરુ બધું કરી દેશે, એ ભ્રમણા છે ૨૦૭
ગુરુની આવશ્યકતા ૩૧૭
ગૂઢતા ૪૨૬
ઘડપણમાં ગોવિંદ-ગુણ ગાવા દુષ્કર ૨૦૭
ઘૃણાનો પ્રતિકાર પ્રેમથી ૨૬૦
ઘર્ષણ, વિકાસનું સાધન ૧૦૭
ચણચણાટી ૭૫, ૧૧૫
ચમત્કાર ૫૮, ૧૬૫, ૩૪૪,૩૪૫
ચમત્કાર સાચો, પ્રકૃતિનું રૂપાંતર ૨૨૮
ચરણ-પૂજા માહાત્મ્ય ૧૭૭
ચર્ચાથી મતાગ્રહ વધે ૪૫

ચર્ચા એટલે સૂક્ષ્મ અનુદારતા અને અહંકાર ૧૯૮, ૨૩૫
ચાહવાનો, નિરપેક્ષપણે, ધર્મ ૧૫૯, ૧૬૯-૧૭૦
ચિત્તશુદ્ધિની આવશ્યકતા ૧૦૬
ચિંતા અને ચિંત્વન ૧૦૦
ચીલે ચાલવું છોડો ૨૫૮
ચીવટાઈ અને ચીકણાશ ૪૫
ચેતનને વ્યક્ત કરવા માટે પ્રકૃતિનાં વલણોને ચેતનાભિમુખ કરો ૨૧૯
ચેતનનાં જુદાં જુદાં રૂપો ૮૬
ચેતનની અચેતનમાં અભિવ્યક્તિ ૨૦૦
ચૈતન્ય, કર્મોનાં મૂળમાં ૩૪૫
ચોકસાઈ અને ચીકણાશ ૪૫
છેતરનાર જ છેતરાય છે ૧૫૯
જગત ૩૫
જગત એટલે ફેરફાર ૧૩૧
જગતસુધારણા અને જાતસુધારણા ૯૯
જગતનો સ્વીકાર ૫૦, ૧૨૧, ૧૬૨
જગતમાં સર્વ કંઈ સહેતુક છે ૪૨
જગતમાં આધ્યાત્મિક કસરતશાળા ૧૬૦
જગતની સમસ્યાઓના ઉકેલની અણસમજ ૧૯૫
જગતમાં જનાર્દન રહેલા છે; જનતા કંઈ જનાર્દન નથી ૧૪૪
જન્મ-મૃત્યુના રાસ ૩૫૨
જન્મદિનનું માહાત્મ્ય ૩૬
જપ, જુઓ નામસ્મરણ
જપ, બહિર્ અને આંતરિક ૧૦૫, ૩૪૭
જપ એટલે શું ? ૧૧૬, ૩૪૭,
જપ, અજપાજપ ૨૩૦, ૩૪૭
જપ કયો ઉત્તમ ? ૩૪૯
જાગૃતિ ૧૭, ૪૮, ૬૮, ૨૧૯
જિજ્ઞાસા અને પુરુષાર્થ ૫૧
જીવન, ચૈતન્યશક્તિનો આવિર્ભાવ ૧૭૭
જીવનધર્મ અને સાધના ૨૯, ૩૭
જીવનઘડતર ક્યારે થાય ? ૯૫
જીવનભેટનો ઉપયોગ ૫૭
જીવન-પટ સળંગ વણાટ છે ૮૯, ૧૦૩, ૧૧૦ ૧૭૧, ૨૪૭
જીવનસંગ્રામનો રસિયોસાધક ૧૧૪
જીવન (આધ્યાત્મિક) સર્વતોમુખી ૬૨, ૬૯
જીવનવિકાસ ૧૨, ૮૭
જીવન વેડફાતાં, અરેરાટી ૧૩૩
જીવનપણાના ત્રણ અવરોધો ૯૮
જીવન-કાવ્ય ૩૦૮, ૩૫૪, ૩૫૬
જીવન-સોદો (કાવ્ય) ૩૫૫

જીવન વ્યાપ્તિ, પ્રભુમાં (કાવ્ય) ૩૫૬
જોબનિયે જીવનસિદ્ધિ ૩૫૮
જ્ઞાન, ધ્યાન, કર્મનો સમન્વય ૨૩૯, ૨૫૯, ૩૬૨
જ્ઞાનતંતુઓને શાંત રાખો ૧૬૦
જ્ઞાનનો વિકાસ અનંત છે ૭૨
જ્ઞાની-અજ્ઞાનીનું ભોગવવું ૩૯, ૧૨૪
જ્ઞાની-અજ્ઞાની વચ્ચેનો તફાવત ૧૪૮, ૩૬૦, ૩૬૧
જ્ઞાનેન્દ્રિયો, આસક્તિ ૩૫૯
ઝંખના ૩૬૩
ઝંપલાવવું, સ્વતંત્રપણે ૬૭
ઝેર પણ સદુપયોગી કળાથી અમૃતસમ બને ૨૨૪
ટોકણી, જાતને સતત કરો ૫૬
તકનો લાભ લો ૨૫૪-૨૫૮
તટસ્થતા, અનાસક્તિનું પરિણામ ૨૭, ૨૪૧
તપમાંથી ગુણશક્તિ અને જ્ઞાન ૭૨
તપસ ૩૧૧-૩૧૨
તમન્નાની જરૂર ૧૧, ૫૫, ૬૭
તમન્ના અને સંજોગશૃંખલા ૩૬૪
તાટસ્થ્ય અને મન ૮, ૬૬, ૩૬૫
તાલાવેલી, ડૂબી જવા માટે નહિ ૧૮૩
તિરસ્કાર, ઊલટું કળણમાં ખૂંપાવે ૧૫૦
તીર્થયાત્રા-દર્શન, લાભ ૩૬૭ થી ૩૬૯
તીર્થ સાચું ૩૭૦
તીવ્રતા અને વલવલાટ ૪૮
ત્યાગ, અજ્ઞાનમૂલકદશાનો ૭૦
ત્યાગ નહિ પણ સમર્પણ ૨૫૫
ત્યાગ અને ભોગ, પ્રેમભક્તિ-જ્ઞાનયોગની ભૂમિકાવાળા ૧૪૮, ૩૭૦, ૩૭૧
ત્રાટક ૩૭૧ થી ૩૭૫
દત્તાત્રેય ૧૬૮
દયા, કરુણા ૧૮૦
દયા, જીવભાવે એટલે અહંકાર ૧૨૫, ૧૩૯
દંભ ૩૭૫
દંપતીને (મંગળાષ્ટક) ૪૮૫, ૪૮૬
દાનવૃત્તિ અને કરુણા ૩૭૬
દાન અને કલ્યાણભાવના ૧૨૩, ૧૯૪, ૩૭૬
દાન અને લક્ષ્મીનું મમત્વ ૧૮૪
દાનથી સંકુચિતતા દૂર થવી ઘટે ૫૬, ૧૨૩
દુઃખમાં સુખ ૧૧૧, ૨૪૫
દુઃખનો મહિમા ૧૪૨, ૨૫૦, ૨૬૨, ૩૭૮
દુઃખ સહન જ્ઞાનપૂર્વક, તપશ્ચર્યાભાવે ૮૪

દૃષ્ટિની વિશાળતા ૨૫
દૃષ્ટિભેદ કોઈનોય ન કરવો ૬૭, ૨૩૯
દૃષ્ટાંત, બીજાંને તેમ વર્તવા ન પણ પ્રેરે ૪૦
દેશાભિમાનમાં સૂક્ષ્મ અહમ્ ૨૪૪
દોષ ચિંધનાર ઉપકારક છે ૧૧૩
દોષ (સ્વ) દર્શન ૭૯, ૩૮૧
દોષનું મનન-ચિંત્વન ન થાય ૮૫
દોષમાંથી લાભ ઉઠાવવો ૧૧૧
દોષ સ્વીકાર, તેનાથી પર થવા કાજે ૭૭, ૧૦૦, ૧૫૩, ૧૬૯, ૧૮૧, ૩૭૯-૮૦-૮૧
દોષ-નિવારણ અને પ્રભુભાવ-પ્રાપ્તિ માટે પુરુષાર્થ ૧૬૯
દ્વંદ્વો, દરેક યુગમાં, જગતમાં હોવાનાં ૧૬૦, ૧૮૫
દ્વૈતનું રહસ્ય, પ્રેમમાં ૧૯૭
ધન, સાચું, પ્રકૃતિનું રૂપાંતર ૧૭૮
ધર્મ, પરિસ્થિતિનો, પ્રતિક્ષણ બદલાય છે ૧૬૮, ૧૮૫
ધર્મ (પ્રાપ્ત), તરછોડ્યે ધર્મ ન મળે ૨૫૧ થી ૨૫૪
ધિક્કાર પ્રેમનું ઊલટું પાસું ૨૪૩
ધૂંધવાવું અને ભડકો થવું ૫૯
ધ્યાન ૨૩, ૨૩૯, ૩૮૩
ધ્યાન અને આસન ૩૮૪, ૩૮૫
ધ્યાન નાડી-ધબકારા ૩૮૮
ધ્યાનના જુદા જુદા હેતુઓ ૩૮૬, ૩૮૭
નકામું જગતમાં કશું નથી ૨૪૦, ૨૪૧
નકારાત્મકનો પ્રસાર ન કરો ૧૨૬, ૧૨૭, ૧૩૩
નકારાત્મક વલણ સામે સામાના ઉત્તમ પાસાની યાદ ૧૩૨
નબળાઈઓ, બીજાંની, પરત્વે જ્ઞાનયુક્ત તટસ્થતા ૨૦૬
નમનનો હેતુ ૧૭૭
નમ્રતા ૧૧, ૧૫, ૨૨, ૩૮, ૪૭, ૭૦, ૯૪, ૯૮ ૧૫૨, ૨૦૦
નમ્રતા સંતોની ૪૭, ૨૦૦
નમ્રતાના સ્વાંગમાં અહંતા
નામસ્મરણ જુઓ જપ (પણ) ૩૨, ૩૪, ૬૮, ૯૬, ૧૨૫, ૨૨૩, ૩૦૯, ૩૫૧, ૩૮૮ થી ૩૯૦
નામસ્મરણ, તાવ વેળા ૭
સ્મરણ માત્ર, કર્યે નહિ ચાલે ૧૭, ૨૪, ૩૨
સ્મરણ માત્ર ઘરેડની રીતે પણ અખંડ થતાં થોડુંક તો ફળ આપે ૩૯, ૩૪૭
નામી કરતાં નામ ચઢે ૩૭
નારીજીવન, જુઓ સ્ત્રીજીવન
નિઃસંગ-ભાવના કેળવો ૫૬,

૨૦૮, ૨૨૧
નિર્ણય, હાર્દિક સ્વીકારનું માપ ૨૩૩
નિદ્રા ૨૯૨ થી ૨૯૫
નિરાશા, પ્રાણના પ્રાકૃતિક સ્વભાવની ૭૫
નિરાશા સાધનાપથે ૩૯૧ થી ૩૯૨
નિરાગ્રહીપણું, ૧૫, ૧૮૪
નિરાગ્રહીપણું પ્રકૃતિપ્રેરિત, વિકાસક નથી ૧૫
નિર્ધન (અધ્યાત્મપથે)નો અર્થ ૨૨૫
'નિર્બળ કે બળ રામ'નો અર્થ ૯૨, ૨૩૪
નિંદા-રસમાંથી બચો ૧૨૬
નિકટવર્તીપણું, સ્થૂળપણે ૧૯૦
નીતિ, સદાચાર, એકલાં પૂરતાં નથી ૮૭, ૯૬, ૨૩૩
નીરવતાની આવશ્યકતા ૮, ૧૨૮
ન્યાય, અન્યાય તો રહેવાના જ ૧૩૫
ન્યાય તોળવા ન બેસો ૯૯
પતન વેળા પણ જાગૃતિ ૮૩, ૧૦૪
પતિ-પત્નીનો સંબંધ વાસનાના ઊર્ધ્વીકરણ માટે ૬૫
પત્નીની અવગણના અને દાન ૨૪૦
પત્રલેખનકળા ૪, ૧૨૧, ૧૬૬
પત્રવ્યવહાર, સાધનરૂપે ૩૯૪
પરિસ્થિતિનો ધર્મ બજાવવો ૬૭, ૮૧
પરિસ્થિતિ, વિરોધી, પણ સહાયક બની શકે છે ૧૨, ૩૧, ૬૪, ૭૮, ૮૨, ૮૩, ૧૫૮
પરિસ્થિતિનો સ્વીકાર, વિકાસાર્થે ૧૪૫, ૧૬૧, ૧૬૪, ૩૯૬
પસ્તાવો, સાચો ૭૨
પાપીના ત્વરિત ઉદયની શક્યતા ૧૬૫
પુનરાવર્તનની આધ્યાત્મિકપથમાં અનિવાર્યતા ૨૨૧
પુનર્જન્મ વહેલો, મોડો, થવાનો આધાર ૨૪૭
પુનર્જન્મમાં નર કે નારી જાતિ ? ૨૪૭
પુનર્જન્મના પ્રકારનો આધાર વર્તમાન ઉપર ૮૩
પુરુષ-પ્રકૃતિ ૭૪
પુરુષાર્થ-કૃપા ૮૫, ૯૬, ૩૯૮ થી ૪૦૧
પુરુષાર્થ અને પ્રારબ્ધ ૪૨, ૨૪૪, ૪૧૩, ૪૧૪
પુરુષાર્થ આધ્યાત્મિક, સદા લાભકારક ૮૩
પુરુષાર્થ ક્યારે ફળે ? ૮૪, ૮૬

પુરુષાર્થનો અહંકાર ત્યાજ્ય ૯૨
પુરુષાર્થની (પ્રયત્નની)
આવશ્યક્તા ૮, ૧૧, ૧૮, ૪૩, ૫૧, ૫૨, ૫૫, ૫૮, ૬૧, ૬૨, ૯૨,૧૧૮, ૧૩૨, ૨૩૩, ૨૬૨
પૂજા, અર્ચન-આચાર ૩૯૭
પૃથક્કરણ (સ્વ)ની જરૂર ૭, ૨૧૩
પૃથક્કરણ વેળાયે પણ નામસ્મરણ ૨૦૫
પ્રકૃતિ-રૂપાંતર (પૂર્ણ) સમય માંગી લે છે ૧૭૦
પ્રકૃતિવશ પ્રવૃત્તિ ૯૩
પ્રકૃતિના પ્રેરાવ્યા ન પ્રવર્તીએ ૪૯, ૪૦૪ થી ૪૦૮
પ્રકૃતિનો પ્રકૃતિમાં વિકાસ ૧૧૭
પ્રકૃતિ દ્વંદ્વની રમતમાં ૧૪૭
પ્રકૃતિની નકારાત્મક વસ્તુઓની સામે સાત્ત્વિક રચનાત્મક ભાવનાઓ ઉપર ઝોક દો ૧૮૭
પ્રકૃતિના માયાવી હુમલા ૨૪૪
પ્રકૃતિને પ્રકૃતિરૂપે ઓળખો ૪૦૪
પ્રગતિ કે પીછેહઠ ? ૧૯૨
પ્રચાર કશાનોયે ન કરો ૧૬૭, ૧૯૫
પ્રભુને જેમાં ને તેમાં મહત્ત્વ દો ૧૪૬
પ્રભુને ખાતર જ પ્રભુ ૧૫૩
પ્રભુ વિષેના સર્વ કાલ્પનિક ખ્યાલો છોડો ૧૬૩, ૨૫૩
‘પ્રભુ બધું જ કરાવે છે ને કરાવશે’ની ભ્રમણા ૧૯૧
પ્રભુ-સ્મરણ-ખ્યાલ ખોવાયેલી કીમતી વસ્તુના જેવો ૨૧૧
પ્રભુ ઉપર આધાર કોણ રાખી શકે ? ૨૨૫
પ્રભુ-કોપમાંયે કરુણા ૨૬૨
પ્રભુ-સ્મરણમાં મસ્ત ૭૪
પ્રભુ-પ્રાપ્તિનો હેતુ ૧૦
પ્રવૃત્તિઓનું (અન્યની) યોગ્ય મૂલ્યાંકન ૧૯૭
પ્રસન્નચિત્તતા ૮, ૧૭૮, ૨૬૦
પ્રસંગ-ગુરુ આરસીરૂપ છે ૭૮, ૧૦૮, ૩૯૬, ૩૩૯૭
પ્રસંગ ઘડતરની એરણ ૨૦૯
પ્રાણની મન ઉપર અસર ૧૨૮
પ્રારબ્ધ-પુરુષાર્થ ૪૨, ૧૮૫
પ્રાર્થના ૮૭, ૨૧૦
પ્રાર્થના કોઈના જેવા થવાની કરવાની ના હોય
પ્રાર્થનાભાવે પ્રવૃત્તિઓ ૪૧૨
પ્રાર્થના એક પ્રકારનું ધ્યાન ૨૧૩, ૨૩૯
પ્રાર્થનાની ઉપયોગિતા ૧૨૨, ૧૩૫

પ્રાર્થના પળેપળ હૃદયથી જીવનપટમાં વણાઈ જવી જોઈએ ૧૫૫
પ્રેમની કઠણાશ અને કુમળાશ ૧૪૯, ૧૮૨, ૪૧૭
પ્રેમસંબંધ કોની સાથે બાંધશો ? ૪૨૫
પ્રેમમહિમા ૨૬૪, ૨૮૫, ૪૧૭ થી ૪૧૯, ૪૨૩-૪૨૪
પ્રેમની અનંતતા ૪૮, ૪૬૨
પ્રેમનાં લક્ષણો ૬૦, ૧૬૬, ૧૮૨, ૨૪૪
પ્રેમને કાળ-સ્થળની મર્યાદા નથી ૬૧
પ્રેમની ભાવનામાં એક પક્ષ ૭૩, ૧૯૭
પ્રેમ, સંસારી ૮૪
પ્રેમ, ભક્તિથી પણ શ્રેષ્ઠ ૯૧
પ્રેમ સમજવા સ્વભૂમિકા રચવી જોઈશે ૧૭૦
પ્રેમ સ્વયંભૂ અને નિરાલમ્બ ૧૭૫, ૨૨૬, ૪૧૭-૪૧૯
પ્રેમનું અવતરણ, આરોહણ કરાવવા ૧૭૯
પ્રેમમાં શરતી ‘સોદો’ નથી ૨૨૩
પ્રેમમાં પક્ષાપક્ષી નથી ૨૪૪
ફકીરી એટલે શું ? ૧૩૯
ફનાગીરી ૪૩૧
ફાંકાઓના પ્રકારો ૧૪૩
ફૂલમાંની સુવાસ અને સાધક ૧૩૦
બચાવ ન કરો ૧૦૯
બહેનોને ચરણે (કાવ્ય) ૪૩૬
બહેનો પ્રત્યેનું વલણ ૪૮૬
બહેનો સાથેનો નિર્મળ ભાવસંબંધ પ્રેરણાપ્રદ છે ૨૨૧, ૪૩૩
બાહ્યાચાર કેવળ પૂરતો નથી ૧૫૪, ૧૭૭
બાળઉછેર અંગે ૧૫૭
બુદ્ધિ ૪૩૮ થી ૪૪૨
બુદ્ધિ અને અનુભવની જરૂર ૮૯, ૨૩૩
બુદ્ધિમાં આસક્તિ ઉમેરાતાં અસમતા ૮૫
બુદ્ધિનું કોરાપણું અને હૃદયતા ૩૪, ૮૫, ૮૯, ૪૪૦
બુદ્ધિ અને લાગણી ૨૪૧
બુદ્ધિ અને શ્રદ્ધા ૪૭
બુદ્ધિ-સંસ્કારગતથી થતા નિર્ણયો પૂર્ણ સત્ય નથી ૧૭૧
બુદ્ધિમાં હૃદય ભળતાં સતેજતા ૮૫
બુદ્ધિમાં શંકા ૪૨
બુદ્ધિની શુદ્ધિ ૯, ૮૫, ૧૯૪, ૨૪૧, ૨૪૨, ૪૩૯, ૪૪૦
બેહદનો આનંદ (કાવ્ય) ૩૬૧
બ્રહ્મચર્યપાલન ૨૨
બ્રહ્મચર્યપાલન સિદ્ધ ક્યારે ? ૨૧૯
બ્રહ્મા-વિષ્ણુ-મહેશ ૨૩૮, ૨૪૯

ભક્ત અને પરિસ્થિતિનો સ્વીકાર ૭૦
ભક્તિ એટલે શું ૧૪૪
ભક્તિની જરૂર ૫૮
ભક્તિ અને બુદ્ધિની સૂક્ષ્મતા ૭૦
ભક્તિ પ્રેમશૌર્યઅંકિત જોઈશે ૧૫૨
ભગવાન-જુઓ પ્રભુ ભગવાનની ચેતનાશક્તિ સર્વત્ર ૨૪૦, ૨૪૬
ભગવાનનાં દર્શન ૬૨, ૨૨૭, ૪૪૨, ૪૫૦
ભગવાનના એની શરતોએ જ થવાય ૬૧
ભગવાન કે માયા, બેમાંથી એક ૬૨
ભગવાનનાં નામો પાછળ ભક્તોનો અનુભવ ૧૭૨
ભગવાનના ભાવને લિંગભેદ કે કાળ નથી ૧૮૬
'ભજતે' નો ખરો અર્થ ૨૩૪
ભાવના, કબીરવડ જેવી ફાલી શકે ૫૯
ભાવનું બળ ૧૨૬, ૧૨૯, ૨૬૫
ભાવ અને વિચાર ૨૭
ભાવની ધૂનમાં હોવાનું પ્રમાણ ૨૩૨
ભાવાવસ્થા વેળા ધ્યેયની જાગૃતિ ૨૨૨
ભાવના પ્રગટેલી રહેવાની જરૂર ૨૪, ૨૮, ૪૫, ૭૬, ૧૭૨
ભાવના-સાચી-નું પ્રમાણ ૧૨૩
ભાવનાનું પ્રાબલ્ય ૨૬, ૪૫૦ થી ૪૫૩
ભાવનાનું સાતત્ય ૨૬, ૭૪
ભાવના જેવી, તેવી સિદ્ધિ ૪૨
ભાવનાની ઊર્મિ ૭૫
ભાવનામય જીવન, સાચું જીવન ૮૪
ભૂતો, આપણાં જ જન્માવેલાં ૫૬
ભૂમિકા, સર્વ કંઈ આવી મળવાની આપણામાં છે ૩૦, ૩૬, ૭૨, ૮૦, ૧૦૩, ૧૮૦, ૨૩૯, ૩૮૨
ભૂમિકાની તૈયારી, સફળ થવા માટે જરૂરી ૬૯, ૧૪૯-૧૫૦, ૨૫૬
ભૂલ ૫૨, ૫૩
ભૂલ, પોતાની મેળે જ શોધો ૪૫૪
ભૂલનો પણ સદુપયોગ ૧૪, ૨૫, ૪૫૪
ભૂલાં પડેલાંની વધુ કાળજી ૧૧૪
ભેદને અભેદમાં પ્રગટાવો ૯૩, ૧૦૪, ૧૯૩
ભોંઠપ પોતે વહોરવી ૧૦૯, ૧૧૨
મક્કમતા ૧૮
મદદનો ઉપયોગ પ્રકૃતિ અનુસાર

જ થવાનો ૧૯૧, ૧૯૨
મન અને દબાણ ૨
મનની દ્વિધાસ્થિતિ વેળાએ ૧૧૩
મનની સમજણો છોડો ૧૪૨
મનની, બુદ્ધિની મર્યાદા ૧૪૭
મનને નીરવ કરવાની રીત ૧૮૭
મન અને સાધક ૧, ૨, ૧૮, ૨૭, ૩૪, ૪૫, ૪૭, ૬૬, ૭૬, ૧૧૭, ૪૫૪
મનની ભૂમિકા પરનું કર્મ ૪૨
મનોમંથન, યોગ્ય-અયોગ્ય ૧૦૦
મહત્ત્વ, બીજાંને વધુ આપો ૭૧
મહત્ત્વાકાંક્ષાનાં લક્ષણો ૧૫૧
મંથન જરૂરી છે ૨૬, ૩૩, ૫૨, ૭૧
માતૃઋણ અને માતૃભાવના ૧૯૨-૧૯૩
માન-આદર, ઘરેડયુક્ત ૨૯
માનસિક કષ્ટ, શ્રમની તાલીમ જરૂરી ૧૭૮
માનસિક ઉદારતા ૨૮૯
માન્યતાઓ-મડાગાંઠો, છોડવી જોઈશે ૨૫, ૨૬, ૪૬, ૫૭
માંગલ્યપ્રેમ (કાવ્ય) ૪૬૧
મીરાં ૧૫૪, ૧૫૬
માયાખેલની અંતરમાં પ્રભુ ૪૫૮
મુક્તની કરણમાંથી મુક્તિ ૯
મુક્તને ક્યારે સમજી શકાય ? ૯૪
મુક્ત અને સાત્ત્વિક હુંકાર ૯૭
મુક્તનાં લક્ષણો ૧૦૫, ૧૮૯, ૧૯૪, ૨૧૫, ૨૪૨, ૨૬૨, ૩૨૦, ૩૫૩, ૩૭૭, ૪૩૦, ૪૬૩ થી ૪૭૭
મુક્તનાં ગૂઢ વર્તનો ૪૬૩ થી ૪૭૭
મુક્ત અને તેની વિચિત્રતાઓ ૧૪૬
'મુક્તને સર્વ કાંઈનું સંપૂર્ણ જ્ઞાન હોય', એ ભ્રમ ૨૦૯
મુક્તાત્માઓની વાણીમાં ભિન્નતા શાથી ? ૨૨૨
મુક્તિ એટલે શું ? ૫૧, ૧૯૪
મુક્તિ, સિદ્ધિ-પ્રાપ્તિ અને તેનો કાર્યક્ષેત્રે સફળ ઉપયોગ એ બે જુદી હકીકતો છે ૨૦૧
મુશ્કેલીઓ, વિઘ્નો, વિકાસાર્થે મળે છે ૨૧૭, ૪૯૨-૪૯૩
મૂઢતા, એ જ્ઞાનની આડે પડદો છે ૨૪૭
મૂળ, સર્વ કાંઈ જે આપણને મળે છે,
તેનું, આપણામાં છે. (જુઓ 'ભૂમિકા')
મૃત્યુ ૧૬૬, ૧૭૨
મૃત્યુ અને જીવન ૧૭૧, ૧૭૨
મૃત્યુજન્મના રાસ (કાવ્ય) ૩૫૨
મેંદીની જેમ વટાઈને લોંદા જેવા બનીએ ત્યારે રંગ પ્રગટે ૧૪૧
મૌન-એકાંતનો મોંઘામૂલો ગાળો

૩૯, ૨૨૯, ૨૬૦
મૌન-એકાંત લેવાનો હેતુ ૯૦, ૧૧૭
મૌન-એકાંતની આવશ્યકતા ૧૯૩
મૌનની જરૂર ૧૨૨
મૌન અને વાણી ૫૧
મૌન સાચું ઇન્દ્રિયોનું ૧૨૨, ૨૩૨, ૨૪૮, ૨૬૦
યથાસ્થાને સર્વ કાંઈ ઉપયોગી છે ૨૪૧
યમેવૈષઃ વૃણુ તે તેન લભ્યઃ ૧૯૦
યાત્રા એ સહેલગાહ નથી ૩૩, ૩૬૮, ૩૬૯
યાત્રા આશ્રમોની ૩૬૭
યુદ્ધ એટલે ખંડન અને મંડન બન્ને ૨૩૭, ૪૭૯
યુદ્ધની અનિવાર્યતા ૬૭, ૧૦૬, ૪૭૯, ૪૮૦
યુદ્ધ-ક્ષેત્રે, શૂરવીરની વાહવાહ અને સાધકનું અજ્ઞાતપણું ૨૪૨
યુદ્ધ, પળેપળ, સજાગ ને મથતા માટે છે ૧૫૧, ૨૩૭
યુદ્ધમાં હાર પણ જીત માટે છે ૧૮૬
યુવાની, જીવનનો સર્વશ્રેષ્ઠ કાળ ૧૭૯, ૨૦૭
યોગાનુયોગ અને દિવ્ય સાંકળ ૧૬૯
યોગો, સર્વ પ્રકારનો, ઓતપ્રોત છે ૨૧૬
રજસ ૩૧૩
રજોગુણ, સાત્ત્વિક ભૂમિકા પરનો ૮૭
રસ, સામાને આપણા કામમાં લેતા કરવાની કળા ૧૯૯
રસજ્ઞ-દૃષ્ટિ, શક્તિ, સાધનામાંથી ખીલે ૨૦
રાગ-આસક્તિ, સંત સાથે ૭૬
રાગ-આસક્તિ સદ્‌ગુરુમાં ૧૨
રામ-રાવણ ૨૪૪
રામકૃષ્ણ પરમહંસદેવ ૧૯૦, ૪૮૮
રુદન, મૂઢતાભર્યું, જીવનવિઘાતક ૨૪૬
રૂપના જુદા જુદા પ્રકારો ૧૯૭
લક્ષણોથી જીવનવિકાસને માપો ૭૨
લક્ષ્મીની ફોરમ અને દુર્ગંધ ૨૯
લક્ષ્મીના વ્યવહાર વિષે ૧૫૯, ૧૮૦, ૧૮૪
લક્ષ્મી પ્રતિની દૃષ્ટિ ૪૮૭ થી ૪૮૯
લગની-રસ ૩૮
લગ્ન-ભાવનાનો હેતુ ૪૮૨ થી ૪૮૬
લાગણી, જુઓ ઊર્મિ
લાગણીઓ પોચી રૂ જેવી ઘડી ન શકે ૭૩
લાગણીઓને પંપાળવાની ના હોય

૮૨, ૧૪૯
લાચારી ૭૦
વફાદારી ને પ્રમાણિકતા ૬૧
વડીલો ને સંતાનો ૩૬
વડીલો પ્રતિ સદ્‌ભાવ હરકોઈ સંજોગમાં ૧૩૮
વર્તમાનમાં ભૂત, ભવિષ્ય ૧૦૮
વાણીના માલિક બનો ૧૮૨
વાણીનો સંયમ ૪૯૧, ૪૯૨
વાણીમાં વિવેક ૧૧૨
વાતાવરણની અસર ૪૮૯, ૪૯૦
વાચન, ભાવનાના વિકાસાર્થે ૧૬૮
વાચનમાંથી, જીવનધ્યેયને અનુકૂળ હાર્દ પકડવું ૨૩૫
વાંધા-વચકા અહંનું કારણ છે ૨૫૫
વિકાસ(આધ્યાત્મિક)નો અંત નથી ૪૧
વિકાસ આંતરિક અને બદલાતી જતી જીવનદૃષ્ટિ ૧૯૬
વિકાસ એક ક્ષેત્રનો બીજા ક્ષેત્રમાં ઉપયોગી ૪૭
વિઘ્નો, જુઓ મુશ્કેલી
વિચારો ૪૯૩ થી ૪૯૫
વિચારો આંતરિક કર્મ છે ૪૯૩
વિચારો અને ત્રિગુણ ૬૫-૬૬
વિચારો(રાગદ્વેષવાળા)નાં માઠાં પરિણામ પોતામાં ને સમષ્ટિમાં ૨૦, ૫૮, ૬૬
વિચારો, વાણી અને વર્તનનો મેળ ૨૦, ૨૪
વિચારોની પરંપરાને રોકો ૫૮, ૬૬, ૭૧, ૧૬૨, ૨૨૭, ૫૦૧
વિચારોની વાતાવરણ પર અસર ૫૧, ૫૩, ૬૬, ૪૯૩, ૪૯૪
વિજાતીય સંબંધો, ભાવનાની દૃષ્ટિએ ૬૩, ૮૦
વિઝન્સ ૨૧૭
નાશમાં પણ રચનાત્મકપણું ૯૧
વિવિધતામાં એકતા ૨૫૫
વિવેકદૃષ્ટિશક્તિ ૬૬, ૬૮, ૧૭૧, ૨૪૨, ૪૯૫
વિશ્વમાં અલિપ્ત વિશ્વેશ્વર ૪૯૬
વિષય-વાસના (જાતીય) અને સાધક ૭, ૨૨
વિસંવાદમાં સંવાદ ૩૪, ૯૧
વૃત્તિ ૬૯, ૭૪, ૫૦૦ થી ૫૦૨
વૃત્તિનાં મૂળ શોધો ૧૭૯
વૃત્તિ એટલે ગતિ ૨૬, ૩૨, ૪૩, ૫૦૦
વૃત્તિ-વિચાર ઉપરથી કક્ષાની સમજણ ૯૨
વિચારનું સ્વચ્છંદીપણું ૪
વૃત્તિનો સદુપયોગ કરી લો ૧૧, ૭૪, ૧૭૯, ૫૦૦, ૫૦૧

વૈરાગ્ય અને પ્રાપ્ત ધર્મ-કર્તવ્યો
૧૪૪, ૪૯૮
વૈરાગ્ય એટલે જગત મિથ્યા નહિ
૧૬૪, ૪૯૯
વૈરાગ્ય અને સંન્યસ્ત ૪૯૮-૪૯૯
વ્યક્ત-અવ્યક્ત (કાવ્ય) ૮૦,
૫૦૨
વ્યક્તિની ઉન્નતિમાં સમષ્ટિની
ઉન્નતિ ૨૦૫, ૨૪૨
વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને સ્વચ્છંદતા
૧૩૬
વ્યવસ્થા-ગેરવ્યવસ્થા ૪૬, ૨૫૭
વ્યવસ્થા અને ઘરેડ ૧૩૩
વ્યાકુળતા પ્રગટવી જોઈશે ૪૧
વ્રતભંગ ૧૦૩
શક્તિનાં રમકડાં (કાવ્ય) ૫૦૫
શબરી ૨૨૬
શરણભાવ ૩૮, ૫૧૦ થી ૫૧૧
શરણાગતિ(પ્રભુની)ની ભ્રમણા ૧૦
શરણાગતિની તાલીમ ૧૬૬,
૨૧૭
શરણાગતિનો ભાર પ્રભુ ક્યારે લે ?
૧૦
શરણાગતિ અને પ્રકૃતિનું દિવ્ય
રૂપાંતર ૬૮, ૭૭
શરણાગતિ વડીલોની ૭૩
શરણાગતિ એટલે ગુલામી નથી
૧૮૫
શરીરની સંભાળ અને આળપંપાળ
૯૧, ૨૦૧
શરીરનું પણ દિવ્ય રૂપાંતર ૨૪૫
શરીરનું મહત્ત્વ ૫૦૭ થી ૫૧૦
શંકા ૫૧૩, ૫૧૪
'શંભુમેળા'ભર્યા વાતાવરણનો પણ
સ્વીકાર ૧૬૦
શારીરિક કષ્ટ, શ્રમની તાલીમ,
જરૂરી ૧૭૮
શારીરિક ચેતના અને વાતાવરણની
અસર ૧૭૫
શાસ્ત્રો ૪૭
શાસ્ત્રાર્થ કાળે કાળે બદલાય ૧૧૯
શુદ્ધિ, આંતર-બાહ્ય ૨૭, ૧૦૫
શુદ્ધિ-અશુદ્ધિની વ્યાખ્યા ૯૬
શૂન્ય ૨૮૧
શૂન્યતા ૧૭૩, ૧૭૭, ૨૧૭
શ્રદ્ધા ૧૦, ૨૧, ૨૫, ૬૩, ૮૧,
૧૦૩, ૨૦૫, ૫૭૦, ૫૭૨
શ્રદ્ધા, અંધ ૭, ૧૭૮
શ્રદ્ધા જેવી, તેવી સિદ્ધિ ૩૫
શ્રદ્ધા નગદ નાણું ૮૧
સગડગ ૫, ૩૭૪
સત્ત્વગુણ ૩, ૩૧૧ થી ૩૧૪
સત્યનાં અનેક પાસાં ૧૬૧
સત્યનાં કથનમાંયે વિવેક રાખો
૧૧૨

સત્યનો અનુભવ ૨૪, ૪૭
સત્યનું સ્વરૂપ કાળે કાળે બદલાય ૧૧૯, ૧૬૮
સત્યની સાપેક્ષતા ૧૮૩, ૧૮૪
સત્સંગનો સ્પર્શ ૫૨૭ થી ૫૨૯
સત્સંગસેવનના પ્રકારો ૧૧૭
સત્સંગનો મહિમા ૨૨૪
સદ્‌ગુણ, સર્વ કોઈના જોવા ૪૦,
સદાચાર અને સાધક ૧૭૨
સદ્‌ગુણનું પણ અભિમાન હોય છે ૨૨૮
સદ્‌ભાવ ૧૧, ૧૫, ૨૮, ૬૮, ૭૮, ૯૧, ૧૦૫, ૧૦૬, ૧૮૮, ૨૦૪, ૨૩૨
સદ્‌ભાવનો સંતોષ ૧૫૬
સદ્‌ભાવનાનો વિસ્તાર, જીવનનાં સર્વ ક્ષેત્રોમાં ૩૧
સદ્‌ભાવ સહિત અયોગ્ય વલણનો સામનો ૧૫૬
સદ્‌ભાવની કેળવણી ૧૫૪, ૫૨૦ થી ૫૨૨
સમજણના જુદા જુદા પ્રકારો ૭૫, ૮૯
સમજણનું ચોકઠું ૧૦૫
સમજણ સ્વયં ઊગે તે ઠીક ૬૨
સમતા ૯૬, ૧૩૭
સમન્વય ઉપજાવવો જરૂરી ૫૬
સમર્પણ ૫૧૫ થી ૫૧૮
સમર્પણ સર્વ કંઈનું, પ્રભુને ૯, ૩૮
સમર્પણ એકદમ શરૂમાં પૂર્ણપણે થઈ જવું શક્ય નથી ૧૪
સમર્પણ સાચું ૭૯
સમર્પણયજ્ઞ જાણ્યેઅજાણ્યે ૧૭૯, ૫૧૮-૫૧૯
સમય-ઉપયોગ-ઝંખના, વિકાસાર્થે ૧૮૧
સરખામણી કરવાથી અન્યાય કરીશું ૧૯૯
સરખામણી કશાનીયે કરવી અઠીક ૧૯૯
સર્જનપ્રવૃત્તિ, સંહારપ્રવૃત્તિ દ્વારા પણ ૧૭૪
સલામત સ્થિતિ ૫૨૨ થી ૫૨૪
સલાહ-સૂચનો દેવા કૂદી ન પડવું ૧૧૦
સહન કરવામાં ચણચણાટી ન થવી ઘટે ૧૧૫
સહાનુભૂતિ રાખો પણ સંડોવાવું નહિ ૨૫૯
સહિષ્ણુતા ૨૫, ૨૭
સહીસલામતીની વૃત્તિ છોડો ૨૦૯
સહેવાની સાધના ૫૨૬, ૫૨૭
સંકલ્પબળ ૯
સંકલ્પબળ શુદ્ધિ ૫૩
સંકુચિત માનસ ૫૭
સંક્રાંતિકાળ ૪૩

સંકોચના પ્રકાર ૯૨, ૪૩૩
સંકોચો ફગાવી દો ૪૬, ૫૯
સંઘબદ્ધપણું જરૂરી ૨૩૭
સંગ્રામો, સંઘર્ષણો, જીવનવિકાસાર્થે ૨૯, ૩૦, ૨૧૦, ૫૩૮,
સંજોગો, સર્વ, જીવનસાફલ્ય માટે ૧૧૭
સંતસમાગમ ક્યારે ફળે ? ૩૨, ૨૪૫, ૨૫૭, ૫૨૭, ૫૨૯ થી ૫૩૨
સંતાનો પ્રતિનો માબાપનો ધર્મ ૫૩૯
સંતોની સરખામણી ના કરો ૩૩, ૫૩૨
સંતોષ, ઉરદૌર્બલ્યજન્ય, વિઘાતક ૨૫૦
સંતોષ, ભ્રામક ૯૮
સંન્યાસ સાચો, વૃત્તિનો ૧૪૭
સંબંધ, પ્રત્યેક, વિકાસાર્થે ૫૫
સંબંધોનો હેતુ, ભાવનાના વિકાસાર્થે ૨૨૧
સંયમ ૫૩૫ થી ૫૩૭
'સંયમ'ના ઉપદેશ (જીવનધ્યેય રહિતવાળાને)ની વ્યર્થતા ૨૧૦
સંયમની વ્યાખ્યા ૧૨૨
સંયમ અને દમન ૧૪૮
સંવાદિતા, વિસંવાદિતાના મૂળમાંયે ૩૪, ૧૮૫
સંસારમાં વૃંદાવનનો અનુભવ ૭૬, ૧૧૧, ૨૫૪
સંસારને આપણે વળગેલા છીએ ૩૦
સંસાર છોડવો તે મિથ્યા છે ૩૦, ૩૪, ૩૫
સંસાર પાઠશાળા છે ૨૯, ૩૫,૬૯, ૧૮૧, ૨૫૪, ૫૩૩ થી ૫૩૫
સંસાર, શક્તિના વિકાસાર્થે, જ્ઞાનના અનુભવાર્થે ૩૦, ૬૪, ૧૪૬
સંસાર ભગવાનનો વ્યક્ત ભાવ ૩૧
સંસાર અને પ્રાપ્ત ધર્મો ૧૪૭
સંસારી અને સાધક, બન્નેનાં કાર્યોનો બાહ્ય પ્રકાર એક હશે છતાં તેની પાછળના ભાવમાં પાયાનો તફાવત ૨૩૦
સંસ્કાર-પ્રેમ-ભાવની શ્રેણીઓ ૮૫
સંસ્કૃતિ આગવી, પ્રત્યેક સમાજની ૨૦૬
સાકાર-પૂજાસંસ્કાર ચિરંજીવ છે, ૨૨૬,૨૨૭
સાક્ષાત્કાર એટલે શું ? ૪૪૪, ૪૪૯
સાક્ષીભાવ ૭૧, ૨૧૬, ૫૬૧
સાતત્ય, એકના એક કર્મમાં ભાવનાથી ૨૧૫

સાત્ત્વિક જીવનની આવશ્યકતા ૩૫, ૩૮
સાદ પ્રભુને પાડો ૧૦૧
સાધક અને નવા સંબંધો ૧
સાધક સાધનાની શરૂમાં વાચન ૧
સાધક અને પ્રકૃતિના હુમલા ૧૦૭
સાધક જીવનનાં લક્ષણો ૧૦૭, ૨૪૪, ૨૪૫, ૨૪૬
સાધકની ઘેલછા અને ધૂન ૩૭
સાધકને સૂચનો ૧૦, ૧૧, ૧૩, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૮, ૩૭, ૭૧, ૧૬૬, ૧૬૭
સાધકનું સ્વજન પ્રતિનું વલણ ૫૪૫ થી ૫૪૯
સાધક અને સમાજસુધારો ૨૩, ૨૦૫
સાધકને કશા સાથે વિરોધ નથી ૧૫૮
સાધક અને જગત ૧૩
સાધક અને ઘર-નોકર ૫૫૦ થી ૫૫૩
સાધક ૩૭, ૩૯, ૫૦
સાધકોનું માંહોમાંહેનું વર્તન ૫૫૩
સાધના ૧, ૪૫, ૨૩૬, ૫૪૧ થી ૫૪૩
સાધનામાર્ગની ફતેહની ચાવી ૧૦, ૨૧૨
સાધનામાર્ગની કઠિનાઈઓ ૪૫, ૧૮૨, ૨૦૭
સાધનામાર્ગ અંગે ઉપયોગી સૂચનો ૨, ૩, ૧૨૭, ૧૨૮
સાધના કર્યા કરવામાં જ આત્મપ્રસન્નતા ૧૧૮
સાધનાપથના પ્રકાર અનંત છે ૨૨૭
સાધના જ્ઞાનમૂલક અને જીવંત ભાવનાવાળી કરવી જોઈશે ૧૨, ૧૩
સાધના કરવાની જરૂર ૮, ૧૭, ૩૩, ૮૭, ૮૮, ૫૪૨
સાધના ઘરેડથી ન થવી ઘટે ૫, ૨૩, ૧૨૫
સાધનામાં રસ જગવવા વિષે ૫, ૫૪૧
સાધના પણ ભગવાન જ કરાવશે, એ ભ્રમણા છે ૧૨
સાધનાનું હૃદય, ભાવ ૧૩, ૮૬, ૮૯-૯૦, ૨૦૨ ૨૩૯
સાધના એટલે શું ? ૬૮, ૭૭, ૮૯-૯૦, ૨૦૨, ૨૩૯
સાધના અને વ્યવહારુ પ્રમાણ ૭૩
સાધનાની યથાર્થતાની પારાશીશી- પ્રકૃતિનું રૂપાંતર ૨૦૨
સાધના કોઈ પણ ક્ષેત્રે શક્ય ૨૦૫, ૨૪૬
સાધના અખંડપણે ૨૧૨, ૨૨૯
સાધના, એકાંતિકની શરૂમાં જરૂર ૫૪૩

સાધનામાં આગળનો તબક્કો ૨૨
સાધના મુફલિસ પોષાકમાં, નમ્રતાની તાલીમરૂપે ૨૧૦
સાધનામાં રસ ક્યારે પડે ? ૫૪૧
સાધનાનું રહસ્ય (કાવ્ય) ૫૫૬ થી ૫૬૧
'સાધુ તો ચલતા ભલા' ૧૬૧
સામાજિક ઘરેડને તોડનારાઓ પ્રતિ સાધકનો વર્તાવ ૧૧૪
સારું-નરસું બન્ને પ્રેરણાપ્રદ ૮૫, ૧૧૧, ૩૦૩, ૩૦૪
સારું-નરસું પ્રતિ સદ્ભાવ ૧૫૦
સારું-નરસું પ્રત્યેક પ્રવૃત્તિમાં અને પ્રકૃતિમાં ૩૦૪
સાહિત્ય, ભાવનાને પ્રેરાવવા ૧૨૩
સાહિત્યનું મૂલ્યાંકન ભાવ-રહસ્ય ઉપરથી ૨૩૩
સાંપ્રદાયિકતા એ ધર્મ નથી ૧૪૮, ૧૪૯
સિદ્ધિઓ ૧૬૫
સુખદુઃખ, મન પર અવલંબે છે ૩૭, ૪૫૬
સુખ, સાચું શેમાં ? ૧૯૬, ૫૬૩
સુમેળ (કાવ્ય) ૫૬૫


॥ હરિઃૐ ॥

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી;
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવન તણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવન અંધારમાં,
જીવન તણી ચઢતી અને પડતી મહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં;
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં;
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં;
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીર કેરા રોમરોમે, હૃદય કેરા લોહીમાં;
રગ રગ મહીં, નખશિખ મહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.... ૬

ખટ રસ તણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણા મહીં, પ્રાણમાં;
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું;
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવન તણા સહુ ભંગમાં, જીવન તણા સૌ રંગમાં,
જીવન તણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવન-ભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં;
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશા માંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવન-અંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવન-પટ તણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા;
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુ-પદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', આ.૧, પૃ. ૨૯ થી ૩૨ **- મોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ; વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો; અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યાં કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો; શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો; ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો; તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો; મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો; જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવાવા દો નહિ.

૯. पर (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો; સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે ને રામને દઈએ છીએ, ત્યાં 'મારું' 'મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવંત રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે ને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ-ધારણાનો અભ્યાસ કેળવ્યાં કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ ને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી; શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિની વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મ તત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. 'आत्मवत् सर्वभूतेषु'ની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ; કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો; વાદવિવાદ ના કરો; પોતાનો આગ્રહ ના રાખો; બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો; માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો; ખૂબ પ્રેમભાવ કેળવો; પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ થતાં કર્મોની ઉપરવટ વર્તો; ફળની આસક્તિ છોડો; પોતાને થતા અન્યાયો, આવી પડતાં દુઃખો આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો; ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો; અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો; સદાય પ્રસન્નતા પ્રવર્તાવો; કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો; પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો; મન નિઃસ્પંદ કરો; રાગદ્વેષ નિર્મૂળ કરવા જાગૃતિ રાખો; થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વ્યવહારમાં જીવતા કરો; ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય; યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો; ક્યાંયે કોઈની સરખામણી ના કરો; અનુકૂળ- પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે; જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે; પ્રભુમય—તેના મૂક યંત્ર—થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યાં કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **મોટા**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ગુજરાતી ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતા 'જીવનગીતા' લખી.

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શિરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરત કુરુક્ષેત્ર સ્મશાનની ધર્મશાળામાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહી નદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
(‘તુજ ચરણે’નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
(‘મનને’નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
(‘જીવનસંગ્રામ‘નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કેન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.